d by Arya Samaj Foundation Chennai and e

ાવ્યાપાર ★ ડૉ. હરિવલ્લભ ચુ. ભાયાણી

n Public Domain. Gurukul Kangri Collection, H

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય વિદ્યા સંશોધન ગ્રંથમાળા અં. ૧૭

વાગ્વ્યાપાર

(ભાષાવૈજ્ઞાનિક લેખસંગ્રહ)

वागेवेदं सर्वं, नह्यशब्दमिवेहास्ति।

*

ડૉ. હરિવલ્લભ ચુ. ભાયાણી
અધ્યાપક, પ્રાકૃત તથા પ્રાચીન ગુજરાતી,
ભારતીય વિદ્યા ભવન

*

ભારતીય વિદ્યા ભવન
મુંબઈ
૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... ६३ग / ६४

पञ्जिका संख्या २४२६३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય વિદ્યા સંશોધન ગ્રંથમાળા અં. ૧૭

વાગ્વ્યાપાર

(ભાષાવૈજ્ઞાનિક લેખસંગ્રહ)

वागेवेदं सर्वं, नह्यशब्दमिवेहास्ति ।

*

ડૉ. હરિવલ્લભ ચુ. ભાયાણી

CHECKED 1973
Initial

ભારતીય વિદ્યા ભવન
મુંબઈ
૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इदमन्धन्तमः कृत्स्नं जायेत भुवनत्रयम् ।
यदि शब्दाह्वयं ज्योतिरासंसारं न दीप्यते ॥

—दण्डिन्

"આ ત્રણે ભુવન પૂર્ણપણે ઘોર અંધકારમય બની જાય—જો વિશ્વને શબ્દ નામનો આલોક પ્રકાશિત ન કરતો હોય તો."

પ્રથમ આવૃત્તિ : પ્રત ૫૦૦

મૂલ્ય

રૂપિયા ૮-૮-૦

: પ્રકાશક :
શ્રી. એસ. રામકૃષ્ણન,
રજીસ્ટ્રાર ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ-૭

: મુદ્રક :
પી. એચ. રામન,
ધી એસોસિયેટેડ એડવર્ટાઈઝર્સ એન્ડ પ્રિન્ટર્સ લિ., ૫૦૫, આર્થર રોડ, તારદેવ, મુંબઈ-૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમુખ

ભારતીય વિદ્યા ભવનની સંશોધન ગ્રંથમાળાનો પ્રસ્તુત સત્તરમો ગ્રંથ એક ભાષાશાસ્ત્રને લગતા લેખોનો સંગ્રહ છે. ગુજરાતી ભાષાના શાસ્ત્રીય અભ્યાસની દિશામાં આપણે ત્યાં બહુ થોડા પ્રયાસ થયા છે. પંડિતયુગના સાક્ષરોને વાઙ્મયના એકેએક ક્ષેત્રમાં રસ હતો તેથી તે વેળા દરેક વિષયની જેમ ગુજરાતીના અભ્યાસનાં મંડાણ પણ થયેલાં. તેમાં નરસિંહરાવ દીવેટિયા જેવા વિદ્વાને ગુજરાતીનું ઊંડાણ અને ઝીણવટ સાથે અધ્યયન કરવાને જે પ્રશસ્ય પ્રયત્ન કર્યો તેને અંગે એ વિષયનાં મહત્ત્વ અને રસ આપણને સમજાવા લાગ્યાં. પણ એમના પછીની અત્યારની પેઢીને કોણ જાણે કેમ એ વિષય પ્રત્યેનું આકર્ષણ ઓસરી ગયું લાગે છે. શ્રી. નરસિંહરાવના કાર્ય પછી અને પશ્ચિમમાં ભાષાશાસ્ત્રના પ્રદેશમાં જે ઝડપી પ્રગતિ થતી રહી છે તે ધ્યાનમાં લેતાં ગુજરાતીના ઉચ્ચ કોટિના અભ્યાસ માટે સંતોષકારક કહી શકાય તેવું બહુ જ થોડું થયું છે. સામાન્ય ભાષાશાસ્ત્રને લગતું સાહિત્ય તો આપણે ત્યાં નહિવત્ છે.

આ સહુ વાત લક્ષમાં લેતાં ડૉ. ભાયાણીનો પ્રસ્તુત સંગ્રહ મૂલ્યવાન ઠરે છે. સંગ્રહના આરંભના વિભાગમાં ભાષાશાસ્ત્રના કેટલાક સામાન્ય સિદ્ધાંતો વિશે પ્રમાણભૂત વિચારણા થયેલી છે. તે પછીના વિભાગમાં ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી વિશે જે કહેવામાં આવ્યું છે, તેનું વિશિષ્ટ મહત્ત્વ છે. ગુજરાતી ભાષા સંસ્કૃતજન્ય છે એ ખરું પણ તેનું સમગ્ર સ્વરૂપ-ઘડતર પ્રાકૃતભૂમિકામાં—વિશેષ તો અપભ્રંશભૂમિકામાં થયેલું છે. ઘણુંખરું લક્ષબહાર રહી જતી આ વાત પર ડૉ. ભાયાણીએ તેમના અપભ્રંશના વિશિષ્ટ અભ્યાસને કારણે ઘટતો ભાર મૂકયો છે. તે જ પ્રમાણે તેમની વ્યુત્પત્તિચર્ચા એ વિષયમાં એક આગવું પ્રદાન બની રહે તેમ છે, કારણ કે તે માટે અનિવાર્ય critical, તુલનાત્મક અને ઐતિહાસિક પદ્ધતિનો તેમણે ઉચિત ઝીણવટ સાથે પ્રયોગ કર્યો છે.

શાસ્ત્રીય પદ્ધતિ અને ઊંડાણથી ભાષાસામાન્ય વિશે તેમ જ ગુજરાતી વિશે વિચારણા કરતા આપણા આંગળીને વેઢે ગણાય તેટલા ગ્રંથોમાં પ્રસ્તુત સંગ્રહનું સ્થાન અતિ મહત્ત્વનું છે. આશા છે કે અભ્યાસીઓ તેમ જ વિદ્યાર્થીઓને તે ઉપયોગી થઈ પડશે.

જયંતકૃષ્ણ દવે
ઑન. ડાયરેક્ટર
ભારતીય વિદ્યા ભવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાક્કથન

ગત બારેક વરસના ગાળામાં અવારનવાર, ખાસ કોઈ પૂર્વનિર્ણીત યોજના વિના મેં કરેલાં ભાષાવૈજ્ઞાનિક લખાણો અને વ્યાખ્યાનો અહીં સંગૃહીત કર્યાં છે. તેમાંનાં ઘણાંખરાં **બુદ્ધિપ્રકાશ, ફા. ગુ. ત્રૈમાસિક, ભારતીય–વિદ્યા** (હિં.–ગુ.), **ગુ. સા. પ. પત્રિકા, ગુ. સં. મં. ત્રૈમાસિક, પ્રસ્થાન** વગેરેમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલાં છે. કોઈ કોઈ લેખ અને કેટલીક વ્યુત્પત્તિ–નોંધો અહીં પહેલીજ વાર અપાય છે.

કોઈ વ્યવસ્થિત કે આછીઝાંખી યોજના નજર સામે રાખ્યા વિના—સ્વૈરપણે કરાયેલાં આવા શાસ્ત્રીય વિષયને લગતાં છૂટક લખાણોનું મૂલ્ય ઝાઝું ન અંકાય. છતાં એને ગ્રંથસ્થ કર્યાં છે તેના બચાવ લેખે કાંઈ સ્વીકાર્ય હોય તો એટલું કહું કે અહીં અપાયેલા લેખ આદિ ભાષા–અન્વેષણની અર્વાચીન પદ્ધતિ અને દૃષ્ટિ લક્ષમાં રાખીને લખાયા છે, અને વિચારણાના કેંદ્રસ્થાને ગુજરાતી છે. એટલે ગુજરાતીના—અને કાંઈક અંશે સામાન્યપણે ભાષાના શાસ્ત્રીય અભ્યાસમાં જેમને રસ છે, તેમને થોડાક ઉપયોગી, કાંઈક સ્વાદ લગાડે તેવા આ નીવડે તોયે ઘણું.

આથી એવું કશું સૂચવવાનો આશય નથી કે અહીં રજૂ કરાયેલી સામગ્રીમાં પશ્ચિમનાં ઉચ્ચ કક્ષાનાં ભાષાકીય સંશોધન અને અનુશીલનની આછીઅધૂરી ઝાંખી પણ થાય છે. એ કક્ષાનું સંશોધન જે પારંગતતા, એકનિષ્ઠા અને પરિશીલન માગી લે છે, તેનો વિચાર જ્યારેજ્યારે આવે છે ત્યારે પેલી પ્રાંશુલભ્ય ફળ અને વામનની વાત યાદ આવે છે (મહાકવિનું વેણ, મહાકવિના વેણ તરીકે નહીં પણ સામાન્ય દૃષ્ટાંત લેખે વાપરવાની છૂટ ન લેવાય ?). માત્ર, ભાષાવિજ્ઞાન કેવાકેવા પ્રદેશોમાં પ્રવેશ કરે છે ? કઈ પદ્ધતિએ તે કામ કરે છે ? ગુજરાતીનાં અનેક પાસાંઓનો આધુનિક ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિએ કઈ રીતે વિચાર થઈ શકે ?—આવી બાબતોનો આછોપાતળો ખ્યાલ આપવો, અને એ વિષયમાં આગળ જવાની, ઊંડા ઊતરવાની વૃત્તિ સતેજ કરવી એટલું જ પ્રસ્તુત સંગ્રહનું પ્રયોજન છે.

પશ્ચિમમાં ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં ખૂબ કામ થયું છે, અને એમાં સંશોધન અને અભ્યાસ કૂદકેભૂસકે આગળ વધતાં જાય છે. સામાન્ય ભાષાવિજ્ઞાનને—એટલે કે અનેક ભાષાઓનાં સ્વરૂપ, બંધારણ, ક્રમવિકાસ, વિસ્તાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિના વ્યક્તિગત અને તુલનાત્મક સૂક્ષ્મ અધ્યયનને પરિણામે સામાન્ય રૂપે ભાષાનું સ્વરૂપ, રચના, ક્રમવિકાસ વગેરેના પ્રતિપાદનને—લગતાં પણ કેટલા બધા ગ્રંથો છે! ધ્વનિતત્ત્વ (ધ્વનિઉત્પાદનનો વ્યાપાર, ધ્વનિમાપન, ધ્વનિઓનું સ્વરૂપ, ધ્વનિપરિવર્તન, ધ્વનિ અક્ષર શબ્દ આદિ, ધ્વનિઓદ્વારા વિચારોનું મૂર્તીકરણ, વગેરે), વ્યાકરણતત્ત્વ (શબ્દભેદ, પદાર્થો–Categories, વ્યાકરણનું ઘડતર, વ્યાકરણતંત્રનું પરિવર્તન, વગેરે), કોશતત્ત્વ (શબ્દભંડોળ, શબ્દપરિવર્તન, અર્થપરિવર્તન, વગેરે), ભાષાતત્ત્વ (ભાષા અને બોલીઓ, શિષ્ટમાન્ય ભાષાનું ઘડતર, પરભાષાનું ઋણ, ભાષાનો ઉદ્‌ગમ, તેના બંધારણનું વૈવિધ્ય, ભાષાકીય પરિવર્તન, ભાષા અને પ્રમાણશાસ્ત્ર–માનસશાસ્ત્ર–સમાજ-શાસ્ત્ર–સાહિત્યશાસ્ત્ર, વગેરે), અર્થવિજ્ઞાન: એ સૌના પદ્ધતિસરના અને તલાવગાહી અધ્યયન પાછળ પશ્ચિમના પંડિતો મંડી પડ્યા છે. પ્રસ્તુત સંગ્રહમાં 'સિદ્ધાંતવિચાર'નું મોટું નામ ધારણ કરતા વિભાગ નીચે આપેલા લેખો આ પ્રદેશમાં બીતાં બીતાં કરેલાં બેચાર ડોકિયાં જેવાં છે. તેમાં પણ 'સાદૃશ્ય' અને 'શબ્દોની ચડતીપડતી' એ બેમાંની વિચારણા પર વાંદ્રે (Vendreys)ના પુસ્તક લેંગ્વેજની સારી એવી અસર છે.

સામાન્ય ભાષાવિજ્ઞાન ઉપરાંત વ્યક્તિગત ભાષાઓના ઐતિહાસિક તેમ જ સમકાલીન સ્વરૂપનું અધ્યયન પણ પશ્ચિમમાં પૂરતા ઊંડાણથી થતું રહ્યું છે. તેમાં ભારત–યુરોપીય ભાષા અંગેનું સંશોધન તો પશ્ચિમના પાંડિત્યની એક જ્વલંત સિદ્ધિ—જો કે તેની સિદ્ધિઓ પણ ક્યાં એકબે છે?—લેખાશે. અભ્યાસ-દારિદ્રય હમણાંહમણાં આપણને કોઠે પડી ગયું લાગે છે ને તેથી જે વિષયથી આપણે અજ્ઞાત હોઈએ તે વિષે જગતમાં પણ અંધારું પ્રવર્તે છે એવું માની લેવાનું વલણ કેટલીક વાર દેખાય છે. ભારત–યુરોપીયને વિષે જ આપણા એક અભ્યાસપ્રેમી લેખકે, તે ડગમગતી અટકળની ઇમારત જેવી હોવાનો મત—અજ્ઞાનમૂલક જ તો—ઉચ્ચારેલો. અને એટલે કાંઈક અસ્થાને ગણાવાનો ભય છતાં આ સંબંધમાં થોડાક શબ્દો ટાંકું:

'.....and, in 1900, the primitive IE. may be said to have been firmly established. It must be emphatically stated here that the science of linguistics is now no more in an experimental stage, hazarding its conclusions on the strength of unsatisfactory relics of speech scattered over a number of tongues.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

The labours of linguisticians, throughout the last more than a century have enabled us to form a clear idea of the primitive IE. speech as a single and almost homogeneous language. Thousands of words of the original speech have been reconstructed, and in most cases, the endings, stress and precise meaning determined. This must indeed be regarded as one of the greatest achievements of the human intellect[1].'

આ **ભારત**-યુરોપીય આપણે માટે હજી દુર્ભાગ્યે દૂરદૂરની રહી છે; પણ તેની **ભારતીય-આર્ય** શાખા(એટલે કે **વૈદિક** બોલીઓ, અને તેમનો **સંસ્કૃતાદિ** ભાષાપરિવાર)માં આપણને રસ પડવો જોઈએ. પણ તેને અંગેયે ગુજરાતીમાં થયેલું કાર્ય નહિવત્ છે. થોડાક સમય પર પ્રસિદ્ધ થયેલો સુનીતિકુમાર **ચેટર્જી**નાં વ્યાખ્યાનોનો અનુવાદ[2] આ વિષયનું આપણું એકમાત્ર ઉલ્લેખપાત્ર પુસ્તક છે. કત્રેના ૧૯૪૦-૪૧નાં **વીલ્જન ભાષા**-શાસ્ત્રીય **વ્યા**ખ્યાનો[3] કેટલાક વિશિષ્ટ પ્રશ્નોની—અને ખાસ તો ભાષાના ઐતિહાસિક અન્વેષણમાં સ્થળકાળની મર્યાદાઓના મહત્ત્વની—તાત્ત્વિક ચર્ચા કરતાં હોવાથી ઘણાં મૂલ્યવાન છે. તેમનો ગુજરાતી સાર હજી પણ ઉપયોગી બનશે માની અહીં સંગ્રહ્યો છે. **પ્રા**કૃત વ્યાકરણકારોના કાર્યની સમગ્ર-દૃષ્ટિએ સમીક્ષા કરતું **ની**તી **દોલ્ચી**નું અધ્યયન **માધ્યમિક ભારતીય-આર્ય**ના ક્ષેત્રમાં હમણાં થયેલાં પ્રદાનોમાં ઊંચું સ્થાન ધરાવે છે. મૂળ કૃતિ ફ્રેંચમાં છે. તેના સાર-સંગ્રાહક અવલોકન-લેખનું ભાષાંતર પણ એ દિશાના સંશોધનનો ખ્યાલ આપવાની દૃષ્ટિથી અહીં અપાયું છે.

અપભ્રંશ અને **પ્રાચીન** ગુજરાતી એટલે તો આપણું ઘરઆંગણું. અને છતાંયે એ વિશે નક્કર, સ્પષ્ટરેખ, સર્વસ્વીકાર્ય બને તેવું કાર્ય આપણે ત્યાં કેટલું થયું છે? ગુજરાતીના ઉદ્‌ગમ અને ક્રમવિકાસનો સર્વસ્પર્શી શાસ્ત્રીય વૃત્તાંત આપવા માટેની થોડીઘણીયે સામગ્રી—પણ પૂરતી વિશ્વસનીયતા

---

૧. દાંડેકર, ઇંડીયન હીસ્ટરી કોંગ્રેસ, પ્રાચીન યુગના વિભાગીય પ્રમુખ તરીકેના ભાષણ-માંથી (પ્રોસીડીંગ્ઝ, ૧૯૪૭, પૃ. ૨૮).

૨. **સાંડેસરા, ભારતીય-આર્ય ભાષા અને હિંદી, ૧૯૫૧.**

૩. **સમ પ્રોબ્લેમ્ઝ ઑવ હીસ્ટોરીકલ લીંગ્વીસ્ટીકસ ઇન ઇંડો-આર્યન, ૧૯૪૪.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળી—આપણને સુલભ ખરી? **પ્રા**ચીન ગુજરાતીનો કોશ કે ભૂમિકાવારના વ્યાકરણી પૃથક્કરણ છે ખરાં? અને એ તૈયાર થઈ શકે તે માટે આલોચનાત્મક પદ્ધતિએ સંપાદિત થયેલી અને ભાષાકીય મૂલ્યની સામગ્રી તારવીને જુદી આપતી **પ્રા**ચીન ગુજરાતીની કૃતિઓ જ કેટલી? આ પ્રદેશનો યે મોટો ભાગ હજી પણ અક્ષુણ્ણ જેવો રહ્યો છે, એટલે તેમાં બે પગલાં પાડે તેયે ભોમિયા જેવો ગણાઈ શકે છે. તમે ચાર–છ શબ્દોનાં મૂળ કે અર્થની ચર્ચા કરી (તેમાં વ્યુત્પત્તિવિચારના પાયાના સિદ્ધાંતોનું અજ્ઞાન હોય તો પણ કશી હરકત નહીં), અથવા તો કોઈ પ્રાચીન કૃતિ છપાવી નાખી (તેમાં આલોચનાત્મક પદ્ધતિ એટલે શું એ તમે ન જાણતા હો તોયે ચાલે), એટલે તમે થયા સંશોધક ને **પ્રા**ચીન ગુજરાતીના જાણકાર! આવી પરિસ્થિતિનો લાભ લઈ કરેલા કેટલાક અખતરા પ્રસ્તુત સંગ્રહના **અ**પભ્રંશ અને પ્રા. ગુજરાતીને લગતાં લખાણોમાં મળશે. આપણા ઉચ્ચ અભ્યાસમાં આ વિષયને ખાસ સ્થાન અપાયું હોવા છતાં તેનું કોઈ વિશેષ ફળ નજરે પડતું નથી એ વિચારવા જેવું નથી?

આ પછી **અ**ર્વાચીન ગુજરાતીનો પ્રદેશ લઈએ તો તેમાં આપણને શું મળ્યું છે? એક, જોડણીની ચર્ચા—તે પણ કેવી? 'બાલની ખાલ' ઉખેડતી પણ પાયાના સિદ્ધાંતોને સ્પર્શ્યા વિના ગોળગોળ ફરતી; બે, સંસ્કૃતના બીબાંમાં ઢાળેલું વ્યાકરણ; ત્રણ, કોશ—એટલે માત્ર સાર્થ જોડણીકોશ, વ્યુત્પત્તિવ્યુત્પત્તિ વિશે તો હાંકે રાખોને, કોણ પૂછવાનું છે? અને ચાર, સૂક્ષ્મ ઐતિહાસિક કે આલોચનાત્મક દૃષ્ટિ વિનાની શબ્દચર્ચા—ઇતિશ્રી. ને અર્વાચીન દૃષ્ટિએ જે બેત્રણ મૂલ્યવાન પ્રયાસ થયા છે, તેમની વિશે ખાસ કોઈ જાણતું નથી.

નરસિંહરાવનાં **વ્યા**ખ્યાનો પરિચયગ્રંથ તરીકે આપણે ત્યાં વપરાય છે. તેમની શુદ્ધિ કરવાની દૃષ્ટિએ બેત્રણ લેખ તૈયાર કર્યા પછી જણાયું કે એક તો વાદ્યો જરા પણ બંધબેસતો નથી રહ્યો, ને થોડોઘણો બંધબેસતો કરવા જે તાણખેંચ અને થાગડથીગડ કરવી પડે તેમ છે, તેમાં મૂળની કાયાપલટ કર્યા જેવું જ થાય—અને તે કરતાં તો નવો વાદ્યો તૈયાર કરવામાં ઓછો શ્રમ પડે! એટલે એ કામ આગળ ન ચાલ્યું.

વ્યુત્પત્તિને શાસ્ત્ર ન ગણવું એ આપણી એક વિશિષ્ટતા લાગે છે. આપણું શરીર જન્મથી માંડીને મૃત્યુ સુધી આપણી સાથે હોય છે. છતાં એટલા પરિચયની મૂડી પર જ આપણે રુધિરાભિસરણની પ્રક્રિયા કેવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલે છે, કોશોનું બંધારણ કેવું છે, વાહિની-રહિત ગ્રંથિઓ કેટલી અને તેમની પ્રવૃત્તિ શી? આવી બાબતમાં અભિપ્રાય કે ઊડતું સૂચન પણ આપવાની ધૃષ્ટતા નથી કરતા. વિશેષજ્ઞનો એ પ્રદેશ હોવાનું સૌ સ્વીકારે છે. પણ ભાષાની બાબતમાં જુદું જ વલણ જોવા મળે છે. તેમાં બોલતા શીખીએ ત્યારથી તે અવાચક થઈ જઈએ ત્યાંસુધી ભાષા સાથે આપણને કામ રહે છે એટલી હકીકત તેની વિશે શાસ્ત્રીય વિધાનો કરવાનો અધિકાર આપી દેતી હોવાનું મનાય છે! અને સર્જક, વિવેચક, વિચારકને તો વળી ભાષા પાસેથી વિશેષ સેવા લેવાની, એટલે તેનો અધિકાર વિશેષ! આથી આપણા કેટલાક પ્રમુખ સાહિત્યકારો પણ વ્યુત્પત્તિના પ્રદેશમાં અવારનવાર છમકલું કરવાનો લોભ રોકી શકતા નથી. પણ રીતસરના અભ્યાસીઓ પણ શબ્દમૂળને લગતી વિચારણામાં પૂર્વભૂમિકાનાં ધ્વનિવલણો, સ્થળકાળની મર્યાદા, ધ્વનિપરિવર્તનનું સ્વરૂપ અને બીજાં સિદ્ધાંતોની ઉપેક્ષા કરે છે તો પછી બીજાઓ વિશે શું કહેવું? વ્યુત્પત્તિને તરંગખેલ ન બનવા દેવી હોય તો શબ્દનો પૂર્વ ઇતિહાસ, ઘડતર અને અર્થની દૃષ્ટિએ તેનો ઇતર ભાષાસામગ્રી સાથે સંબંધ, તથા તેનું પ્રચલિત મૂલ્ય એ સૌ લક્ષમાં રાખી વિચાર થવો ઘટે. પ્રસ્તુત સંગ્રહમાં આપેલી વ્યુત્પત્તિઓના એક ભાગમાં શબ્દોની વિસ્તારથી ચર્ચા કરેલી છે. તેમાંના કેટલાકની બાબતમાં મળતી સામગ્રી તૂટક હોવાથી તેમની વિષેનો નિર્ણય છેવટનો ન ગણાય. વળી મારવાડી, હિંદી તેમ જ બીજી પડોશભાષાઓની સામગ્રીનો ઉપયોગ નથી થઈ શક્યો એ એક મોટી ખામી ગણાય. 'સ્વરભાર'નું નામ પણ નથી લીધું તે બીજી. આ ચર્ચામાં જે કાંઈ અટકળ કે અનુમાનનો અંશ છે તેનો પાયો પણ ઉપલબ્ધ સામગ્રી અને તેની આલોચનાત્મક મુલવણી જ છે. મળતા પુરાવાના પ્રકાશમાં જ્યાંસુધી જવું યુક્ત ગણાય તેથી વધારે આગળ જવાનો પ્રયાસ નથી કર્યો. નિર્ણાયક કે સૂચનાત્મક વિધાનો બનતી સાવધાનીથી રજૂ કર્યા છે. જ્યાં કોઈ કારણે વિસ્તારથી ચર્ચા નથી થઈ શકી, કે એકાદ પાસાનો જ સ્પર્શ કરી શકાયો છે, ત્યાં શબ્દનું મૂળ થોડાક પુરાવાઓ સાથે સૂચવ્યું છે અને એવા શબ્દોનો અલગ વિભાગ રાખ્યો છે. આ ઉપરાંતનો વિભાગ જોડણીકોશની ચોથી આવૃત્તિની કેટલીક વ્યુત્પત્તિની શુદ્ધિ કે પૂર્તિ રૂપે છે. જોડણીકોશે તદ્ભવોની વ્યુત્પત્તિની બાબતમાં બેજવાબદારપણે, કોઈ પણ ગંભીર પ્રયાસમાં ન કલ્પી શકાય તેવાં અટકચાળાં કર્યાં છે, તેમાંથી કેટલાક શબ્દના મૂળ વિશે એક વિભાગમાં અછડતો વિચાર કર્યો છે. નવી વ્યુત્પત્તિ આપવાની ન હોવા છતાં પણ, જ્યાં સૂચવેલી વ્યુત્પત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યુત્પત્તિવિચારના ધરમૂળના સિદ્ધાંતોનો ભંગ કરતી હોવાથી અસંભવિત લાગી, તેવા શબ્દોની પણ એક યાદી દૃષ્ટાંત લેખે આપી છે.

અંતમાં થોડાંક અવલોકનો મૂકેલાં છે. તેમનું આ સંગ્રહમાં ઔચિત્ય કેટલું એવો પ્રશ્ન ઉઠાવી શકાય ખરો. પણ મુખ્યત્વે ભાષાકીય પ્રશ્નો ને ગવેષણાને સ્પર્શતાં હોવાથી તેમને લીધાં છે.

પ્રગટ થઈ ગયેલા લેખોનાં સ્થળ, સાલવારી વગેરે કશું નથી આપ્યું, કારણ કે ઘણાંખરાં લખાણો—ઓછાવધતા ફેરફાર સાથે અહીં મુદ્રિત થાય છે. કેટલાંકમાં નવી સામગ્રી મળી તે ઉમેરી છે, કેટલાંકમાં કોઈ ત્રુટિ દૂર કરી છે, કેટલાંકનો વિસ્તાર કર્યો છે કે જુદી રીતે રજુઆત કરી છે, તો કેટલાંક મત બદલાતાં નવેસરથી જ લખ્યાં છે. એટલે પ્રસ્તુત સંગ્રહમાં લેખોનું જે સ્વરૂપ છે તે જ પ્રમાણભૂત ગણવાનું છે. દસબાર વરસના ગાળામાં જુદીજુદી દૃષ્ટિએ અને અભ્યાસની જુદીજુદી કક્ષાએ લખાયેલા લેખોમાં પદ્ધતિની, વિચારણાની, રજુઆતની કે ઉલ્લેખો, વિરામચિહ્નો, સંકેતો આદિની એકવાકયતા લાવવી ખૂબ દુષ્કર હોય છે. કેટલોક પ્રયાસ કર્યો છે. તોયે અસંતોષ રહી જાય તેવું થોડું નથી. વિદ્વાનોની ઉદારતાથી એ નભી જશે એવી આશા છે. કેટલાક મુદ્રણદોષો વિશે પણ એ જ કહેવાનું છે.

'વાગ્વ્યાપાર' શબ્દ આપણે ત્યાં ધ્વનિપ્રક્રિયાને લગતી ઐતિહાસિક વિચારણાના અર્થમાં વપરાતો રહ્યો છે. આ અપપ્રયોગ છે. એટલે 'વાણીનો વ્યાપાર' એવા યૌગિક અર્થમાં તે ભાષાશાસ્ત્રીય પંચકણુકીનો સમાવેશ કરવાની સગવડ આપે તેવો હોવાથી સંગ્રહના નામ તરીકે રાખ્યો છે.

સંગ્રહની નાનીમોટી કોઈ ત્રુટિ વાચકોના લક્ષમાં આવે અથવા તેના કોઈ પણ અંશની ઉપયોગિતા વધે તેવી સામગ્રી કે સૂચના તેમની પાસે હોય તો જણાવવા વિનંતી છે.

પ્રકાશન અંગેનો પ્રબંધ કરી આપવા માટે ભારતીય વિદ્યા ભવનના કુલપતિ શ્રીમાન મુનશીજીનો, તથા તેના મુદ્રણ આદિને અંગે પ્રબંધ કરી આપવા માટે ભારતીય વિદ્યા ભવનના સંચાલકો તથા એસોસીયેટેડ પ્રેસના વ્યવસ્થાપકનો હું અત્યંત ઋણી છું.

વિલેપાર્લે

વૈશાખી પૂર્ણિમા, ૨૦૧૦ — હ. ભાયાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

આમુખ ... ... (૩)

પ્રાક્કથન ... ... (૫)-(૧૦)

સિદ્ધાંત ૧-૬૪

બોલચાલની ભાષાનાં સ્ખલનો ૧-૧૦

સંક્ષેપની પ્રક્રિયા ૧૧-૧૭

સાદૃશ્ય(ઍનેલૉજી, Analogy)નું સ્વરૂપ ... ૧૮-૩૧

શબ્દોની ચડતીપડતી ૩૨-૪૪

શબ્દસૃષ્ટિની ભીતરમાં ડોકિયું ૪૫-૪૮

કેટલાક કહેવાતા અપપ્રયોગો અને દુષ્પ્રયોગો ... ૪૯-૬૦

વ્યાકરણદુષ્ટ કિંતુ બહુપ્રચલિત ૬૧-૬૪

ઇતિહાસ ૬૫-૧૭૯

हुं एक અને હોવુંનાં ભારત-યુરોપીય મૂળસ્વરૂપો ... ૬૬-૭૯

ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ભારતીય આર્યની કેટલીક સમસ્યાઓ ૮૦-૧૧૩

વ્યાખ્યાન પહેલું-ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રનો પરિચય. ૮૦-૮૭

,, બીજું-ભારતીય-આર્યનાં આખ્યાતિક અંગો. ૮૮-૯૪

,, ત્રીજું- ,, ,, ,, ,, (ચાલુ)૯૫-૧૦૦

,, ચોથું-ભારતીય-આર્યનાં નામિક અંગોનું ઘડતર. ૧૦૧-૧૦૩

,, પાંચમું-ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રના કોયડા ૧૦૪-૧૦૯

,, છઠ્ઠું-પર્યાયવિજ્ઞાન, અણઉકલ્યા પ્રશ્નો અને અપેક્ષાઓ. ૧૧૦-૧૧૩

શબ્દચર્ચા ૧૧૪-૧૧૯

પ્રાકૃત વ્યાકરણકારો ૧૨૦-૧૩૪

હેમચંદ્રીય અપભ્રંશનું સ્વરૂપ ૧૩૫-૧૪૮

અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ... ૧૪૯-૧૬૧

ગુજરાતી ભાષાનો ઉદ્‌ગમ ૧૬૨-૧૭૪

સંયુક્ત વ્યંજનના ઋજુભાવનો પ્રાચીનતમ પુરાવો ૧૭૫-૧૭૭

અંગ્રેજી પ્રભાવ ? ૧૭૮-૧૭૯

ધ્વનિવિચાર ૧૮૧-૨૨૦

૧-વ્યંજનનાશ ? ૧૮૩-૧૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨–દંત્યોનો મૂર્ધન્યભાવ? ૧૯૧–૧૯૭

૩–સ્વરમધ્યગત ન્ (–ન્–) ૧૯૮–૧૯૯

કણસ્વર અ ૨૦૦–૨૦૩

અર્વાચીન ગુજરાતી ઇકાર–ઉકારનાં ઉચ્ચારણ અને જોડણી ૨૦૪–૨૧૦

રકાર–પ્રક્ષેપ ૨૧૧–૨૧૫

ગોહિલવાડી ઉચ્ચારણ ૨૧૬–૨૨૦

પ્રત્યયવિચાર **૨૨૧–૨૪૧**

'સશક્ત'ાદિ ગણ ૨૨૩–૨૨૫

કર્તૃવાચક પ્રત્યય '–નાર' ૨૨૬–૨૨૮

તદ્ધિત –રૂપ–નો વારસો ૨૨૯–૨૩૧

લઘુત્વવાચક પ્રત્યય –ચું (સ્ત્રી. –ચી) ... ૨૩૨–૨૩૩

ગુજરાતીના અંગ–વિસ્તારક પ્રત્યયો ... ૨૩૪–૨૪૧

કોશવિચાર **૨૪૩–૨૫૭**

આડોશી–પાડોશી ગણ ૨૪૪–૨૪૬

ગુજરાતનાં સ્થળનામો ૨૪૭–૨૫૭

વ્યુત્પત્તિવિચાર **૨૫૯–૩૬૧**

વ્યાપક ચર્ચાલેખો ૨૬૦–૩૩૭

'અણુ' અને 'આટો' (૨૬૦–૨૬૨); આસો (૨૬૨–૨૬૩); ખંભાત (૨૬૩–૨૬૭); ગાહુઓ (૨૬૭–૨૬૯); 'ગૂજરાત' કે 'ગુજરાત?' (૨૬૯–૨૭૨); ગોંધળ (૨૭૨–૨૭૪); ચકલી (૨૭૫–૨૭૭); ચાલુક્ય, ચૌલુક્ય, સોલંકી (૨૭૭–૨૭૯); ભારદર્શક–વ્યાવર્તક 'જ' (૨૭૯–૨૮૩); જુગાર (૨૮૩–૨૮૭); ઢીંકવો (૨૮૭–૨૮૮); ગુજ. તવ, હિં. तब વગેરે (૨૮૮–૨૮૯); નિશાળ (૨૮૯–૨૯૪); 'પગ'નું પગેરું (૨૯૪–૨૯૬); પરોણો, પરાણો (૨૯૬–૨૯૮); બૅલ, મૅલ, બળદ (૨૯૯–૩૦૦); ભભૂત (૩૦૦–૩૦૧); ભળવું–ભેળવવું (૩૦૧–૩૦૩); ભ્રખુ (૩૦૪–૩૦૫); મોટો (૩૦૫–૩૦૭); રૅંદલ (૩૦૭–૩૧૦); લીટી (૩૧૦–૩૧૩); 'વચ્ચે' વિશે (૩૧૩–૩૧૪); વંઠવું (૩૧૪–૩૧૬); વાલમ, સોરમ (૩૧૬–૩૨૦); વાંકડું (૩૨૦–૩૨૨); વીગત (૩૨૨–૩૨૪);

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યંડળ (૩૨૪–૩૨૫); સંપેટવું, સમેટવું (૩૨૬–૩૩૨); સાધુ વાણિયો (૩૩૨–૩૩૩); સૌ (૩૩૩–૩૩૬); હાઉ (૩૩૬–૩૩૭).

વ્યુત્પત્તિનોંધ ૩૩૮–૩૫૩

અઠવાડિયું (૩૩૮); અણોજો (૩૩૮–૩૩૯); અમથું 'નકામું' (૩૩૯–૩૪૧); इयाण = અજાણ (૩૪૧–૩૪૨); ઊંધણશી (૩૪૨–૩૪૩); કચુંબર (૩૪૩–૩૪૪); જમણું (૩૪૪); જીંડવું (૩૪૫); ઠામ (૩૪૫–૩૪૬); ડોવું–ડહોળવું (૩૪૬–૩૪૭); થેલી (૩૪૭–૩૪૮); નોંધવું : નોંઝણું (૩૪૮); પખવાજ (૩૪૮–૩૪૯); પિંગાણી (૩૪૯–૩૫૦); બાઘડો (૩૫૦); ભોગળ–ભૂંગળ (૩૫૦–૩૫૧); મામેરું (૩૫૧–૩૫૨); લોધો (૩૫૨); વિશે (૩૫૩).

જોડણીકોશ (ચોથી આવૃત્તિ)ની વ્યુત્પત્તિશુદ્ધિ માટે કેટલાંક સૂચન. ૩૫૪–૩૫૮

તરંગી વ્યુત્પત્તિઓ ૩૫૯–૩૬૧

સમાલોચના ૩૬૩–૩૮૫

ભારતીય–આર્ય ભાષાની અને હિંદુસ્થાનીની જીવનકથા ઉકેલતાં વ્યાખ્યાનો ૩૬૪–૩૭૩

પ્રાચીન ગુજરાતી ભાષા ને સાહિત્ય વિષયક એક સંશોધનલક્ષી માહિતીગ્રંથ ૩૭૩–૩૭૮

ભારતીય–આર્ય અને ગુજરાતીનો જુનવાણી પદ્ધતિએ વિકાસવૃત્તાંત આપતાં પાંડિત્યપૂર્ણ વ્યાખ્યાનો ... ૩૭૮–૩૮૦

પોણોસો વર્ષના ગુજરાતી ભાષાના અભ્યાસનું વિહંગદર્શન. ૩૮૧–૩૮૨

ગુજરાતીના પ્રથમ વ્યવસ્થિત વૃત્તાંતનું ભાષાંતર. ૩૮૩–૩૮૫

પરિશિષ્ટ ૩૮૭–૩૯૧

સૂચી ૩૯૩–૪૧૧

વિષયસૂચી ૩૯૫–૩૯૯

શબ્દસૂચી ૪૦૦–૪૧૧

શુદ્ધિપત્રક ૪૧૩–૪૧૬

✶

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલચાલની ભાષાનાં સ્ખલનો

*

આપણી હંમેશની વાતચીતમાં કેટલીયે વાર 'ચામડાની જીભ'થી કાંઈને બદલે કાંઈ બોલાઈ જવાની ભૂલ થતી હોય છે. એ તદ્દન જાણીતું છે. બોલતાં બોલતાં એક ઉક્તિપ્રકારને બદલે બીજો જ ઉક્તિપ્રકાર, એક શબ્દને બદલે ભળતો જ શબ્દ, એક ધ્વનિને બદલે મળતો ધ્વનિ વપરાઈ જાય છે, અથવા તો એક સાથે બીજું ભળી જઈ સંકરરચના ઊપજે છે અને ઘણીવાર આ રીતે થયેલી શબ્દની કઢંગી કાયાપલટ કે રમૂજી અર્થગરબડ આપણી પ્રવાહપતિત વાતચીતમાં પણ હાસ્યવિનોદના રંગ પૂરે છે.

આવી ભૂલો કેમ થતી હશે? એ શેની સૂચક છે? દરેકથી, ગમે તે વખતે, અને તરેહતરેહની ભૂલો થાય છે તો આની પાછળ કાંઈ નિયમ કે વ્યવસ્થા જેવું હશે ખરું? આવા પ્રશ્નો સ્વાભાવિક રીતે જ ઊઠે. આ પ્રશ્નોના સમાધાન માટે માનસિક વ્યાપારો વાણીરૂપે સાકાર કેવી રીતે બને છે તે જરા જોવું જોઈશે.

આપણે જ્યારે વાત કરતાં હોઈએ છીએ ત્યારે આપણા વક્તવ્યનો જે અમુક ભાગ બોલાતો હોય છે તેની સાથેસાથ જ આપણું મન, તરતમાં જ બોલવાની વસ્તુ તૈયાર કરવામાં અને તે વસ્તુની અભિવ્યક્તિ માટે ભાષાકીય સામગ્રીની ઘટની વિગતોની વીણણી કરવામાં રોકાયેલું રહેતું હોય છે[1]. આમાં એક જ વિચારની અભિવ્યક્તિ માટે સરખા સમર્થ બે ઉક્તિ-પ્રકારો એક સાથે જ હોઠે ચડી જતાં, ભળતો જ શબ્દ સાહચર્યાદિને લીધે મૂળ શબ્દનું સ્થાન લઈ લેતાં, અથવા તો અમુક શબ્દના ઘટક ધ્વનિઓના ઉત્પાદન માટે મગજમાંથી ઉચ્ચારણ–અવયવો તરફ જે અનેક અટપટા આદેશો છૂટે છે

---

૧. વિશેષ માટે જુઓ, યેસ્પર્સન (Jespersen), લેંગ્વેજ, ૧૯૩૪, ૨૭૯–૨૮૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં કોઇ વાર બે આદેશો એકબીજા સાથે અટવાઈ જતાં, કે કો જરૂર કરતાંઇ વહેલામોડા છૂટતાં, ઉક્તિપ્રકારોમાં, શબ્દોમાં કે શબ્દધ્વનિઓના સ્વરૂપમાં અથવા તેમના પૂર્વાપર ક્રમમાં ગરબડ ઊભી થાય છે.

ભળતા શબ્દો કે પ્રયોગો બોલાઈ જવાનું બીજું પણ કારણ છે. પૂર્વના અનુભવને પરિણામે ચિત્તમાં સંઘરાયેલા વાચાસંસ્કારો ('સ્પીચ આઈડીયાઝ઼', speech ideas) પરથી ઘડાઈને ઘટતી શબ્દાકૃતિઓ ('વર્બલ ઇમેજીઝ઼, verbal images) પહેલેથી જ વ્યક્ત થવાની અણી પર આવીને ઊભી રહી હોય છે. તે ક્ષણે બેદરકારી કે ચલિત ધ્યાન હોય તો એકને બદલે બીજીનું કે એકની સાથે સંકીર્ણ સ્વરૂપમાં બીજીનું ઉચ્ચારણ થવા સંભવ રહે છે. ચિત્તનો એક કરતાં વધારે વિચારકણો સાથેનો એકકાલીન સંપર્ક અને એ ભિન્ન વિચારકણો પ્રત્યેની વધતીઓછી એકાગ્રતા વક્તવ્યના ઇષ્ટ સ્વરૂપ અને મૂર્ત થયેલા સ્વરૂપ વચ્ચેના વિસંવાદનું કારણ છે.

વધારેમાં, સામ્ય ધરાવતા ધ્વનિઓની એક જ શબ્દમાં કે વાક્યના પાસેપાસેના શબ્દોમાં સહસ્થિતિ, અથવા અર્થસામ્ય ધરાવતા બે પર્યાયશબ્દોનું સ્મૃતિમાં એકસાથે થતું સ્ફુરણ વાચિક સ્ખલનો નિપજાવવામાં ખૂબ જ સહાયક બને છે. [૧]

આમ વાણીના ઉત્પાદન વ્યાપારમાં જ સ્ખલનો કરવાની જાણે કે પૂરતી સગવડ છે.

બોલાતી ભાષામાં સમયના વહન સાથે સતત પરિવર્તન થતું રહે છે એ સુવિદિત છે. તો આ વાચિક સ્ખલનોનું ભાષાકીય પરિવર્તનોમાં શું સ્થાન છે? ભાષાકીય પરિવર્તનનું વાસ્તવિક સ્વરૂપ અને તેનાં કારણો એ ઘણો ચર્ચાસ્પદ વિષય છે, અને તેમની હજી સુધી સર્વમાન્ય બની હોય તેવી ચોક્કસ અને સર્વસ્પર્શી મીમાંસા નથી થઈ[૨]. પણ આ વિષયમાં ઘણો પ્રમાણભૂત

૧. અંશતઃ સરખા ધ્વનિ ધરાવતાં ઉચ્ચારવા અટપટાં કે ભુલામણાં જોડકણાં આ નિયમને અનુસરીને જ રચાયેલાં છે. ગુજરાતી 'પાંચ પાપડ પાકા કાકા, પાંચ પાપડ કાચા કાકા, પાકા પાકા ખાઓ કાકા, કાચા કાકા, મૂકો પાછા' અથવા તો અંગ્રેજી She sells seashells on the seashore; The shells she sells are seashells I'am sure; For if she sells seashells on the seashore; Then I'm sure she sells seashore shells--આના સારા ઉદાહરણ છે.

૨. ઇઓર્ગુ જોર્ડાન (Iorgu Jordan), એન ઇંટ્રોડક્ષન ટુ રોમાન્સ લીઙ્‌વીસ્ટીક્સ (અંગ્રેજી ભાષાંતર), ૧૯૩૭, ૩૯–૪૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાય તેવો મત સ્વીકારીએ તો તે પ્રમાણે બે જાતના ધ્વનિવિકારો છે: ધ્વનિ-નિયમો અને ધ્વનિ-સૂત્રો સારૂપ્ય ('એસીમીલેશન'), વૈરૂપ્ય ('ડીસીમીલેશન'), વ્યત્યય ('મૅટેથીસીસ') વગેરે દરેક ભાષામાં પ્રવર્તતા સામાન્ય વલણો તે ધ્વનિનિયમો, અને સામાન્ય વલણોનો કોઈ વિશિષ્ટ ભાષા કે વિશિષ્ટ બાબત પૂરતો વિનિયોગ તે ધ્વનિસૂત્રો. બીજા શબ્દોમાં કહીએ તો ધ્વનિનિયમો ભાષા સામાન્ય પર વર્ચસ્વ ધરાવે છે—એટલે કે તેમનું અસ્તિત્વ ભાષાના ઘટકરૂપ ધ્વનિતંત્ર, રૂપો વગેરેનાં ભંડાર રૂપ મનમાં જ માત્ર છે. તેમનું અસ્તિત્વ પ્રચ્છન્ન છે, અને અભિવ્યક્તિ માટે તેઓ અવસરની રાહ જોતાં રહે છે. બીજે પક્ષે ધ્વનિસૂત્રોનું ભાષાવિશિષ્ટ પર વર્ચસ્વ હોય છે, અને એ રીતે તે ખરેખરું અસ્તિત્વ ધરાવતાં હોય છે. પણ દરેક બાબતમાં તેઓ એકરૂપ ન રહેતાં બોલીએ બોલીએ બદલાતાં રહે છે. તેમને સ્થળકાળની મર્યાદા છે. પ્રાકૃતમાં સંસ્કૃત સ્વરમધ્યગત વ્યંજનોના સ્પર્શત્વનો ક્રમિક ઘસારા દ્વારા લોપ, અઘોષ વ્યંજનોનો ઘોષભાવ વગેરે આ પ્રકારના છે. બોલચાલનાં સ્ખલનોમાં જે ધ્વનિવ્યાપારો વ્યક્ત થાય છે તે સાર્વત્રિક ધ્વનિનિયમોની કોટિમાં આવે છે.

નિત્યની વાતચીતમાં થતાં સ્ખલનોની તપાસ બે વસ્તુ તરફ આપણું લક્ષ્ય ખેંચે છે. એક તો એ કે દેખીતી રીતે અતંત્રપણે થતી લાગતી આ ભૂલો વાસ્તવિક રીતે જોતા અમુક ચોક્કસ નિયમોને વશ વર્તીને જ થાય છે. બીજું એ કે વ્યત્યય વગેરે વિકારોનું આવું દેખાતું બાહુલ્ય આપણને વ્યત્યયમૂલક વગેરે શબ્દોનું ઘડતર સમજાવી શકે છે. જુદાજુદા લોકોથી વારંવાર કોઈ શબ્દના ઉચ્ચારણની બાબતમાં એવી એ ભૂલ થતાં, તે અશુદ્ધ રૂપ કે અપ-શબ્દ જ સમય જતાં શુદ્ધ તરીકે ચાલુ થઈ જાય છે.

નીચે આપેલાં ઉદાહરણો નિત્યની બોલચાલની ભાષામાંથી વીણીવીણીને એકઠાં કરેલાં છે, અને તેમાં સુશિક્ષિત, અર્ધશિક્ષિત ને અશિક્ષિત, તેમજ કિશોર, યુવાન ને વૃદ્ધ એમ શિક્ષણભેદ અને વયભેદનું પ્રતિનિધિત્વ ધરાવતી વ્યક્તિઓનો ફાળો છે એ વાત ઉદાહરણોનાં બહુરૂપી વિષયોપરથી પણ કેટલેક અંશે કળી શકાય તેમ છે. આવી ભૂલો અતિ સાધારણપણે દરરોજ થતી જોવામાં આવે છે. ઘણીવાર એમ પણ બને છે કે શબ્દ કે ઉક્તિનો અમુક ભાગ ખોટી રીતે વ્યક્ત થઈ ગયા પછી તરત જ, બોલનાર વ્યક્તિને ભાન થાય કે પોતે બોલવામાં ભૂલ કરી છે, અને પરિણામે તે એ આખોયે શબ્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ઉક્તિ સુધારી લે છે—અધબોલેલું છોડી દઈ વક્તવ્યને ફરીથી તે સાર્થ રૂપે રજૂ કરે છે. આવું હોય ત્યારે નીચેનાં ઉદાહરણોમાં એ અર્ધોક્તિનો બાકીનો અંશ ત્રૂટક રેખાથી દર્શાવાયો છે.

(૧) વ્ય ત્ય ય ('મૅટૅથીસીસ' metathesis)

અ. ધ્વનિવ્યત્યય.

કપડું > પકડું
ટીકા > કીટા
દાલદા > લાદલા
ધમ્માચકડી મચી > ધમ્માકચડી મચી
ધરપકડ > ધરકપડ
પંકજ મલીક > પંજક મલીક
રાધાકુમુદ મુકર્જી > રાધામુકુદ મુકર્જી
ફરજ > ફજર
મોરલી > મોલરી
રિયાસતી > રિસાયતી
લાભુ > ભાલુ
ગામદેવી > માગદેવી
વાતચીત > વાચ......
સરજુગ (લૌકિક = 'સતજુગ') > સરગુજ
'આસ્ક' (ask) > આક્સ
વત્સ > વસ્ત
'એક્સ્પેક્ટ' (expect) > એક્સેપ્ટ
'ગ્રાસ્પ' (grasp) > ગ્રાપ્સ
'જનરલ' (general) > જર્નલ
'વાસ્પ' (wasp) > વાપ્સ
ચમકીને બદલે લખાણમાં ચકમી
પડદોને બદલે લખાણમાં પદડો
ફૅમીલી (family) ને બદલે લખાણમાં ફૅલીમી (falimy)
બર્થા (Bertha) ને બદલે લખાણમાં બથ્રા (Bethra)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેનાં વ્યત્યયનાં ઉદાહરણો કાંઈ લખેલાને બદલે કાંઈ વાંચવાથી નીપજેલાં છે. આમાંયે ચલિત ધ્યાન કે દુર્નિરીક્ષણ જ કારણરૂપે છે :

માતલિ > માલતી
'મેકડફ' (Macduff) > મેડકફ } (ઓછા જાણીતાને સ્થાને વધારે જાણીતું)

લીયાકતઅલી > લીકાયતઅલી

ગર્દભ > ગદર્ભ
વિક્રમોર્વશીય > વિક્રમોવર્શીય } (રકારનો વ્યત્યય)
ન્યગ્રોધ > ન્યગોધ્ર

[આ જ પ્રકારનો વૃંદાવન > વ્રંદાવન > વંદ્રાવન ચાલુ વપરાય છે.]

આતંક > આંતક
અંત્યજ > અત્યંજ
પ્રિયંવદા > પ્રિયવંદા } (અનુનાસિકનો વ્યત્યય)
શકુંતલા > શંકુતલા
સળગંત > સળંગત

आ શબ્દાંશ-વ્યત્યય.

(૧) એક-શબ્દ-નિષ્ઠ

બાધાઆખડી > આધાબાખડી
ગોપગોવાળ > ગોળ......
'ચ્યાંગ-કાઈ-શેક' > ચ્યાંગ-શાઈ......
'ટીમોશેન્કો' > શીમોટેન્કો
'બૉલ-બૅટ' (ball-bat) > બૉટબૅલ
'બ્રેસ્ટ-ક્લૉથ' (breast-cloth) > બ્રેથક્લૉસ્ટ
'લીનલીથગો' > લીથલીનગો

(૨) અનેક-શબ્દ-નિષ્ઠ ('સ્પૂનરીઝમ્ઝ,' spoonerisms)

અન્તુ પટો આપી ગયો > પતુ અંટો......
કામ શું છે કાથાના ખાટલાનું ? > કામ શું છે ખાટાના કાથલાનું ?
ગોટો વાળ્યો > ગોળો વાટ્યો
છાશ ખાટી > ખાશ......
ટાંગો ભાંગી ગયો > ભાંગો ટાંગી ગયો.
તરભાણું ને પંચપાતર > પંચભાણું ને તરપાતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફવે, શરબત લેશો ? > શવે, ફરબત લેશો ?
નરીમાન સોરાબજી > સરીમાન......
પાછળનું કાઢો > કાછળ......
પાછો હઠી ગયો > પાઠો......
ભીંડા ને ટિંડોરા > ટીંડા ને ભિંડોરા
દારૂનાં માટલાં > મારૂનાં દાટલાં
गर्जन्ति केचिद् वृथा > वर्जन्ति के ......
सूत्रे मणिगणा इव > सूत्रे गणिमणा इव
Down with the war-dogs > down with the wag...

ઇ શબ્દ-વ્યત્યય.

કપડાંને સાબુ દેવો છે > સાબુને કપડાં દેવાં છે.
કેસ કોર્ટે જશે > કોર્ટ કેસે જશે.

થોડી ગાંસડી આ વાડીએ ને થોડી ગાંસડી પેલી વાડીએ > થોડી ગાંસડી આ વાડીએ ને થોડી વાડી પેલી ગાંસડીએ.

ભુરાભાઈને સોજા ચઢ્યા છે > સોજાભાઇને ભુરા ચડયા છે.
મોતીબાઈ, મેથી છે કે ? > મેથીબાઇ, મોતી છે કે ?
હું પગ પર માથું રાખીને બેઠી હતી > હું માથા પર પગ રાખીને બેઠી હતી.

[૨] સારૂપ્ય ('ઍસીમીલેશન,' assimilation)

કોશા વેશ્યા > કોશ્યા વેશ્યા
દૂધ કે છાશ ? > દુશ કે છાશ ?

પાન ખાવું નથી ('વરિયાળી ખાવી છે'ની અસર નીચે) > પાન ખાવી નથી.

'બૂક-પોસ્ટ' (book-post)નું 'રીસ્ક' (risk) શું કામ લેવું ? > બીક-પોસ્ટનું રીસ્ક શું કામ લેવું ? ('રીસ્ક'ના 'રી'ની અસર નીચે 'બૂ.'નું 'બી.')

બોલવામાં એવી ઘણી ભૂલ થાય છે > બોલવામાં એવી ઘણી ભીલ થાય છે.

('એવી'ને 'ઘણી'ના ઈકારની અસરથી 'ભૂ.'નું 'ભી.')
રાજાજીની આજીજી > રાજાજીની આજાજી
વીંટીનું ચિટ્ઠી એવું કેમ બોલાયું ? > વીંટીનું ચિઠ્ઠું એવું કેમ બોલાયું ?
('૦વું'ને '૦વું'ની અસર નીચે '૦ઠ્ઠી'નું '૦ઠ્ઠું')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्षीणें पुण्ये मर्त्यंलोके विशन्ति > क्षीण्ये पुण्ये मर्त्यंलोके विशन्ति

[પ્રાકૃતોમાં વ્યંજનસારૂપ્યનો નિયમ વગેરે આ ધ્વનિવલણ પ્રમાણે છે]

[૩] સ દ્વ નિ-લો પ ('હૅપ્લૉલૉજી,' haplology)

આ ઘટના પણુ સામાન્ય છે.

'વીસીસીટ્યુડ' (vicissitude)ને બદલે 'વીસીટ્યુડ'

'વ્યાખ્યાન'ને બદલે 'વ્યાખાન' (લખાણમાં)

[माउस्ससिआमांथी मावसिआ દ્વારા **'માસી,' દિન ના નાથ > દિનાનાથ, અંગગતનું અંગત,** આ વલણથી બે ધ્વનિઓમાંથી એકના લોપથી સધાયું છે]

[૪] સં ક રો ('બ્લૅન્ડ્‌ઝ,' blends)[૧]

અ શાબ્દિક

ફરીથી × ફરી વાર = ફરીથી વાર[૨]

મદોન્મત્ત × મદમસ્ત = મદોમસ્ત (લખાણમાં)

ગાંધીજી × (રાજાજી) = ગાંધાજી

(વાત–સંદર્ભ રાજાજીનો હતો)

ઝગી ઊઠે × સળગી ઊઠે = ઝળગી ઊઠે

ગળચી પકડી × હડપચી પકડી = ગળપચી પકડી (લખાણમાં)

શો હિસાબ × શી વિસાત = ('શી' ચૅકીને પછી) 'શો હિસાત ' (લખાણમાં)

શેણે ? × કેમ ? = શેમ ?

(સળગાવતાં) બે મિનિટનો 'પીરીયડ' (period) લાગશે > બે સ્પીરીટ...

('મિનિટ'ને બદલે, મનમાં રહેલાં 'સળગાવતાં' નો સકાર ને પાછળના 'પીરીયડ'ના 'પીરી' ગૂંચવાઈ જઈ 'સ્પીરીટ' બોલાઈ ગયું.)

'સેલર' (sailor) × ખારવો = સેરવો

---

૧. મેલવું × મૂકવું = મેકવું, પાંચીકા × ફૂકા = પાંચીફૂકા, ચપ્પુ × ચાકુ = ચકકુ, એ આ જ વ્યાપારના ફળરૂપ પ્રયોગો કેટલાંક જૂથોમાં પ્રચલિત થઈ ગયા છે.

૨. blunt = blind × stunt, slide = slip × glide, slender=slight × tender, twirl = twist × whirl વગેરે સંકરમૂલક શબ્દો અંગ્રેજીમાંથી યેસ્પર્સને (લૅન્ગ્વેજ, ૩૧૨–૧૩) નોંધ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

wish you best luck × wish you good luck = wish you bad luck.

(પહેલું કહેવાનો અરધો નિર્ણય કરતાંમાં જ, બીજી ઉક્તિ વધારે ઉચિત લાગી ને પરિણમ્યો બેનો સંકર.)

આ વા ક્ય ર ચ ના મૂ લ ક (' સીંટેક્ટીક, ' syntactic)

......આ વસ્તુ પ્રતિપાદિત થાય છે × આ વસ્તુનું પ્રતિપાદન થાય છે = આ વસ્તુ પ્રતિપાદન થાય છે.

ઉક્ત નવલકથામાં પાટણના દરવાજાનાં જે નામ આપ્યાં છે. × ઉક્ત નવલકથામાં પાટણના દરવાજાનાં જે નામ આવે છે. = ઉક્ત નવલકથામાં પાટણના દરવાજાનાં જે નામ આવ્યાં છે.

તેમનું શ્રી. સોમદેવ નામ હતું × તેમને શ્રી. સોમદેવ નામ આપ્યું = તેમનું શ્રી. સોમદેવ નામ આપ્યું.

અમે બે પૈસાની શીંગ ' ખાયા ' વિના રહેતા નથી × અમે બે પૈસાની શીંગ ખાવાનું ચૂકતા નથી = અમે બે પૈસાની શીંગ ખાયા વિના ચૂકતા નથી.

દૃષ્ટિપાત કર્યો × દૃષ્ટિ નાખી = દૃષ્ટિપાત નાખ્યો.

મેં કીધું × હું બોલ્યો = મેં બોલ્યો.

લાંબો વખત કરવું × લાંબા વખત સુધી કરવું = લાંબો વખત સુધી કરવું.

વરમાળા આરોપી × વરમાળાનું આરોપણ કર્યું = વરમાળા આરોપણ કરી.

[૫] અ ર્ધ દ ગ્ધ તા–મૂ લ ક અ પ પ્ર યો ગો (' મૅલપ્રોપીઝ્મ્ઝ, Malapropisms).

' તેમની વચ્ચે હમણાં ખટરાગ થયો છે, ' ને બદલે, ' તેમની વચ્ચે હમણાં અનુરાગ થયો છે. '

' તેઓ છેડાછેડી છોડવા ગયા છે, ' ને બદલે, ' તેઓ છૂટાછેડા કરવા ગયા છે. '

' તે કોમને લગતી કેટલીક પ્રકીર્ણ બાબતો પણ તેમાં નોંધાઈ છે, ' ને બદલે ' તે કોમને લગતી કેટલીક ઉત્કીર્ણ બાબતો પણ તેમાં નોંધાઈ છે. ' (લખાણમાં)

' ઍક્સ્કૅવેશન ' (excavation) ને બદલે ' ઍક્સ્કૅવેગેશન. '

' આર્ટિસ્ટીક ' [(artistic) ને બદલે ' આર્ટિફિશલ ' (artificial)

' પોટેન્શલી ' (potentially) ને બદલે ' પોટન્ટલી ' (potently)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેરબાન ડાક્ટર સાહેબ, **અભિનય** સાથ લખવાનું કે—('વિનય સાથ' ને બદલે) (લખાણમાં)

[૬] સંબદ્ધ શબ્દનો આદેશ ('સબ્સ્ટીટ્યુશન', substitution)

[કારણ: સહચારી વિચારનો બલાત્પ્રવેશ]

'કાનમાં આંગળી નાખી' ને બદલે 'આંખમાં આંગળી નાખી.'

'એ તો મહાભારતમાં કથા આવે છે,' ને બદલે, 'એ તો ભાગવતમાં કથા આવે છે.' (વાતસંદર્ભ ભાગવતનો)

'દુલા કાગનાં કાવ્યો'ને બદલે 'દુલા કાગનાં નાટકો.'

'વીંટીમાં નામ લખાવ્યું'ને બદલે 'ચિઠ્ઠીમાં નામ લખાવ્યું.'

'અનંતરાય મજામાં છે ને?' ને બદલે (અ૦ ના પિતા) ચંપકલાલ મજામાં છે ને?'

(પુત્રને બદલે પિતાનું નામ બોલાઈ ગયાનાં બીજાં પણ ઉદાહરણો).

પૂર્વ૦ પાંચમી 'કેસ' (case) લે છે કે ત્રીજી?' ને બદલે

'પૂર્વ૦ પાંચમી 'જેન્ડર' (gender) લે છે કે ત્રીજી?'

"તાકાત છે? 'કેસ'માં જવું પડશે" ('કોર્ટમાં'ને બદલે)

શરૂઆતમાં આપણે જોયું કે આ સ્ખલનોનાં માનસિક કારણ તરીકે ચલિત ધ્યાન, દુર્નિરીક્ષણ અથવા તો મનનો એક કરતાં વધારે વિચારકણો સાથે સમકાલીન સંપર્ક છે. પણ અર્વાચીન મનોવિશ્લેષણ–શાસ્ત્ર આ વાત સ્વીકારવા તૈયાર નથી. તે તો આમાં ઘણો ઊંડો અર્થ ભાળે છે. સીગ્મુંટ ફ્રોઇડ(Sigmund Freud) તેમના "મનોવિશ્લેષણ પર પ્રાવેશિક વ્યાખ્યાનો" (Introductory lectures to psychoanalysis; અંગ્રેજી ભાષાંતર, ૧૯૩૬નું મુદ્રણ) એ ગ્રંથમાં 'સ્ખલનોનું માનસશાસ્ત્ર' એ વિષયથી જ પોતાના પ્રતિપાદ્યનો આરંભ કરી ખાસ્સાં ત્રણ પ્રકરણ સુધી એ ચર્ચે છે. તેમનું વક્તવ્ય આ છે: વાતચીત, શ્રવણ, વાચન, લેખન, મુદ્રણ, સ્મરણ અને લેવા–મૂકવામાં થતી ભૂલોની બાબતમાં થાક, આવેશમયતા કે ધ્યાનાભાવ એ કારણો દેખાવપૂરતાં જ કારણો છે; ઊંડી તપાસ કરતાં જણાશે કે દરેક નહીં, તો ઘણીખરી ભૂલો પાછળ અમુક પ્રચ્છન્ન અર્થ રહેલો જ હોય છે. વાસ્તવમાં ભૂલો એ બે જુદાજુદા આશયોની અથડામણમાંથી જનમતી માનસિક ઘટનાઓ છે. અમુક વસ્તુ કહેવાના આશયને દબાવી દેવાને કારણે જ વાચિક ભૂલો કે જિહ્વાદોષો થતા હોય છે. જે આશય વ્યક્ત કરવો ઇષ્ટ ન લાગવાથી તેની અભિવ્યક્તિ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા દેવાનો આપણે—આપણા સંપ્રજ્ઞાત અને નિર્ણય કર્યો હોય, તે આશય સંપ્રજ્ઞાત ઇચ્છાની ઉપરવટ થઈ, બીજો કોઈ આશય વ્યક્ત થતો હોય ત્યારે તેમાં ફેરબદલો કરાવીને તેની સાથે મિશ્રિત થઈ જઈને, કે તેનું સ્થાન પોતે પચાવી પાડીને વ્યક્ત થઈ જાય છે. જિહ્વાદોષ વગેરે પાછળ આ પ્રકારની તંત્રરચના છે એમ ફ્રોઈટનું મંતવ્ય છે. અને તેણે આ વિચારો ચૂંટેલાં, સમુચિત ઉદાહરણોના સમર્થન અને તર્કબળના પરિપોષ સાથે રજૂ કરી તેમને બને તેટલા સ્વીકાર્ય બનાવવા પ્રયાસ કર્યો છે.

પણ ફ્રોઈટનાં બધાં મંતવ્યો ગળે ઊતરે તેવાં નથી. આપણે ઉપર ભૂલોના જે વર્ગ પાડ્યા છે તેમાંથી પહેલા પાંચ તો ચોકખેચોકખી ધ્વનિમૂલક ઘટનાઓ જ રજૂ કરે છે, અને ભાષામાત્રનો ઇતિહાસ આવાં ઉદાહરણોથી ભર્યો હોવાથી તેમાં આશય–આરોપણ કરવું યુક્તિયુક્ત લાગતું નથી. ધ્વનિપરિવર્તન થવાનું કારણ શ્રમની કરકસર જ છે, અને થાક કે અસ્વાસ્થ્યની સ્થિતિમાં આપણે વધારે સ્ખલનપ્રવણ હોઈએ છીએ એ હકીકત, તે સ્થિતિમાં ઓછો શ્રમ પડે તેવી રીતે બોલવાના સ્વાભાવિક વલણથી સમજાવી શકાય તેમ છે. તેવી જ ઉશ્કેરાટભરી મનોદશામાં ધ્યાનની અસ્થિરતાને જ લીધે ભૂલો થવાનો સંભવ વધી પડે છે. એટલે સ્ખલનોના મૂળમાં રહેલાં કારણો વિશેનું ફ્રોઈટનું મંતવ્ય છેલ્લા છઠ્ઠા વર્ગ પૂરતું જ સ્વીકારવા–લાયક લાગે છે. બાકીના વર્ગ નીચે આવતી ભૂલોમાંથી કોઈ કદીકને ઊંડા આશયને અવલંબીને ઉદ્‌ભવે, પણ ઘણુંખરું તો તેમને અર્થહીન સ્ખલનો જ ગણવાં જોઈએ.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંક્ષેપની પ્રક્રિયા

*

શ્રમની કરકસર—વક્તવ્યને બોધગમ્ય રાખવા અનિવાર્ય હોય તેટલો જ મૌખિક પ્રયાસ કરવાની વૃત્તિ—એ ભાષા પાછળ રહેલા માનસિક વ્યાપારોનું એક ઘણું અગત્યનું વલણ છે, અને ભાષાઓમાં પરિવર્તન લાવનારું એ એક પ્રચંડ બળ છે. તેના જે વિવિધ આવિર્ભાવો છે તેમાંનો એક તે સંક્ષેપની પ્રક્રિયા. જેમ અડધું વાક્ય બોલવાથી સરતા કામ માટે આપણે આખું વાક્ય વાપરતા નથી, તેમ બે શબ્દને બદલે એક જ શબ્દ, અને આખા શબ્દને બદલે માત્ર શબ્દાંશથી ચાલતું હોય તો ચલવવાની આપણી વૃત્તિ રહે છે. બોલનારના મુખભાવ, સ્વર, ચેષ્ટા (એક શબ્દમાં, અભિનય) તેમજ વ્યાવહારિક સંદર્ભ ને રૂઢિને આધારે, અવ્યક્ત રહેલા શબ્દોનો અર્થ સહેલાઈથી પૂરો પાડી શકાય છે. આથી વિશેષણ કે વિશેષ્ય, અથવા તો બે સમસ્ત શબ્દોમાંથી એક, અથવા તો શબ્દનો એક અંશ અધ્યાહૃત કે અનુક્ત રાખવાનું વલણ વધતે ઓછે અંશે દરેક ભાષામાં પ્રવર્તતું હોય છે.

આપણા પ્રાચીન મીમાંસકો અને નૈયાયિકોએ પણ આ વિષયમાં થોડોક વિચાર કરેલો છે. તેમને ભાષાશાસ્ત્રની જેમ આવા પ્રશ્નો સાથે સીધો સંબધ ન હતો. પણ પ્રમાણશાસ્ત્રને વાક્ય અને વાક્યાર્થનું કામ પડતું હોવાથી અનુક્ત કે અધ્યાહૃત વાક્ય અને વાક્યાર્થ વિશે પૂર્વ મીમાંસા અને ન્યાયમાં ચર્ચા થયેલી છે.

અપૂર્ણ વાક્ય અથવા વાક્યાર્થની શબ્દ અથવા અર્થ વડે જે પ્રમાણ દ્વારા પૂર્તિ કરાય છે તે પ્રમાણ યથાપ્રાપ્ત શ્રુતાર્થાપત્તિ (= શબ્દાધ્યહાર) કે દૃષ્ટાર્થાપત્તિ કહેવાય છે. નૈયાયિકો માત્ર શબ્દાધ્યાહારને અને પ્રાભાકર સંપ્રદાયના મીમાંસકો માત્ર દૃષ્ટાર્થાપત્તિને સ્વીકારે છે. 'બંધ કર' એમ કોઈ કહે એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદ સકર્મક હોવાથી કર્મની અપેક્ષા (આકાંક્ષા) વણપૂરાયેલી રહેતાં 'બારણું'એ અપેક્ષિત કે અનુક્ત શબ્દ શ્રુતાર્થાપત્તિ પ્રમાણ વડે સાંભળનાર વ્યક્તિ પૂરો પાડે છે.[1]

આવે પ્રસંગે જ્યાં અમુક શબ્દો અનુક્ત રહ્યા હોય ત્યાં આપણે તાત્કાલિક પરિસ્થિતિ કે સંદર્ભને આધારે બોલનારનું વક્તવ્ય સહેલાઈથી સમજી જઈએ છીએ. આ શબ્દલોપ કરતાં શબ્દાંશનો, સમસ્ત શબ્દના એક અવયવનો, અથવા તો વિશેષણ-વિશેષ્યની જોડીમાંથી એકનો લોપ આપણું વધારે ધ્યાન ખેંચે છે. **ફોટો(ગ્રાફ), એંગ્જામ(ઈનેશન), મૅથ(મૅટીક્)સ, મૅટ્રીક્(યુલેશન), (ટેલી)ફોન, (ઍરો)પ્લેન, યુની(વર્સીટી), ટી.બી (=ટ્યુબર્ક્યુલૉસીસ)** વગેરે અંગ્રેજી શબ્દો આધુનિક કેળવણી પામેલી ગુજરાતી જનતામાં છૂટથી વપરાય છે. **રમુ (=રમણીક), (સુ)શીલા, (કલ્પ)લતા, (હરગોવિંદ) દાસ, દમૂ (દક્ષિણામૂર્તિ), (જપ)માળા, (આગ)ગાડી, (વિદ્યાનો) અભ્યાસ,** વગેરે સો ટકા ગુજરાતી ઉદાહરણો પણ ટાંકી શકાય. આ સૌમાં શબ્દ પુષ્કળ વપરાશમાં હોઈ અતિપરિચિત લાગતાં, તેનો એક અંશ બોલાતાં જ સમગ્ર શબ્દ સમજાઈ જાય છે, તેથી અંશથી જ વ્યવહાર નભાવવાનું વલણ પ્રતીત થાય છે.

સૂત્રાત્મક સંક્ષેપ

આમાં આદ્ય વર્ણો સાથે મૂકીને એક કે વધારે શબ્દનું બનેલું લાંબું નામ સૂત્રાત્મક રીતે ટૂંકાવવાનું વલણ (જેમ કે, **'યુનો,' 'યુનેસ્કો,' 'યુ. એસ. એ.', 'બી. એ.'** વગેરે) મૂળે લિખિત ભાષામાંથી બોલચાલની ભાષામાં પ્રવેશ પામ્યું છે. સંસ્કૃતોત્થ ભાષાઓમાં વર્ણમાળા અક્ષરાત્મક ('સીલેબીક,' syllabic) હોવાને કારણે આ વલણ ખાસ વિકસિત થાય તેવું નથી. પણ અંગ્રેજીની અસર નીચે વ્યક્તિના કે કવચિત સંસ્થાના નામ માટે અને માનવાચકો માટે આપણે આ વલણ લેખનમાં અપનાવ્યું છે, અને ત્યાંથી કોઈ કોઈ સંક્ષેપ બોલચાલની ભાષામાં પણ પ્રવેશ્યો છે. ક(વિ) દ(લપતરામ) ડા(હ્યાભાઈ), બ(ળવંતરાય) ક(લ્યાણરાય) ઠા(કોર), ન(રસિંહરાવ) **ભો**(ળાનાથ **દી**(વેટીયા) વગેરે અર્ધશિષ્ટ પ્રયોગો પ્રચલિત છે. દ(ક્ષિણા) **મૂ**(ર્તિ) એ પણ

---

૧. यत्र त्वपरिपूर्णस्य वाक्यस्यान्वयसिद्धये ।

शब्दोऽध्याह्रियते तत्र श्रुतार्थापत्तिरिष्यते ॥ **માનમેયોદય, ૧૪૭.** 'સ્થૂળ દેવદત્ત દિવસે ખાતો નથી' એ વાક્ય 'દેવદત્ત રાત્રે ખાય છે' એવા જે અર્થની અપેક્ષા રાખે છે, તે દૃષ્ટાર્થાપત્તિ દ્વારા પૂરો પાડવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક વર્ગમાં એ સંસ્થાના ટૂંકા નામ લેખે વપરાતો. લેખનમાં **શા. બ., પૂ., સુ., ચિ., ગં. સ્વ., સ્વ., વિ. વ., સુ., લી.** (લિખિતંગ, લિખિતમ્) વગેરે વપરાય છે. તેમાંથી **શ્રી**(યુત, કે મતી), **શા**(જમાન) **શા**(જેશ્રી) બોલચાલમાં પણ આવ્યા છે. **સંસ્કૃતમાંથી** બે ઉદાહરણો મળે છે. વદિનું મૂળ સ્વરૂપ बदि એ લેખનમાં વપરાતા ब० दि० (बहुल–दिन° કે 'दिवस), પરથી તથા सुदि નું મૂળ સ્વરૂપ शुदि લેખનમાંના शु० दि० (शुक्ल–दिन, કે० दिवस) પરથી બન્યું છે. જૈનોમાં સાધુ માટે વપરાતો માનવાચક पंन्यास શબ્દ, લેખનમાંના पं० (पण्डित) અને न्यास ના સમાસથી થયેલો છે.

અન્ય પ્રકારો

આ પ્રકાર ઉપરાંત, શબ્દખંડન કે શબ્દાંશલોપ સમસ્ત શબ્દનો અવયવલોપ અને વિશેષણ–વિશેષ્યમાંથી એકનો લોપ એવા સંક્ષેપના બીજા પ્રકારો છે.[2] આ પ્રકારોને તપાસતાં જણાશે કે કેટલીક વાર શબ્દાંશલોપમાં શબ્દનો પૂર્વાંશ પ્રચારમાં રહી ઉત્તરાંશ લુપ્ત થાય છે, કેટલીક વાર એથી ઊલટું બને છે. તેજ પ્રમાણે વિશેષણ–વિશેષ્યની જોડીમાંથી વિશેષણ જ વપરાશમાં રાખવાનું પ્રબળ વલણ છે, તો સાથે માત્ર વિશેષ્ય પાસેથી જ એ જોડીનું કામ કઢાયું હોય એવાં ઉદાહરણો પણ મળે છે ખરાં. તેમ બે સમસ્ત સંજ્ઞામાંથી કોઈ વાર આગલી તો કોઈ વાર પાછલી જાળવી રાખવાનું વલણ પણ જોઈ શકાય છે. આથી આ સૌની પાછળ કોઈ વ્યવસ્થા છે કે નહિ— એટલે કે આવા પ્રકારમાં સંક્ષેપની પ્રક્રિયા કયા નિયમે પ્રવર્તે છે એ પ્રશ્ન આપણી તપાસને ખાસ નોતરે છે.

શબ્દાંશ–લોપ

પ્રથમ આપણે શબ્દનો કોઈ અંશ લુપ્ત થયો હોય તેવાં ઉદાહરણ લઈએ. અંગ્રેજીમાં આવાં પુષ્કળ ઉદાહરણો મળે છે, પણ આપણી ભાષાને આ વલણ પણ બહુ અનુકૂળ હોય તેમ લાગતું નથી. અંગ્રેજીમાં પણ **ફોટો–(ગ્રાફ), ટેલી(ફોન)**, વગેરે જેવા તો તેમના મૂળની દૃષ્ટિએ સમસ્ત શબ્દો છે, એટલે તેમનો લુપ્ત થતો અંશ એક અવયવ જેવો જ ગણાય. પણ **એગ્ઝામ, મૅટ્રીક**, ડૉક્(ટર) વગેરેમાં શબ્દના ઘડતરને લક્ષમાં રાખ્યા

---

૨. યેસ્પર્સને અંગ્રેજી વગેરેને લક્ષમાં રાખીને ખંડિત, કે સંક્ષિપ્ત શબ્દો વગેરેનું લેંગ્વેજ, ૧૦૮, ૧૬૯ પર પ્રતિપાદન કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના જ સંક્ષેપ થયો છે, એટલે એ બરાબર શબ્દાંશ-લોપનાં ઉદાહરણો છે. **બસ** ('ઓમ્નીબસ' omnibus), **મૉબ** ('મૉબાઈલ' mobile), **કૅબ** ('કૅબ્રીઓલેટ' cabriolet), જેવા તો એટલા રૂઢ છે કે એ સંક્ષેપો હોવાનો ખ્યાલ જ ન આવે. ગુજરાતીમાં **કબુડાં (કબૂતર)** જેવા રડ્યાખડ્યા અપવાદે આપણને માત્ર વિશેષ નામોમાં આ વલણ જોવા મળે છે. **રઘુ(નાથ), (કલ્પ)-લતા** વગેરે સમસ્ત જેવા ગણાય. **સુશી(લા), સુની(સુનયના)**, જેવા ખંડિત શબ્દનાં સાચાં ઉદાહરણ ગણાય. બીજાં ઉદાહરણોમાં સંક્ષિપ્ત રૂપને ઉ કે એવો બીજો કોઈ પ્રત્યય લાગે છે. આ રીતે **રામુ (રમણીક), ગીધો (ગિરધર), નબુ (નર્બદા, નર્મદા), પશુ (પરશોતમ), છોટમ (છોટાલાલ), જેઠમ (જેઠાલાલ)**, વગેરે થયા છે. આમાં મોટે ભાગે પૂર્વાંશ જળવાઈ રહે છે. **અંગ્રેજી** ઉદાહરણોમાં પણ જ્યાં સંક્ષેપ માટે ઉત્તરાંશનો લોપ કરતાં અવશિષ્ટ અંશ અર્થસંભ્રમ કરે તેવું હોય ત્યાં જ તે જળવાઈ રહ્યો છે. નહીં તો આગળ પડતું વલણ તો પૂર્વાંશને જાળવી રાખવાનું છે.

અંગ્રેજીમાં વિશેષનામના સંક્ષેપ માટે **યેસ્પર્સને** બતાવ્યું છે કે જ્યારે પૂર્વાંશ જળવાઈ રહે, ત્યારે સંક્ષેપ માટે મોટેરા કારણભૂત હોય, પણ ઉત્તરાંશ જળવાઈ રહ્યો હોય તેવાં નામો ઘડવામાં મુખ્યત્વે બાળભાષાનો જ ફાળો હોય કેમ કે બોલાતા શબ્દનો ઉત્તરાંશ જાળવી રાખવો એ બાળભાષાનું એક જાણીતું વલણ છે. પણ **(હરગોવિંદ)દાસ, (સુ)શીલા, (કલ્પ)લતા, (મૃણા)લિની, (ચંદ્ર)કળા** વગેરેમાં જ્યાં ઉત્તરાંશ જળવાઈ રહ્યો છે, ત્યાં એ શબ્દો બાળભાષામાંથી લેવામાં આવ્યા છે એમ આપણને નથી લાગતું. **(હરગોવિંદ)દાસ**માં લાઘવને કારણે, **(સુ)શીલા**માં **સુશી** કરતાં **શીલા** સંસ્કારી જેવું લાગે છે તેને કારણે **(સ્નેહ° કે કલ્પ°)લતા**માં પૂર્વાંશ પરથી લઘુ રૂપ ઘડવું ફાવે તેવું ન હોવાને કારણે, તો **(ચંદ્ર)કળા**માં ચાલુ **ચંદ્રા** કરતાં કાંઈક નવીનતર ઘડવાની ઇચ્છાને કારણે ઉત્તરાંશ જાળવી નવાં રૂપ ઘડાયાં છે. આમાં બાળભાષાનો કશો ફાળો નથી. सच्चा(= सच्चहामा सत्यभामा) અને खंडा(खंडवाणा, खण्डपाना) **પ્રાકૃત**માં પણ વિશેષ નામને સંક્ષિપ્ત કરવાના વલણનાં સૂચક છે.

અવયવ-લોપ

સંક્ષેપના આ પ્રકારનાં પણ ઉદાહરણો ખોળતાં મહેનત પડે છે. **(ભોંય)શીંગ, (વાલ)પાપડી, (વાજા)પેટી, (જપ)માળા, (આગ૦, મોટર૦, ઘોડા૦,** કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળદ)ગાડી, (**આગ**)**બોટ**, **અંગ્રેજી** '**મેચબૉક્સ**' match-box પરથી (**મેચ**)**બાક્સ**, એ પૂર્વાવયવ–લોપનાં ઉદાહરણો છે. ઐતિહાસિક દૃષ્ટિએ સં. (अङ्गार)शकटिका માંથી **સગડી** થયું તે પણ આ પ્રકારનું છે. **રેલ** (**ગાડી**) અને ઐતિહાસિક દૃષ્ટિએ **જાન** (सं जन्या + यात्रा, મભાઆ. (जण्णजत्ता, जन्नजत्त, जन्नत्ता, जन्ना) અને હિંદીમાંથી લીધેલ **મેના** (प्रा. मयणा, मयणसाला, मयणसलागा, सं. मदनसारिका) ઉત્તરાવયવ–લોપ માટે ટાંકી શકાય. અંગ્રેજીમાં (**પેન**)**હોલ્ડર**, **સ્ટ્રૉ**(**હેટ**), **રીટર્ન**(**ટીકિટ**), **ફ્લે** (**પાઈપ**), **રાઈફલ**(**ગન**), **બ્યુગલ**(**હૉર્ન**) વગેરે જાણીતા છે. વપરાશને લઈને રૂઢ થઈ જતાં આવા શબ્દો માટે (**બાળા, પેટી, રાઈફલ, બ્યુગલ** વગેરે) સંક્ષેપથી સધાયા હોવાની શંકા પણ નથી રહેતી.

શબ્દલોપ

સૂત્રસંજ્ઞા, શબ્દાંશલોપ કે અવયવલોપ કરતાં શબ્દલોપનું વલણ ગુજરાતીમાં બળવત્તર દેખાય છે. **છપ્પનિયો** (દુકાળ), **અડદિયો** (પાક) **દંડવત** (પ્રણામ), **શણુંગ** (દાળ), **તલધારી** (લાપશી), **લક્કડશી** (લાડુ) વગેરેમાં વિશેષણ–ભાવી શબ્દ——વિશેષ્યની અર્થમર્યાદા બાંધતું હોવાથી——જળવાઈ રહે છે, ને વિશેષ્ય અનુક્ત રહે છે. **ઓરમું** 'ઓરીને બનાવેલું (મિષ્ટાન્ન)' **ચૂરમું**, 'ચૂરીને બનાવેલું (મિષ્ટાન્ન)' **વેઢમી**, 'વીટો કરીને બનાવેલી (પોળી, રોટલી)' આ રીતે જ ઉદ્ભવ્યા હોય. **ચોખા** (<चोक्षा : तण्डुला :)ને **કઢી** (क्वथिता पेया)નો પણ એવો જ ઇતિહાસ હોય.

આ ઉપરાંત શબ્દલોપનો એક વિશિષ્ટ પ્રકાર ગુજરાતી, હિંદી વગેરેમાં પ્રચલિત છે. આમાં કેટલાક ચાલુ વપરાશનાં વાક્યોમાંથી મુખ્ય શબ્દને સ્થાને રહેલું નામ અતિ પરિચિત હોવાને કારણે અનુક્ત રહે છે, અને આથી ઉક્તિમાં પણ સૂચકતા, અને તેને લીધે સચોટતા અને નાવીન્ય સધાય છે—જો કે આવી લઢણો કે પ્રયોગો રૂઢ બની જતાં તેમની સૂચકતા અને સચોટતા ઘસાઈ જાય છે, અને કેટલીક બાબતમાં પ્રયોગ એટલે અંશે અશ્મીભૂત બની ગયો છે કે એકલું વિશેષણ જ નામ તરીકે ચલણી બની ગયું છે, અને છતાં વાપરનારને ગંધ પણ આવતી નથી કે પોતે સંક્ષિપ્ત પ્રયોગ કરે છે. ઉદાહરણો :

તેને હાડોહાડ—લાગી (વ્યાપી) ગઈ (**ક્રોધની આગ, રીસ**)
તેની તો મનની—મનમાં રહી ગઈ (**આશા, વાત**)
ચોરનારની ચાર—ને જોનારની બે (**આંખ**)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં તને બરોબરનો—લીધો (ઉધડો)
મેં તને બરાબરની—સુણાવી દીધી (ગાળ)
એ તો—પડશે તેવા દેવાશે (ઘા, ભાઠા)
ગરબડ કરી છે તો એક—ચોડી દઈશ (**થપાટ, લપાટ, થપ્પડ**)
તારી ભલી—થાય (**દશા**)
બહુ ભુંડી—થઈ (**દશા**)
હરી કરે તે—ખરી (**દશા**)
હવે તો થાય તે—ખરી (**દશા**)
ઓ ત્તારીતી—(**તારી માની દીકરી?**)
ઓ ત્તારી—(**ભલી-દશા-થાય**)
તને પાણીચું—મળ્યું (**નાળિયેર**)
તને ગડગડિયું—પરખાવ્યું (**નાળિયેર**)
તારું—છોલાવા (મુંડાવા) ગયો હતો? (**માથું**)
ખાય શું, ચોળવાની—? (રાખ)
કરો કંકુના—(**રૂપિયા, ચાંદલા**)
બંને વચ્ચે—લાગી (જામી)—(**લડાઈ, તકરાર**)
તેના તો બારે—બૂડ્યા (**વહાણ**)
ચોર્યાશી—ના ફેરા (**લાખ જન્મ**)
બાવન—ની બહાર (**અક્ષર**)

આવા પ્રયોગોમાંથી **ચોર્યાશી** (નાત), **દંડવત**[1] (પ્રણામ), **ચડતી** (દશા), **પડતી** (દશા), **ચડતીપડતી** (દશા) વગેરે સ્વતંત્ર શબ્દ તરીકે ચલણી થઈ ગયા છે.

---

૧. દડવત્ 'પ્રણામ'નાં અર્થમાં વાપરવા માટે ન્હાનાલાલની આ પ્રમાણે ટીકા થયેલી : તેમ જ "પાર્થે દંડવત્ કીધા" એમાં "દંડવત્"નો અર્થ તો "લાકડી પેઠ" એટલો જ થાય! લાકડી પેઠે શું કર્યું? "દંડવત્ પ્રણામ"ના અર્થમાં આ એકલો શબ્દ અભણ લોકો શબ્દાર્થના અજ્ઞાનથી વાપરે છે, પણ કવિને એવો પ્રયોગ કરવાને એક પણ કારણ નથી (વિ. ક. વૈદ્ય, સાહિત્યવિમર્શ, ૭૩–૭૪). પણ દરેક ભાષા આ રીતે ઘડાતી હોય છે, અને સામાન્ય જનતા જ તેને ઘડે છે, એટલે તે અભણ, અજ્ઞાન હોય તો પણ તેના પ્રયોગો જીવંત અને પ્રતિનિધિરૂપ લેખાય છે.

દંડવત શબ્દ કાઠિયાવાડમાં સામાન્ય પ્રચારમાં છે : જીવનનું પરોઢ (પ્રભુદાસ ગાંધી ૧૯૪૮)માં આરંભે અપાયેલા ગાંધીજીના ૨૬–૭–૧૯૦૮ના પત્રમાં સહી આ પ્રમાણે છે : 'લિ. મોહનદાસના દંડવત'. ઠઠ મડાપચ્ચીશીમાં દંડવત રૂપે તે મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સૌમાં કેટલીક વાર વિશેષણ પછી આવતું નામ તો કેટલીક વાર એવા ખાસ સંદર્ભ વિના એકલું આવતું નામ અનુક્ત રહ્યું છે.

ઉપર આપેલાં ઉદાહરણો પરથી જોઈ શકાશે કે કોઈમાં પૂર્વાંશ લુપ્ત થાય છે, કોઈમાં ઉત્તરાંશ. શબ્દાંશલોપના ઉદાહરણોમાં નિયમે કરીને પૂર્વાંશ જળવાઈ રહે છે, પણ અર્થસંભ્રમની શકયતા હોય કે નવીનતા સાધવાનો હેતુ હોય ત્યાં જ અપવાદ રૂપે પૂર્વાંશનો લોપ થાય છે. ને ઉત્તરાંશ જળવાઈ રહે છે. અવયવલોપના ઉદાહરણોમાં મૂળની વિશેષણ–વિશેષ્યની કે નામોની જોડીમાંથી નિયમ તરીકે વિશેષણ કે પૂર્વાવયવ—કે જે ઉત્તરાવયવના અર્થને વિશિષ્ટતા અર્પે છે, તેની મર્યાદા બાંધે છે—જળવાઈ રહે છે. વિશેષ્યના અર્થની, પ્રથમ સ્થાને રહેલા વિશેષણશબ્દથી મર્યાદા બંધાતી હોવાથી એ જ ખાસ અર્થવાહક બને છે, અને એકલું પ્રચલિત થઈ જાય છે. પાક તો અનેક હોય. 'મેં પાક ખાધો' કહેનારનો અર્થ સંદિગ્ધ રહે છે. 'પાક' એટલે 'કયો પાક'? એટલે 'અડદિયો પાક' એ જોડીમાંથી આગલો શબ્દ અનુક્ત રાખનારનો અર્થ અસ્પષ્ટ જ રહે. પણ 'મેં અડદિયો ખાધો' કહેતાં 'પાક' શબ્દ અનુક્ત રહેવા છતાં બોલનારનું વક્તવ્ય પૂરતું સ્પષ્ટ થઈ જાય છે. એવી જ રીતે અનેક દાળોમાં ખાસ એક 'શણગ' કે 'ત્રેવટી' અનેક મિષ્ટાન્નોમાંથી ખાસ એક ચૂરીને કરેલું (**ચૂરમું**) વગેરેમાં વિશેષણો અસંદિગ્ધપણે કહેનારનું વક્તવ્ય રજૂ કરતાં હોવાથી એકલાં ચલણી બની શકયાં છે. પણ જ્યાં પૂર્વાવયવ નામ હોય, અને સ્વતંત્રપણે વપરાતું હોય, ત્યાં તે સમગ્ર શબ્દનું સ્થાન લઈ ન શકે એ દેખીતું છે. '**દહીંવડાં**' માટે એકલું **વડાં** નભી શકે, પણ એકલું **દહીં** નહી. **ભોંયશીંગ** માટે **શીંગ** વપરાય, **ભોંય** નહી. **વાલપાપડી** માટે **પાપડી** વપરાય, પણ **વાલ**નો અર્થ જુદો થાય. **મેથીપાક** ને માટે 'મેથી ખાધી' એવું વપરાય છે, પણ ખાલી **મેથી**, કોણ ખાય? એ સામાન્ય સમજને લઈને અર્થ સ્પષ્ટ થઈ જાય છે. **અંગારશકટિકા**માંથી **શકટિકા**નું **સગડી** થઈ જળવાયું, **અંગાર** નહીં. **રેલગાડી** જેવામાં **રેલ**, **ગાડી** અને **રેલગાડી** ત્રણે વપરાય છે, તેમાં પરિસ્થિતિથી અર્થ સ્પષ્ટ થતો હોય ત્યાં **ગાડી** અને ચોક્કસાઈ આવશ્યક હોય ત્યાં **રેલ** વપરાય છે. **રેલ** પરદેશી શબ્દ હોઈ, તેનો સ્વતંત્ર અર્થ ન હોવાથી **રેલ**, **મોટર** વગેરે પણ વપરાય છે, પણ **ઘોડાગાડી** માટે એકલું **ઘોડા** નહી વાપરી શકાય. **ફોટોગ્રાફ** જેવાં **અંગ્રેજી** શબ્દ માટે **ફોટો** વાપરી શકાય છે, કારણ કે **ફોટો** શબ્દ સ્વતંત્ર રીતે 'પ્રકાશ'ના અર્થમાં **અંગ્રેજી**માં જાણીતો નથી.

આ પ્રમાણે ખંડિત શબ્દમાં નિયમ તરીકે પૂર્વાંશ જળવાતો હોય છે; વિશેષણ વિશેષ્યના સમાસમાં પણ પૂર્વાવયવ જળવાતો હોય છે; ને બે નામના સમાસમાં સંક્ષેપ થતાં ઉત્તરાવયવ જળવાતો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદૃશ્ય (ઍનૅલૉજી, ANALOGY)નું સ્વરૂપ*

★

ભાષાનું સંકુલ સ્વરૂપ

વાણી અને વિચાર વચ્ચે રહેલા સંબંધની તપાસ કરતાં એક વસ્તુ તરત જ આપણી નજરમાં આવશે કે આપણું ચિત્તંત્ર અસંખ્ય અને અનેકવિધ વ્યાપારો અને વૃત્તિઓના ભંડાર જેવું છે, જ્યારે જેની દ્વારા આ ચિત્તંત્રના વ્યાપારો વ્યક્ત કરવાના છે, તે ભાષા પાસે પ્રમાણમાં ઘણાં પરિમિત સાધનો હોય છે. આ અસમાનતાને પહોંચી વળવા માટે—મનોવ્યાપારોની સંકુલતા ઉચિતપણે વ્યક્ત કરવા માટે—સ્વાભાવિક રીતે જ ભાષાને પોતાનાં ઝીણાંમાં ઝીણાં તત્ત્વોનો પણ અર્થસૂચકપણે ઉપયોગ કરવો પડે છે. પરિણામે મનોવ્યાપારોમાં જે સંકુલતા રહેલી છે તે ભાષાકીય ઘટનાઓમાં પણ અમુક પ્રમાણમાં પ્રતિબિંબિત થાય છે. આ હકીકત બતાવે છે કે પહેલી નજરે પણ કંઈક અટપટી દેખાતી ભાષાકીય ઘટનાઓ તેમના ખરા સ્વરૂપમાં તો ખૂબ જ ગૂંચવણભરી હોવી જોઈએ, અને આપણે કોઈપણ ભાષાના અર્વાચીન સ્વરૂપને, ભાષાસામગ્રીનાં જુદી જુદી ભૂમિકામાં થયેલાં રૂપાંતરોની તુલના કરી, ઐતિહાસિક દૃષ્ટિએ છણીએ છીએ ત્યારે તો આપણને ભાષાના સ્વભાવમાં રહેલી આ સંકુલતાની પૂરી પિછાણ થાય છે. આથી આપણે સમજી શકીએ કે પ્રાચીન ભાષાઓના અભ્યાસીને આ દૃષ્ટિએ કેટલા જાગ્રત રહેવાની જરૂર છે. મૂળ ભાષાના બોલાતા સ્વરૂપના માત્ર ગણતર લિખિત અવશેષો સાથે તેને કામ કરવાનું હોય છે, અને આ અવશેષોની દરિદ્રતા, કોઈ પણ વર્તમાન બોલાતી ભાષાની અનર્ગળ સમૃદ્ધિની સરખામણીમાં તદ્દન ઉઘાડી છે. બીજી રીતે કહીએ તો, પ્રાચીન ભાષાના અભ્યાસીને ઝીણીમોટી અસંખ્ય ભાષાકીય ઘટનાઓથી ઊછળતા, જીવન્ત

---

* ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના ચૌદમા અધિવેશનના ભાષાશાસ્ત્ર વિભાગ માટે રજૂ કરાયેલો નિબંધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલચાલની ભાષાના મહાસાગરને બદલે લિપિના કાંઠાથી મર્યાદિત, મૃત વાઙ્મયિક ભાષાનું બંધિયાર ખાબોચિયું તપાસવાનું હોય છે. તેથી તેને આધારે તે જે નિર્ણયો બાંધે છે, તેમાં ખાસ સાવચેતીની જરૂર રહે છે.

ભાષાશાસ્ત્રમાં સાદૃશ્યના સિદ્ધાન્તનો પ્રવેશ

અને એક રીતે અર્વાચીન ભાષાશાસ્ત્રના ઇતિહાસમાં સાદૃશ્યના તત્ત્વની ઓળખ અને સ્વીકાર આ હકીકતની સાખ પૂરે છે. ઓગણીશમી સદીનો આરંભ એ અર્વાચીન ભાષાશાસ્ત્રીય અભ્યાસનો ઉષઃકાળ. ભાષાના સ્વભાવની હજી ઉપરછલ્લી જ પિછાન થઈ હતી. ભાષા પર અસર કરતાં બળોની હજી માત્ર થોડીથોડી ઝાંખી થઇ હતી સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લૅટીન, સેલ્ટી, ટ્યુટોની, સ્લાવોની વગેરેના તુલનાત્મક અને ઐતિહાસિક અભ્યાસને પરિણામે, ભાષાઓનું સ્વરૂપ બદલવામાં ધ્વનિ-વ્યાપારો કેવી રીતે પ્રવર્તે છે તેનો કંઇક ખ્યાલ આવ્યો હતો. અભ્યાસ વધતાં તેમના પરિબળની વધારે ને વધારે પિછાણ થતી ગઈ. પણ હજી જોઈતી ચોક્કસાઇનો અભાવ હતો. જેમ જેમ અભ્યાસનું ક્ષેત્ર વિસ્તરતું ગયું, બીજાં ભાષાકુલોનાં બંધારણ અને ઇતિહાસ તપાસાવા લાગ્યાં, તેમ તેમ, ફલિત થતા નિર્ણયોમાં પ્રથમ જે અસ્પષ્ટતા હતી તે દૂર થવા લાગી. બીજાં શાસ્ત્રોમાં જે ઝીણવટ અને ચોક્કસાઈ જરૂરી ગણાતી તેમનો ભાષાશાસ્ત્રીય અભ્યાસમાં પણ આગ્રહ રખાવા લાગ્યો. એક ભાષાની બે પૂર્વાપર ભૂમિકાઓની તપાસણીદ્વારા ધ્વનિઓમાં થયેલા વિકારોનો સમાવેશ કરતા જે ધ્વનિનિયમો તારવવામાં આવતા, તે પહેલાં તો 'સગવડિયા' કહી શકાય તેવા હતા; કેમ કે માત્ર મુખ્યમુખ્ય ઘટનાઓની સમાનતા ધ્યાનમાં લઈ તેમને આધારે અનુમાનો દોરતાં. જે કેટલીક ખૂંચતી હકીકતો આ નિયમોનો છડેચોક ભંગ કરતી દેખાતી તેમની તરફ નજીવા અપવાદો, અનિયમિતતાઓ તરીકે દુર્લક્ષ કરવામાં આવતું. પણ હવે તો આવા અપવાદોનેય આવરી લેતા બીજા પેટા-નિયમોની તપાસ કરવામાં આવતી. આમ ધ્વનિનિયમોની સાર્વત્રિકતા પર વધુ ને વધુ ભાર મૂકાતો ગયો. પરિણામે ઓગણીશમી સદીના છેલ્લા ચરણમાં "ધ્વનિનિયમો જાણે કે આંખો મીંચીને જ —અન્યનિરપેક્ષપણે—એક પ્રકારની અબાધિત અનિવાર્યતાથી પ્રવર્તે છે" એવો, ધ્વનિવ્યાપારોને અણઘટતું અતિમહત્ત્વ આપી દેતો અને તેથી અતિગણનાની કોટિમાં મૂકી શકાય તેવો વાદ ઊભો થયો. આનું એક અગત્યનું પરિણામ એ આવ્યું કે ધ્વનિનિયમોના અપવાદોને શાસ્ત્રીયપણે સમજાવવામાં સાદૃશ્યનું તત્ત્વ કેવું કામ કરી રહ્યું છે એ સ્પષ્ટ થતું ગયું; અને ભાષાના વિકારક બળોની થએલી તલસ્પર્શી તપાસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે ધ્વનિનિષ્ઠ બળોનો પણ ભાષાવિકાસમાં કેટલો અસામાન્ય ફાળો છે, એ લક્ષમાં આવ્યું. પહેલાં જેની આભાસી સાદશ્ય ('ફૉલ્સ ઍનૅલૉજી' false analogy) કહી કુત્સા કરાતી, જેની તરફ ધ્વનિનિયમોના વિરોધી અને અનિયમિતતાઓના ઉત્પાદક તરીકે કરડી નજરે જોવામાં આવતું, તે સાદશ્યનો સ્વભાવ ખરા રૂપમાં જણાતાં એ પ્રકારના ખ્યાલો દૂર થયા, અને ધ્વનિ-નિયમોના અગત્યના સહયોગી અને પૂરક તરીકે તેને ઉચિત સ્થાન અપાયું.

આથી ભાષાકીય અભ્યાસની પદ્ધતિમાં પણ દૂરગામી પરિવર્તન થયું. શરૂઆતમાં જ્યારે થોડા સીધાસાદા ધ્વનિનિયમોની અસર નીચે, ઉપરછલ્લી સમાનતાને અણઘટતું મહત્ત્વ આપી, ઝીણી ઝીણી વિગતોની કડાકૂટ કર્યા વિના ઝટ દઈને શબ્દોની વ્યુત્પત્તિ રજૂ કરવામાં આવતી, ત્યારે ભાષાદેહનો રૂપપલટો સમજાવવો એ રમતવાત લાગતી. એથી ઊલટું ધ્વનિનિયમોનું ધોરણ કડક થયું ત્યારે કેટલીક વાર તો એવી સ્થિતિ આવીને ઊભી રહેતી કે મૂળ નિયમને વશ વર્તતા શબ્દો કરતાં અપવાદો અને અનિયમિતતાઓ વધી પડે. સાદશ્યના સિદ્ધાંતે જ આવીને ઘટતી વ્યવસ્થા આણી અને સમજાવ્યું કે જેમ કેટલાક શબ્દો આડુંઅવળું પગલું ભર્યા વિના સરળ રસ્તે ઊતરી આવે છે, તેમ બીજા કેટલાક શબ્દો એવી અતર્ક્ય અટપટી ગલીકુંચીઓમાંથી પસાર થઈને આવે છે કે તેમની રખડપટ્ટીના પ્રેરક બળો તદ્દન અસમંજસ હોવાની આપણને ખાતરી થયા વિના ન રહે. વળી, સાથે એ પણ સ્પષ્ટ થયું કે શબ્દોને (અથવા તો બીજી ભાષાસામગ્રીને) તેમના વાતાવરણથી છૂટા પાડીને તેમનો ઇતિહાસ તપાસવો એ તદ્દન અશાસ્ત્રીય છે. કારણ, કોઈ પણ શબ્દનો ઇતિહાસ ઘડવામાં તેનાં ધ્વનિદેહ અને અર્થસામગ્રી સાથે એક યા બીજી દૃષ્ટિએ સાદશ્ય ધરાવતા શબ્દોનો ખૂબ જ અગત્યનો ફાળો હોય છે. આમ, ભાષાકીય ઘટનાઓના સંકુલ સ્વરૂપનો ખરેખરો ખ્યાલ સાદશ્યના તત્ત્વે જ આપ્યો. અહીં આપણે આ સાદશ્યના સ્વરૂપનાં કેટલાંક પાસાંની ઝાંખી કરીશું.

સાદૃશ્યનું સ્વરૂપ

સાદશ્યનું સ્વરૂપ પાઉલે આ પ્રમાણે સ્પષ્ટ કર્યું છે[૧]: "(૧) જનનીભાષા ભારત-યુરોપીય વિભક્તદશાને પામી તે પહેલાંના દૂરદૂરના કાળની

૧. મૂળ પાઉલ (Paul)ના "પ્રીંત્સીપીઅન દેર શ્પ્રાક્ગશીક્ત, Prinzipien der Sprachgeschichte" (૧૯૦૯) માંથી અંગ્રેજીમાં અનુવાદિત ટાંચણ: સ્વીટ (Sweet): કલેક્ટેડ પેપર્ઝ Collected Papers (૧૯૧૩) પા. ૧૧૨ ઉપર; યેસ્પર્સન (Jespersen): લૅંગ્વેજ, Language, ૯૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાભૂમિકામાં પણ પૂર્ણસ્વરૂપે તૈયાર થએલા શબ્દો જ હતા, નહિ કે છૂટક રૂપે રહેલા ધાતુઓ, અંગો ને પ્રત્યયો : અને એ શબ્દો જુદાજુદા અંશોની મેળવણીરૂપ છે, એવી વાપરનારને ગંધ પણ ન હતી—આ સાદી હકીકત કદી લક્ષબહાર ન જવી જોઈએ. અને બોલનાર બોલતી વેળા, સ્મૃતિમાં સંઘરેલા જે ભંડાર પર આધાર રાખે છે તે ભંડાર આવા પૂર્ણસ્વરૂપે તૈયાર શબ્દોનો બનેલો હોય છે: તેની પાસે કાંઈ છૂટક પ્રકૃતિ અને પ્રત્યયોનો જથ્થો નથી હોતો કે જેમાંથી તે તે પ્રસંગે જરૂરનું રૂપ તેમની (એટલે કે પ્રકૃતિ અને પ્રત્યયની) મેળવણીદ્વારા ઘડી કાઢે. (૨) આમાં એવું કહેવાનો આશય નથી કે બોલનાર જે જે રૂપ વાપરે છે તે દરેક તેનું સાંભળેલું અને સ્મૃતિસ્થ કરેલું હોય છે. એ વાત જ અસંભવિત છે. ઊલટું, તેણે કદી ન સાંભળ્યા હોય કે કાંઈ ખાસ ધ્યાન આપ્યું ન હોય તેવા વિભક્તિરૂપો, આખ્યાતિક રૂપો, વગેરે ઘડવાની પણ તેનામાં શક્તિ હોય છે. (૩) પણ આવું ઘડતર, તેના મગજમાં છૂટક પ્રકૃતિ ને પ્રત્યયોનું અસ્તિત્વ જ ન હોવાથી, તેમની મેળવણીદ્વારા કરવું અશક્ય, એટલે તેવા દરેક ઘડતર માટે, આસપાસની બીજી વ્યક્તિઓ પાસેથી પહેલેથી શીખી લીધેલા તૈયાર ઘડતરના શબ્દબીબાંનો જ આધાર લેવાતો હોય છે. એ પહેલેથી શીખી લીધેલા તૈયાર ઘડતરના શબ્દો મૂળ તો તેણે એક એક કરીને જાણ્યા પદાર્થો હોય છે અને (૪) પછીથી વ્યાકરણી ('કૅટેગરીજ઼ catagories) ને મળતી તેમની વર્ગણી કરી દીધી હોય છે; પણ પોતાની સ્મૃતિમાં રહેલી શબ્દમંડળીઓ વ્યાકરણના વિભાગોને મળતી આવે છે એવો તે શબ્દમંડળીઓની સ્વરૂપસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ ખાસ કેળવણી સિવાય આવતો નથી. આ પ્રકારની ટોળાબંધી—જુદા જુદા શબ્દોની અમુક સાદૃશ્યને આધારે કરેલી વિવિધ વર્ગણી—સ્મરણશક્તિને ઘણી સહાયક બને છે, એટલું જ નહિ, પણ તેને માટે એવા બીજા નવીન રૂપો ઘડવાનું સંભવિત બનાવે છે. 'સાદૃશ્ય' તરીકે જે સિદ્ધાંત જાણીતો છે તે આ જ."

આમ, દરેક બોલનાર બોલતો હોય છે ત્યારે સાદૃશ્યમૂલક રૂપો સતત સરજ્યે જતો હોય છે એ સ્પષ્ટ છે. તેથી [૧] પહેલાં સાંભળેલાં અને સ્મૃતિમાં સંઘરેલાં રૂપ, શબ્દ કે પ્રયોગનો વ્યવહાર કરવો—સ્મૃતદ્વારા પુનઃસર્જન અને [૨] જાણીતી ભાષાસામગ્રીને આધારે ન સાંભળેલો શબ્દ, રૂપ કે પ્રયોગ નવો ઘડી વાપરવો—સાહચર્યદ્વારા અભિનવ ઘડતર : આ બે સાદૃશ્યના અનિવાર્ય ઘટકો છે.

અને ઉચ્ચારણઅવયવો દ્વારા ભાષાનું ઉત્પાદન અને આ ઉત્પાદનના મૂળમાં પ્રવર્તી રહેલા માનસિક વ્યાપારો : એ બે વચ્ચેનો પરસ્પર સંબંધ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્ ભાષાનું માનસશાસ્ત્ર 'સાયકૉલૉજી ઑવ્ સ્પીચ' (psychology of speech)—જરા ધ્યાનપૂર્વક તપાસીએ તો આ સાદૃશ્યના તત્ત્વનું આવું સ્વરૂપ અને વર્ચસ્વ શા કારણોને લીધે છે તે આપણાથી સારી રીતે સમજી શકાય. પ્રથમ આપણે પાઉલના પૃથક્કરણે આપેલાં સૂત્રોનો જ વિસ્તાર કરવાનો છે, અને પછી તેને આધારે આગળ વિચાર કરીશું.

શબ્દઉત્પાદનના પૂર્વવ્યાપારો

શબ્દોનો ઉત્પાદનવ્યાપાર તપાસતાં બે અગત્યની ઘટનાઓ તરફ આપણું લક્ષ ખેંચાય છે. પ્રથમ તો જે શબ્દો આપણા ઉચ્ચારણવ્યાપારને લીધે વ્યક્ત થાય છે, તે શબ્દો કોઈ પણ જાતના પૂર્વસંબંધ વિના, તદ્દન અદ્ધરથી જ નવા સરજાઈને બહાર પડે છે, એવું નથી. સામાન્ય રીતે આપણી નાની વયથી આસપાસના સમાજમાં જે ભાષા પ્રચલિત હોય તેને આપણે આંતરિક અનુકરણ-શક્તિ દ્વારા સ્વભાષા તરીકે અપનાવતા આવીએ છીએ. જે જે શબ્દોના વપરાશથી આપણે જાણીતા થઈએ છીએ, તેમને આપણી સ્મૃતિમાં સંઘરીએ છીએ. સાંભળવામાં આવતા શબ્દોનાં બિંબ કે આકૃતિ ('વર્બલ ઈમેજ', verbal image) તેમની ધ્વનિસામગ્રી અને અર્થસામગ્રી સાથે આપણી સ્મૃતિ પર અંકિત થઈ જાય છે. એટલે આપણે વિચારોને વાણીદ્વારા વ્યક્ત કરવા હોય છે, ત્યારે સામાન્ય સંજોગોમાં શબ્દબિંબોના ભંડારમાંથી અનુકૂલ બિંબોની વીણણી કરી તેમને આપણે મૂર્ત સ્વરૂપ આપીએ છીએ.[૨]

શબ્દનું અનેકરંગી અર્થવર્તુળ

હવે આ શબ્દબિંબો કે શબ્દો આપણા મનમાં એકલાઅટૂલા નથી રહેતા. એક તો આપણે જે અનેકરંગી પ્રસંગો અને પરિસ્થિતિઓમાં અમુક શબ્દ વપરાતો જોયોજાણ્યો હોય છે, તે બધાંનો પાસ એ શબ્દને લાગે છે;

---

૨ જુઓ વાંદ્રયે (Vendryes): 'લેંઙ્ગ્વેજ' (Language), ૬૫ અને પછીનાં.

અર્વાચીન ભાષાશાસ્ત્રના આ વિચારોની ઝાંખી આપણે અઢી હજારથીયે વધારે વરસ પહેલાનાં ભારતવર્ષના ભાષાશાસ્ત્રીઓનાં લખાણોમાં કરી શકીએ છીએ. નિરુક્તકાર યાસ્ક (ઈસુપૂર્વ ૬ઠી–૭મી સદી) પોતાના કોઈ પૂર્વાચાર્ય ઔદુમ્બરાયણનો મત નોંધે છે: "વચન માત્ર (ઉચ્ચારણના) અવયવોમાં જ શાશ્વત છે એમ ઔદુમ્બરાયણ (માને છે)." એટલે કે ભાષાધ્વનિઓ ઉચ્ચારણઅવયવોથી છુટા પાડી શ્રવણેન્દ્રિયનો સ્પર્શ કરે અને અર્થબોધ થાય એટલા પૂરતા જ અસ્તિત્વમાં હોય છે, તેમની અંતઃકરણ ઉપર કોઈ શાશ્વત છાપ પડતી નથી. આ મત તે સમયથી જાણીતી થએલી શબ્દના નિત્યત્વ–અનિત્યત્વને લગતી ચર્ચાનો એક પક્ષ છે. શબ્દનું ખરું સ્વરૂપ શાશ્વત માનતો બીજો પક્ષ સમય જતાં વૈયાકરણોના સ્ફોટવાદ તરીકે પ્રસિદ્ધ થાય છે. વૈયાકરણોમાં પતંજલિ વગેરેએ, મીમાંસકોમાં જૈમિની વગેરેએ, અને આલંકારિકોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સૂક્ષ્મ અર્થોના ઝીણાજાડા તાંતણાઓનું જાળું શબ્દની ચોતરફ બંધાય જાય છે. એક દાખલો લઈએ. "બે માતા અને બાળક", "બાળબુદ્ધિ", "માનવી મૂળ તો પ્રકૃતિનું બાળક", "કુટુંબ જીવનની અને જાહેર જીવનની આટઆટલી જવાબદારીઓ સ્વીકારવા છતાં તેના હૃદયનો બાળકભાવ હજી જરા પણ ઓછો નથી થયો", "શ્રી. બાળકરામની સેવાની જોઈતી કદર હજી થઈ નથી", વગેરે પ્રયોગોમાંના **બાળક** શબ્દની વિવિધ અર્થસૂચકતા તે શબ્દનો ઉપયોગ કરનાર જાણતો હોય છે. ઉપરાંત તે શબ્દના અર્થની ચિત્રવિચિત્ર રંગોળીમાં વ્યક્તિગત અનુભવની પણ ભાત પડે છે. સૂતિકાગૃહની પરિચારિકા, અનાથાશ્રમનો સંચાલક, સંતતિનિયમનનો અભ્યાસક, કવિ, માતા, કેળવણીકાર એ સૌના **બાળક** શબ્દ સાથે જડાએલા સંસ્કારો કંઈક અંશે એકબીજાથી નિરાળા અને વિશિષ્ટ પ્રકારના હોય છે. વળી કોઈના જીવનમાં કોઈ બાળક સાથે એવો પ્રસંગ બન્યો હોય કે તેની સ્મૃતિની સાથે તે સદાને માટે જડાઈ ગયો હોય. તેવી વ્યક્તિને કાને **બાળક** શબ્દ પડતાં જ તેનો ભૂતકાળનો અનુભવ પાંગરી ઊઠે છે. એટલે તેના માનસે રચેલા **બાળક** શબ્દના અર્થવર્તુળમાં આ વિશિષ્ટ તત્ત્વનો પણ સમાસ થએલો હોય છે. દરેક શબ્દનું આ પ્રમાણે જ સમજવાનું.

શબ્દોર્મિઓની વાડાબંધી

પણ બીજું વધારે ધ્યાન ખેંચે તેવું તો એ છે કે આપણા ચિત્તપર છપાયેલા શબ્દો સમાજપ્રેમી માનવીની માફક પોતાના ધ્વનિ, રૂપ અને અર્થ સાથે થોડીઘણી સગાઈ ધરાવતા બીજા શબ્દો સાથે મળીને અલાયદી ટોળીઓ જમાવતા હોય છે.

લીધું, દીધું, પીધું, કીધું, ખાધું.
ચડવું, પડવું, લડવું, રડવું, દડવું, જડવું.

આનંદવર્ધન, મમ્મટ વગેરેએ આ વિષય સારી રીતે ચર્ચ્યો છે (જુઓ, લક્ષ્મણ, સરૂપકૃત નિરુકતનું અંગ્રેજી ભાષાન્તર પા. ૬ ઉપરના ઉલ્લેખો અને પા. ૨૦૩ ઉપરનાં ટાંચણ) એ ધ્યાનમાં રાખવા જેવું છે કે વૃત્તિકાર દુર્ગાચાર્ય (આ. ૧૩મી સદી) વર્ણદ્વારા વ્યક્ત થતો વિનાશી શબ્દ અને તેની બુદ્ધિ પર પડતી અવિનાશી છાપ એ બે વચ્ચે સ્પષ્ટપણે ભેદ પાડે છે. અને તેમને માટે અનુક્રમે 'શબ્દવ્યક્તિ' અને 'શબ્દાકૃતિ' (સરખાવો અંગ્રેજી સંજ્ઞા verbal image) એવી સંજ્ઞાઓ યોજે છે. પ્રાચીન ભારતના વિદ્વાનોના ભાષા વિશેના વિચારો (શબ્દની વૃત્તિઓ, અભિહિતાન્વયવાદ, અન્વિતાભિનવાદ, વગેરે) ની અર્વાચીન ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ મુલવણી લાભપ્રદ બને તેવી છે. કપિલદેવ દ્વિવેદીકૃત 'અર્થવિજ્ઞાન ઔર વ્યાકરણદર્શન' (૧૯૫૧), આ દિશામાં હમણાં કરાએલો એક સારો પ્રયાસ છે, પણ તેમાં પણ અર્વાચીન દૃષ્ટિનો પૂરતો ઉપયોગ નથી કરાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડસાચડસી, મારામારી, ગાળાગાળી, કાપાકાપી, મુક્કામુક્કી.
દેવ-દેવો, માણસ-માણસો, સમાજ-સમાજો, ગુલાબ-ગુલાબો.
ચડવું-ચડ-ચડાણ, ઊતરવું-ઊતર-ઊતરાણ માંડવું-માંડ-મંડાણ.

આમ સમાનરૂપ અને સમાનધ્વનિ શબ્દોની ટોળીઓ બંધાય છે. કોઈ વ્યક્તિએ અમુક રૂપ કદી ન સાંભળ્યું હોય છતાં બીજા તેવા સંબંધોને આધારે તે તેને તરત ઘડી કાઢે છે. દાખલા તરીકે કોઈએ **દીધું** એવું રૂપ **દેવું**ના ભૂતકાળ માટે યોજ્યું, તો કાં તો તેણે **દેવું**ના ભૂતકાળ તરીકે **દીધું** વપરાયેલો સાંભળ્યો હોય, તેનું બિંબ તેની સ્મૃતિમાં સંઘરાયું હોય અને આ પ્રસંગ આવતાં તેનો ઉપયોગ તેણે કર્યો હોય; (૨) કાં તો પહેલાં સાંભળેલું હોય છતાં તેની સ્મૃતિમાં એટલા ઝાંખા સ્વરૂપમાં રહ્યું હોય કે જો તેના મનમાં આ **દીધું** રૂપને સરખા સ્વરૂપવાળાં બીજાં રૂપો (**લેવું–લીધું** કે **પીવું–પીધું**, વગેરે)નો સહયોગ ન થયો હોત તો તેને આ પ્રસંગે **દેવું** પરથી **દીધું** યાદ કરવામાં કંઈપણ સહાય ન મળી હોત અને તો તેને ભૂલી જવાથી વાપરી શકયો ન હોત; (૩) અથવા તો વાપરનારે **દીધું** કદી સાંભળ્યો જ ન હોય. માત્ર **દે છે, દેશે, દેવું** વગેરે સાંભળ્યા હોય. પણ આ ઉપરાંત તેણે **લેવું–લીધું** : **પીવું–પીધું** : કહેવું–કીધું આ જાણીતા રૂપોની આવી વર્ગણી કરી રાખી હોવાથી, તેને આધારે તત્ક્ષણ **દેવું**ના સંબંધે **દીધું** ઘડી કાઢયું હોય. આમ આવી દરેક બાબતમાં સ્મૃતિ અને સર્જનલક્ષી તરંગ (ફેંસી, fancy)નો—સ્મૃતિદ્વારા પુનઃસર્જન અને સાહચર્યદ્વારા અભિનવ ઘડતરનો—કેટકેટલો ફાળો છે તેનો નિર્ણય કરવો ઘણીવાર મુશ્કેલ હોય છે.

આમાંથી એક સત્ય એ ફલિત થાય છે કે અમુક બોલાયેલા રૂપની વાસ્તવિક સ્વરૂપઓળખ માટે "ભાષામાં તે પ્રચલિત છે?" અથવા "વૈયાકરણોએ તારવેલા ભાષાના નિયમોની સાથે એની સંગતિ છે ખરી?" એવો પ્રશ્ન નહીં પણ "આ હમણાં વપરાયું તે રૂપ વાપરનારની સ્મૃતિમાં પહેલેથી જ હતું કે તેણે પહેલી જ વાર ઘડી કાઢયું છે, અને જો પહેલી જ વાર ઘડી કાઢયું હોય તો કયા સાદૃશ્યે?" એવો પ્રશ્ન પુછાવો જોઈએ. કારણ, વાસ્તવિક ભાષા માત્ર બોલનાર વ્યક્તિમાં જ જીવંતરૂપે રહે છે, અને શાસ્ત્રીય અન્વેષણમાં પણ ભાષાને બોલનાર વ્યક્તિથી છૂટી પાડી શકાય નહિ. વ્યાકરણ અને કોષમાં વ્યક્ત થતી ભાષાને—એટલે કે શકય હોય તેવા બધા શબ્દો અને રૂપોના સમૂહને—નગદ વાસ્તવિકતા ધરાવતી માની લેવી—એ માત્ર એક ભાવાત્મક અમૂર્તતા ('ઍબ્સ્ટ્રેક્શન', abstraction) છે એ વિસરી જવું—એ મોટી ભૂલ છે.[૩]

---

૩. યેસ્પર્સન, ઉક્ત ગ્રંથ, ૯૪–૯૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપતંત્રના પરિવર્તક બળ તરીકે સાદૃશ્ય

પણ આપણે વિષયાન્તર છોડી સાદૃશ્યના કાર્યક્ષેત્ર પર જ આવીએ. ભાષા સમય જતાં જે ભૂમિકાઓ બદલે છે, તેમાં ધ્વનિવ્યાપારોની સાથે સાદૃશ્યનું તત્ત્વ પણ પોતાનો પ્રભાવ પાડી રહ્યું હોય છે. રૂપતંત્ર ('મોર્ફોલોજી', morphology)ની કાયાપલટ મુખ્યત્વે સાદૃશ્યને આભારી હોય છે. વૈદિક સમયની બોલીઓના સંકુલ વ્યાકરણી બંધારણની સરખામણીમાં પ્રાકૃતોનું બંધારણ ઘણું સાદું છે; પ્રાકૃતોની સાથે સરખાવતાં અર્વાચીન ઉત્તર ભારતીય ભાષાઓ વ્યાકરણદૃષ્ટિએ વધારે સરળ ગણી શકાય તેવી છે. ભાષામાં વિપુલપણે વપરાતાં અંગોનાં રૂપોના સાદૃશ્યે તેથી જુદા પ્રકારનાં અંગોનાં રૂપ ઘડાય છે, ને તેથી અપવાદો, વિવિધતા અને વિશિષ્ટતા દૂર થઈ એકરૂપતા પ્રવર્તે છે. સંસ્કૃતના મૂળમાં રહેલા બોલચાલના ભાષાસ્વરૂપમાં નામિક અકારાન્ત અંગોના બાહુલ્યને લીધે ઇતર-સ્વરાન્ત અને વ્યંજનાન્ત અંગોનાં વધુ વપરાશમાં આવતાં રૂપો પણ અકારાન્ત અંગોનાં રૂપ પ્રમાણે થવાં લાગ્યાં. વિકરણ अ અને अय् લેતાં આખ્યાતોની મોટી સંખ્યાને લીધે, ગણભેદ લુપ્ત થવા લાગ્યા. કાળ અને અર્થ ઉપર પણ સાદૃશ્યનો પ્રભાવ પડ્યો અને રૂપતંત્રમાં પૃથક્કિયા–('ઍનૅલીસીસ,' analysis)નું તત્ત્વ વધ્યે જતાં ઉત્તરોત્તર સરળતા આવતી ગઈ: પ્રાચીન ભારતીય-આર્યમાંથી માધ્યમિક ભારતીય-આર્યનું અને તેમાંથી અર્વાચીન ભારતીય-આર્યનું રૂપતંત્ર આ રીતે વિકસ્યું. દરેક ભાષાના ઇતિહાસમાં સાદૃશ્યનો આવો પ્રભાવ નજરે પડે છે.

પ્રાસ અને અનુપ્રાસ

આપણે ઉપર જોયું તેમ એક શબ્દ બીજા અનેક શબ્દ સાથે વિવિધ સંબંધથી સંકળાએલો હોય છે. આથી એક શબ્દનો પ્રયોગ થતો હોય ત્યારે તેના કેટલાક સાથીઓ તેની પાછળ જ સ્મૃતિપટ પર તરી આવે છે. પ્રાસ અને અનુપ્રાસ પાછળ આવું ધ્વનિસાદૃશ્ય કામ કરી રહ્યું છે. આવું સાદૃશ્ય સ્મૃતિને જાળવી રાખવું બહુ સરળ પડે છે. એટલે તેના પ્રયોગનાં અનેક ઉદાહરણો આપણને મળી આવે. કાવ્યોના પ્રાસ, શાક્તોના પંચ મકાર ('માંસ', 'મત્સ્ય', 'મુદ્રા', 'મદિરા', 'મૈથુન') 'લાલ', 'બાલ' ને 'પાલ', સુરતના ત્રણ નન્ના, વગેરેમાં આ જોઈ શકાય.

કહેવતો

કંઠસ્થ રાખવાની હોવાને લીધે કહેવતોમાં તો ધ્વનિસાદૃશ્યનું તત્ત્વ ખૂબ ઉપયોગમાં લેવાયું છે. સામાન્ય લોકમાનસને પ્રાસ-અનુપ્રાસનો સારો શોખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, એ પણ આમાં વધારેના કારણ તરીકે ગણાવી શકાય. "શીરા માટે શ્રાવક થવું" એ કહેવતમાં શ્રાવકોમાં સામાન્ય વપરાશનાં અને તેથી તરત યાદ આવે તેવાં 'શીરા' ઉપરાંત બીજાં બેચાર મિષ્ટાન્નો હોય છે, છતાં **શીરો** જ કહેવત માટે યોગ્ય ગણાયાનું કારણ એટલું જ કે **શ્રાવક**ના શકાર સાથે અનુપ્રાસ સાધે તેવો **શીરો** જ છે. 'છોકરાંની ટાઢ બકરાં ચરી જાય' એમાં ઇતર પશુઓ કરતાં **બકરાં**ની પસંદગી થઈ તેની પાછળ બકરાંઓમાં ટાઢ ચરી જવાનો કોઈ ખાસ ગુણ છે એવું નથી, પણ બીજા કોઈ સામાન્ય રીતે જાણીતા પશુના નામ કરતાં **બકરાં**ના ધ્વનિ **છોકરાં** એ ધ્વનિસમૂહ સાથે બરાબર પ્રાસ મેળવવાનું કાર્ય સાધી શકે છે, એ જ કારણ છે. 'ભેંસ આગળ ભાગવત'માં બીજાં પ્રાણીઓ અને પુરાણો કરતાં **ભેંસ** અને **ભાગવત** કહેવતકારની દૃષ્ટિએ એટલા માટે ચઢિયાતાં છે કે તેઓ 'ભ-ભ'નો પ્રાસ આપી શકે છે. આવા અનેક દાખલા ટાંકી શકાય. એ દરેકમાં શબ્દપસંદગી પાછળનાં નિર્ણાયક ધોરણમાં ધ્વનિસાદૃશ્ય એ પ્રાથમિક અગત્યનું ધોરણ છે.

શબ્દશ્લેષ

પ્રાસ-અનુપ્રાસ ઉપરાંત શ્લેષ જેવા શબ્દાલંકારો પણ **સાદૃશ્યને** લીધે જ સંભવિત બને છે. પ્રસ્તુત વિષયને વ્યક્ત કરવાને યોજાયેલો શબ્દ જો ધ્વનિ, રૂપ કે અર્થના સાદૃશ્ય કે સાહચર્યથી બીજા કોઈ શબ્દ કે અર્થ સાથે સંકળાએલો ન હોય તો પ્રસ્તુત ઉપરાંત અપ્રસ્તુતનું સૂચન થવાનો સંભવ જ ન રહે અને પરિણામે ચમત્કૃતિ પણ ન ઊપજે. "શકુન્તલાવી"માં **શકુન્તલા**ના કેટલાક ધ્વનિ સાથે **શકુન્ત** એ ધ્વનિસમૂહનું સાદૃશ્ય હોવાથી જ 'શકુન્ત લાવી' ને 'શકુન્તલા આવી' આપણને સ્ફુરે. **ફરિયાદ** સાથે **ફરી** અને **યાદ** આપણા શબ્દબિંબોના ભંડારમાં વર્ગબંધુઓ તરીકે સંઘરાએલા હોય તો જ બે અર્થની શકયતા.

લૌકિક વ્યુત્પત્તિ

અને અહીં આપણે લૌકિક વ્યુત્પત્તિ ('ફોક ઇટીમોલોજી,' folk-etymology)ના પ્રદેશ પાસે આવી પહોંચીએ છીએ. જેમ શ્લેષના એક પ્રકાર સભંગ શ્લેષ ('શકુન્તલા'વી') માં એક જ ધ્વનિસમુદાયના જુદીજુદી બે રીતે કરાતા વિશ્લેષને અવલંબી જુદાજુદા બે અર્થ સૂચવાય છે, તેમ લૌકિક વ્યુત્પત્તિઓમાં અમુક શબ્દ કે સમાસના ખરા ઘડતરના અજ્ઞાનને લીધે ભળતી જ વ્યુત્પત્તિ આપવામાં આવે છે. અમુક શબ્દ, તેના વાસ્તવિક ઘટકોને બદલે સાદૃશ્યને આધારે કોઈ જુદા જ ઘટકોનો બનેલો લાગે છે, અને તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નવા કલ્પેલા ઘટકોના અર્થમાંથી મૂળ શબ્દનો અર્થ તાણીતૂશીને કાઢવામાં આવે છે. દરેક સમયની અને દરેક દેશની ભાષામાં આનાં ઉદાહરણો મળી આવશે. વૈદિક યુગની ભાષામાં આવાં પુષ્કળ ઉદાહરણો મળે છે. **અથર્વવેદની** યાતુવિદ્યા અને અભિચારને લગતી ક્રિયા માટે વપરાતા મંત્રોના શ્લિષ્ટ શબ્દોમાં લૌકિક વ્યુત્પત્તિની સ્પષ્ટ ગંધ આવે છે.[4] આ ઉપરાંત **બ્રાહ્મણગ્રંથો** તો આ પ્રકારના 'વ્યુત્પત્તિવેડા'થી ઉભરાય છે. અમુક યજ્ઞક્રિયામાં જે મંત્ર યોજાતો હોય તે મંત્રના પદોમાંથી મારીમચડીને પ્રસ્તુત પ્રસંગને અનુરૂપ અર્થ કાઢવામાં આવે છે: "આહુતિઓ" એ ખરેખર તો 'આહૂતિ'ઓ છે કારણ કે એમના વડે યજમાન દેવોનું 'આહ્વાન' કરે છે." (**ઐતરેય બ્રાહ્મણ**, ૧/૨). "કારણ કે હોતા 'આનું આવાહન કર, પેલાનું આવાહન કર' એમ યથાસ્થાન દેવતાઓનું 'આવાહન' કરાવે છે, તેથી તે 'હોતા' છે." (**ઐત૦ બ્રા૦**, ૧/૨). "કારણ કે (વેચાતા લીધેલા સોમનાં ચાલ્યાં ગયેલાં બળ અને વીર્ય) આઠ (अष्ट) ઋચાનું પઠન કરવાથી (પાછા) મેળવ્યા (अश्नुवत) તેથી अष्ट એ अष्ट કહેવાય છે." (**ઐત૦ બ્રા૦**, ૩/૧). આખા **બ્રાહ્મણ** સાહિત્યમાં આવી વ્યુત્પત્તિઓ વેરાયેલી છે. **યાસ્કનું निरुक्त** પણ આવી લૌકિક વ્યુત્પત્તિઓથી ભરપૂર છે. પછીના સાહિત્યમાં પણ લૌકિક વ્યુત્પત્તિઓનો તોટો નથી. नार-એટલે પાણી, તે જેનું अयन-(આશ્રયસ્થાન) છે તે नारायण-(**મનુસ્મૃતિ**, ૧/૧૦). "જેનું માંસ હું અહીં ખાઉં છું, મને (मां) તે (स) પરલોકમાં ખાશે' આજ માંસનું માંસ-પણું છે." (**મનુ૦** ૫/૫૫) **કુમારસંભવ**માં **કાલિદાસ** उ (પાદપૂરક) અને मा (નિષેધાર્થ) [='તપ કર નહિ'] એ બંનેના સંયોગ વડે હિમાલયની પુત્રી ઉમાનું નામ સાધે છે, તેમાં સોંઘી વ્યુત્પત્તિનો જ આશરો લેવાયો છે. **સંસ્કૃત** કાવ્યો અને નાટકો પરની ટીકાઓમાં આવી **સંખ્યાબંધ** વ્યુત્પત્તિઓ મળી આવે છે. **પ્રાકૃત કુમારપાલપ્રતિબોધ** (પા. ૨૧૯) **સંસ્કૃત** ब्राह्मणના પ્રાકૃત સ્વરૂપ माहणની વ્યુત્પત્તિ આપે છે કે मा એટલે 'નહિ' हण એટલે 'હિંસા કર'—તેથી હિંસા ન કરે તે ખરો माहण (બ્રાહ્મણ) છે. અને આ વ્યુત્પત્તિ મૂળ **વિમલસૂરિના** पउमचरियમાંથી છે. **ગુજરાતીમાં** પણ લૌકિક વ્યુત્પત્તિઓ શોધવા જવું પડે તેવું નથી. 'કલા'ને 'પી' ગયો તે **કલાપી**. 'ઉર' જે 'વસી' તે **ઉર્વશી**, **વાણિઆ** એટલે **વહાણિઆ** કારણ કે તે વહાણ ઉપર બેસીને આવ્યા. 'સૌને પ્યારી' તે **સોપારી**, 'બળતી હદ' તે

---

૪ જુઓ બ્લૂમફીલ્ડ (Bloomfield) 'હીમ્ઝ્ ઓવ્ ધ અથર્વવેદ', Hymns of the Atharveda) સૂક્ત ૪ ૩૬ ૭, ૫ ૧૩ ૫, ૫ ૧૮ ૮, ૬ ૮ ૫, ૭ ૧૨ ૩, વગેરે પરનું ટિપ્પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળદ, 'મદવાળો નર' તે **નરમદ**, 'બાને પાળે' તે **બાપા**, 'ભય ત્રીજો' એ **ભત્રીજો. માશી** એટલે '**મા શી**'–'મા જેવી'. 'તરમાં તર' તે **ભણતર.** વૈષ્ણવોમાં આ વ્યુત્પત્તિ જાણીતી છે: **કૃષ્ણાવળી** (=ડુંગળી) એટલે 'કૃષ્ણ' પાસેથી પાછી 'વળી'.[૫]

લોકકથા અને દેવકથા

આ ઉદાહરણોને ઝીણવટથી તપાસતાં એક વસ્તુ છૂપી નહિ રહે. આવી લૌકિક વ્યુત્પત્તિમાંથી કોઈ કોઈ વાર લોકકથાઓ કે દેવકથાઓ પણ ઘડી કાઢવામાં આવે છે.[૬] બ્રાહ્મણ ગ્રન્થોમાંથી આપેલા ઉદાહરણોમાં આ વધારે સ્પષ્ટપણે દેખાશે. **શચીપતિ** (='બળનો સ્વામી' ઇન્દ્ર) એ શબ્દમાંથી **શચી** (ઇન્દ્રાણી) આ રીતે જ ઘડાઈ[૬]. **સંસ્કૃત** કોશોમાં કુશીલવ– શબ્દ 'નટ' એ અર્થમાં આપ્યો છે. શબ્દની વ્યુત્પત્તિ ચર્ચાસ્પદ છે. આ શબ્દનો **રામાયણ**માં આવતા કુશ અને લવ સાથે બેશક સંબંધ છે. પણ કોઈ એમ માને છે કે કુશ અને **લવ, રામાયણમાં**, આવા પ્રકારના વીરચરિત કાવ્યના પહેલા પાઠક તરીકે રજૂ થયા છે, તેથી તેમને આધારે, થોડાઘણા અભિનય સહિત આખ્યાન કરનાર દરેકને માટે અને છેવટે નટ માટે, **કુશ** અને **લવ** જોડાઈ બનેલો **કુશીલવ** શબ્દ પ્રચલિત થયો. પણ મને બીજો મત[૭] ખરો લાગે છે. માણભટ કે ચારણને કંઈક મળતા સૂત અને માગધોમાંથી કોઈ વશિષ્ટ વર્ગને માટે મૂળ કુશીલવ શબ્દ પ્રચલિત હશે. પછીથી **રામાયણ** જ્યારે આદિકાવ્ય ગણવા લાગ્યું હોય ત્યારે કે તે પહેલાં આખ્યાનરૂપ કાવ્યના **સૌથી** પહેલા પાઠક તરીકે કુશીલવમાંથી કુશ અને લવ ઉપજાવી કાઢવામાં આવ્યા હોય. **રામાયણ**ના ઉત્તરકાંડની પ્રક્ષિપ્તતા અને કુશ અને **લવ**ના કૃત્રિમરીતે થએલા જન્મની કથા આ અનુમાનને ટેકો આપે છે. તેવી જ રીતે, **અથર્વવેદ**ના એક સૂક્ત (૧–૧૧–૩)માં પ્રસવના અધિષ્ઠાતા તરીકે **सूषन्** (સર૦√सू 'જન્મ આપવો') દેવનો ઉલ્લેખ છે. ખરી રીતે सूषन् જેવો કોઈ શબ્દ જ નથી; પણ પુષ્ટિના દેવ पूषन्‌ના ધ્વનિસાદૃશ્યથી એ સૂક્તકારે ક્ષણિક તરંગમાં सूषन् દેવ ઘડી કાઢેલો છે.

---

૫ કોઈ વેળા આમાં બુદ્ધિચાતુર્ય દેખાડવાનો પ્રયાસ પણ જોઈ શકાય. મેં ગીતાના એક શ્રદ્ધાળુ વાચક પાસેથી જાણેલું કે 'ગીતા' એટલે 'તાગી', 'તાગી' બરાબર 'ત્યાગી', એટલે કે ગીતા ત્યાગનો ઉપદેશ કરે છે, વાચન કરનારને ત્યાગી બનાવે છે!

૬. આ માટે જુઓ "દેવકથાસૃષ્ટિ : તેનાં સર્જક બળો, સર્જન અને વિકાસ", પ્રસ્થાન : અષાડ, ૧૯૯૬.

૭. સરખાવો મૅકડોનલ (Macdonell): સંસ્કૃત કોશ, કુશીલવ શબ્દ નીચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક લોકકથા કે દેવકથાના સર્જનમાં આદિ ઉદ્ભવસ્થાન તરીકે આવી છોકરમતિયા કે અસમંજસ લાગતી લૌકિક વ્યુત્પત્તિઓ હોય છે એ બીના ઘણી અચરજ પમાડે તેવી લાગે, પણ તેનાં કારણો તપાસતાં તેમાં નવાઈનું તત્ત્વ જરા પણ નહિ દેખાય. સામાન્ય જનતાનું માનસ હંમેશાં સરળતાપ્રેમી અને ધોકાપંથી વૃત્તિવાળું હોય છે. તેમાં તેને કંઈક કંઈક સાદૃશ્યને આધારે શબ્દબિંબોની ટોળાબંધી કરી દેવાની ખાસિયતનો આધાર મળે છે; એટલે જ્યારે તે શબ્દો પર વ્યાપૃત થાય છે ત્યારે તે લાકડે માંકડું વળગાડવા જેવું જ કરે છે. દેખીતી રીતે મોંમાથા વિનાના લાગતા ગમે તેવા બે શબ્દોને તોડી-ફોડી કંઈક નવું ઉપજાવે છે કે બે અર્થોનો ખીચડો કરે છે. અનુકૂળ સંજોગો મળતાં આવા શબ્દાંશો કે સંકરશબ્દો ભાષામાં સ્થાન પામે છે. આમાં કથા-સર્જક કલ્પનાનું બળ કામ કરી રહ્યું હોય તો માત્ર વ્યુત્પત્તિ આગળ ન અટકતાં લોકમાનસ કથાસર્જન સુધી પણ પહોંચી જાય છે.

ધ્વનિઓની ગરબડ

આથી શબ્દના ધ્વનિદેહમાં થતી ગરબડ કે તેના અર્થમાં ઊભા થતા ગૂંચવાડા પર પણ પ્રકાશ પડે છે. પરભાષાનો વિશિષ્ટ ધ્વનિરચનાવાળો શબ્દ કાને પડતાં આપણે તેને મળતા સ્વભાષાના કોઈ શબ્દ સાથે તેને જોડવા પ્રેરાઈએ છીએ. મુંબઈના ઉપનગર **વાંદરા**નું નામકરણ મૂળમાં ગમે તે પરથી થયું હોય પણ લોકમાનસે તેનો જાણીતા **વાંદરા** સાથે મેળ બેસાડી દીધો છે. **સાન્તાક્રુઝ** ને બદલે **શાન્તાપુરુષ** બોલાતું સાંભળવામાં આવ્યું છે. આમાં પરદેશી અર્થવિહીન લાગતા ધ્વનિસમુદાયને સ્થાને સાર્થ (સાર્થ એ રીતે કે **શાન્તા** શબ્દ ગુજરાતીમાં છે અને **પુરુષ** પણ ગુજરાતીમાં છે) શબ્દોનો સહઉપન્યાસ કરવામાં આવ્યો છે.

સાદૃશ્યમૂલક ધ્વનિવિકારની લાક્ષણિકતા

એ લક્ષમાં રહે કે આ ઉદાહરણો ધ્વનિસાદશ્યનાં છે. જ્યારે આગળ ટાંકેલાં ઘણાંખરાં રૂપસાદશ્યનાં હતાં. રૂપસાદશ્યને લીધે અમુક શબ્દ કોઈ વિશિષ્ટ રૂપ માટે પહેલાં અમુક પ્રત્યયો લેતો હોય, પણ પછીથી તેવા જ રૂપ માટે તેનાથી જુદા પ્રકારના પ્રત્યયો લેતા બીજા શબ્દસમૂહની અસર નીચે પોતાના પ્રત્યયોને બદલે તે શબ્દસમૂહને માટે વપરાતા પ્રત્યયો લેવા માંડે છે. જ્યારે ધ્વનિસાદશ્યને લીધે એક શબ્દના ધ્વનિઓમાંથી અમુકને સ્થાને, બીજા શબ્દોના ધ્વનિઓની અસર તળે બીજા જ ધ્વનિ ઘૂસી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શબ્દના ધ્વનિદેહમાં પલટો થવાનાં કારણોમાં ધ્વનિનિયમો અને સાદૃશ્ય બંને વચ્ચે જે સ્પષ્ટ ભેદ છે તે આ જ છે. ધ્વનિબળોની અસર નીચે થતા ફેરફારોમાં અમુક ધ્વનિની ઉત્તરોત્તર શ્રેણીદ્વારા કાયાપલટ થાય છે—ધ્વનિનો ક્રમબદ્ધ વિકાસ થાય છે; જ્યારે સાદૃશ્યમૂલક ધ્વનિપરિવર્તનમાં અમુક ધ્વનિનું સ્થાન બીજો જુદા પ્રકારનો ધ્વનિ સીધેસીધું જ લઈ લે છે. તેમાં નિયમિત વિકાસ નથી હોતો. તેમાં તો એકને સ્થાને બીજાનો આદેશ ('સબ્સ્ટીટ્યુશન,' substitution) જ થાય છે. દાખલો લઈએ તો **પ્રાચીન ભારતીય–આર્ય** સ્વરમધ્યગત અઘોષ સ્પર્શો **માધ્યમિક ભારતીય–આર્ય**માં લુપ્ત થાય છે, તે અઘોષ સ્પર્શ > ઘોષ સ્પર્શ > ઘર્ષ ('સ્પાયરંટ' spirant) > લોપ—એ ક્રમે જ; પણ **સાન્તાક્રુઝ > શાન્તાપુરુષ** એમાં જે કુ° ને સ્થાને પુ° આવે છે, તેમાં કોઈ અવાન્તર ધ્વનિભૂમિકાઓએ ભાગ ભજવ્યો નથી; કુ° ને સ્થાને સીધેસીધો જ પુ° મુકાયો છે. આથી એ પણ સ્પષ્ટ થશે કે ધ્વનિબળોની અસર નીચે થતા ફેરફારો, તે ધ્વનિ ધરાવતા ભાષાના બધાય શબ્દોને લાગુ પડે છે—એટલે કે આખુંય ધ્વનિતંત્ર તેમનું આલંબન હોય છે; જ્યારે સાદૃશ્યમૂલક ફેરફારો વ્યક્તિગત—અમુક એક શબ્દ પૂરતા જ મર્યાદિત હોય છે.

અર્થસંકર

અર્થગૂંચવાડાનાં મૂળ પણ આમાં જ રહેલા છે. સાદૃશ્યને આધારે અમુક શબ્દમાં મૂળથી ઘટક તરીકે ન હોય તેવા ધ્વનિસમૂહને ઘટક તરીકે કલ્પવામાં આવે, ત્યારે સ્વાભાવિક રીતે જ નવા કલ્પેલા ઘટકોનાં મૂળ અર્થ અને તે શબ્દના મૂળ અર્થ વચ્ચે મેળ બેસારવાના પ્રયત્નમાં, એક અથવા તો બન્ને અર્થવિકાર પામે, તો કોઈ વાર નવા શબ્દો જ ઘડી કાઢવામાં આવે. विधवा માં વિયુક્તિવાચક वि० આદિ ઘટક તરીકે રહેલો છે. એવો ભ્રમ પ્રચલિત થતાં, એ શબ્દ એકાત્મક હોવા છતાં वि + धवा એ રીતે એનો વિભાગ કરવામાં આવ્યો અને મૂળ શબ્દના અર્થને અવલંબીને **धव**– શબ્દ 'પતિ' એ અર્થમાં નવો ઘડી કાઢવામાં આવ્યો. આની અસર નીચે 'મધુનો વંશજ' તે **માધવ** (= કૃષ્ણ), આને બદલે मायाः धवः "લક્ષ્મીનો પતિ" (= 'વિષ્ણુ' એટલે પછી 'કૃષ્ણ') તે **માધવ** એવો વિગ્રહ કરવામાં આવ્યો. असुर– < अस्– + उर– ને બદલે નઞર્થક अ– અને सुर– નો બનેલો લાગે એટલે सुर– જેવો નવો શબ્દ જ ઘડાય. वट्– 'વડલો', **घाटिका, વાડ વાડી** વગેરેના મૂળમાં રહેલું √ वृ– 'ઘેરવું' નું કોઈ રૂપ वृत–> ભૂલાઈ જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

√વદ્-'ઘેરવું' એવો નવો ધાતુ જ કલ્પાય. વળી બોલાતી ભાષામાં સળંગ વાક્યો જ બોલાતાં હોવાથી, ખોટા શબ્દ વિભાગને લીધે અર્થગૂંચવાડો ઘણી વાર ઊભો થતો હોય છે; દેશી રાજ્યના એક રાજવી 'જર્મન કાઉન્ટ' ને બદલે 'જર્મનકા ઊંટ' સમજ્યાથી થએલી ધમાલ અહીં ઉદાહરી શકાય.

સાદૃશ્યનો કાર્યપ્રદેશ

આ પ્રમાણે શબ્દોનો ધ્વનિદેહ અને તેમનું અર્થવર્તુળ, ભાષાનું વ્યાકરણી બંધારણ કે રૂપતંત્ર, પ્રાસ, અનુપ્રાસ ને શ્લેષ જેવા શબ્દાલંકારો, કહેવતો, લૌકિક વ્યુત્પત્તિ, લોકકથા ને દેવકથા—આટલા વિશાળ ક્ષેત્ર પર સાદૃશ્યનું તત્ત્વ પોતાની કારીગરી ચલવતું હોય છે, અને એ હકીકત ભાષાશાસ્ત્રમાં તેનું સ્થાન પ્રથમ કોટીના અગત્યનાં તત્ત્વોમાં છે એ સ્પષ્ટપણે દેખાડી આપે છે.

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દોની ચડતીપડતી

★

પ્રાચીન ગુજરાતી સાથે અર્વાચીન ગુજરાતી સરખાવતાં, અથવા તો ગુજરાતી, હિંદી ઇત્યાદિની સાથે અપભ્રંશ, પ્રાકૃત કે સંસ્કૃતની તુલના કરતાં તરત જ જણાઈ આવશે કે અમુક વસ્તુ, ભાવ, ક્રિયા કે સંબંધનો વાચક એક ભૂમિકામાં અમુક શબ્દ હોય છે, જ્યારે પછીની ભૂમિકામાં તે તે વસ્તુ, ભાવ વગેરે વ્યક્ત કરવા, કેટલીક બાબતોમાં તો ધ્વનિપરિવર્તન પામીને પણ એનો એ જ શબ્દ પ્રચારમાં રહેલો હોય છે, પણ બીજી કેટલીક બાબતોમાં જુદો જ શબ્દ વપરાતો થયો હોય છે—જેમ કે સગપણના વાચક સંસ્કૃત मातृ–, भ्रातृ–, भगिनी–, वधू–, श्वशुर–, श्वश्रू–, जामातृ–, श्यालक–, मातृश्वसृ– વગેરે શબ્દો ગુજરાતીમાં **મા, ભા (ભાઈ), બહેન, વહુ, સસરો, સાસુ, જમાઈ, માશી** એ રૂપે જળવાઈ રહ્યા છે, તો બીજા पितृ–, पितामह–, पितृव्य–, मातुल–, पुत्र–, पितृश्वसृ– એ શબ્દોનું સ્થાન ગુજરાતીમાં **બાપા, દાદા, કાકા, મામા, દીકરો કે છોકરો, ફૂઈ** એમણે લીધું છે.

મ્હો (मुख–), **કાન** (कर्ण–), **આંખ** (अक्षि–), **જીભ** (जिह्वा), **દાંત** (दन्त–), **હોઠ** (ओष्ठ–), **હાથ** (हस्त–), **આંગળી** (अङ्गुलि), **અંગુઠો** (अङ्गुष्ठ–) સંસ્કૃત સંજ્ઞાઓને જ ધ્વનિભેદે જાળવી રાખે છે, પણ **નાક, ગાલ, લમણો, ડોળો, જડબું, હડપચી, અવાળુ, ડોક, વાંસો, ખભો, પહોંચો, કાંડું, ઘૂંટણ** કે **ગોઠણ, પગ** એ નવતર સંજ્ઞાઓ છે. પ્રાણીઓનાં નામ લઈએ તો **ગાય** (गौ–), **ભેંસ** (महिषी), **હાથી** (हस्तिन्–), **વાંદરો** (वानर–), **વાઘ** (व्याघ्र–), **કાગડો** (काक–), **પારેવું** (पारावत–), **મોર** (मयूर–), **ગીધ** (गृघ्र–) એ સ્વરૂપફેરે સંસ્કૃતમાં પ્રચલિત હતા તે જ શબ્દો છે, જ્યારે **બકરું, કૂતરું, ઘોડો, બળદ,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેટું, પોપટ, ચકલી, કાબર, ઢેલ એ શબ્દો નવા પ્રવેશેલા છે. **વાંકું** સં. वक्र–ને રજૂ કરે છે, પણ સંસ્કૃત ऋजु–નું સ્થાન **સીધું, પાંસરું, પાધરું** એ શબ્દોએ લીધું છે. **હિંદી** बांया, दाहिनामां સંસ્કૃત वाम– અને दक्षिण– સંચવાઈ રહ્યા છે, પણ ગુજરાતીએ **ડાબું**, ને **જમણું** એ જુદા જ શબ્દો અપનાવ્યા છે. શબ્દકોશના અનેક ક્ષેત્રોમાંથી આવાં મૂળની જાળવણી કે પ્રચાર-લોપનાં ઉદાહરણો ટાંકી શકાય. અને કોઈ પણ ભાષાની બે પૂર્વોત્તર ભૂમિકાની તુલના ભાષાના અભિધાનકોશમાં થતા રહેતા પરિવર્તનની સાક્ષી બની શકશે.

પરિવર્તનનાં કારણોની તપાસ

આવી તુલનાથી સુચવાતો પ્રશ્ન, અભિધેય એકનું એક રહેવા છતાં અભિધાન કેમ ફરી જાય છે—આ ઘટના પાછળ કયાં બળો, કયાં કારણો પ્રવર્તી રહ્યાં છે એની વિચારણા, ખૂબ રસપ્રદ નીવડે છે. આમાં, શબ્દોની કાયાપલટ કેમ થાય છે (भगिनी **બહેન**), કે તેમનો અર્થ કેમ બદલાઈ જાય છે (वाहन – **વહાણ**) એની તપાસ ઉદ્દિષ્ટ નથી. એ તો જાણીતાં ધ્વનિવલણો ને અર્થપરિવર્તનના નિયમોને આધારે સમજાવી શકાય. પણ મૂળનો શબ્દ કોઈ પણ રૂપે જળવાઈ ન રહેતાં તેનું સ્થાન તેનાથી સાવ જુદો જ શબ્દ (સં. उदर – પ્રા. उअर – ને સ્થાને ગુજ. **પેટ**, મરાઠી **પોટ**) શા માટે લે છે એ આ પ્રશ્નનો વિષય છે અને એની ટૂંકી ચર્ચા જ અત્રે પ્રસ્તુત છે.

તપાસની મર્યાદાઓ

ઉપરાંત, **ભારતીય** ભાષાઓને આધારે જ એવી ટૂંક ચર્ચા કરતાં તે પરત્વે એકબે મર્યાદાઓ સ્વીકારવી અનિવાર્ય થઈ પડે છે. **ભારતીય** ભાષાઓને અનુલક્ષીને ઉક્ત પ્રકારની કોઈ વ્યવસ્થિત ચર્ચા થઈ હોવાનું મારા ધ્યાનમાં નથી. આથી પ્રથમ પ્રયાસ કરનારને નડતી પ્રતિકૂળતાઓના અંગેની મર્યાદા તે પહેલી. બીજી મર્યાદા તે એ કે આપણે ત્યાં શુદ્ધ આલોચનાત્મક પદ્ધતિએ સંપાદિત થયેલા પ્રાચીન ગ્રંથો આંગળીને વેઢે ગણાય તેટલા, પરિણામે શતાબ્દીવાર કે ભૂમિકાવાર શબ્દકોશોનો કે ઐતિહાસિક દૃષ્ટિએ ભાષાન્વેષણમાં ઉપકારક થઈ પડે તેવા શબ્દકોશો (ફીલોલોજીકલ ડીક્ષનરીઝ, philological dictionaries) નો અભાવ, આવા સાધનના અભાવે કોઈકોઈક શબ્દોનો જ સળંગ જેવો ઇતિહાસ આપણને મુકાબલે સુલભ હોય, આને લઈને અમુક શબ્દના પ્રયોગલોપ પાછળ કયાં ચોક્કસ બળો કામ કરી રહ્યાં છે તેનો નિર્ણય કરવો કોઈક જ વાર શક્ય; ને એટલે અમુક પરિવર્તક બળની પ્રવૃત્તિ દેખાડવા માટે ઉચિત ને પૂરતી સંખ્યામાં ઉદાહરણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવાં મુશ્કેલ; આ કારણમાલા દ્વારા, હાથ પરના વિષયની ચર્ચાના સંબંધમાં રહેલી બીજી મર્યાદા નિર્દિષ્ટ થાય છે. એટલે પ્રસ્તુત પ્રયાસ મૂલવતાં આ બે મર્યાદાઓ ધ્યાનમાં લેવાશે એવી આશા છે.

સામાજિક પરિવર્તનની અસર

[क] પરભાષાની અસર

ભાષા એક સ્વતંત્રપણે અસ્તિત્વ ધરાવતી—'અનન્યપરતંત્ર' ઘટના નથી. વ્યક્તિનું ચિત્તંત્ર અને આસપાસનો સમાજ એ તેનાં આલંબન છે. એટલે આ આલંબનોમાં થતું પરિવર્તન સ્વાભાવિક રીતે જ ભાષામાં પણ પ્રતિબિંબિત થાય. નવી સંસ્કૃતિ કે નવા લોકોના સંપર્કમાં આવવાનું બને ત્યારે તે સંસ્કૃતિ જેટલા અંશે ચઢિયાતી લાગે ને તે લોકો જેટલા પ્રમાણમાં રાજકીય અને ધાર્મિક અગત્ય ધરાવતા હોય તેટલે અંશે ને તેટલા પ્રમાણમાં ભાષામાં શબ્દોનો પ્રવેશ-નિકાલ થાય છે. આ રીતે ૧૨મી સદીથી મુસ્લિમ અસર નીચે રાજ્યશાસન અને ધારાશાસ્ત્રને લગતી ફારસી-અરબી સંજ્ઞાઓનું તત્કાલીન ઉત્તર ભારતીય ભાષાઓમાં ભરણું થયું ને તે વિષયોને લગતી સંસ્કૃતમૂલક સંજ્ઞાઓ પ્રચારમાંથી નીકળી જવા લાગી—કેટલીક બાબતમાં મૂળનો ને નવતર બંને શબ્દો સાથે વપરાવા લાગ્યા. પણ ફારસીની રાજ્ય-પ્રતિષ્ઠા, આજે અંગ્રેજીની છે તેથી એક માત્રા વધે તેટલી હોવાથી ને બીજા ઐતિહાસિક સંજોગો અનુકૂળ હોવાથી, તેનો વ્યવહાર ને અભ્યાસ વધારે ને વધારે પ્રમાણમાં થતો ગયો. પરિણામે કેટલાક સાવ સામાન્ય વપરાશના—દેશભાષાઓના હાર્દ કે વ્યક્તિત્વ સાથે નિકટનો સંબંધ ધરાવતા—શબ્દોને પણ હાંકી કાઢી ફારસી-અરબી શબ્દોએ તેમનું સ્થાન લઈ લીધું. ગુજરાતીમાં પ્રવેશેલા આવા થોકબંધ ફારસી-અરબી શબ્દોમાંથી ઉદાહરણ લેખે નીચેના આપી શકાય (એ જ અર્થનો વાચક સંસ્કૃતભવ શબ્દ પણ સાથેસાથે—ચાલુ હોય ત્યાં બાજુમાં કૌંસમાં મૂક્યો છે.)

તરફ, બાજુ (પાસ), જુદું (નોખું, અલગ, અળગું), અંદર (માંહિ, મોઝાર, ભીતર). ખાસ, નક્કી, જરૂર, બાકી, બાદ, જરા (થોડું), ખૂબ (ઘણું, ઝાઝું), સિવાય (વિણ, વણ), તૈયાર, રોજ, હંમેશા, કાયમ જલદી (ઉતાવળે), બરાબર (ઠીક), ફક્ત (માત્ર), સાદું, ગંદું (મેલું), સહેલું, અસલ (જૂનું), બિચારો, ચાલાક, ગરમ (ઊનું), ગરીબ, મજૂર, મોદી, નોકર, ચાકર, મહેનત, દાણો, માલ, બજાર, કીંમત, ઉંમર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાનું, નગારું, રસ્તો, મોરી, ડાયરો, કુદરત, દરિયો, મહિનો, ગપ, બગલ, વખત (સમો, કાળ, વેળ, વાર), ચીજ, જણસ, જગ્યા (ઠેકાણું).

ફારસી–અરબી શબ્દોનાં ઉદાહરણો જેવા જ **ફીરંગી** (**પોર્ચ્યુગીઝ**) ભાષાની અસરનાં કેટલાંક, અને **અંગ્રેજી**ની અસરનાં તો ઢગલાબંધ ઉદાહરણો ટાંકી શકાય. પણ એ વિષય સ્વતંત્ર પ્રયાસ માંગી લે તેટલો વિસ્તૃત હોવાથી અહીં એકાદ બાબત પૂરતો ઉલ્લેખ કરવા સિવાય કશું વધારે કહી શકાય તેમ નથી. શહેરમાં વસતા ઘણાયે કેળવાયેલા શ્રીમંત કુટુંબોમાં **બા, બાપુજી** ને બદલે **મમ્મા, પપ્પા** સામાન્યપણે વપરાતા થઈ ગયા છે. તેમ જ નાના બાળક માટે **બચ્ચુ–બચલી, બબલો–બબલી, બકુડો–બકુડી** વગેરેને ઠેકાણે **બાબો** અને **બેબી** (મૂળ અંગ્રેજી baby ઉભયલિંગ પણ ગુજરાતીમાં ઈકારાન્ત સ્ત્રીલિંગ નામોની અસર નીચે **બેબી**=છોકરી) પ્રચલિત થયા છે. આમાં શાસક પ્રજાની સંસ્કૃતિ અત્રત્ય સંસ્કૃતિ કરતાં ઘણી બાબતોમાં ચડિયાતી લાગતાં તેની રહેણીકરણી ને ભાષાનાં અનુકરણનો આપણે ત્યાં જે જુવાળ આવેલો તેની નીચે **બા, બાપુજી, બચલી** વગેરે સામાન્ય, **મમ્મા, પપ્પા, બેબી** વધારે શિષ્ટતા ને સંસ્કારના પમરાટવાળા લાગતાં તે ચલણી થયા, ને અંગ્રેજી શિક્ષણ પામેલાની વાતચીતમાં 'આ મારાં **વાઈફ** છે,' '**હજબંડ** છે,' '**મધર**' છે,' '**ફાધર**' છે વગેરે સાધારણપણે સાંભળવા મળે છે. પણ રાષ્ટ્રીયતાના જુવાળની અસર નીચે આવા બધા શબ્દો એકાદ દસકામાં ભાષાનિકાલ થાય તો નવાઈ નહીં. ફેશન ને શિષ્ટ રહેણીકરણીનાં ધોરણ બદલાવા સાથે જ શબ્દજગતમાં મોટી ઉથલપાથલ મચી રહે છે.

પણ આવા સીધા શબ્દો ઉપાડવા ઉપરાંત એક બીજી પરોક્ષ રીતે પણ પરાયી ભાષા કે સંસ્કૃતિની અસર પડતી હોય છે. નવતર વિચારોના વાચક જે શબ્દો પરભાષામાં હોય તેમને મળતું આપણી ભાષામાં કશું ન હોય એટલે નવા શબ્દ ઘડાઈને (કે જૂના શબ્દો સાવ નવા જ અર્થમાં) ભાષામાં લેખકવર્ગ કે વિદ્વદ્વર્ગ તરફથી પ્રચલિત કરવામાં આવે છે. પારિભાષિક શબ્દોને બાદ રાખીએ તોપણ **અસ્મિતા** ('કૉન્સ્યસનેસ'), **પ્રાધ્યાપક** ('પ્રૉફેસર'), **પરિપત્ર** ('સર્ક્યુલર'), **સંસ્કૃતિ, સમાજ**, વગેરે અનેક આપણે ત્યાં પશ્ચિમના સંપર્ક પછી પ્રચારમાં આવ્યા છે. અને આ દિશામાં પ્રયોગો ચાલુ છે તે **ખેડાણ–કામ**[1] ('સ્પેડવર્ક'), **કેશવિચ્છેદ**[2] ('હેર–સ્પ્લીટીંગ'),

૧. અનંતરાય રાવળ, ગુજરાત સાહિત્ય સભાની ૧૯૪૭–૪૮ની કાર્યવહી, ગુડવાળીસનું ગ્રંથસ્થ વાઙ્મય, પા. ૭૮.

૨. વિશ્વનાથ ભટ્ટ, વિવેચનમુકુર, પા. ૨૫૯. 'કેશવિચ્છેદ જેવી ઝીણવટ',

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસક્રમ[3] ('ઑર્ડર ઑવ્ ધ્ ડે'), **ધૂળસુક્કા** ('ડ્રાય ઍજ્ ડસ્ટ'), **વિજયરાયનો વાસરિકા** ('ડાયરી'), ઠાકોરના **દિનકી** ('ડાયરી'), **દયથ** ('આયૂડીયા') **કિરટિકા** (રેડિયો–ફીચર), વગેરે વગેરે.

[ख] પ્રાંતિક બોલીઓની અસર

પણ બે ભાષા સંપર્કના પ્રભાવની વાત કરતાં કરતાં જ આપણે એક જ ભાષાના પેટાભેદો—બોલીભેદોની શબ્દોના ભાગ્ય પર પડતી મંગળ–અમંગળ છાયાની વાત પર આવી લાગ્યા. ભાષાના શિષ્ટમાન્ય શિક્ષિત વર્ગમાં પ્રચલિત સ્વરૂપ અને અશિક્ષિત વર્ગમાં પ્રચલિત સ્વરૂપની પરસ્પરના શબ્દકોશ પર થતી અસર પાછળ કામ કરી રહેલાં બળો તત્ત્વત: એક જ છે. અત્યારે આપણી સાહિત્યની ભાષામાં ફારસી મૂળના શબ્દો બને તેટલા ઓછા વાપરવાનું વલણ, ત્રણચાર દાયકા પહેલાં કેટલાંક ગુજરાતી સાહિત્યકારોમાં પ્રિય બનેલી સંસ્કૃતપ્રચુર શૈલી, ગાંધીજી અને ગુજરાત વિદ્યાપીઠની અસર નીચે, સરળતા અને લોકભોગ્યતા સાહિત્યનો ઊંચો ગુણ ગણાતાં સાદા, તળપદા શબ્દોને પ્રથમ પસંદગી આપવાનું વલણ વગેરે, શિષ્ટતાનું ધોરણ ફરતાં શબ્દોના ચલણમાં થતાં પરિવર્તનનો ખ્યાલ આપે છે. **માસ્તર** ને બદલે **શિક્ષક**, **ભણવું** ને બદલે **અભ્યાસ કરવો**, **રોવું** ને બદલે **રડવું**, **નિશાળ** ને બદલે **શાળા**, **ભણતર** ને બદલે **કેળવણી** વપરાવા લાગ્યા છે તે આ અમુક પ્રાંતની ભાષા શિષ્ટ ભેદોના ગણાતાં, તે જ ભાવને વ્યક્ત કરતા બીજા પ્રાંતિક શબ્દોનું સ્થાન લેતા હોવાનાં ઉદાહરણ છે. **ઝોળી–થેલી**, **કળશો–લોટો**, **માંડવી–શીંગ**, **રોવું–રડવું** વગેરે પણ ટાંકી શકાય. કેળવણીનું પ્રમાણ વધતાં કેટલાક પ્રાંતિક શબ્દો અદશ્ય થઈ જવાની શકયતા છે.

[ग] નિષિદ્ધ ('ટેબૂ' taboo) શબ્દો

કેટલીક ક્રિયાઓ, વસ્તુઓ ને બનાવોનું સ્વરૂપ જ અશિષ્ટ, અશ્લીલ કે સૂગવાળું ને તેમનો ઉલ્લેખ નિષિદ્ધ ગણાય છે. એટલે તે તે ભાવોના વાચક શબ્દો બીજા ભાવોના વાચક શબ્દોની સરખામણીમાં જલદી વપરાશમાંથી બાતલ થાય છે. મળમૂત્રના વાચક શબ્દો કે મળમૂત્રના ત્યાગની ક્રિયાના વાચક

---

૩. વિ. ક. વૈદ્ય, સાહિત્યદર્શન, પા. ૧૧૬ 'અને પ્રક્ષોભણો જ જ્યારે દિવસક્રમ બને;' પા. ૨૮૧ 'ધૂળસુક્કા પંડિતભાઈઓ;' અને પા. ૧૪૩ 'દૈવી અસંતોષ' ('ડીવાઇન ડીસ્કંટેંટ') એ પ્રયોગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો પ્રાંતે પ્રાંતે જુદાજુદા અને ભૂમિકાએ ભૂમિકાએ બદલાતા હોવાનું જોઈ શકાય છે. મરણ અમંગળ ગણાતું હોવાથી 'મરણ પામવું' એ ભાવ સૂચવવા ભાતભાતના શબ્દો વપરાય છે. અને આમાંથી કેટલાક ચાટૂક્તિ—'યુફેમીઝ્મ' euphemism—એટલે કે શબ્દનિષેધનું શિષ્ટ કે સંસ્કારી સ્વરૂપ—નાં ઉદાહરણ પણ પૂરાં પાડે છે, જેમ કે **ગુજરી ગયા, સ્વર્ગસ્થ, કૈલાસવાસી** કે **લીલે વસ્તર થયા, સ્વધામ પહોંચ્યા, શ્રીચરણ પામ્યા, ગૌલોક પામ્યા,** અને ધાર્મિકતા ઘટતી જતાં : **વિદેહ થયા, ગત થયા** વગેરે. તેજ રીતે **વિધવાને** બદલે **ગંગાસ્વરૂપ, આંધળુંને** બદલે **પ્રજ્ઞાચક્ષુ. સાપના** ભયને લીધે તેનું નામ લેવું પણ નિષિદ્ધ ગણાતાં ગામડામાં રાત્રે સાપ નીકળે ત્યારે તેનો ઉલ્લેખ **મોટો જીવ** એ શબ્દ વાપરીને કરાય છે. પ્રાકૃતમાં 'રીંછ'ના વાચક સંસ્કૃત **ऋक्ष**માંથી આવેલા अच्छ- શબ્દ ઉપરાંત પ્રાકૃતમાં भल्ल- શબ્દ પણ છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ भल्लનો સંબંધ भद्र- સાથે છે. એટલે **સાપને મોટો જીવ** કહેવામાં જે ચાટૂક્તિ રહેલી છે તેજ '**રીંછ**' ને '**ભદ્ર**' કહેવા પાછળ રહેલી છે. **અપભ્રંશ** दूणाम (= दुर्नाम 'દુષ્ટ નામ વાળી') 'ડાકણ' સહેજ જુદા પ્રકારનું ઉદાહરણ છે. રોગ અને શારીરિક ખોડનો પણ અમંગળમાં સમાવેશ થાય છે. આ જ કારણે **તાવ આવ્યો** ને બદલે **કળતર આવ્યું** કે **તોતડો** છે ને બદલે **જીભ ઝલાય** છે વપરાય છે, અને **તોતળું, તોતડું, બોડું, ગૂંગુ, બોબડું, ફાંગું, ફૂંડું, લૂલું, લંગડું, ટાંચ્ય, ઠુંઠું, બાંડું, બૂચું, ચીબું, બોખું, ટાલિયું, બોડકું, બૂંઠું, ઠીંગણું** વગેરે મોટે ભાગે દેશ્ય મૂળના શબ્દો અર્વાચીન ભાષાઓમાં પ્રચલિત થયા છે તે, શારીરિક ખોડને પ્રચલિત કરતાં જુદા શબ્દથી વ્યક્ત કરવાના વલણને આભારી હોય એ સંભવિત છે; જો કે આ વિધાન ખાતરીથી તોજ કરી શકાય જો આ શબ્દોનો સળંગ ઈતિહાસ આપણી જાણમાં આવે. પણ આની પાછળ જે સિદ્ધાંત કામ કરી રહ્યો છે તે એ કે અશિષ્ટ કે આઘાતજનક લાગતા શબ્દ પરભાષામાંથી લઈ વાપરતાં એ આઘાત કે અશિષ્ટતાની લાગણી ઓછી થાય છે. એટલે જ આપણે **પ્રેગ્નંસી** (pregnancy) **ડીલીવરી** (delivery) **પીરીયડ્ઝ** (periods) **મંથલી કોર્સ** (monthly course) (એ પણ વધારે પડતું 'ઉઘાડું' લાગતાં 'એમ· સી'.), **સાયકલ** (cycle) વગેરે વપરાતા જોઈએ છીએ. શહેરી જનતા **ઘાઘરો** શબ્દ ગ્રામ્ય ગણે છે, ને **ચણિયો** વાપરે છે. બંનેમાં વધારે જૂનો પહેલો છે, કેમકે હેમચંદ્ર પોતાના **દેશીકોશ**માં घग्घर શબ્દ जघनवस्त्रभेदના અર્થમાં નોંધે છે, ને હિંદીમાં **घघरा** શબ્દ છે, જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરણિયો ચરણ+ઈયો એમ નવા ઘડતરના **ચરણિયો**='ચરણ પર પહેરાતું વસ્ત્ર' પરથી આવેલો છે.

બોલનારના ચિત્તમાં થતા પરિવર્તનની અસર

અહીં સુધી આપણે ભાષાના એક આલંબન સમાજમાં થતાં પરિવર્તનોને લઈને પરિણમતા શબ્દોના અસ્તોદયનો કાંઈક પરિચય મેળવ્યો. આ વિષયમાં ભાષાના બીજા આલંબન બોલનારના ચિત્તતંત્રનો કેટલો ફાળો છે તે હવે તપાસીએ.

આ જાતની અસર બે પ્રકારનાં પરિવર્તનને અવલંબીને થાય છે. શબ્દના ધ્વનિદેહમાં થતા કેટલાક ફેરફારને લીધે તે શબ્દ વપરાશમાંથી નીકળી જવાની પરિસ્થિતિ ઊભી થાય છે, અથવા શબ્દનો અર્થ પલટાવાથી તેના મૂળના અર્થના વાચક તરીકે નવી સંજ્ઞાનો ઉદય થાય છે.

(क) ધ્વનિમૂલક પરિવર્તનની અસર—ક્રમિક ધ્વનિપરિવર્તન

ભાષાધ્વનિઓમાં સૂક્ષ્મ પરિવર્તન સતત થતું રહે છે. આથી શબ્દનો ધ્વનિદેહ ક્રમેક્રમે ઘસાતો જાય છે. કેટલીક વાર એવું બને કે ઘસાતાં ઘસાતાં શબ્દનો એટલો ટૂંકો કે અસ્પષ્ટાકૃતિ અંશ અવશિષ્ટ રહ્યો હોય કે બોલનારને નવો શબ્દ અપનાવવાની ફરજ પડે. સંભવ છે કે उदकનું પ્રાકૃતમાં उअअ થયું ને પછી તેનું उउँ કે એવું કોઈક સ્વરૂપ થવા જાય, જે ઉચ્ચારણની દૃષ્ટિએ કઠિન વાક્યસંદર્ભમાં દુર્બોધ જણાતાં લુપ્ત થઈ, पानीय=पाणी ને સ્થાન મળ્યું હોય. જો કે ભાષા અતિસંક્ષેપના નિવારણ માટેયે ઉપાય યોજતી હોય છે. અપભ્રંશ-સમયથી છૂટે હાથે વપરાતા થયેલા -ड, ल વગેરે સ્વાર્થિક પ્રત્યયો ધ્વનિઘસારાથી ખૂબ ટૂંકા—એકાક્ષરી જેવા થઈ ગયેલા શબ્દોના ધ્વનિદેહનો વિસ્તાર સાધી આપવાનું કામ કરે છે. मुख પરથી म्हों કે मों થયું. પણ સાથે ड- ભળી સધાયેલું મોઢું પણ વપરાતું થયું. शुकનું सू- થઈને ઊભું રહે એવી ભીતિ ઊભી થતાં -डउ તેને લાગી ગયો ને અક્ષરમૂલ્યે મૂળ જેટલો જ सूडो સિદ્ધ થયો. स्तोकનું थो- થતાંમાં જ, -डउ ભળી **થોડું** થયો. આનો અર્થ એ નથી કે ગુજરાતી એકાક્ષરી શબ્દો નથી સહેતી; માત્ર એક સ્વરની મૂડી હોય એવા પણ ઘણા શબ્દો ગુજરાતીને જાણીતા છે. પણ જે શબ્દો એકાક્ષરી બનતાં દુર્બોધતાની કે ઉચ્ચારણને લગતી કશી મુશ્કેલી ઊભી થવાની શક્યતા હોય તેવા શબ્દો કાંતો વપરાશમાંથી ખરી પડે અથવા તો નવી ધ્વનિસામગ્રી આત્મસાત કરી પુષ્ટ બને. અહીં ટાંકેલાં ઉદાહરણો અટકળિયાં સમજવાનાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘસારાને લીધે કોઈવાર મૂળે અંશતઃ જુદા ધ્વનિ ધરાવતા શબ્દો તદ્દન સરખા ધ્વનિદેહવાળા બની રહે—સમાનધ્વનિતા (કે સધ્વનિતા, હોમોફોની, homophony) પરિણમે. આ શબ્દોના અર્થ એવા પ્રકારના હોય કે આથી અમુક સંદર્ભમાં એમાંથી કયો શબ્દ વપરાયો છે તે નક્કી કરવામાં કઠિનતા લાગે તો તેમાંથી એક શબ્દને તેના પર્યાય માટે સ્થાન ખાલી કરવું પડે. અનુમાને દાખલો આપીએ તો વદન અને વચન બંને પ્રાકૃતમાં વયણ રૂપે આવીને રહે છે. પછી બંનેનું વેણ થતાં, પ્રાકૃત—અપભ્રંશને ન નડી તે અર્થબોધની મુશ્કેલી પછીની ભૂમિકામાં જણાતાં, 'વચન' અર્થમાં વેણ ચાલુ રહ્યો, પણ 'વદન' અર્થ માટે મુખમાંથી આવેલો **મ્હોં** જ પ્રચલિત થયો. પણ આ કહું છું તે ઉદાહરણ પૂરતું જ. બાકી તો વચન, વદન ને મુખના પ્રચારનું પ્રમાણ, પ્રાકૃતમાં **વેણ** ને **મોઢું** એ ભાવના વાચક સામાન્ય પ્રચારમાં હોય તેવા બીજા કયા કયા શબ્દો હતા, પછીની ભૂમિકામાં પણ આવા કયા શબ્દો હતા, તેમના વપરાશની મર્યાદાઓ કશી હતી કે નહિ, બીજી સહજન્ય ભાષાઓમાં આ અર્થના વાચક કયા શબ્દો ચલણી થયા છે વગેરે હકીકતો આપણી સમક્ષ હોય તો જ આ વિશે કશું નિર્ણયાત્મક કહી શકાય.

(क) ધ્વનિમૂલક પરિવર્તન—શબ્દસંક્ષેપ

ધ્વનિમૂલક ફેરફારો અનેક પ્રકારના હોય છે. ઉપર આપણે ક્રમિક ધ્વનિપરિવર્તનની વાત કરી. બીજો એક પ્રકાર ખંડિત કે સંક્ષિપ્ત શબ્દોનો છે. કોઈ સામાન્યપણે વપરાતો શબ્દ વધારે પડતો લાંબો લાગતાં તેના એકદેશનો જ વ્યવહાર થાય છે. **ટેલીફોન** ને બદલે **ફોન** કે **યુનીવર્સીટી**ને બદલે **વર્સીટી** વગેરે જાણીતા છે. એ રીતે જ **સગડી** નિષ્પન્ન થયો લાગે છે. સંસ્કૃતમાં अंगारधानी ને अंगारपात्री 'સગડી'ના અર્થમાં છે. તે ઉપરાંત अंगारशकटिका 'પૈડાવાળી સગડી'ના અર્થમાં નોંધાયેલો છે. જાણીતી સંજ્ઞા હોવાને લીધે अंगारशकटिका એવું લાંબુંલાંબું બોલવાને બદલે ખાલી शकटिका વ્યવહૃત થતું હોય. એમાંથી સગડિઆ ને **સગડી**. સમસ્ત શબ્દનું સ્થાન તેનો એક અવયવ લઈ લે કે તે પ્રમાણે વિશેષ્યનું સ્થાન વિશેષણ લઈ લે તેવું કેટલીક વાર બને છે. चोक्षाः व्रीहयः કે शालयः 'ફોતરા કાઢેલી—છડેલી શાળ' એ પ્રયોગમાં चोक्ष શબ્દ 'સાફ કરેલું, ચોકખું કરેલું' અર્થમાં છે. પણ પછી चोक्षाः છૂટો જ 'છડેલી ડાંગર'ના અર્થમાં ચાલુ થયો, એટલે ગુજરાતીમાં **ચોખા.** તેવી જ રીતે खण्डशर्करा ને બદલે खण्डा પ્રચલિત થતાં તેમાંથી ગુજરાતી **ખાંડ** નિષ્પન્ન થયો, સાથે સાથે અર્થગરબડ પણ થઈ ગઈ. મૂળ क्वथिता पेया 'ઉકાળેલી રાબ' માંથી क्वथिता અવશિષ્ટ રહ્યો, તેમાંથી **કઢી**.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાસરું (श्वाशुरकम् + गृहम्) પણ આવું જ. વિશેષ માટે આ સંગ્રહનો 'સંક્ષેપની પ્રક્રિયા' એ લેખ જુઓ.

(ख) **સાદશ્યમૂલક પરિવર્તન**

ભાષામાં ધ્વનિમૂલક પરિવર્તનો જેટલું જ અગત્યનું સ્થાન સાદશ્યમૂલક પરિવર્તનોનું છે. અને સાદશ્યબળનો પણ શબ્દભંડોળ પર સારો પ્રભાવ પડે છે. અમુક સમાન અર્થના કે ધ્વનિના બંધનથી બંધાયેલ શબ્દજૂથની તેની સાથે સંબદ્ધ ધ્વનિજૂથ પર અસર થતી હોય છે, તેમ એક જૂથના મોટા ભાગના શબ્દોમાં જે ફેરફારે પગપેસારો કર્યો હોય તે, તે જૂથના બાકીના શબ્દો કોઈ કારણે એ ફેરફારની અસરમાંથી બચી ગયા હોય તો તેમને પણ, વખત જતાં આવરી લે છે. તિથિનાં નામ प्रतिपद्, द्वितीया, तृतीया વગેરે **પડવો, બીજ, ત્રીજ** વગેરે રૂપે ગુજરાતીમાં ઊતરી આવ્યાં, પણ **એક, બે, ત્રણ, ચાર, પાંચ; એકડો, બગડો, ત્રગડો, ચોગડો, પાંચડો; એકવડું, બેવડું, ત્રેવડું** વગેરેની સરખામણીમાં **પડવો** ક્રમભંગ કરતો લાગે છે, એટલે નવો **એકમ** શબ્દ અસ્તિત્વમાં આવ્યો.

(ग) **અર્થમૂલક પરિવર્તનની અસર—વિશિષ્ટનો વ્યાપક પ્રયોગ**

સં. प्र–वीणनो મૂળ અર્થ 'વીણા વગાડવામાં કુશળ', પણ પછીથી સામાન્યપણે 'કુશળ'ના અર્થમાં તે વપરાતો થયો. આ સં. कुश–लनो પણ મૂળ અર્થ તો 'કુશ ઘાસ તોડવામાં નિષ્ણાત' છે. અને निष्णात નો પણ એવો જ ઇતિહાસ છે. **બુદ્ધ**ની મૂર્તિ ઉપરથી **ફારસી**માં **બુત** સામાન્ય રીતે 'મૂર્તિ'નો વાચક થયો છે. **કાદંબરી બાણભટ્ટ**ની જાણીતી ગદ્યકૃતિ પરથી સામાન્ય અર્થમાં 'નવલકથા' માટે **મરાઠી** વગેરેમાં પ્રચલિત થયો છે. **પ્રાચીન** ગુજરાતી–રાજસ્થાનીમાં **કેકાણ** શબ્દ 'યુદ્ધનો ઘોડો' કે 'ઘોડો' અર્થમાં મળે છે. નવમી સદી લગભગના એક **અપભ્રંશ** ગ્રંથમાં દરેક જાતની ઉત્કૃષ્ટ વસ્તુ ગણાવતાં हउ केक्काणउ 'ઘોડો કેકાણો' એમ ઉલ્લેખ મળે છે તે પરથી કહી શકાય કે **કેકાણ** એ ઘોડાની એક ઊંચી જાત હશે ને પછીથી તે 'ઘોડો' એવા સામાન્ય અર્થનો વાચક બન્યો હશે. **કાઠિયાવાડ**માં 'ગાડીને વઢિયારા જોડ્યા' (એટલે કે 'બળદ જોડ્યા') એમ બોલાય છે, તેમાં 'વઢિયારા' શબ્દનો 'વઢિયાર ગામથી આવતા બળદ' એવો મૂળ અર્થ છે.

(ग) **અર્થમૂલક પરિવર્તનની અસર—દ્યોતકશક્તિનો ઘસારો**

સગડીની બાબતમાં આપણે જોયું કે સામાન્ય પ્રચારમાં કે નિત્યના વ્યવહારમાં જે શબ્દ હોય તેને માટે ટૂંકાવાનો ભય ઊભો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા જાણીતા શબ્દોનું કલેવર ખંડિત થાય છે એટલુંજ નહીં, તેમને અર્થની બાબતમાં પણ ઠીકઠીક સહન કરવું પડે છે. નિત્ય વપરાશના શબ્દોની અર્થછાયા ઘસાતી જાય છે. તેમની વ્યંજકતા ધીમે ધીમે બૂઠી બનતી જાય છે. ખાસ કરીને ઉત્કટ ભાવો વ્યક્ત કરતા શબ્દો વપરાશમાં લાંબો વખત રહેતાં ફીકા પડી જાય છે, ને મૂળની ઉત્કટતા વ્યક્ત કરવા નવો શબ્દ અસ્તિત્વમાં આવે છે. આ રીતે સંસ્કૃતના અધિકતા ને શ્રેષ્ઠતાવાચક પ્રત્યયો –તર,–તમ ક્રમે ક્રમે વપરાશમાંથી ચાલ્યા ગયા, **મોટેરો** વગેરેની અર્થદ્યોતકતા મોળી પડી. એટલે ગુજરાતીએ **ના કરતાં વધારે** ને **સૌથી વધારે** ઘડી કાઢ્યા. રંગોની કે એવા દર્શન, સ્પર્શ, આસ્વાદ વગેરેના સંવેદનોની ઉત્કટતા વ્યક્ત કરતા **રાતું ચોળ** જેવી ઉપમાદેહી ઉક્તિઓનો પ્રયોગ પણ આ વ્યાપારને આભારી છે. **ખૂબ રાતું, અતશય રાતું સૌથી રાતું** વગેરે વપરાતાં રતાશની ઉત્કટતા પૂરતા ભાર સાથે વ્યક્ત થતી ન લાગતાં **ચોળ જેવું રાતું, રાતું ચોળ** એ પ્રયોગ ચલણી બન્યો એ પ્રમાણે **લાલ ચટક, લીલું છમ, કાળું લ્યાળા જેવું, પીળું આવળ, ધોળું ફક, ફીકું ફચ, ટાઢું બોળ, ઊનું આંધણ, ખારૂં ઉસ, ખાટું બડસ, તીખું આગ, તુરૂં વળગ, કડવું ઝેર, કોરું ધાકોર, ભીનું લોંદો, મેલું ઘાણો, કઠણ પાણો, ચીકણું લાખ, આંધળું ભીત, કાળું ભંઠ, ધોળું શેતર,** વગેરે. આમાં **રાતું ચોળ, ખાટું બડસ, લીલું છમ,** વગેરેમાં **ચોળ, બડસ છમ,** વગેરે શબ્દો ચાલુ વપરાશમાં ન રહ્યા હોવાથી મૂળની ઉક્તિની ઉપમાદ્યોતકતા જતી રહી અને તે માત્ર ઉત્કટતા સૂચવવાનું કામ સારવા લાગ્યા. **ચોળ**='મજીઠ'–'મંજિષ્ઠા', એટલે **રાતું ચોળ**='મજીઠ જેવું રાતું;' **લ્યાળો**='કોયલો', **કાળું લ્યાળા જેવું**='કાળું કોયલા જેવું': આ મૂળનો અર્થ, પણ હવે **રાતું ચોળ**='અતિશય રાતું', સમય જતાં **ચોળ** વગેરે, અર્થદ્યોતકતા અસ્પષ્ટ થઈ હોવાને કારણે પ્રયોજાતાં અટકી જવાની શક્યતા ખરી.

(ગ) અર્થમૂલક પરિવર્તનની અસર—અર્થછાયાઓનો વિકાસ

જેમ કેટલાંક કારણોને લીધે શબ્દની અર્થવ્યંજકતા વિસ્તૃત થાય છે કે ઘસાઈ જાય છે, તેમ બીજાં બળોના પ્રવર્તવાથી તે મર્યાદિત થાય છે, એટલે કે પહેલા જે શબ્દ અમુક અર્થવર્તુલનો વાચક હતો તે હવે તેના મર્યાદિત અંશનો જ વાચક બની રહે છે, અને પરિણામે બાકીના અંશના વાચક તરીકે નવો શબ્દ વપરાશમાં આવે છે. સંસ્કૃતિવિકાસ સાથે જીવન સંકુલ બનતું ગયું છે, અને તેથી સંસ્કૃત સમાજની ભાષા પણ એ સંકુલતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિબિંબ પાડે છે, અને અમુક સ્થૂળ અર્થની સૂક્ષ્મ અર્થછાયાઓ વ્યક્ત કરવા પર્યાયકલ્પ અનેક શબ્દોનો પ્રયોગ કરે છે. **અંગ્રેજી** આવા પર્યાયસ્વરૂપ પુષ્કળ શબ્દો વાપરે છે. પણ આપણી ભાષાઓમાં પણ આનાં ઉદાહરણ થોડાં નહીં મળે. 'દિવસનો આરંભકાળ' 'સવાર' એ અર્થના વાચક સૂક્ષ્મ અર્થ-ફેરવાળા કેટલા ગુજરાતી શબ્દો છે? **સવાર, મળસ્કું, પરોઢિયું, વહાણું, ભળકડું, ભળભાંખળું, મોંસુઝણું, પહો** (**પહો ફાટયોમાં**), અને સાહિત્યમાં **ભોર, પ્રભાત, પ્રાતઃકાળ, અરુણોદય, ઉષઃકાળ,** ઉપરાંત જરૂર પડ્યે હિંદીના **સવેરે, સુબહ** અને અંગ્રેજી **મોર્નીંગ, ડોન.**

'માથું' માટે આપણે **માથું, મસ્તક, શિર, શીર્ષ** વગેરે શિષ્ટ ઉપરાંત **ટૂંડો, મુંડો, તોલો, ઘારી, ટકકો, બોથાલો, તસ્તાલો** એ ઉપશિષ્ટ શબ્દો પણ વાપરીએ છીએ.

એમ, એની જેમ, એ રીતે, એ પ્રમાણે, એની માફક, એ પ્રકારે, એની ધારે, એની કાની, એની મિસાલ ઓછાં છે?

જુદા જુદા સમયે અને જુદા જુદા રૂપે ખાવાની ક્રિયા માટે વપરાતા શિષ્ટ અને ઉપશિષ્ટ (slang) શબ્દોની કતાર જુઓ: **ખાવું, જમવું, આરોગવું, પેટ ભરવું, દાબવું, દબાવવું, ઝાપટવું, ચડાવવું, ઝડવું, ઝોંસવું, ગળચવું, પોથારવું, પેટુભા કરવા, હાથ મારવો; ઉડાવવું, કકડાવવું, આહાર કરવો, ભોજન કરવું, ખોરાક કે અન્ન લેવું, શીરાવવું, રોંઢો કરવો, વાળું કરવું, ટીમણ કરવું, ઢુંગો કરવો, નાસ્તો કરવો, પારણા કરવા**—સત્તાવીશ જેટલાં ભિન્ન ભિન્ન અર્થછાયા વાળા પણ એકજ કેંદ્રીય ભાવને વ્યક્ત કરતા પ્રયોગો છે.

અરે નગ્નાર્થ જેવો સાદો ભાવ વ્યક્ત કરવા માટે આપણી પાસે કેટલી બધી સામગ્રી છે: **ન, ના, નો, નથી, નહિ, નહીં, નવ, મા, મ, મત, અ- અન-, અણ-, વણ-, વિના, બિન, વગર, સિવાય, બે-** તથા **માથું ધુણાવવું, નન્નો પઢવો** વગેરે પ્રયોગો.

(ग) અર્થમૂલક પરિવર્તનની અસર—બાલભાષાના શબ્દો

અર્થવ્યંજકતા ઘસાઈ જતાં જે નવી સંજ્ઞાઓનો ઉદય થાય છે, તેમનાં ઉદ્ભવસ્થાનો ભિન્ન ભિન્ન હોય છે. **માતા, પિતા** વગેરેને માટે ઔપચારિક ભાષામાં વપરાતી સંજ્ઞાઓ ઉપરાંત વહાલસૂચક સંજ્ઞાઓ પણ ઘરમાં પ્રયોજાતી હોય છે. **માતા પિતા** ની સાથે **બા બાપુજી,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મમ્મા પપ્પા, **મા બાપા**, **બાઇ ભા** વગેરે જાણીતા છે. આવી વાત્સલ્ય કે સ્નેહ વ્યક્ત કરતી સંજ્ઞાઓ પણ વખત જતાં મોળી પડી જતી લાગે છે. એટલે તેમનું સ્થાન બાળકની કાલીઘેલી બોલીમાંથી જે શબ્દો માબાપોએ સગાકુટુંબીઓ ને મિત્રમંડળ પૂરતા પ્રચલિત કર્યા હોય છે તે (નર્સરી વર્ડ્ઝ nursery words) લે છે. पिता, माता, કરતાં **બાપા**, **બા**, **મામા** વધારે વહાલ સૂચવતાં લાગતાં તે બાળભાષાના શબ્દો ચલણી થયા. ગુજરાતીના સંબંધસૂચક શબ્દોમાં ઘણાખરા દેશ્ય મૂળના લાગે છે, તે સંસ્કૃતોત્થ કે તદ્ભવ શબ્દોને સ્થાને આ કારણે જ આવી ગયા હોય એ ઘણું સંભવિત લાગે છે. મૂળે આ નવતર શબ્દો બાળભાષામાંથી હોય તેનું એક પ્રમાણ એ કે દ્વિરુક્તિ બાળભાષાનું ખાસ ધ્યાન ખેંચે તેવું લક્ષણ છે અને **કાકા**, **કીકો**, **ગગો**, **ચાચા**, **જીજી**, **દાદા**, **નાના**, [हिंदी **ફુફી**] **બાબો**, **ભાભા**, **ભાભી**, **મામા**, **લાલો** એ સૌમાં સ્પષ્ટ દ્વિરુક્તિ છે.

[ग] અર્થમૂલક પરિવર્તનની અસર—ઉપશિષ્ટ (સ્લૅંગ, slang) શબ્દો

બાળભાષાની જેમ વિશિષ્ટ વર્ગની બોલીમાં પ્રચલિત—'ઉપશિષ્ટ' શબ્દો પણ તેમની અર્થદ્યોતકતા ઉત્કટ લાગતાં શિષ્ટ ભાષામાં સ્થાન પામે છે. ચાલુ શબ્દ સતત વાપરવાના કંટાળાને લીધે, ને જરા ટોળમાં કે હળવે ભાવે વાતચીત કરતા હોઈયે ત્યારે, પ્રચલિતને બદલે, ઉપચાર કે લક્ષણાને આધારે તે જ અર્થ વ્યક્ત કરતો નવો શબ્દ આપણે વાપરીએ છીએ. કોઈ ન કહેવાનું અજાણતાં કહી બેસે એટલે તેણે **બાફ્યું**, નિષ્ફળ જનારે **ઉકાળ્યું**, સારી રીતે જમ્યો તેણે **ઝાપટ્યું** કે **બરાબર હાથ માર્યો** વગેરે. અનુકૂળતા મળતા આવા ઉપશિષ્ટ શબ્દો શિષ્ટ તરીકે ચાલુ થાય છે. સંસ્કૃત उदर- ને સ્થાને ગુજરાતીમાં **પેટ** છે, તે, **પેટી** શબ્દ સૂચવે છે તેમ, મૂળ 'ડબ્બો' 'પિટક' એવા અર્થનો વાચક હોય. ઉદરને ટોળમાં **ડબ્બો**, **પેટી** કહેવું સાવ સ્વાભાવિક છે. બાળકના જરા ફૂલેલા પેટ માટે **હાંડો**, **હાંલ્લું** વગેરે હળવે ભાવે વપરાય છે, તે આનું સમર્થક છે; આ ઉપશિષ્ટ—જનતાના નીચલા થરોમાં પ્રચલિત શબ્દ પછીથી સામાન્ય વપરાશમાં રૂઢ થઈ ગયો હોય.

[ग] અર્થમૂલક પરિવર્તનની અસર—અર્થબાહુલ્ય

કેટલાક શબ્દોની અર્થબહુલતા તેમને માટે ઘાતક નીવડે છે. શબ્દના બેચાર અર્થમાંથી કોઈ અમુક એક પર ભાર મૂકવાની જરૂર પડતાં તે એક જ અર્થને વ્યક્ત કરતો બીજો શબ્દ મૂળના શબ્દનું સ્થાન લઈ લે છે. સંસ્કૃત **दक्षिण**- 'પ્રાકૃતમાં પણ दाहिण- રૂપે, જમણા હાથ માટે વપરાવો ચાલુ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દક્ષિણ હસ્ત જમવાનું કામ કરતો હોવાથી 'જમનારો', 'જમવામાં વપરાતો' 'જેનાથી જમાય છે તે' એ અર્થનો जिमणउ શબ્દ પ્રચારમાં આવ્યો. 'કયો હાથ?' ના ઉત્તરમાં 'જેનાથી જમાય છે—જે જમે છે તે હાથ' એમ કહેવાતાં પછી **જમણો** શબ્દ ગુજરાતીમાં રૂઢ થયો.

આ રીતે શબ્દોના અસ્તોદયનાં પ્રવર્તક કેટલાંક બળોનો આપણે અછડતો પરિચય મેળવ્યો. તે તે બળનાં દ્યોતક જે ઉદાહરણો અહીં ટાંકયાં છે તેમાંથી ઘણાંખરાં અટકળની કોટિનાં છે. શબ્દોના વપરાશના ઇતિહાસની સામગ્રી વ્યવસ્થિત સ્વરૂપે ઉપલબ્ધ થાય ત્યારે જ નિર્ણયાત્મક ઉદાહરણો આપી શકાય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દસૃષ્ટિની ભીતરમાં ડોકિયું

અજાણી વસ્તુ વિશે કુતૂહલ થવું એ મનુષ્યસ્વભાવ છે. આથી ઊલટું, અતિપરિચિત વસ્તુમાં નવીનતાનો આછોપાતળો પાસ પણ ન રહ્યો હોવાથી તે તરફ ઉદાસીન થવું એ પણ મનુષ્યસ્વભાવ છે. જન્મીએ ત્યારથી તેમ મરીએ ત્યાંસુધી આપણું શરીર આપણી સાથે ને સાથે હોય, પણ તેની રચના, બંધારણ કે કાર્યમાં ડૉક્ટરો સિવાય બીજાં બહુ ઓછાંને રસ હોય છે. તે જ પ્રમાણે 'તાતા' 'પાપા' કરતાં આવડે ત્યારથી તે વાચા બંધ થાય ત્યાંસુધી આપણને ભાષા સાથે કામ પડતું હોય છે—અરે કોઈ સંકુલ પરિસ્થિતિમાં હોઈયે ત્યારે વિચાર પણ વાણીને આશરે થતો હોય છે, છતાં તેનાં સ્વરૂપ, બંધારણ વગેરે વિશે, વ્યાકરણની પરીક્ષા આપવાની હોય તેવો પ્રસંગ બાદ કરતાં, ભાગ્યે જ આપણને કશી જિજ્ઞાસા થાય છે. પણ આ દિશામાં દૃષ્ટિ સહેજ ખુલે તોયે બૌદ્ધિક આનંદ મળે એવું આપણી હંમેશના વપરાશની ભાષામાંથી પણ ઘણું મળી રહે છે.

'જલેબી' ને 'વેઢમી'

આઘે ન જતાં દિવાળીનો પ્રસંગ જ લઈએ, દિવાળીના દિવસોમાં ભાતભાતની મીઠી વાનીઓ આપણે ચાખીયે છીએ. ખરી રીતે તો દિવાળીમાં મિષ્ટાન્નની પરાકાષ્ઠા આવે છે. તેનો આરંભ તો શ્રાવણ માસથી થાય છે. પછી એક શિખર દશેરામાં સિદ્ધ થાય છે, ને બીજું અન્નકૂટમાં તેમાં **ઓરસું**, **ચૂરસું**, **વેઢમી**, **બીરંજ**, **શીરો**, **હલવો**, **બરફી** **જલેબી**, **મેસૂર**, **શકકરપારા**, **મેંદા**ની વાનીઓ, **મેવાવટી**, **ચાસણીની** જુદીજુદી બનાવટો—એમ બધાંનો વારો આવી જાય છે. આમાં આપણે જ્યારે જાણીએ કે **બીરંજ**, **શીરો**, **હલવો**, **બરફી**, **જલેબી**, **મેસૂર**, **શકકરપારા**, **મેંદો**, **મેવો**, **ચાસણી** એ શબ્દો ફારસી-અરબી મૂળના છે— આપણી ભાષામાં એ શબ્દો ઇસ્લામી સંસ્કૃતિનો સંપર્ક થયાના પરિણામે પ્રવેશ્યા છે, અને તે તે મિષ્ટાન્નો કે ચીજો આપણે ત્યાં મુસલમાનો આવ્યા ત્યારથી જ આવી છે—આપણે આ વાત જાણીએ ત્યારે નવાઈ થયા વિના ન રહે. આથી ઊલટું **ઓરસું**, **ચૂરસું** અને **વેઢમી** ઇસ્લામી નહીં, પણ આર્ય જણાય છે. 'ઓરી' ને બનાવવાનું મિષ્ટાન્ન તે **ઓરસું**, 'ચૂરો' કરીને બનાવાય તે **ચૂરસું**, ને 'વીંટો' કરીને—'વેષ્ટન' કરીને બનાવાય તે **વેઢમી**. આ પ્રદેશમાં હિંદુ-મુસ્લિમ કોમી પ્રશ્ને પ્રવેશ નથી કર્યો એટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારું છે, નહીં તો બિચારા મિષ્ટાન્નપ્રેમીને માટે મોટી આફત ઊભી થાય—જલેબી, બરફી, મેસૂરના તેણે સપનાં જ સેવવાનાં રહે.

પણ આ સાવ સામાન્ય વાત પણ કેટલી અર્થસૂચક છે? બે જુદીજુદી સંસ્કૃતિનું મિલન થતાં અનેક રીતરિવાજો, રહેણીકરણીઓ ને ચીજવસ્તુઓની આપ-લે થાય જ. તેમાં સંપર્ક લાંબો અને ગાઢ હોય તો આવો વિનિમય અનેક ક્ષેત્રને સ્પર્શે. આપણા ઇતિહાસના આરંભકાળમાં આર્યેતર જાતિઓ સાથેના, પછી મુસ્લિમો સાથેના અને આધુનિક કાળમાં પાશ્ચાત પ્રજાઓ સાથેના સંપર્કનાં પરિણામો જોતાં એ સત્યનું સમર્થન કરી શકીએ.

'કાકા' ને 'મામા'

આ પછી આપણે એક બીજી દિશામાં વળીએ. આપણે સંબંધવાચક શબ્દો વિશે કદીયે થોડો પણ વિચાર કર્યો છે ખરો? **કાકા, મામા, દાદા, જીજી, નાની, ભાભી,** ગગો, **કીકો, બાબો** (અને બીજી ભાષાઓના **ચાચા, દીદી, બીબી, ફુઈ, લાલા, મમ્મા, પપ્પા,**) એ શબ્દોમાં કશી સમાનતા નજરે ચડે છે? આ બધામાં એકનો એક વ્યંજન કે અક્ષર બેવડાયો છે તે શું અકસ્માત જ હશે? ગુજરાતી મૂળે **સં**સ્કૃતમાંથી (એટલે કે તેના જેવી તેની **સમ**કાલીન લોકબોલીમાંથી) અવતરી છે. તે **સં**સ્કૃતનું જ કાળક્રમે થયેલું રૂપાંતર છે. તે છતાં **મા, ભાઈ, માસી, વહુ, સાસુ** વગેરે **સં**સ્કૃતમાંથી, ઊતરી આવેલા શબ્દોના વિરોધે ઉપર નોંધેલા **કાકા–મામા** વર્ગના શબ્દો ક્યાંક બીજેથી જ આપણે ઉપાડ્યા હોવાનું જણાય છે. આમાં કશું રહસ્ય હશે ખરું? આ સવાલોનો થોડોક ઉત્તર બાળકની ભાષા ઉપર જેણે સહેજ ધ્યાન આપ્યું હોય તેને મળી રહેવાનો સંભવ છે. બાળભાષામાં 'ખાવાનું' માટે **મંમં**, 'મોટર' માટે **ભંભં**, 'નવું કપડું' એટલે **વાવા**, 'ઝબલું' **જુજુ**, 'કુતરું' એટલે **તૂતૂ** કે **યૂયૂ** વગેરે અનેક શબ્દો છે, જેમાં આ બેવડાવાનો કિમિયો અજમાવેલો છે. આથી આપણે સહેજે અટકળ કરી શકીએ કે ઉપર નોંધેલા સંબંધવાચક શબ્દોમાંથી મોટા ભાગના મૂળે બાળભાષામાં હોય અને પછીથી ચાલુ ભાષામાં ચલણી બન્યા હોય.

'માસી' ને 'માસા'

જમણ ને સગપણને લગતાં શબ્દો પાછળ કેવો ઇતિહાસ છુપાઈ રહ્યો છે તેની આપણે ઝાંખી કરી. હવે સહેજ ઊંડા ઊતરી ભાષાની એક ખાસિયત તરફ આંગળી ચીંધી આપણે આ નોંધ સમેટી લઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકો : કાકી, માસો : માસી, મામો : મામી, ફુવો, (ફુઓ) : ફુઈ (કે ફોઇ, ફઈ), દાદો : દાદી એ સગપણના શબ્દો પર વિચાર કરતાં જણાશે કે તેમાં **કાકો, મામો, દાદો** એ મૂળ શબ્દો છે, જ્યારે **કાકી, મામી, દાદી** એ નારીજાતિના શબ્દો નરજાતિના શબ્દો પરથી સિદ્ધ થયા છે. **કાકો** પરથી **કાકી, મામો** પરથી **મામી** વગેરે. દેખાવમાં **માસો–માસી, ફુવો–ફુઈ** એ બંને જોડકાં **કાકો–કાકી** વગેરેને મળતાં છે, પણ તેમાં પહેલો કયો અને પછીનો કયો એનો વિચાર કરતાં જણાશે કે માશી (मातृष्वसा– 'માની બહેન') એ સંબંધ પહેલાનો છે. માસાનો સંબંધ પછીથી સિદ્ધ થયો છે. એટલે **માસી** શબ્દના આધારે **માસો** શબ્દ સધાયો છે. ખરી રીતે જેમ નણંદ પ્રથમ સંબંધ અને નણંદના પતિનો સંબંધ પછીથી સિદ્ધ થયો છે, ને તેથી તેનો વાચક શબ્દ **નણદોઈ** (ननान्दापति), **નણંદ** પરથી સધાયો છે; અથવા તો જેમ **બહેન** અને **બનેવી** (भगिनीपति) છે, તેવી રીતે **માસી** પરથી **માસોઈ** કે એવો કોઈ શબ્દ થવો જોઈતો હતો :

બહેન : બનેવી, નણંદ : નણદોઇ, માસી : માસોઈ પણ **કાકી : કાકો, મામી–મામો** વગેરેના સાદૃશ્યે **માસી–માસો, ફુઈ–ફુઓ** ઘડાયા.

સાંજરે

આ સાદૃશ્યનું બળ ભાષાના સ્વરૂપમાં જાતજાતનાં પરિવર્તન લાવે છે. આપણી ભાષાનો જે શબ્દભંડોળ આપણી સ્મૃતિમાં સંઘરાયો હોય છે, તેમાં પણ ધ્વનિના, ઘડતરના, અર્થના, રૂપના એવા એવા અનેક પ્રકારના સાદૃશ્યને જોરે શબ્દોની ટોળાબંધી આપણે કરી દીધી હોય છે. આપણે કોઈવાર સાંભળીએ છીએ :

'તું સવારે આવીશ કે સાંજરે' ?

આમાં **સાંજે** ને બદલે **સાંજરે** શબ્દ વપરાયો છે તે **સવારે, બપોરે, રાતરે** તેમ જ **જ્યારે, ત્યારે, ક્યારે, અત્યારે** વગેરે કાળવાચક શબ્દોમાં છેડે રહેલા **–રે** ની અસર નીચે છે. બીજા શબ્દોમાં એ અંતે આવતો **–રે** મૌલિક છે, જ્યારે **સાંજરે** માં તે આગંતુક છે. સંસ્કૃત संध्या– પરથી **સાંઝ, સાંજ** થાય, ને તે પરથી **સાંજે** પછી આપણા મનમાં **સવારે, બપોરે,** વગેરે કાળવાચક શબ્દોની ટોળાબંધી હોવાથી અને તેમાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણાંખરાને અંતે -રે હોવાથી **સાંજે** ને બદલે **સાંજરે** થયું. **સવારે, બપોરે** ને **રાતરે** માં ત્રણત્રણ અક્ષરો છે, એની પણ અસર આમાં પડી છે, ને બે અક્ષરોનો **સાંજે** ત્રણ અક્ષરનો **સાંજરે** બન્યો છે. **ગળચી** ને બદલે **ગળપચી** ક્યાંક બોલાય છે, તે **હડપચી** ના સાદૃશ્યે જ. તપાસ કરતાં સાદૃશ્યનાં આવાં ઘણાં ઉદાહરણ મળે. **સંસ્કૃત**માંથી **પ્રાકૃતો** થઈ અને તે પછી અર્વાચીન ભાષાઓ સિદ્ધ થઈ તેમાં મૂળના વ્યાકરણી બંધારણમાં જબરી ઉથલપાથલ કરવામાં આ સાદૃશ્યના બળનો જ મુખ્ય ફાળો છે.

મેકવું

જેમ **સાંજરે** માં બીજા શબ્દોની અસર નીચે કોઈ શબ્દનું રૂપ ફરી જાય છે, તેમ કોઈ વાર એવું પણ બને કે બે શબ્દો કે પ્રયોગો વચ્ચે ગરબડ થાય ને બંનેના મિશ્રણ દ્વારા કાંઈક ત્રીજું જ જન્મે. આનાં ઉદાહરણ નાનાં છોકરાંની વાતચીતમાંથી ઘણાં મળશે. છોકરાંઓ **ચકકુ, મેકવું; પાચીકુકા** ને **ફરીથી વાર** એવા શબ્દો વાપરે છે. **ચપ્પુ** અને **ચાકુ** ના મિશ્રણથી **ચકકુ** થયો. **મેલવું** ને **મૂકવું** મળી **મેકવું** બોલાય છે. **પાંચીકા** અને **કુકા** ની ભેળસેળથી **પાચીકુકા** બન્યો. અને **ફરી વાર** અને **ફરીથી** બંને ભળી જતાં **ફરીથી વાર** પ્રયોગ અસ્તિત્વમાં આવ્યો. **આડુંચુકું** પણ આવો જ મને લાગે છે. **આડું** અને **વાંકુંચુંકું**ના મિશ્રણથી તે થયો હોય.

અહીં દૃષ્ટાંતરૂપે આટલું જે કહ્યું છે તે નજરમાં રાખી આપણી ભાષા પર વિચાર કરનારને અનેક રસભરી વાનગીઓ હાથ લાગશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક કહેવાતા અપપ્રયોગો અને દુષ્પ્રયોગો

[૧]

સંસ્કૃતનું અણઘટતું દાસ્ય : શુદ્ધતા-ભ્રષ્ટતાના અધકચર્યા ખ્યાલો

(૧) વિજયરાય ક. **વૈદ્યના** મતે **સાહિત્યિક** શબ્દ ભ્રષ્ટજન્મા કે અશુદ્ધ છે. [**માનસી**, ૬-૨, જુન ૧૯૪૧, પા. ૧૪૯, ૧૭૦].

(૨) રામનારાયણ **વિ. પાઠકના** મતે **ઇચ્છિનીય** શબ્દ સાચો નથી [એક પત્રમાં].

(૩) રામપ્રસાદ **પ્રે. બક્ષીના** મતે **ભાષાકીય** જેવા ઘડતરના શબ્દો અશુદ્ધ હોઈ પ્રયોગાર્હ નથી [મૌખિક]

(૪) **જ્યોતીંદ્ર હ. દવેના** મતે **જ્યોતિરેખાને** બદલે **જ્યોતીરેખા** વાપરવું જોઈએ [**કૌમુદી**, આગસ્ટ ૧૯૫૩, પા. ૧૮૫].

આ નમૂનારૂપે આપેલા તેમજ બીજા આવા પ્રકારના અભિપ્રાયોના ઘડતર પાછળ પ્રેરક બળ તરીકે સંસ્કૃત વ્યાકરણની પ્રબળ અસર અને તેને આધારે બંધાયેલા ભાષાની શુદ્ધિ-અશુદ્ધિને લગતા ખ્યાલો રહેલા છે. સંસ્કૃત ભાષાસામગ્રીને આધારે ઘડવામાં આવતા શબ્દો કે રૂપો ગુજરાતી ઉપયોગ માટે હોય તોપણ તે જો સંસ્કૃત વ્યાકરણના—એટલે કે **પાણિનિમાન્ય શિષ્ટ સંસ્કૃતના** વ્યાકરણના નિયમોને અનુસરીને ઘડાયા હોય તો જ શુદ્ધ, તેવા નિયમોની ઉપરવટ થઈને સધાયેલા શબ્દો કે રૂપો ગુજરાતી માટે પણ અશુદ્ધ—તેથી ત્યાજ્ય—આ સિદ્ધાન્તને લક્ષમાં રાખીને ઉપરના શબ્દો સામે વાંધો લેવામાં આવ્યો છે. એ ખોટા સિદ્ધાન્તનું અનુસરણ અને તજ્જન્ય ભાષાશુદ્ધિ માટેના ભ્રમિત અને ભ્રામક ખ્યાલો ગુજરાતી ભાષાને લગતાં ઘણાયે લખાણોમાં નજર પડે છે. ગુજરાતી ધ્વનિતંત્ર, જોડણી, રૂપતંત્ર, શબ્દભંડોળ, વગેરે દરેકનો તેના સ્વતંત્ર વ્યક્તિત્વને અનુલક્ષીને અભ્યાસ થવાને બદલે દરેક બાબતમાં **સંસ્કૃતને** ત્રાજવેકાટલે તેમનો તોલ કરાય છે. ગુજરાતી એ પોતાના સ્વતંત્ર બંધારણ અને વિશિષ્ટ વ્યક્તિત્વવાળી તેમજ પોતાના અમુક વિશિષ્ટ નિયમો પ્રમાણે વિકસતી એક ભાષા છે એ હકીકત તરફ ઉક્ત પ્રકારના લખાણોમાં નર્યું દુર્લક્ષ દેખાય છે. **લૅટીન** ભાષાની વ્યાપક અસર નીચે **અંગ્રેજી**, ડેની, વગેરે યુરોપની અર્વાચીન ભાષાઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસની જે સ્થિતિ થયેલી[1] તેને મળતી સ્થિતિ સંસ્કૃતની અસર નીચે કંઈક અંશે ગુજરાતીના અભ્યાસની થઈ છે.

સાહિત્યિક, ઈચ્છનીય, ભાષાકીય, જ્યોતિરેખા, વગેરે શબ્દોનો વિરોધ તેમનું ઘડતર સંસ્કૃત નિયમો અનુસાર ન થયું હોવાથી કરાય છે. આવો વિરોધ ભાષાવિકાસનો ઇતિહાસ લક્ષ બહાર રાખનાર જ કરી શકે અને તેથી તે અનુચિત છે એ નીચેની વિચારણા પરથી જોઈ શકાશે.

(૧) ભાષાઓની વ્યક્તિવિશિષ્ટ વિકાસશીલતા

કોઇ પણ ભાષાનો ઇતિહાસ આપણને કહેશે કે ભાષાસામગ્રીનું રૂપાન્તર સતત થતું રહે છે. આથી અમુક ભૂમિકા માટે જેને અબાધિત નિયમ ગણવામાં આવતો હોય તેનો પછીની ભૂમિકામાં છડેચોક ભંગ થવાનો પણ પૂરો સંભવ રહે છે. એક ભૂમિકામાં શબ્દ–ઘડતર વગેરે નિશ્ચિત નિયમોને વશ વર્તીને જ થતા જણાય છે; પણ પછીની ભૂમિકામાં, પૂર્વ નિયમોને ઠોકર લગાવી અટપટી ગલીકૂંચીઓમાં કરેલી રખડપટ્ટીનો અને અસમંજસ લાગે

---

૧. લૅટીન સાથે વિસંગત હોય તેવા કેટલાક નિયમોને અર્વાચીન ભાષાઓ અનુસરતી હોવા છતાં કેટલીય બાબતોનો નિર્ણય લૅટીન નિયમોને જ અનુલક્ષીને લાવવામાં આવતો" [યેસ્પર્સન (Jespersen): લૅઙ્ગ્વેજ (Language), (૧૯૩૪), પા ૨૬]. યુરોપમાં જે લૅટીનની અસરને લીધે ઊભું થયું હતું, પણ આપણે ત્યાં જે કંઈક અંશે સંસ્કૃતની અસર નીચે તો કંઈક અંશે ઈતર કારણોથી ઉદ્ભવેલું, તે બીજું અનિષ્ટ એ છે કે ભાષાકીય અધ્યયનોમાં ભાષાના શ્રાવ્ય ધ્વનિઓને બદલે નેત્રપાઠ્ય વર્ણોનો વિચાર કરવામાં આવે છે. "દરેક ભાષા મૂળ તો બોલચાલના સ્વરૂપે અસ્તિત્વ ધરાવતી હોય છે અને પછી જ તે લિખિત સ્વરૂપ પામે છે: ભાષાનું વાસ્તવિક જીવન મુખ અને કાનમાં છે, નહિ કે દષ્ટિ અને કલમમાં—આ હકીકત નજર બહાર રહેતી હોય છે. આને લીધે અગત્યની ભાષાકીય હકીકતો અને નિયમો ધ્યાન બહાર રહે છે, અથવા તો નિરીક્ષકની ધ્વનિશાસ્ત્રીય કેળવણીને અભાવે તેમની ખોટી ઉપપત્તિ આપવામાં આવે છે......કોઈવાર તદ્દન અનુચિત તર્કસરણીને આધારે, પ્રચલિત પ્રયોગોમાં જેમની ગંધ પણ ન હોય તેવા સૂક્ષ્મ ભેદો ઊભા કરવામાં આવે છે, અને એ નિરર્થક ભેદો, વસ્તુસ્વરૂપે ધૂળ જેટલી કિંમતના હોવા છતાં, ખોટા ખ્યાલની અસર નીચે બહુજ અગત્યના ગણાવાને લીધે પાછળની પેઢીઓને નિશાળમાં પરસેવો પાડીને તે શીખવા પડે છે" (યેસ્પર્સન: એજન પા. ૨૩, ૨૪, ૨૫). પ્રચલિત ગુજરાતી ઉચ્ચારણમાં ઇકાર તેમજ ઉકારની હ્રસ્વદીર્ઘતા વચ્ચેનો ભેદ ઘણે અંશે નિર્મૂળ થઈ ગયો હોઈ તેને લિખિત ભાષામાં વ્યક્ત કરવાની જરા પણ જરૂર ન હોવા છતાં વધુને વધુ માન્ય થતા જતા જોડણી-કોશના હ્રસ્વદીર્ઘને લગતા લાંબાચોડા નિયમો એ એક પ્રસ્તુત ઉદાહરણ છે. પણ એ વિષય વિસ્તૃત સ્વતંત્ર ચર્ચા માગી લે છે. જુઓ, પ્રસ્તુત સંગ્રહમાં, 'અર્વાચીન ગુજરાતી, ઇકાર–ઉકારનાં ઉચ્ચારણ અને જોડણી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવાં ભ્રમણોનો ઇતિહાસ રજૂ કરતા કેટલાયે ભાષાવિકારો મળી આવશે. એટલે **સંસ્કૃત**ના નિયમો ગુજરાતીને માન્ય હોવા જ જોઈએ. એ માન્યતા ભૂલ ભરેલી છે. **વૈદિક** ભાષાના મૂળમાં રહેલી બોલીમાંથી તેમ જ તેની સહજન્ય ઇતર બોલીઓમાંથી વિકસેલા (બોલચાલના તેમ જ **પાલિ**, **પ્રાકૃત**, આદિ **જેવા** સાહિત્યકીય) **મધ્ય ભારતીય-આર્ય** ભાષાભેદોમાં મૂળના ધ્વનિતંત્ર અને રૂપતંત્રનું દૂરગામી સ્વરૂપાન્તર થયું હોવા ઉપરાંત શબ્દઘડતરના કેટલાક તદ્દન નવા નિયમો અસ્તિત્વમાં આવેલા છે. **મધ્યયુગીન** બોલીઓમાંથી **નવી ભારતીય-આર્ય** બોલીઓ વિકસતાં કેટલીય નવતર સામગ્રી ઉદ્‌ભવેલી છે. ગુજરાતી **તારણહાર, બોલનાર, આવનારું**, વગેરેમાંનો **૦ણહાર, ૦નાર, ૦નારું** પ્રત્યય કે **લજામણું, બીહામણું** વગેરેમાંનો **૦મણું** પ્રત્યય કેવા વિધવિધ અંશોની મેળવણીથી અત્યારનું અભંગ સ્વરૂપ પામ્યો છે એ જાણીતું છે. આમાં અમુક પ્રત્યય કે શબ્દના ઘડતર પાછળ અમુક શિષ્ટમાન્ય નિયમો જ હોવા જોઈએ એવું કશું નથી. એટલે ગુજરાતીને શબ્દઘડતરના **સંસ્કૃતથી** સ્વતંત્ર નિયમો હોઈ શકે એ સ્પષ્ટ છે.

(૨) સંસ્કૃત વ્યાકરણ-નિયમોનું દેખાવ પૂરતું જ અબાધિતપણું

અને **સંસ્કૃત**ની એકરૂપતા—તેના નિયમોની સાર્વત્રિકતા—પણ શું ઉપર-છલ્લી નથી ? ધર્મ અને સાહિત્ય માટે વપરાતી એક વિશિષ્ટ ભાષા તરીકે **સંસ્કૃત** પ્રતિષ્ઠા પામી એટલે તેનો વિકાસ રુંધાયો અને **પાણિનિ** અને તેના પુરોગામી તથા અનુગામી વૈયાકરણોની અસામાન્ય ભાષાશાસ્ત્રીય પ્રતિભાને બળે તેને સ્થિર સ્વરૂપ મળ્યું; તેના વપરાશ માટે એક શિષ્ટમાન્ય ધોરણ બંધાયું; પણ **વીરચરિત કાવ્યોનું સંસ્કૃત, બૌદ્ધગ્રંથોનું સંકર-સંસ્કૃત** અને **જૈન સંસ્કૃત**: **બ્રાહ્મણ—બૌદ્ધ** અને **જૈન** પરંપરા પ્રમાણેનાં **સંસ્કૃત**નાં આ ત્રણ લૌકિક સ્વરૂપો તથા **કાતન્ત્ર, સારસ્વત, ચાંદ્ર, જૈનેન્દ્ર, શાકટાયન, હેમચંદ્ર, જૌમર** ઇત્યાદિ ઇતર વ્યાકરણી સંપ્રદાયોને માન્ય એવી કેટલીક અપાણિનીય વ્યાકરણી વિગતો સાબિત કરે છે કે **સંસ્કૃત**ની નિયમબદ્ધ સ્થિરતા માત્ર દેખાવ પૂરતી હતી. તેમાં મર્યાદિત ફેરફારો તો થતા જ રહેલા. **જૈન સંસ્કૃત**માં તો બોલ-ચાલની ભાષામાં વપરાતા અનેક દેશજ શબ્દોને **સંસ્કૃત** વાઘા પહેરાવી ઉપયોગમાં લેવામાં આવ્યા છે. અને આમ રૂઢિપુનિતતા અને શિષ્ટતાના ધોરણો ટૂંકજીવી હોઈને, ભાષાની સદોદિત વિકાસશીલતા આગળ તેમને નમવું જ પડે છે એ સત્યની આપણને પ્રતીતિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ગુજરાતીને વિકાસ માટે પૂરતી મોકળાશ આપવાની જરૂર

એટલે, ભાષા માનસિક ભાવો વગેરે વ્યક્ત કરવાનું એક સાધનમાત્ર હોઈ તેમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર થવાની શક્યતા છે એ બહુ સામાન્ય બિના છે. અર્વાચીન ગુજરાતીમાં નામો ઉપરથી વિશેષણો ઘડવાની શક્તિ જોઈએ તેટલી વિકસી નથી. તેવી જરૂર પડે ત્યાં આપણે સામાન્ય રીતે, તત્સમની બાબતમાં **૦વિષયક, ૦લક્ષી, ૦આત્મક, ૦નિષ્ઠ, ૦ગત, ૦મૂલક,** વગરે દ્વારા, કેટલાક સંસ્કૃત તદ્ધિત પ્રત્યયો દ્વારા, અને એમનાથી કામ ન સરે ત્યારે સમાસ દ્વારા, જ્યારે તત્સમેતરની બાબતમાં મર્યાદિત કાર્યપ્રદેશવાળા શુદ્ધ ગુજરાતી પ્રત્યયોથી, સંબંધવિભક્તિથી કે છેવટે ગોળગોળ ઉક્તિથી ચલાવી લઈએ છીએ. આમ આપણી ભાષાની વિશેષણો ઘડવાની શક્તિ વિકસે એ જરૂરી છે. બીજું, અમુક અંશે આપણી ભાષા હજી ઘડતર–અવસ્થામાં છે. તેના સ્વરૂપનાં અમુક પાસાં હજી એરણ ને હથોડીની વચ્ચે છે. તો આ સ્થિતિમાં શુદ્ધતા–ભ્રષ્ટતાના ખોટા ખ્યાલો છોડી દઈ, શાસ્ત્રપૂત બુદ્ધિથી પ્રેરિત પ્રયોગપરંપરા વાટે ભાષાની શક્તિને વિકસવા માટે અનુકૂળતા કરી આપવી જોઇએ.

સંસ્કૃત વ્યાકરણની દૃષ્ટિએ ભ્રષ્ટ ગણાય તેવો ઇચ્છ**નીય** પ્રચલિત થયો હોય તો તેમાં ખોટું શું છે?

કરવું–કરણીય : સ્મરવું–સ્મરણીય : વંદવું–વંદનીય : : ઇચ્છવું : ઇચ્છનીય—આમ ઇચ્છ**નીય** એ સાદૃશ્યમૂલક શબ્દઘડતરનો એક દાખલો છે.[૨] અને ભાષાને પલટનારા બળોમાં **સાદૃશ્ય** એ પ્રથમ કોટિની અગત્યના બળ તરીકે જાણીતું છે. **પ્રજાકીય** અને **રાજકીય** પૂરતા પ્રચલિત છે. **નાણાકીય** અને **દવાકીય** છાપામાં અવારનાર વપરાયેલા દેખાય છે અને તે ઝઝુમતી જરૂરિયાત નીચે, સાદૃશ્યના બળને અજ્ઞાનપણે વશવર્તીને, સ્વયંભૂ રીતે નિર્માયા છે. એટલે, અભિવ્યક્તિની સુવિધા સાધતો હોવાથી નવતર ઘડતરનો –**કીય** પ્રત્યય[૩] એક વિશેષણ–સાધક તરીકે આવકારલાયક છે—અને **ભાષાકીય, સાહિત્યકીય, સંખ્યાકીય, ધ્વનિકીય, સભાકીય, છાપાકીય,**

---

૨. સરખાવો દશકોના સાદૃશ્યે ઘડી કાઢેલો **પંદરકો** (વિજયરાય વૈદ્ય), **ક્ષણભંગુર** પરથી **ઘડીભંગુર** (વિષ્ણુપ્રસાદ).

૩. ઠેઠ ૧૩મી સદીમાં પૂર્ણભદ્રના **પંચાખ્યાનક**માં **દેવ** પરથી સંસ્કૃતમાં **देवकीय** (एवं सति देवकीयवृत्तेरस्मज् जातेश्च विच्छेदो न भवति। ૪૧-૬) વપરાયો છે. અને પ્રા. ગુજ.માં પણ તે મળે છે; દુંદુહિ વાજી દેવકીય—જંબૂસામિચરિય, ૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેને પ્રયોગદાખલ વહેતા કરવામાં કશું ખોટું નથી.[૪] તેજ પ્રમાણે ગુજરાતી અર્ધતત્સમ **જ્યોતિ** સાથે તત્સમ **રેખાનો** સમાસ કરી સાધવામાં આવેલો **જ્યોતિરેખા** સંસ્કૃત **જ્યોતીરેખાથી** જરા પણ ઊતરતો ન ગણી શકાય. સરખાવો **જ્યોતીન્દ્ર**નું જ ઘડતર.

આ શબ્દોમાંના કેટલાકમાં (ઉ. ત. **નાણાકીય, છાપાકીય**) **સંસ્કૃતેતર** અંગને **સંસ્કૃત** (કે **નવસંસ્કૃત**) પ્રત્યય લગાડાય તેમાં પણ કશું અજુગતું નથી. ભાષાઓના ઇતિહાસમાં આ બિના સાવ સાધારણ છે. **અંગ્રેજીમાં** –ess [shepherdess, seeress], –ment [endearment, bewilderment], –age [mileage shortage], –ance [hindrance, forbearnce], –able [knowable, understandable] વગેરે **રોમાન્સ** [Romance] પ્રત્યયો **આંગ્લ–સૅક્સન** [Anglo–Saxon], અંગોને લગાડવામાં આવે છે.[૫] **લૅટીન** de– [de–anglicize] co–[co–wife] inter–[inter–marriage] pre– [pre–war prices]. ex–[ex–king], વગેરે પૂર્વપ્રત્યયોનું પણ તેમ જ. બીજી ભાષાઓમાંથી પણ જોઈએ તેટલાં ઉદાહરણો ટાંકી શકાય તેમ છે. અને તે તે ભાષામાં તેમને ભ્રષ્ટ, અશુદ્ધ, વર્ણસંકર કહી ભાંડવામાં આવતું નથી. એટલે **સંસ્કૃત, ફારસી, તદ્ભવ** કે **દેશ્ય** ગમે તે પ્રકારનું અંગ અને ગમે તે પ્રકારનો પ્રત્યય લઈ તેમની ઉચિત મેળવણીદ્વારા સધાતા મિશ્ર–શબ્દોને તેમની **મિશ્રતાના જ કારણે** વર્જ્ય ગણવાનું વલણ એ ખરો શુદ્ધિપ્રેમ નહીં પણ ભાષાવિકાસના સ્વરૂપના પૂરતા શાસ્ત્રીય પરિચયને અભાવે જન્મેલું ચોખલિયાપણું જ ગણી શકાય.

સાથે સાથે અહીં એક બીજી બાબત પર પણ ધ્યાન ખેંચવા જેવું છે. એક દૃષ્ટિએ **'સાહિત્યિક', 'સાહિત્યકીય', 'સાહિત્યવિષયક', 'સાહિત્યલક્ષી', 'સાહિત્યગત', 'સાહિત્યનિષ્ઠ', 'વાઙ્મયિક', 'સાક્ષરી'**, એમ એક શબ્દના બધાયે સમનાર્થ (કે લગભગ સમનાર્થ) શબ્દો **પ્રચલિત** થાય એ જરૂરી છે. તેમ થવાથી જુદાજુદા સંદર્ભોમાં આવશ્યક એવી વક્તવ્યની સૂક્ષ્મતમ અર્થછાયાઓને વ્યક્ત કરવાની સામગ્રી આપણને મળી રહેશે. પશ્ચિમની

---

૪. જુઓ **પરીક્ષાકીય** (અનંતરાય રાવળ, ગુજરાત સાહિત્ય સભા કાર્યવહી, ૧૯૪૬–૪૭, છેંતાળીશનું ગ્રંથસ્થ વાઙ્મય, ૮૭) તથા **સંસ્થાકીય** (૧૯૪૭-૪૮ની કાર્યવહી, ૭૬).

૫. યેસ્પર્સન : ઉક્ત ગ્રંથ, ૨૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ સાથેના સંપર્કથી આપણા જીવનમાં જાતજાતની અને ભાતભાતની સંકુલતાઓ પ્રવેશ્યે જાય છે અને પશ્ચિમ જેટલી સમૃદ્ધિ અને સ્થૂળ સંસ્કારિતાની ખિલવણી સાથે સમાજમાં વ્યક્તિવ્યક્તિ વચ્ચેના માનસિક સંબંધો ખૂબ જ અટપટા અને સૂક્ષ્મતર બનતા, તેમને ઘટતી રીતે વ્યક્ત કરવાની સોઈ ભાષામાં લાવવા માટે ભાષાને કેળવવાની જરૂર ઊભી થવાની જ. આથી શબ્દોની સમૃદ્ધિ વધારવી અને ઉક્તિઓમાં વૈવિધ્ય અને વૈચિત્ર્યને, ચોકસાઈ અને સચોટતાને વિકસવા માટે મોકળાશ કરી આપવી એ સાચી દિશામાં લેવાતું પગલું ગણી શકાય. એવા શબ્દો વચ્ચે અત્યારે તો મુદ્દલ અર્થભેદ નહિ લાગે; પણ તેમનો વપરાશ વધવા સાથે તેમનાં વિશિષ્ટ અર્થવર્તુળોનું નિર્માણ થવાનું જ અને તેમાં કોઈ શબ્દ અણખપનો લાગશે તો તે આપમેળે વપરાશ-ચ્યુત થવાનો.

[૨]

પરભાષાનું : ઋણ સંકર-સમાસો

(૧) શ્રી. વિજયરાય ક. વૈદ્યના મતે **કરી રહ્યા** છે, વગેરેમાં થતો **રહેવું** નો સહાયક તરીકેનો ક્રિયાસાતત્યદર્શક પ્રયોગ એ મિથ્યા હિંદીકરણ છે—હિંદીગંડુ ગુજરાતીઓની અસર નીચે એ રૂઢિપ્રયોગ નાહકનો પેઠેલો છે. કારણ કે આપણી માતૃભાષાનો કુદરતી રૂઢિપ્રયોગ તો ક્રિયાસમાપ્તિ માટે જ **રહેવું** ને એમ વાપરવાની છૂટ આપે છે અને સાતત્ય દર્શાવવા **કર્યા કરે છે, કર્યે જાય છે, કરતા હોય છે** એના જેવી ઉક્તિઓ યોજવી એ જ ઠીક છે (એજન, પા. ૧૫૦, ૧૭૦, ૧૭૭.).

(૨) તેમનાં જ મતે **જોવા મળે** છે એવો પ્રયોગ મરાઠીમાંથી અકારણ થયેલી આયાત હોય એ સંભવિત છે. **જોવામાં આવે** છે એ જ ગુજરાતી માટે માન્ય રૂઢિપ્રયોગ છે (એજન, પા. ૧૭૦).

(૩) બળવંતરાય ક. ઠાકોરના મતે **હરામભક્ષક** જેવા સમાસો વર્ણસંકર હોવાથી તેવા સમાસ કરવા એ યોગ્ય નથી (**આપણી કવિતા-સમૃદ્ધિ**, ૧૯૩૧, પા. ૧૪૦)

ગુજરાતીની અભિવ્યંજક શક્તિને વિકસાવવા માટે જોઈતો અવકાશ આપવાની દષ્ટિને કેન્દ્રસ્થાને રાખનાર માટે પરભાષાની અસરની બાબતમાં પણ 'અડશો–મા–તમે–અભડાવશો' [don't–touchism][૬] એવું અનુદાર

૬. બ. ક. ઠાકોર; બુદ્ધિપ્રકાશ, ઓક્ટો–ડિસે. ૧૯૪૦, પા. ૪૦૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલણ દાખવવું શક્ય નથી. દરેક ભાષાના ઇતિહાસમાં ભૂમિકાવાર પરભાષાની અસરનો વધતોઓછો ફાળો નોંધાયેલો હોય છે. **હિંદ**ની ભાષાઓના ઇતિહાસના દરેક યુગમાં જુદીજુદી ભાષાઓ વચ્ચે થયેલો ભાષાસામગ્રીનો આંતરવિનિમય તો એટલો અટપટો છે કે તેની ગૂંચો ઉકેલવી એ **ભાર**તીય–**આર્ય** ભાષાશાસ્ત્રનો એક મહાન કોયડો છે. એટલે અમુક પ્રયોગ પરભાષાનો હોવાને કારણે ખોટો જ ગણાય એવો કોઈ નિયમ ન બાંધી શકાય. તેના ખોટા ખરાપણાનો આધાર આપણી ભાષાના હાર્દને તે કેટલે અંશે અનુકૂળ છે તેના નિર્ણય પર રહે છે.

ચાલુ ક્રિયા દર્શાવવા **રહેવું**નો પ્રયોગ કરવાનું વિજયરાયને પોતાને બે વાર જીભે આવે છે, પણ તેમણે તેને દુષ્પ્રયોગ ધારી લીધો હોવાથી તે વાપરતા અટકે છે. તેમણે નોંધ્યું છે તેમ **ચુ**નીલાલ **વ. શાહે** બુદ્ધિની ખાસ સભાન પ્રવૃત્તિ વિના સાહજિકપણે જ એ પ્રયોગ કર્યો છે. બીજા લેખકોમાં પણ એ સામાન્યપણે વપરાતો મળી આવે. આમ તે ચાલુ વપરાશમાં હોવા છતાં તેને ભાષાબહાર શા માટે મૂકવો? **રહેવું** ચાલુ અને સમાપ્ત બંને ક્રિયા માટે વપરાય તો શું ખોટું છે? અને મને તો ચોક્કસ લાગે છે કે જેમ **કર્યા કરે છે, કર્યે જાય છે** ને **કરતો હોય છે** એ ત્રણેની જુદાજુદા સંદર્ભો પ્રમાણેની **અર્થ**છાયાના કેટલાક અંશો એકબીજાથી સ્વતંત્ર છે, તેમ **કરી રહ્યો છે**ની અર્થસમૃદ્ધિ એટલી બધી છે કે તેનાથી વ્યક્ત થતો ભાવ દર્શાવવા માટે ઉપરના કોઈ એકનો જ નહિ પણ પ્રસંગાનુસાર ત્રણેયનો ઉપયોગ કરવો પડે. શ્રી. વિજયરાયે **મા**નસીમાં પૂર્વનિર્દિષ્ટ ત્રણ સ્થળે **કરી રહ્યો છે**ની ટીકા કરી તેની અવેજીમાં વારાફરતી આ ત્રણ પ્રયોગો સૂચવ્યા છે એ આની સાબિતીરૂપે ટાંકી શકાય. અને આમાં અંતિમ નિર્ણય લાવનારી દલીલ તો એ છે કે હિંદીગંડુ કે ગુજરાતીગંડુ એવો કોઇ પણ આરોપ જેમની પર મૂકવો શક્ય નથી તેવા સામાન્ય અશિક્ષિત ગ્રામીણ લોકો પણ **રહેવું**નો ચાલુ ક્રિયા દર્શાવવા પ્રયોગ કરતા હોય છે. આ પ્રત્યક્ષ અનુભવની વાત છે. **‘જોઈ શું રહ્યો છો, કરને ઘા’, ‘આમ સૂનમૂન શું પડી રહ્યાં છો, ઈશ્વરે હાથપગ નથી દીધા?’** આવી ઉક્તિઓ બોલચાલની ભાષામાં સામાન્ય માણસો દ્વારા વપરાતી જોવામાં આવે છે. એટલે એ પ્રયોગ અગુજરાતી નથી.

જોવા મળે છે ને **જોવામાં આવે છે** એ બંને તદ્દન સમાનમૂલ્ય છે? એવા સંદર્ભો નહિ મળે કે જેમાં એકને બદલે બીજું મૂકવાથી સૂક્ષ્મ અર્થફેર થવાનો જ? અને **મરાઠી**માંથી આયાત કરેલો હોય તો પણ **જોવા મળે છે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રયોગ પ્રચલિત થતો જતો હોય તો તેમાં ગુજરાતીના સ્વત્વને હાનિ કરે એવું કયું તત્ત્વ છે? આવી બાબતોમાં વસ્તુસ્થિતિનિરૂપક (ડીસ્ક્રીપ્ટીવ, descriptive)ને બદલે વિધિનિષેધાત્મક (પ્રીસ્ક્રીપ્ટીવ, prescriptive) વલણનો અંગીકાર કરવામાં આવે છે તે આપણી ભાષા માટે કોઈ પણ રીતે હિતકર નથી. અહીં યેસ્પર્સનના શબ્દો[7] ઘણાજ પ્રસ્તુત અને ભાષા-અભ્યાસીને નિત્ય નજર સામે રાખવા જેવા છે: 'ભાષાને શિષ્ટતા-અશિષ્ટતા પર નિર્ભર રહેતી [નૉર્મેટીવ, normative] દૃષ્ટિએ નિહાળવામાં કેટલાંક મોટાં ભયસ્થાનો રહેલાં છે અને ભાષાઓના ઐતિહાસિક વિકાસનું અને ભાષા પાછળના માનસશાસ્ત્રના સામાન્ય નિયમોનું સર્વસ્પર્શી જ્ઞાન હોય તોજ તેમનાથી દૂર રહી શકાય. **બાકી તો 'શુદ્ધ' 'શિષ્ટ' અને 'આદરણીય'ની મર્યાદા ખૂબજ સાંકડી દોરવાનું વલણ સર્વત્ર દેખાય** છે. ઘણીવાર વાસ્તવિકપણે તો બોલચાલમાં બે કે વધારે રૂપો અગર ઉક્તિપ્રકારો ઉપલભ્ય હોય છતાં એકને જ આદર આપવામાં આવે છે. શાસ્ત્રીય કસોટી મારફત નિર્ણય લાવવા જેટલો સમય હજી વીત્યો ન હોય તેવી બાબતોમાં સારા પ્રયોગ તરીકે કોની પસંદગી કરવી એ પ્રશ્નનો નિર્ણય ઘણીયે વાર વ્યક્તિગત તરંગ કે અભિનિવેશથી લાવવામાં આવે છે; અને આમ દૃષ્ટિબિંદુ ઓછું સાંકડું રાખતાં જે રૂપ, અધિકૃત વ્યાકરણ કે શબ્દકોશમાં પસંદગી પામેલા રૂપ જેટલુંજ બલ્કે તેના કરતાં પણ વધારે સારૂં લાગે તેવું હોય તેને ઘણીવાર નિષિદ્ધ ગણવામાં આવે છે........... વ્યાકરણી શુદ્ધતાના પ્રશ્નોનો નિકાલ લાવવામાં ઘણીવાર એકલી તાર્કિક વિચારણાને અતિ મહત્ત્વ આપી દેવામાં આવે છે. આ જાતનું વલણ અને તેની સાથે થતો માનવજાતના—અને ખાસ કરીને શિક્ષકોના—સ્થિતિચુસ્તપણાનો સંયોગ એ જીવન્ત ભાષાના નૈસર્ગિક વિકાસવ્યાપારમાં અનેક રીતે અડચણરૂપ થઈ પડે છે." આપણી ભાષાના વિકાસમાર્ગમાં આવી અડચણો ઊભી ન થાય તેને માટે આપણે સચેત રહેવાની જરૂર છે.

બાકી રહેલો **હરામભક્ષક** લઈએ. **હરામભક્ષક** શબ્દની ધ્વનિગોઠવણી અરોચક હોવાથી એનો પોતાનો બહુ બચાવ કરવા જેવું નથી. પણ તેના નિમિત્તે સામાન્યપણે સંકર-સમાસો વિરુદ્ધ જે મતપ્રદર્શન કરવામાં આવ્યું છે, તેને વિષે થોડુંક કહેવાનું છે. ઉપરની વિચારણાનોજ કેટલોક અંશ તો આના પ્રતિવાદરૂપે રજૂ થઈ શકે તેમ છે. વળી ઠાકોર રૂઢ થઈ ગયેલા સંકરસમાસોને

---

૭. એજન, ૨૫-૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો રહેવા દેવાની તરફેણમાં છે. તેમનો વિરોધ એવા પ્રકારના નવા ઘડતરની સામે છે. પણ એટલો વાંધોયે સમર્થિત થઈ શકે એવું મને નથી લાગતું. ભારતીય-આર્યના ઇતિહાસના હરેક યુગમાં આવા પ્રકારના પ્રકારના સંકર-સમાસો મળી આવે છે. સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાયે વિશિષ્ટ પ્રકારના સંકર-સમાસો—'ભાષાન્તર-સમાસો' [ટ્રાંસ્લેશન કંપાઉંડ્ઝ, Translation Compounds]—તરફ આપણું ધ્યાન ખેંચેલું છે.[૮] મધ્યયુગીન અંગ્રેજીમાં પણ એવાં કેટલાંક ઉદાહરણો મળી આવે છે. અર્વાચીન ભારતીય-આર્યભાષાઓમાંથી 'ધન-દોલત', 'કાગળ-પત્તર' 'માન-મર્તબો', 'માન-અકરામ', 'દીવા-બત્તી', 'સીલ-મહોર', 'લાજ-શરમ', 'બળ-જોરી' વગેરે પુષ્કળ શબ્દો ટાંકી શકાય. પ્રાચીન અને મધ્ય ભારતીય-આર્યમાં પણ ભાષાકીય સંકર-જનન [લીંગ્વીસ્ટીક મીસેજીનેશન, linguistic miscegenation]ના નમૂના મળી આવે છે. कार्षापण० (પ્રાચીન ફારસી+આકૃતીત અવાચ્ય [ઑસ્ટ્રીક, Austric]), शालिहोत्र० (અવાચ્ય+દ્રાવિડી), पालकाप्य० (દ્રાવિડી+ભારતબાહ્ય આર્યેતર અંશ), दन्तपाल० (આર્ય+દ્રાવિડી), इक्षुगण्ड० (આર્ય+'દેશ્ય'), सातवाहन० (અવાચ્ય+દ્રાવિડી) વગેરે: આમ સંકર-સમાસો માટે દોઢેક સહસ્રાબ્દીની આપણીજ ભોમની પ્રાચીન પરંપરા મળે છે.

અને પરાઈ ભાષાના ઋણનું ક્ષેત્ર આપણે ધારતા હોઈએ છીએ તેના કરતાં ઘણું વિશાળ હોય છે.[૯] મુખ્યત્વે નામ અને વિશેષણની પરભાષામાંથી આયાત થતી હોય છે; પણ કેટલીકવાર સંખ્યાવાચકો (વિશિષ્ટ ઉપયોગ માટે), પૂર્વગો, સાધક પ્રત્યયો અને બહુ જ અસાધારણ સંજોગોમાં નિત્યના વપરાશના આખ્યાતો ને પુરુષવાચક સર્વનામ સુદ્ધાંતનો પરભાષામાંથી સ્વીકાર કરવામાં આવે છે. વાક્યરચના પર પણ પારકી અસર પડતી હોય છે. ઉ. ત. કેટલીયે રૂઢોક્તિઓ અને પ્રયોગો ફ્રેંચ અને લૅટીનમાંથી અંગ્રેજી, જર્મન અને સ્કૅન્ડીનેવીઆઈ ભાષાઓમાં તેમજ જર્મનમાંથી ડૅની અને સ્વીડી ભાષામાં પ્રવેશ્યા છે. આથી જોઈ શકાશે કે અમુક સૂચક

૮.:(૧) ભારતીય-આર્યમાં ભાષાબાહુલ્યસૂચક પ્રયોગો [પોલીગ્લૉટીઝમ ઈન ઇંડોઆર્યન Polyglotism in IndoAryan] સાતમી પ્રાચ્યવિદ્યાપરિષદ (વડોદરા: ૧૯૩૩)નું પ્રવૃત્તિનિવેદન; (૨) ભારતમાંની આર્ય ભાષાનો ઈતિહાસ [A History of Aryan Speech in India]—ધી કલકત્તા રીવ્યૂ: સપ્ટે. ૧૯૩૬, પા. ૨૯૩; (૩) 'જ્ઞાનગોષ્ઠી'—બુદ્ધિપ્રકાશ: ઑક્ટો.—ડિસે. ૧૯૪૦, પા. ૩૮૭. (૪) ભારતીય-આર્ય અને હિંદી [Indo Aryan and Hindi] ૧૯૪૨, પા. ૩૭.

૯. યેસ્પર્સન: એજન, પા. ૨૧૧-૨૧૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અગત્યની—ભાષાના આત્મારૂપ—સામગ્રી બાદ કરતાં બાકીના કોઇ પણ અંશની પરભાષામાંથી જરૂર પડે આયાત થવી એ ભાષાઘડતરના ઇતિહાસમાં સાધારણપણે બનતી બીના છે. **બેભાન, બેશુદ્ધ, બેસ્વાદ** જેવા સંકર સમાસ ચાલુ વપરાશમાં છે જ; **ઉપનીપજ** (વિષ્ણુપ્રસાદ) જેવા પ્રયોગો શિષ્ટ લેખકોમાં મળે છે; તે **જેવા મળે છે** જેવા પ્રયોગોને કે સારા લાગે તેવા સંકર–સમાસોને ઉપયોગમાંથી બાતલ ન કરવાના પક્ષની સમર્થક છે.

[૩]

રૂપમો [મોર્ફીમ્ઝ, morphemes]

વિજયરાય ક. વૈદ્યને મતે **કેવળ** શોખથી જ એવા પ્રયોગમાં વિનાકારણ બેવડો ભાર દેવાની ભૂલ થાય છે [એજન, પા. ૧૫૦].

આ વાંધાનું નિરસન કરતાં પહેલાં અર્વાચીન ભાષાશાસ્ત્રની કેટલીક હકીકતોનો ઊડતો ખ્યાલ જરૂરી છે.

દરેક વાકયમાં આપણે બે તત્ત્વોને છૂટાં પાડી શકીએ : માનસિક અનુભવ–સંસ્કારોને આધારે ઘડાયેલા ખ્યાલોને વ્યક્ત કરતાં તત્ત્વો **અર્થસો**[૧૦] [semanteme] અને આ અર્થસો વચ્ચે રહેલો વ્યાકરણી સંબંધ દર્શાવતા ધ્વન્યાત્મક તત્ત્વો (એક જ ધ્વનિ, એક અક્ષર [syllable] કે અનેક અક્ષરો) તે **રૂપમો** [morpheme]. **રામે જાનકીને વનવાસ આપ્યો** એ વાકયમાં **રામ જાનકી વનવાસ આપવું** એ સૌ અર્થસો અને **–એ** ને **–યો** એ રૂપમો છે.

---

૧૦. લેખનમાં એક જ સંજ્ઞા મારફત વ્યક્ત કરવામાં આવતો કોઈ ધ્વનિ ખરી રીતે એકરૂપ નથી હોતો. તેનાં જુદીજુદી વ્યક્તિઓથી થતાં તેમજ એકની એક વ્યકિતથી જુદેજુદે સમયે થતાં ઉચ્ચારણો વચ્ચે સૂક્ષ્મ તફાવત રહેલો જ છે. આ ઉચ્ચારણોમાં ઉચ્ચારણ–અવયવોની હિલચાલ, ઉચ્છ્વાસને પ્રયત્નની માત્રા, વગેરે ઝીણીઝીણી ધ્વનિવિગતોમાં કંઈ નહિ તે કંઈ ફરક પડતો હોય છે. અને એમ સ્થૂળમાને એક ગણાતા હરેક ધ્વનિનું ઉચ્ચારણ ખરી રીતે તો અનેક અંશભિન્ન ઉચ્ચારણોની સરેરાશ રજૂ કરે છે. સરેરાશ ઉચ્ચારણના ખ્યાલને લીધે સામાન્ય દૃષ્ટિએ એક લાગતા કોઈ ધ્વનિના, જુદાજુદા ધ્વનિસંદર્ભોમાં દેખા દેતા બધાયે પરિવર્તો [વેરીયંટ્સ, variants]ના સમૂહને યુરોપની ભાષાઓમાં 'ફોનીમ' [phoneme] કહે છે. આપણે તેને માટે **ધ્વનિસ** [ध्वनिस्=ध्वनि० નું પ્રથમા એકવચન] એવી સંજ્ઞા યોજી શકીએ. અને તે પ્રમાણે યુરોપી 'મોર્ફીમ' [morpheme] માટે **રૂપમ** [रूपम्=रूप० નું પ્રથમા એકવચન] અને 'સેમાંટીમ' [semanteme] માટે **અર્થસ** [अर्थस= अर्थ०નું પ્રથમા એકવચન] અહીં યોજ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ, વિશેષણ, આખ્યાત, અમુક પ્રકારના સર્વનામ : આ સૌ અર્થસોના વર્ગમાં આવે; (૧) પ્રત્યયો, પૂર્વગો, અનુગો, ઉપસર્ગો, નિપાતો, શબ્દયોગીઓ, વગેરે અવ્યયો તથા પુરુષવાચક સર્વનામો, સહાયકારક ક્રિયાપદો, વિશેષકો (આર્ટીકલ, article) અને એવી બીજી વ્યાકરણી યુક્તિઓ; (૨) આઘાત (એકસંટ, accent) તેમજ અપધ્વનિ (એબ્લાઉટ, ablaut); (૩) શબ્દક્રમ : આ સૌનો રૂપમના વર્ગમાં સમાવેશ થાય છે.[૧૧] રૂપમના બીજા પ્રકારોને છોડી દઈ પ્રસ્તુત ચર્ચાને ઉપયોગી પ્રકાર વિશે જ થોડુંક કહીશું. ઉપરના ઉદાહરણમાંના ૦ને, ૦યો, વગેરે જેવા એક જ ધ્વનિ કે એક જ ધ્વનિ-સમૂહના બનેલા હોય તેવા રૂપમો **સાદા રૂપમો** કહેવાય છે. તેમાં અમુક વિશિષ્ટ વ્યાકરણી કાર્ય એક જ ધ્વનિસમૂહ (કે ધ્વનિ) કરતો હોય છે. પણ રૂપમોની એક બીજી જાતમાં તે એક નહિ પણ જુદાજુદા ધ્વનિસમૂહોનું બનેલું હોય છે. તેમાં એક જ વ્યાકરણી કાર્ય જુદાજુદા બે ધ્વનિસમૂહો એક જ સાથે વાપરવાથી બજે છે. એટલે કે આવી બાબતમાં તે બે શબ્દો છૂટા હોવા છતાં તેમનાં માનસિક સંયોગથી અવિભાજ્ય ઐક્યવાળું એક રૂપમ ઊભું થાય છે. ફ્રેંચ ભાષામાં નગ્નાર્થ બે તત્ત્વોથી વ્યક્ત કરવામાં આવે છે; અને વાક્યમાં આ બેને ભાગ્યે જ એકબીજાની સમીપ મૂકવામાં આવે છે. ઉ. ત. "je[૧] ne[૨] mange[૩] pas[૨]". "હું[૧] ખાતો[૩] નથી[૨]". આ જાતના રૂપમો **સંયુક્ત રૂપમો** કહેવાય છે.

ગુજરાતીમાં ભારદર્શન કે અન્યવ્યાવર્તન માટે **કેવળ** અને **જ** અથવા **માત્ર** અને **જ** સાથે વાપરી શકાય છે. ઉ. ત. "કેટલાક તરુણ વિદ્વાનો **કેવળ** શોખથી **જ** ગ્રંથકાર થવાને પ્રવર્તમાન થાય છે." "આવી ઉગ્ર સાધના તો **માત્ર** ગાંધીજી **જ** કરી શકે." ઉપર આપેલી હકીકતોના પ્રકાશમાં આ **કેવળ–જ** કે **માત્ર–જને** સંયુક્ત રૂપમની કોટીમાં મૂકી શકાય. પણ તેમાં એટલું બાધક છે કે અર્થવ્યક્તિ માટે **કેવળ—જ** કે **માત્ર—જ** ના બંનેય ઘટકોનો ઉપયોગ કરવો પડે એવું નથી. બંનેના ઉપયોગથી વ્યક્ત થતો ભાવ સ્થૂળમાને વ્યક્ત કરવા માટે તેમાંથી ગમે તે એક પણ પર્યાપ્ત છે. **માત્ર**, **કેવળ** અને **જ** એકલા પણ તેવી અર્થવ્યક્તિ કરે છે. ભારની માત્રા વધારે હોય ત્યાં બે વાપરવાનું થાય છે. આથી આ રૂપમ સાદા અને સંયુક્તની વચ્ચેની દશામાં છે એવો નિર્ણય બાંધી શકાય.

---

૧૧. **વાઁદ્રયે** (Vendryes), લેંગ્વેજ [Language] (અંગ્રેજી ભાષાન્તર : ૧૯૩૧), પા. ૭૩–૮૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉક્ત રીતે ભાષાશાસ્ત્ર તરફથી **માત્ર–જ** કે **કેવળ–જ**ના પ્રયોગને સમર્થન મળે છે. રૂઢિ તો સમર્થક છેજ; અને ત્રીજી રીતે એમ સમર્થન થઈ શકે કે કેવળ **કેવળ** કે **માત્ર,** અગર કેવળ **જ,** અથવા તો એકી વખતે તેમાંથી બે સાથે વાપરી શકાય છે તે ભાર કે કૈવલ્યની ઓછી વધુ માત્રા અનુસાર છે. એટલે તેનો સંયુક્ત ઉપયોગ ધારવામાં આવ્યું છે તેમ નિરર્થક નથી અને તો તેનો બહિષ્કાર કરવો પણ ઘટતો નથી.

છેવટમાં એટલું સ્પષ્ટ કરી લઉં કે ઉપરના વિચારમણકામાં સૂત્રસ્થાને આટલી વાત રાખી છે કે ગુજરાતીને અમુક પ્રકારનું સ્થિર—શિષ્ટ સ્વરૂપ છે અથવા તો આપવાનું છે એ સ્વીકારીને પણ તેનો વિકાસ ખોટા નિયંત્રણોથી ન રુંધાય અને સર્વ ભાષાઓની જેમ તે પણ એક સાધન હોઈ વાપરનાર સમૂહની જરૂરિયાત પ્રમાણે તેમાં પરિવર્તનો થયાં કરવાનાં એ લક્ષમાં રાખવું ૧૨ઇષ્ટ ને આવશ્યક છે.

★

૧૨. વિજયરાયનાં લખાણોમાં ગુજરાતીના ઘડતરની બાબતમાં સામાન્ય રીતે પ્રયોગપ્રેમ અને ઉદાર દૃષ્ટિ સુવ્યક્ત થાય છે, પણ અહીં જેવાં કોઈકોઈ સ્થળે તેમણે સાંકડું વલણ દાખવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણદુષ્ટ કિંતુ બહુપ્રચલિત

શબ્દોને—અને ભાષાનાં બીજાં અંગોને પણ—લગતી આપણી શુદ્ધતા-અશુદ્ધતાની માન્યતાઓને અને ખ્યાલોને ચકાસવાને જરૂરજોગું અંતર આપણને ત્યારે જ મળી શકે, જ્યારે આપણે આપણી ભાષાના વર્તુળને વટી સહજન્ય પડોશભાષાઓના પ્રવાહને તપાસતા રહીએ. **ચલન્તિકા—આધુનિક બંગભાષા અભિધાન**, એ નામના શ્રી. **રાજશેખર બસુ** સંકલિત (દ્વિતીય સંસ્કરણ ૧૯૩૩-૩૪) **બંગાળી** શબ્દકોષમાં પરિશિષ્ટ રૂપે જે કેટલીક પ્રકીર્ણ માહિતી આપેલી છે, તેમાં પા. ૬૨૪-૬૨૫ પરની શબ્દોની યાદી પ્રસ્તુત હકીકતના એક ઉદાહરણ તરીકે રજૂ કરી શકાય. એ યાદીને 'વ્યાકરણદુષ્ટ કિન્તુ **બંગાળીમાં** બહુપ્રચલિત' એવા અર્થનું શીર્ષક આપેલું છે. ગુજરાતીની દૃષ્ટિએ ઉપકારક નહીં એવા થોડાક શબ્દો છોડી દઈ, બાકીનામાંથી જે ગુજરાતીને પણ જાણીતા છે તેમની બાજુમાં ફૂદડી મૂકી એ આખી યાદી નીચે ઉતારું છું.

શુદ્ધ	**પ્રચલિત**
અનૂદિત	અનુવાદિત*
અર્ધાઙ્ગી	અર્ધાઙ્ગિની*
આવશ્યક	આવશ્યકીય
આવશ્યક	આવશ્યકતા*
ઇષ્ટ	ઇચ્છિત*
ઉપર્યુક્ત	ઉપરોક્ત*
કાય	કાયા*
ક્ષમ	સક્ષમ
ચક્ષુર્ગોચર, વગેરે	ચક્ષુગોચર, વગેરે
નત	નમિત
નૈરાશ્ય	નિરાશા
પથ્યનુસરણ	પથાનુસરણ
બહુરૂપ	બહુરૂપી*
વિદ્યુદ્વેગે	વિદ્યુતવેગે
મહારથ	મહારથી*
મહિમમય	મહિમામય
શરચ્ચંદ્ર	શરતચંદ્ર
સર્જન	સૃજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત આગળ આપેલી એક 'અશુદ્ધ' શબ્દોની યાદીમાંથી નોંધવા જેવા :–

શુદ્ધ	**અશુદ્ધ**
સંમુખ	સન્મુખ*
સંમાન	સન્માન*
કથયિતવ્ય	કથિતવ્ય*
નિરપરાધ	નિરપરાધી*
સશંક	સશંકિત

આ *શબ્દો આપણે માટે ઘણા સૂચક છે. શિષ્ટ ગુજરાતીનું સ્વરૂપ બાંધવામાં જે ધોરણો અત્યારે પ્રવર્તી રહ્યાં છે, તેમાંથી કેટલાંક પંડિતયુગે ઘડેલાં છે. પણ આ પંડિતયુગ પોતે પશ્ચિમના સંપર્કે ઉદ્‌ભાવેલા ભારતવ્યાપી પ્રબોધકાળના એક ફળરૂપ છે. પ્રબોધકાળે આપણને પ્રાચીન સંસ્કૃત સાહિત્ય અને ભાષાનાં સમૃદ્ધ વારસા તરફ સ્વમાન અને આત્મગૌરવ સાથે વાળ્યાં, અને ત્યારથી જે વિચારવલણો અને આચારઢાળા (બીહેવીયર પેટર્ન્‌જ્ behaviour patterns) ઉદ્‌ગમ પામી સ્થિર સ્વરૂપ પકડતાં આવ્યાં છે તેમનું પોષણ કરનારી બેમાંથી એક ધાત્રી તે આપણો એ પ્રાચીન વારસો જ છે. પ્રબોધકાળનું આરંભનું પ્રેરકબળ તે પરાઈ સંસ્કૃતિ સામેનો પ્રત્યાઘાત. આને લીધે સહજ જ આપણું વિચારતું લોલક તેના અર્ધવર્તુળના બીજા છેડાને સ્પર્શવા લાગ્યું, તે કેટલીયે બાબતોમાં આપણાં પ્રાચીન સાહિત્ય, સંસ્કૃતિ અને ભાષા પ્રેરક અને માર્ગદર્શક અમુક હદ સુધી જ રહી, પછી માર્ગરોધક બનતાં જતાં હોવાનાં ચિહ્નો વરતાવાં લાગ્યાં. એટલે ત્યારથી પ્રત્યાઘાતની આરંભની ભૂમિકાની સાથોસાથ સમન્વયની ભૂમિકાનાં મંડાણ થયાં. વિચારાદિનાં આ પરિવર્તનો આપણી ભાષાઓનાં વિકાસ પર પણ પ્રભાવ પાડતાં રહ્યાં છે.

આટલું પ્રાસ્તાવિક લંબાણ આપણે ત્યાં તેમ જ ઉત્તર ભારતના અન્ય ભાષાપ્રદેશોમાં હાલ પ્રવર્તતાં ભાષાકીય શુદ્ધિ–અશુદ્ધિનાં ધોરણોને તેમના ખરા સ્વરૂપમાં સમજવા માટે અનિવાર્ય માનીને કર્યું છે. આ પૂર્વપીઠિકાને આધારે આપણે હવે શરૂમાં ટાંકેલી યાદી વિશે થોડો વિચાર કરીએ.

ટાંકેલી યાદીમાં શબ્દોની એક કટારને 'શુદ્ધ' એવી મહોરછાપ લગાડવામાં આવેલી છે. સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે આ શુદ્ધિ તે કયા ધોરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણેની? કારણ, શુદ્ધિઅશુદ્ધિનો ખ્યાલ ભાષાસાપેક્ષ છે. અમુક, સમય કે સ્થળની ભાષા માટે જે શુદ્ધ હોય તે જુદા સમય કે સ્થળની ભાષા માટે શુદ્ધ જ હોય એવો કોઇ નિયમ નથી. શુદ્ધિનુ કોઇ નિરપેક્ષ ધોરણુ નથી. સંસ્કૃત-પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી વગેરેને શુદ્ધિનાં પોતીકાં સ્વતંત્ર ધોરણો હોય છે, જે તેતે ભાષામાં પ્રવર્તમાન થતા પ્રયોગો પૂરતાં જ સાર્થક છે. આમ હોવા છતાં ઉપરની યાદીમાં **પ્રશિષ્ટ** (ક્લાસીકલ, classical) **સંસ્કૃત** વ્યાકરણના નિયમોને જ લક્ષમાં રાખીને **બંગાળી** શબ્દોની શુદ્ધિઅશુદ્ધિનો ન્યાય તોળવામાં આવ્યો છે! **પ્રશિષ્ટ સંસ્કૃત**ના ઉત્કર્ષકાળ પછીથી લઇને આજ સુધીના ગાળામાં બીજી ત્રણચાર ભાષાઓ ઉદય, વિકાસ ને અસ્તની ભાગી બનેલી છે, અને તેતે ભૂમિકામાં પ્રવર્તેલાં ભાષાકીય વલણો **સંસ્કૃત**માં પ્રવર્તેલાં વલણોથી જુદાં છે એ હકીકતને વીસારી દઈએ તો જ આપણે **સંસ્કૃત**નાં શુદ્ધિનાં ધોરણોને **પ્રાકૃતા**દિ ભાષાનાં વલણોને લાગુ પાડવાની ચેષ્ટા કરી શકીએ. **પ્રાકૃતા**દિ ભાષાઓ જે **સંસ્કૃત** કે ઇતર ભાષાની સામગ્રીનો ઉપયોગ કરે તેને પણ સામાન્યત: તો તે તે ભાષાના જ નિયમો લાગુ પડે, નહીં કે **સંસ્કૃત**ના. **ટેબલો, પીનો** વગેરે વાપરવાને બદલે **ટેબલજ લાવો, પીન્જ આપો** એમ બોલવું એ શુદ્ધ ગુજરાતી નથી જ.

આટલી વાત ધ્યાનમાં રાખી પહેલાં આપેલી યાદીના શબ્દો તપાસીએ. એ શબ્દોમાંથી **વિદ્યુત્વેગે** ને **શરત્ચંદ્ર**માં **સંસ્કૃત** સંધિનિયમો અને **મહિમામય**માં **સંસ્કૃત** સમાસનિયમોનો ભંગ થયેલો છે તેથી; જ્યારે **ચક્ષુગોચર, ઉપરોક્ત** ને **પથાનુસરણ**માં **સંસ્કૃતે**તર ને **સંસ્કૃત** અંગોનો સમાસ કરવામાં આવ્યો છે તેથી તેમને અશુદ્ધ ઠરાવવામાં આવ્યા છે. આનો અર્થ એ કે **સંસ્કૃત** સંધિનિયમો **સંસ્કૃત** પૂરતાં જ જીવંત હોવા છતાં તેમનું અર્વાચીન ભાષાઓ પર પણ વર્ચસ્વ સ્થાપવું અને અર્વાચીન ભાષાઓમાંથી **મનસુખ, યશવંત જ્યોતીંદ્ર,** જેવા અનેક ભાષાના સ્વત્વના અંશરૂપ સમાસોને હાંકી કાઢી ભાષાઓની એવા સમાસ ઘડવાની શકિતને રુંધવી કે નષ્ટ કરવી.

એ જ પ્રમાણે બહુવ્રીહિથી અર્થ વ્યક્ત થઈ શકતો હોય ત્યાં મત્વર્થીય इन् ન પ્રયોજવો એ નિયમને આધારે **બહુરૂપી, મહારથી** ને **નિરપરાધી**ને અશુદ્ધ કહ્યા છે. પણ **સંસ્કૃત**માં જ આવા પ્રકારના પુષ્કળ શબ્દો વ્યવહારમાં જોવા મળે છે એ જ દેખાડે છે કે ઉપલા નિયમની જીવંતતા અમુક સમય પછી નષ્ટ થવા લાગી હતી. **બહુરૂપ** વગેરે જેવા શબ્દોથી અર્વાચીન ભાષાઓમાં 'બહુરૂપવાળો' ઇત્યાદિ અર્થનું દ્યોતન તત્કાલ નથી થતું—એવા અર્થદ્યોતનને માટે એ અપર્યાપ્ત લાગે છે, એટલે જ આપણે મત્વર્થીય ઈ લગાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુરૂપી વગેરે સાધી અર્થનિષ્ઠ આકાંક્ષા પૂરી કરીએ છીએ. એટલે, ભાષાનું વલણ જ આ જાતનું શબ્દઘડતર માગી લે ત્યાં અશુદ્ધિનો સવાલ ઊભો કેમ કરી શકાય? એવી જ રીતે **સન્મુખ** શબ્દનો જૈન સંસ્કૃત ગ્રંથ **પ્રબંધચિંતામણિ** (૧૩૦૪) માં, ને **સન્માન**નો **ચિત્રસેનપદ્માવતીકથા** (૧૬૦૩) ને **રામચરિતમાનસ** (૧૬ મી સદી)માં પ્રયોગ થયેલો છે તે દેખાડી આપે છે કે આજકાલથી નહિ પણ ચારપાંચ સદી પહેલાંથી પ્રવર્તતાં ભાષાવલણોને આધારે એ શબ્દોનો રૂપપલટો થયેલો છે. **કાયા** શબ્દ **અપભ્રંશ**ભૂમિકાથી જ સ્ત્રીલિંગી બન્યોછે, અને જૂની ગુજરાતીમાં એ જ લિંગમાં એ જાણીતો છે. **આવશ્યક** સંસ્કૃતમાં વિશેષણ અને નામ બંને છે. અને તો પછી વિશેષણાર્થક **આવશ્યક**માંથી **આવશ્યકતા** સાધવામાં સંસ્કૃત પ્રમાણે પણ કશો બાધ ન હોઈ શકે. એટલું જ નહીં, હિતોપદેશમાં **આવશ્યકતા** વપરાયેલો જ મળે છે. બાકી રહેલામાં **ઇચ્છિત, અનુવાદિત, કથિતવ્ય** વગેરે સાદશ્યને આધારે સધાયેલા છે. **ભાષાન્તર**ને **ભાષાન્તરિત** વગેરેની માફક **અનુવાદ, અનુવાદિત, ઇચ્છા–ઇચ્છિત** (સર૦ **પ્રાકૃત** इच्छिय) વગેરે.

આમ ગુજરાતી વગેરે અર્વાચીન ભાષાઓ કે તેમની પૂર્વભૂમિકાઓમાં હસ્તીમાં આવેલાં ભાષાવલણોને વશવર્તીને ઉપરના જેવા શબ્દો, પ્રયોગો ઇત્યાદિ સંસ્કૃતથી સ્વતંત્રપણે વપરાતા થયા છે, અને તેથી તેમનો અર્વાચીન ભાષાઓ પૂરતો શુદ્ધિ માટેનો દાવો સંસ્કૃતમાં વપરાતા શબ્દો ને પ્રયોગોના સંસ્કૃત પૂરતા શુદ્ધિ માટેના દાવા જેટલો જ વાજબી ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈતિહાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું, એક અને હોવુંનાં ભારત-યુરોપીય મૂળસ્વરૂપો*

સામાન્ય જાણ અને સ્પષ્ટતા ખાતર નીચેની પારિભાષિક સંજ્ઞાઓની પ્રાસ્તાવિક ઓળખવટ જરૂરી છે :

ભારતીય-આર્ય[૧] (Indo-Aryan) (=**ભાઆ**) મૂળે બહારના કોઈ પ્રદેશમાંથી **ભાર**તવર્ષમાં વસવાટ માટે આવી રહેલા **આર્યો**ની ભાષા. તેની ત્રણ ભૂમિકા–(૧) **વૈ**દિક ભાષા, **વે**દકાલીન ઇતર લોકબોલીઓ **અને સંસ્કૃત** : એ સૌનો સમાવેશ કરતી પ્રાચીન ભૂમિકા તે **પ્રાચીન ભારતીય-આર્ય** (Old Indo-Aryan) (=**પ્રાભાઆ**); (૨) **પાલિ, પ્રાકૃતો, અપભ્રંશ** તેમ જ તત્કાલીન લોકબોલીઓ : એ સૌને આવરી લેતી બીજી ભૂમિકા તે **માધ્યમિક ભારતીય-આર્ય** (Middle Indo-Aryan) (=**માભાઆ**); (૩) ગુજરાતી, **મ**રાઠી, **ને**પાળી, વગેરે ઉત્તર **ભાર**તની અર્વાચીન ભાષાઓથી રજૂ થાય છે તે અર્વાચીન ભૂમિકા—**અર્વાચીન ભારતીય-આર્ય** (New Indo-Aryan) (**અભાઆ**)

પ્રાથમિક ભારતીય-આર્ય (Primitive Indo—Aryan—Ur-Indo-Aryan) (**પ્રાભાઆ**): **ભાર**તીય-**આર્ય**માં બોલીભેદ વિકસ્યા હોવાની નિશાનીઓએ સ્પષ્ટ દેખા દીધા તે પહેલાંની એકરૂપતા ધરાવતી ભાષાભૂમિકા.

---

* ઑક્ટોબર-ડીસેમ્બર **૧૯૪૧** ના બુદ્ધિપ્રકાશમાંના ડોલરરાય **માંકડ**ના "'હું', 'એક' અને 'હોવું'ના મૂળ ઇન્ડો-યુરોપિયન શબ્દ" એ લેખની અન્વેષણપદ્ધતિ અને કેટલાક ચિન્ત્ય મુદ્દાઓની ચર્ચા.

૧. ભારતીય-આર્ય, પ્રાચીન ભારતીય-આર્ય, વગેરે સંજ્ઞાઓ વધારે શાસ્ત્રીય અને વિદ્વાનોમાં ક્યારનીય સર્વમાન્ય અને સામાન્યપણે વપરાતી થઇ હોવાથી ગ્રીયર્સન શોધી જૂની--અને ચર્ચાસ્પદ—પરિભાષા પ્રાથમિક પ્રાકૃત, દ્વૈતીયિક પ્રાકૃત, વગેરે હવે ન વપરાવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાથમિક ભારત-ઈરાની (Primitive Indo-Iranian-Ur-Indo-Iranian) (**પ્રાભાઈ**): **પ્રાથમિક ભારતીય-આર્ય** અને **પ્રાથમિક ઈરાની** (**અવેસ્તી, પહ્લવી,** વગેરેની એકરૂપતાવાળી પૂર્વભૂમિકા) એ બંનેની વૈયક્તિક વિશિષ્ટતાઓ સ્પષ્ટપણે વિકસવા લાગી તે પહેલાંની એકરૂપતા ધરાવતી ભૂમિકા.

ભારત-યુરોપીય-(Indo-European) (**ભાયુ**): **ભારતીય-આર્ય,** ઈરાની, **આર્મીની** (Armenian), **ગ્રીક, આલ્બેની,** (Albanese), ઈટાલીય (Italic), **કેલ્ટી કે સેલ્ટી** (Keltic-Celtic), **જર્મેની,** (Germanic), **બાલ્ટી-સ્લાવી** (Baltic-Slavic), **તોખરી** (Tocharian) એ સૌ[2] સહજન્ય ભાષાવિશેષોનો પરિવાર તે **ભારત-યુરોપીય** ભાષાપરિવાર અને એ ભાષાવિશેષોની પ્રાથમિક ભૂમિકાઓ જેમાંથી ફંટાઈ એ પૂર્વભૂમિકા તે **પ્રાથમિક ભારત-યુરોપીય** ભાષા.

પુનર્ઘટના-(Reconstruction); ભાષાની અમુક ભૂમિકાના ધ્વનિઓ તે ભૂમિકા બદલાતાં જે પલટા પામે છે તેમને ફલિતરૂપે રજૂ કરતાં વિધાનો તે ધ્વનિનિયમો (ફોનેટીક લૉઝ phonetic laws), કે ઉત્સર્ગો કહેવાય છે. આમાં ઘણીવાર એમ પણ બને કે પાછલી ભૂમિકામાં કેટલાક એવા શબ્દો મળી આવે, જેમનાં પૂર્વસ્વરૂપ તરીકે રજૂ કરી શકાય તેવા શબ્દો, આગલી ભૂમિકાના મર્યાદિત અવશેષો જ જળવાઈ રહ્યા હોવાથી તેમાં ખૂટતા હોય. આવે વખતે ભાષાશાસ્ત્રી તે બે ભૂમિકાની સરખામણી દ્વારા પોતે તારવેલા સર્વસ્પર્શી ધ્વનિનિયમોને આધારે પાછલી ભૂમિકાના પ્રસ્તુત શબ્દોના ધ્વનિઓને સ્થાને આગલી ભૂમિકામાં કયા ધ્વનિઓ હોવા જોઈએ એ નક્કી કરી તદનુસાર તે શબ્દોનાં પૂર્વરૂપો ઘડી કાઢે છે. દા. ત. ગુજરાતી જોડવું ના મૂળરૂપ તરીકે ગણી શકાય તે શબ્દ પ્રાભાઆ.માં ન મળતો હોવાથી, (૧) અમુક શરતો

---

૨. હીટાઈટ (Hittite) સામાન્ય રીતે ભાયુ. ની ભગિનીભાષા તરીકે ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે ગુ. -ड्- પ્રાભાઆ. -ट्- નું અને (૨) બીજી કેટલીક શરતે નીચે ગુ. ज्- પ્રાભાઆ. य्-નું પરિણામ રજૂ કરે છે, જ્યારે (૩) અમુક સંજોગોમાં પ્રાભાઆ. ओ- ગુ. માં યથાવત્ જળવાઈ રહ્યો છે—આવા ઉત્સર્ગોને બળે જોડવુંના મૂળધાતુ તરીકે *युट्०- *योट्०ની પુનર્ઘટના કરવામાં આવે છે. यु० વાસ્તવિકપણે પ્રભાઆ.માં ધાતુ તરીકે અસ્તિત્વ ધરાવતો હોવાથી, અને બીજા શબ્દોના ઘડતરના અભ્યાસથી ધાતુવિસ્તાર માટે -ट्- પ્રત્યયનો વપરાશ થયેલો હોવાની સાબિતી મળતી હોવાથી, માત્ર ધ્વનિશાસ્ત્રને આધારે કરેલી ઉપરની પુનર્ઘટના બીજી દિશાઓમાંથી પણ સમર્થિત થાય છે.[૩]

હવે ઉપર ઉલ્લેખેલી ભાયુ. ભૂમિકા વસ્તુસ્વરૂપે અસ્તિત્વમાં હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી; પણ ઉક્ત **ભાર**ત-ઈરાની, **ગ્રી**ક, જર્મેની, વગેરે ભાષાઓની સરખામણી કરતાં એ સૌના સમાન મૂળ તરીકે એક એવી ભાષા-ભૂમિકા સ્વીકારવી પડે તેમ છે, કે જે મૂળ સ્થૂળમાને એકરૂપ હોય પણ સમય જતાં તેમાં બોલીભેદ વિકસવાને લીધે **ભાર**ત-ઈરાની, **ગ્રી**ક, વગેરે રૂપે વિભક્ત થઈ હોય. તે ભૂમિકાને **ભાર**ત-યુરોપીય કહેવામાં આવે છે. પ્રાભાયુ.નું સ્વરૂપ કેવું હશે—તેનું કલેવર, શબ્દો, રૂપો, ધ્વનિઓ વગેરે કેવાં હશે—તે, ભાયુ. પરિવારની પ્રત્યક્ષ અસ્તિત્વ ધરાવતી ભાષાઓની સરખામણી કરીને, ઉપર સમજાવેલી પુનર્ઘટનાની પદ્ધતિએ ભાષાશાસ્ત્રીઓએ તર્કથી નક્કી કર્યું છે, અને ઈ. સ. ૧૮૩૩ માં પ્રસિદ્ધ થયેલા બૉપ (Bopp)ના તુલનાત્મક વ્યાકરણથી માંડી અત્યાર સુધીમાં, ભાયુ. ભાષાશાસ્ત્રના અભ્યાસના ફળરૂપે ભાયુ. નાં વ્યાકરણ, કોશ, વગેરેના ઘણા ગ્રંથો બહાર પડ્યા છે. વાદદશા વટાવીને આ વિષય ઠીક ઠીક ખેડાઈ ગયો હોવાથી, ભાષાશાસ્ત્રીઓએ સ્થાપેલા ભાયુ. મૂળ ધ્વનિઓ અને ધ્વનિઓના સમૂહરૂપ શબ્દોને આરંભસ્થાન ગણી જુદી જુદી ભાયુ. શાખાઓમાં આ ધ્વનિસમૂહો કેવું રૂપાન્તર પામ્યા એ તપાસવું એ ભાષાઓના ધ્વનિઓ કે શબ્દોને સમજાવવાનો સરળ માર્ગ છે.

કોઈ પણ વિષયની ચર્ચા કે અન્વેષણ કરતાં પહેલાં તે વિષયમાં અત્યાર

---

૩. આથી જુદી પણ ખોટી વ્યુત્પત્તિ માટે જુઓ નરસિંહરાવ, ૧,૨૬૮ (૧૩).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીમાં થઈ ગયેલા કાર્યને લક્ષ્યમાં રાખીને જ આગળ વધવું જોઈએ[4] એ વાત શાસ્ત્રીય પદ્ધતિએ અભ્યાસ કરનારને સુવિદિત હોય છે. આ લેખના અંતમાં આપેલા ગ્રંથોમાં, અધ્યા. **માં**કડે ચર્ચેલા શબ્દોને લગતા નિર્ણયો—મુખ્યત્વે શાસ્ત્રીય પદ્ધતિએ અને પૂરતા પુરાવાને આધારે બંધાયેલા અને તેથી અસંદિગ્ધ અને સ્થિરસ્વરૂપના—તેમ જ તેમને લગતું સાહિત્ય મળી આવશે. આ ચર્ચામાં મેં મુખ્યત્વે વાલ્ડે (Walde) અને પોકોર્ની (Pokorny) ના ભારત-યુરોપીય ભાષાઓનો તુલનાત્મક કોશ (Vergleichendes Woeterbuch der Indogermanischen Sprachen) (૧૯૩૦) નો ઉપયોગ કર્યો છે.

અધ્યા. **માં**કડે ધ્વનિનિયમોને ફાવે તેમ વાપર્યા છે.[5] ધ્વનિનિયમોને સ્થળ-કાળનાં બંધનો હોઈ શકે એ તેમને પૂરતું ખ્યાલમાં રહ્યું હોય એમ લાગતું નથી. જુઓ તેમનાં નીચેનાં ભાવાર્થવાળાં વિધાનો :—

---

૪. પણ આપણે ત્યાં આવું બંધન સ્વીકારવાની જરૂરિયાત માનવામાં નથી આવતી. વ્યુત્પત્તિચર્ચામાં પણ, જે વિશે વારસો પહેલાં નિર્ણયાત્મક પરિણામો આવી ગયાં હોય છે, તે જાણે કે નવીન જ શોધ હોય તેમ રજૂ કરવામાં આવે છે. પણ, આધુનિક વિજ્ઞાનશાસ્ત્રને અડકયા પણ વિના કોઈ દસપંદર વરસની માથાતૂટ મહેનતને અંતે ફરી ગુરુત્વાકર્ષણનો નિયમ સ્વતંત્રપણે શોધી કાઢે તો તેથી તેનામાં ન્યૂટનના જેટલી ઉચ્ચ પ્રતિની સંશોધકતા હોવાનું પુરવાર થાય એટલું જ; જ્ઞાનની પ્રગતિની દૃષ્ટિએ તો એટલાં વરસ એળે જ ગયા એમ લાગે.

૫. નરસિંહરાવે પણ સગવડે આવું જ વલણ સ્વીકાર્યું છે. જુઓ "I do not forget that phonetic laws are conditioned by the limits of time and space. But when our theory goes far far back into a period where these limits of time and place are uncertain factors (શા માટે?) we are not unjustified in taking the phonetic principles on purely acoustic ground" ૧, ૩૦૪-૩૦૫.

આ વલણને લીધે તેમ જ પ્રામાણિક ગ્રંથોનો પૂરતો આધાર ન લીધાને કારણે, જ્યાં જ્યાં નરસિંહરાવ ગુજરાતી, વગેરેનું તેમનું જાણીતું ક્ષેત્ર છોડી ભારત-યુરોપીય જેવી અજાણી ધરતીમાં કેડી પાડવા કે ડગ ભરવા ગયા છે (દા. ત. ઉક્ત ગ્રંથ, પા. ૨૯૪-૨૯૬, પાદનોંધ ૧૮, ગ્રાસ્માનના નિયમનો વિરોધ, પા. ૨૯૯-૩૦૭; गुफा-गुहातुं લાંબુલચક પીંજણ, પા. ૪૬૫-૪૬૭; ष>ख ને લગતી કલ્પનાઓ, વગેરે) ત્યાં ત્યાં આપણને ઘણુંખરું અર્ધદગ્ધ કે ઉટંગ ચર્ચાઓ—ગ્લોટોગોનીક ડીસ્કશનૂઝ્, Glottogonic discussions—સિવાય ખાસ કાંઈ મળ્યું નથી. પણ ન્યાય ખાતર કહેવું જોઈએ કે કોઈ સ્થળે તેમણે સાવચેત રહી નરમ શબ્દોમાં અને કેટલીક મર્યાદાઓ સાથે સૂચન રૂપે પોતાનો વાદ રજૂ કર્યો છે (પા. ૩૦૦, ૩૦૭). તેમણે આ વિષયમાં કરેલા તર્કો, તેઓને બીક છે તેમ, તેમના નવતરપણાને લીધે નહીં (પા. ૨૯૬,) પણ કચાશ અને અશાસ્ત્રીયતાને લીધે અસ્વીકાર્ય બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एत्स् માંથી एस् કે एष् અમુક બોલીઓમાં एक् કે एख् રૂપ ધારણ કરે છે.

एत्स् માંથી एत् અને एन् પણ સાધી શકાય.

एख् માંથી પ્રાકૃત इक्क (મૂળ ०ख्ના મહાપ્રાણત્વને જાળવવા બેવડો ०क्) આવ્યો હોય (!)

अस् નો अह् થઈ શકે છે.

तु અને द्व મૂળ એક જ શબ્દના રૂપાન્તરો છે.

આ ધ્વનિવિકારોમાંના કેટલાક **ભારતીય–આર્ય** કે તેની પછીની ભૂમિકા પૂરતા જ મર્યાદિત છે, કેટલાક **ભારત–ઈરાની** ભૂમિકામાં જ પ્રવર્તે છે, જ્યારે બીજા કેટલાક અમુક ભાષાજૂથોને જ માન્ય છે, છતાં તેમને સૌને **ભારત–યુરોપીય** ભૂમિકામાં અસ્તિત્વ ધરાવતા ગણવામાં આવ્યા છે. આ ધ્વનિશાસ્ત્રના મૂળમાં જ કુઠારાઘાત કર્યા જેવું છે. આના બચાવ તરીકે તેમણે **ભાયુ.** બોલીઓ વિભક્ત દશાને પામી તે પહેલાં તેમની વચ્ચે આંતર–વિનિમય થયો હોવાની સંભાવના રજૂ કરી છે; પણ આવા પ્રકારનો ફાવે ત્યારે અને ફાવે તેટલો ધ્વનિવિકારનો આંતર–વિનિમય ધારી લેવામાં આવે તો પછી ભાષાશાસ્ત્રના શાસ્ત્રપણાને પાણીચું જ મળે. સ્વાભાવિકપણે સુરેખ ધ્વનિનિયમોને આધારે અમુક ઘટના ન સમજાવી શકાય ત્યારે ન છૂટકે સાદૃશ્યનો કે પડોશ-બોલી અથવા પરભાષાના ઋણનો વિકલ્પ—તે પણ સંભાવનાની દૃષ્ટિએ ચકાસ્યા પછી જ આગળ ધરી શકાય, અન્યથા નહિ.

ઘણી ભાષાઓના બંધારણોમાં આદેશ (સબ્સ્ટીટ્યુશન, substitution) એ જાણીતી ઘટના છે એ હકીકતને અધ્યા. માંકડની વિચારણામાં સ્થાન નથી મળ્યું. આથી ધ્વનિદૃષ્ટિએ જરા પણ સંબંધ ન ધરાવતા હોય તેવા અભિધાનો (વોકેબલ્જ, vocables) વચ્ચે મારીમચડીને સંબંધ બેસારવાનો તેમાં પ્રયાસ કરવો પડ્યો છે.

ચર્ચાપ્રાપ્ત 'હું', 'એક', 'હોવું'ની પ્રાભાયુ. પ્રકૃતિઓ અને તેમના ઘટક ધ્વનિઓનો જુદી જુદી ભાયુ. ભાષાઓમાંના તે તે અર્થના વાચક શબ્દો અને ધ્વનિઓ સાથે કેવો સંબંધ છે એ, તેમ જ તે ત્રણે પ્રાભાયુ. શબ્દો અધ્યા. **માં**કડ ધારે છે તેમ મૂળ એક જ પ્રકૃતિના વિકાર નહિ પણ ત્રણ સ્વતંત્ર પ્રકૃતિઓ છે એ આપણે હવે જોઈએ.

૧. હું

અધ્યા. **માં**કડના ઉક્ત લેખમાં પા. ૨૧૩ પરના કોષ્ટક અં. ૧માં પહેલા ખાનામાં આપેલા **પ્રા**કૃત વગેરે માભાઆ.ના અને હિંદી વગેરે અભાઆ.ના પહેલા પુરુષ સર્વનામ (એકવચન)ની પ્રકૃતિ તરીકે તેમને પ્રાભાઆ. अहम् સ્વીકાર્ય છે એટલે, અને ત્રીજા ખાનામાં આપેલા म–અંશ ધરાવતા શબ્દો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની ચર્ચા માટે અપ્રસ્તુત છે એટલે આપણે માત્ર પ્રાભાઆ. अहम्નો અને બીજા ખાનામાં આપેલા શબ્દો, એટલે કે ઈતર ભાયુ. ભાષાના હુંવાચક શબ્દોનો વિચાર કરવાનો છે. મુખ્ય મુખ્ય ભાયુ. શાખામાં તે શબ્દો આ પ્રમાણે છે:

१. **પ્રાભાઆ** अहम्
२. **અવેસ્તી** azem (**પ્રાચીન ફારસી** adam)
३. **આર્મેની** es (*ec)
४. **ગ્રીક** 'egō', egôn } (સંભવિતપણે બંને *egomમાંથી ઘડાયેલા)
५. **લેટીન** ego }
६. જર્મેની ik (**પ્રાચીન** ઉચ્ચ **જર્મન** ih)
७. **લીથુ**આની aš (જૂનું eš) (**લેટી.** es)
८. પ્રાચીન **ચર્ચ-સ્લાવી** azo

આમાં એ બતાવવાનું છે કે અધ્યા. **માંકડ** ધારે છે તેમ આ શબ્દોની પ્રકૃતિ अह्०, अझ्०,[६] अस्०, एग्०, इक्० એમ પાંચ કે अस्० અને एग्०—इक्० એમ બે નહિ પણ એક જ *eg(h)om છે.

(१) આ પ્રાભાયુ. પ્રકૃતિમાં *—om (**પ્રાભાઆ.** ०अम्) સાર્વનામિક અંગોની પ્રથમામાં દેખા દેતો પ્રત્યય છે (સરખાવો त्वम्, इयम्, यूयम्, વગેરે) એટલે બાકી બે ધ્વનિ રહે છે: e અને ĝ(h).

(२) ભાઆ. અને ઈરાનીને બીજી ભાયુ. ભાષાઓથી જુદી પાડતી એક લાક્ષણિકતા એ છે કે ભાઆ.અને ઈરાનીમાં સમાનપણે મૂળ ભાયુ. ત્રણ સ્વરો ă, ĕ અને ŏ વચ્ચેનો ભેદ ભુંસાઈ જઈ તેમને સ્થાને સર્વત્ર ă વિકસ્યો છે.[७] **ભારત-ઈરાની** યુગની આ એક ધ્યાન ખેંચતી ખાસિયત છે. એ ત્રણે સ્વરો **ગ્રીક** વગેરેમાં તો ઘણુંખરું પૂર્વવત્ જળવાઈ રહ્યા છે. દા. ત.

પ્રભાયુ.* bhero; પ્રાભાઆ. भरामि, અવે. barami, ગ્રી. phero લે. fero, જર્મે. baira (ai = e), અં. bear, આય. berim;

પ્રાભાયુ *esti; પ્રાભાઆ. अस्ति, અવે. asti, ગ્રી. esti, લે. est જર્મે. ist, લીથુ. esti;

---

६. અધ્યા. માંકડ z માટે દેવનાગરી झ् યોજે છે. આમ કેમ થઈ શકે? z દન્ત્ય ઘર્ષ (ફ્રીકેટીવ, fricative) કે સીસકારી (સ્પાયરંટ, spirant) ધ્વનિ છે, જ્યારે झ् તાલવ્ય મહાપ્રાણ સ્પર્શ છે, અને એથી એ બે વચ્ચે જરા પણ સમાનતા નથી.

७. આ નિયમ કોઈ પણ ભાયુ. ભાષા પરના પ્રમાણભૂત ગ્રંથમાં મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભાયુ. *septm : પ્રાભાઆ. सप्त, અવે. hapta, ગ્રી. hepta, લે. septem, જર્મે. sibum, લીથુ. septyni.

આમ, ઉપર આપેલા ભાયુ. ભાષાઓના હું-વાચક શબ્દોમાંથી ૬. ik અને ૮. azo સિવાયના દરેકના આદ્ય સ્વરનો અવતાર પ્રાભાયુ. *e માંથી સાધી શકાય તેમ છે. બાકી રહેલામાંથી જર્મે. શબ્દમાં i છે, કારણ કે જર્મે.માં એક સામાન્ય નિયમ તરીકે પ્રાભાયુ. *e ની જગ્યા i લે છે.[૮] જુઓ ઉપરના દાખલાઓમાં જર્મે. શબ્દો તથા પ્રાભાયુ. *ed-: પ્રાભાઆ अद, લે. edere, જર્મે. itan; પ્રાભાયુ. quetuor-(વગેરે) : પ્રાભાઆ. चत्वार : લે. quattuor, જર્મે. fidwor.

લીથુ. azo માટે સરખાવો : પ્રભાયુ. *mezgeti, પ્રાભાઆ. मज्जति લે. mergo, લીથુ. mazgoti. આમ આદ્ય ધ્વનિ *e-ના ફેરફાર તદ્દન સ્પષ્ટ છે.

હવે બીજો ધ્વનિ *g(h) લઈએ.

પ્રાભાયુ.માં કંઠ્ય ધ્વનિઓની જુદી જુદી ત્રણ શ્રેણી હોવાનું પુરવાર થયું છે. આ ત્રણે શ્રેણીના કંઠ્યો જુદી જુદી ભાયુ. શાખાઓમાં કેવા વેશે દેખા દે છે તે અને તેને લગતાં ઉદાહરણો બહુ પ્રસ્તુત ન હોવાથી આપવાની જરૂર નથી. વધારે જાણવા ઇચ્છનારે એર્ન્સ્ટ કીકર્સ (Ernst Kiekers) કૃત **ભારત યુરોપીય ભાષાશાસ્ત્ર પ્રવેશિકા** (Einfuhrung in die indo-germanische Sprachwissenschaft),— ૧ ધ્વનિમીમાંસા (Lautlehre), મુન્કન (Munchen) ૧૯૩૩ પૃ. ૬૨ ઉપર આપેલો કોઠો અથવા બીજું કોઈ પ્રમાણભૂત પુસ્તક જોઈ લેવું. પ્રાભાઆ. **અવેસ્તી** અને **ગ્રીક**માં તે ધ્વનિઓ નીચેના રૂપાન્તરે સ્થાન પામ્યા છે.

૧. તાલવ્ય શ્રેણી	૨. શુદ્ધ કંઠ્ય શ્રેણી	૩. કંઠ્યૌષ્ઠ્ય શ્રેણી
૧. પ્રાભાયુ. k̑ g̑ g̑h	q g gh	qu gu ghu
૨. પ્રાભાઆ. श् ज् ह्	क् ग् घ्	क् ग् घ्
૩. (તાલવ્ય ધ્વનિના સંયોગે) श् ज् ह्	च् ज् ह्	૨. શ્રેણી પ્રમાણે
૪. **અવેસ્તી** s z z	k g g	k g g
૫. **ગ્રીક** k g ch	k g g	p, t, k; | b, d, g; ph, th, ch

૮. પણ *e જો h, lv કે r નો પૂર્વવર્તી હોય તો તેને સ્થાને ai આવે છે; જુઓ ઉપરનું bai'ra ∠ bhero.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કોઠા પર નજર નાખતાં એક વસ્તુ સ્પષ્ટ થશે કે **પ્રાભાઆ.** ह्‌ને ગ્રીકમાં g મળતો આવે તેવું એકે ખાતું નથી, જ્યારે **પ્રાભાઆ.** अहम् નો **ગ્રી.** ego'n સાથે મેળ તો બેસારવામાં આવે છે તેનું શું? આ બાબતમાં **વાલ્ડે–પોકોર્ની** જણાવે છે: "*eĝ(h)om (=હું) માં એવા ઉચ્ચારવૈશિષ્ટ્યવાળો તાલવ્ય રહેલો છે કે જે **પ્રાભાઆ.** માં ह् રૂપે, પણ બાકી બધે ભાયુ. *ĝના પ્રતિનિધિ તરીકે છે (એટલે કે બીજે બધે આ તાલવ્ય જાણે કે *g હોય તેમ ધ્વનિ–પરિવર્તન પામે છે) અને તેથી એ તાલવ્ય મહાપ્રાણ ઘોષ gh કરતાં ભિન્ન છે." આ ĝના વિકારો આ પ્રમાણે છે:

પ્રાભાયુ *ĝ, ગ્રી. g, લે. g, આય. g, જર્મે. k, પ્રાભાઆ. j, અવે. z, આર્મે. c, લીથુ. ž, લેટી. z, ચસ્લા z

એટલે આ નિયમોને આધારે; શરૂઆતમાં આપેલા હુંવાચક શબ્દોમાંથી ૭. સિવાયના બીજા બધાની ઉપપત્તિ મળે છે. અને એ લીથુ. શબ્દ પણ તે ભાષામાં પ્રવર્તેલા વિશિષ્ટ ધ્વનિનિયમને આધારે સમજાવી શકાય તેમ છે.

ઉપર જણાવેલા વિશિષ્ટ તાલવ્યના વિકાર માટે સરખાવો:

પ્રાભાયુ. *ĝ(h)enu–s, પ્રાભાઆ. हनुः, ગ્રી gênus.[૯]

(૨) एक०

આ एक० સાથે एतत्, एषस्, एन० નો પણ વિચાર કરીશું. આ સૌ વચ્ચે તેમ જ તેમનો अहम् સાથે પણ સંબંધ છે ખરો; અધ્યા. **માં**કડ ધારે છે તેવો એકરૂપતાનો નહિ પણ આંશિક સમાનતાનો. **વાલ્ડે–પોકોર્ની**માંથી (૧, ૯૬) લીધેલી નીચેની માહિતી આ વધુ સ્પષ્ટ કરશે.

e–, i, સ્ત્રી. ī–, ā "તે, એ" એ રૂપાખ્યાનની દૃષ્ટિએ પરસ્પર સંકળાયેલાં સાર્વનામિક અંગો છે. e, i મૂળે દર્શક નિપાત હોવાની સંભાવના છે. (પ્રાભાઆ. પ્રતિનિધિઓ अ० इ० ई० आ० છે)

(અ) સાર્વનામિક રૂપો

૧. પ્રાભાઆ. अयम्, **ગાથા–અવે.** ayom **અવર–અવે.** aēm

વ્યુત્પત્તિ: ભાયુ. *ei>ભાઈ. *ai>ભાઆ. ए०; તેનો अहम्‌માં છે તે ०अम् વડે વિસ્તાર થતાં (ए+अम्=) अयम्. આ ભાયુ. *ei એ i– અંગનો

૯. **વાલ્ડે–પોકોર્ની : ભારત–યુરોપીય ભાષાઓનો તુલનાત્મક કોશ** (Vergleichendes Woerterbuch der indogermanischen Sprachen) ગ્રંથ ૧, બૅર્લીન (Berlin) ને લાયપ્ત્સીશ (Leipzig), (૧૯૩૦) પા. ૧૧૫, ૫૪૧–૪૨ આ ધ્વનિની ચર્ચા કરતા સાહિત્યનો ઉલ્લેખ પણ ત્યાં આપેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ થઈને નથી સધાયો, પણ *qwo– અંગમાંથી સધાયેલા *quoi ની જેમ તે e– અંગમાંથી સધાયો છે (એટલે કે જેમ પ્રાભાઆ. પ્રશ્નાર્થ સર્વનામ क–નું પ્ર. બહુ વ. के છે, તેવો अ–અંગનો સંબંધ ए સાથે છે.)

૨. પ્રાભાઆ. इदम् (=इद्+अम्);

આમાંથી પાછળથી ભળેલો ઉપર ઉલ્લેખેલો વિસ્તારક –अम् કાઢી લઈએ તો:

૩. પ્રાભાઆ. इत्, અવે. it (ભારદર્શક નિપાત).

૪. પ્રાભાઆ. इयम्, અવે. im (એટલે કે iyôm); વ્યુત્પત્તિ: અંગ ઈ–નો अम्–વિસ્તાર

૫. પ્રાભાઆ. इमम्=*इम्–નો अम्–વિસ્તાર

૬. પ્રાભાઆ. अस्य અવે. ahe; अ–(*<e–)ની ષષ્ઠી.

૭. आसाम्, વગેરે आ–અંગમાંથી.

(આ) સંબંધી (રીલેટીવ, Relative) અંગ

પ્રાભાઆ. य "જે", અવે. yō < ભાયુ.*io–;

ભાયુ. *o–, અંગ i–સાથે સંકળાયેલું.

(ઇ) નિપાતો અને ક્રિયાવિશેષણો

૧. પ્રાભાઆ. आ (અવ્યય, ઉપસર્ગ) <ભાયુ. *ē, ō. આ ભાયુ.*ē, *oની પ્રસ્તુત સાર્વનામિક અંગ ē–પ્રકૃતિ હોય, અથવા તો ē–માંથી કરણ–વિભક્તિના રૂપ તરીકે *ē, *ō (પ્રાભાઆ. **आ**) ઘડાયાં હોય.

૨. પ્રાભાઆ. अ (તેમજ आपृणक्માં છે તેમ आ–ઉપચય (ઑગ્મેંટ, augment)) ભૂતકાળસૂચક પૂર્વપ્રત્યય, अगमत् વગેરેમાં છે તે, અવે. a–, ભાયુ. *e, *ē મૂળ અર્થ "પછી, ત્યારે" હોય.

૩. પ્રાભાઆ. अ (∠ભાયુ. *e–) નીચેના શબ્દોમાં:

असौ, अदस्, अद्या કે अद्य, अह

૪. પ્રાભાઆ. आ ∠ભાયુ.. *e (તૃતીયા);

ક્રિયાવિશેષણો ને નામો પછી ભાર દર્શાવવા વપરાતો.

૫. પ્રાભાઆ. अतः ∠ભાયુ. *etos

[*i એ અંગ અધિકરણ–પ્રત્યય ०इ०, આધિક્યદર્શી इ–तर० (∠*i–tero–), इह, પા. इध (∠*i–dha), इत्था, इत्थम, इद् (ત્રણે *i–t (h) સાથે સંબદ્ધ), इति (∠*i–'tə કે *i–ti?), ई (∠*i) અને ईम्– એ સૌમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃતીયાનો ई (वैदिक मती વગેરેમાં), કદાચ નપું. પ્રથમા બહુવચનના પ્રત્યય સાથે એકજ હોય, પણ ईम् દ્વિતીયા એકવ૦નું રૂપ છે એ જોતાં આ તૃતીયાના ई ને ई० અંગનું અશ્મીભૂત (erstarrter) પ્રથમા એકવચન ગણી શકાય.]

(ઈ) સમાસો અને સાધિતરૂપો (Ableitugen)

૧. પ્રાભાઆ. एष, एषा, एतत्, અવે. aesa-, aeta <ભાયુ. *eiso, *ei-to-

૨. પ્રાભાઆ. एव, एवम्

આનો અર્થ મૂળ 'એમ' હોય, પછી વિકાસ થતાં "બરોબર એમ જ, બરોબર એ જ, એ એકલો, તે એક" એમ થયું હોય; આથી, અવે. aēva, પ્રાફાર. aiva 'એક એક, માત્ર, એકલો'

ગ્રી. oios "એકલો," ભાયુ. *oiue, oiuos.

૩. પ્રાભાઆ ए-न० "એ" <ભાયુ. *oi-no- (અથવા *ei-no- પણ હોઈ શકે);

અર્વાચીન ઉચ્ચ જર્મન ein, einer "પેલો"
ગ્રી. ōinos, ōinē "પાસા પરનો એક્કો, કલિ"
લે. ūnus, જૂનું oinos
જર્મ. āins
લીથુ. vienas, લેટી. viens "એક"

૪. ભાઆ. एक=ei-+સાધક પ્રત્યય (formans)-ko-(પ્રાભાઆ. ०क०) સરખાવો. द्वि-क "બેમાંથી બનેલું."

આવી રીતે इदम्, इत्, इयम्, इमम्, य०, इह, इत्था, इत्थम्, इद्, इति, ई, ईम्, એ સૌનો ભાયુ. *i-(પ્રાભાઆ. इ०) સાથે, आसाम् વગેરેનો *a (आ) સાથે, अस्य, आ, अ, असौ, अदस्, अद्या કે अद्य, अह, अतः વગેરેનો ભાયુ. *e (अ०) સાથે અને अयम्, एष०, एतत्, एन०, एक०, વગેરેનો ભાયુ *ei. (પ્રાભાઆ. ए०) ∠ ભાયુ *e સાથે સંબંધ છે. આથી જોઈ શકાશે કે एक०, एष०, एतत्, एन०, માં અંશત: જ સામ્ય છે. એટલે અર્થવિકાસને વશવર્તી જુદીજુદી ભાયુ. શાખાઓમાં "એક"-વાચક તરીકે મૂળ ભિન્ન ભિન્ન અર્થછાયાવાળાં અભિધાનો સ્થિર થયાં છે એ દેખીતું છે. एतत्० નાં અમુક રૂપોમાં एष०, અને एन०, વપરાય છે તે આદેશ તરીકે જ, જેમ પહેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બીજા પુરુષ વાચક સર્વનામોમાં સાથેસાથે બે ત્રણ અંગોમાંથી રૂપસાધના થયેલી જોઈએ છીએ તેમ. આથી તેમની ધ્વનિમૂલક એકતા—શક્ય હોય તો પણ—કલ્પવાની જરાયે જરૂર નથી.

अहम् નો एतत् વગેરે સાથે અધ્યા. **માંકડે** કલ્પ્યો છે તેવી રીતે સંબંધ નથી, કારણ અ૦ મૂળના *ऍ (e) માંથી આવ્યો છે, જ્યારે ए તો મૂળના સંયુક્ત સ્વર *ei ના રૂપાન્તર *अइ (ai) માંથી સંકોચ પામી સાદા સ્વર તરીકે પરિણમ્યો છે. બંનેનાં મૂળ તદ્દન નોખાં છે. પ્રાભાઆ. अ નો ભાયુ. પ્રતિનિધિ e હ્રસ્વ છે, જ્યારે પ્રાભાઆ. ए દીર્ઘ છે અને સંકીર્ણ (કંપોઝિટ, composite) મૂળનો છે.

પણ એ બે શબ્દોનું પૃથક્કરણ કરતાં ઉપર કહ્યું તેમ આંશિક સામ્ય જોઈ શકાય છે, કેમકે બંનેના એકદેશ તરીકે સાર્વનામિક અંગ *e– રહેલું છે. अहम्‌ની પ્રકૃતિ *e–ĝ(h)omના પાયામાં રહેલો *e–ĝ(h)—, અંગ *e—અને નિહત (enclitic) નિપાત *ĝh–નો બનેલો છે. આ *ĝh—નિપાતના બીજા પરિવર્તો (વેરીયંટ્સ variants) *ĝhe–, ĝho–, ĝ(h)ĭ છે.

* ĝho માથી પ્રાભાઆ. घ આવેલો છે.[૧૦]
* ĝhe માંથી પ્રાભાઆ. ह આવેલો છે.
* ĝ(h)ĭ માંથી પ્રાભાઆ. हि, અવે. अ એ ભારદર્શક નિપાતો આવેલા છે.

* eĝ(h)om (अहम्) નપુંસકલિંગી હોય એ ઘણું સંભવિત છે, અને તેનો અર્થ વાસ્તવિકપણે તો "(મારું) અહીંપણું (hierheit), અહીં હોવાપણું, અત્રત્વ" હોય એ મત ઘણો વજનદાર લાગે છે.

एतत् સંયુક્ત અંગ છે. ઉપર બતાવ્યું તેમ તે एक०, एन०, વગેરેમાં રહેલા ए– અને ત્રીજા પુરુષ સર્વનામ तत् નું બનેલું છે. જેમ तत् ના પ્રથમા એકવ૦માં स– અંગના सः सा (અવે.–hō, hā) રૂપો આદેશ તરીકે વપરાય છે તેમ, एतत् માટે પણ एषः (અવે. ae–šā) एषा વપરાય છે. આ स–असौ

૧૦. આમ घ ને ह ની પ્રકૃતિ ભિન્ન છે એ ઉપરથી જોઈ શકાશે કે વૈદિક ભાષામાં જ્યાં જ્યાં घ् ને ह् વાળાં જોડકાં (doublets) મળે ત્યાં ત્યાં બધે પ્રાકૃતમાં પ્રચલિત, મહાપ્રાણ ▷ ह् એ વલણની જ અસર છે એવું માનવાને કારણ નથી. કેટલીક બાબતોમાં એ ह् તાલવ્ય સ્વરના સંપર્કથી ઉપજેલા ज (Z)નું પરિણામ હોય છે.

.CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(=अ०+स०+उ–) (અવે. hāu)માં તેમજ વિસ્તાર પામી સ્યઃ, સ્યા, (ભાયુ. *s(i)i̯o–, સ્ત્રી s(i)i̯a–, સીમ્ (ભાયુ. સ્ત્રી *si)માં પણ દેખાય છે.

અને હુંનો एक સાથેનો સંબંધ જો નજીવો છે, તો તુંનો बे સાથે તો મુદ્દલ સંબંધ નથી. તુંનાં ચારપાંચ ભાયુ. અંગો છેઃ *tu–, teŭo–, teu̯e–, tu̯o–̊, tu̯e– અને te–. આમાંથી પહેલા *tu–oમાંથી અવધારણાર્થ અને આમાન્ત્રણાર્થ નિપાત तु કે तू (અવે. tu "તું"), અને अहम्‌ની માફક ०अम् ભળતાં तुवम्, त्वम् (ભાઈ. *tu–u̯am) સધાયા છે. ભાયુ. સ્વામિત્વવાચક *tu̯o–sમાંથી त्वः (અવે. θwa) સધાયા છે, *teu̯o–માંથી, तव ને *te–માંથી त० (જેનું તે રૂપ तवના જોડકા તરીકે વપરાય છે, અને જેને મળતાં ગ્રી. toi, લે. te, પ્રા. ઉ.–જર્મન di–h, વગેરે છે) સધાયા છે. "બે" માટે ભાયુ.માં du̯ou (duu̯ou) અને du̯ei–, du̯oi, du̯i એટલાં અંગો છે. પહેલામાંથી द्वौ, द्वा (વૈદિકમાં વધારાના दुवौ, दुवा), અવે. du̯a, લીથુ. du; બીજા *duei–માંથી द्वे (વૈદિક दुवे), અવે. bae, લીથુ dvi; ત્રીજામાંથી ગ્રી. du'o, લે. duo, જર્મે. twai, સ્ત્રી. twos; ચોથા *du̯iમાંથી द्वि, અને તેના અસ્પષ્ટ સ્વરૂપ *di માંથી અવે. bi, ગ્રી. di, લે. bi.

એટલે 'તું' ને 'बे' ને જરા પણ સંબંધ નથી. त् નો द् થવો ભાયુ. ધ્વનિતંત્ર માટે શક્ય નથી.

(૩) √ अस्

બાકી રહેલા √अस्०, વગેરે માટે √अस्०ના સહજન્ય શબ્દો અને મૂળસ્વરૂપ *es– ઉપર આપ્યાં છે. તેને अहम् વગેરેની સાથે કાંઈ પણ લાગતુંવળગતું નથી. પ્રાભાઆ. अ અને ए ના ઉદ્‌ગમ પ્રત્યે દુર્લક્ષ્ય રહેવાથી ઊભી થયેલી તર્ક–ગરબડ અધ્યા. માંકડને एत्०, एस्०, एन्० સાથે अत्, अस्, अन् ખેંચી લાવવા પ્રેરે છે, અને પરિણામે કેક નિરાધાર કલ્પનાઓ કરવી પડી છે.

√अन् સ્વતંત્ર ધાતુ છે અને તેનાં સમાન્તર રૂપો આ પ્રમાણે છે:—
પ્રાભાયુ. *an– "શ્વાસ લેવો."
અવે. ā̊ntyå <ā+anti "શ્વાસ લેવો."
ગ્રી. ānemos "પવન, શ્વાસ"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લે. animus "આત્મા"

જર્મ. uz—anan "ઉચ્છ્વાસ કાઢવો" વગેરે

ટૂંકી ગ્રંથસૂચી

૧. એર્ન્સ્ટ કીકર્સ (Ernst Kiekers), ભારત—યુરોપીય ભાષાશાસ્ત્ર પ્રવેશિકા (Einfuehrung in die indogermanische Sprachwissenschaft) ભાગ ૧ લો—ધ્વનિમીમાંસા (Lautlehre), મુંન્કન (Munchen) ૧૯૩૩ વગેરે.

૨. બાટાકૃષ્ણ ઘોષ (Batakrishna Ghosh,) સંસ્કૃતનો ભાષાશાસ્ત્રીય પરિચય (Linguistic Introduction to Sanskrit), કલકત્તા ૧૯૩૭.

૩. બ્રુગ્માન (Brugmann) અને ડેલ્બ્રુક (Dellbrueck), ભારત-યુરોપીય ભાષાઓના તુલનાત્મક વ્યાકરણની પાયાભૂત રૂપરેખા (Grundriss der vergleichenden Grammatik der indogermanischen Sprachen) પહેલી આવૃત્તિ-સ્ટ્રાસ્બુર્ક (Strassburg), ૧૮૯૬–૧૯૦૦; બ્રુગ્માનકૃત બીજું સંસ્કરણ : ૧૮૯૭–૧૯૧૬.

૪. બ્રુગ્માન (Brugmann), ભારત-યુરોપીય ભાષાઓનું તુલનાત્મક લઘુ વ્યાકરણ (Kurze vergleichende Grammatik der indogermanischen Sprachen) સ્ટ્રાસ્બુર્ક (Strassburg), ૧૯૦૨–૧૯૦૪.

૫. મેય્યે (Meillet), ભારત-યુરોપીય ભાષાઓના તુલનાત્મક અભ્યાસની પરિચાયિકા (Introduction a l'etude comparative der langues indoeuropeennes પારી (Paris) ૧૯૦૩; પાંચમી આવૃત્તિ ૧૯૨૨.

૬. વાલ્ડે (Walde) અને પોકોર્ની (Pokorny), ભારત-યુરોપીય ભાષાઓનો તુલનાત્મક કોશ (Vergleichendes wörterbuch der indogermanischen Sprachen), ભાગ : ૩ બર્લીન (Berlin) ને લાયપ્ત્સીશ (Leipzig)૧૯૩૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. હુડ્સન વીલીયમ્જ (Hudson Williams); (ભારત-યુરોપીય) તુલનાત્મક વ્યાકરણના અભ્યાસ માટે ટૂંકી પરિચાયિકા [A Short Introduction to the Study of the Comparative Grammar (Indo-Europian), કાર્ડિફ (Cardiff), ૧૯૩૫.

૮. હીર્ટ (Hirt) ભારત-યુરોપીય વ્યાકરણ (Indogermanische Grammatik), ભાગ ૫ : હાયડલ્બર્ક (Heidelberg) ૧૯૨૧-૧૯૨૯.*

*આઘાત (accent)-સૂચક બધાં બીબાં નહીં મળવાથી કેટલાંક ચિહ્નો વિકૃત સ્વરૂપે ગોઠવાયાં છે.

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ભારતીય-આર્યની કેટલીક સમસ્યાઓ

વ્યાખ્યાન પહેલું

ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રનો પરિચય

પૂર્વકાર્ય પર દૃષ્ટિપાત

[મુંબઈ યુનિવર્સિટીના ઉપક્રમ નીચે અપાતાં 'વીલ્સન ભાષાશાસ્ત્રીય વ્યાખ્યાનો' ('વીલ્‌ઝન ફીલોલૉજીકલ લેક્ચર્જ') ૧૯૪૦-૧૯૪૧ માટે પૂનાની ડેક્કન-કૉલેજ પોસ્ટગ્રેજ્યુએટ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટના અધ્યક્ષ અને ભારત-યુરોપીય ભાષાશાસ્ત્રના પ્રધાન અધ્યાપક ડૉ. એસ. એમ. કત્રેએ આપ્યાં હતાં. નીચે આપેલો વિસ્તૃત સાર, વ્યાખ્યાન દરમયાન લીધેલી નોંધો અને વ્યાખ્યતાએ દરેક વ્યાખ્યાનને અંતે વહેંચેલો તે તે વ્યાખ્યાનના મુખ્ય મુદ્દાઓના ટાઈપ-લેખ પરથી તૈયાર કરવામાં આવ્યો છે. આવા પ્રયત્નમાં સ્પષ્ટતા અને સળંગસૂત્રતા જાળવવા માટે અનિવાર્ય ગણીને કેટલાક ઊડતો ઉલ્લેખ પામેલા મુદ્દાઓનો જરૂરજોગો વિસ્તાર અને સ્થળે સ્થળે વીગતપૂર્તિ કર્યાં છે.]

આશરે ચાર સહસ્રાબ્દી ઉપર વિસ્તરી રહેલી ભારતીય-આર્ય ભાષાઓને ઐતિહાસિક દૃષ્ટિએ ત્રણ યુગમાં વિભક્ત કરી શકાય. પહેલો પ્રાચીન ભારતીય-આર્ય યુગ, વૈદિક સમયમાં નિત્યવ્યવહારમાં પ્રચલિત બોલીઓ, ઋગ્વેદ, ઈતર વેદો ને બ્રાહ્મણ ગ્રંથોમાં સ્વરૂપભેદે વપરાએલી પ્રાચીન સાહિત્યભાષા અને પાણિની-વ્યાકરણને અનુસરતી કાવ્ય-નાટકાદિની પ્રશિષ્ટકાલીન (ક્લાસીકલ) સંસ્કૃત—એ સૌને આવરી લે છે. આ યુગના ભાષા અને સાહિત્યના અભ્યાસથીજ પશ્ચિમના વિદ્વાનોએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પરિચય મેળવવાની શરૂઆત કરી. તેમના અભ્યાસનું ભાષાશાસ્ત્રીય મહત્ત્વવાળું પ્રથમ ફળ તે બોતલીન્ક (Bohtling) ને રોત (Roth) કૃત "સંસ્કૃત અભિધાનકોશ" ['સંસ્કૃત વોર્ટર્બુખ'] (૧૮૫૫-૭૫). આ પછી ૧૮૭૯ માં વ્હીટ્‌ની (Whitney) નું સંસ્કૃત વ્યાકરણ પ્રસિદ્ધ થયું. પ્રાચીન ભારતીય-આર્યના વ્યાકરણી અભ્યાસના પરિપકવ ફળ તરીકે, ત્યાર પછી સત્તર વરસે, ભારતીય-આર્યનો ભારત-યુરોપીય સંબંધ લક્ષમાં રાખી, સૂક્ષ્મતમ મુદ્દાઓને ગણતરીમાં લઈ, સર્વસ્પર્શી ચર્ચા કરતું, મુખ્યત્વે વૈદિક ભાષાનું શાસ્ત્રીય વ્યાકરણ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાકરનાગલે (Wackernagel) પ્રસિદ્ધ કરવાનો આરંભ કર્યો. એ આલ્તીંદીશ ગ્રામાતીક ('પ્રાચીન–ભારતીય વ્યાકરણ')નો પહેલો ગ્રંથ તથા બીજા ગ્રંથનો એક ભાગ, અનુક્રમે ૧૮૯૬ અને ૧૯૦૫ માં પ્રસિદ્ધ થયા; જ્યારે ત્રીજો ભાગ દેબ્રુનર (Debrüner)ના સહકર્તૃત્વ સાથે ઠેઠ ૧૯૩૦ માં બહાર પડ્યો. બાકી રહેલા ગ્રંથો પૂરા કરવા જેટલું વાકર્નાગલનું આયુષ ન રહ્યું. દરમિયાન રેનુ (Renou), ડેલ્બ્રુક (Delebrük), શ્પાય્યર (Speyer), ગ્રાસ્માન (Grassmann), મેક્ડોનલ, કીથ (Keith), વ્યુસ્ત (Wüst), બેલ્વેલકર વગેરેએ પ્રાચીન ભારતીય–આર્યના અભ્યાસમાં પોતાનો ફાળો આપ્યો.

બીજા યુગની–એટલે કે માધ્યમિક ભારતીય–આર્ય ભાષાઓમાં ધાર્મિક પ્રાકૃત (પાલિ, અર્ધમાગધી, જૈન, મહારાષ્ટ્રી અને જૈન શૌરસેની), ઉત્કીર્ણ લેખોની પ્રાકૃત, સાહિત્યિક પ્રાકૃત (કાવ્યની મહારાષ્ટ્રી, કથાની પૈશાચી, તથા નાટક, વ્યાકરણગ્રંથો અને ઈતર પ્રાકૃત ને અપભ્રંશ સાહિત્યમાં ઉપયુક્ત પ્રાકૃતભેદો), ભારતબાહ્ય પ્રાકૃત (ચીનાઈ તુર્કસ્તાનમાંથી મળેલા પ્રાકૃત ધમ્મપદ અને બીજા પ્રાકૃત ગ્રંથોની ભાષા) અને છેલ્લે 'લૌકિક' સંસ્કૃત (એટલે કે બૌદ્ધ અને જૈન ગ્રંથકારોનું તથા વીરચરિત કાવ્યોનું, શિષ્ટમાન્ય ધોરણનો ભંગ કરતું પ્રાકૃત લક્ષણોવાળું 'સંકર' સંસ્કૃત)– એ સૌનો સમાવેશ થાય છે. આરંભમાં વિદ્વાનોએ માધ્યમિક ભારતીય–આર્ય તરફ ઉપેક્ષાવૃત્તિ સેવેલી; પણ ધીમે ધીમે અભ્યાસીઓએ તેના તરફ ધ્યાન આપવા માંડ્યું અને ૧૯૦૦ માં પીશલ(Pischel)નું પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ (ગ્રામાતીક દેર પ્રાકૃત શ્પ્રાખન) બહાર પડ્યું. પીશલે આ ગ્રંથમાં પાલિને સ્પર્શ કર્યો નહોતો. તે કામ ગાય્ગરે (Geiger) તેના ['પાલિ–લિટેરાટુર ઉન્ટ શ્પ્રાખ'] 'પાલી–સાહિત્ય અને ભાષા' (૧૯૧૬) માં સાધ્યું. પછી જેમ જેમ પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્ય પ્રકાશમાં આવતું ગયું તેમ તેમ અભ્યાસકોએ માધ્યામિક ભારતીય–આર્ય તરફ વિશેષ લક્ષ આપવા માંડ્યું. તેમાં સિલ્વાં લેવી (Sylvain Lévi), યાકોબી (Jacobi), પ્રીન્ત્સ (Printz), મ્યુલર (Müller), વિન્ડીશ (Windisch) બ્લુમફીલ્ડ (Bloomfield), એજર્ટન (Egerton), વૈદ્ય, આલ્સડોર્ફ (Alsdorf), શ્રીમતી નીતી દોલ્ચી (Nitti Dolci) વગેરેનાં નામો અગ્રગણ્ય છે.

---

* આ વ્યાખ્યાન-સાર, ભારતીય વિદ્યા (અંગ્રેજી), ૨, ૨, ૫૨ પ્રસિદ્ધ થયો છે— સમ પ્રોબ્લેમ્ઝ ઑવ હીસ્ટોરીકલ લીઙ્ગ્વીસ્ટીકસ એ નામે. મૂળ વ્યાખ્યાનો પણ "હીસ્ટોરીકલ લીઙ્ગ્વીસ્ટીકસ ઈન ઇંડોઆર્યન" એ નામે ૧૯૪૪ માં પ્રસિદ્ધ થયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લો યુગ **અર્વાચીન ભારતીય-આર્ય**નો આવે છે. આમાં ઉત્તર હિંદની ઘણીખરી ભાષાઓને, **સીંહલી**ને અને યુરોપના જુદા જુદા પ્રદેશના જીપ્સીઓની ભાષાઓને—તેમની **અપભ્રંશો**ત્તર (કે તેથીયે પ્રાચીન) કાલથી માંડી અર્વાચીન સમયસુધીની ભૂમિકાઓ સાથે ગણાવી શકાય. શરૂઆતમાં મીશનરીઓએ અર્વાચીન ભાષાઓનું અધ્યયન કરવા માંડ્યું, અને **મોલ્સવર્થ**નો **મરાઠી-અંગ્રેજી કોશ** (૧૮૫૭) અને કેટલાંક વ્યાકરણો લખાયાં. આ આરંભકાલીન અધ્યયનોમાં સ્વાભાવિક રીતે જ ભાષાસામગ્રીની ખોટી કે ઢીલી પકડ અને શાસ્ત્રીય સૂક્ષ્મતાનો અભાવ હોય. ઓગણીશમી સદીના છેલ્લા ચરણને **અર્વાચીન ભારતીય-આર્ય** ભાષાઓના અભ્યાસનો ખરો આરંભકાળ ગણી શકાય. ૧૮૭૨, ૧૮૭૫ અને ૧૮૭૯ માં અનુક્રમે ત્રણ ભાગમાં પ્રસિદ્ધ થયેલા (કમ્પેરેટીવ ગ્રામર ઑવ **ધ મૉડર્ન આર્યન લેંગ્વેજીઝ** ઑવ ઇંડીયા) ("ભારતની અર્વાચીન આર્ય ભાષાઓનું તુલનાત્મક વ્યાકરણ") એ **બીમ્ઝ** (Beames) ના ગ્રંથે **અર્વાચીન ભારતીય**-આર્યના તુલનાત્મક વ્યાકરણનો પાયો નાખ્યો. આઠ વરસ પછી તે જ ધાટીનું **હૉર્ન્લે** (Hoernle) નું (કમ્પેરેટીવ **ગ્રામર** ઑવ ધ **ગૌડીયન લેંગ્વેજીઝ**) "ગૌડી ભાષાઓનું તુલનાત્મક વ્યાકરણ" લખાયું. દરમિયાન ૧૮૭૭ માં **વીલ્સન ભાષાશાસ્ત્રીય વ્યાખ્યાનો** આપનાર સૌથી પહેલા વિદ્વાન **રામકૃષ્ણ ગોપાલ ભાણ્ડારકરે** સાત વ્યાખ્યાનોમાં **ભારતીય-આર્ય** ભાષાઓના સમગ્ર ઇતિહાસનું વિહંગાવલોકન કરવાનો પ્રથમ પ્રયત્ન કર્યો. પછીથી થએલા સંશોધનોના પ્રકાશમાં તેમનાં ઘણાં નિર્ણયો અને વિધાનો હવે પુનરવલોકન માગે તેવાં છે, તો પણ આ પ્રકારના અભ્યાસમાં અણિશુદ્ધ શાસ્ત્રીય પદ્ધતિ યોજવાનું માન એમને ઘટે છે. **ટ્રમ્પ** (Trump), **કેલોગ** (Kellogg) વગેરેના છૂટાછવાયા પ્રયત્નો પછી આ પેઢીની પૂર્તિ **ગ્રીઅર્સન** (Grierson) અને **કોનોવ** (Konow) ના સદા યાદગાર બની રહે તેવા **લીંગ્વીસ્ટીક સર્વે ઑવ** ઇંડીયા (**ભારતવર્ષ**નું **ભાષાકીય** પર્યેક્ષણ) [૧૯૦૩-૨૮] થી થાય છે.

બ્લોખ (Bloch), **ટર્નર** (Turner), **ટેસીટોરી** (Tessitory) વગેરેથી **અર્વાચીન ભારતીય-આર્ય**ના અભ્યાસમાં નવી ભૂમિકા આરંભાય છે. **બ્લોખ**ના **લા ફૉર્મેશ્યોં દ લાઁગ મરાથે** (**મરાઠી ભાષા**નું **ઘડતર**) [૧૯૨૦]માં **અર્વાચીન ભારતીય-આર્ય**ના વ્યક્તિગત શાસ્ત્રીય અભ્યાસની પહેલ થઇ. **ભારત-યુરોપીય** અને **સંસ્કૃત**ના અભ્યાસમાં જળવાએલા શાસ્ત્રીય ધોરણે એ ગ્રંથ તૈયાર થયો છે. આ જ ધાટીએ લખાએલો **સુનીતિકુમાર ચેટરજી**નો **ઓરીજીન ઍંડ ડેવેલપમેંટ ઑવ ધ બેંગાલી લેંગ્વેજ** (બંગાળી ભાષાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ અને વિકાસ) એ વિસ્તૃત પાણ્ડિત્યપૂર્ણ ગ્રંથ ૧૯૨૬માં પ્રકાશિત થયો. **બ્લોખે** (Bloch) **અર્વાચીન ભારતીય-આર્ય**ના વ્યક્તિગત અભ્યાસની પહેલ કરી, તો **ટર્નરે** (Turner) તેના **એ** કંપેરેટીવ **ઍન્ડ** ઇટીમોલૉજીકલ ડીક્શનરી **ઓવ નેપાલી લેંગ્વેજ** (**નેપાળી ભાષા**નો તુલનાત્મક **અને વ્યુત્પત્તિ**-દર્શક **શબ્દ**કોશ) [૧૯૩૧] માં **અર્વાચીન ભારતીય-આર્ય**ના તુલનાત્મક કોશની દિશામાં પ્રથમ પ્રશસ્ય શાસ્ત્રીય પ્રયાસ કર્યો. એ પછી ત્રણ વરસે **બ્લોખ**નો ગ્રંથ **લાંદો-આર્યેન: દ્યુ વેદ આ તાં મોદેર્ન** (**ભારતીય-આર્ય: વેદથી માંડીને અર્વાચીન સમય સુધી**) આવે છે. આ સળંગસૂત્ર ઇતિહાસને એક રીતે **ભાણ્ડારકર**ના વ્યાખ્યાનોની પરિપૂર્તિ ગણી શકાય. સમગ્ર **ભારતીય** અભ્યાસના પ્રદેશમાં શુદ્ધ ભાષાકીય અધ્યયનોનો સર્વસ્પર્શી ઇતિહાસ આની અગાઉ **વીન્ડીશે** (Windisch) તેના 'સંસ્કૃત ભાષા-સાહિત્યિક અભ્યાસનો તથા ભારતીય પુરાતત્ત્વશોધનો ઇતિહાસ' (**ગશિશ્તે દેર સંસ્કૃત-ફીલોલોગી** ઊન્ત ઇન્દીશન આલ્તતુંમ્સ્કુન્દે) (૧૯૧૭) એમાં આપ્યો છે. **અર્વાચીન ભારતીય આર્ય** ક્ષેત્રમાં બીજા વિદ્વાનોમાં **ટર્નર, ટેસીટોરી, ગ્રીઅર્સન, સિદ્ધેશ્વર વર્મા, બનારસીદાસ** જૈન, **બાબુરામ** સકસેના વગેરેએ કામ કર્યું છે, તેમાં **સકસેના**નો બહુમૂલ્ય ગ્રંથ ઇવોલ્યુશન ઓવ **અવધી** (અવધીનો ક્રમ-વિકાસ) (૧૯૩૮) તેમાં રજૂ થયેલાં શાસ્ત્રપૂત પદ્ધતિ, સૂક્ષ્મ અવલોકન અને ભાષાસામગ્રી પરના સર્વગ્રાહી પ્રભુત્વને લીધે ખાસ ઉલ્લેખનીય છે.

છેલ્લા સાઠ વરસના **ભારતીય-આર્ય** ભાષાકીય અભ્યાસને લગતા આ પાયારૂપ ગ્રંથોને તપાસતાં, તેમાં એક વસ્તુ સ્પષ્ટ તરી આવે છે કે ભાષાકીય અભ્યાસને લગતા હોવા છતાં, એ ગ્રંથોમાંના ઘણાખરા વર્ણનાત્મક અને માત્ર વસ્તુસ્વરૂપનું કથન કરતી પદ્ધતિએ લખાયેલા છે. કાળના પ્રવાહ સાથે થએલો ભાષાકીય ઘટનાઓનો ઉદ્ભમ અને તેમનો વસ્તુતાએ થએલો વિકાસ-એ બંને વચ્ચે મેળ જળવાઈ રહે તેવી રીતે તેમનું પ્રતિપાદન ભાગ્યે જ કરવામાં આવ્યું છે. અને તેનું મુખ્ય કારણ એ છે કે એ ગ્રંથકારોનો અભ્યાસ મુખ્યત્વે સળંગ યુગો જેવડા સમયના વિસ્તૃત ગાળાઓ પૂરતો મર્યાદિત હતો. આથી એ યુગોના અવાન્તર ગાળા, પહેલાંની જેમ વણસ્પર્શ્યા રહ્યા. વિશેષમાં સહજન્ય બોલીઓ (કોગ્નેટ ડાયલેક્ટ્સ્) વચ્ચે ભાષાસામગ્રીની આપ-લે સતત ચાલુ રહેતી હોવાથી સામાન્યત: ઉપયોગમાં લેવાતી સમવિકાર-રેખા (આઇસોગ્લૉસ) ની પદ્ધતિ પણ કામ આવી શકે તેમ હતું નહીં. ખરો ભાષાકીય અભ્યાસ ઐતિહાસિક દૃષ્ટિએ થવો જોઈએ અને તેમાં અમુક સમયે પ્રચલિત ભાષાનાં જીવંત અને બંધિયાર બંને પ્રકારનાં વિકાસ અને પરસ્પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધની ગવેષણા વચ્ચે ભેદ જળવાવો જોઇએ. પરિવર્તન પામ્યે જતી ભાષાભૂમિકાઓનું બોલચાલમાં વપરાતું સ્વરૂપ તે જીવંત સ્વરૂપ; જ્યારે બાહ્ય પરિસ્થિતિ અને ધાર્મિક કે સાહિત્યિક અગત્યને અંગે અમુક બોલી, જે પ્રકારની વિકાસથી પર એવી વંધ્ય અવસ્થાને પામે તે પ્રકારની અવસ્થાને બંધિયાર સ્વરૂપ કહી શકાય. **ભારતીય-આર્ય**ના ઇતિહાસ પર એક ઊડતી નજર નાખતાં આ વસ્તુ વધારે સ્પષ્ટ બનશે.

ભારતીય-આર્યના યુગશઃ વિકાસની રૂપરેખા

ઋગ્વેદમાં રજૂ થએલા ભાષાભેદમાં મળતી કેટલીક દ્યોતક ભાષાકીય ઘટનાઓ અને **પાલિ-પ્રાકૃત-અપભ્રંશ**માં જળવાઈ રહેલા કેટલાક કાલાતીત અવશેષો સાબિત કરે છે કે **વૈદિક** સમયમાં જુદી જુદી બોલીઓ વ્યવહારમાં હોવી જોઈએ, જેમાંથી એકનું ધાર્મિક-સાહિત્યિક સ્વરૂપ તે **ઋગ્વેદ**નો ભાષાભેદ. એક જ ઉદાહરણ લઈએ. ઋગ્વેદની सूरे दुहिता એ ઉક્તિ બે રીતે સમજાવવાનો પ્રયત્ન થયો છે. એક મત પ્રમાણે અહીં સંબંધદર્શક ચતુર્થી (ડેટીવ ઑવ કીન્શીપ, dative of kinship) નો પ્રયોગ છે (જેમ અંગ્રેજીમાં daughter to the Sun god કહી શકાય તેમ). પણ **વાકરનાગલે** (Wackernagel) આપેલી ઉપપત્તિ જ પ્રતીતિજનક છે. અહીં મૂળના सूरः दुहितानुं સામાન્યરીતે પ્રચલિત સંધિનિયમ પ્રમાણે सूरो दुहिता થવું જોઈએ, તેને બદલે, જેમ બીજી **પ્રાકૃતો**માં वीरो (< वीरः) વગેરેમાં મૂળના વિસર્ગનું સ્થાન उ લે છે, પણ **માગધી**માં તેવા જ સંજોગોમાં वीले (< वीरः) વગેરેમાં મૂળના વિસર્ગને સ્થાને इ આવે છે, તેમ અહીં પણ सूरः दुहिता 'સૂર્યની પુત્રી'નું सूरे दुहिता એવું વિલક્ષણ સંધિરૂપ થયું છે. એટલે કે પાછળના સમયમાં **માગધી** વિશિષ્ટતા તરીકે મૂર્તિમન્ત થયેલા વલણનું આ એક પુરોગામી ચિહ્ન છે, અને પરિણામે વૈદિક સમયમાં બોલીભેદ હોવાનો તે એક મજબૂત પુરાવો પૂરો પાડે છે. વૈદિક **શિથિર**-(<√ **શ્રથ્**-), **કૃચ્છ્ર**-(<***કૃપ્સ**-), **જ્યોતિસ્**-(***દ્યોતિસ્**-) વગેરે પણ બીજસ્વરૂપમાં રહેલા **પ્રાકૃત**સદૃશ વલણોના દ્યોતક છે, અને **ઋગ્વેદ**ના ભાષાભેદથી ધ્વનિ-વિકાસમાં આગળ વધેલું અન્ય ભાષાસ્વરૂપ તે સમયે પ્રચલિત હોવાનું સાબિત કરે છે.

સમય જતાં અનેક શબ્દો તેમ જ કાળ અને અર્થના કેટલાક ભેદો વપરાશચ્યુત થતાં, ને સાદૃશ્યના નિયમના પરિબળે ગણવ્યવસ્થા સાદી બનતાં, અને આથી **વૈદિક** ભાષાની રૂપસમૃદ્ધિ અને સંકુલતા દૂર થતાં રુપતંત્રમાં કેટલીક સરળતા આવી. शुक्र-, शुक्ल- જેવામાં ઉચ્ચારભેદે અર્થાન્તર વિકસ્યો, તો કેટલાક શબ્દ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગ્મની બાબતમાં એક અથની સમાનતા, બીજા અમાલિક અર્થનું આરોપણ થવામાં કારણભૂત બની; આમ ભાષાવિકાસમાં સામાન્ય એવા કેટલાક ફેરફારો વ્યક્ત કરતી, છતાં મૂળનું ધ્વનિતંત્ર યથાસ્થિત જળવાઈ રહ્યું હોવાથી મર્યાદિત અને વિલક્ષણ વિકાસના પરિણામરૂપ ગણી શકાય તેવી પ્રશિષ્ટ કે શિષ્ટમાન્ય કલાસીકલ સંસ્કૃત તૈયાર થઈ. **ઋ**ગ્વેદના ભાષાભેદમાં નથી તેવાં કેટલાંક **ભા**રત-યુરોપીય અભિધાનો પણ તેમાં સંઘરાયા છે, તે બોલીઓની અરસપરસની આપ-લેનું સૂચક છે. **પા**ણિનિના તલસ્પર્શી અને સર્વગ્રાહી અભ્યાસને પરિણામે એક સર્વ-માન્ય, અને જરાયે ધરેડભંગ ન સહી શકે એવું કડક ધોરણ બંધાયું. આવી અસ્વાભાવિક સ્થિતિને લીધે સંસ્કૃતનો વિકાસ રૂંધાઈ ગયો. છતાંયે ધ્યાનમાં રાખવા જેવું છે કે **ચં**દ્રગોમી જેવા **પા**ણિનિના અનુગામી વૈયાકરણો, જેમની **પ્ર**શિષ્ટકાલીન **સં**સ્કૃતમાં હસ્તી જ નથી તેવાં કેટલાંક રૂપો ને પ્રયોગોની નોંધ લે છે. દરમિયાનમાં વૈદિક બોલીઓમાંથી ધ્વનિવિકાસ અને સાદૃશ્યના નિયમના પ્રભાવે **પા**લિ વગેરે **મા**ધ્યમિક **ભા**રતીય-**આ**ર્ય ભાષાભેદો વિકસે છે. તે જે સ્વરૂપમાં જળવાઈ રહ્યા છે તે સ્વરૂપ, જીવંત—બોલચાલની—ભાષાની પાછળ હોય છે તેવી માનવ પૃષ્ઠભૂના અભાવે અત્યંત કૃત્રિમ અને વિકાસશૂન્ય છે. આ મુશીબત ઉપરાંત **પ્રા**કૃતોના મૂળ આધારરૂપ હાથપ્રતોની વિશ્વસનીયતા, પ્રાચીન લેખનશૈલીને લગતી મુશ્કેલીઓને લીધે ઘણી ઓછી છે. હાથપ્રતો અને **પ્રા**કૃત વૈયાકરણોનાં વિધાનો વચ્ચે વિરોધ ઊભો થાય ત્યારે બે પ્રકારનું વલણ સ્વીકારવું શક્ય છે; કાં તો **પી**શલની જેમ **હે**મચંદ્ર જેવા વૈયાકરણોને પ્રમાણ-ભૂત ગણી તે પ્રમાણે હાથપ્રતોની ભાષામાં ફેરફાર કરવા; અથવા માત્ર **પ્રા**કૃત વ્યાકરણકારોનું જ પ્રમાણ નહીં પણ દરેક **મા**ધ્યમિક **ભા**રતીય-**આ**ર્ય ભાષા-સ્વરૂપ ધ્યાનમાં લઈ તેના પ્રકાશમાં દરેક હસ્તપ્રતનો નિરનિરાળો અભ્યાસ કરવો. અને આ બીજી પદ્ધતિ જ વધારે શાસ્ત્રીય છે. તેમાં દરેક હસ્તપ્રત ઉપરની તેના પ્રાપ્તિસ્થાનને અંગેની અસર પણ લક્ષમાં રાખવી ઘટે છે. ઉદાહરણ તરીકે **મ**હાભારતની દક્ષિણની વાચનાઓમાં સંબંધાર્થ ચતુર્થીનો પ્રયોગ મળે છે તે **દ્રા**વિડી અસરથી સહેજે સમજાવી શકાય. આ ઉપરાંત આંકડાશાસ્ત્રનો આધાર લેતાં લહિયાઓની ભૂલોની પણ નિષ્પક્ષપણે તપાસ થવી શક્ય બને છે, જો કે હેતુપૂર્વક કરાએલી ધાલમેલને પરખવી એ ઘણું કઠણ છે. એટલું સારું છે કે ઉત્કીર્ણ લેખોની ભાષા આવા પ્રકારની અશુદ્ધિઓથી અલિપ્ત રહી શકી છે. **તુ**ર્ફન હાથપ્રતો પણ દટાઈને જળવાઈ રહી હોવાથી, તેમની એક જ વાચના હોવા છતાં ઘણી વિશ્વસનીય ગણાય.

માધ્યમિક **ભા**રતીય-**આ**ર્યના અભ્યાસમાં **વી**રચરિત કાવ્યો અને **બૌ**દ્ધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૈન ગ્રંથોના **લૌકિક સંસ્કૃતનું** અધ્યયન પણ ખાસ આવશ્યક છે. તેમાં મળી આવતા બંધારણવિરુદ્ધના 'અવ્યાકરણી'ને આર્ષ પ્રયોગોની, તેમ જ **વીરચરિત કાવ્યોનાં** પાઠાન્તરોની આંકડાબદ્ધ ગવેષણા, ગર્ભદશામાં રહેલાં અસ્પષ્ટ **માધ્યમિક ભારતીય-આર્ય** વલણોના દ્યોતક બને તેમ છે.

વિકારક બળોને વશ થઈ મધ્યકાલીન બોલચાલની ભાષાઓએ, અગિઆરમી સદી લગભગ અર્વાચીન યુગમાં પ્રવેશ કર્યો. અર્વાચીન યુગના અભ્યાસને મુશ્કેલ બનાવતી ઘટનાઓમાં બે ખાસ ઉલ્લેખાર્હ છે. વિકસતી બોલીઓની પરસ્પર એકબીજી ઉપર થયેલી વિસ્તૃત, અનેકવિધ અને સંકુલ અસર; અને આમાં **દ્રાવિડી** જેવી પરભાષાનો ફાળો કેટલો તે નક્કી કરવાની કઠિનતા.

ભારતીય-આર્યના વિકાસની આ રૂપરેખામાંથી સળંગસૂત્ર વિગતવાર ઇતિહાસ બનાવવા આડે બે ચાર મોટા અંતરાયો છે. એક તો ચોક્કસ સમય-નિર્ણયને અભાવે માત્ર સાપેક્ષ સમયગણના જ આપવી શક્ય છે. આથી ભાષાકીય ઘટનાઓના સીલસીલાબંધ વૃત્તાંતને બદલે આપણે મોઘમ યુગોના ઉલ્લેખથી ચલવી લેવું પડે છે. પરિણામે પૃષ્ઠભૂમિ અને વેષ્ટનોથી વંચિત એવી આ ઘટનાઓની ખરી મુલવણી કે સ્વરૂપ-ઓળખ થઈ શકતી નથી. બીજું, ઉપર સૂચવ્યું તેમ જે ભાષાભૂમિકાઓનો અભ્યાસ કરવાનો છે તેમના તે તે સમયનાં જીવંત બોલચાલનાં સ્વરૂપોને બદલે આપણી પાસે સાહિત્યિક અને કૃત્રિમ ભાષાંસ્વરૂપો છે. ખળખળ વહેતા ઝરણાને બદલે બંધિયાર ખાબોચિયા સાથે કામ કરવાનું છે. આથી વિકાસના વાસ્તવિક સ્વરૂપની આપણે માત્ર ઝાંખી જ કરી શકીએ છીએ. ત્રીજો અંતરાય તે ખામી ભરેલી પ્રતિપાદન-પદ્ધતિ છે. તે વિશે પણ ઉપર સૂચન કર્યું છે. આ માટે હવેથી ઇતિહાસલક્ષી પદ્ધતિનો સ્વીકાર ઘણો જ આવશ્યક છે. ભાષાશાસ્ત્રના પ્રદેશમાં ઇતિહાસલક્ષી પદ્ધતિ એટલે દરેક ભાષાકીય હકીકત અને ઘટનાનો સ્થળ-કાળ સાથેનો પૂર્વાપર સંબંધ ધ્યાનમાં રાખી, તુલનાત્મક વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ અમુક ભાષા-પરિવારનો અભ્યાસ કરવો. આવી, સમયગણના અને ભૌગોલિક સ્થાનને લક્ષમાં લેતી પ્રતિપાદન-પદ્ધતિ ઘડી કાઢવાથી **ભારતીય-આર્યનો** સળંગ વિકાસક્રમ સમજવામાં, હજી પણ-ખાસ કરીને **માધ્યમિક ભારતીય-આર્ય** ક્ષેત્રમાં રહેલાં ખાડા-ગાબડાં પૂરી દઈ શકાશે. **માધ્યમિક ભારતીય-આર્યની** સામગ્રીમાં અભ્યાસ માટે હજી ઘણો અવકાશ છે; અને ખાસ કરીને પૂનાના ભાણ્ડારકર પ્રાચ્યવિદ્યામંદિર દ્વારા સંપદિત થતા **મહાભારતનું** અને આલોચાનાત્મક ('ક્રીટીકલ') પદ્ધતિએ સંપાદિત થતા તેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા ગ્રંથોનું આંકડાબદ્ધ પૃથક્કરણ કરાય તો, તે તે ગ્રંથમાં મળી આવતા પાઠ ભેદોમાં જળવાઈ રહેલાં **માધ્યમિક ભારતીય-આર્ય** લક્ષણોની સ્થળમર્યાદા અને સમયગણના નક્કી કરવામાં તે ઘણું સહાયક બને. આથી અમુક શબ્દોનો વહેલામાં વહેલો ક્યારે ઉપયોગ થયો તે જાણી શકાય અને શાસ્ત્રીય કોશ તૈયાર કરવા સાથે સંકળાયેલા કોયડાઓનો પણ ઉકેલ આવે. એક બે ઉદાહરણથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે: દાલ્ગાદો (Dalgado) એ તેના ઈંફ્લુઅન્સીઆ **દો વોકાબુલારીઓ પોર્તુગેસ એમ લિંગુઆસ એસિઆતિકાસ** (**એશિઆઈ ભાષા પર ફીરંગી** શબ્દભંડોળની **અસર**) [૧૯૩૧] માં **મરાઠી** શબ્દ **ભોપળાને** એક **ફીરંગી** શબ્દ સાથે સાંકળ્યો છે; પણ એ જ અર્થમાં અગીઆરમી સદીની એક હાથ-પ્રતમાં **બહુફલક** મળતો હોવાથી નક્કી થાય છે કે **ભોપળા ફીરંગી** મૂળનો નથી પણ શુદ્ધ તદ્‌ભવ છે. મરાઠી **દોન, દુજા, દુસરા, દુણા** વગેરેમાં દેખાતા દ ઉપરાંત **બારા, બીજ, બાવીસ** જેવામાં **બ** દેખાય છે, તે કોઈ સમીપની બોલીના ઋણ તરીકે જ સમજાવી શકાય. પણ તેનો સ્વતંત્ર પુરાવો **માધ્યમિક ભારતીય-આર્ય**ના અભ્યાસમાંથી જ મેળવવો રહ્યો. આ બાબતમાં સંસ્કૃત કોશોમાં નોંધાએલા સંખ્યાબંધ **માધ્યમિક ભારતીય-આર્ય** શબ્દો ખાસ તપાસ માગી લે છે.

અંતમાં કહેવું પ્રાપ્ત થાય છે કે ઉપરોક્ત લક્ષણવાળી ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રીય દૃષ્ટિ રાખી નવી પદ્ધતિએ અન્વેષણ હાથ ધરવાનો સમય આવી પહોંચ્યો છે. **ભારત-યુરોપીય**ના અભ્યાસમાં પણ આવા પ્રકારની પ્રતિપાદન-પદ્ધતિનો હમણાં હમણાં થએલો વિકાસ ઉલ્લેખનીય છે.

આ પછીના બીજા વ્યાખ્યાનમાં હું **ભારતીય-આર્ય**ના **આખ્યાતિક અંગો** (વર્બલ બેયઝ્‌ verbal bases) પર વિચાર કરવાનું, સાહસ-ભર્યું ગણી શકાય તેવું પગલું લઈશ. તે એટલા માટે કે તેમાંથી દોરેલા નિર્ણયો **ભારતીય-આર્ય**ને ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રીય પદ્ધતિ લાગુ પાડવી એટલે શું, એ પૂરતું સ્પષ્ટ કરી શકશે.

★

. CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન બીજું
ભારતીય-આર્યનાં આખ્યાતિક અંગો

આમાં અને આની પછીના વ્યાખ્યાનમાં **ભારતીય–આર્ય**ના **સમગ્ર** શબ્દભંડોળમાંથી માત્ર આખ્યાતિક અંગોની ઐતિહાસિક દૃષ્ટિએ છણાવટ કરવામાં આવી છે.

સામગ્રી

આવા અભ્યાસ માટે પ્રાચીન, મધ્ય તેમ જ અર્વાચીન યુગો માટે આપણને કેટલીક સામગ્રી મળે છે. **પા**ણિનિ (આશરે ઈ. પૂર્વે પાંચમી સદી)–નો **ધા**તુપાઠ [વેસ્ટર્ગાર્ટ Westergaard સંપાદિત–૧૮૪૧; **બો**ત્‌લિઙ્ક Bohtligk સંપાદિત–૧૮૮૭] અને તેના પરની **ક્ષી**રસ્વામી (આશરે ૧૦૫૦) કૃત **ક્ષી**રતરઙ્ગિણી [**લી**બીશ Libisch સંપાદિત–૧૯૩૦], **મા**ધવીય **ધા**તુવૃત્તિ (આ. ૧૩૫૦), **ભ**ટ્ટોજી **દી**ક્ષિતની (આ. ૧૬૩૦) વૃત્તિ, વગેરે, **ચાં**દ્ર **ધા**તુપાઠ (આ. ૪૭૦) [**લી**બીશ–સંપાદિત], દુર્ગસિંહ કૃત (આ. આઠમી સદી) **કા**તંત્રધાતુપાઠ (**લી**બીશ–સંપાદિત, ૧૯૧૯); **શા**કટાયન **ધા**તુપાઠ (નવમી સદી); **હે**મચંદ્રધાતુપાઠ (બારમી સદી); **હ**ર્ષકીર્તિ કૃત **સા**રસ્વત **ધા**તુપાઠ (સોળમી સદી),–વગેરે **પ્રા**ચીન **ભા**રતીય–**આ**ર્ય માટે ગણાવી શકાય. સંસ્કૃત ધાતુઓના સામાન્ય અભ્યાસની દૃષ્ટિએ **હ્વી**ટની (Whitney) ('**ધ રૂટ્‌સ, વર્બ-ફોર્મ્ઝ્‌, ઍંડ પ્રાયમરી ડેરીવેટીવ્‌ઝ્‌ ઑવ ધ સંસ્કૃત લૅંગ્વેજ**) સંસ્કૃત ભાષાના ધાતુઓ, આખ્યાતિક રૂપો અને કૃદન્ત રૂપો, ૧૮૮૫) એ ગ્રંથ લખ્યો. **પી**ટર્સબર્ગના બૃહદ્‌ અભિધાન–કોશ (૧૮૫૫–૭૫)માં એકઠી કરાયેલી સામગ્રીનો એમાં ઉપયોગ કરાયો હતો. આ દિશામાં આ પછીના સૌથી વધારે ધ્યાન ખેંચે તેવા પ્રયત્ન લેખે **લી**બીશનો (**માટેરીઆલીન ત્સુમ ધાતુપાઠ** (**ધાતુપાઠ માટેની સામગ્રી**), ૧૯૨૧) એ ગ્રંથ ગણાવી શકાય.

માધ્યમિક ભારતીય–આર્ય તરફ વળતાં પાલિ માટે **ધા**તુપાઠ, **ધા**તુમંજુષા (બંને દિનેસ **આ**ન્દર્સન Dines Andersen અને હેલ્મર **સ્મી**થ Helmer Smith સંપાદિત, ૧૯૨૧) અને **ધા**તુમાલા (હેલ્મર **સ્મી**થ સંપાદિત, ૧૯૨૯) એ પ્રસિદ્ધ થયા છે. આને આધારે મેં ('**રૂટ્‌સ ઑવ ધ પાલિ ધાતુપાઠઝ્‌** 'પાલિ ધાતુપાઠગત ધાતુઓ', પ્રસિદ્ધ **બુલેટીન ઑવ ધ ડેક્કન કૉલેજ રીસર્ચ** ઇન્સ્ટીટ્યુટ, માર્ચ, ૧૯૪૦) એ નામ નીચે **પા**લિ ધાતુઓનો સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાકૃત માટે, હેમચન્દ્ર, ક્રમદીશ્વર, માર્કણ્ડેય, રામશર્મન, ત્રિવિક્રમ ચણ્ડ વગેરેના પ્રાકૃત વ્યાકરણોમાં, તેમ જ ધનપાલની પાઈયલચ્છીનામમાળા અને હેમચંદ્રની દેશીનામમાલા જેવા દેશી કોશોમાં સામગ્રી પડેલી છે. ગ્રીઅર્સને આ પ્રાકૃત વ્યાકરણકારોની કૃતિઓનો ઉપયોગ કરીને પ્રાકૃત ધાત્વાદેશજ઼ ઍકોર્ડિંગ્ ટુ ધ વેસ્ટર્ન ઍંડ ઈસ્ટર્ન સ્કુલ્જ઼ ઑવ પ્રાકૃત ગ્રામેરીઅન્જ઼, પ્રાચ્ય અને પ્રતીચ્ય સંપ્રદાયના વૈયાકરણો પ્રમાણેના પ્રાકૃત ધાત્વાદેશો ૧૯૨૪) એ ગ્રંથમાં પ્રાકૃત ધાતુઓનો સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે. આથી બહુ જ વહેલાં ડેલિઅસે (Delius) રાદિક્સ પ્રાકૃતિકાએ ('પ્રાકૃત ધાતુઓ' ૧૮૩૯), એ ગ્રંથ લખેલો.

અંગોનું વર્ગીકરણ

હ્વીટ્ની તેના ઉપરોક્ત ગ્રંથમાં આખ્યાતિક અંગોના આખા સમુદાયને ૭ વિભાગમાં વહેંચી નાખે છે : વૈદિક સાહિત્યમાં પ્રયુક્ત, બ્રાહ્મણ સાહિત્યમાં પ્રયુક્ત, ઔપનિષદિક સાહિત્યમાં પ્રયુક્ત, સૂત્ર સાહિત્યમાં પ્રયુક્ત, વીરચરિત સાહિત્યમાં પ્રયુક્ત અને પ્રશિષ્ટકાલીન સાહિત્યમાં પ્રયુક્ત. હ્વીટ્નીના આ ૭ વિભાગો સામાન્યપણે ત્રણ ખંડમાં વહેંચાયેલા છે : (૧) ભાષાની માત્ર પ્રાચીન ભૂમિકામાં પ્રચલિત હોય તેવાં અભિધાનો; (૨) માત્ર અર્વાચીન ભૂમિકામાં પ્રચલિત હોય તેવાં અભિધાનો; અને (૩) પ્રાચીન તેમ જ અર્વાચીન બંને ભૂમિકામાં પ્રચલિત હોય તેવાં અભિધાનો.

બીજી દૃષ્ટિએ પણ આખ્યાતિક અંગોની વર્ગવહેંચણી થઈ શકે તેમ છે : (૧) આનુવંશિક અંશ – (अ) ભારત – યુરોપીય અંગો : (आ) ભારત ઇરાનીય અંગો; (૨) અ – ભારત–યુરોપીય ઋણ–અંગો: આ છેવટનો અંશ એ નવતર અંશ છે. નવા વિચારો, અનુભવો અને વસ્તુઓની અભિવ્યક્તિ માટે દરેક ભાષાના—અને ખાસ કરીને જીવન્ત ભાષાના—ઇતિહાસમાં નવાં નવાં અભિધાનોની જરૂર ઊભી થતી હોય છે. તેવી જરૂર પૂરવા માટે આ નવતર અંશ સ્વીકારાએલો છે.

ઉપલબ્ધ સંસ્કૃત સાહિત્યમાં પ્રયુક્ત થયાં હોય તેવાં પ્રાચીન ભારતીય–આર્ય અંગોના ગણવાર આંકડાઓ હ્વીટ્નીએ આમ આપ્યા છે :

અદાદિ	(૨)	૧૪૩	ક્ર્યાદિ	(૯)	૫૨
જુહોત્યાદિ	(૩)	૪૯	ભ્વાદિ	(૧)	**૫૨૯**
રુધાદિ	(૭)	**૨૯**	તુદાદિ	(૬)	૧૪૨
સ્વાદિ	(૫)	**૫૦**	દિવાદી	(૪)	૧૩૩
તન્વાદિ	(૮)	૮	કુલ		૧૧૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દરેકમાં માત્ર પ્રાચીન ભૂમિકામાં મળતા, પ્રાચીન તેમજ અર્વાચીન ભૂમિકામાં મળતા, અને માત્ર અર્વાચીન ભૂમિકામાં મળતા—એવા ત્રણ વિભાગ છે. દાખલા તરીકે બીજા ગણના ૮૦ ધાતુઓ એવા છે કે જે માત્ર પ્રાચીન ભૂમિકામાંજ વપરાયા છે. પછીની ભાષામાં તે ન દેખાતા હોવાથી, તે ભૂમિકાની દૃષ્ટિએ એ કાલગ્રસ્ત અંશ છે. ૪૯ ધાતુઓ બંને ભૂમિકામાં મળે છે. આ સ્થિર અંશ છે. બાકીના ૧૪ ધાતુઓ માત્ર અર્વાચીન ભૂમિકામાં જ મળે છે. આ નવતર અંશ છે. **હ્વીટ્**નીએ નોંધેલા ૧૧૩૬ ધાતુઓમાંથી આશરે ૮૦૦ વૈદિક સાહિત્યમાં અને બાકીના ચારસોએક **વી**રચરિત અને પ્રશિષ્ટ-કાલીન સાહિત્યમાં મળે છે. આ બારસોમાંથી અરધા જેટલા **ભા**રત–યુરોપીય ભૂમિકામાંથી વારસામાં ઊતરી આવેલા છે. તેમની વિભાગવહેંચણી કરીએ તો, (**અ**) ૧૭૧ એવા છે કે જે માત્ર **વૈ**દિક ભાષામાં મળે છે; (**આ**) ૩૧૮ અંગો સામાન્યપણે વપરાએલા છે; (ઇ) ૧૨૨ માત્ર **પ્ર**શિષ્ટકાલીન (કે **વી**રચરિત) **સં**સ્કૃતમાંજ મળે છે. પ્રાચીન ભૂમિકામાં અનુપલબ્ધ એવા આ **ભા**રત–યુરોપીય મૂળના ૧૨૨ ધાતુઓની ઉપપત્તિ કેમ આપવી? આ માટે બે શક્યતા છે; (૧) બીજી **ભા**રત–યુરોપીય (**ગ્રી**ક, ઇરાની વગેરે) ભાષાઓ સાથે **ભા**રતીય–**આ**ર્યનો સંપર્ક થએલો સાબિત કરી શકાય તો કેટલાક ધાતુઓ સ્વીકૃત શબ્દો તરીકે આવ્યા હોય; (૨) કેટલાક **ભા**રત–યુરોપીય ભૂમિકામાંથી પ્રાચીન **ભા**રતીય–**આ**ર્ય લોકબોલીઓમાં ઊતરી આવેલા અને **મા**ધ્યમિક **ભા**રતીય–**આ**ર્યમાં જળવાએલા હોય; અને ભાષાભૂમિકાના પલટાઓ સાથે ધ્વનિવિકાર અને રૂપવિકાર પામતાં પામતાં, એ લૌકિક ભાષાભેદોને સાહિત્યકીય સ્વરૂપ મળ્યું, ત્યારે તે સામાન્ય પ્રચારમાં આવ્યા હોય. પછીથી તે વેળાના **પ્રા**કૃત સ્વરૂપને અતિસંસ્કાર ('હાય્પર્‌સંસ્કૃતીઝેશન') અપાયો હોય કે તેમનું **સં**સ્કૃતીકરણ કરાયું હોય અને એ સ્વરૂપમાં છેવટે ધાતુપાઠમાં નોંધાયા હોય.

રૂપતંત્રમાં થયેલાં પરિવર્તન

ઐતિહાસિક દૃષ્ટિએ **ભા**રતીય–**આ**ર્ય આખ્યાતસામગ્રી તપાસતાં તેનાં સ્વરૂપ અને રૂપમાં આવેલા પલટાઓ સ્પષ્ટપણે આપણી સામે ઉપસ્થિત થાય છે. **ભા**રતીય–**આ**ર્ય આખ્યાતિક અંગોમાં વિવિધ ગણો, અર્થો ('મુડ્‌ઝ્' moods) અને પ્રયોગો ('વૉય્સીઝ' voices) અનુસાર વિવિધ રૂપો ધરવાની શક્તિ હતી. પદમાં થએલા ફેરફારો આપણે તપાસીએ તો જણાશે કે કેટલાક ધાતુઓ પ્રાચીન ભૂમિકામાં અમુક એક પદના છે, જ્યારે પછીની ભૂમિકામાં તેથી જુદા જ પદમાં અથવા તો બંને પદમાં વપરાતા થયા છે. દા. ત. अक्षत् (**વૈ**દિક), अक्षते

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વીરચરિત); अस्यते (ઋગ્વૈદિક), अस्यति, आस्ते, आस्ति (વીર-ચરિત); इङ्खति (વૈદિક), इङ्खते (પ્રશિષ્ટકાલીન), વગેરે. પ્રાચીન ભૂમિકામાં પરસ્મૈપદી હોય પણ પછીથી આત્મનેપદી થયા હોય એવા ધાતુઓની સંખ્યા આશરે ૧૫૦ ની છે; આત્મનેપદીના પરસ્મૈપદી થયા હોય તેવાની સંખ્યા ૧૦૦ ની છે; જ્યારે ૧૦૦ બંને ભૂમિકાસાં ઉભયપદી રહ્યા છે. આ પદવ્યત્યયનું કારણ શું? પરસ્મૈદ અને આત્મનેપદ વચ્ચે મૂળમાં રહેલો સકર્મક–અકર્મકનો તાત્ત્વિક ભેદ, સમય જતાં ભાષામાંથી લુપ્ત થઈ ગયો. માત્ર તેમના નામમાં તે અવશિષ્ટ રહી ગયો. આમ પદ વ્યાકરણી પદાર્થ (કેટેગરી category), તરીકે નિરર્થક બનતાં પદ પ્રમાણે લગાડવાના પ્રત્યયોમાં પણ શિથિલતા આ વી અને છંદના ચોકઠામાં બેસાડવા માટે જરૂર પડે ત્યાં એકને બદલે બીજું પદ વાપરવું સગવડ ભર્યું બન્યું. વળી ૪થા ગણના આત્મનેપદી ધાતુના કર્તરિ રૂપો અને કર્મણિ રૂપો વચ્ચે આઘાત (એક્સન્ટ accent) પૂરતો જ ફરક હોવાથી, સમય જતાં તે ગણમાં પદ બાબત શિથિલતા પ્રવર્તવા લાગી વીરકાવ્યોમાં તો પદવ્યત્યયનાં કેટલાંય ઉદાહરણો મળે છે. આ વિષયનો આંકડાવાર અભ્યાસ થવો જરૂરી છે. અર્થવાહકતા લોપાતાં અંતમાં માધ્યમિક ભારતીય–આર્ય ભૂમિકા સુધીમાં તો પદનો વિભાગ તદ્દન લુપ્ત થઈ ગયો.

ભારતીય વૈયાકરણોએ ધાતુઓના જુદા જુદા ગણમાં કરેલા વર્ગીકરણનો ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં, ગણવ્યત્યયનાં પચાસેક ઉદાહરણો મળે છે. ઉ. ત. अनति (વૈદિક), अनिति; अमेत् (વૈદિક), अमीति; नवते (વૈદિક), नुवते (પ્રશિષ્ટ૦); वनते (વૈદિક), वनुते, વગેરે. પહેલા અને છઠ્ઠા ગણ વચ્ચે આઘાત ('એક્સન્ટ' accent) પૂરતો જ ભેદ હોવાથી તેમની વચ્ચે ગરબડ થવાની ઘણી સંભાવના હતી. સમગ્ર રીતે જોતાં કહી શકાય કે પાછલા યુગ કરતાં આગલા યુગની ભાષાભૂમિકામાં અમુક એક અંગમાંથી જુદા-જુદા ગણોને અનુસરતા પ્રાતિપદિકો ઘડવાની વધારે પ્રમાણમાં શક્તિ હતી. પાછળના યુગમાં સાધારણીકરણ (નોર્મલાયઝેશન' normalization) અને અવિકરણી અંગોને વિકરણી બનાવવા ('થેમેટાયઝેશન' thematization)નું વલણ વધ્યે ગયું છે. વળી કેટલીક બાબતમાં એક અંગને સ્થાને બે અંગો વપરાતાં થયાં છે. દા. ત. મૂળ √इ–ને સ્થાને પાછળના સમયમાં √अय्– પણ વપરાતું થયું છે. તેવી જ રીતે ગણચિહ્ન ધાતુદેહનું અંશભૂત ગણાયાથી, પ્રશિષ્ટકાલીન ભૂમિકામાં કેટલાંક નવાં આખ્યાતિક અંગો અસ્તિત્વમાં આવેલાં છે. દા. ત. √पृ–માંથી √पृण्–. આમ આખ્યાતિક અંગોમાં વિવિધ પરિવર્તન થયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાતુપાઠ અને પાશ્ચાત્ય વિદ્વાનો

ભારતીય–આર્યના આખ્યાતિક અંગોની હ્વીટ્નીએ કરેલી ચર્ચામાં ખાસ લક્ષ ખેંચે તેવી બાબત એ છે કે **સંસ્કૃત** વૈયાકરણોએ આપેલા ધાતુપાઠોની તેમાં સખત ટીકા કરવામાં આવી છે. હ્વીટ્નીનાં સંશોધન પ્રમાણે માત્ર ૧૧૩૬ ધાતુઓ સાહિત્યમાં પ્રત્યક્ષપણે યોજાએલા મળે છે, એટલે એટલા જ ધાતુઓ ખરા અને પ્રમાણભૂત ગણી શકાય. આથી **પાણિનિ**એ આપેલી ધાતુઓની આશરે ૨૩૦૦ની સંખ્યામાંથી અરધાને વ્યાકરણકારોએ કૃત્રિમરીતે ઘડી કાઢેલા ગણવા જોઈએ.[૧] ધાતુપાઠમાં ઘુસાડવામાં આવેલો આ કચરો તદ્દન અપ્રમાણિત ગણવો જોઈએ. પણ બીજા કેટલાક વિદ્વાનોએ **હ્વીટની**ના આ અભિપ્રાયને સખત રીતે વખોડી કાઢયો છે. **વેબર** (Weber), **બેન્ફે** (Benfey) વગેરે સંસ્કૃત વૈયાકરણોને વિશ્વસનીય ગણવાના મતના હતા. **બ્યુલરે** (Buehler) હ્વીટ્નીના મતની ચર્ચા કરતા એક લેખમાં[૨] હ્વીટ્નીએ અપ્રમાણિત ગણેલો **ધાતુ**પાઠગત કેટલાક ધાતુઓ **પાલિ–પ્રા**કૃતમાં અથવા **અર્વાચીન ભાર**તીય–**આર્ય** બોલીઓમાં અસ્તિત્વ ધરાવતા હોવાનું દેખાડ્યું છે. આમ **ધાતુ**પાઠના કેટલાક ધાતુઓ **ભાર**ત–યુરોપીય મૂળના હોઈ, લૌકિક ભાષાઓમાં જળવાઈ રહીને **મા**ધ્યમિક અને **અર્વાચીન ભાર**તીય–**આર્ય**માં ઊતરી આવેલા છે.[૩]

ધાતુપાઠના ધાતુઓ સામે બીજી એવી દલીલ કરવામાં આવી છે કે તેમાંના કેટલાક તો પ્રાસમેળ કે ધ્વનિસંવાદની અસર ઉપજાવવા માટે ઘડી કાઢવામાં આવ્યા હોય તેમ લાગે છે. દા. ત. **सेव्, गेव्, ग्लेव्.** પણ આ દલીલમાં અંશતઃ જ સત્ય રહેલું છે. માત્ર પ્રાસમેળ કે ધ્વનિસંવાદ ધાતુઓને કૃત્રિમ ન ઠરાવી શકે.

घस्०, भस् કે **इनोति, हिनोति, जिनोति**માં પ્રાસમેળ હોવા છતાં, તે તદ્દન પ્રમાણિત ધાતુઓ છે. ખરૂં જોતાં, ધાતુપાઠોના ધાતુઓ વિશે સર્વસ્પર્શી શાસ્ત્રીય

---

૧ જુઓ હ્વીટ્ની 'રીવ્યુ–ઓવ રીસંટ સ્ટડીઝ ઈન હિન્દુ ગ્રામર' (હિન્દુ વ્યાકરણને લગતાં નવાં અધ્યયનોનું અવલોકન)–'અમેરિકન જર્નલ ઓવ ફીલોલોજી,' ગ્રંથ ૧૪: તે પહેલાં હ્વીટ્ની (અમેરીકન જર્નલ ઓવ ફીલોલોજી' ગ્રંથ ૫), એડગ્રેન (Edgren), વર્બલ રૂટ્સ ઓવ સંસ્કૃત લેંગ્વેજ,' (સંસ્કૃત ભાષાના આખ્યાતિક ધાતુઓ) 'જર્નલ ઓવ ધી અમેરીકન ઓરિએંટલ સોસાયટી', ગ્રંથ ૧૧.

૨ જુઓ, 'ઈન્ડિઅન એન્ટીક્વરી,' જુન–સપ્ટે. ૧૮૯૪

૩ આ વિષય માટે સરખાવો, ગ્રે (Grey) (ફીફટીન પ્રાકૃત–ઈન્ડો–યુરોપીયન ઈટીમોલોજીઝ,) (પંદર પ્રાકૃત—ભારત–યુરોપીય વ્યુત્પત્તિઓ)' 'જર્નલ ઓવ ધી અમેરીકન ઓરિએંટલ સોસાયટી,' ગ્રંથ ૬૦, અંક ૩, પા. ૩૪૩; સપ્ટે. ૧૯૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મત બાંધતાં પહેલાં **માધ્યમિક** તેમ જ **અર્વાચીન ભારતીય-આર્ય** ભાષા-ભૂમિકાઓને તપાસવાની જરૂર છે. કેમ કે કેટલાક ધાતુપાઠના ધાતુઓના અર્વાચીન અવતારો તેમાંથી મળી આવે છે.

ધાતુપાઠના કેટલાક ધાતુઓ દેખીતા જ **માધ્યમિક ભારતીય-આર્ય**માં પ્રચલિત કેટલાક ધ્વનિવલણોને આધારે ઘડાયા છે. √ग्लेव्–> √गेव्–, કે √म्लेव्–> मेव्–માં અસ્થિર વ્યંજનસ્તબકોનું ઋજૂકરણ (‘સીમ્પ્લીફીકેશન’) દેખાઇ આવે છે. [મૂળ √ऋ–ના વિસ્તારથી સધાયલા] *√ऋत्–ના રૂપાન્તરો √अत्–(વૈદિક), *इट्–(વૈદિક), ને √अट्–(પ્રશિષ્ટ૰) માં; √कृन्त्– : √कुट्ट्–માં; √छृन्त्– : छुट्–માં; √गृज्– : √गज्–, √गृञ्ज्– : गुञ्ज्–માં, √*भृत्– : √भट्–માં કે √गृंथ– : √गुण्ठ्–માં, **માધ્યામિક ભારતીય-આર્ય**માં સામાન્યપણે જાણીતી બે પ્રક્રિયા—**ઋ**કા-રનું રૂપાન્તર અને ઘણુંખરું તેનો સહચારી મૂર્ધન્યભાવ—સ્પષ્ટપણે જોઈ શકાય છે. √चुण्ट्– : √चुण्ड्– કે √अर्प्– : √अर्व्– જેવામાં અઘોષનું ઘોષીકરણ છે. પ્રાસાનુપ્રાણિત શબ્દઘડતરને આધારે કેટલાક ધાતુઓ સમજાવી શકાય તેમ છે. આ પણ એક **માધ્યામિક ભારતીય-આર્ય** વલણ છે. સંખ્યાબંધ અંગો **માધ્યામિક ભારતીય-આર્ય**માંથી અતિસંસ્કાર કરી સ્વીકારી લીધેલા છાયારૂપો (‘બેક્ફોર્મેશન’ back formation) તરીકે સમજાવી શકાય તેવા છે. બાકી કેટલાક આખ્યાતવિસ્તારના સિદ્ધાન્તનાં ઉદાહરણો પૂરાં પાડે છે.

આથી **માધ્યમિક** તેમ જ **અર્વાચીન ભારતીય-આર્ય** ભૂમિકાઓ, ઇરાની વગેરે ઈતર **ભારત-યુરોપીય** ભાષાઓ અને **દ્રાવિડી**, **મુણ્ડા** વગેરે પડોશના ભાષાકુળો–એ સૌને ગણતરીમાં લીધા વિના ‘ધાતુપાઠો એશ-આરામી વિદ્વાનોએ પ્રામાણિક ધાતુસામગ્રીમાં કૃત્રિમ કચરો ભેળવીને ઘડી કાઢ્યા છે’ એવો નિર્ણય બાંધી દેવો એ તદ્દન અયોગ્ય છે. ઉલટું તેમના ગુણદર્શન તરીકે કેટલુંક ગણાવી શકાય તેમ છે. દા. ત. તેમણે આપેલા ધાતુસ્વરૂપોમાં કોઇક વાર, બીજે ન જળવાઈ રહેલાં લક્ષણ જળવાઇ રહેલાં દેખાય છે. **पठति** (<*पृथति)માં અણધાર્યો અને બીજે કયાંઇથી ન જાણી શકાય તેવો મૂળ ધાતુના અપધ્વનિરૂપ (‘એબ્લાઉટ ફોર્મેશન’)નો અવશેષ છુપાએલો છે. √मस्ज्૰ના **સ્**ની જાણ આપણને **ધાતુપાઠ** દ્વારા જ થાય છે. એ ખરું કે તેમાં કેટલીક ભૂલો પણ થએલી દેખાય છે. દા. ત. √लज्ज्–ના મૂળરૂપ તરીકે ખોટી રીતે જ √लस्ज्–આપ્યું છે. પણ આવા રડ્યાખડ્યા દાખલા પરથી ધાતુપાઠકારો કોઈ લેભાગુ કે નવશિખાઉ પંડિતંમન્યો હતા એવા આત્યંતિક નિર્ણય પર આવી જવું એ જરા પણ ઉચિત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસંહાર

અંતમાં, સૂચન કરવાનું કે **પ્રાચીન ભારતીય-આર્ય**ની પાછલી ભૂમિકામાં જ મળી આવતા **ભારત-યુરોપીય** અંશનું ફરી અન્વેષણ કરી તેને **માધ્યમિક ભારતીય આર્ય**માંથી છાયા-ઘડતર ('બૅક-ફૉર્મેશન') થઈ **પ્રાચીન ભારતીય-આર્ય**માં પ્રવેશેલા અંશ તરીકે, અથવા તો બીજી ભારતબાહ્ય **ભારત-યુરોપીય** ભાષાઓમાંથી ઋણરૂપે સ્વીકારાએલા અંશ તરીકે (કેમ કે ખાસ કરીને મૌર્યયુગ દરમિયાન તેમ જ તે પહેલાં પણ ભારતવાસીઓ અને **ગ્રીકો** વચ્ચે કેટલોક સંપર્ક થએલો) ઘટાવવો એ જરૂરી છે. **ભારતીય-આર્ય**ની બધીય ભૂમિકાઓના શબ્દ-ભંડોળનો, ઉક્ત પ્રકારની પ્રતિપાદનપદ્ધતિએ અભ્યાસ કરવામાં આવે, તો જ **ભારતીય-આર્ય**ને ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રની મહોરછાપ લાગે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન ત્રીજું

ભારતીય - આર્યનાં આખ્યાતિક અંગો (ચાલુ)

લૌકિક બોલીઓમાં જળવાઈ રહેતો પ્રાચીન અંશ

“ અર્વાચીન **ભારતીય-આર્ય**માં દેખાતા, **સંસ્કૃત** કોશોમાં અપનાવાયેલા કે **ધાતુ**પાઠોમાં અંગો તરીકે નોંધાયેલા કેટલાય **પ્રાકૃત** શબ્દોને માટે **સંસ્કૃત**માં કાંતો બહુ દૂરદૂરના સહજન્ય શબ્દો મળતા હોય અથવા તો તેમને મળતું કંઈ પણ ન હોય એ હકીકત ખૂબ જ જાણીતી હોવાથી હવે ચર્ચાથી પર છે. પણ, તપાસ કરતાં જણાય છે કે આવા **પ્રાકૃત** શબ્દોની સારી એવી સંખ્યા **ભારત**-યુરોપીયની **અ-ભારતીય** શાખાઓમાં જાણીતાં અંગોમાંથી વ્યુત્પન્ન કરી શકાય તેમ છે. આથી એ દેખીતું છે કે **પાલિ**સહિત **પ્રાકૃત**ના જુદાજુદા ભાષાભેદોનો આ દૃષ્ટિએ કરાયેલો અભ્યાસ **ભારતીય**વિદોને તેમ જ **ભારત**–યુરોપીયવિદોને ઉપયોગી નીવડશે. ”[૧] ગ્રે આ લેખ દ્વારા અન્વેષણનું એક હજી ઘટતું ધ્યાન નહિ પામેલા ક્ષેત્ર તરફ અંગુલિનિર્દેશ કરે છે. સાહિત્યભાષામાં જેમની નિશાની પણ ન મળતી હોય તેવા કેટલાક પ્રાચીન ભૂમિકાના શબ્દો લોકભાષામાં કેટલીક વાર જળવાઈ રહ્યા હોય છે. આ વસ્તુને આધારે પ્રાકૃતોની કે અર્વાચીન દેશભાષાની ‘ દેશ્ય ’ સામગ્રીના કેટલાક અંશના મૂળ માટે **ભારત–યુરોપીય** ભૂમિકાની તપાસ ફળપ્રદ નીવડવાની ઘણી શક્યતા છે. પણ આ પ્રકારના અન્વેષણનું ભયસ્થાન નજર બહાર ન રહેવું જોઈએ. કોઈ વાર અમુક શબ્દ **ભારત**ની ભૂમિ પર જ સધાયેલા વિકાસને આધારે સમજાવી શકાય તેમ હોય તો પણ તે **ભારત**–યુરોપીય ભૂમિકાના જળવાઈ રહેલા અવશેષ તરીકે ખપી જવા સંભવ છે, કેમ કે એ બે ક્ષેત્રને વિભક્ત કરતી સ્પષ્ટ મરજાદ-રેખ નિશ્ચિત થઈ નથી. **પાલિ** **વીસતિ**ના **વી**–નો દીર્ઘ ઈ **જુલ બ્લોખ** (Jules Bloch) અને **હેલ્મર સ્મીથ** (Helmer Smith)ના મતે **ભારત**–યુરોપીય (***વી**) *wi નો અવશેષ છે, અને એના આધારમાં તેઓ **લૅટીન** **વીગિન્તિ** (viginti) ટાંકે છે. પણ ટર્નર માને છે કે આ બાબતમાં **ભારતીય** ભૂમિકાથી આગળ જવાની જરૂર નથી. કારણ, સારૂપ્યને લીધે નિષ્પન્ન થયેલા બેવડા ઉષ્મવ્યંજનોના ઋજુભાવ સાથે તેમની પૂર્વેના સ્વરને દીર્ઘ કરવાનું ધ્વનિવલણ **પાલિ**માં સુપરિતચિત છે. તેને આધારે સં. **सिंह**–

૧ ગ્રે : રીક્ટીન પ્રાકૃત-ઇંડોયુરોપીયન ઇટીમોલોજીજ઼ (પંદર પ્રાકૃત–ભારતયુરોપીય વ્યુત્પત્તિઓ) જર્નલ ઑવ ધી અમેરિકન ઓરિએંટલ સોસાયટી, ૬૦ (૧૯૪૦), ૩૬૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

>પા. **सीह–**ની જેમ, **સં. विंशति** > **પા. वीसति** સરળતાથી સાધી શકાય. વળી, બીજદશામાં રહેલાં નૂતન ધ્વનિવલણોને બીજાં અભિધાનો કરતાં સંખ્યાવાચકો વધારે જલદીથી વશ થાય છે એ હકીકત પણ આમાં કારણભૂત છે.

આખ્યાત-વિસ્તાર

ગ્રેએ ચર્ચેલા શબ્દોમાંથી **अट्ट–, कड्ढ–** વગેરે આખ્યાતવિસ્તારની પ્રક્રિયાનાં ઉદાહરણો છે. આમાં મૂળ ધાતુનો સાધકો (ફૉર્મેટીવ્ઝ઼) વડે વિસ્તાર થયે નવાં અંગો તૈયાર થાય છે. આવા વીશ આખ્યાતિક સાધકો કે નિશ્ચાયકો (ડીટર્મીનેટીવ્ઝ઼, determinatives) છે. દા. ત. **√भस् –+ —आ–= √प्सा–, √द्रा– + –उ– = √द्रु–, √सृ – + –ग्– = √सृज्–, √*कि– (चिकेति) + –त्– = √चित्– (चेतते), √स्था– + –प्– = √स्थाप्–, √भा– + –स्– = √भास्–** વગેરે. આ આખ્યાતિક નિશ્ચાયકોને લીધે મૂળ **ભા**રત–યુરોપીય આખ્યાતિક અંગોની સંખ્યા ઘણી જ વૃદ્ધિ પામેલી છે.

ધાત્વાદેશ

અંગસંખ્યાની વૃદ્ધિ કરનારી બીજી ઘટના તે ધાત્વાદેશ (વર્બલ સબ્સ્ટીટ્યુશન verbal substitution) છે. વિશિષ્ટ કારણોને લીધે કોઇ ધાતુનાં વપરાશલુપ્ત થયેલાં અમુક રૂપો માટે તે ધાતુના નિકટના સમાનાર્થ બીજા ધાતુનાં તેટલાં રૂપો વપરાવા લાગે છે. એટલે કે તે ધાતુનાં એટલાં રૂપો પૂરતો બીજો ધાતુ આદેશ તરીકે કામ કરે છે. **ब्रवीति** ને **उवाच, आह** અને **अवोचत्, पश्यति** ને **ददर्श, अत्ति** ને **जघास, हन्ति** ને **अवधीत्** વગેરેમાં આ પ્રત્યક્ષ છે.

આખ્યાત–સમાસ

ત્રીજી ઘટના તે આખ્યાતસમાસ (‘વર્બલ કમ્પોઝ઼ીશન,’ verbal composition) છે. અમુક આખ્યાતિક અંગના દેહનો બીજા અંશો સાથેના સમાસદ્વારા ઉપચય થયે નવાં અંગો ઘડાય છે. આ તરફ વિદ્વાનોનું પૂરતું ધ્યાન હજી નથી ખેંચાયું. આના જુદા જુદા પ્રકારોનો ઉલ્લેખ કરીએ તો (૧) પર્યાયોક્ત (‘પેરીફ્રેસ્ટીક,’ periphrastic) પરોક્ષભૂત અને ભવિષ્યકાળ: **एधांबभूव, आसांचकार, गन्तास्मि** વગેરે; (૨) ચ્વિરૂપો: **गोष्ठीकरोति, गङ्गीभवति** વગેરે; (૩) સંયુક્ત અંગો : **√गवेष्–<√गविष्– (= गो–+√इष्–), गवेषण–, गविष्टि–**; આમાં આખ્યાતિક અંગ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ સાથે સંયુક્ત દશામાં રહેલું હોવા છતાં રૂપ અને અર્થની દૃષ્ટિએ તે એક શબ્દ તરીકે જ ગણાય છે. √पलाय–માં ઉપસર્ગયુક્ત અંગ છે. કેટલાંક ઉદાહરણોમાં આવી એકરૂપતાની માત્રા ઓછીવધતી હોય છે; જેમ કે आत्मसात्करोति, परमप्रसादयामास. (૪) પ્રત્યયમિશ્રિત અંગો : કેટલીક બાબતમાં ધાતુમાં પ્રત્યય ભળી સધાયેલા કૃદંત-શબ્દો પરથી નવું આખ્યાતિક અંગ ઘડાય છે. √मार्ग्–(<मार्ग–)ને √मृग्–(<मृग–) બંને મૂળ √मृज्–પરથી, √वेन्– (< : वेन √वन्– પરથી), √येष– (સરખાવો √यस्–) – તે જ પ્રમાણે √दा– : √दास्–, √हन्– : √हिंस्–, √शास् : √शिक्ष्–; કેટલાંક ઉદાહરણમાં કર્મણિ ભૂતકૃદન્ત અંગનું કામ કરે છે : **પાલિ** बुद्धेयम्, छिन्नामि (દિવ્યાવદાન), अपच्छिन्नति (કૌશિકસૂત્ર).

પ્રકીર્ણ

કેટલાંકમાં મૂળ એક અંગમાંથી ધ્વનિવલણોની અસર નીચે નવું અંગ ઉપજે છે. √चृतू– : —कृत्–, —जृ– : —गृ–, —मद्– : मन्द्–, —स्तृ– : —तृ–, —ध्या– —धि– વગેરે.

પ્રાકૃત પરથી અતિસંસ્કાર પછી સધાયેલાં અંગો પણ ધ્યાનમાં રાખવાનાં છે: પ્રા. √हम्म्– પરથી સં. √हन्– (गतौ); પ્રા. विज्झा– (<वि– + क्षै– પરથી) विध्यै – विध्यायित "બુઝાવેલું" વગેરે.

આ ઉપરાંત વ્યાકરણકારોએ નોંધેલાં पचतकि (=पचति) यामकि (= यामि – કૌષીતકી બ્રાહ્મણ, ૨૭,૧) વગેરે.

માધ્યમિક ભારતીય-આર્ય અંગો : પાલિ

પાલિ ધાતુપાઠોમાં કુલ આશરે ૧૮૦૦ અંગો આપેલાં છે. તેમાંથી અધથોડેરાં ઉપલબ્ધ સાહિત્યમાં વાસ્તવિકપણે વપરાયેલાં છે. **માધ્યમિક ભારતીય-આર્ય** ધાતુપાઠો તપાસતાં તેમાં અંગસંખ્યાનો વધારો કરવામાં કેટલીક વાર ધ્વનિવ્યાપારો જ કારણરૂપે રહેલા જોઈ શકાય. જેમ કે √अक्– : √अग्–માં રહેલો ઘોષભાવ. (ઘોષભાવ **પાલિ** ધ્વનિમીમાંસામાં લાક્ષણિકપણે જાણીતો નથી, એટલે આને પાછળથી પ્રચલિત થયેલ ધ્વનિવલણની આરંભદશાના સૂચક તરીકે લેખી શકાય.)

આખ્યાતિક અંગ ઉપસર્ગ સાથે સંયુક્ત થઈ એક અંગ તરીકે પ્રચલિત થયાનાં કેટલાંક ઉદાહરણો છે : √अनुरुध्–, √आगम्– વગેરે.

કેટલાક ચોકખા નામધાતુ છે : √अंग्–, √तिण्– (तृण–).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણવ્યવસ્થા **પાલિ**માંથી તદ્દન અદશ્ય નથી થઈ. પણ અવિકરણી અંગોના વિકરણભાવની ('થેમેટાય્‌ઝેશન', thematization) પ્રક્રિયા ધીમે ધીમે વેગ પકડતી દેખાય છે. સં **वेत्ति** : પા. **विदति**, સં. **हन्ति** : પા. **हनति** વગેરે. પાંચમાં ગણના ધાતુઓના નવમા ગણ પ્રમાણે રૂપ થવાં લાગ્યાં છે, જ્યારે સાતમો ગણ વિકરણી બની √**मुच्**– √**मुञ्च**–ની હરોળમાં આવી ઊભો રહે છે. આવ આવા ફેરફારો થતા જાય છે, છતાં જૂની વ્યવસ્થા તદ્દન લુપ્ત નથી થઈ. મુખ્યત્વે વિકરણભાવ તરફ વલણ છે.

પદની બાબતમાં **પાલિ**માં પરસ્મૈ અને આત્મને બન્ને જળવાઈ રહ્યાં છે, પણ આત્મનેનો અસ્ત ક્યારનોયે આરંભાઈ ચૂક્યો છે. કોઈ સ્થળે છંદને કારણે તો ક્યાંક પ્રાચીનતાનો રંગ લાવવા તે યોજાયો છે, અને મુખ્યત્વે –**स** (સં.–**स्व**) ને –**इत्थ** પ્રત્યયોમાં તે મર્યાદિત છે. વર્તમાન કૃદન્તમાં આત્મનેપદી પ્રત્યયનો જ ખૂબ પ્રચાર છે. **પાલિ** આગમોના પ્રાચીન પદ્યાત્મક ભાગોમાં આત્મનેપદ વિશેષ મળે છે.

ઉત્કીર્ણ પ્રાકૃતો

પાલિ પછી **મધ્ય ભારતીય–આર્ય**ની સૌથી પ્રાચીન અને વધુમાં વધુ અગત્યની બોલીઓ તે **અશોક**ના શિલા–લેખોની બોલીઓ. **પાલિ**માં દેખાતાં વિકાસવલણોનું જ **સમર્થન** આમાં પણ દેખાય છે. લેખોના લખાણનું પ્રમાણ અલ્પ હોવાથી કોઈ દૂરગામી નિર્ણયો દોરવા ન પાલવે; છતાં મુખ્ય વલણોનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે તે પૂરતું છે. વિકરણભાવની બાબતમાં અવિકરણી પ્રકારનાં અંગોમાં માત્ર સંયોજક ('કોપ્યુલા' copula) તરીકે વપરાતા √**अस्**– નાં રૂપો સર્વત્ર જળવાઈ રહ્યાં છે. મોટો ભાગ પહેલા ગણના ધાતુઓનો છે. **ગિરનાર**માં ત્રીજામાં માત્ર √**हु**–ના, છઠ્ઠામાં કેટલાકના ને આઠમામાં √**कृ**– ના અવશેષો જળવાયેલા જોઈ શકાય છે. બીજા ને નવમાંના કેટલાંક અંગો વિકરણી બન્યાં છે, ને બીજી કેટલીક ગણગરબડ પણ દેખાય છે.

આત્મનેપદની બાબતમાં બીજા લેખોમાં તેનો લગભગ અભાવ હોવાનું કહી શકાય, માત્ર **ગિરનાર**નાં **परिक्रमते**, **पटिपखते** વગેરે મળી નવ રૂપો મળે છે. **કાલ્સી**માં –**इत्था**અંતી રૂપો જ દેખાય છે, ત્યારે **ધૌલી**ને **જૌગડ**માં માત્ર આત્મનેપદી વર્તમાન કૃદન્તો મળે છે.

ભૂતકૃદન્તની બાબતમાં, **પાલિ**માં જૂનાં સેટ્‌ અંગો પરથી સધાયેલાં તેમ જ નવાં ઘડતરનાં કૃદન્તો સાથે સાથે મળે છે. **ગિરનાર** વગેરેના શિલા–લેખોમાં ઘણુંખરાં કૃદન્તો મૂળે અનિટ્‌ અંગોમાંથી સધાયેલાં છે. મૂળનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેરકાર્થ -प्- પ્રત્યય શિલાલેખોમાં તો માત્ર એક ધાતુવિસ્તારકનું કામ કરતો જણાય છે. **પાલિ**માં પણ એવાં ઉદાહરણો છે, પણ મર્યાદિત સંખ્યામાં જ. વાક્યતત્ત્વ (સીંટેક્સ, syntax)ની બાબતમાં પાછળથી દૃઢમૂળ બનેલી નામિક વાક્યમૂલક રચનાનો[૨] વધતો પ્રચાર સૂચિત કરતા કર્મણિ ભૂતકૃદન્તના પ્રયોગના દાખલા મળી આવે છે.

ઇસુ પૂર્વની અને પછીની એક સદીના સમયના, તુર્ફાનમાં મળેલા, અને અધ્યાપક લ્યૂડર્સે (Lueders) સંપાદિત કરેલા ગ્રંથખંડોની **પ્રાકૃત**માં, રડ્યાખડ્યા અવશેષો બાદ કરતાં, આત્મનેપદનો તદ્દન અભાવ છે. જ્યારે **ચીનાઈ તુર્કસ્તાન**માં મળેલા ત્રીજી સદીના **ખરોષ્ઠી** લેખોની ભાષામાં **वेनति** વગેરે, કર્મણિમાં પણ **वुचति** (= **उच्यते**), ને એકાદ **वन्तदे** (= **वन्दते**) ઉપર્યુક્ત વલણોના વધ્યે જતા જોરના દ્યોતક છે.

સાહિત્યકીય પ્રાકૃતો

સમય ને પ્રદેશનું વૈવિધ્ય ધરાવતી **સાહિત્યકીય પ્રાકૃતો**માં પણ જે ઉત્કીર્ણ **પ્રાકૃતો**માં પ્રત્યક્ષ થયેલા છે તેજ વિકાસવ્યાપારોની વધારે ઊંડી બનેલી છાપ જોઈ શકાય છે. ગણભેદ લુપ્ત થયે વિકરણી પ્રકાર સર્વસ્વામી બની રહ્યો છે. વિકાસરેખાઓ હવે સ્પષ્ટતર બની છે. નામતંત્ર કરતાં આખ્યાતતંત્રમાં વધારે જબરું પરિવર્તન થયેલું જોઈ શકાય છે. આખ્યાતિક અંગે આંકને પ્રકારભેદે ઘડાયેલાં જોઈ શકાય છે: (૧) **પ્રાચીન ભારતીય-આર્ય**ના વાસ્તવિકપણે મળતાં પ્રાતિપદિકોમાંથી—करइ < *करति, करन्ति; उक्खिणइ < उद् + *क्षिणति (**પીશલ** માને છે તેમ खनतिમાંથી નહિ), (૨) **પ્રાચીન ભારતીય-આર્ય**નાં પુનર્ઘટિત ('રીકન્સ્ટ્રક્ટેડ,' reconstructed) પ્રાતિપદિકોમાંથી—किसइ < *कृशति (कृश्यतिने બદલે). (આ બન્ને પ્રકારનાં સાહિત્યભાષામાંથી લુપ્ત થયેલાં રૂપ ઘણી વાર લોકભાષામાં જળવાઈ રહેતાં હોવાનાં ઉદાહરણ પૂરાં પાડે છે), (૩) **પ્રાચીન ભારતીય-આર્ય** કર્મણિ ભૂતકૃદન્ત પરથી—**पिणद्धइ** < (**अ**)**पिनद्ध**-, **संथडइ** < **संस्तृत**-(૪) ચોથા ગણનાં કે કર્મણિ પ્રાતિપદિકોમાંથી—**चलइ** કે **चल्लइ** < **चलति**, **चल्यते** કે **चल्यति**, **अट्टइ** < *अट्यति.

---

૩ આની ચર્ચા માટે જુઓ: ભાણ્ડારકર: **વીલ્જન ફીલોલોજીકલ લેક્ચર્જ**, ૧૯૧૪ જુલ બ્લોક: **ભારતીય-આર્ય** (લાંદો આર્યેન, L' Indo-Aryen), ૧૯૩૪ પા. ૩૦-૫૩. સામાન્ય ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ: **વાંદ્રે** (Vendryes), **લેંગ્વેજ** (ભાષા), અંગ્રેજી ભાષાંતર (૧૯૩૧), ૧૨૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત અવનવા આખ્યાતનિશ્ચાયકો ('વર્બલ ડીટર્મીનેટીવ્ઝ,' verbal determinatives)ના ઊગમથી નવાં વિસ્તારિત અંગો ઊભાં થતાં જાય છે.

(૧) -र-, कप्पर- 'ચીરા કરવા': कप्प-'કાપવું'; चच्चार-'ઠપકો દેવો': चर्चा-'ચર્ચા.'

(૨) -ड-, -गुम्मड- : गुम्म- 'બેભાન થવું, ગૂંચવાવું.'

(૩) -क्क-, -उक्क-, -√था- (< √स्था-) : √थक्क-; घुरुक्क- : સરખાવો √घुरघुर- 'ઘૂરકવું,' ઘુરઘુર અવાજ કરવો.'

(૪) -अल्ल-, -इल्ल-, -उल्ल-, -गुंजल्ल-, गुंजेल्ल, गुंजोल्ल-: गुंज- 'ગૂંજવું.'

કોઈ કોઈ ઉદાહરણમાં વાક્યખંડ પરથી પણ અંગ ઘડાયેલું છે: √मंभीस-(मब्भीसडी હેમચંદ્ર, ૪-૪૨૨-૨૨)-સરખાવો સં. मा भैषी :

આ સૌ ઉપરાંત પ્રાકૃત ધાત્વાદેશોની નિરાળી ગણતરી કરવી પડશે. ગ્રીયર્સને (Grierson) તેમનું પ્રતિપાદન એક સરસ ઐકાન્તિક નિબંધ ('મેનોગ્રાફ', monograph)[૩]માં કર્યું છે. તેમનું મૂળ કાં તો વ્યુત્પત્તિને આધારે પ્રાચીન ભારતીય-આર્યમાં જોઈ શકાય (જેમ કે विढवइ, विढविज्जइ, विढत्त-, विढ़प्प-, એ સૌ ગ્રીયર્સન પ્રમાણે वि-+उद्-+√पद्-પરથી, પણ ખરી રીતે પીશલ પ્રમાણે वि-+√धा-પરથી : -विधा-+-प्-+-य्- કે -तू-= विढप्प કે विढत्त, વગેરે અવતારી શકાય) અથવા તો માધ્યમિક ભારતીય-આર્યમાં ભળી ગયેલાં દેશી અભિધાનો પરથી સધાયેલા હોવાનું દેખાડી શકાય. આ દેશી અંશની સ્વરૂપ-ઓળખમાં દ્રાવિડી અને અવાચ્ય-એશિયાઈ (ઑસ્ટ્રોએશિયાટીક Austro-Asiatic) ભાષાપરિવારો તરફથી સારી સહાય મળે. ઉક્ત ત્રણેય ક્ષેત્રમાં સમાન ધોરણે વિદ્વાનો વ્યવસ્થિત સંશોધનકાર્ય હાથ ધરે તો એ ઝઝૂમતા પ્રશ્નનો ઝડપી ઉકેલ આવવાની આશા ફળીભૂત થાય.

---

૩ પ્રાકૃત ધાત્વાદેશજ઼ ઍકોર્ડીંગ ટુ ધ વેસ્ટર્ન ઍંડ ઇસ્ટર્ન સ્કૂલ ઓવ પ્રાકૃત ગ્રામેરીઅન્જ઼ Prakrit Dhātvades'as according to the Western and Eastern School of Prakrit Grammarians) એશીયાટીક સોસાયટી, બંગાળા, ૧૯૨૪.

✶

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન ચોથું

ભારતીય-આર્યમાં નામિક અંગોનું ઘડતર

પૂર્વકાર્ય

ભારતીય-આર્ય ભાષા-અધ્યયનનો આ પ્રદેશ સૌથી ઓછો ખેડાયો છે. લિંડ્નર (Lindner) ને વાકર્નાગલ-ડેલ્બ્રુક (Wakernagel-Delbrueck)ના ઉચ્ચ કોટિના ઐકાન્તિક નિબન્ધો (મોનોગ્રાફ. monograph) કે હ્વીટ્ની (Whitney), મેક્ડોનલ (Macdonell), ને રેનુ (Renou)ના વ્યાકરણગ્રન્થોમાં આપેલી યાદીઓ એટલું જ આ વિષયમાં મૂડી તરીકે છે. પ્રાચીન ભારતીય-આર્ય પૂરતું તો આટલું યે સ્વરૂપવર્ણનાત્મક કે વધુમાં ઐતિહાસિક રીતનું પ્રતિપાદન મળે છે, પણ માધ્યમિક ભારતીય-આર્યમાં પીશલ (Pischel) અને ગાયગરે (Geiger) આ બાબત પર નજીવું જ લક્ષ્ય આપ્યું છે. અર્વાચીન ભારતીય-આર્યમાં બંગાળી માટે ચેટરજીએ કેટલુંક કાર્ય કર્યું છે; પણ નામિક અંગોના સાધકો (ફૉર્મેટીવ્ઝ)નો સમગ્ર ભારતીય-આર્યને સ્પર્શતો તુલનાત્મક અભ્યાસ હજી કર્તવ્યકોટિમાં જ છે. પ્રસ્તુત વ્યાખ્યાન આ દિશામાં ટૂંકા પ્રવેશક તરીકે ગણવાનું છે. એટલે એથી સંશોધનની શકયતાઓ ખલાસ નથી થઈ જતી.

કૃત્ અને તદ્ધિત પ્રત્યયો

સંસ્કૃતમાં બે પ્રકારના નામસાધક પ્રત્યયોની વ્યવસ્થા છે: પ્રાથમિક કે કૃત્ પ્રત્યયો ને દ્વૈતીયિક કે તદ્ધિત પ્રત્યયો. કૃત્ પ્રત્યયો ક્રિયાપદના અર્થની સાથે નિકટપણે સંકળાયેલા છે, જ્યારે તદ્ધિતો અમૂર્ત-અર્થવાચી શબ્દોની સિદ્ધિ કરે છે. પહેલા પ્રકારના આશરે ૭૪ પ્રત્યયો છે. ઉદાહરણ તરીકે—

શૂન્ય પ્રત્યય : द्युत्- < √ द्युत्-, चिकित्- < √ कित्-, વગેરે;
-अ- : अय- < √ इ-, प्रिय- < √ प्री-, વગેરે;
-अत- : भरत- < √ भृ-, વગેરે.

બીજા પ્રકારના આશરે ૪૯ છે. તેમાંથી નમૂના તરીકે :-

-अ- : मारुत- < मरुत्-, વગેરે
पौरुष- < पुरुस्, વગેરે
સ્ત્રીલિંગના -आ- અને -ई-.

આમાં કેટલાક પ્રત્યયો મિશ્ર સ્વરૂપના પણ હોય. -देश्य- < देश- + -य- (કે √ दिश्- પરથી?), -आक- (जल्पाक-, फुट्टाक-, लुण्टाक-, स्मयाक-, हेवाक- વગેરેમાંનો) પણ મિશ્ર જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યયોના ફળદ્રૂપતા ('પ્રોડક્ટીવીટી,' productivity) ની દૃષ્ટિએ બે વર્ગ પાડી શકાય : જેમની ફળદ્રૂપતા જીવતી–જાગતી હોય તેવાઓ ને જે આગલી ભૂમિકામાંથી વારસા તરીકે ઊતરી આવી હાલ મૃતપ્રાય અવશેષ બની રહ્યા હોય તેવા.

આ ફળદ્રૂપતામાં સ્વાભાવિક રીતે જ ફરક છે; અને ભાષાવિકાસને પગલેપગલે પ્રત્યયોની ફળદ્રૂપતામાં પણ ભરતી–ઓટ થયા કરે છે. કેટલાક પ્રત્યયોની સાધકશક્તિ પ્રશિષ્ટકાળમાં લોપાઈ છે, તો કેટલાક પ્રત્યયો તે કાળમાં જ પ્રથમ દેખા દે છે. કારક નામો સાધતા **–मन्–**ની ફળદ્રૂપતા **પ્રશિષ્ટ સંસ્કૃત**માં નષ્ટ થઈ છે. **–वर–** (વૈદિક ईश्वर–, घस्वर–)નું અન્યરૂપ **–मर–** (દેખો **सृमर–**, घस्मर– अद्मर–) **પ્રશિષ્ટ સંસ્કૃત**માં જ છે.

વૈદિક કાળમાં સંખ્યાબંધ **–अस्–** અંતી વિશેષણો મળે છે, **સંસ્કૃત**માં માત્ર **वेधस्** છે. **–तु–** અને **–त्वन–** પ્રત્યયાન્તોનું પણ એમ જ થયું છે. આમાંથી **–त्वन–** ને બદલે સંસ્કૃતમાં **–त्व–** જ દેખાય છે, જ્યારે **પ્રાકૃતો**માં **–त्वन–** વધારે ફળદ્રૂપ થયો છે. **–आलु–** ને **પીશલે** (Pischel) **માધ્યમિક ભારતીય–આર્ય** ગણ્યો છે, પણ ઉત્તરકાલીન **સંસ્કૃત**માં **कृपालु–**, **स्पृहयालु–**, **घृणालु–** નો વપરાશ છે. એકની એક ભૂમિકામાં પણ પ્રત્યયદીઠ વધતીઓછી ફળદ્રૂપતા હોય છે. **–उ–** પ્રશિષ્ટ અને પુરાણકાળ પૂરતો મર્યાદિત લાગે છે, પણ તેનું વિસ્તારિત સ્વરુપ **–उक–** **બ્રાહ્મણ** ગ્રંથોમાં જ પ્રચલિત છે. દરેક પ્રત્યયના ઊગમ અને પ્રચાર પાછળ આવો ઇતિહાસ હોય છે.

પ્રાકૃત પ્રત્યયો

માધ્યમિક ભારતીય–આર્ય ભૂમિકામાં ધ્વનિતંત્રમાંનું સ્વરૂપ ઋજુ બનતાં, **પ્રાચીન ભારતીય–આર્ય**ના કેટલાયે પ્રત્યયોનું સ્વત્વ લુપ્ત થયું. **–अक–** > **–अअ–**, **–थ–** > **–ह–**, વગેરે ફેરફારોએ પ્રત્યયોનો સારો એવો રૂપપલટો કરી નાખ્યો, અને તેમાં મૂળનાં વ્યંજનાન્ત અંગો સાથે તેમના ભળી જવાથી વધારે ગૂંચવાડો થયો. સમગ્ર રીતે જોતાં પ્રત્યયોની સંખ્યામાં ઘટ આવી. **પ્રાચીન ભારતીય–આર્ય** અને **પાલિ–પ્રાકૃત**માં એક જ અંગમાંથી સધાયેલા શબ્દો સરખાવતાં આ હકીકત પ્રતીત થશે. ઉદાહરણ તરીકે **√कृ–**માંથી સંસ્કૃતમાં ૩૫ કૃદન્તો ને તદ્ધિતાન્તો બન્યાં છે; **પ્રાકૃતો**નો આંકડો ૨૦ નો છે.

નવા પ્રત્યયોમાં મત્વર્થીય **–अल्ल–** અને તેનાં અન્યરૂપો, કુત્સાદિવાચક કે સ્વાર્થિક **।–ड–** ભાવવાચક નામો સાધતો **–त्तण–** (> વૈદિક **–त्वन–**)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે ધીમે ધીમે વધારે અગત્યનો ભાગ ભજવતા જાય છે. અહીં **પ્રા**કૃત અંગોની પ્રત્યયોને આત્મસાત્ કરી દેહનો વિસ્તાર કરવાની લાક્ષણિકતા પણ ધ્યાનમાં લેવા જેવી છે. **चिन्तणा-** કે **चिन्तणिया-** (< **चिन्तन-**) જેવા સ્વાર્થિક **-क-** થી વિસ્તૃત બનેલા શબ્દો કોશની વૃદ્ધિ કરવામાં સહાયક બન્યા છે.

અપેક્ષિત સંશોધન

માધ્યમિક **ભા**રતીય-આર્ય ભૂમિકામાં કેટલા પ્રત્યયો ફળદ્રૂપ હતા-કેટલા નવા જ હસ્તીમાં આવ્યા એ પ્રશ્નની તપાસ થવી જોઈએ. તે માટે વાસ્તવિકપણે મળતા બધા કૃદન્તોને તદ્ધિતાન્તોની સાહિત્યકીય ટાંચણો સાથેની ને પ્રત્યયોની ફળદ્રૂપતાની સ્થળમર્યાદા અને સમયમર્યાદાના નિર્દેશ સાથેની યાદી, પ્રત્યયોની આંકડાબદ્ધ ગવેષણા અને જરૂરી સૂચીઓ એટલું તૈયાર કરવું ઘટે—અને પછી આવો અભ્યાસ **ભા**રતીય-આર્યની બધીયે ભૂમિકાને આવરી લે તેટલો વિસ્તારી શકાય. આ વિષય **ભા**રતીય-આર્ય ભાષાશાસ્ત્રમાં એક નવો સંશોધનપ્રદેશ ખુલ્લો કરે છે, અને તેમાં નવતર વિકાસની શક્યતાઓ પણ રહેલી છે. અહીં તો માત્ર પ્રશ્નનું સ્વરૂપ દેખાડી દિશાસૂચન કરવા ઉપરાંત વધારે માટે અવકાશ નથી. આ પ્રકારનું અન્વેષણ સ્થળ-કાળની મર્યાદાઓને પૂરેપૂરી ગણતરીમાં લેતી ઇતિહાસલક્ષી પદ્ધતિના જ ફળરૂપ છે, અને તેથી જેમ **ભા**રત-યુરોપીય ક્ષેત્રમાં એ પદ્ધતિના સ્વીકારથી થયું છે તેમ અહીં પણ કેટલાય કૂટ કોયડાનો સંતોષપ્રદ ઉકેલ મળશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન પાંચમું

ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્રના કોયડા

ઐતિહાસિક બળોનો પ્રભાવ

દરેક ભાષામાં બને છે તેમ **ભારતીય–આર્ય**માં થયેલાં પરિવર્તનો બે પ્રકારનાં છે: નવાં રૂપો ઘડતા રહેવાનું ભાષાની ભીતરમાં જે વલણ હોય છે તેને અંગેનાં અને નવા સંસ્કૃતિ–સંપર્કોને લીધેની બાહ્ય અસરથી ઉદ્ભવેલાં ત્રણ સહસ્રાબ્દીથીએ વધારે કાળથી **ભારતીય–આર્ય** ભાષાપ્રવાહને **દ્રાવિડી** અને **અવાચ્ય–એશિયાઇ** ('ઑસ્ટ્રો–એસીઆટીક' Austro-Asiatic) ભાષાપરિવારો દ્વારા વ્યક્ત થતા વિવિધરંગી સંસ્કૃતિ–પ્રવાહોનો સમાગમ થયેલો છે. ઉપરાંત તેને **ઈરાની** વગેરે બીજી ભાષાઓની પણ થોડીથોડી છાંટ લાગી છે. પરિણામે ધ્વનિતંત્રમાં ને શબ્દભંડોળમાં—અને અલ્પાંશે રૂપતંત્રમાંયે દૂરગામી ફેરફારો થવાનું શકય બન્યું છે. એટલે ઐતિહાસિક ઘટનાઓના સ્રોતથી **ભારતીય–આર્ય**ના વિકાસવ્યાપારને છૂટો પાડી શકાય તેમ નથી. આ ઐતિહાસિક બંધ કાંઈ ઓછો દૃઢ હોય તો તેને દૃઢતર કરવા માટે ભારતીય સંસ્કૃતિનું પર-સંસ્કૃતિનાં પથ્ય લાગતાં તત્ત્વોને આત્મસાત કરી લેવાનું ઊડીને આંખે વળગે તેવું લક્ષણ પૂરતું છે.

ભારતીય–આર્ય શબ્દભંડોળ તપાસતાં તેમાં વિવિધ સ્તરો સહજ જ મળી આવે, તેમાં રોજના વપરાશની કેટલીક ચીજોને લગતા, વનસ્પતિને લગતા અને બીજા કેટલાક છૂટા છવાયા શબ્દો **દ્રાવિડી** કે **અવાચ્ય–એશિયાઇ** મૂળના હોવાનું જણાય છે.[૪] અને સંસ્કૃતિની એકરૂપતા હોવાથી અને સંસ્કૃત ભાષા તેની વાહક હોવાથી તેમાં પરભાષા કે લોકભાષામાંથી ઋણ તરીકે નવી સામગ્રી અપનાવી લેવાનું સતત ચાલુ રહ્યું છે.

મૂર્ધન્યોનો ઉદ્ભવ

પરભાષાની અસરની વાતમાં, **ભારતીય–આર્ય**ના ધ્વનિતંત્રમાં થયેલા એક લાક્ષણિક ફેરફારની ચર્ચા દ્યોતક બને તેવી છે. **ભારતીય–આર્ય**માં છે તેવા મૂર્ધન્ય ધ્વનિઓ તે સમયની બીજી કોઈ પણ સહજન્ય **ભારત–યુરોપીય** ભાષાઓમાં ન હતા. પણ **ભારતીય–આર્ય**ના પડોશી **દ્રાવિડી** ભાષાપરિવાર અને **મુણ્ડા** વગેરે ભાષાઓમાં તે ધ્વનિઓ અસ્તિત્વ ધરાવતા હતા. આથી સામાન્ય રીતે મનાય છે કે **ભારતીય–આર્યે** એ ધ્વનિઓ પડોશી ભાષામાંથી અપનાવી લીધા હોય. હવે, એક વસ્તુ તો સ્પષ્ટ છે કે મૂર્ધન્ય તત્ત્વનો ભાષામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાએક પ્રવેશ થયો એવું નથી. શરુઆતમાં મૂર્ધન્યો ધીમે ધીમે અને અમુક ચોક્કસ શરતોને અનુસરીને જ દંત્યો કે તાલવ્યોમાંથી વિકસ્યા છે. આ હકીકત પુરવાર કરે છે કે આ પરિવર્તન સાધવામાં ભાષાની ભીતરમાં કાર્ય કરી રહેલા વિકાસવ્યાપારોનું બળ પરભાષાની અસર કરતાં વધારે જવાબદાર હતું; અને વાસ્તવિક રીતે જોતાં જણાય કે દ્રાવિડીઆદિના સંપર્કની પહેલાં જ આ પ્રકારનું પરિવર્તક બળ કામ કરી રહ્યું હતું. એટલે દ્રાવિડી કે મુણ્ડા અસરનો ફાળો ગૌણ હતો.

દ્રાવિડી-મુંડા અસર

આ સંબંધમાં જુલ બ્લોકે (Jules Bloch) સૂચવેલી કેટલીક[૪] દ્રાવિડી અસરવાળી વ્યુત્પત્તિઓ તપાસીએ. બ્લોક પ્રાચીન ભારતીય-આર્ય √तड्- (તેમ જ तण्डुल- "છડેલા ચોખા"ના આદિ અંશ)ને તથા √अट्-ને અનુક્રમે દ્રાવિડી तट्टु- 'ટકોરા મારવા', અને आट्टु-સાથે સાંકળે છે. પણ એ શબ્દોને શુદ્ધ ભારતીય-આર્ય સિદ્ધિ તરીકે સમજાવવા એ વધારે ઠીક છે. √तृद्- : √तड्- એ સંબંધ—આવા પ્રકારના મૂર્ધન્યભાવનાં विकृत : विकट, વગેરે આઠ ઉદાહરણો ઋગ્વેદમાં જ મળતાં હોવાથી—સ્વાભાવિક લાગે છે. √अट्- ઉપરાંત √अत्- (अतिथि-)ને *√इट्-ને પણ સાથે જ સમજાવવા પડશે. અને એ સૌનો સંતોષપ્રદ ઉકેલ મૂળ ધાતુ તરીકે ભારતીય-આર્ય *√ऋत्- (= <ऋ- + નિશ્ચાયક-त्-) સ્વીકારવાથી જ આવી શકે. મૂર્ધન્યભાવ ન થતાં √अत्-, તેવી પ્રક્રિયા નીચે √अट्-અને બીજી પ્રક્રિયાથી *√इट्- (સરખાવો शिथिर- <*श्रृथिर-) નિષ્પન્ન થાય. એટલે એ સૌને મધ્યમિક ભારતીય-આર્ય અસર નીચે સધાયેલા અને પ્રતિઘડતર ('બેક-ફોર્મેશન્સ્') તરીકે પાછા સ્વીકારાયેલા ગણવા જોઈએ. અને બ્લોક એટલું તો સ્વીકારે છે જ કે અનેક ઉદાહરણોમાં મૂર્ધન્યભાવની ઉપપત્તિ બહારની અસરનો આધાર લીધા વિના આપી શકાય તેવી સ્વયંપ્રતીત છે. ઉપલા બે શબ્દોની જેમ જ બ્લોકે સૂચવેલા √मण्ड-ના દ્રાવિડી माळिगे, माडु સાથેના સંબંધને બદલે પ્રાચીના ભારતીય-આર્ય √मृद्-, *√मृन्द्- એ ધાતુમાંથી સાધવો વધારે ઉચિત છે. આ અંગમાંથી જ √मृड्-'કૃપાળુ

---

૪. જુઓ : સિલ્વાઁ લેવી (Sylvain Lévi) વગેરે કૃત : પ્રી.-આર્યન ઍન્ડ પ્રી-દ્રાવીડીયન ઈન ઈંડીયા (Pre-Aryan and Pre-Dravidian in India 'હિંદમાં પ્રાગ્-આર્ય અને પ્રાગ્-દ્રાવિડી તત્ત્વો'), અંગ્રેજી ભાષાન્તરકાર : પ્રબોધચંદ્ર બાગચી, કલકત્તા, ૧૯૨૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવું', √मृद्– 'ઘસવું, માંજવું' તેમજ √मण्ड– 'શણગારવું' ને √मन्द्– 'મુદિત કરવું' ઊતરી આવ્યા છે.

એટલે મૂર્ધન્યભાવનું મૂળ દરેક વેળા દ્રાવિડી કે મુણ્ડા અસરમાં ખોળવા બેસવાની જરૂર નથી. માધ્યમિક ભારતીય–આર્યમાં પ્રવર્તેલાં સામાન્ય ધ્વનિવલણની અસરે પણ ઠીકઠીક કામ કર્યું છે એ હકીકત પહેલેથીજ લક્ષમાં લેવાની છે.

ઉપરના દાખલા પરથી એક અગત્યની વાત એ પણ ફલિત થાય છે કે વ્યુત્પત્તિવિચારમાં છૂટો એકલવાયો શબ્દ લેવો એ ઠીક નથી. અર્થથી પરસ્પર સંકળાયેલો એક આખો શબ્દસમુદાય પરભાષાના તેવા અર્થના દ્યોતક બીજા શબ્દસમુદાય સાથે સરખાવીનેજ તે શબ્દો એક ભાષામાંથી બીજી ભાષામાં અપનાવાયા હોવાનું ચોક્કસપણે કહી શકાય. દાખલા તરીકે અમુક અર્થસંબંધે સંકળાયેલા દસ શબ્દોના સમૂહમાંથી આઠેક શબ્દો એક ભાષાએ બીજી ભાષામાંથી લીધા હોવાનું પુરવાર થાય તો બાકીના શબ્દો પણ તે પ્રકારના હોવાની સંભાવનાને નોતરેજ. અને ભાષાની હકીકતો પર સાંસ્કૃતિક ઘટનાઓનો નિર્ણય આધાર રાખતો હોવાથી મૂળ ભાષા અને ઋણ લેનાર ભાષાનો નિર્ણય પૂરતી ચોક્કસાઈથી થવો જોઈએ. સં. इष्टका 'ઈંટ'ને માટે દ્રાવિડી મૂળ સૂચવાયું છે. આ જો સાબિત થાય તો ઈંટાળ ચરણતરની કળા મૂળે આર્યેતર લોકોની હોવાનું સ્પષ્ટ થાય.

જેણે ભારતીય–આર્ય અને દ્રાવિડી–મુણ્ડા ભાષાસમૂહોનો જાતપરિચય ન મેળવ્યો હોય તેવા સંશોધકને અન્વેષણના આ ક્ષેત્રમાં રહેલાં ભયસ્થાનો નજર સામે રાખવાની જરૂર છે, કારણ દ્રાવિડી-મુણ્ડા ભાષાઓ અભ્યાસની અધકચરી ભૂમિકા સુધીજ પહોંચેલી હોઈ, તેમના સંબંધી શાસ્ત્રીય જ્ઞાન હજી સુલભ નથી બન્યું. એવી વ્યુત્પત્તિચર્ચામાં મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ માર્ગદર્શક તરીકે રહેવા જોઈએ: (૧) ચર્ચાપ્રાપ્ત અભિધાનો આર્યેતર લક્ષણો ધરાવે છે તે સુપ્રતીત હોવું જોઈએ. નહીં તો આર્ય સામગ્રી આર્યેતરમાં ખપી જવાનું બનશે. પ્રા. √बोल्ल–નો દ્રાવિડી સંબંધ સૂચવાયો છે, પણ સં. √ब्रू–નો સાધક-પ્રત્યય —ल्ल– દ્વારા વિસ્તાર થતાં સરળતાથી √बोल्ल– આવી શકે. (૨) સહજન્ય ('કૉગ્નેટ,' cognate) તરીકે દર્શાવાતા દ્રાવિડી કે મુણ્ડા શબ્દો માત્ર ઊડતાં–અછડતાં ઉદાહરણો નહીં પણ પ્રામાણિકપણે દ્રાવિડી કે મુણ્ડા અંશો હોવા જોઈએ. નહીં તો વ્યુત્પત્તિઓ ખાલી તર્કબાજીનો વિલાસ બની, તેમની શ્રદ્ધેયતા ખોશે. (૩) દ્રાવિડી ને મુણ્ડામાં સ્વીકારાયેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય-આર્ય શબ્દોના સ્વરૂપનો પણ અભ્યાસ જોઈએ. **દ્રાવિડી** સંસ્કૃતિ વિકાસની ઊંચી ભૂમિકાએ પહોંચી હતી તેથી તેમાંથી કેટલીક સંજ્ઞાઓ અપનાવાઈ હોય એ દેખીતું છે. પણ તે ભાષાઓએ પણ **ભારતીય-આર્ય**માંથી કેટલાયે શબ્દો લીધા છે. આ દૃષ્ટિએ એ ભાષાઓનું શાસ્ત્રીય ધોરણે તૈયાર કરવામાં આવેલું ઐતિહાસિક વ્યાકરણ એ એક પ્રાથમિક જરૂરિયાત છે. આ ઉપરાંત **તીબત્તી-બ્રહ્મી** પરિવારની ભાષાઓ પણ સાવ ગણતરી બહાર ન રહેવી જોઈએ. દાખલ તરીકે **ખોતાની** હાથપ્રતોમાં આ ભાષા-પરિવારમાંથી કેટલાક શબ્દો લેવાયેલા છે.

ઐતિહાસિક દૃષ્ટિની અગત્ય

પહેલા વ્યાખ્યાનમાં જેનું લક્ષણ બાંધવામાં આવ્યું છે તે ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્ર પર પૂરતું ધ્યાન ન દેવામાં આવે તો બીજી બધી રીતે સાધનસજ્જ હોય તેવા અભ્યાસીને માટે પણ વિમાર્ગે ચઢી જવાનો ઘણો સંભવ છે. પાઉલ **ટીમએ** (Paul Thieme) 'ઇંડીશ વોર્ટર ઊંટ ઝીટ,' Indische Worter und Sitte ('ભારતીય શબ્દો ને રિવાજો') એ લેખમાં ઇતિહાસાભાસી પદ્ધતિએ, અત્યાર સુધી **દ્રાવિડી** મૂળવાળા મનાતા કેટલાક શબ્દોની દેખાવમાં તો પ્રતીતિકર લાગે તેવી જે **ભારતીય-આર્ય** વ્યુત્પત્તિઓ આપી છે, તે તપાસતાં ઉપર કરેલા વિધાનની સત્યતા દૃઢીભૂત થશે. **શાર્પૅંતીર** (Charpentier) સં. **પૂજા** નો **સંબંધ દ્રાવિડી પૂશુ, પૂસુ** સાથે જોડે છે. પણ **ટીમએ** દેખાડે છે કે તેનું મૂળ **ભારતીય-આર્ય** √**પૃચ્**–માં છે. અર્થદૃષ્ટિએ **પૂજા : પર્ક**–એવું સમીકરણ બાંધી શકાય. **અથર્વવેદ**માં જ આ √**પૃચ્**–ના વિકરણી ('થેમેટાય્ઝ્ડ,' thematized) અંગવાળું **પૃઞ્ચતિ** મળે છે. આ પરથી પર્યાયોક્ત ('પેરીફ્રૅસ્ટીક' periphrastic) **પૃઞ્ચાંકૃ** ને પછી ***પૃઞ્ચામ્**, ***પુઞ્ચામ્**, ***પુઞ્જામ્ : પૂજામ્**. આ સૂચન ખૂબ પાંડિત્યભર્યું ને સૂક્ષ્મદર્શી છે. છતાં **જૈમિનીય ઉપનિષદ્–બ્રાહ્મણ**માં મળતા એક રૂપ માટે, અનુનાસિકના પરવર્તી સ્પર્શધ્વનિનો ઘોષભાવ (***પુઞ્ચામ્** > ***પુઞ્જામ્**), સાનુનાસિક વ્યંજનસ્તબકનું સારૂપ્ય (**પુઞ્ચામ્** > **પુઞ્જામ્**) અને સંયોગલોપ તથા તજ્જન્ય પૂર્વસ્વરનો દીર્ઘભાવ (**પુજામ્** > **પૂજામ્**) એ ફેરફારો ધારણા-બહાર કહી શકાય તેટલા વહેલા છે; અને ઘોષભાવવાળો ફેરફાર તો **અશોક**ના લેખોમાં પણ હજી દેખા નથી દીધા. આમ સૂચિત વ્યુત્પત્તિ સ્થળકાળની કસોટી પાર કરી શકતી નથી. અહીં કદાચ એ વાંધો લેવામાં આવે કે **માધ્યમિક ભારતીય–આર્ય**ની પ્રાથમિક ભૂમિકામાં જ કેટલાક એવા દાખલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે જેમાં **સંયોગલોપ** અને તજ્જન્ય પૂર્વસ્વરદીર્ઘભાવ પ્રત્યક્ષ છે, તેનું શું? પા. **दीघ–** < **दीर्घ–**, પા. **लाखा** < **लाक्षा** જેવામાં ઋજુભાવ આરંભાઈ ગયો હોવાનું સ્વીકારવું પડશે. પણ આ વાંધાનો રદિયો આપી શકાય તેમ છે. ઉક્ત ઉદાહરણો કાં તો ખામીભરેલી લેખનપદ્ધતિને અથવા તો વિશિષ્ટ ઉચ્ચારણ-પ્રકારને આભારી હોય. **दीर्घ–** > **दीग्घ–** ↗ **दिग्घ** ↘ **दीघ** આવો દ્વિવિધ– એકમાં સ્વરની માત્રા પૂર્વવત્ જાળવી રાખતો, બીજામાં વ્યંજનસંયોગ જાળવી રાખતો—વિકાસક્રમ સ્વીકારવાથી સમાધાન થઈ શકે. અને **અર્વાચીન ભારતીય-આર્ય**માં આને મળતા જ વલણનાં દર્શન **સિંધી** (માત્રારક્ષી) ને **પંજાબી** (સંયોગરક્ષી) એ ભાષાઓમાં થાય છે. એટલે ઉપર સૂચવ્યાં બે ભિન્ન રૂપો ભૌગોલિક વિસ્તારના ભેદે સમજાવી શકાય. આ બાબતમાં વધારે શ્રદ્ધેય અને વિસ્તૃત પરિણામો સંશોધન આગળ વધે ત્યારે જ લાવી શકાય. એવું જ સ્વરમધ્યગત વ્યંજનોના લોપનું છે. ડૉ. **ચટ્ટોપાધ્યાય** આ લોપ ચાર ભૂમિકાના ક્રમમાં સધાયો હોવાનું સૂચવે છે: અઘોષ સ્પર્શ > ઘોષ સ્પર્શ > ઘર્ષ (સ્પાયરંટ, spirant) > લોપ. પણ એકે બાબતમાં ચારેય ભૂમિકાઓ ઉપલબ્ધ નથી. માત્ર **ખરોષ્ઠી** લેખોમાં જ ઘર્ષધ્વનિઓ (સ્પાયરંટ spirant) મળી આવે છે. શ્રદ્ધેય નિર્ણય ભાવી સંશોધન પર જ અવલંબે.

ટીમઅના ઉક્ત લેખમાંથી એક બીજો શબ્દ લઈએ. **પ્રાચીન ભારતીય-આર્ય** **मुण्डते**ને એમાં વૈદિક **मृज्ञते**ની સાથે જોડવામાં આવ્યો છે. **मृज्ञते**, ***मृज्ञे**, ***मृङ्क्ते** ***मृंष्टे** અને પછી **માધ્યમિક ભારતીય-આર્ય** પ્રક્રિયાઓને અનુસરી ***मृंष्टे** > **मुंटे** > ***मृण्टे** (***मुण्ठे**) > **मुण्डे** એવો સાધનાક્રમ બાંધી શકાય. સમાન્તર વિકાસના ઉદાહરણ તરીકે **√पिष्–** : **पिंष्टे** પરથી ઊતરી આવેલું **पिण्ड–** ટાંક્યું છે. પણ અનુનાસિક પછી આવતા અઘોષ સ્પર્શના ઘોષભાવની પ્રક્રિયા એ વાયવ્ય પ્રદેશની જ લાક્ષણિકતા હોઈ, **અશોક**ના લેખોમાં પણ હજી એનાં ચિહ્નો મળતાં નથી, જ્યારે ચર્ચાપ્રાપ્ત રૂપ **અશોક** પહેલાનું—**સૂત્ર**કાળનું છે. એટલે **ટીમ**અની વ્યુત્પત્તિ ઐતિહાસિક દૃષ્ટિએ નિરાધાર બને છે. સમાન્તર ઉદાહરણ તરીકે આપેલો **पिण्ड–** બીજી રીતે વધારે ઔચિત્યથી સમજાવી શકાય:

√पृ– + **ण्–** – + ભૂતકૃદન્તનો **–त–** (**–ट–**) = ***पृण्ड–** > **पिण्ड–** આમ: ઘોષભાવ **√दह्–** + **–त–** = **दग्ध–** વગેરેની જેમ નિયમિત છે. આવી જ રીતે **√तृद्–** પરથી **तुण्ड–** એટલે **√मुण्ड–**ના મૂળ તરીકે **√मृज्–** કરતાં આગળ સૂચવાયેલું **मृन्द्–** વધારે ઉચિત ઠરે છે. **ટીમ**અની બીજી વ્યુત્પત્તિઓ પણ સ્થળકાળના સંદર્ભ પ્રત્યેની કાળજીનો અભાવ સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતર પ્રશ્નો

માધ્યમિક ભારતીય-આર્યના ભાષાભેદોમાં **નિય (Niya) પ્રાકૃત** કેટલીક બાબતમાં ખાસ ધ્યાન ખેંચે તેવી છે. તેમાં સ્પર્શો હજી લુપ્ત નથી થયા. તે કાં તો ઘોષભાવ અથવા તો ઘર્ષભાવ ('સ્પાયરંટાય્‌ઝેશન' spirantization) પામ્યા છે અને એ રીતે એને વચગાળાનો પ્રાકૃતભેદ ગણી શકાય. તેના રુપતંત્રમાં કર્મણિ ભૂતકૃદન્તને પુરુષવાચક પ્રત્યયો લગાડી (ઉ. ત. √**दा** પરથી **दितेमि, दितेसि** વગેરે) કર્તરિ ભૂતકાળ ઘડી કઢાયો છે. આને મળતો વિકાસ **બિહારી** અને ઇરાનીમાં થયો છે, પણ બીજા એકે **માધ્યમિક ભારતીય-આર્ય** ભાષાભેદમાં તેની નિશાની જડતી નથી. આટલી વહેલી ભૂમિકાએ આ પ્રકારનો વિકાસ કેમ સમજાવવો ? સરહદ પરની પડોશી ભાષાઓની અસરનું આ પરિણામ હશે ? તે સમયનો ઇતિહાસ અને પડોશી ભાષાઓનાં અન્વેષણ પછી જ આનો નિર્ણયાત્મક ઉત્તર મળે.

માધ્યમિક અને **અર્વાચીન ભારતીય-આર્ય**માં રહેલો દેશ્ય અંશનો અભ્યાસ કરવામાં પણ સ્થળકાળની મર્યાદાઓને માન આપવાનું છે. એ હેતુથી તેમ જ સમગ્ર **ભારતીય-આર્ય**ના વિકાસઇતિહાસનું સ્વરૂપ વધારે વિશદતાથી સમજવા માટે હિંદમાંના દરેક ભાષાપરિવારનું ઐતિહાસિક ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ અધ્યયન કરવાની તાત્કાલિક અગત્ય ઉઘાડી છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન છઠ્ઠું

પર્યાયવિજ્ઞાન, અણઉકલ્યા પ્રશ્નો અને અપેક્ષાઓ

પર્યાયવિજ્ઞાન ('સીનોનીમીક્સ' Synonymics)

શબ્દોના ઇતિહાસમાં કયાં બળોને વશ થઈને અમુક અભિધાનો વ્યવહારલુપ્ત થાય છે અને બીજાં તેનું સ્થાન લે છે, એની તપાસ એક અણખેડાયેલા પ્રદેશ રજૂ કરે છે. એકાર્થવાચી બે સંજ્ઞાઓમાંથી એક જોર પકડે છે, ને બીજી વધારે પ્રાચીન ધીમે ધીમે અદૃશ્ય થાય છે. જેમ કે **अश्व**-નું સ્થાન પાછળથી **घोटक**- લે છે, અને **અર્વાચીન ભારતીય-આર્ય**માં અશ્વવાચી સંજ્ઞા **घोटक**-પરથી જ ઊતરી આવી છે. એટલે દરેક શબ્દના વ્યવહાર અને કાલગ્રસ્તતા જાણવા માટે તે તે શબ્દના સમકાલીન તેમ જ પૂર્વ ને ઉત્તરકાલીન એકાર્થવાચી શબ્દોનો અભ્યાસ જરૂરી છે. આ નવી અધ્યયનશાખાને પર્યાયવિજ્ઞાન ('સીનોનીમીક્સ,' Synonymics) નામ આપી શકાય. કોઈ ભાષાપરિવારની દરેક ભાષામાં રહેલા એકાર્થવાચી કે પર્યાયશબ્દોનો અભ્યાસ કરી તેમને તે ભાષા પૂરતા વ્યુત્પત્તિદર્શક અને તુલનાત્મક ધોરણે અને રૂપોની કાલાનુપૂર્વી પ્રમાણે ગોઠવવા એ પર્યાયવિજ્ઞાનનો વિષય છે. આથી દરેક અભિધાનના અમુક અર્થને લગતા વપરાશપ્રદેશની અને તેના જીવન્ત વપરાશના સમયની સીમાઓ નિર્ણીત કરવામાં અગત્યની સહાય મળશે. આમાં અરસપરસ અપનાવાયેલા સ્વીકૃત શબ્દો (loan words)ના પ્રશ્નનો પણ કેટલોક ઉકેલ આવવા સંભવ છે. અમુક એક અર્થની વાચક સંજ્ઞાઓ બદલાતી રહેવાનાં વિવિધ કારણોમાં નવા વિચારોનો ઊગમ, રાજકીય ને સામાજિક પરિવર્તનો, સંસ્કૃતિસંપર્કો, પ્રતિભાશીલ વ્યક્તિઓ અને લેખકોનો પ્રભાવ વગેરે ખાસ ગણાવી શકાય. આથી આ વિષયના પરિશીલનમાં સાંસ્કૃતિક ઇતિહાસને પૃષ્ઠભૂમિને સ્થાને રાખવો એ અનિવાર્ય છે.

કોશવિદ્યા ('લેક્સીકોગ્રાફી,' lexicography) ઐતિહાસિક પાયાપર અભ્યાસ આગળ વધે અને દરેક અભિધાનના જૂનામાં જૂના વ્યવહારનો સમય નિશ્ચિત થાય તો પર્યાયાવજ્ઞાન ઇતિહાસ અને સમાજશાસ્ત્ર માટે પણ ઉપયોગી નીવડે. અવનવી અર્થછાયાઓ અને ભાવાર્થો ખીલવવાનું વલણ દરેક અભિધાનની ભીતરમાં હોય છે. આ અર્થવિકાસનો અભ્યાસ કે શબ્દાર્થવિજ્ઞાન ('સેમાંટીક્સ,' semantics) પર પણ પર્યાયવિજ્ઞાન પ્રકાશ નાખી શકે. વૈદિક ભાષામાં મળતાં સમાનાર્થ અંગોની આ પદ્ધતિએ તપાસ કરવામાં સહાયક થઇ પડે તે હેતુથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હ્વીટ્નીના વર્ણ્ય, Verbs ('ધાતુઓ') જેવી કૃતિઓનું નવેસરથી સંકલન થવાની જરૂર છે.

કર્તવ્ય કાર્યો

ભારતીય-આર્ય ભાષાશાસ્ત્રના પ્રદેશમાં અપેક્ષિત કાર્યોની વાત કરતાં, **સંસ્કૃત**, **પ્રાકૃત** વગેરે ભાષાદીઠ ઐતિહાસિક લિપિવિજ્ઞાન ('હીસ્ટોરીકલ પેલીઓગ્રાફી', Historical Palaeography)ને અવલંબીને **ભારતીય-આર્ય**ના દરેક ભાષાભેદમાં રચાયેલા ગ્રંથોનું શાસ્ત્રીય પદ્ધતિએ સંપાદન થવાની જરૂરિયાતનો ઉલ્લેખ કરી શકાય. લિપિવિજ્ઞાન ઠીકઠીક આગળ વધ્યું હોવા છતાં તેનો ઐતિહાસિક અભ્યાસ હજી સુધી હાથ ધરાયો નથી. ઐતિહાસિક લિપિવિજ્ઞાનને આધારે અનિર્દિષ્ટ સમયવાળી હાથપ્રતોનો સમયનિર્ણય સ્થૂળમાને અને તેટલી સાંકડી મર્યાદામાં કરી શકાય. આથી શબ્દોના ઈતિહાસ પર પણ કેટલોક પ્રકાશ પડી શકે. ઉ. ત. अञ्जीर- શબ્દને સામાન્ય રીતે **ભારતીય-આર્ય**માં પ્રવેશેલો ઇરાની સ્વીકૃત શબ્દ ગણવામાં આવે છે. પણ **મહાભારત**ની **નીલકંઠી** વાચનામાં **વનપર્વ**માં આ શબ્દ વપરાયેલો દેખાય છે. એટલે જો તે મૂળમાં હોય તો તેની પ્રાચીનતા તે પરભાષાનો હોવા સામે સંશય ઉત્પન્ન કરે. પણ **મહાભારત**નું આલોચનાત્મક સંપાદન એ સ્થળે अञ्जीर-ને બદલે મૂળપાઠ જુદો હોવાનું પુરવાર કરે છે. હાથપ્રતોનું શાસ્ત્રીય સંપાદન આ વિષયમાં કેટલું સહાયક થઈ શકે તે આ પરથી સમજી શકાશે. બીજું, **કાલિદાસ**, **ભવભૂતિ**, **જ્ઞાનેશ્વર**, **તુકારામ**, **નરસી મહેતા** અને **તુલસીદાસ** જેવા લેખકોની છૂટક છૂટક શબ્દસૂચીઓ સમજદારીપૂર્વક અને શાસ્ત્રીયપણે તૈયાર થવાની જરૂર છે. આથી તે તે યુગના તે તે લેખકો પર પડેલા પ્રભાવનો તેમજ યુગ પર પડેલા લેખકપ્રભાવનો અભ્યાસ થઈ શકે. પછીથી આ છૂટક સૂચીઓ પરથી યુગેયુગના શબ્દકોશ રચી શકાય. આ કોશો માત્ર અભિધાનસંગ્રહો ન બનવા જોઈએ. ભાષાકીય અભ્યાસમાં શીઘ્રતાથી ઉપયોગમાં લઈ શકાય તેવી રીતે તેમનું વ્યવસ્થિત સંકલન થવું જોઈએ. ઉત્કીર્ણ લેખોમાં આવતા **સંસ્કૃત**, **પ્રાકૃત** વગેરેનો અભ્યાસ અને શાસ્ત્રીય કોશ ઉપર્યુક્ત યુગકોશોની સંજ્ઞાઓને તેમનો સ્થળકાળસંદર્ભ પૂરો પાડશે.

ભારતીય-આર્યની દરેક શાખા માટે પર્યસ્ત-સૂચીઓ ('રીવર્સ ઈંડેક્સીઝ', Reverse-indexes), વિશેષ નામોનો કોશ, ભૌગોલિક કોશ, વનસ્પતિ અને પશુસૃષ્ટિને લગતી સંજ્ઞાઓનો સમાવેશ કરતો પારિભાષિક કોશ અને કળાહુન્નરની સંજ્ઞાઓનો કોશ એ બીજી જરુરીયાતો છે. જીવન્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાઓના અભ્યાસની બાબતમાં જુદીજુદી બોલીઓની ધ્વનિયંત્ર દ્વારા નોંધ લેવાવી જરૂરી છે. કેમ કે, આર્થિક ભીંસ, સામુદાયિક કેળવણી, સ્થળાંતર વગેરે આધુનિક સંસ્કૃતિની ઘટનાઓના પ્રભાવથી કેટલાક બોલીભેદો ઝડપથી નામશેષ થતા જાય છે. આમાં વય, લિંગ, વર્ગ ને પ્રદેશને અનુસરીને ભાષાસામગ્રીમાં પડતો ફરક, દરેક ગણ્ધ્વનિ કે ધ્વનિસ્ (ફોનીમ, phoneme) અને તેનો અન્ય ગણ્ધ્વનિ (ફોનીમ Phoneme) સાથેનો સૂક્ષ્મ ભેદ તેમ જ બોલીભેદોની પ્રાદેશિક વહેંચણી એ બધુંય નોંધાવું ઘટે. આ રીતે ઘણુંઘણું થવું હજી બાકી છે. ને એક વાત તો સ્પષ્ટ છે કે સાચા સંશોધકને જ્ઞાનના સીમાડાઓ વિસ્તારનારાં નવાં સંશોધનક્ષેત્રોની ખામી નથી પડતી. પણ એકલ વ્યક્તિથી થવું જે અશક્ય કે ખૂબ દુર્ઘટ હોય તે સંસ્થાઓ માથે લે. એટલે ઉપર સૂચવેલા કર્તવ્યભારને હળવો કરવામાં હિંદની યુનીવર્સીટીઓ અને ભારતીય ભાષા પરિષદ્ (લીઙ્ગ્વીસ્ટીક સોસાયટી ઓવ ઇંડીયા, Linguistic Society of India) જેવી સંસ્થાઓએ હવે પ્રવૃત્ત થવું ઘટે. નિશ્ચય હોય તો કેળવાયેલા કાર્યકરો અને નાણાંના અભાવની મુશ્કેલી પણ ટાળી શકાય. ભારતીય ભાષા પરિષદે ('લીઙ્ગ્વીસ્ટીક સોસાયટી ઓવ ઇંડીયા' Linguistic Society of India) અત્યાર સુધીમાં ભારતીય ભાષાશાસ્ત્રની કેટલીક નોંધપાત્ર સેવા કરી છે. થોડાક સમય પહેલાં જ મદ્રાસ યુનીવર્સીટીએ ધ્વનિશાસ્ત્રનો વિભાગ ખોલ્યો છે. ત્યાંથી ચારપાંચ વરસમાં સારા અભ્યાસીઓ તૈયાર થશે.

ભાષાકીય અભ્યાસ પ્રત્યેની ઉપેક્ષા

વ્યક્તિગત લેખકોએ તૈયાર કરેલી ભાષાકીય અધ્યયનોને લગતી કૃતિઓ પ્રકાશકો પ્રસિદ્ધિ માટે હાથ ધરતા નથી. ગવર્નમેંટ સંસ્કૃત ઍન્ડ પ્રાકૃત સીરીજ પણ બહુ કામમાં નથી આવતી. એટલે યુનીવર્સીટીઓએ જ આવા ગ્રંથોનું પ્રકાશન કરવાનું સ્વીકારવું જોઈએ. ભાષાકીય અભ્યાસના પ્રદેશમાં કાર્યપ્રવૃત્તિ મંદ રહેતી હોવાનું એક કારણ એ છે કે આ વિષયમાં સમજપૂર્વક રસ લેનાર બહુ ઓછા છે. ટર્નર વગેરે પશ્ચિમના વિદ્વાનોના કાર્યથી આપણી આંખ ઊઘડવી જોઈએ. આ વિષયમાં આપણે શરમથી નીચું જોવું પડે તેટલા પાછળ પડી ગયા છીએ. ત્રીશેક વરસ પહેલાં એક પ્રાકૃત અને એક સંસ્કૃત શબ્દકોશનું શાસ્ત્રીય ધોરણે સંકલન કરવાની યોજના વિચારાઈ રહી હતી ત્યારે તેમના સંપાદક તરીકે એક ઇટાલીય અને ફ્રેંચ વિદ્વાનનું નામ સુચવાયું હતું. આપણો ભૂતકાળનો ભવ્ય વિદ્યાવારસો જોતાં આ ઘણું જ ખેદજનક લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટમાં મુંબઈ યુનીવર્સીટીએ આ વ્યાખ્યાનમાળા યોજી છે છતાં તેના અસ્તિત્વના સાઠ વરસના ગાળા દરમિયાન તેણે ભાષાશાસ્ત્રીય મહત્ત્વનું બહુ ઓછું પ્રસિદ્ધ કર્યું છે. જે યુનીવર્સીટી ભાષાકીય અભ્યાસની અગત્ય પિછાણવામાં સૌથી પહેલી હતી તેને માટે આ સૂચન કરવું ખૂબ ઉચિત જ ગણાશે કે તમિલકોશ માટે મદ્રાસ યુનીવર્સીટીએ જે કર્યું છે તેને અનુસરી, તેણે ડેક્કન કૉલેજ રીસર્ચ ઇન્સ્ટિટયૂટને વ્યવસ્થાકેન્દ્ર તરીકે રાખીને, બીજી ભાણ્ડારકર ઓરિએંટલ રીસર્ચ ઇન્સ્ટિટયૂટ (પૂના), ભારતીય વિદ્યા ભવન (મુંબઈ), ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અમદાવાદ), વગેરે સંશોધન-સંસ્થાઓના લીંગ્વીસ્ટીક સોસાયટી ઑવ ઈંડીયાના તેમ જ હિંદની બીજી યુનીવર્સીટીઓના સહકાર સાથે એક સંસ્કૃત ભાષાનો મહાકોશ ઐતિહાસિક અને ભાષાશાસ્ત્રીય સિદ્ધાન્તોને અવલંબીને તૈયાર કરવાનું હાથ ધરવું જોઈએ. અંતમાં, ઉપર સૂચવેલી કાર્યદિશાઓ તમારામાંથી કેટલાકને માટે આકર્ષક કે પ્રેરક બનશે તોપણ મારાં વ્યાખ્યાનોને કૃતાર્થ બનાવવામાં એટલે અંશે સહાય થશે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દચર્ચા

શ્રી **નરસિંહભાઈ પટેલે** એક પત્રદ્વારા કેટલાક શબ્દોના મૂળ વિશે કેટલીક નવીન કલ્પનાઓ ચર્ચા માટે રજૂ કરી છે. તેમના કથનનો સાર આ પ્રમાણે છે–

(૧) '**સ્પષ્ટ–**' એ વિશેષણ 'જોવું' અર્થના પ્રાગ્વૈદિક **√સ્પશ્–**નું ભૂતકૃદન્ત હોય; પ્રચલિત **પશ્–** (**પશ્ય્–**) એ **સ્પશ્**–માંથી નિષ્પન્ન થયો હોય; અને પછીથી તે, મૂળે તેનાથી જુદા, 'દેખવું' અર્થના √**દૃશ્**–ના આદેશ તરીકે તરીકે વપરાતો થયો હોય.

(૨) '**આદિત્ય:**' એ શબ્દની 'અદિતેઃ અપત્યં પુમાન્' એ વ્યુત્પત્તિ ખરી નથી લાગતી. ગ્રહમંડળમાં સૌથી આદિ ઉત્પન્ન થનાર તરીકે **આદિ**+**–ત્ય–**, એમ **અત્રત્ય–**, **પાશ્ચાત્ય–**, વગેરેની જેમ, **આદિત્ય–** સધાયો છે.

(૩) '**આત્મન્–**'નો પ્રાગ્વૈદિક અર્થ, પાછળથી પ્રચલિત છે તે 'જીવતત્ત્વ' નહિ, પણ માત્ર 'શ્વાસ' હોય. જર્મન atmen નો અર્થ 'શ્વાસ' થાય છે. વૈદિક ભાષામાં પ્રચલિત છે તે અર્થ પાછળથી વિકાસદ્વારા નીપજ્યો હોય.

(૪) **આલવાલ–**, **ચક્રવાલ–**, **યજ્ઞવાટ–** એ ત્રણેમાં પાછલો અંશ એ **–વાલ–**, **–વાટ–** (< √**વટ્**–'ઘેરવું') અથવા **–વાડ–**, એમ ભિન્નરૂપે દેખાતો 'સીમા'વાચક શબ્દ ન હોય?

(૫) **આલવાલ–** એ ***આડવાડ–** (='આડી વાડ') ન હોય?

(૬) અને તો **આડંબર**–ની સાધના **આડ–**+**અંબર–** 'આડો+પડદો' એ રીતે ન થઈ હોય?

આ સૂચનોની યોગ્યાયોગ્યતા અહીં તપાસી જોઈએ.

૧ – √દૃશ્–(પશ્ય્–) 'જોવું' 'દેખવું'

મૂળ તો **લાસેને** **દૃશ્**– અને **પશ્ય**–નો સંબંધ ચર્ચ્યો હતો. આ પછી તેની પ્રસંગવશાત ઘણે સ્થળે ચર્ચા થયેલી છે.[૧] મૂળમાં **દૃશ્**– અને **પશ્ય્**–બંને એક બીજાથી તદ્દન સ્વતંત્ર ધાતુ હતા. **પશ્ય્** (અથવા ગણચિહ્ન દૂર કરીએ તો **પશ્**–)નું મૂળ સ્વરૂપ **√સ્પશ્–** '**ઋગ્વેદ**'માં પ્રચલિત છે. જો કે તેમાં

---

૧ ઇન્દીશ બીબ્લીઓથેક, ૩–૪૪; ગ્રાસ્માન, વોર્તર્બુક ત્સુમ ઋગ્વેદ (૧૮૭૩), પૃ. ૧૬૦૬; વિધુશેખર ભટ્ટાચાર્ય (ગુજરાતી ભાષાન્તર), સંસ્કૃતનું વૈજ્ઞાનિક અનુશીલન, 'પ્રસ્થાન' પૃ. ૪૨૫, વૈશાખ, ૧૯૯૨, વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ √**સ્પશ્**–ની સ્વતંત્રતા લોપાવાનો આરંભ થઈ ચૂક્યાના ચિહ્નો જણાય છે. કારણ, √**સ્પશ્**– વર્તમાન કાળના રૂપો માટે અંગ તરીકે વપરાયું નથી; તે માટે (તેજજ √**દૃશ્**–ના વર્તમાન અંગ તરીકે) √**પશ્ય્**– વપરાયું છે. પણ વર્તમાનેતર કાળ ને અર્થના રૂપો માટે સ્પશ્૦ (અને **દૃશ્**–) અંગો છે. જેમ કે **અદર્શિ**, **અસ્પષ્ટ** (અદ્યતન), **પસ્પશે** (પરોક્ષ), **સ્પાશયસ્વ** (પ્રેરક), **સ્પષ્ટ**–(ભૂતકૃદન્ત), વગેરે. શિષ્ટ કે પ્રશિષ્ટ **સં**સ્કૃતમાં પણ **સ્પષ્ટ**–, **સ્પશ**– 'જાસૂસ' અને **પસ્પશા**–'મહાભાષ્યનું એક વિશિષ્ટ પ્રકરણ' એ √**સ્પશ્**–માંથી સધાયેલાં રૂપો જળવાઈ રહ્યા **છે**. **પશ્ય્**–માં થયેલો √**સ્પશ્**–ના આદિ 'સ્'નો લોપ સરળતાથી સમજાવી શકાય તેમ છે. કારણ, વૈદિક ભાષાની ધ્વનિમીમાંસામાં સ્પર્શ કે અનુનાસિક ધ્વનિના સંયોગમાં રહેલા આદિ ઉષ્મધ્વનિનો લોપ કરવા તરફ વલણ હોવાનું દેખાઈ આવે છે.

[૧]

(૧) √સ્કન્દ્– : ઉત્કન્દ્–
(૨) √સ્તમ્ભ્– : ઉત્તમ્ભ્–
(૩) √સ્ફુલિંગ– : ઉત્ફુલિંગ–

[૨]

(૧) અસ્કૃધોયુ– : કૃધુ–
(૨) ચનિશ્ચદત્,
*શ્ચન્દ્ર [હરિશ્ચન્દ્ર૦, વગેરેમાં] : **ચન્દ્ર**.

[૩]

√સ્તન્– : તન્યતિ
*સ્તાયુ–[સરખાવો :
સ્તેન–, **સ્તેય**–, વગેરે] : તાયુ.
સ્તૃ– : તૃ– [તારક–વગેરે]

[૩] *સ્તૃણ– [સરખાવો:
ભૂસ્તૃણ–(**મ**નુસ્મૃતિ) : તૃણ–.]

* સ્નાપિતૃ–[સરખાવોઃ સ્નાપયતિ] : **નાપિત**– (બ્રાહ્મણગ્રંથ).
આ સૌ ઉપર્યુક્ત વલણના ઉદાહરણો તરીકે ટાંકી શકાય.[૨]

સંસ્કૃતની સહજન્ય ('કૉગ્નેટ') **ભા**રત–યુરોપીય ભાષાઓમાં પણ √**દૃશ**–અને √**સ્પશ**–ને લગતા જુદા જુદા મળે છે. **લૅ**ટિન specio, જર્મન sprahen, અંગ્રેજી spy, વગેરે √**સ્પશ**–ના સહજન્ય છે. જ્યારે ગ્રીક derkomai નો સંબંધ √**દૃશ્**– સાથે છે.

√**દૃશ્**– અને √**સ્પશ્** વચ્ચેનો સૂક્ષ્મ અર્થભેદ ભુંસાઈ, બન્ને સમાનાર્થ ['જોવું', 'દેખવું'] બની જવાથી, ભાષાઓના વિકાસમાં સામાન્યરીતે બને છે તેમ, બેમાંથી એક (√**સ્પશ**–) વપરાશચ્યુત થયો અને તેનું વર્તમાન

૨ વિસ્તૃત ચર્ચા માટે જુઓ વાકર્નાગેલ : 'આલ્તિન્દિશ ગ્રામાતીક' ૧ ૬૪–૨૬૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ **પશ્યૂ**, **√દૃશ્‌**–ના આદેશ તરીકે વપરાવા લાગ્યું, અને એ રીતે **√દૃશ્‌** [**પશ્ય્‌–**] 'જોવું' ઘડાયો.

૨—**આદિત્ય**–'સૂર્યસ્વરૂપ દેવતા'

સામાન્યરીતે **આદિત્ય**–ની ઉપપત્તિ આમ અપાય છે : **√દા**–'બાંધવું', +**તિ** =**દિતિ**;– **ન દિતિ: અદિતિ**: ('બંધનરહિતતા'). **અદિતે:અપત્યાનિ પુમાંસ: આદિત્યા:**; પણ **બ્લુમ્‌ફીલ્ડે** એકવાર[૩] **આદિત્ય**૦=**આદિ**–'આરંભ' +–**ત્ય**– (સંબંધવાચક પ્રત્યય) 'પુરાતન સમયના (દેવો)' [જેમ કે **અત્રત્ય**–, **પૌરસ્ત્ય**–; **પાશ્ચાત્ય**–, વગેરે] એવી વ્યુત્પત્તિ સૂચવી હતી. પણ **કીથ**[૪] કહે છે તેમ આ પ્રકારનું શબ્દ–ઘડતર ભાષાની રૂઢિની વિરુદ્ધ છે. કારણ, **ત્ય**– પ્રત્યય સ્થળવાચક ક્રિયાવિશેષણોમાંથી સંબંધવાચક વિશેષણો બનાવવા માટે છે, જ્યારે **આદિ** તો વિશેષણ છે. **બ્લુમ્‌ફીલ્ડ** પોતે પણ પાછળથી આ અભિપ્રાય છોડી દે છે

૩—આત્મન્‌૦ 'પોતે' 'આત્મા'

આત્મન્‌–ની વ્યુત્પત્તિ વિશે વિદ્વાનોએ ઠીક ઠીક ચર્ચા કરી છે,[૫] છતાં હજી પણ તે વિવાદાસ્પદ રહી છે. **પીટર્સબર્ગ**–**અભિધાનકોશ** તેને **√અન્‌**– 'શ્વાસ લેવો' સાથે સાંકળે છે, **વેબર** તેને **√અવ્‌**–,જવું'માંથી વ્યુત્પન્ન કરે છે, જ્યારે **શ્રાસ્માનનો** મત તેને **ગ્રીક** ātmós, **જર્મનની** âtum, âthom, atem, atmen, વગેરેનો સહજન્ય ગણી **√અવ=√વા**– 'વાવું' એ ધાતુ-માંથી સાધવાનો છે.

બીજું, તેનો **અર્થ**વિકાસ આ પ્રમાણે થયો ગણાય **છે** :–

શ્વાસ>જીવ>પોતાની જાત, પોતે.

પણ આ **પ્રકારનો** વિકાસક્રમ **સ્વીકારવા** સામે બે વાંધા છે—એક તો **ઋગ્‌**વેદમાં જે ચાર સ્થળે **આત્મન્‌**–નો 'શ્વાસ' અર્થ લેવાનો છે તે ચારેય ફકરાઓ પ્રાચીન હોવાને બદલે, મુકાબલે અર્વાચીન ગણાતા સૂક્તોમાં આવેલા છે. એટલે 'શ્વાસ' એ અર્થ મૌલિક નહિ પણ ગૌણપણે વિકસિત થયો હોય એમ લાગે છે. બીજું, પ્રાચીન સૂક્તોમાં **આત્મન્‌**– ઉપરાંત **ત્મન્‌**– એ

---

૩ બ્લુમફીલ્ડ, ધ સીમ્બોલીક ગોડ્‌ઝ્‌, ૪૫

૪ કીથ : 'ધ રીલીજીઅન ઍંડ ફીલોસોફી ઓવ ધ વેદ ઍંડ ઉપનિશદ્‌ઝ્‌' ગ્રંથ ૧, પા. ૨૧૭, પાદનોંધ ૪.

૫. જુઓ દૉયસન. 'દી ફિલોસોફી દેર ઇન્દેર,' ૨૮૫—૨૮૬: ગેલ્ડનર, વેદિશ શ્તુદીન, ગ્રંથ ૩, ૧૧૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગનાં વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે વપરાયેલાં રૂપો મળે છે, જે સહેલાઇથી સમજાવી શકાય તેમ નથી.

આથી **હૅાયસન**ની સૂચના **આત્મન્-** (તેમ જ **ગ્રીક** 'ǎutos')ને **અ-** (સરખાવો **અ-હમ્**) અને **ત-** એ બે સાર્વનામિક ધાતુઓમાંથી સાધવાની છે. મૂળ અર્થ 'પોતાની જાત' 'પંડ' હોય. અર્થવિકાસનો ક્રમ આ પ્રમાણે હોય :-

૧ 'પોતાની જાત,' 'શરીર' [બાહ્ય જગતના વિરોધમાં]

↓

૨ 'ધડ' [બીજા અવયવોના વિરોધમાં]

↓

૩ 'જીવ' [શરીરના વિરોધમાં]

↓

૪ 'સત્' 'અસ્તિત્વ' [અસત્, અનસ્તિત્વના વિરોધમાં]

પણ હૅાયસનનો આ મત યોગ્ય પુરાવાના આધાર વિનાનો, યોજના ખાતર યોજનાલક્ષી ('સ્કીમેટીક') અને વધારે પડતો તત્ત્વાજ્ઞનરંગી લાગે છે.

૪-આડમ્બર- 'ધોંધાટ,' 'શબ્દાળુતા'

આડમ્બર-ની ***આડ+અમ્બર** એવી વ્યુત્પત્તિ દેખાવે જ તરંગી છે, અને **અમ્બર-** જેટલો પ્રાચીન તેટલો **આડ-** અર્વાચીન હોવાથી [ગુજ. **આડ**, **આડશ**, વગેરેનો સંબંધ દેશ્ય **અડ્ડ-** સાથે છે] આપણા પર પડેલી છાપ સબળ બને છે. **આડમ્બર**-શબ્દ જ 'ઢોલક'ના અર્થમાં ઠેઠ '**શતપથ બ્રાહ્મણ**' (૧૪) માં વપરાયેલો મળે છે. બીજા અર્થોમાં ઉત્તરરામચરિત અને કથાસરિત્સાગરમાં પણ તે વપરાયો છે. આમ શબ્દની પ્રાચીનતા સ્પષ્ટ હોવાથી તે કાંઈક નિયમિત ઘડતર વાળો હોવો જોઈએ એમ ધારી શકાય. **સંસ્કૃતમાં** **ડમ્બર-** શબ્દ પણ છે, જેનો અર્થ 'ધોંધાટ', 'વાણીનો આડંબર' 'ગરબડ-ગોટો' થાય છે. **ડમ્બરનામન્** એટલે 'આડંબરી નામ ધારણ કરનાર' એટલે **આડમ્બર-** ને **ડમ્બર** વચ્ચે સંબંધ બાંધવો અયોગ્ય તો નથી જ. સંભવિત છે કે **વિડમ્બના-**માં રહેલા **√ડમ્બ્-** દ્વારા સાધિત ***ડમ્બ-** અને **-ર-** પ્રત્યય મળીને **ડમ્બર-** થયો હોય- જો કે અર્થદૃષ્ટિએ મેળ બેસારવો સરળ નથી લાગતો. અને તો **આ-√ડમ્બ્-, -અ-, -ર-** એ અંશોની મેળવણીથી **આડમ્બર-** તૈયાર થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫–આલવાલ–“ ક્યારો ”

આ શબ્દનું મૂળ અસ્પષ્ટ છે. ટીકાકારોની **‘આ સમન્તાત્ લવં જલલવં આલાતિ ઇતિ’** એ વ્યુત્પત્તિ, આવા અસ્પષ્ટ શબ્દો માટે તેમણે ઘડી કાઢેલી બીજી ઘણી વ્યુત્પત્તિઓની જેમ, દેખીતી રીતે જ તદ્દન તરંગી છે. શબ્દ **આલ–** અને **વાલ–** એ બે અંશોનો બન્યો હોય તેમ લાગે છે. **પાલિ આલક–** મરાઠી **અળે, હિંદી આલા** ‘ ક્યારો ’, ગુજરાતી **આળિયું,** આળિયો સૂચવે છે કે **આલ–** અંશ પ્રમાણમાં જૂનો છે; અને **આલવાલ–**નો જે અર્થ પ્રચલિત છે, તેને મળતો તેનો અર્થ હોવો જોઈએ. તેથી **આલ–**ને **આડ–** સાથે જોડવાની જરૂર રહેતી નથી. **આલ–**નું મૂળ અસ્પષ્ટ રહે છે એ ખરું, પણ ‘ ક્યારો ’ ‘ ખૂણો ’ ‘ ખાડો ’ ‘ પોલાણ ’ જેવી અર્થછાયા વાળો **આલ–,** ‘આડશ’ ‘પ્રતિબંધ’ ‘તીરછું’ સૂચવતા **આડ–** (**દેશ્ય અડ્ડ–**) સાથે અર્થદૃષ્ટિએ તો સંબદ્ધ નથી. વળી ધ્વનિદૃષ્ટિએ **–ડ–** નો **–લ–** થવાની શક્યતા ખરી,[૬] પણ **આડ–**ના મૂળ **અડ્ડ–**માંથી **આલ–** સાધવાની અશક્યતા એ એક જ કારણ **આડ–** ને ફગાવી દેવા માટે પૂરતું છે.

બાકી રહેલા **–વાલ–** અંશ પર વિચાર કરતાં **ચક્કવાલ–** ‘ એક પર્વત ’, ‘ વર્તુળ ’, ‘ ટોળું ’ પ્રાકૃત **કુણ્ડવાલ** ‘કુંડાળું,’ **પિણ્ડવાલ** ‘ પીંડો ’ અને **કરવાલ–**માં રહેલો સમાનધ્વનિ અંશ આપણી નજર સામે આવે છે. તેમાં **ચક્ર–** અને **કર–** એ અંશો તો સ્પષ્ટ જ છે. **ચક્રવાલ–**ના **–વાલ–** માટે **નરસિંહભાઈ** સૂચવે છે : **ચક્રમિવ વાડતે= ચક્રવાડ–> ચક્રવાલ–(√વટ્–વાટ્–વાડ્=** ‘ ઘેરવું ’). આમાં તેમને બીજો આધાર કદાચ એ મળી શકે કે કોશોમાં **ચક્રવાડ** એવું શબ્દ—સ્વરૂપ પણ મળે છે. પણ આ વ્યુત્પત્તિ નિરાધાર ઠરાવતા બે મુદ્દા છે—એક તો એ કે **ચક્રવાડ–** વધારે મૌલિક નહીં, પણ **ડ્** ને **લ્** ના ઉચ્ચારણના વિષયમાં પ્રવર્તતી શિથિલતાને લીધે મૂળ **ચક્રવાલ–**નો જ એ ઉચ્ચારણ–ભેદ હોય એમ લાગે છે. કારણ **ચક્રવાડ**—એ ‘ પૃથ્વી ફરતો એક કલ્પિત પર્વત ’ એ જ અર્થમાં અને અર્વાચીન ગ્રંથોમાં જ વપરાયલો મળે છે. તેનો જૂનો પ્રયોગ નથી મળતો. **ચક્રવાલ– ચક્રવાડ–**ના ઉપરોક્ત અર્થમાં “ **કારણ્ડવ્યૂહ** ” (૨૩)માં અને ‘ વર્તુળ ’ ‘ ટોળું ’ એ અર્થમાં **મહાભારત** (૧, ૭૦૨૧)ને **હરિવંશ** (૪૦૯૮)માં

---

૬ ‘ ડલયોરભેદ:’ એ આલંકારિકોનો જાણીતો સમય અને તેના આધારરૂપ –ડ–>–લ– પ્રક્રિયા ધરાવતા સંસ્કૃત, પ્રાકૃત અને અર્વાચીન શબ્દો એ અહીં પ્રસ્તુત છે. ઉપરાંત જુઓ ફેસ્ટશ્રીફ્ટ વાકર્નાગેલ, ૨૯૪ અને પછીનાં, તેમ જ શાર્પેન્ત્યે, સમ સંસ્કૃત એન્ડ પાલિ વર્ડ્ઝ. ઇંડીઅન લીન્ગ્વીસ્ટીક્સ:, ૨, અંક ૧–૬, ૧૯૩૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ પછીના સમયમાં પણ સામાન્યપણે **બૌદ્ધસાહિત્યમાં** તથા **કાવ્યાદર્શ** (૨,૯૯)માં મળે છે. બીજું, **વટ્‌–** એ ધાતુ દેખીતી રીતે જ, **ધાતુપાઠના** તેવા બીજા કેટલાક ધાતુઓની જેમ, પાછળના ઘડતરનો છે. **વટ–** 'વડલો', વગેરેનું મૂળ ન સમજાતાં તેના ઉપરથી જ કલ્પી કાઢેલો છે.[૭] ખરીરીતે તો **વાટ–**, **વાટિકા**, ગુજરાતી **વાડ**, **વાડી**, **વાડો** ઇત્યાદિના મૂળમાં * **વૃતિકા** જેવો 'ફરતી આડશ' એવા કાંઈક અર્થનો કોઈ શબ્દ હોવો જોઈએ. **વૃત્ત–** 'ગોળ'ને **વૃત્તિ–** 'વાડો, વાડ' એવા શબ્દો મળે છેય ખરા, પણ[૮] **વાટિકા** માટે તો ***વૃત્તિકા** જોઈએ કે જો ***વટ્ટિઆ** <* **વાટિઆ** દ્વારા પુનઃસંસ્કૃતરુપ **વાટિકા** આપી શકે. આમ, **ચક્રવાલ**–ના –**વાલ**–નું મૂળ સ્પષ્ટ નથી થતું, છતાં તેનો સંબંધ **વાડ** સાથે તો નથી જ.

કરવાલ૦ને માટે નરસિંહભાઈ મૂળ **કરપાલ–** (કરં પાલયતિ) સૂચવે છે પણ વસ્તુતઃ તેતે શબ્દોના થયેલા પ્રયોગ જોતાં જણાય છે કે **કરપાલ** (–**ક**–) સાહિત્યમાં પ્રામાણિકપણે વપરાયલો નથી મળતો; માત્ર કોશોમાંજ મળે છે, જ્યારે **કરવાલ–** મહાભારત તેમ જ ભાગવત પુરાણમાં વપરાયેલો છે. આથી સંભવિત છે કે **કરવાલ**–ની ખરી વ્યુત્પત્તિ ન જાણતા કોઈ ટીકાકારે **કરપાલ** કલ્પી કરં પાલયતિ એવી કલ્પના ઘટાવી હોય. જો કલ્પનાનો જ આશ્રય લેવાનો હોય તો વધારે સંભવિત તો એ છે કે કરવાલ–ના **વાલ**–ને √વલ્ 'વળવું' (**વાલયતિ** 'વાળે છે') સાથે સંબંધ હોય. પણ સારો આધાર ન મળે ત્યાંસુધી **વાલ**નું મૂળ શું છે? એટલું જ નહિ પણ **આલવાલ–**, **ચક્રવાલ–**, **કરવાલ**–વગેરેના **વાલ–** એક મૂળના છે કે જુદાજુદા મૂળના? એ વિશે પણ આપણે અંધારામાં જ રહેવું પડશે.

પુરવણી :

પ્રા. चक्क– : चक्कवाल–, દેશ્ય पेंड– : पेंडवाल–, सुद्ध–: सुद्धवाल–. कुंड– : –कुंडवाल સમાનાર્થક છે. તે રીતે आल– : आलवाल.

---

૭ મોનીઅર વીલીયમ્‌ઝ, સંસ્કૃત–ઇંગ્લીશ ડીક્શનરી, ૧૮૯૯, **વટ–** અને **વટ્‌–** શબ્દ નીચે.

૮ ટર્નર; નેપાલી ડીક્શનરી, ૧૯૩૧, **બાર** નીચે તથા, જુલ બ્લોક, મરાઠી ભાષેચા વિકાસ, ભાષાન્તર, ૧૯૪૧, ૪૬૮; સંદેશરાસક, ૧૪ની વ્યાખ્યામાં મૂળના वाहि ની છાયા **વૃત્તિ** આપેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાકૃત વ્યાકરણકારો

પુરુષોત્તમના **પ્રાકૃતાનુશાસન**ની આવૃત્તિ[1] અને **પ્રાકૃત વૈયાકરણો** પરની પ્રસ્તુત અગાઉની કૃતિએ **ભારતીયવિદો**નું શ્રીમતી **નીતી**–દોલ્ચી તરફ **પ્રાકૃત**નાં એક અતીવ આશાસ્પદ યુરોપીય અભ્યાસી તરીકે હજી હમણાં જ લક્ષ્ય ખેંચ્યું હતું, ત્યાં તો

"गजभुजङ्गमयोरपि बन्धनं शशिदिवाकरयोर्ग्रहपीडनम् ।
मतिमतां च विलोक्य दरिद्रतां विधिरहो बलवानिति मे मतिः ॥"

એ **ભર્તૃ**હરિના શબ્દોની યાદ આપવાને તેમના અકાળ અવસાનના સમાચાર આવ્યા. વિધિએ તેને **લાસન** (Lassen) અને **પીશલ** (Pischel)ની પરંપરાને દીપાવતી પ્રસ્તુત કૃતિ સમાપ્ત કરી પ્રકાશિત કરવા દીધી એટલું આપણા અધ્યયનનું સુભાગ્ય છે. **પ્રા**કૃત વ્યાકરણપરંપરાને લગતા મુખ્ય–મુખ્ય કોયડાની નવેસરથી કરેલી વિસ્તૃત તપાસણી આપણી પાસે રજૂ કરતાં ઘણીવાર એ કોયડાઓનો રોચક ઉકેલ સૂચવવામાં, અથવા છેવટે કંઈ નહિ તો તેમને નવી પીઠિકા પર ઊભા કરવામાં ગ્રંથકર્ત્રીને જે સફળતા મળી છે તે, તેમની ભાષાશાસ્ત્રીય તેમ જ સાહિત્યાનુશીલનને લગતી ('ફીલોલોજીકલ', philological) ઉચિત કેળવણીને અને **ભા**રતીય મૂળગ્રંથોના વિશાળ જ્ઞાનને આભારી છે. આપણે આ અવલોકનના અંતમાં, **પ્રા**કૃત વ્યાકરણી સંપ્રદાયોને લગતાં તેમ જ **પ્રા**કૃત ભાષાભેદોના વાસ્તવિક સ્વરૂપને અંગેનાં ગ્રંથકર્ત્રીનાં સંશોધનોમાંથી ફલિત થતા નિર્ણયો જોઈશું : આ હેતુથી, જે સાત પ્રકારણોમાં કૃતિને વહેંચી નાખવામાં આવી છે તેની, ઘણુંખરું ગ્રંથકર્ત્રીના પોતાના જ શબ્દોમાં, પૃથક્કરણાત્મક રૂપરેખા અહીં આપવી હું યોગ્ય ધારું છું, અને આશા રાખું છું કે માત્ર ઊડતી ઉપરછલ્લી નોંધથી સંતોષ ન પામતા હોય તેવા આ સામયિકના વાચકો આમાં સંમત થશે. સ્વાભાવિક રીતે જ, આમાં કેટલીક

---

*શ્રીમતી લુઈજીયા નીતી–દોલ્ચી [Luigia Nitti-Dolci] કૃત લે ગ્રામેયૂર્યે પ્રાકૃત [Les grammairiens Prakrits] (પારી, Paris, લીબ્રેયૂરી દામેરિક એ દોર્યાં આંત્રાં મેય્ જે નેવ્, ૧૯૩૮)ના ન્યુ ઈન્ડીયન એંટીક્વેરી (પુસ્તક ૨, મે ૧૯૩૯, પા. ૧૩૫--૧૪૨) માં પ્રસિદ્ધ થયેલા શ્રી. વીતોરે પીઝાની Vittore Pisani ના અવલોકન-લેખનું ભાષાન્તર.

૧. 'લ પ્રાકૃતાનુશાસન દ પુરુષોત્તમ', પાર લુઈજીયા નીતી–દોલ્ચી : કાયે દ લા સોસ્યેતે આસ્યાતીક, ૬ પારી, ૧૯૩૮. પ્રસ્તુત અવલોકનના વિષયભૂત પુસ્તકના પૃ૦ ૯૦ ઉપર જે રામશર્માના પ્રાકૃતકલ્પતરુનો મહારાષ્ટ્રી વિભાગ પોતે સંપાદિત કર્યાનો ઉલ્લેખ છે તે પ્રસિદ્ધ થઈ ગયો છે કે હજી નથી થયો તે હું જાણતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝીણી વિગતો, **પ્રા**કૃતના જ્ઞાનમાં કેટલીક વખત તો સારી એવી અગત્યની હોવા છતાં મારે જતી કરવી પડશે. **માર્ક**ણ્ડેય ૯–૩૫ ના આધારે આપણી જાણમાં આવતાં, દરેક કાળ અને પુરુષ માટે પ્રચલિત **–જ્જે**– કે **–જ્જાહિ** વાળાં આખ્યાતિક રૂપોના[2] વપરાશનો, અથવા તો **ભા**રત–યુરોપીય *–**ઓ**માંથી આવેલા **સ્લા**વી **–ઍં** (ॡ)ને સ્થાને આવતા **–અ**નું સમાન્તર ઉદાહરણ પૂરું પાડતા **હે**મચંદ્રે ૩–૧૪૧ માં આદેશેલા[3] તે **–આ**મિને સ્થાને આવતા **–અં**નો માત્ર સૂચક ઉલ્લેખ કરીનેજ હું અટકું છું. ઉક્ત બંને ઘટનાઓનો **પી**શલે ઉલ્લેખ નથી કર્યો એ હકીકત, **પી**શલની જીવન–કૃતિ પછી પણ **પ્રા**કૃતના જ્ઞાન માટે હજી કેટલું બધું કરવાનું છે એ દેખાડવા માટે પૂરતી છે.

પહેલું પ્રકરણ વરરુચિ ઉપર છે. વરરુચિનું **પ્રા**કૃતપ્રકાશનું કર્તૃત્વ સમર્થિત થઈ શકે તેમ નથી, તો તેને નકારી શકાય તેમ પણ નથી; કારણ, "વરરુચિ–કાત્યાયનને ઈસુપૂર્વેની ત્રીજી સદીથી મોડો મૂકી શકાય નહિ, જ્યારે (એજ સમયના) **અ**શોકના ઉત્કીર્ણ લેખો તો વ્યાકરણકારોના અને નાટકના **પ્રા**કૃતથી પ્રાચીનતર ભાષાભૂમિકા રજૂ કરે છે" એ વાત ખરી, પણ એ હકીકતને "વરરુચિના સમયમાં આવી (એટલે કે વરરુચિના **વ્યા**કરણમાં રજૂ થઈ છે તેવી) **પ્રા**કૃતોનું અસ્તિત્વ હોય નહીં" એવું ધારી લેવા માટે એક મજબૂત કારણ તરીકે ન લેખી શકાય. વરરુચિના ગ્રંથપાઠમાં રહેલાં વિરોધી વિધાનો અને વિશિષ્ટતાઓની તપાસણી ગ્રંથકારને એવું અનુમાન કરવા તરફ દોરે છે કે **ગાથાની મ**હારાષ્ટ્રી—જેને **લા**સન પ્રકૃષ્ટ **પ્રા**કૃત (Prakritica Praecipua) કહે છે—એ એકજ **પ્રા**કૃત વરરુચિનાં મૂળ સૂત્રોનો પ્રતિપાદ્ય વિષય છે. **શૌ**રસેની, **મા**ગધી અને **પૈ**શાચી પરનાં છેલ્લા ત્રણ પ્રકરણો (પ્રકરણ ૧૦, ૧૧, ૧૨) કોઈ ટીકાકારે ઉમેર્યાં હોવાં જોઈએ. સંભવિત છે કે પ્રકરણ ૧૦ અને ૧૧ ના વિષયમાં એ ટીકાકાર તે **ભા**મહ હોય; **શૌ**રસેની પરનું ૧૨ મું પ્રકરણ **ભા**મહની કૃતિ નથી. કારણ કે બધીએ હાથપ્રતોમાં તે ટીકા વિનાનું મળે છે. **ભા**મહ સિવાયના ટીકાકારો માત્ર મુખ્ય **પ્રા**કૃતની જ વાત કરે છે, વરરુચિ પર આધાર રાખતા **પ્રા**ચ્ય **વૈ**યાકરણો (Oriental Grammarians) બીજા **પ્રા**કૃતપ્રકારોનું વરરુચિ–**ભા**મહથી ભિન્ન રીતની ગોઠવણી દ્વારા પ્રતિપાદન કરે છે, ક્રમદીશ્વર માત્ર **મુ**ખ્ય **પ્રા**કૃત માટેજ વરરુચિનો ઉપયોગ કરે છે, **હે**મચંદ્ર બીજા વૈયાકરણો સાથે બીજા **પ્રા**કૃતપ્રકારોના નહિ પણ **મુ**ખ્ય **પ્રા**કૃતના જ વિષય પૂરતો ઝઘડે છે

---

૨. જુઓ પ્રસ્તુત ગ્રંથ: પૃ. ૧૧૧. ૩. સર ઇ. ડેનિસન રોસ–અર્પણ ગ્રંથમાં મેં આ રૂપોનું ટૂંકમાં આલોચન કર્યું છે. જુઓ ઉક્ત ગ્રંથ: પૃ. ૧૭૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ દ્વારા દેખાડે છે કે **વરરુચિ** સુધી પાછો પહોંચતો કોઈ અવિચ્છિન્ન સંપ્રદાય ન હતો: આ બધી હકીકતો, ઉપર દોરેલા નિર્ણયોનું સમર્થન કરે છે. આથી, **ચણ્ડ** સિવાયના બધા **પ્રાકૃત** વ્યાકરણકારોને **વરરુચિના** માત્ર **મુખ્ય પ્રાકૃત** પરનાં સૂત્રોની માહિતી હતી એવા નિર્ણય પર આપણે આવીએ છીએ. તો, આપણે જ્યારે **વરરુચિની** વાત કરીએ, ત્યારે આપણને **ભામહ–કોવેલ** આવૃત્તિના પહેલાં નવ પ્રકરણો જ ખ્યાલમાં હોવાં જોઈએ, અને એમાં પણ પાંચમું અને છઠ્ઠું એ પ્રકરણો મૂળ તો એક જ પ્રકરણરૂપે હતાં.

પણ **ભામહના પ્રાકૃતપ્રકાશનાં** ૧ થી ૯ પ્રકરણોયે મૂળની ખરી પરંપરાથી ઘણાં વેગળાં છે. **વરરુચિના** સંપ્રદાયના પ્રાબલ્યને લીધે **વસંતરાજનાં પ્રાકૃતસંજીવની** અને **પ્રાકૃતમંજરી** (તેમ જ, **વસંતરાજની** કૃતિના સારરૂપ **સદાનંદ** કૃત **પ્રાકૃતસુબોધિની** અને **નારાયણ વિદ્યાવિનોદકૃત પ્રાકૃતપાદ**) એ **પ્રાકૃતપ્રકાશ** સાથે **મુખ્ય પ્રાકૃતની** બાબતમાં તો સુસંગત છે, માત્ર **પ્રાકૃતપ્રકાશમાં** પ્રવેશેલી નવતર સામગ્રીની બાબતમાં તે ગ્રંથો મતભેદ ધરાવે છે: પરિણામે તેઓ **ભામહની** કૃતિથી અપરિચિત હોવા જોઈએ.—આ નિર્ણયનું કેટલાંક સૂત્રો પરની ટીકાઓનું ૨૪ અને પછીનાં પૃષ્ઠો પર સૂક્ષ્મ પૃથક્કરણ કરીને પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એટલે, **વરરુચિનાં** સૂત્રો એ **ભામહની** ટીકા વિના પણ—સ્વતંત્રપણે—અસ્તિત્વ ધરાવતી કૃતિ છે અને **ભામહથી** અપરિચિત એવા તેના બીજા ટીકાકારો અને અનુકૃતિકારો પણ હતા. **ભામહે** સ્વીકારાએલી વાચના એ **વરરુચિનો** મૂળ ગ્રંથપાઠ સ્થિરપણે નિર્ણીત કરવાના મુખ્ય સાધનોમાંનું માત્ર એક સાધન જ ગણી શકાય. મૂળ ગ્રંથપાઠ નક્કી કરવા માટે તો બધાંય ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ જરૂરી છે.

ઉપર જણાવ્યું તેમ **વરરુચિનાં મુખ્ય પ્રાકૃત** પરનાં સૂત્રો વિશેષ ફેરફાર સિવાય બધી ટીકાઓમાં મળે છે, તે બતાવે છે કે એ સૂત્રો પ્રાચીન છે અને વાધાંભરેલાં ગણી શકાય તેટલાં ખંડિત થયાં વિના જળવાઈને ઉતરી આવ્યાં છે. આથી તેમની ઊંડી તપાસ કરવી શક્ય બને છે. તેમની રચના એક વ્યવસ્થિત વ્યાકરણ તરીકે કામ આપવા માટે થઈ હોય એવું લાગતું નથી. દાખલા તરીકે ગ્રંથનું આદિ મંગળ જ નથી મળતું: આનો અર્થ કાં તો એ હોય કે આ સૂત્રો કોઈ **સંસ્કૃત** વ્યાકરણના પરિશિષ્ટ રૂપે હતાં (સરખાવો—જેમકે **હેમચંદ્રની** કૃતિ), અથવા તો એમ પણ હોય કે **વરરુચિનો** એક સળંગસૂત્ર વ્યાકરણ–નિબન્ધ રચવાનો આશય ન હતો; માત્ર કેટલાક છૂટક **પ્રાકૃત** વ્યાકરણ-નિયમો જ તેણે લખેલા; કોઈએ આ નિયમોને સંકલિત કરી એક શીર્ષક આપ્યું અને ટીકાકારોએ તેમની પ્રવૃત્તિ શરૂ કરી દીધી. આમાંથી બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભાવનાનું સમર્થન એટલાથી થાય છે કે વરરુચિનાં સૂત્રો આપણને પ્રાકૃતનું સ્વરૂપ–વર્ણન નથી આપતાં, પણ રૂપોના માત્ર અમુક સમૂહને સંસ્કૃતમાંથી અવતારવાના નિયમો આપી તે રૂપોની પ્રમાણસિદ્ધતા પુરવાર કરવાના પ્રયત્ન જેવાં તે કાંઈક લાગે છે. એ સૂત્રો અમુક એક ગ્રંથને કે સુનિશ્ચિત સ્વરૂપના અમુક ગ્રંથસમૂહને ઉદ્દેશીને રચાયાં હોય એવી છાપ આપણા ઉપર પડે છે; અને ટીકાકારોએ (ટીકા દરમિયાન) કરેલા કાવ્યગ્રંથોના, છંદોરચનામૂલક ફેરફારો વગેરેના ઉલ્લેખો એ છાપને દઢતર બનાવે છે. હવે, વરરુચિનાં સૂત્રો જેનું સ્વરૂપવર્ણન કરે છે તેનું શબ્દભંડોળ ૪૦૬ રૂપોનું બનેલું છે, જેમાંથી ૨૩૩ વેબર (Weber)–સંપાદિત હાલકૃત ગાહાસત્તસઈની બીજી આવૃત્તિની શબ્દસૂચિમાં મળે છે; અને આમ વરરુચિના અભ્યાસપ્રદેશ નીચેના શબ્દોમાંથી ૫૯ ટકા શબ્દો હાલમાં મળે છે એટલું જ માત્ર નહિ, તેણે આદેશેલા લગભગ બધા બેવડા સ્વરૂપવાળા શબ્દો (ઉદાહરણ તરીકે ઇતિ માટે ઇઅ ને તિ (ત્ત), ૧–૧૪) પણ સત્તસઈમાં દેખાય છે. આથી ગ્રંથકર્ત્રી અનુમાન પર આવે છે કે સાહિત્યકીય મહારાષ્ટ્રીનું સ્વરૂપઘડતર ગાથાઓમાં થયેલું છે અને (મહારાષ્ટ્રીમાં રચાયેલાં) મહાકાવ્યોએ તેમની ભાષા કોઈ પણ જાતના ફેરફાર સિવાય એમાંથી જ લીધી છે; અને ખરેખર સંચયાત્મક સ્વરૂપવાળા ગાથાગ્રંથોમાં તો એકમૂળ શબ્દજોડીઓ (ડબ્લેટ્સ doublets), લખાણપદ્ધતિની વિષમતાઓ વગેરેનું અસ્તિત્વ સરળતાથી સમજાવી શકાય તેવું છે, કારણ કે એ ગાથાઓ સંભાવ્યપણે ભિન્નભિન્ન ભાષાભાષી અનેક લેખકોની કૃતિ છે. આથી વરરુચિના ગ્રંથપાઠના નિર્ણય માટે તેના ઉપર આધાર રાખતા ટીકાકારો અને વૈયાકરણોને જ નહિ, પણ સત્તસઈ અને તેના જેવા હાલ ઉપલબ્ધ મહારાષ્ટ્રી ગાથાસંગ્રહોનેય ગણતરીમાં લેવા જોઈએ.

ટૂંકામાં વરરુચિનાં સૂત્રોમાં આપણને કોઈ વ્યાકરણ નથી મળતું; તેમની રચના સંસ્કૃતનું જ્ઞાન હોય તેવા લોકોને પ્રાકૃતમાં ગાથાઓ કેમ રચવી તે શિખવાડવાના હેતુથી થઈ છે. શરુઆતમાં આ ગાથાઓ મુકાબલે લોકભોગ્ય કહી શકાય તેવી સાહિત્યરચનાનો પ્રકાર હોવી જોઈએ; પણ અમુક સમય પછી તે વિદ્વદ્વર્ગનું વિનોદસાધન બની ગઈ. વિદ્વાનોનું સંસ્કૃત તેમ જ લોકબોલીઓ એ બંનેનું જ્ઞાન, ગીતિઓની ('લીરીકલ,' Lyrical) મહારાષ્ટ્રી જેવી–સંસ્કૃતના રંગે રંગાયેલી અને અસામાન્ય સ્વરૂપના જુદી-જુદી બોલીઓના શબ્દોથી પ્રચુરપણે શણગારાયેલી—કૃત્રિમ ભાષા લખવામાં પરિણમ્યું.—આ પ્રકરણ ત્રણ મુખ્ય ટીકાકારો પ્રમાણેની વરરુચિના સૂત્રોની વાચનામાં મળતાં પાઠાન્તરોની તુલનાત્મક નોંધ (પૃ. ૫૧ અને પછીના) સાથે પૂરું થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા પ્રકરણનું શીર્ષક **ભ**રત છે. જો કે પ્રાકૃત વ્યાકરણકારોમાંથી માત્ર **મા**ર્કંણ્ડેય જ **ભ**રતને પ્રમાણરૂપે ટાંકે છે (અને તેના નામ નીચે **મા**ર્કંણ્ડેયે આપેલાં છ ટાંચણોમાંથી માત્ર બે જ **ના**ટ્યશાસ્ત્રના ૧૭ મા પ્રકરણમાં મળે છે—**પી**શલનું તો એવું માનવું હતું કે છમાંથી એકેય ટાંચણ જાણીતા **ના**ટ્યશાસ્ત્રકાર **ભ**રતમાંથી નથી), છતાં કંઈ નહિ તો દસમી કે અગિયારમી સદીમાં તો **પ્રા**કૃત ઉપરનો ફકરો **ના**ટ્યશાસ્ત્રનો એક ભાગ હતો જ એની સાક્ષી **અ**ભિનવગુપ્તની ટીકા પૂરે છે. ગ્રંથકર્ત્રીએ આ ફકરો (૧૭, ૧–૬૪) પૃથક્કરણ અને અનુવાદ સાથે પૃ. ૬૩–૭૬ પર પ્રસિદ્ધ કર્યો છે. અને ૭૬ અને પછીનાં પૃષ્ઠ પર ભાષાઓ અને બોલીઓનું **ભ**રતે કરેલું વર્ગીકરણ તપાસવામાં આવ્યું છે. ‘સંસ્કૃત’ની ધાટીએ જ ‘પ્રાકૃત’ એવો બીજા કોઈ વિશિષ્ટ વ્યપદેશ વગરનો ઉલ્લેખ (**ભ**રતે) કર્યો છે; તે પછી દેશભાષાઓ આવે છે. આ આપણને એવું માનવા તરફ દોરે છે કે ‘પ્રાકૃત’ એ **સં**સ્કૃતની જેમ આખા **ભા**રતવર્ષ માટે એક સાધારણ ભાષા ‘કૉમન લેંગ્વેજ’ (Common Languge) હતી. બીજા મુદ્દાઓ સ્પષ્ટ નથી થતા. ગમે તેમ પણ આપણે એટલું તો કહી શકીએ કે (૧) **ભ**રતને બોલીઓની અમુક સંખ્યાની ખબર છે અને તે તેમનો ઉપયોગ કરવાની છૂટ આપે છે; (૨) આ બોલીઓમાં **મ**હારાષ્ટ્રીનું નામ મળતું નથી, તેમ જ ગદ્ય ને પદ્યની ભાષા વચ્ચે કોઈ જાતનો ભેદ પણ પાડવામાં આવ્યો નથી: પરન્તુ ‘પ્રાકૃત’ તરીકે આપેલાં રૂપો એક પણ અપવાદ વિના **મ**હારાષ્ટ્રીનાં છે.

વરરુચિની બાબતમાં જે કહ્યું તે **ભ**રતને તો વિશેષે કરીને લાગુ પડે છે. **ભ**રત વ્યાકરણ નથી આપતો, પણ માત્ર ધ્વનિવિકારના નિયમો આપે છે અને સંભવિત છે કે એ નિયમો તે, પાઠ ભજવતી વખતે જેમને **સા**હિત્યકીય **પ્રા**કૃતમાં બોલવાનું હોય તેવા પોતાના નટોને સૂત્રધાર તરફથી અપાતી સૂચનાઓ જ છે. આ ઉચ્ચારણ-સૂચનાઓનો હેતુ એટલો કે નટોનું **સં**સ્કૃત આ નિયમોને અનુસરવાથી પ્રેક્ષક-જનતાને **પ્રા**કૃત જેવું લાગે અને તોય તે સુબોધ રહે. આ ભાષામાં કેટલાક દેશી શબ્દોનો છંટકાવ થતાં તેને છેવટનો સંસ્કાર મળી રહેતો. ખરેખર **સિલ્વૉં લે**વી (Sylvain L'evi) એ કહેલું છે (“તેમને (=**પ્રા**કૃતને) ‘**સં**સ્કૃતનું એક વિશિષ્ટ રીતે કરેલું ઉચ્ચારણ’ એ સિવાય ભાગ્યે જ બીજું કાંઈ કહી શકાય”) તેમ નાટકની **પ્રા**કૃત એ **સં**સ્કૃતનું એક વેશાંતર જ છે. પરિણામે **સં**સ્કૃત નાટકમાં **સં**સ્કૃત અને “પ્રાકૃત” એ બે સ્થિરપણે વપરાતી **સા**હિત્યભાષાઓ હોય છે, અને તેમની આસપાસ કેટલીક બોલીઓ હોય છે, જેમની સંખ્યાનો આધાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથકર્તા ઉપર, નટો અને પ્રેક્ષકોની ઇચ્છા ઉપર હોય છે. આને અનુલક્ષીને ગ્રંથકર્ત્રીએ બંગાળી અર્વાચીન નાટકોમાં તેમ જ ઇટાલીના "કોમેદીઆ દેલ આર્તે" (એક આલંકારિક સુખાંત નાટ્યપ્રકાર)માં શું બનતું અથવા તો હાલ શું બને છે તેની સમુચિત રીતે જ સરખામણી આપી છે. ૮૪ અને પછીનાં પૃષ્ઠ પર ભરતે પોતાના ૩૨મા અધ્યાયમાં આપેલા ધ્રુવાના નમૂનાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. નાટ્યપ્રયોગ દરમિયાન ગાવાનાં અને ગીતિઓની મહારાષ્ટ્રીમાં રચાયેલી ગાથાઓથી ભિન્ન, એવાં આ પદ્યોની ભાષાને ભરત શૌરસેની કહે છે. જો કે નાટકની શૌરસેનીથી કેટલીક બાબતમાં આ ભાષા જુદી પડે છે, છતાં યાકોબી (Jacobi) એ માન્યું છે તે પ્રમાણે ગ્રંથકર્ત્રી એમ માનવા તૈયાર નથી કે અહીં આપણે બે જુદી-જુદી ભાષાઓ ગણવી.

ત્રીજું પ્રકરણ, પ્રાકૃતાનુશાસનકાર પુરુષોત્તમ, પ્રાકૃતકલ્પતરુકાર રામશર્મા અને પ્રાકૃતસર્વસ્વકાર માર્કંડેય—એ પ્રાચ્ય વૈયાકરણો ઉપર છે. આમાંથી માર્કંડેયને ૧૪મી સદીના અંત પહેલાં મૂકી શકાય. તે ત્રણે મળીને એક ઐકમત્ય ધરાવતો ખરો સંપ્રદાય બને છે. આ સંપ્રદાય જુદા-જુદા ભાષાભેદોને ચાર ધરમૂળના યૂથ નીચે એકત્રિત કરે છે: ભાષાઓ, વિભાષાઓ, અપભ્રંશ અને પૈશાચિક. ભાષાઓમાં મહારાષ્ટ્રી સર્વોત્કૃષ્ટ સ્થાન ભોગવે છે અને તેનો અભ્યાસ બીજા ભાષાભેદોના અભ્યાસમાં પાયારૂપ બને છે. પ્રાચ્ય વૈયાકરણો શાકલ્યને સૌથી વધારે વાર પ્રમાણ તરીકે ટાંકે છે, જ્યારે બીજા વ્યાકરણકારો આ શાકલ્યથી તદ્દન અજાણ છે. માર્કંડેય પોતાનાં પ્રારંભિક પદ્યોમાં શાકલ્યનો સૌથી પહેલો નિર્દેશ કરે છે, અને જે બાબતો વરરુચિમાં ન મળતી હોય તેમને માટે શાકલ્યને નામે આદેશ આપવામાં આવ્યો છે. આથી એવો નિર્ણય દોરી શકાય કે શાકલ્યે (એ ૧૩મી સદી પહેલાં જ થયો હોવો જોઈએ) મુખ્ય પ્રાકૃત અને શૌરસેનીનું એક વ્યાકરણ રચેલું અને પ્રાચ્ય વૈયાકરણોના મૂળ આધારોમાંથી એક એ હતો. આમાં માર્કંડેય, તેણે આપેલાં પ્રચુર ટાંચણોને લીધે, ખાસ ધ્યાન ખેંચે છે અને એ હકીકત તેની પ્રતિપાદ્ય–મર્યાદા ઘણી વિસ્તૃત હોવાનો પુરાવો છે. આ ટાંચણોમાંથી જેનીજેની બાબતમાં તેના કર્તાનો ઉલ્લેખ કરાયો છે, તે દરેક, માત્ર બેત્રણ અપવાદ સિવાય સાચું ઠર્યું છે. આ વસ્તુ ૧૦૨ અને પછીના પાનાં પર બતાવી છે. અનેક ગ્રંથકારોને, વારંવાર પ્રમાણ તરીકે આપવામાં આવ્યા છે, પણ કદાચ એક અપવાદ બાદ કરતાં, બધાં ટાંચણો મુખ્ય પ્રાકૃતને લગતાં છે; હેમચંદ્રની બાબતમાં પણ આમ જ છે. અને એનો અર્થ એવો કરી શકાય કે ગીતિઓની મહારાષ્ટ્રી જેવી લિખિત અને સાહિત્યકીય ભાષા ઉપર જેટલા પ્રમાણમાં મુખ્ય પ્રાકૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસન ચલાવે છે તેટલા પ્રમાણમાં તેનું વ્યાકરણ સ્થિરસ્વરૂપનું અને પરંપરાગત હતું. આ વ્યાકરણના આદિ સ્થાપક તરીકે **વરરુચિ**નું પ્રમાણ ચર્ચાથી પર ગણાતું અને તેની આસપાસ ટીકાકારો અને શિષ્યો પોતાની જાતને ગોઠવી દેતા. જ્યારે-જ્યારે **માર્કંડેય** કે **હેમચંદ્ર** અમુક રૂપના સંબંધમાં કોઈ વ્યાકરણકારનો નામનિર્દેશ કર્યા વિના તેનો અભિપ્રાય ટાંકે છે (**इति कश्चित्, इति केचित्**) ત્યારે તેવી દરેક બાબતમાં એ અભિપ્રાય **વરરુચિ**ના જ કોઈ સૂત્રનો કાં તો વિરોધ કરતો હોય છે, કાં તો તેની અનુપૂર્તિ કરતો હોય છે, અથવા તો તેનો નવી પદ્ધતિએ અર્થ બેસાડતો હોય છે—પણ આનો અર્થ એવો નથી કે **માર્કંડેય** ને **હેમચંદ્ર**ની સમક્ષ બીજા ભાષાભેદોની બાબતમાં કોઈ પુરોગામીઓ ન હતા; માત્ર એટલું જ કે તેમણે (એટલે કે **માર્કંડેય** અને **હેમચંદ્રે**) સ્પષ્ટ નિર્દેશ સાથે આપેલાં ટાંચણો **વરરુચિ** કે **ભરત** પૂરતાં જ મર્યાદિત હોય છે; કારણ કે આવાં પરંપરાપુનિત નામોનો નિર્દેશ તેમની પોતાની કૃતિને એક પ્રકારની ઉદાત્તતા બક્ષે છે. એ સંભવિત છે કે **પુરુષોત્તમ, માર્કંડેય** અને **હેમચંદ્ર** પાસે તેમના પાયાના આધાર તરીકે એક પ્રાચીનતર 'પ્રાચ્ય' વ્યાકરણ હતું. **રામશર્મા**એ **હેમચંદ્ર** ઉપર આધાર રાખ્યો હોય એ બનવા જોગ છે, જ્યારે **હેમચંદ્ર** અને **માર્કંડેય** વચ્ચે રહેલી વિશિષ્ટ પ્રકારની સમાનતાઓને સામાન્ય મૂળ ગ્રંથોના ઉપયોગના પરિણામરૂપે સમજાવી શકાય.

૧૧૦ અને પછીનાં પૃષ્ઠ પર **માર્કંડેયે** પોતાના અગ્રગણ્ય આધારભૂત **વરરુચિ**માં **મહારાષ્ટ્રી**ની બાબતમાં કરેલા ઉમેરા તપાસવામાં આવ્યા છે. પૃષ્ઠ ૧૧૮થી બીજી "ભાષાઓ"ને વિશે એક પરિચ્છેદ આવે છે; એ "ભાષાઓ"માંથી **શૌરસેની**નો **પ્રાચ્ય વૈયાકરણો**એ ખાસ અભ્યાસ કર્યો છે. **પ્રાચ્ય વૈયાકરણો** પરની વિચારણાને આધારે ગ્રંથકર્ત્રી એવા નિર્ણય પર આવે છે કે **શૌરસેની** બોલી—એટલે કે વિશિષ્ટ વ્યક્તિઓના વપરાશની દેશભાષા શૌરસેની નહિ પણ **ભારત**ના કોઈ પણ ભાગમાંથી દરેક જણના વપરાશને યોગ્ય એવી શૌરસેની—એ, જે કોઈ વ્યક્તિને દેવભાષા (**સંસ્કૃત**) બોલવાનો અધિકાર ન હોય તેને નાટકમાં **સંસ્કૃત**ની અવેજીમાં વાપરવાની ભાષા છે. બીજી ભાષાઓના સંબંધમાં, **રામશર્મા** ૨–૩–૩૧ અને **માર્કંડેય**૧૬–૨ની તપાસણીને પરિણામે, ગ્રંથકર્ત્રી દેખાડે છે કે **પ્રાકૃત** વૈયાકરણોએ સાહિત્યમાં વપરાતા સ્વરૂપને આધારે **પ્રાકૃતો**નું વર્ગીકરણ કરેલું છે: એટલે, રંગભૂમિ ઉપર બોલાતી દરેક બોલી, તે તે બોલનાર વ્યક્તિની માનનીયતાની માત્રા અનુસાર "ભાષા" કે "વિભાષા" હોઈ શકે. તેથી ઊલટું, નાટ્યેતર સાહિત્યમાં વપરાતો ભાષાભેદ "અપભ્રંશ" લેખાતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃષ્ઠ ૧૨૫ પર આખા **પ્રાચ્ય** સંપ્રદાય અને તેનાં મત–મંતવ્યોની વધારે સામાન્ય ધોરણે વિચારણા શરુ થાય છે. **પુરુષોત્તમ**ની કૃતિની **ને**પાળી હાથપ્રત દર્શાવે છે કે આ સંપ્રદાય કાંઈ નહિ તો તેરમી સદીની તો પહેલાં જ ફૂલ્યો–ફાલ્યો હોવો જોઈએ; અને પુરુષોત્તમ જ એનો સ્થાપક હતો એવું કહેવા માટે આપણી પાસે જરા પણ પુરાવો નથી: ઊલટું, તેને કેટલાક પુરોગામીઓ હતા એમ માનવાને પ્રયોજન છે. કારણ કે **માર્કણ્ડેય** કે **રામશર્મા** કોઈ તેનો ઉલ્લેખ કરતા નથી. ઉપર કહ્યું તેમ, આ બધા જેને પ્રમાણ તરીકે આગળ ધરે છે તે **શાકલ્ય** એ પુરોગામીઓમાંનો એક હોવો જોઈએ; દુર્ભાગ્યે તેના વિશે આપણે કાંઈ પણ જાણતા નથી.

આ સંપ્રદાય અન્યાન્ય સ્થળેથી અનેક વસ્તુ ગ્રહણ કરવાના વલણવાળો—સંચયલક્ષી છે. ઉપર કહ્યું તેમ, **ગીતિ**ઓની **મ**હારાષ્ટ્રી વરરુચિ પ્રમાણે પ્રતિપાદિત કરવામાં આવી છે. નાટકની ભાષાઓની બાબતમાં **પ્રાચ્ય** વૈયાકરણોના મુખ્ય મૂળ–આધારો તરીકે નટોના ઉપયોગ માટે ઘડી કાઢેલા, **પ્રાકૃત**ને લગતા આદેશો—જેમનો એક નમૂનો નાટ્યશાસ્ત્રના ૧૭મા અધ્યાયમાં જળવાઈ રહ્યો છે હોવા જોઈએ: (**મ**હારાષ્ટ્રી સિવાયની) "ભાષાઓ" અને "વિભાષાઓ"ના સંબંધે નાટ્યશાસ્ત્ર અને **પ્રાચ્ય** વૈયાકરણોની વચ્ચે રહેલું મળતાપણું બતાવે છે કે એ કૃત્રિમ—અથવા છેવટે પરંપરારૂઢ તો ખરી જ—નાટ્યભાષાઓનું **પ્રા**કૃત વ્યાકરણ પરના શાસ્ત્રીય ગ્રંથોમાં બરોબર આવા જ—પરાપેક્ષી અને શરતી સ્વરૂપવાળા અને પરિણામે ટૂંક સમયમાં વપરાશલુપ્ત થવાને નિર્માયેલા—આદેશો દ્વારા પ્રતિપાદન કરવાનો ચીલો પડેલો. "અપભ્રંશ" માટે—એટલે કે **મ**હારાષ્ટ્રી સિવાયના ભાષાપ્રકારો જેટલા પ્રમાણમાં ગીતકાવ્યો—(જે **નાગર અપભ્રંશ**માં ખાસ રચાતા)ની ભાષા માટે વપરાતા હતા તેટલા માટે—તે વેળા ખાસ વ્યાકરણો હતાં અને **પ્રાચ્ય** વૈયાકરણોએ તેમનો ઉપયોગ કરેલો એવું આ ગ્રંથકર્ત્રીને પ્રમાણસાધ્ય લાગે છે. છેવટમાં, તે ધારે છે કે **પૈશાચી** એ કથાવાર્તા માટેજ વપરાતી ભાષા હશે. કથાવાર્તાના સાહિત્યે આરંભ(**બૃહત્કથા**!)થીજ પોતાનો વિશિષ્ટ ભાષાભેદ નક્કી કરી લીધેલો: પછીની બધી કૃતિઓ માટે આ આરંભની કૃતિ એક નિદર્શનરૂપ બની રહી અને કોઈએ તે બોલીના નિયમો લખી, **ગીતિ**ઓની અને નાટકપ્રયુક્ત બોલીઓ પરના તે વેળા પ્રચલિત વ્યાકરણોને છેડે વળગાડી દીધા. એ પરંપરા **પ્રાચ્ય** વૈયાકરણો સુધી ઊતરી આવી. આમ **પ્રાચ્ય** વૈયાકરણો, વ્યાકરણોના એ જુદા જુદા સાહિત્યપ્રકારને લગતા ગ્રંથો રચવા માટે ઉપયુક્ત બને તેવા નિયાના, મે બને તેટલા સંપૂર્ણ બનાવેલા સંગ્રહો છે. કોઈ પણ લેખકને તેમાંથી હાલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોરણે **મહારાષ્ટ્રી**માં ગાથા લખવાનું; **મૃચ્છકટિક** કે **શકુન્તલા** જેવા નાટકના **પ્રાકૃત** અંશો લખવાનું; **અપભ્રંશ**માં **પ્રાકૃતપિંગલસૂત્ર** કે **ભવિસત્તકહ** જેવાં પદ્યો કે કાવ્યો રચવાનું; કે **બૃહત્કથા**ની ઢબનાં કથાનકો લખવાનું–જે પ્રકારનું જોઈએ તે પ્રકારનું શિક્ષણ મળી શકે. આથી આ વ્યાકરણોની સામગ્રીનું મૂલ્ય, પ્રાચ્ય **વૈયાકરણો**એ જે વિશિષ્ટ ગ્રંથો પોતાનાં વ્યાકરણો રચતી વખતે નજર સામે રાખેલા તેમના પૂરતું જ છે (**વરરુચિ**એ પોતાનાં સૂત્રો **હાલ** વગેરેને અનુલક્ષીને રચ્યા હોવાનું ઉપર કહ્યું છે તે અહીં સરખાવો); આથી તેમની **શૌરસેની**, તેમની ગણતરીમાંથી બાતલ રહ્યાં હોય તેવાં કેટલાંક નાટકોની **શૌરસેની** જેવી કોઈક બાબતમાં ન હોય તો તે માટે તેઓ દોષપાત્ર ઠરતા નથી. એટલે, **શિષ્ટ સંસ્કૃત**નાં નાટકોના પ્રાકૃતભેદોનો, તેમનામાં અમુક સમાન ધોરણ પ્રમાણેની એકરૂપતા લાવવા માટે સ્વરૂપબદલો કરવાનો સંપાદકોને કેટલો ઓછો હક છે એ વસ્તુ સ્પષ્ટ બને છે.

ચોથા પ્રકરણમાં, **સંક્ષિપ્તસાર**ના કર્તા **ક્રમદીશ્વર**ને લીધો છે. તેના વિશેનું "તે **પશ્ચિમ બંગાળ**નો હોવો જોઈએ અને **હેમચંદ્ર** (૧૦૮૮–૧૧૭૨) અને **બોપદેવ** (૧૩મી સદી) ની વચ્ચે થયો હોવો જોઇએ" એ **ત્સાખારી**એ–(Zachariae)નું વિધાન ખાસ ઉત્સાહ (અનુમોદન) વિના ટાંકવામાં આવ્યું છે. તેના વ્યાકરણના પહેલા સાત અધ્યાયમાં **પાણિનિ**ની **અષ્ટાધ્યાયી**નો સાર આપવામાં આવ્યો છે અને આઠમો પુરવણીનો અધ્યાય પ્રાકૃત ઉપર છે. **જુમરનંદી** (કે **જૂમરનંદી**)—જેના ઉપરથી આ સંપ્રદાય **જૌમર** કહેવાય છે—કૃત **રસવતી** એ આ આખા ગ્રંથ પરની ટીકા છે; એ **રસવતી** ઉપર પણ ટીકા લખાયેલી છે, પણ તે એકથી સાત અધ્યાય ઉપર જ: આનો અર્થ એમ નથી કરવાનો કે **પ્રાકૃત** વિભાગ એ મૂળ **સંક્ષિપ્તસાર**ના ભાગ તરીકે ન હતો. **રાજેન્દ્રલાલ મિત્રે** કર્યું છે તેમ, આપણે **નારાયણ વિદ્યાવિનોદ**ના **પ્રાકૃતપાદ**ને **સંક્ષિપ્તસાર**ની ટીકા ગણવાની નથી. એ તો જેમ **વસંતરાજે** કર્યું છે તેમ **વરરુચિ**ની જ કૃતિનું કરવામાં આવેલું એક સંસ્કરણ છે.

૧૩૩ અને પછીના પૃષ્ઠપર **પ્રાકૃતપાદ**નું પૃથક્કરણ કરી આ હકીકત દર્શાવવામાં આવી છે. સમગ્ર રીતે જોતાં **ક્રમદીશ્વર**ને મહાન વૈયાકરણ ન કહી શકાય; **મુખ્ય પ્રાકૃત** માટે તે **વરરુચિ** પર આધાર રાખે છે; તેમાં ય કેટલીક વાર **વરરુચિ**ના કેટલાંક સૂત્રો અગત્યનાં હોવા છતાં પણ સંક્ષેપપ્રેમને લીધે છોડી દીધાં છે, જ્યારે ઘણીવાર તો નહીં જેવી અગત્યની બાબતો પર નવતર વિચારણા આપી છે. આ ઉમેરાઓ **હેમચંદ્ર**માંથી લીધેલાં નથી. આથી **ત્સાખારી**એ–(Zachariae) એ આપેલો પૂર્વસંધિ તદ્દન અસંગત લાગે છે. બીજા ભાષા–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારોમાં ક્રમદીશ્વરે **અપભ્રંશ**, **શૌરસેની**, **માગધી** અને **પૈશાચી**નું અધ્યયન કર્યું છે; **અર્ધમાગધી**નો તો માત્ર ઉલ્લેખ જ કર્યો છે, અને નાટકપ્રયુક્ત ભાષાભેદો–(જે **ભરતે** ઉલ્લેખ્યા છે તે) નો તે બે ચાર શબ્દોમાં નિકાલ લાવે છે. જે **હેમચંદ્ર** પાસે હતા તેના તે જ મૂલ આધાર ક્રમદીશ્વર પાસે હોય તેમ લાગે છે.

હેમચંદ્ર અને તેનો **સિદ્ધહેમ** ગ્રન્થ એ **પાંચમા પ્રકરણ**નો ચર્ચા–વિષય છે. **જૈન** ધર્મના આ પ્રકાણ્ડ પંડિત માટે ગ્રંથકારને બહુ **સમભાવ નથી**: તેનામાં મુદ્દલ મૌલિકતા નથી એવો અભિપ્રાય તે આરંભમાં જ જણાવી દે છે. આ વિધાનના સમર્થનમાં **પ્રભવચરિત્ર***(૧૩મી સદી)નું ટાંચણ આપવામાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે **હેમચંદ્રે** (પોતાના ગ્રંથમાં) આઠ પ્રાચીન વ્યાકરણોનું સંકલન કર્યું છે. પૃષ્ઠ ૧૫૨ પર એવા દાખલા દેખાડવામાં આવ્યા છે કે જેમાં **હેમચંદ્ર** પોતાના મૂળ આધારને ખોટી રીતે સમજ્યો છે. **મુખ્ય પ્રાકૃત** માટે તેણે સીધો **વરરુચિ**નો જ ઉપયોગ કર્યો છે. અને ૧૫૮ અને પછીનાં પૃષ્ઠ પર બતાવ્યું છે તેમ, **હેમચંદ્ર**ના જે મૂળ આધારો હોય તેમાંથી એક તો **નમિસાધુ**એ **રુદ્રટ**ના **કાવ્યાલઙ્કાર** (૨–૧૧–૧૨) પરની પોતાની ટીકામાં જેનો ઉપયોગ કર્યો છે તે જ છે: **નમિસાધુ**ની એ ટીકા ઈ. સ. ૧૦૬૯ માં—એટલે કે **હેમચંદ્ર**ના જન્મ પહેલાં વીશેક વરસે—લખાઈ હતી. **વરરુચિ** તેમ જ ઉપર્યુક્ત આધાર ઉપરાન્ત, **હેમચંદ્રે** **જૈન** આગમગ્રંથોને પણ ઉપયોગમાં લીધા છે. એમની ભાષાને તે 'આર્ષ' કહે છે. અને તેમની ઘણીય લાક્ષણિકતાઓ પર **મુખ્ય પ્રાકૃત** પરના વિભાગમાં નોંધો આપે છે. આ વિષયમાં તેણે સામાન્ય રીતે દોષ વિનાની ગણી શકાય એવી સામગ્રી આપી છે, પણ આગમેતર ગ્રંથોની **જૈન મહારાષ્ટ્રી** માટે તેણે એટલી ચીવટ નથી દેખાડી. એ ગ્રંથોનો તેને સારી રીતે પરિચય હતો છતાં, પ્રાચીન વ્યાકરણ-કારોની કૃતિઓમાંથી તેને સંકલન કરવાનું હોવાથી, તેમને માટે તેણે બીજી દરકાર ન કરી. માત્ર અહીં–તહીં કેટલીક માહિતી મૂકી છે. આ રીતે તેનું **મુખ્ય પ્રાકૃત** એ ગાથાની અને મહાકાવ્યોની **મહારાષ્ટ્રી**નો અને **જૈન** આગમિક તેમ જ આગમેતર **મહારાષ્ટ્રી**નો ખીચડો છે. આથી તેના વ્યાકરણનો ઉપયોગ કરવો એ સાહસભર્યું છે; કેમ કે ગ્રંથના વધારે વિશાળ જ્ઞાનને લીધે **મહારાષ્ટ્રી**નાં **હેમચંદ્રે** આદેશેલાં સ્વરૂપોને **મહારાષ્ટ્રી**ની જુદી–જુદી જાતવાર વહેંચી નાખવાનું શક્ય બનતું નથી.

***પ્રભાવકચરિત્ર**ને બદલે અવલોકનકારની શરતચૂકથી **પ્રભવચરિત્ર** નામ અપાયું લાગે છે–ભાષાન્તરકાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમચંદ્રની પૈશાચીની બાબતમાં ગ્રંથકર્ત્રી એવું ધારે છે (પૃ. ૧૭૫ અને પછીનાં) કે તેણે આપેલા ખંડકો (extracts) લાકોતે (Lacôte)એ સોમદેવ અને ક્ષેમેન્દ્રના મૂળ આધાર તરીકે તર્કથી સ્વીકારેલા બૃહત્કથાસરિત્સાગરમાંથી લેવામાં આવ્યા છે, જ્યારે માર્કણ્ડેય તેના મૂળ આધારો મારફત ગુણાઢ્યની બૃહત્કથામાંથી ટાંચણ આપે છે. પછીની વાત કરતાં, અપભ્રંશ એ, હેમચંદ્રના પ્રતિપાદન પ્રમાણે, બીજા વ્યાકરણકારોથી અજાણી એવી એકરૂપતા અને સ્થિરતા વાળો એક ભાષાભેદ છે. હેમચંદ્રે ટાંકેલા દોહા અમુક અંશે સત્તસઈની ગાથાઓને મળતા છે અને તેમને મુસ્લિમ આક્રમણના કાળમાં મૂકવા તરફ ગ્રંથકારનું વલણ છે.

ત્રિવિક્રમ અને વાલ્મીકિસૂત્રો એ છઠ્ઠા પ્રકરણનો ચર્ચાવિષય છે. તેમાં ગ્રીયર્સને સ્થાપિત કરેલા (પ્રાકૃત વૈયાકરણોના) "પ્રતીચ્ય સંપ્રદાય"નો પણ સમાવેશ થાય છે. ગ્રંથકર્ત્રીના મતે આ સંપ્રદાયને "દાક્ષિણાત્ય" કહેવો એ વધારે યુક્ત છે. ત્રિવિક્રમનું પ્રાકૃત વ્યાકરણ (૧૦૮૫ શ્લોક કે આર્યાના બનેલા બાર પાદમાં વહેંચેલા ત્રણ અધ્યાય)—તેમજ પ્રાકૃત વ્યાકરણ વૃત્તિ એ સિદ્ધ હેમચંદ્રનો પદ્યમાં ઢાળેલો એક નવો આકારજ છે. તેનો સમય તેરમી સદી હોવો જોઈએ. સોળમી સદીના મધ્યની આસપાસ લક્ષ્મીધરે તેના ઉપર ષડ્ભાષાચન્દ્રિકા નામની ટીકા લખી અને તેના પછી થોડા વખતે (સોળમી સદીના અંતમાં) અપ્પયદીક્ષિતકૃત પ્રાકૃતમણિદીપ એ બીજી ટીકા મળે છે. સિંહરાજનો પ્રાકૃતરૂપાવતાર વધારે પ્રાચીન હોવાની સંભાવના છે અને ગમે તેમ પણ તે અંશતઃ તો ત્રિવિક્રમથી સ્વતંત્ર છેજ. ત્રિવિક્રમ અને સિંહરાજ વચ્ચેનો સંબંધ, તેમજ પરંપરા પ્રમાણે વાલ્મીકિકૃત મનાતાં સૂત્રો ત્રિવિક્રમની કૃતિ છે કે નહિ એ પ્રશ્ન ૧૮૬ અને પછીનાં પાન પર તપાસ્યો છે.—સમયના વહેવા સાથે આ સંપ્રદાયના શબ્દચિન્તામણિકાર શુભચંદ્ર જેવા કેટલાક વ્યાકરણકારો ગૌણપણે હેમચંદ્રનો આશ્રય લેવાનું વલણ દાખવે છે.

હવે ચણ્ડને લગતું છેલ્લું એટલે કે સાતમું પ્રકરણ આવે છે. ચણ્ડના પ્રાકૃતલક્ષણ (મૂળે કદાચ પ્રાકૃતમાં લખેલું: સરખાવો પૃ. ૨૦૮ અને પછીનાં)-ની બાબતમાં હૉર્નલે (Hoernle)ના મત વિરુદ્ધ ગ્રંથકર્ત્રીનો એવો મત છે કે તે ગ્રંથ ધારવામાં આવ્યું છે એટલો પ્રાચીન નથી અને આપણી પાસે તે ત્રુટક રૂપમાં આવેલ છે. વરરુચિએ સૂત્રિત કરેલી ગીતિઓની મહારાષ્ટ્રીમાં ન મળી આવતાં કેટલાંક રૂપો અને નિયમો ચણ્ડ અને હેમચંદ્રમાં સમાનપણે મળે છે: આ વિધાન ઉપરથી આપણે એવું અનુમાન કરી શકીએ કે ચણ્ડ જૈન વ્યાકરણકારોના એક પ્રાચીન સંપ્રદાયની પરંપરા ચાલુ રાખે છે; અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે ચોક્કસાઈથી કહીએ તો તેની કૃતિ એ જૈનોએ ખાસ પોતા માટે રચેલા એક વ્યાકરણ-ગ્રંથનું પ્રતિબિંબિત સ્વરૂપ જ છે. એ વ્યાકરણ ગ્રંથની સામગ્રીનો કેટલોક ભાગ—સંભાવ્યપણે પ્રાકૃતલક્ષણનો પ્રાચીનતમ ગર્ભરૂપ અંશ-હેમચંદ્રે પોતાના વ્યાકરણમાં સમાવ્યો છે અને એમ પણ લાગે છે (જો કે ગ્રંથકારથી આ વાતનું સ્પષ્ટ કથન કરવાની હિંમત નથી દેખાડાતી) કે પ્રાકૃત-લક્ષણનાં સૂત્રો "આર્ષ" ભાષાનું પ્રતિપાદન કરે છે: કંઈ નહિ તો તેની ટીકામાંનાં ઉદાહરણો તો જૈન આગમગ્રંથોમાંથી લેવાયાં છે એ નક્કી. પ્રાકૃતલક્ષણના ઊક્ત ગર્ભરૂપ જૈન અંશને આધારે ગ્રંથકર્ત્રી અંતમાં એવો ઊહ બાંધે છે કે સંભાવ્યપણે, જૈનોએ બ્રાહ્મણપરંપરા સામે પોતાનો વ્યાકરણી સંપ્રદાય ઊભો કરવાનો પ્રયાસ કરેલો; પણ તેઓ આવી વધારે પડતા મહાન આશયવાળી યોજનાને પહોંચી વળી શકયા નહિ: કોઈએ—સંભાવ્યપણે ચણ્ડ પહેલાં કેટલીય સદીએ—સામાન્ય વ્યાકરણી નિયમોને સ્પર્શતી છૂટક આર્યાઓ અને તેમની વચ્ચે રખડતાં સૂત્રોને ભેગાં કર્યાં અને તેમની મારફત ગીતિઓની મહારાષ્ટ્રી, અપભ્રંશ અને પૈશાચીનાં વ્યાકરણોથી સ્વતંત્ર એવું જૈન ગ્રંથોનું વ્યાકરણ રચવાનો પ્રયાસ કર્યો; પણ તે માટેની સાધન-સામગ્રી ન તો સમૃદ્ધ હતી કે ન તો તેની યોગ્ય રીતે વર્ગવહેંચણી કરેલી હતી, એટલે એ પ્રયત્નના પરિણામને "વ્યાકરણ" એવું નામ ન આપી શકાય.

ગ્રંથમાં એકઠી કરેલી હકીકતોના મોટા પૂંજમાંથી ગ્રંથકર્ત્રી પ્રવેશકમાં કેટલાક નિર્ણયો દોરે છે. સૌ પહેલાં તો, લાસેન(Lassen)ના સમયથી વિદ્વાનોમાં પ્રતિષ્ઠિત થયેલા ચાર પૂર્વગ્રહોથી આપણને ચેતતા રહેવાનું કહે છે:-

(૧) મહારાષ્ટ્રી એ પ્રકૃષ્ટં પ્રાકૃતમ્ (દણ્ડી ૧-૩૪) છે, તે બીજી પ્રાકૃતો કરતાં મહારાષ્ટ્રી પ્રાકૃત સંસ્કૃતને વધારે મળતી છે એટલા માટે નહિ (કેમ કે એ માન્યતા ખોટી છે), પણ એટલા જ માટે કે તેનું સાહિત્ય વધારે સમૃદ્ધ છે;

(૨) જેમ જેમ વ્યાકરણકારો વધારે અર્વાચીન તેમ તેમ તેમણે પ્રતિપાદિત કરેલા ભાષાભેદોની સંખ્યા પણ વધારે મોટી—આ સાચું નથી. ઉપલબ્ધ ગ્રંથોમાં વરરુચિની કૃતિને બાદ કરતાં જે પ્રાચીનતમ છે તે નાટ્યશાસ્ત્રને બાકીના વ્યાકરણો કરતાં વધારે સંખ્યામાં ભાષાભેદોની માહિતી છે. સામાન્ય રીતે જે વ્યાકરણો રંગભૂમિને અર્થે હોય છે તેમાં જ વધારે સંખ્યામાં ભાષાભેદો મળે છે; જૈનોમાં પ્રાકૃતને મહારાષ્ટ્રીનું સ્વરૂપ આપી દેવા તરફ વલણ છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) વરરુચિના વ્યાકરણમાં મહારાષ્ટ્રી સિવાયની બોલીઓ માટે માત્ર ગણતર સૂત્રો આપવામાં આવ્યાં છે એ સાચુ નથી. બધી બોલીઓનું મુખ્ય પ્રાકૃતની સાથે આંતરિકપણે પ્રતિપાદન થયેલું જ છે. તે-તે ભાષા માટેનાં ખાસ સૂત્રો માત્ર તેમના મહારાષ્ટ્રી સાથેના તફાવતના મુદ્દાઓ જ રજૂ કરે છે;

(૪) ભારતીય વ્યાકરણકારો સંસ્કૃતને પ્રાકૃતની પ્રકૃતિ કહે છે તેમાં તેમનો દોષ કાઢવો એ ઘટતું નથી; તેમની દૃષ્ટિએ માત્ર પ્રશિષ્ટ સંસ્કૃત એ જ "સંસ્કૃત" નહિ, પણ જેમાં પ્રાકૃત સાથે કેટલીક સમાનતાઓ મળી આવે છે તે વૈદિક ભાષા પણ "સંસ્કૃત" હતી.

પૃષ્ઠ ૪ પર ગ્રંથકર્ત્રી કબૂલ કરે છે કે "મેં દોરેલા કેટલાક સામાન્ય નિર્ણયો એક સ્થળે એકઠા કરવામાં આવ્યા હોત તો વધારે સારું હતું; કેમ કે તેથી ગ્રંથને વધારે સંવાદી ઉઠાવ પ્રાપ્ત થાત; પણ નિર્ણયોને તેમની ઉત્પાદક તર્કસરણીની સાથે જ તેમના મૂળસ્થાને રહેવા દેવાનું મેં પસંદ કર્યું છે." પ્રવેશકમાંથી મળતાં કેટલાંક સૂચનોની મદદથી હું, પ્રાકૃત વ્યાકરણની આખી પરંપરા વિશેના અને તે દ્વારા પ્રતિપાદિત ભાષાઓના સ્વરૂપ વિશેના ગ્રંથકર્ત્રીનાં મંતવ્યોને સમન્વયાત્મક સારરૂપે અહીં રજૂ કરવાનો પ્રયાસ કરીશ.

પ્રાકૃત વ્યાકરણના વિષયમાં આપણને જે કાંઇ મળે છે તે એક મહાન નૌકાના ભગ્નાવશેષો જેવું છે: જે કાંઈ જળવાઈ રહ્યું છે તે કદાચ હંમેશને માટે લુપ્ત થયેલી પ્રાચીનતર પરંપરાઓના પ્રતિબિંબિત સ્વરૂપો માત્ર છે. આમાં વરરુચિ એક અપવાદ છે, પણ તેનાં સૂત્રો એ એક ખરેખરું વ્યાકરણ ન કહી શકાય. તે-તે પરંપરાઓના, જુદાજુદા પ્રાકૃતભેદોનાં વિનિયોગને આધારે જુદાંજુદાં આરંભસ્થાનો આપણે સ્વીકારવાં જોઈએ. એટલે આપણે નીચે પ્રમાણે ભાષાભેદો ગણવી શકીએ :-

[૧] ગીતિઓની (Lyrical) મહારાષ્ટ્રી—વરરુચિનાં સૂત્રો એ હાલની સત્તસઈ જેવા ગાથાસંચયોની ભાષાનું સ્વરૂપવર્ણન—અથવા તો વધારે યોગ્ય રીતે કહીએ તો, તેનું સંસ્કૃતની દૃષ્ટિએ પ્રમાણીકરણ—છે. આ ગીતિઓની મહારાષ્ટ્રી પર મહાકાવ્યોની મહારાષ્ટ્રી અવલંબે છે.

[૨] નાટકપ્રયુક્ત બોલીઓ :-ઉચ્ચારણ માટેના નિયમો, વગેરે. આનો એક નમૂનો નાટ્યશાસ્ત્રના ૧૭મા પ્રકરણમાં સચવાઈ રહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] **ગીતિઓની** (Lyrical) **અપભ્રંશ**:-ગીતપ્રધાન અવાન્તર નાટ્યપ્રયોગો (Lyrical intermezzos)માં તેમ જ દોહામાં પ્રયુક્ત—તેનાં વ્યાકરણો ?

[૪] કથાપ્રયુક્ત **પૈશાચી**:-**ગીતિઓની** અને **નાટકપ્રયુક્ત** બોલીઓનાં પૂર્વપ્રચલિત વ્યાકરણોને છેડે વળગાડવામાં આવેલા નિયમો.

[૫] **જૈન મહારાષ્ટ્રી** (**આર્ષ**) અને આગમેતર લખાણોની ભાષા—નિયમો(આર્યાઓ અને સૂત્રો)નો એક સંગ્રહ. આનું પ્રતિબિંબિત સ્વરૂપ **ચણ્ડના પ્રાકૃતલક્ષણ**માં મળે છે.

આ મૂલ આધારો પર પાછળના સમયનાં સંપ્રદાયો નભે છે:-

[૧], [૨], [૩] અને [૪] પર **પ્રાચ્ય** સંપ્રદાય (જેનો એક પુરોગામી **શાકલ્ય** છે) નિર્ભર છે. આ સંપ્રદાય **માર્કણ્ડેય** માટે એક અગાધ પાણ્ડિત્યપૂર્ણ પ્રાકૃત વ્યાકરણકાર તરીકે અભિમાન લઈ શકે; ક્રમદીશ્વરને માટે પણ એમ જ કહી શકાય. ક્રમદીશ્વર રંગભૂમિ પર પ્રયોજાતી બોલીઓ માટે કદાચ સીધો જ **ભરત**નો ઋણી છે અને અપભ્રંશ [૩] માટે તે **હેમચંદ્રે** જેનો ઉપયોગ કર્યો છે તે જ મૂળ આધારોનો લાભ લે છે.

હેમચંદ્ર [૧], [૨], [૩], [૪] (તેની **પૈશાચી**, **પ્રાચ્ય વૈયાકરણોની પૈશાચી**ની જેમ ગુણાઢ્યની **બૃહત્કથા**નું નહિ પણ **કાશ્મીરી બૃહત્કથાસરિત્સાગર**નું પ્રતિબિંબ પાડે છે.) તેમ જ [૫] પર આધાર રાખે છે: તેની **જૈન** સામગ્રી, જે ગ્રંથ **ચણ્ડના** વ્યાકરણમાં ગર્ભભૂત થયો છે તે ગ્રંથમાંથી જ આવેલી છે. **ત્રિવિક્રમ** અને તેના (**પ્રતીચ્ય**—અથવા તો યોગ્યતર, **દાક્ષિણાત્ય**) સંપ્રદાયે **હેમચંદ્ર**ની કૃતિનો નવો આકાર ઢાળ્યો છે.

આપણી પાસેના ગ્રંથોમાં મૂલ ગ્રંથોના જળવાઈ રહેલા અવશેષો **અને** સ્મારક અંશોને અવલંબીને મૂલ આધારોના સ્વરૂપનું સંભવિત હોય તેટલા પ્રમાણમાં પુનર્ઘટન કરવું એ આધુનિક સંશોધનનું હવે પછીનું કર્તવ્ય છે.

વ્યાકરણકારોએ પ્રતિપાદિત કરેલી **પ્રાકૃતો**ને, આ વિચારણાને પરિણામે હવે કેવી ગણવી ? (ભારતીય પરંપરા મારફત આપણા સુધી ઊતરી આવેલું સાહિત્યકીય પ્રયોગ પ્રમાણેનું વર્ગીકરણ જ મને તો માન્ય છે).

પ્રાચીનતમ ગાથાઓની **ગીતિઓની મહારાષ્ટ્રી** સ્વાભાવિકપણે જ લોકભાષાનું પ્રતિબિંબ પાડતી હતી. પણ થોડા સમયમાં જ એ કાવ્યપ્રકાર વિદ્વદ્વર્ગના હાથે ચઢ્યો અને તેમણે પ્રચલિત બીબાંઓની નકલમાં, અને **સંસ્કૃત** ભાષા અને વ્યાકરણની ચોક્કસ પ્રકારની પ્રબળ અસર નીચે, તે કાવ્યપ્રકારને રાજસભાઓનું અને ખૂબ જ સંસ્કારી ગણાતા વર્ગોનું વિનોદસાધન બનાવી દીધો. તેની ભાષા વધારે ને વધારે એક સાહિત્યકીય ભાષા બનતી ગઈ. તેનાં રૂપો, **સંસ્કૃત** રૂપોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્વનિઓને વરરુચિના જેવા નિયમો મારફત ફેરવીને સહેલાઈથી ઉપજાવી શકાતાં. જો આપણે જૈન મહારાષ્ટ્રીનાં આર્ષ અને આગમેતર લખાણોની મહારાષ્ટ્રી— એ બંને પ્રકારોને ગીતિઓની મહારાષ્ટ્રીથી જુદા રાખવામાં સફળ થઈએ, તો તે પ્રકારોમાંથી આપણને એક જાતનું અશુદ્ધિશોધક ('કરેક્ટીવ', corrective) સાધન મળી આવે છે. ધાર્મિક વ્યવહારમાં વપરાતી ભાષાઓ, એ સામાન્યરીતે લૌકિક બોલીઓની જ થીજી ગયેલી પરંપરાઓ હોય છે, અને તેમાં મૂળનાં રૂપો નિર્જીવ સજ્જડતામાં—પણ સારી એવી ચીવટથી—ઘણી વાર સચવાઈ રહે છે. આવાં રૂપોને વરરુચિની મુખ્ય પ્રાકૃતનાં રૂપો સાથે સરખાવવાથી અને તેમની એકરૂપતા શોધી કાઢવાથી આપણને મૂળની લૌકિક મહારાષ્ટ્રીનાં કેટલાંક લાક્ષણિક બાહ્ય ચિહ્નો પાછાં મળી શકે. ગીતિઓની અપભ્રંશની અને આખ્યાનપ્રયુક્ત પૈશાચીની સ્થિતિમર્યાદાઓ પણ લગભગ ગીતિઓની મહારાષ્ટ્રીની મર્યાદાઓ જેવી છે: માત્ર ગીતિઓની મહારાષ્ટ્રીને છે તેવા ધર્મવ્યવહારની પૂરકરૂપ ભાષા તરફથી મળતા અશુદ્ધિશોધકની તેને ખોટ છે. આવી બોલીઓ વિશે વ્યાકરણકારો અને હાથપ્રતોને આધારે અભિપ્રાય બાંધવો એ, ઈટાલીની કોઈ એક બોલીના મૂળસ્થાનથી જુદા જ પ્રદેશની રંગભૂમિ પર તે બોલીના જાણકાર તરીકે માની લેવામાં આવેલો કોઈ માણસ જે ભાષા વાપરે, તેના ઉપરથી તે બોલી વિશે અભિપ્રાય બાંધવો એના જેવું ગણાય. અવાજના લાક્ષણિક આરોહ–અવરોહ, કેટલાક ધ્વનિઓના ઉચ્ચારણમાં થોડાક જાણીતા ફેરફારો અને થોડાક સ્થાનિક રંગવાળા શબ્દો—આટલું રાષ્ટ્રીય ભાષામાંથી કોઈ પ્રાદેશિક બોલીની સુબોધ નકલ બનાવી કાઢવાના સાધનરૂપ છે; પ્રેક્ષકોના વિનોદ માટે એ પૂરતું છે, પણ પ્રાદેશિક બોલીના ખરા સ્વરૂપનું આવા ખીચડા પરથી અનુમાન કરવા માટે ભાષાશાસ્ત્રીઓને તે તદ્દન જુજવું પડે.

એટલે, "સંસ્કૃત પવિત્ર ભાષા હોઈ શૃંગારી કાવ્યો માટે તેનો ઉપયોગ થઈ શકતો ન હતો એટલે તેવા પ્રકારનાં કાવ્યો રચવા માટે શૃંગારપ્રેમી કવિઓએ ઘડી કાઢેલી કૃત્રિમ ભાષાઓ તે સાહિત્યકીય પ્રાકૃતો" એવો પોતાનાં પ્રાયોગિક સંશોધન–વ્યાખ્યાનો (Habilitation–schrift)માં પીશલે (Pischel) વ્યક્ત કરેલો અભિપ્રાય અમુક અંશમાં તો, ઘણા લોકો ધારે તેટલો ખોટો ન પણ હોય; સાધારણ ભાષાઓ (Common Languages) કેવી રીતે ઉદ્ભવે છે અને વિકસે છે એ વિશેના ભવિષ્યના ગ્રંથોમાં પ્રાકૃતો માટે એક લંબાણવાળું પ્રકરણ આપવું ઘટે છે, અને તે કાર્ય જ્યારે કરવામાં આવશે, ત્યારે તેવા પુસ્તકના લેખકને શ્રીમતી નીતી–દોલ્ચીનું પ્રાકૃત વ્યાકરણકારો (Le Grammairien Prakrits) વારંવાર ઉથલાવવું પડશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમચંદ્રીય અપભ્રંશનું સ્વરૂપ*

અપભ્રંશ સાહિત્યનું પ્રકાશન

ભારતીય ભાષાઓના શાસ્ત્રીય અભ્યાસના આરંભકાળથી જ—એટલે કે ઓગણીસમી સદીના ચોથા ચરણથી જ—પ્રાકૃતોની સાથેસાથ અપભ્રંશનું પણ ભારતીય ભાષાઓના ઇતિહાસની દૃષ્ટિએ કેટલું મહત્ત્વ છે, તે સમજાવા લાગ્યું હતું. ભાંડારકર જેવાએ પોતાના ભારતીય ભાષાઓના અધ્યયનમાં અપભ્રંશને પણ ગણતરીમાં લીધેલી. ટેસીટોરીએ પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીના અભ્યાસમાં અપભ્રંશનો પૂરતો આધાર લીધો છે. આપણે ત્યાં પણ નરસિંહરાવ, દલાલ, મોદી, બહેચરદાસ, શાસ્ત્રી, દવે વગેરેએ ગુજરાતી ભાષાના ઇતિહાસમાં અપભ્રંશને પૂર્વભૂમિકા તરીકે સ્થાન આપેલું છે. છેલ્લાં ત્રીશેક વરસથી અપભ્રંશ સાહિત્યની અનેક કૃતિઓની ભાળ લાગતી જાય છે, અને તેમાંથી કેટલીક અગત્યની અને પુરાણોના વિસ્તારની સ્પર્ધા કરે તેવી કૃતિઓ પ્રસિદ્ધ પણ થઈ છે. અત્યાર સુધી માત્ર વૈયાકરણોના વર્ણનોને, અને અલંકારગ્રંથોમાં કે જૈન કથાસાહિત્યમાં મળતાં છૂટકત્રૂટક ટાંચણોને આધારે જ અપભ્રંશના સ્વરૂપ વિશે અટકળ બાંધવાની રહેતી. તેને સ્થાને હવે સાહિત્યમાં થયેલા અપભ્રંશના પ્રયોગના નમૂનાઓ ગણનાપાત્ર સંખ્યામાં સુલભ થતાં તેમનો પણ ઉપયોગ થઈ શકે તેમ છે. આમ અપભ્રંશનો અભ્યાસ કરવા માટે ઠીકઠીક પ્રમાણમાં સામગ્રી એકઠી થઈ ગઈ છે, અને તેથી અર્વાચીન શાસ્ત્રીય પદ્ધતિએ અપભ્રંશનું વ્યાકરણ તૈયાર કરવાના પ્રયાસોની પણ શરૂઆત થઈ ગઈ છે.

અપભ્રંશ અને માધ્યમિક ભૂમિકા

ભારતીય-આર્ય ભાષાઓના ઇતિહાસમાં અપભ્રંશનું સ્થાન માધ્યમિક ભારતીય-આર્ય ભૂમિકામાં છે, અને વિકાસની દૃષ્ટિએ તે પ્રાકૃતો કરતાં વધારે વિકસિત અને હિંદી, ગુજરાતી વગેરે અર્વાચીન ભારતીય-આર્ય ભાષાઓની પુરોગામી ભૂમિકા રજૂ કરે છે. અપભ્રંશ ધ્વનિતંત્રની કેટલીક લાક્ષણિકતાઓ, જેવી કે वँ<म्, इ કે एँ<ए, उ કે ओ<ओ, ह<स् વગેરે પ્રાકૃત ધ્વનિતંત્રથી એક ડગલું આગળ વધ્યાની સૂચક છે. રૂપતંત્રમાં પણ અનેક પ્રત્યયો પ્રાકૃત રૂપતંત્રની પૃષ્ઠભૂને આધારે જ સમજાવી શકાય તેમ છે. શબ્દભંડોળ નજરમાં લેતાં, દેશ્ય શબ્દો અને પ્રાસરંગી તત્ત્વની વધતી જતી

---

* ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ)ના આશ્રયે ૧૭-૧૨-૫૧ના દિવસે અપાયેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૃદ્ધિ પ્રાકૃતમાં આરંભદશામાં રહેલાં વલણોની જ પ્રગતિ દર્શાવે છે. આમ અપભ્રંશમાં આપણને પ્રાકૃત ભાષાસામગ્રીનું અમુક અંશે વધારે પરિવર્તિત વધારે વિકસિત સ્વરૂપ જોવા મળે છે.

અપભ્રંશ અને અર્વાચીન ભૂમિકા

બીજે પક્ષે, અર્વાચીન ભારતીય–આર્ય ભાષાઓ અને અપભ્રંશ વચ્ચેનો સંબંધ પણ તરત જ ધ્યાન ખેંચે તેવો છે. ગુજરાતી, પશ્ચિમી હિંદી વગેરે ભાષાઓના કેટલાક નામિક અને આખ્યાતિક પ્રત્યયોનું મૂળ આપણને સીધેસીધું અપભ્રંશ પ્રત્યયોમાં મળે છે. અપભ્રંશ પ્રત્યયોના ધ્વનિવિકાસના સીધા ફળ તરીકે અર્વાચીન ભાષાઓના—ખાસ કરીને તેમની આરંભની ભૂમિકાના—પ્રત્યયો બહુ જ સરલતાથી અને સ્વાભાવિકતાથી સમજાવી શકાય છે. વળી સંસ્કૃતનું સમસ્ત ('સીંથેટીક' synthetic) દશામાં રહેલું રૂપતંત્ર ક્રમેક્રમે ઘસાઈ જઈને વ્યસ્ત ('એનેલીટીકલ,' analytical) દશા તરફ આગળ વધવાનું જે પ્રબળ વલણ આપણે અપભ્રંશમાં જોઈ શકીયે છીએ તેનું તેજ વલણ, પણ અમુક અંશે ચરિતાર્થ થઈ જુદી દિશામાં વળતું, આપણે અર્વાચીન ભારતીય–આર્ય ભાષાઓમાં પારખી શકીયે છીએ. મૂળના વિભક્તિપ્રત્યયોના ઘસારાને પરિણામે વિભક્તિઓ વચ્ચે ગરબડ વધતી ગઈ અને અંતે અપભ્રંશમાં બે–ત્રણ વિભક્તિઓ જ સ્વરૂપ તેમ જ કાર્યની દૃષ્ટિએ સ્પષ્ટ વ્યક્તિત્વ જાળવી જીવતી રહી. આના આનુષંગિક ફળ તરીકે વિભક્તિઓની વિશિષ્ટ અર્થ-છાયાઓ વ્યક્ત કરવા માટે અનુગો ('પોસ્ટ–પોઝીશન્‌ઝ,' postpositions) નું મહત્ત્વ અને પ્રચાર વધવા લાગ્યા. આખ્યાતતંત્રમાં પણ ત્રણચાર મુખ્ય કાળો ને અર્થો અવશિષ્ટ રહ્યા. આ જ વલણો આગળ વધતાં અર્વાચીન ભૂમિકા સિદ્ધ કરે છે. તેમાં જૂનું વિભક્તિતંત્ર લુપ્તપ્રાય થઈ ગયું છે અને મોટે ભાગે અંગને પ્રત્યયો લગાડી રૂપ તૈયાર કરવાને બદલે, એક સામાન્ય રૂપ અને વિભક્તિ અર્થો દર્શાવવા અનેક અનુગો, એવી વ્યવસ્થા અસ્તિત્વમાં આવી છે. આખ્યાતના વિષયમાં પણ અપભ્રંશને માર્ગે વિકાસ થયેલો છે, તેમ કેટલાંક નવતર વલણો પણ પ્રત્યક્ષ થયાં છે, જેને પરિણામે સહાયક ક્રિયાપદો અને આખ્યાતિક સમાસોનો ઉપયોગ કરતું નવું આખ્યાતતંત્ર અસ્તિત્વમાં આવ્યું છે. શબ્દ-ભંડોળના વિષયમાં પણ અનેકાનેક દેશ્ય અને અજ્ઞાત મૂળના શબ્દોની, તથા પ્રાસરંગી અને રવાનુકારી તત્ત્વની પ્રચંડ ભરતી અપભ્રંશમાં રહેલા વલણનું ઉત્કટ સ્વરૂપ જ છે. છેવટમાં રૂઢોક્તિઓ, વિચાર વ્યક્ત કરવાની વિશિષ્ટ ઢબ, વાક્યોનો ચોક્કસ ઢાળો વગેરે સૂક્ષ્મ—પણ કોઈ પણ ભાષાના વ્યક્તિત્વના પ્રાણરૂપ—એવાં તત્ત્વોની બાબતમાં પણ અર્વાચીન ભાષાઓને અપભ્રંશનો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીધો વારસો મળ્યો છે. આ બધી દૃષ્ટિએ અર્વાચીન ભાષાઓનો અપભ્રંશ સાથે ઘનિષ્ઠ સંબંધ હોવાનું જોઈ શકાય છે, અને તેમના અભ્યાસ માટે અપભ્રંશનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

અપભ્રંશ અને ગુજરાતી

અને આ વાત ગુજરાતી, રાજસ્થાની, ને પશ્ચિમી હિંદી જેવી ભાષાઓને તો વિશેષે કરીને લાગુ પડે છે. બીજી અર્વાચીન ભારતીય ભાષાઓ કરતાં તેમને અપભ્રંશ સાથે ઘણું વધારે લાગેવળગે છે. અને ભાષાની વાત જ શું કામ? પ્રાચીન ગુજરાતી ને હિંદી સાહિત્ય પણ સારી રીતે સમજવા માટે અપભ્રંશ સાહિત્યનો અભ્યાસ આવશ્યક છે. આપણા પ્રાચીન છંદો, કાવ્યરીતિ અને સાહિત્યસ્વરૂપનાં મૂળ અપભ્રંશ સાહિત્યમાં છે. અપભ્રંશ રાસાબંધ કાવ્ય અને સંધિબંધ મહાકાવ્ય આપણા પ્રાચીન રાસાઓ અને આખ્યાન જેવાં સાહિત્યસ્વરૂપોનાં પૂર્વજ છે. એટલે ખાસ કરીને ગુજરાતી, રાજસ્થાની અને હિંદી માટે તો અપભ્રંશ ભાષા તેમ જ સાહિત્ય અભ્યાસની અણમોલ સામગ્રી પૂરી પાડે છે.

ગુજરાતીને લાગેવળગે છે ત્યા સુધી અપભ્રંશનું એક બીજી દૃષ્ટિએ પણ ખૂબ જ મહત્ત્વ છે. ગુજરાતી, રાજસ્થાની ને હિંદીનો અપભ્રંશ સાથે ઘનિષ્ઠ સંબંધ હોવાનું મેં ઉપર કહ્યું. પણ આપણા કેટલાક વિદ્વાનો તો એથી આગળ વધીને એમ માને છે કે અપભ્રંશ એ બીજું કશું નહીં પણ પ્રાચીન ગુજરાતીનું પૂર્વરૂપ જ છે. બીજા શબ્દોમાં કહીયે તો અમુક અપભ્રંશભેદ પોતે જ સમય જતાં પ્રાચીન ગુજરાતી રૂપે પરિણમ્યો કે પ્રાચીન ગુજરાતીનો જનક બન્યો. કે. હ. ધ્રુવ દસમા–અગિયારમા શતકની ગુજરાતની ભાષાને પ્રાચીન ગુજરાતી ઉપરાંત વિકલ્પે અપભ્રંશ નામ આપવાના મતના છે. તેમના મતનો આશરો લઈને કે. કા. શાસ્ત્રી છઠ્ઠી સદીથી ચૌદમી સદીની ગુજરાતની ભાષાને પ્રાચીન ગુજરાતી ઉપરાંત વિકલ્પે ગૌર્જર અપભ્રંશ નામે ઓળખાવે છે. તેઓ હેમચંદ્રના અપભ્રંશ સૂત્રોમાં જેનું પ્રતિપાદન થયું છે તે આ ગૌર્જર અપભ્રંશ જ હોવાનું માને છે અને એ જ ભાષા રૂપાંતર પામતી પામતી ચૌદમી સદીમાં મધ્યકાલીન ગુજરાતી બની હોવાનું કહે છે. નરસિંહરાવ પણ અપભ્રંશ (દસમી સદી સુધી)ને અને પછી ગૌર્જર અપભ્રંશ(આગિઆરમીથી ચૌદમી સદી સુધી)–ને, પંદરમી સદીથી શરૂ થતી જૂની ગુજરાતીના પૂર્વજ ગણે છે. આમ અ. સૌ વિદ્વાનો અપભ્રંશ અને ગુજરાતી વચ્ચે જેવા તેવા નહીં પણ જન્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનકનો સીધો સંબંધ હોવાનું માને છે. આ મતનું ઔચિત્ય આપણે આગળ ઉપર તપાસીશું. પણ એ ઉપરથી ગુજરાતી પૂરતું **અપભ્રંશનું** મહત્ત્વ કેટલું છે તે સમજાશે.

હેમચંદ્રનાં અપભ્રંશ સૂત્રો

આ **અપભ્રંશના** અભ્યાસ માટે—તેનું સ્વરૂપ સ્પષ્ટ રૂપે અને વિગતથી સમજવા માટે જે સાધનો ઉપલબ્ધ છે, તેમાં **હેમચંદ્રના** વ્યાકરણના **પ્રાકૃત** વિભાગમાં આપવામાં આવેલી સામગ્રી ઘણું ઊંચું સ્થાન ધરાવે છે. **રામશર્મન્**, **માર્કંડેય**, **ત્રિવિક્રમ**, **લક્ષ્મીધર** વગેરે **પ્રાકૃત** વૈયાકરણોએ **અપભ્રંશ** વિશે વધતીઓછી માહિતી આપેલી છે. પણ કાં તો તેઓ અર્વાચીન અને **હેમચંદ્રના** ઉપજીવી છે, અથવા તો તેમની માહિતી ટૂંકી ને અવ્યવસ્થિત છે. એટલે પ્રાચીનતાની દૃષ્ટિએ તેમ જ વિસ્તાર અને વ્યવસ્થાની દૃષ્ટિએ એ બધામાં **હેમચંદ્ર** અગ્રસ્થાને છે. ઉપરાંત, **અપભ્રંશ**-સૂત્રો પરની સ્વોપજ્ઞ વૃત્તિમાં **હેમચંદ્રે** સૂત્રોના સમર્થનરૂપે પુષ્કળ **અપભ્રંશ** ઉદાહરણો આપેલાં છે, જેનાથી **હેમચંદ્રની** સામગ્રી પર પ્રમાણભૂત હોવાની મહોરછાપ લાગે છે. એટલે **અપભ્રંશનું** સ્વરૂપ વગેરે સમજવા માટે **હેમચંદ્રનાં** **અપભ્રંશસૂત્રો** એક પ્રમુખ અને વિશ્વસનીય સાધન બની રહે છે.

હેમચંદ્રીય અપભ્રંશનું બાહ્ય સ્વરૂપ : તેની મર્યાદા

અહીં સુધીમાં, ગુજરાતીના અભ્યાસ માટે **અપભ્રંશની** અગત્ય, અને વિશેષ તો **હેમચંદ્રીય** **અપભ્રંશની** અગત્ય આપણે જોઈ. હવે આપણે **હેમચંદ્રીય** **અપભ્રંશનું** સ્વરૂપ અને તેની વિશેષતાઓ તપાસીયે. આરંભમાં આપણે **હેમચંદ્રના** **અપભ્રંશ**-સૂત્રોના બાહ્ય સ્વરૂપ ઉપર નજર નાખી લઈએ. બાહ્ય સ્વરૂપ એટલે કે તેમનું સ્થાન, વિસ્તાર, વિષય-વિભાગ અને પદ્ધતિ. **હેમચંદ્રે** આપેલું **અપભ્રંશનું** વ્યાકરણ એક સ્વતંત્ર પુસ્તક રૂપે નથી. તે તો તેના **સિદ્ધહેમ શબ્દાનુશાસન** નામના વ્યાકરણ-ગ્રંથનો એક વિભાગ છે. **સિદ્ધહેમના** પહેલા સાત અધ્યાયો **સંસ્કૃત** વ્યાકરણને લગતા છે. આઠમો અધ્યાય **પ્રાકૃતોનું** પ્રતિપાદન કરે છે. તેમાં પહેલા ત્રણ પાદ અને ચોથા પાદનાં પહેલાં ૩૨૮ સૂત્રોમાં સામાન્ય **પ્રાકૃત**, **શૌરસેની**, **માગધી**, **પૈશાચી** અને **ચૂલિકા પૈશાચીની** ચર્ચા છે. છેવટનો અંશ—એટલે ૩૨૯થી ૪૪૬ એમ કુલ ૧૧૮ સૂત્રો—**અપભ્રંશ** વિશે માહિતી આપે છે. **વરરુચિથી** લઈને **માર્કંડેય** સુધીના બધાયે **પ્રાકૃત** વૈયાકરણો **પ્રાકૃતોને** અન્યનિરપેક્ષ, સ્વતંત્ર દૃષ્ટિએ જોતા નથી. પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવતી હોય એ રીતે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ ભાષાનું પ્રતિપાદન કરવાની દૃષ્ટિ જ આધુનિક છે. **સંસ્કૃત**, ધાર્મિક અને શિષ્ટમાન્ય સાહિત્ય ને વ્યવહારની ભાષા હોવાથી તેનો ભાષા-દૃષ્ટિએ અભ્યાસ થયો. **પ્રાકૃતોનો** સાહિત્યમાં વપરાશ હતો ખરો, પણ તે મર્યાદિત ક્ષેત્રમાં અને **સંસ્કૃતની** તુલનામાં તો તેઓનું સ્થાન સારી રીતે નીચું, એટલે તેમના અભ્યાસનું મહત્ત્વ પણ ઓછું. એટલે કે **પ્રાકૃતોનો** અભ્યાસ સ્વતંત્ર ભાષા તરીકે નહીં, **સંસ્કૃત** જેટલી નિષ્ઠાથી પણ નહીં, પણ **સંસ્કૃત** જાણનાર સાહિત્યપ્રિય સંસ્કારી શિષ્ટવર્ગને, **પ્રાકૃતમાં** સાહિત્યરચના કરવી હોય તો તેમણે **સંસ્કૃતમાં** શા શા ફેરફાર કરવા, જેથી **સંસ્કૃત** ઉપરથી **પ્રાકૃત** બનાવી શકાય, મુખ્યત્વે એ દૃષ્ટિએ **પ્રાકૃત** વ્યાકરણનિયમોની રચના કરવામાં આવતી. બીજા શબ્દોમાં કહીએ તો **સંસ્કૃતને** પ્રકૃતિ માની, તેનાં ઉચ્ચારણોમાં, વ્યાકરણતંત્રમાં તેમ જ શબ્દભંડોળમાં થયેલા વિકાર રૂપે જ **પ્રાકૃતો** જોવામાં આવતી અને **પ્રાકૃત** વ્યાકરણોમાં આવા વિકારોની જે નોંધ આપવામાં આવી છે, તે સૂક્ષ્મ પૃથક્કરણ દ્વારા મળતી વિગતોની વ્યવસ્થિત ગોઠવણી કરીને, કે ભાષાનું સ્વરૂપ અને હાર્દ સમજવાના આશયથી નહીં, પણ તરત નજરે ચડે તેવા પચીશપચાસ વિકારો ને ભેદક લક્ષણોની એક નોંધપોથી રજૂ કરવાના આશયથી આપવામાં આવી છે. આ પરંપરાગત પદ્ધતિને અનુસરીને હેમચંદ્રે પણ **સંસ્કૃતમાંથી** જુદા જુદા **પ્રાકૃતભેદો** કેમ બનાવવા તેના નિયમો આપી, અંતે, તે નિયમો ઉપરાંત જે કેટલાક વિશિષ્ટ નિયમો લાગુ પાડવાથી **અપભ્રંશ** સિદ્ધ થાય છે, તેની નોંધ આપી છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે હેમચંદ્રના **અપભ્રંશ**-સૂત્રોમાં—અથવા તો બીજા કોઈ પણ **પ્રાકૃત** વ્યાકરણકારના વૃત્તાંતમાં—શાસ્ત્રીય ધોરણ પ્રમાણેનું સૂક્ષ્મદર્શી વ્યાકરણ નહીં, પણ થોડીક, તરતજ નજરે ચડે તેવી લાક્ષણિકતાઓની ઉપરટપકેની નોંધજ મળે.

તેનો વિષય વિભાગ

વિષયનું પૃથક્કરણ કરતાં હેમચંદ્રે આપેલાં **અપભ્રંશના** ૧૧૯ સૂત્રો નીચે પ્રમાણે વહેંચી શકાય :

સ્વરવ્યંજનોના વિકાર કે ધ્વનિપ્રક્રિયા—સૂત્ર ૩૨૯, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૧૦, ૪૧૧, ૪૧૨.

નામિક રૂપાખ્યાન—સૂત્ર ૩૩૦ થી ૩૫૪.

સાર્વનામિક રૂપાખ્યાન—સૂત્ર ૩૫૫ થી ૩૮૧.

આખ્યાતિક રૂપાખ્યાન—સૂત્ર ૩૮૨ થી ૩૮૯, ૪૩૮ થી ૪૪૨.

ધાત્વાદેશો કે આખ્યાતિક અંગો—સૂત્ર ૩૯૦ થી ૩૯૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીલિંગ અંગોનું ઘડતર—સૂત્ર ૪૦૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩.

અવ્યય ને નિપાત—સૂત્ર ૪૦૧, ૪૦૪, ૪૦૫, ૪૦૬, ૪૧૪ થી ૪૨૦, ૪૨૩, ૪૨૮, ૪૩૬, ૪૪૪.

ઇતર શબ્દોના આદેશો—સૂત્ર ૪૦૨, ૪૦૩, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૩, ૪૨૧, ૪૨૨, ૪૩૫.

શબ્દ-ઘડતર—સૂત્ર ૪૨૯, ૪૩૦, ૪૩૪, ૪૩૭, ૪૪૩.

લિંગ—સૂત્ર ૪૪૫.

સામાન્ય સ્વરૂપ—સૂત્ર ૪૪૬.

અપભ્રંશ-સૂત્રોના આ પૃથક્કરણથી મેં પહેલાં જે કહ્યું તેનું સમર્થન થતું જોઈ શકાશે. **પ્રાકૃતો**થી જે જે બાબતમાં **અપભ્રંશ** જુદી પડતી હોવાનું તરત જ નજરે ચડી આવે તેવી બાબતોની **હેમચંદ્રે** કાંઈક વ્યવસ્થિત યાદી બનાવીને આપણને આપી છે.

ઉદાહરણો

હેમચંદ્રે આપેલા અપભ્રંશના વૃત્તાંતમાં **સૂત્રો** ઉપરાંત, તેમના સમર્થન માટે વૃત્તિમાં ટાંકેલાં **અપભ્રંશ** ઉદાહરણો ખાસ અગત્ય ધરાવે છે. નાનામોટાં કુલ ૧૭૯ **અપભ્રંશ** પદ્યાત્મક ટાંચણો આ રીતે આપેલાં છે. માટે ભાગે એક આખો શ્લોક તો ક્વચિત એક કે અર્ધી પંક્તિ મળે છે. **આલ્સડૉર્ફ** (Alsdorf)-ના પૃથક્કરણ પ્રમાણે તેમાં ૧૪૧ પૂર્ણ દોહા, ૪ દોહાના અર્ધ કે પાદ, અને શેષ જુદા જુદા ૧૭ છંદોમાં ૨૫ પૂર્ણ અને ૧૦ અપૂર્ણ શ્લોકો મળે છે. આમાંથી ઘણાંખરાં ઉદાહરણ **હેમચંદ્રે** ઉપલબ્ધ **અપભ્રંશ** સાહિત્યમાંથી કે પૂર્વરચિત વ્યાકરણગ્રંથોમાંથી એકઠાં કર્યાં હોવાનું ઘણું સંભવિત જણાય છે. **ગોવિંદ** નામના **અપભ્રંશ** કવિની કૃતિમાંથી એક ઉદાહરણ લેવાયું હોવાનું તો પુરવાર પણ થઈ શકે તેમ છે. માત્ર ચાર છ સ્થળે આપેલાં ઉદાહરણોનું કૃત્રિમ સ્વરૂપ આપણને તરત જ કહી આપે છે કે એ સાચાં—એટલે કે કોઈ સાહિત્યકૃતિમાંથી વીણેલાં—નથી, પણ અમુક વ્યાકરણી વિશિષ્ટતાનાં દૃષ્ટાંત લેખે આપવાના ખાસ હેતુથી જ **હેમચંદ્રે**—અથવા તો કોઈ તેના પુરોગામી વૈયાકરણે ઘડી કાઢેલાં છે. આગળ ઉપર એ સ્પષ્ટ થશે કે ઉદાહરણોની ભાષા એકધારી નથી. કેટલાંકના **અપભ્રંશ** પર પ્રાચીનતાની સ્પષ્ટ છાપ છે, જ્યારે બીજાં કેટલાંકની ભાષામાં અર્વાચીનતાનાં અસંદિગ્ધ લક્ષણો વ્યક્ત થાય છે. વિષયની વિવિધતા, અનાયાસસિદ્ધ લાગતા અલંકારો, ભાવોની ઉત્કટતા અને તેમની સરળ છતાં સદ્યોવેધક અભિવ્યક્તિ અને ઊંડી અનુભૂતિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણકાર—આ બધા ગુણોને કારણે **હેમચંદ્રનાં અપભ્રંશ** ઉદાહરણો એક તાજગી અને ઉષ્માથી ધબકતા સાહિત્યની ફોરમ પ્રસરાવે છે. ઉદાહરણોને લક્ષમાં લેતાં **હેમચંદ્રીય અપભ્રંશ**નો અભ્યાસ વિશેષ રસપ્રદ બને છે.

હેમચંદ્રીય અપભ્રંશની લાક્ષણિકતાઓ : અભિપ્રેત એકરૂપતા

આટલા પ્રાસ્તાવિક વક્તવ્ય બાદ હવે આપણે **હેમચંદ્રીય અપભ્રંશ**ની લાક્ષણિકતાઓ તપાસીયે. કઈ કઈ બાબતો છે કે જે **હેમચંદ્ર**ના અપભ્રંશમાં વિશેષરૂપે જોવા મળે છે—જે **હેમચંદ્રીય અપભ્રંશ**ને અન્ય **અપભ્રંશો**થી જુદો પાડે છે? આપણું લક્ષ સર્વપ્રથમ ખેંચે તેવી વિશિષ્ટતા એ છે કે **હેમચંદ્રે અપભ્રંશ** એકરૂપ હોય તેવી રીતે તેનું પ્રતિપાદન કર્યું છે. તેણે ક્યાંય અપભ્રંશના વિવિધ ભેદોનો ઉલ્લેખ સરખોયે નથી કર્યો. **હેમચંદ્ર**ની પૂર્વના તેમ જ પછીના આલંકારિકો અને વૈયાકરણો **અપભ્રંશ**ના અનેક ભેદો હોવાનું કહી ગયા છે. છઠ્ઠી સદીનો **દંડી અપભ્રંશ**ની એવી વ્યાખ્યા આપે છે કે **આભીર** વગેરેની બોલીઓનું શિષ્ટ સ્વરૂપ તે **અપભ્રંશ**. **દંડી**ને **અપભ્રંશ**ની અનેકતા ઉદ્દિષ્ટ હોય એવો ધ્વનિ આમાંથી નીકળે છે. આ પછી નવમી સદીનો **રુદ્રટ** તો સ્પષ્ટ વિધાન કરે છે કે દેશવિશેષ પ્રમાણે **અપભ્રંશ**ના પણ અનેક ભેદ છે. અગિયારમી સદીનો **નમિસાધુ રુદ્રટ**ના ઉપર્યુક્ત વિધાનનું વિવરણ કરતાં એક એવા પ્રાચીન મતનો ઉલ્લેખ કરે છે, જેને **અપભ્રંશ**નાં અનેક નહીં પણ ઉપનાગર, **આભીર** અને **ગ્રામ્ય** એવા ત્રણ જ ભેદો માન્ય છે. **હેમચંદ્ર** પછીના **માર્કણ્ડેય** વગેરે વ્યાકરણકારોએ પણ **અપભ્રંશ**ના અનેક પ્રકારો ગણાવ્યા છે. આ સૌના વિરોધમાં હેમચંદ્રે પોતાન. વ્યાકરણમાં અપભ્રંશની અનેકતા વિશે કશું પણ કહ્યું નથી. તેની દૃષ્ટિએ તો **અપભ્રંશ** સ્થૂળમાને એકરૂપતા ધરાવતી, **સંસ્કૃત** અને ધોરણસરની (કે **પ્રકૃષ્ટ**) **પ્રાકૃત**ના જેવી એક સાહિત્યભાષા હતી એમ જણાય છે. તેણે જેમ **શૌરસેની**, **માગધી**, **પૈશાચી** વગેરે **પ્રાકૃત**ભેદોની અને તેમનાં વ્યાવર્તક લક્ષણોની સ્પષ્ટપણે નોંધ લીધી છે, તેવી રીતે **અપભ્રંશ**ના પ્રકારો વિશે કશો સંકેત કર્યો નથી. **કાવ્યાનુશાસન**માં તેણે એક સ્થળે ગ્રામ્ય **અપભ્રંશ**નો નિર્દેશ કર્યો છે ખરો; પણ તે તો શિષ્ટ સાહિત્યભાષાના અશુદ્ધ કે ભેળસેળિયા રૂપને ઉદ્દેશીને હોય એમ તરત સમજી શકાય છે. એટલે **હેમચંદ્ર**ને **અપભ્રંશ** નામ નીચે સ્થૂળમાને એકરૂપતા ધરાવતી—ધ્યાન ખેંચે તેવા બોલીભેદો વિનાની એક પ્રતિષ્ઠિત સાહિત્યભાષા જ અભિપ્રેત હતી એમ લાગે છે.

વસ્તુત: બોલીભેદોનું મિશ્રણ

પણ **અપભ્રંશ** વિશેની **હેમચંદ્ર**ની આ દૃષ્ટિ હોવા છતાં, આપણને **હેમચંદ્રીય અપભ્રંશ**માં એકરૂપતા દેખાય છે ખરી? **હેમચંદ્ર**નાં ઉદાહરણોની ભાષામાં એક જ બોલીનાં લક્ષણો મળે છે કે તેમાં ભિન્નભિન્ન મૂળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાસામગ્રીનું મિશ્રણ છે? આ પ્રશ્નની તપાસ આપણને જુદા જ નિર્ણય પર લઈ જાય છે. હેમચંદ્રીય અપભ્રંશને વ્યવહાર પૂરતું જ એકરૂપતા ધરાવતું ગણી શકાય. બાકી જેવો શાસ્ત્રીય પૃથક્કરણનો સૂક્ષ્મ અને અને વેધક પ્રકાશ તેના પર પડે છે કે તરત જ તેમાં રહેલાં, સંભવતઃ ભિન્નભિન્ન દેશકાળનાં હોય તેવાં વિવિધ તત્ત્વોનો શંભુમેળો સ્પષ્ટ તરી આવે છે. પહેલાં આપણે હેમચંદ્રીય અપભ્રંશની ધ્વનિપ્રક્રિયા તપાસીયે.

ધ્વનિપ્રક્રિયાની લાક્ષણિકતાઓ

(૧) સામાન્ય નિયમ તરીકે મૂળનો ऋકાર પ્રાકૃતમાં બને છે તેમ अ, इ, उ કે रि એમ પરિવર્તિત થાય છે, પણ હેમચંદ્રીય અપભ્રંશમાં બધાં મળીને ૧૧ સ્થળે તેને જાળવી રાખતા શબ્દો મળે છે—तृणु, सुकृदु, घृण વગેરે. અને ૩૯૪મું સૂત્ર અપભ્રંશમાં મૂળના √ग्रह‌નો √गृण्ह આદેશ વપરાતો હોવાનું વિધાન કરે છે. આ गृण्हમાં પણ ऋકાર છે, અને સામાન્ય રીતે તો અપભ્રંશમાં √गेण्ह, ને √गह જ પ્રચલિત છે.

(૨) માહારાષ્ટ્રીમાં ञ् છૂટો વપરાતો નથી. પાલિ અને પૈશાચીમાં–ज्ञ–ને બદલે ञ्ञ મળે છે. સામાન્યતઃ અપભ્રંશમાં છૂટો ञ् અજાણ્યો છે. પણ ૩૯૨મું સૂત્ર અપભ્રંશમાં √व्रज् 'જવું'નો √वुञ આદેશ થતો હોવાનું કહે છે, અને તેનાં ઉદાહરણ લેખે वुञइ, वुञेप्पि અને वुञेप्पिणु એ રૂપો નોંધે છે. સાધારણ વપરાશમાં √व्रज्‌ને ઠેકાણે √वच्च છે.

(૩) ૩૯૭મું સૂત્ર સ્વર–મધ્યગત –म्–ને પૂર્વવત્ જાળવી રાખવાનું અને તેને અનુનાસિક वँ ઉચ્ચારવાનું એમ બંને વલણો અપભ્રંશમાં હોવાનું નોંધે છે. એક જ બોલીમાં म्‌નું આવું દ્વિવિધ ઉચ્ચારણ સામાન્ય રીતે સંભવિત નથી.

(૪) ૩૯૬મા સૂત્ર પ્રમાણે મૂળના સ્વર–મધ્યગત क्, ख्, त्, थ्, प, फ्‌નું બે રીતે પરિવર્તન થાય છે. કેટલીક વાર તેમનો ઘોષભાવ થતાં ग्, घ्, द, ध, ब्, भ्, થાય છે, તો કેટલીક વાર તેમનો યથાપ્રાપ્ત 'ह्' કે લોપ થાય છે. અન્ય ઉદાહરણોમાં પણ સામાન્ય નિયમ લેખે સ્વર–મધ્યગત क्, त् વગેરે જેવા સ્પર્શોનો યથાપ્રાપ્ત લોપ કે ह् થાય છે, પણ क्षयकालेનું खयगालि (૩૭૭), गतःનું गदो (૩૭૯, ૩૮૦) વગેરેમાં ઘોષભાવનું વલણ દેખાય છે. અને ૪૪૬મું સૂત્ર સ્પષ્ટ કરે છે કે અપભ્રંશ ધ્વનિતંત્રમાં કોઈ વાર શૌરસેનીને મળતું એટલે કે ઘોષભાવનું લક્ષણ જોવા મળે છે. એક જ બોલીમાં આવી રીતનાં બે ભિન્નભિન્ન ઉચ્ચારણો ન હોય તેથી આમાં જુદા જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય કે સ્થળની બોલીઓના વાણાતાણા વણાયા હોવાનું અનુમાન આપણે કરી શકીયે.

(૫) એ જ પ્રમાણે ૩૯૮ મું સૂત્ર અપભ્રંશમાં ઉત્તરાવયવ તરીકે રકાર હોય તેવા સંયુક્ત વ્યંજનોમાં વિકલ્પે રકાર જળવાઈ રહેતો હોવાની હકીકત નોંધે છે, અને ૩૯૯ મું સૂત્ર મૂળમાં ન હોય ત્યારે પણ કેટલીક વાર અપભ્રંશમાં રકારનો ઉત્તરાવયવ તરીકે પ્રક્ષેપ થતો હોવાનું જણાવે છે. હવે સામાન્ય રીતે પ્રાકૃતમાં તેમ જ અપભ્રંશમાં સંયુક્ત વ્યંજનોના સારૂપ્યના નિયમને અનુસરીને ઉત્તર રકાર પૂર્વરૂપ બની જાય છે. પણ કોઈ કોઈ પ્રાકૃત શબ્દોમાં અને વધારે વ્યાપક રૂપે અપભ્રંશમાં આવો રકાર જાળવી રાખવાનું વલણ દેખાય છે. અન્ય ઉદાહરણોમાં પણ, રકારનું સારૂપ્ય સધાયું છે તેવા શબ્દોની સાથોસાથ રકારને જાળવી રાખતા હોય તેવા શબ્દો પણ સંખ્યાબંધ મળે છે. રકારનું આ દ્વિવિધ ઉચ્ચારણ પણ બોલીભેદનું સૂચક હોય.

(૬) સામાન્ય નિયમ તરીકે હેમચંદ્રીય અપભ્રંશમાં મૂળના સંયુક્ત વ્યંજન સારૂપ્ય પામીને, પણ સંયુક્ત રૂપે કે બેવડા જળવાઈ રહે છે. પણ अनु, कटारइ, कटरें, बप्पीकी, नवखी વગેરે પાંચસાત સ્થળે તે એકવડો થઈ ગયો છે. આ હકીકત પણ પ્રાંતીય અસર વ્યક્ત કરે છે.

રૂપપ્રક્રિયાની લાક્ષણિકતાઓ

ધ્વનિપ્રક્રિયાને છોડી વ્યાકરણ લઈએ તો તેમાંથી પણ હેમચંદ્રીય અપભ્રંશમાં ભિન્નભિન્ન બોલીઓનું મિશ્રણ હોવાનું—એટલે કે હેમચંદ્રનાં ઉદાહરણો ભિન્ન ભિન્ન સ્થળ અને સમયનાં હોવાનું પુરવાર થાય છે. અકારાંત પુંલ્લિંગ નામોના પ્રથમા એકવચનમાં अउ–અંતી તેમ જ आ–અન્તી રૂપ (જેમ કે ढोल्लउ અને ढोल्ला), વર્તમાનકાળમાં પહેલા પુરુષ એકવચનના मि અને उँ, બીજા પુરુષ એકવચનના सि ને हि, ત્રીજા પુરુષ બહુવચનના अन्ति ને अइँ એમ બેવડા પ્રત્યયો, આજ્ઞાર્થમાં एँ, इ, उ, हि, सु એમ એક સાથે પાંચ પ્રત્યયો, તેવી જ રીતે સંબંધક ભૂતકૃદન્તના एप्पिणु, एवि, एविणु, इ, इउ, इवि, अवि એમ આઠ પ્રત્યયો ને તેટલા જ હેત્વર્થ કૃદન્તના પ્રત્યયો : આ બધું કોઈ એકરૂપતા ધરાવતી બોલીનો નહીં પણ અનેક બોલીઓનો ખ્યાલ આપે છે.

કેટલાંક અસામાન્ય રૂપો

હેમચંદ્રીય અપભ્રંશનાં જે લક્ષણો પરથી આપણે તેમાં બોલીભેદો હોવાનું અનુમાન તારવ્યું, તે લક્ષણોમાંનાં કેટલાંક એ અપભ્રંશની એક બીજી વિશિષ્ટતા રજૂ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમચંદ્રે પોતે તારવેલાં લક્ષણોને ઉદાહૃત કરતાં ટાંચણો આપ્યાં છે ખરાં. પણ આપણને હવે કેટલુંક અપભ્રંશ સાહિત્ય ઉપલબ્ધ થયું છે—ને તેમાં કેટલાંક તો હજારો શ્લોકોના વિસ્તારવાળાં પૌરાણિક મહાકાવ્યો છે—એટલે સ્વાભાવિક રીતે જ હેમચંદ્રે નોંધેલી લાક્ષણિકતાઓનું પ્રકાશમાં આવેલા અપભ્રંશ સાહિત્યમાંથી સમર્થન થવાની આશા આપણે રાખીએ. પણ આપણી એ આશા બહુ ફલિત થતી નથી. હેમચંદ્રે નોંધેલાં કેટલાંક વિશિષ્ટ અપભ્રંશ રૂપો સાહિત્યમાં ક્યાંયે મળતાં નથી. ध्रुं (यद्–), त्रं, √वुञ–(व्रज्–), द्रेंहि (दृष्टि–), पग्गिम्व (प्रायः), –ख्– ▷ –घ्, –थ्– ▷–ध्–, –प्– ▷–ब्–, –फ्– ▷–भ्– એ ધ્વનિવિકારવાળા શબ્દો વગેરે અપભ્રંશમાં હોવાનું, હેમચંદ્ર કહે છે એ ઉપરથી જ આપણે માનવાનું રહ્યું. ત્રિવિક્રમ વગેરે બીજા વૈયાકરણોએ પણ આવાં અથવા તો બીજાં કેટલાંક વિચિત્ર લાગતા અપભ્રંશ શબ્દો ને રૂપો નોંધ્યાં છે, જેમને માટે આપણી પાસેના અપભ્રંશ સાહિત્યમાંથી કશો આધાર મળતો નથી. એ ખરું કે આપણને મળેલું અપભ્રંશ સાહિત્ય ઘણું મર્યાદિત છે, અને વિશેષ સાહિત્ય બહાર આવતાં કદાચ આ અસામાન્ય લાગતી સામગ્રીનું સમર્થન પણ મળી રહે. હેમચંદ્રે નોંધેલું तुध्र એક બે કૃતિઓમાં तुद्धु રૂપે આપણને મળે છે. મહાપુરાણની એક પ્રતમાં ઉત્તર રકાર જાળવતા, પુષ્કળ શબ્દો મળે છે. કવચિત્ –रि– ને સ્થાને ऋકાર પણ મળે છે. એટલે પૂરતું સાહિત્ય આપણને ન મળે ત્યાંસુધી પ્રાકૃત વૈયાકરણોએ નોંધેલાં અસામાન્ય અપભ્રંશ રૂપો કે શબ્દોને આપણે કૃત્રિમ ન કહી શકીએ. પણ એ ઉપરથી એટલું તો જોઇ શકાય કે આવી સામગ્રી વ્યાપક અપભ્રંશમાં વપરાતી નહીં હોય. તે માત્ર વિશિષ્ટ પ્રાંતીય ભેદ પૂરતી જ મર્યાદિત હશે.

અર્વાચીનતાનો પાસ

હેમચંદ્રીય અપભ્રંશનાં વિભિન્ન લક્ષણો પરથી એક ત્રીજી વિશિષ્ટતા પણ તારવી શકાય છે. તેમાં ધ્વનિવિકાસની અને વ્યાકરણના દૃષ્ટિએ પ્રાચીન અને અર્વાચીન એમ બંને કક્ષાની સામગ્રી મળી આવે છે. બીજા શબ્દોમાં કહીયે તો હેમચંદ્રે આપેલી અપભ્રંશ–સામગ્રી ધ્વનિવિકાસની ને વ્યાકરણી વિકાસની ભિન્ન ભિન્ન કક્ષા રજૂ કરે છે. સ્પર્શોના લોપ કે ह્કારને બદલે ઘોષભાવ, एँ, ओँ, ऋકાર ને ઉત્તર रકારની જાળવણી, વગેરે પ્રાચીનતાનાં લક્ષણો છે, જ્યારે एँ ને સ્થાને इ, ओँ ने સ્થાને उ, ऋકાર અને રકારનું સારૂપ્ય, મૂળના સંયુક્ત વ્યજનોનું એકવડા બનવું, અકારાંત અંગોના પુંલ્લિંગ પ્રથમા એકવચનમાં °આ–અંતી રૂપ, इ, ल् વગેરે સ્વાર્થિક પ્રત્યયોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચુરતા વગેરે અર્વાચીન વલણોનાં સૂચક છે. કેટલાક હેમચંદ્રીય દોહાઓનું વિકસિત સ્વરૂપ પણ આ નિર્ણયનું સમર્થક છે.

હેમચન્દ્રના મૃત્યુ પછી બાર જ વરસે **પ્રાચીન ગુજરાતીની** આપણને મળતી જૂનામાં જૂની કૃતિ **ભરતેશ્વર–બાહુબલિ–રાસ**ની રચના થઈ છે.[1] એ જોતાં હેમચંદ્રના સમયમાં જ નિત્યના વ્યવહારમાં વપરાતી ભાષા અર્વાચીન ભૂમિકાની, એટલે કે **અર્વાચીન ભારતીય–આર્ય** લક્ષણો ધરાવતી થઈ ચૂકી હશે એમાં શંકા નથી. હેમચંદ્રીય **અપભ્રંશ** તેનાથી સાવ મુક્ત રહ્યો હોય તે બનવાજોગ નથી, કારણ તેનું સ્વરૂપ સંચયલક્ષી હોવાથી—**અપભ્રંશ** સાહિત્યની પ્રાચીન તેમ અર્વાચીન શિષ્ટ ગણાતી કૃતિઓને આધારે તેમ જ પૂર્વરચિત વ્યાકરણોને આધારે હેમચંદ્રે પોતાના વ્યાકરણની રચના કરી હોવાથી, તત્કાલીન ભાષાની છાયાવાળી સામગ્રીને પણ તેના વ્યાકરણમાં સ્થાન મળ્યું હોવાનું પૂરતું સંભવિત છે, અને ત્રણ બાબત એવી છે કે જેને આધારે હેમચંદ્રીય **અપભ્રંશ** અસંપ્રજ્ઞાતપણે અર્વાચીન લક્ષણોથી પ્રભાવિત થયો હોવાનું ચોક્કસ ઠરાવી શકાય. સંયુક્ત વ્યંજનોનો **ઋજુભાવ**—પૂર્વસ્વરના દીર્ઘત્વ સાથે કે તે વિના—એ અર્વાચીન ભૂમિકાનું એક આગવું લક્ષણ છે, અને હેમચંદ્રીય **અપભ્રંશ**માં बप्पीक्की (૩૯૫), जेवडु–तेवडु (૪૦૭–૪૦૮), नवखी (૪૨૦), लेखडउ (૪૨૨), कटाइ (૪૪૫), कटरोँ (૩૫૦), अनु (૪૧૫) વગેરેમાં આ વલણ સ્પષ્ટ જોઈ શકાય છે. છંદનું સમર્થન હોવાથી આમાંનાં ઘણાંખરાં સ્થળોએ પાઠ શુદ્ધ હોવાની પણ ખાતરી છે.

બીજું, પ્રાકૃત ભૂમિકાના અનુસ્વારવાળા વર્તમાન કૃદન્તો (करन्तो, करन्तउ)ને સ્થાને ગુજરાતી વગેરે અર્વાચીન ભૂમિકાની ભાષાઓમાં નિરનુસ્વાર રૂપ (करतो) મળે છે. આની વચ્ચેની કડી હેમચંદ્રીય **અપભ્રંશ**માં મળે છે. करँतु (૩૮૮) એ અનુસ્વારને બદલે અનુનાસિકવાળું રૂપ करन्तउ ને करतो ને સાંકળે છે.

ત્રીજું, વિસ્તારિત અકારાંત અંગોનું પ્રથમા એકવચન **ખડી બોલી** જેવી પશ્ચિમી હિંદી જૂથની ભાષાઓમાં અને ગુજરાતીમાં જુદુંજુદું છે. હિંદીમાં તે आ–કારાંત છે (घोडा), ગુજરાતીમાં ओ–કારાંત (घोडो) છે. આ ભેદનાં પ્રાથમિક ચિહ્નો આપણને હેમચંદ્રીય **અપભ્રંશ**માં મળે છે. તેમાં અકારાંત

---

[1] હમણાં જ વજ્રસેનસૂરિ–કૃત ભરતેશ્વર–બાહુબલિ–ઘોર નામક કૃતિ શ્રી. ભંવરલાલ નાહટાએ પ્રગટ કરી છે (શોધ–પત્રિકા, માર્ચ, ૧૯૫૨, ૧૪૧–૧૪૭) એ ૧૧૬૯ લગભગની રચના હોઈ, **ભરતેશ્વર–બાહુબલિ–રાસ**ની પુરોગામી ઠરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના પુંલ્લિંગ પ્રથમા એકવચનમાં ઢોલ્લુ—ઢોલ્લઉ તેમ જ ઢોલ્લા એમ બંને પ્રકારનાં રૂપો મળે છે.

હેમચંદ્રની દૃષ્ટિ

અહીં પ્રશ્ન થશે કે હેમચંદ્રીય **અપભ્રંશ**માં ભિન્નભિન્ન પ્રકારોમાંથી કેટલાકનાં લક્ષણોની આવી રીતે નોંધ મળે છે, તો પછી હેમચંદ્રે સ્પષ્ટપણે **અપભ્રંશ**ના અનેક ભેદો હોવાનું કેમ નથી કહ્યું? આનો ઉત્તર આપવો કઠિન નથી. સાહિત્યદ્વારા જ ગુજરાતીનો જેને પરિચય હોય તેને ગુજરાતી એક ધોરણસરની નિશ્ચિત સ્વરૂપવાળી ભાષા તરીકે જ દેખાશે. કોઇ કોઈ લેખકે ક્વચિત પ્રાંતિક બોલીના શબ્દો કે પ્રયોગો સાહિત્યિક ગુજરાતીમાં વાપર્યા હોય તો પણ તેથી સાહિત્યિક ગુજરાતી એકરૂપ હોવાના આપણા ખ્યાલમાં કશો ફેર પડતો નથી. તે જ પ્રમાણે હેમચંદ્ર, આગળ થઈ ગયેલા **પ્રાકૃત** વૈયાકરણોને અનુસરીને **અપભ્રંશ**ને સાહિત્યરચના માટે શિષ્ટોએ માન્ય કરેલી, **સંસ્કૃત** ને **પ્રાકૃત**ના જેવી એક ભાષા તરીકે જ જુવે છે. માત્ર વિશાળ પ્રદેશ પર સદીઓ સુધી પ્રચલિત એવી એક સાહિત્યભાષા હોવાને કારણે **અપભ્રંશ**ની કોઈકોઈ કૃતિમાં, સ્વીકૃત ધોરણથી જુદાં પડતાં રૂપો, પ્રયોગો વગેરેનું જે પ્રાંતીય તત્ત્વ દેખાય છે તેની હેમચંદ્ર વિશિષ્ટ નોંધ લે છે. કોઈ વિભાગપ્રિય અભ્યાસી અથવા તો પૃથક્કરણની અર્વાચીન દૃષ્ટિએ જોનાર આવી પ્રાંતીયતાની છાંટને આધારે **અપભ્રંશ**ની અનેકતા સ્થાપી શકે; પણ હેમચંદ્રના સમયની વ્યક્તિને તો એ **અપભ્રંશ** **સંસ્કૃત** અને **પ્રાકૃત**ની જેવી એકરૂપતાવાળી ભાષા જ દેખાશે.

હેમચંદ્રીય અપભ્રંશનું નામકરણ

હેમચંદ્રીય અપભ્રંશના લક્ષણોની તપાસને અંતે આપણી પાસે એ સવાલ ખડો થાય છે કે હેમચંદ્રનો **અપભ્રંશ** તે કયો **અપભ્રંશ**? વિદ્વાનોમાં આ વિષયમાં એકમત નથી. સૂત્ર ૩૨૯ પરની વૃત્તિમાં હેમચંદ્ર કહે છે કે **અપભ્રંશ**માં સામાન્ય **પ્રાકૃત** અને **શૌરસેની** બંનેની અસર આવે છે. વળી ૪૪૬મા સૂત્રમાં જણાવ્યું છે કે **અપભ્રંશ**માં ઘણીવાર **શૌરસેની** જેવી પ્રક્રિયાઓ પણ જોવા મળે છે. ૩૯૬મા સૂત્ર પરથી પણ અમુક અંશે એ જ ફલિત થાય છે, તો બીજાં કેટલાંક સૂત્રોનાં ઉદાહરણોમાં પ્રયુક્ત વિશિષ્ટ **અપભ્રંશ** રૂપો આ વાતના સમર્થનમાં ટાંકી શકાય તેમ છે. આ બધી સામગ્રીને અવલંબીને **પીશલ**, **ગ્રીયર્સન** વગેરે વિદ્વાનો તેને **શૌરસેન** **અપભ્રંશ** ગણે છે. એ વિદ્વાનોનું સામાન્ય :રૂપે **અપભ્રંશ**ના સ્વરૂપ વિશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એવું મંતવ્ય છે કે **અપભ્રંશ** એ **અર્વાચીન ભારતીય** ભાષાઓ અને **પ્રાકૃતો**ને જોડતી બોલચાલની ભાષાઓની સંક્રમણ–ભૂમિકાનું નામ હતું, અને જેટલા **પ્રાકૃતભેદો** હતા તેટલા જ **અપભ્રંશભેદો** પણ હતા.

બીજે પક્ષે, ગુર્જરો માત્ર પોતાના જ **અપભ્રંશથી સંતુષ્ટ** થતા હોવાનું **ભોજદેવ** કહે છે તે પરથી અને **માર્કંડેયે** ગણાવેલા સત્તાવીશ સૂક્ષ્મ **અપભ્રંશ**-ભેદોમાં **ગૌર્જરી** નામે એક પ્રકાર છે તે ઉપરથી કે. કા. **શાસ્ત્રી ગૌર્જર અપભ્રંશ** નામે વિશિષ્ટ **અપભ્રંશના** અસ્તિત્વનું અનુમાન કરે છે અને **હેમચંદ્ર** ગુર્જર દેશના તથા તેમના ઉદાહરણોની ભાષા ઘરગથુ અને લોકભોગ્ય, માટે તેમણે જે **અપભ્રંશનું** પ્રતિપાદન કર્યું છે તે તેમના જ દેશનો—એટલે કે **ગૌર્જર અપભ્રંશ** છે, એવો મત બાંધે છે.

પણ આપણે જોયું તેમ **હેમચંદ્રની દૃષ્ટિ, અપભ્રંશનું** એક શિષ્ટમાન્ય સાહિત્યની સામાન્યપણે વપરાતી ભાષા તરીકે પ્રતિપાદન કરવાની છે. અને **અપભ્રંશ** સાહિત્યમાં પ્રતિષ્ઠિત થયો તે પછી કોઈ છ સાત સદી બાદ **હેમચંદ્ર** થયો હોવાથી, વિસ્તૃત પ્રદેશ પર લાંબા સમય સુધી વપરાતી રહેલી એક સાહિત્યભાષા તરીકે **અપભ્રંશ**માં જે ફેરફારો થયા હોય—જે અનેક ભિન્નભિન્ન રૂપો ને પ્રયોગો જુદાજુદા શિષ્ટ સાહિત્યકારોમાં મળતાં હોય, તે બધાંનો સમાવેશ કરવાનો અને એમ બને તેટલો સર્વગ્રાહી ગ્રંથ તૈયાર કરવાનો **હેમચંદ્રનો** આગ્રહ રહ્યો હોય તે સમજી શકાય તેમ છે. એટલે પોતાના **અપભ્રંશના** પ્રતિપાદનમાં **હેમચંદ્રે** પૂર્વ વૈયાકરણોને માન્ય હોય તેવી ઉપરાંત, પાછળથી પ્રચલિત થઇ હોય તેવી કેટલીક પ્રાંતિક લાક્ષણિકતાઓની પણ નોંધ લીધી જણાય છે. વળી **હેમચંદ્રે** કોઈ આધુનિક ભાષાઅભ્યાસીની જેમ પોતાના પ્રાંતમાં પ્રચલિત ભાષાનું નિરીક્ષણ કરી તેનું વ્યાકરણ રચવાનો, અથવા તો ઉપલબ્ધ સાહિત્ય પરથી તેની ભાષાનું વ્યાકરણ બાંધવાનો પ્રયાસ કર્યો હોય એમ માનવું એ વધારે પડતું છે. એ વલણ જ અર્વાચીન—પશ્ચિમની અસર નીચે ઉદ્ભવેલું છે. ઊલટું એવા ઉલ્લેખો મળે છે કે પૂર્વનાં આઠ જેટલાં વ્યાકરણો ભેગાં કરી તેને આધારે **હેમચંદ્રે સિદ્ધહેમ**ની રચના કરેલી. એટલે વ્યાકરણકારોએ પોતાના વ્યાકરણોમાં, સાહિત્યમાં સામાન્યપણે વપરાતા જે **અપભ્રંશનું** પ્રતિપાદન કરેલું તેને જ **હેમચંદ્રે** પોતાના વ્યાકરણમાં વધારે વ્યવસ્થિત, વ્યાપક અને અદ્યતન રૂપે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. આ મુખ્ય ધોરણસરનો શિષ્ટમાન્ય **અપભ્રંશ નાગર અપભ્રંશ** તરીકે જાણીતો હતો. એટલે **યાકોબી હેમચંદ્રના અપ**-**ભ્રંશને નાગર અપભ્રંશ** તરીકે ઓળખાવે છે તે ઉચિત જ છે. એને **શૌરસેન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ગૌર્જર નહીં પણ કાંઈક પાછળના સમયના, સંચયલક્ષી, **નાગર અપભ્રંશ** તરીકે ઓળખવો જોઈએ: પુષ્પદંત વગેરેના **અપભ્રંશ** અને હેમચંદ્રના **અપભ્રંશ**નો ભેદ સમયના ગાળાને અને વ્યાકરણના સંચયલક્ષી છતાં સંક્ષિપ્ત સ્વરૂપને આધારે સમઝાવી શકાય અને તેજ રીતે હેમચંદ્રીય **અપભ્રંશ** અને માર્કંડેયના **નાગર અપભ્રંશ** વચ્ચેના ભેદ માટે તે બંને વચ્ચેનું સમયનું અંતર જવાબદાર ગણી શકાય.

હેમચંદ્રીય અપભ્રંશ વિશેનું મારું ટૂંકું વક્તવ્ય અહીં પૂરું થાય છે. ગુજરાતીનાં ઉદ્ગમ અને ઘડતરના અભ્યાસ માટેના એક પ્રાચીનતમ સાધન તરીકે હેમચંદ્રીય **અપભ્રંશ**નો પૂરતા ઊંડાણથી અભ્યાસ કરાય એ ગુજરાતી ભાષાશાસ્ત્રની તાત્કાલિક પૂરવી ઘટે તેવી અપેક્ષા છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી

અપભ્રંશ અને **અર્વાચીન ઉત્તર ભારતીય** ભાષાઓ વચ્ચેનો સંબંધ વિશિષ્ટ પ્રકારનો હતો એટલે તેનાં પરિણામ પણ વિશિષ્ટ પ્રકારનાં આવેલાં છે. સામાન્ય રીતે કોઈ ભાષાના વિકાસવ્યાપારમાં નવી ભૂમિકા સંપૂર્ણપણે સધાઈ રહે અને પછી અનુકૂળ ઐતિહાસિક બળનો ટેકો મળે ત્યારે જ તે નવી ભૂમિકામાં સાહિત્યરચના આરંભાય છે, અને પરિણામે જૂની ભૂમિકાના સાહિત્ય તેમ જ ભાષા અને નવી ભૂમિકાના સાહિત્ય તેમ જ ભાષા વચ્ચે સારું અંતર પડી જતું હોય છે. પણ અપભ્રંશ એ એક રીતે તે સમયની બોલચાલની ભાષાનું 'પ્રાકૃતીકૃત' સ્વરૂપ હોવાથી તેમાં ચાલુ બોલીના કેટલાયે શબ્દો ને રૂઢિપ્રયોગો સ્થાન પામ્યા છે. અને તેથી, આગળ જતાં બોલચાલની ભાષામાં પણ જ્યારે સાહિત્યરચના થવા લાગે છે ત્યારે આપણને એના એ જ શબ્દો ને રૂઢિપ્રયોગો વપરાયેલા જોવા મળે છે, અને ભાષા અને સાહિત્યની પરંપરા ખાસ ખંડિત થઈ હોય એવું લાગતું નથી. આ વસ્તુસ્થિતિનું એક શુભ ફળ એ કે **અપભ્રંશ** સાહિત્યમાં કે પ્રાચીન સાહિત્યમાં વપરાયેલા શબ્દોના **સ્વરૂપનિર્ણયમાં** એ બે ભૂમિકાઓ પરસ્પરની પૂરક બની શકે છે. આ ઘટનાનાં દ્યોતક થોડાંક ઉદાહરણો :

૧. आलु સાથે √झंख.

પ્રાકૃતવ્યાકરણમાં ૪/૩૭૯ મા સૂત્રના ઉદાહરણ તરીકે **હેમચંદ્રે** આ દુહો આપ્યો છે :—

महु कन्तहों बे दोसडा, हेल्लि **म झंखहि** आलु।
देन्तहों हउँ पर उव्वरिअ, जुज्झन्तहों करवालु॥

અહીં दोग्धकवृत्तिमां બીજા પાદનો આવો અર્થ ઘટાવેલો છે : हे सखि, अनर्थकं मा जल्प. એટલે आल સાથે √झंख 'વ્યર્થ બોલવું' 'નિરર્થક કહેવું' એ અર્થમાં પ્રચલિત જણાય છે.

ઉપલબ્ધમાં પ્રાચીનતમ કૃતિ '**ભરતેશ્વરબાહુબલિરાસ**' * (૧૧૮૫) ની ૧૦૫ મી કડી આ પ્રમાણે છે :

जइ भरहेसर–केरा पूत, अवर जि अम्ह सहोयर दूत।
ते मनि मान मेल्हइं कीमइं, **आल ई(अ)याण म झंषिसि ईम्हइ** ॥

* ઉલ્લેખો જિનવિજયજીની આવૃત્તિ પ્રમાણે. પંડિત લાલચંદવાળી આવૃત્તિ મારી પાસે ન હોવાથી તેના ઉલ્લેખ નથી આપી શક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ચોથા ચરણમાં એ √झंख સાથે आल નો પ્રયોગ થયેલો છે. 'હુ અજાણ, એમ નિરર્થક–વ્યર્થ (ચાલુ લઢણમાં કહીએ તો 'નાખી દેવાની') વાત ન કર' એવો અર્થ અહીં થાય. તેજ પ્રમાણે બીજી બે કૃતિઓમાં આ જ પ્રયોગ મળે છે :

मिलिउ सखी राजल पभणंति, चिणय जेम न मिरिय खज्जंति।
अउगी अच्छी **सखि झंखि मन आल**, तपु दोहिल्लउँ तउँ सुकुमाल ॥

(**ને**મિનાથચતુષ્પદિકા–૧૩ મી સદીનો અંત; ૩૬ મી કડી.)

आलिहि अलीउ म झंषिसि किमइ, जे जिनु वयणु हियइ तू गमइ।

(**મા**તૃકાચઉપઈ–૧૩ મી સદીનો અંત; ૧૨ મી કડી પૂર્વાર્ધ)

અહીં અનુક્રમે 'હે સખી, નિરર્થક વાત ન કર' અને 'નિરર્થક વાતમાં અસત્ય મા બોલજે' એ અર્થ લાગે છે. નીચેના ટાંચણમાં बोलीउ સાથે आल વપરાયો છે :

ए साचउ कइ बोलिउ आल
Is this true, or did you speak in joke,
(ટેસીટોરી : જૂ. પ. રા. વ્યાકરણનું ટિપ્પણ, ૬ ૧૦૮)

૨. तुडि સાથે √चड

ધનપાલની भविसत्तकहમાં तुडि ત્રણ વાર આવે છે, એક વાર √चड સાથે અને બે વાર તે વિના :

तुडिहिँ **चडिवि** जइ तं किर किज्जइ
वयणु वि नउ करालु जंपिज्जइ (૩/૬/૪)
जो चप्पिउ ज्रेण, तासु तेण सह कवण **तुडि** (૧૫/૮/૯)
वुत्तु दुवक्केण तुज्झ वि मज्झु वि **तुडि** किज्जइ (૧૭/૬/૧૧)

યાકોબી અને ગુણે तुडिનો અર્થ 'કલહ, તકરાર' લે છે. વધારે ચોક્કસ રીતે 'વાદ કરવો, બરોબરી—ચડસાચડસી કરવી' એવો અર્થ तुडि સાથે √चडનો લેતાં બધાં સંદર્ભમાં ઘટે છે.

આ. નવમી સદીના **સ્વ**યંભૂકૃત **પ**ઉમચરિઉમાં પણ આ રૂઢ પ્રયોગ મળે છે,

कण्णा दाणु कहिं तणउ, जइ ण दिण्णु तो तुडिहिँ चडावइ (૬–૩–૯)

'કન્યા કોઈકને દાનમાં ન દઈ દીધી હોય તો તે પ્રતિસ્પર્ધા કરાવે છે.'

સુપ્રભદેવકૃત **વૈ**રાગ્યસાર[1]માં પણ આ પ્રયોગ બે વાર થયો છે :

---

૧. વેલણકર સંપાદિત, જર્નલ્ ઓવ ધ ભાંડારકર ઓરીએંટલ રીસર્ચ ઇંસ્ટીટ્યુટ, ૯, ૧૯૨૮, પૃ. ૨૭૨–૨૮૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जेत्तिउ **तुडि चडि** धावइ दामहुं (કડી ૬૮)

'ચડસાચડસી કરી પૈસા માટે માણસ જેટલો દોડે છે (તેટલો ગુણ અને ધર્મ માટે દોડતો હોય તો–)

सुप्पउ(हु) तुडि चडि लज्झ(ब्भ)इ तित्तिउ (કડી ૭૦)

'હે સુપ્રભ, સ્પર્ધા કરતાં પણ તેટલું જ મળે છે (જેટલું અન્ય ભવે દીધું હોય)

પ્રાચીન ગુજરાતીમાં આ પ્રયોગ પણ ઊતરી આવ્યો છે :

जीवंता विहि सहु संपाडइ, जु **तुडि चडिसि** तु चडिउ पवाडइ.

(ભરતેશ્વરબાહુબલિરાસ, ૧૧૦ મી કડી પૂર્વાર્ધ)

ते परि कांइ गमार वीसार, जु **तुडि चडिसि** तु जाणिसि सार

(ભરતેશ્વરબાહુબલિરાસ, ૧૧૬ મી કડી પૂર્વાર્ધ)

सोरठीयउ सेवइ, **तुडि** न करइं देवइं।

(પૃથ્વીચંદ્રચરિત્ર, પા. ૯૬, પંક્તિ ૧૧)

આ ત્રણે સ્થળે—'પ્રતિસ્પર્ધા' અર્થ ઘટે છે.

३. बंबालिउं

રેવંતગિરિરાસુના ચોથા કડવાની પહેલી પંક્તિ આ પ્રમાણે છે :

गिरी–गरुया–सिहरि चडेवि अंबजंबाहिं **बंबालिउं** ए

રેવંતગિરિરાસુના બીજા કડવકની ૪ થી કડીની પહેલી પંક્તિમાં પણ આ જ શબ્દ વપરાયો જણાય છે.

जलद-जाल-**वबाले** नीझरणि रमाउलु

અહીં वबाल ને બદલે वँबाल હોય. આ वँबाल કે बंबाल (बंबालिउ) નું મૂળસ્વરૂપ *वम्माल, वमाल છે. वमाल દેશ્ય છે; અપભ્રંશમાં સામાન્યપણે વપરાયો છે. તેનો અર્થ 'કોલાહલ, કલકલ' અથવા 'રાશિ, ઢગલો' થાય છે અને આખ્યાત તરીકે 'એકઠું કરવું, વિસ્તારવું' એવા અર્થ હેમચંદ્રે નોંધેલા છે. वमालना म् નો અપભ્રંશમાં वँ થાય. સ્વયંભૂકૃત હરિવંશપુરાણ (અપ્રસિદ્ધ)માં એ સ્વરૂપ સાચે જ મળે છે :

रण-रसिएं किय-कलकलेण वज्जिय-पडु-पडह-**वँवालें**

(હરિવંશપુરાણ, સંધિ ૧૧, કડ° ૯ ઘત્તા પૂર્વાર્ધ) અહીં वँवालनो અર્થ 'કોલાહલ' છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમચંદ્રના છંદોઽનુશાસનના ૬ ઠ્ઠા અધ્યાયના ૩૫ મા ('કેતકીકુસુમ' છંદના) ઉદાહરણમાં बिंबालिउ મળે છે તે વમાલિયનું જ રૂપાંતર જણાય છે:

बिंबालिउ भुवणु, णव-केयइ-कुसुम-पराइण

પર્યાયકાર बिंबालिउ નો અર્થ व्याप्तम् કરે છે. ઉપર આપેલાં પ્રાચીન ગુજરાતી ટાંચણોમાં વઁબાલ કે વબાલ નો અર્થ 'સમૂહ' ને વંબાલિઉનો અર્થ 'વ્યાપ્ત' '°આકુળ' એવો લઈ શકાય. એટલે તેમનો અર્થ અનુક્રમે આમ થશે:

'ગરવા પર્વતના શિખર પર ચડીને, આંબા અને જાંબુથી વ્યાપ્ત';
'વાદળોની ઘટાઓના સમૂહ તથા ઝરણાંથી સમૃદ્ધ.'

૪. अखूटइ સાથે √ मर

ભરતેશ્વરબાહુબલિરાસની ૧૧૦ મી પંક્તિનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે:

गिरिकंदरि अरि छपिउ न छूटइ, तुं बाहूबलि **मरि म अखूटइ**

એજ શબ્દો ફરી ૧૩૦ મી પંક્તિના ઉત્તરાર્ધમાં વપરાયા છે:

जइ गिरिकंदरि विचरि वीर पइसंतु न छूटइ
जइ थलि जंगलि जाइ किम्हइ तु **मरइ अषूटइ** ॥

૬૧ મી પંક્તિનો ઉત્તરાર્ધ અહીં અધ્યાહૃત રહેલો શબ્દ પૂરો પાડે છે:

आज **अखूटउ काल**, षूटउ रहि रहि इम भणइ ए.

એટલે પહેલાં ટાંકેલી પંક્તિનો અર્થ આમ થશે:

'શત્રુ ગિરિકંદરમાં છુપાયો હોય તો પણ ન છૂટે—ન છટકે, હે બાહુબલિ, તું (કાળ) ખૂટ્યા પહેલાં—અકાળે ન મર.' આજ પ્રયોગ પાછળના સાહિત્યમાં ચાલુ છે અને તે 'અપૂરે કાળે' વગેરે શબ્દોથી પણ વ્યક્ત થયેલો છે. ઠેઠ હેમચંદ્રનાં અપભ્રંશ ઉદાહરણોમાં अपूरइ कालि (૪,૪૨૨-૧૪) વપરાયું છે, અને ચાલુ વ્યવહારમાં 'વણખૂટયે બિચારા કૈંક મરી ગયા' એવું સંભળાય છે. આ પ્રયોગ અપભ્રંશમાંયે જાણીતો છે. પુષ્પદંતના મહાપુરાણની સંધિ ૧૯, કડવક ૭, પંક્તિ ૧૦નો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે:

तो पणवहु **जइ कालु ण खुट्टइ**

આ પર ટિપ્પણ: कालु आयुः. એટલે અર્થ થશે: 'જો આયુષ્ય ન ખૂટી ગયું હોય તો નમી જા'.

ધનપાલની ભવિસત્તકહ (૧૪, ૧૧, ૮ પૂર્વાર્ધ)માં પણ આવો જ પ્રયોગ મળે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जेत्थु अऊरइ कालि मरिज्जइ
'જ્યાં આયુષ પૂરું થયા પહેલાં મરણ આવે છે.'

મહાપુરાણુ સંધિ ૮૧, કડવક ૫, પંક્તિ ૧૦ ઉત્તરાર્ધ પણ આવું જ એક ઉદાહરણ પૂરું પાડે છે:

मा मरउ अपुण्णइ कालि
'અધૂરા આયુષે મર મા'.

૧૨મી સદીની પ્રાકૃત નર્મદાસુન્દરીકથા(અપ્રસિદ્ધ)માં પણ આ પ્રયોગ મળે છે:

सच्चो जणप्पवाओ मरइ न अखुट्टे जीव(?वि)ए कोइ
"જીવિત ખૂટ્યા વિના કોઈ ન મરે એ જનપ્રવાદ સાચો છે."

૫. પ્રત્યયરહિત ષષ્ઠી

હેમચંદ્ર (૪,૩૪૫) જણાવે છે કે અપભ્રંશમાં ક્વચિત્ ષષ્ઠીનો પ્રત્યય લોપાય છે. એટલે કે ખાલી પ્રત્યય વિનાનું અંગ ષષ્ઠીના સંબંધનું વાચક કેટલીક વાર બને છે. પણ અત્યાર સુધીમાં પ્રસિદ્ધ અપભ્રંશ સાહિત્યમાંથી આવા પ્રયોગનાં પ્રામાણિક ઉદાહરણો નથી મળતાં. હેમચંદ્રે આપેલાં ઉદાહરણોયે બીજી રીતે સમજાવી શકાય તેવાં છે. ઉત્તરકાલીન અપભ્રંશ અને ડિંગલ સાહિત્યમાં પ્રત્યય વિનાની ષષ્ઠીનાં ચોક્કસ ઉદાહરણો મળે છે. અબ્દલ રહમાનકૃત સંદેશરાસકમાં અને વેલિ ક્રીસન-રુકમણિ-રીમાંથી કેટલાક આવા શબ્દો ટાંકી શકાય. આ પ્રયોગ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં પણ પ્રચલિત હતો કે કેમ તે જોવાનું રહે છે. આમાં એટલી ચોક્કસઈ રાખવી જરૂરી છે કે આપણે જે ઉદાહરણો નિષ્પ્રત્યય ષષ્ઠીનાં ગણાવીએ તે નિઃશંકપણે તેવાં હોવાં જોઈએ—એટલે કે બીજી કોઈ રીતે તેમને ઘટાવવાનું શક્ય ન હોવું જોઈએ. દાખલા તરીકે નીચેની પંક્તિઓ તપાસો:

भणिसु रासु–रेवंतगिरे, अंबिकदिवि सुमरेवि
(રેવંતગિરિરાસુ, કડવું ૧, કડી ૧ ઉત્તરાર્ધ)

पोरुयाडकुल-मंडणउ नंदणु–आसाराय (એજન, કડી ૬ ઉત્તરાર્ધ)
निम्मिउ नार्मिहि–निजजणणि कुमर-सरोवरु फार (એજન, કડી ૧૦,ઉત્તરાર્ધ)
पूरइ ए वंछिउ–भवियजण (એજન, કડવું ૪, કડી ૪, ઉત્તરાર્ધમાં)

આવા પ્રયોગોમાં आसाराय, भवियजण વગેરેને પ્રત્યયરહિત ષષ્ઠીનાં ઉદાહરણો ગણવાં તે કરતાં તેમને વ્યત્યસ્ત કર્મધારય તરીકે ગણવા એ વધારે ઉચિત લાગે છે. અને એથી रेवंतगिरि–रासु, आसाराय–नंदणु,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निजजणणि–नामिहिं, भवियजण–वंछिउ એવી રીતના **સમસ્ત** શબ્દોને છંદમાં બેસાડવા માટે, તેમના અંગભૂત શબ્દોનો **સ્થાનવ્યત્યય** કરવાની આમાં છૂટ લેવાઈ છે એમ કહી શકાય.

પણ **ભર**તેશ્વરબાહુબલિરાસમાંથી તો કેટલાક આવી અથવા બીજી કોઈ રીતે ન ઘટાવી શકાય તેવા પ્રયોગો મળે છે અને **એમની** બાબતમાં તો આપણે પ્રત્યયરહિત ષષ્ઠીનો સ્વીકાર કરવો જ પડે છે. જુઓ :

संख न **सींहदूयार** (૬૭મી કડી, ઉત્તરાર્ધમાં).

'સિંહદ્વારની સંખ્યા નથી.'

संख न गयघड जसु **केकाण** (૮૨મી કડી, પૂર્વાર્ધમાં)

'જેનાં ગજઘટા અને ઘોડાની સંખ્યા નથી.'

संख न ए जस **केकाण** (૨૦૦મી કડી, ઉત્તરાર્ધ)

'જેના ઘોડાની સંખ્યા નથી.'

नर **नरवर** कुण पामइ पारो (૧૦૯મી કડી, ઉત્તરાર્ધમાં)

'કયો માણસ (તેના) શ્રેષ્ઠ માણસોનો–યોદ્ધાઓનો પાર પામે?'

जीविवां छंडीय मोह (૧૫૧મી કડી, પહેલી પંક્તિમાં)

'જીવવાનો મોહ છાંડીને'

तस सिरु चक्क लेइ संचरइ, पयकमल पुज्जइ भरह **भूपति** ।। (કડી ૧૫૧, પંક્તિ ૪–૫માં)

'તેનું શિર લઇને ચક્ર ચાલ્યું જાય છે, ને ભરત ભૂપતિના પાદકમળને પૂજે છે.'

આમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે **ભર**તેશ્વરબાહુબલિરાસની ભાષા ડિંગળ કે ચારણી ઢાળાની છે. **ભર**તેશ્વરબાહુબલિરાસની સાથે ભાષાસગાઇ ધરાવતા **રણમલ્લછંદ** અને **પૃથ્વીચંદ્રચરિત્ર**માં દેખાતાં કેટલાંક વિશિષ્ટ શબ્દો, વાક્યખંડો, ઉક્તિઓ ને પ્રયોગો આપણને **ભર**તેશ્વરબાહુબલિરાસમાં પણ અક્ષરશ: પ્રયુક્ત થયેલા જોવા મળે છે, તે આ જ કારણે.

૬. **संदेशरासक**ની ભાષા

અહીં આરંભમાં કહ્યું તેમ **અ**પભ્રંશનો પાયો લૌકિક બોલીઓ હતી. સમય સાથે **અ**પભ્રંશમાં લૌકિક બોલીઓનું તત્ત્વ વધ્યે ગયું અને તેને પરિણામે કેટલીક વાર ઉત્તરકાલીન **અ**પભ્રંશ કૃતિઓ અને આરંભની ભાષાકૃતિઓ વચ્ચે ભેદરેખા દોરવી કઠણ થઈ પડે છે. અનુમાને ઈસવી ૧૩મી સદીના આરંભે મુકાતી મુસ્લિમ કવિ **અબ્દલ રહમાન**ની કૃતિ **સં**દેશરાસકની ભાષા વિષે આવું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્યું છે. શ્રી. **કેશવરામ શાસ્ત્રી સં**દેશરાસકની ભાષાને 'ઉપલક નજરથી હૈમકાલીન સાહિત્યકીય અપભ્રંશની' છતાં 'ભારોભાર ભરેલા પ્રાકૃત રૂપોવાળી', 'નવા રૂપો' વાળી, 'અવહત્થના સંસ્કારવાળી' અને 'આ પ્રકારની કૃત્રિમતા' ને લીધે ૧૪ મા શતક પછીની હોવાનું કહે છે. શ્રી. **બેચરદાસ દોશી**નાં બે ત્રણ વિધાનોમાંથી વધારે સ્પષ્ટ આ છે: 'સંદેશરાસકની ભાષા ચૌદમા અને પંદરમા સૈકાની અહીં આપેલી બીજી (ગુજરાતી) કૃતિઓની ભાષા જેવી જ વિશુદ્ધ અને સરળ ગુજરાતી છે.' વળી શ્રી. **શાસ્ત્રી** સંદેશરાસકનો પણ **આપણા કવિઓ** અને કવિચરિત એ તેમના **ગુજરાતી** કવિઓ અને કૃતિઓને લગતા ગ્રંથોમાં સમાવેશ કરે છે, અને શ્રી. **દોશી** 'ગુજરાતી **ભાષા**ની ઉત્ક્રાન્તિ' નામક તેમનાં વ્યાખ્યાનોમાં **સં**દેશરાસકનો વિચાર કરે છે. એ દેખાડી આપે છે કે આ વિદ્વાનો **સં**દેશરાસકની ભાષાને ગુજરાતી ગણે છે. આને આધારે શ્રી. **વિજયરાય વૈદ્ય** પણ તેમના 'ગુજરાતી **સા**હિત્યની રૂપરેખા' માં **સં**દેશરાસકને એક ગુજરાતી ભાષાની કૃતિ તરીકે લેખે છે.

પણ શાસ્ત્રીય ધોરણે તપાસતાં **સં**દેશરાસકની ભાષા **અપભ્રંશ** છે એમાં જરાયે શંકા રહે તેવું નથી. **અપભ્રંશ** અને **અર્વાચીન ભારતીય–આર્ય** ભાષાઓને એકબીજાથી જુદાં પાડતું અગત્યનું લક્ષણ એ કે **અપભ્રંશ**માં બેવડા વ્યંજનો જળવાઈ રહ્યા છે, જ્યારે અર્વાચીન ભૂમિકામાં તે એકવડા બન્યા છે. અને સાથે અનુકૂળ સંજોગોમાં તેમનો પૂર્વસ્વર દીર્ઘ બન્યો છે. **સં**દેશરાસકની ભાષામાં બેવડો વ્યંજન ટકી રહ્યો હોવાનાં અનેક ઉદાહરણો છે. એ ખરું કે કોઈક શબ્દોમાં એ એકવડો થઈ ગયો છે, તેમ કેટલીક બાબતોમાં **રાજસ્થાની** કે **હિંદી** જેવી અર્વાચીન ભાષાની અસર ચોક્કસપણે જોઈ શકાય છે. પણ આમ લૌકિક બોલીઓથી ઠીકઠીક પ્રભાવતિ હોવું એ ઉત્તરકાલીન **અપભ્રંશ** માટે સહજ છે. તેથી કાંઈ તેનું સ્વરૂપ **અપભ્રંશ**ને બદલે ગુજરાતી(કે **રાજસ્થાની**) હોવાનું ન કહી શકાય. અને દેશભાષામાં સાહિત્યરચના થવા લાગ્યા પછી બસો ત્રણસો વરસે **સં**દેશરાસકની રચના થઈ તેથી શું થયું? કોઈ પારંગત અત્યારે પણ **અપભ્રંશ**માં (કે **પ્રા**કૃત અથવા **સંસ્**કૃતમાં) પદ્ય કે ગદ્યમાં રચના કરી શકે.

૭. ચંદ્રમાં નામ લખાવવું

ચંદ્રના કલંકને શશ, મૃગ વગેરે લેખવાની લોકમાન્યતા અને કવિસમય **સં**સ્કૃત સાહિત્યમાં જાણીતા છે. अङ्कं केऽपि शशङ्किरे जलनिधेः पङ्कं परे मेनिरे વાળો શ્લોક આવી કેટલીક માન્યતાઓનો ઉલ્લેખ કરે છે. **અપભ્રંશ** સાહિત્યમાં ચંદ્રકલંકને વિષે વળી જુદો જ કવિસમય પ્રચલિત થયેલ. પ્રતિષ્ઠિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોનો ગગનગામી યશ ઠેઠ ચંદ્ર સુધી પહોંચતો ગણાય. એટલે ચંદ્રમાં કાળું ધાબું દેખાય છે તે બીજું કશું નથી, પણ ધાબાના મિશ નીચે આ પ્રતિષ્ઠિત માણસોનું કાળી શાહીથી લખેલું ચિરસ્થાયી નામ છે. અસામાન્ય કીર્તિ દર્શાવવા 'તેણે ચંદ્રમંડળને પોતાના નામથી અંકિત કર્યું' એવા અર્થનો કવિસમય મધ્યકાલીન સાહિત્યમાં પ્રચારમાં આવ્યો જણાય છે. **અપભ્રંશ** સાહિત્યમાંથી નીચેનાં ઉદાહરણો જુઓ :

૧. चन्दङ्किय-णामहुँ, लक्खण-रामहुँ, लहु अप्पिज्जउ जणय-सुय

સ્વયંભૂ (આ. ૯ મી સદી) કૃત **પઉમચરિઉ**, ૫૮, ૧૦, ઘત્તા 'જેમનાં નામ ચંદ્રમાં અંકિત થયાં છે તેવા **રામલક્ષ્મણને જનકસુતા** જલદી (પાછી) આપી દો'.

૨. ताहँ बिहि-मि चन्दङ्किय-णामहँ, हूय होड तुह मायरि-भामहँ

સ્વયંભૂકૃત **રિટ્ઠણેમિચરિઉ**, ૧૨,૧,૫.

'ચંદ્રમાં અંકિત થયેલાં નામવાળી તારી માતા (**રુક્મિણી**) અને **સત્યભામા** એ બંને વચ્ચે હોડ થઈ'.

૩. भो पुप्फयन्त ससि-लिहिय-णाम

પુષ્પદંત (૧૦ મી સદી) કૃત **મહાપુરાણ**, ૧,૬,૯.

'ચંદ્રમાં અંકિત થયેલા નામવાળા હે પુષ્પદંત!'

૪. मइँ जेहउ को वि ण चक्कवइ
को एम ससङ्कि णाउँ थवइ

મહાપુરાણ, ૧૫,૭,૧૦.

'મારા જેવો કોઈ પણ ચક્રપતિ નથી. બીજો કોણ એવી રીતે ચંદ્રમાં (પોતાનું) નામ સ્થાપિત કરે?'

નીચેના ટાંચણમાં આ વાત સાવ સ્પષ્ટ થઈ છે:

૫. तहिँ अप्पणउँ णाउँ संणिहियउ
छाहि–छलेण व ससिणा गहियउ
तं तहिँ दीसइ ण उण कलङ्कउ
णिव–णामङ्किउ भमइ ससङ्कउ

મહાપુરાણ, ૧૬, ૧૭, ૧૧–૧૨.

'ત્યાં (તેણે) પોતાનું નામ સંસ્થાપિત કર્યું, જે પડછાયાના મિશ નીચે ચંદ્રે ગ્રહણ કર્યું. ત્યાં (ચંદ્રમાં) એ (નામ) દેખાય છે, નહીં કે કલંક. (ત્યારથી) ચંદ્ર રાજાના નામથી અંકિત થઈને ભમે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપભ્રંશ સાહિત્યની અસર નીચે જૈન સંસ્કૃતમાં પણ આ પ્રયોગ મળે છે:

૬. यशोवीर लिखत्याख्यां यावच्चंद्रे विधिस्तव

પુરાતનપ્રબંધ–સંગ્રહ, પૃ. ૫૦

'હે યશ–વીર, જ્યારે વિધિ તારું નામ ચંદ્રમાં લખે–'

પ્રાચીન ગુજરાતી સાહિત્યને આ પ્રયોગનો વારસો મળ્યો છે. જુઓ:

૧. जिणि संवच्छरु महि अंवाविउ
अंबरि चंदिहिँ नामु लिहाविउ

આસિગકૃત જીવદયારાસ (૧૨૦૧), ભારતીય વિદ્યા, ૩,૧. પા.૨૦૪–૯, કડી ૪૩, પંક્તિ૧–૨.

'જેણે પોતાનો સંવત્સર પૃથ્વી પર પ્રચલિત કર્યો (?) (અને) આકાશે ચંદ્રમાં (પોતાનું) નામ લખાવ્યું.'

૨. अहिणवु णेमि–जिणिंद तिणि भवणु कराविउ
णिम्मलु चंदरु(?ह) बिंबे निय–नाउँ लिहाविउ

રેવંતગિરિરાસુ (૧૨૩૧), કડવક ૨, કડી ૯, પંક્તિ ૧–૨.

'તેણે નેમિજિનેંદ્રનું નવું મંદિર કરાવ્યું (અને એ કૃત્યથી) પોતાનું નિર્મળ નામ ચંદ્રના બિંબમાં લખાવ્યું.'

૩. धनु धनु विमळउ जेणि कराविउ
ससि-मंडळि जिणि नाउ लिहाविउ

પાલ્હણકૃત આબૂરાસ (૧૨૩૩), રાજસ્થાની, ૩, ૧, પા. ૮૩–૮૮, કડી ૯, પંક્તિ ૧–૨).

'જેણે (એ) કરાવ્યું (તે) વિમળને ધન્ય છે, ધન્ય છે—જેણે ચંદ્ર-મંડળમાં (પોતાનું) નામ લખાવ્યું.'

૪. निसुणउ मइँ जि प्रतिज्ञा कीजइ
चाँदुलडइ चिय नामु लिहीजइ

પંચપાંડવચરિતરાસ (૧૩૫૪), ૧૫૦–૧૫૧.

'સાંભળો, હું જ પ્રતિજ્ઞા કરું છું (અને એથી) ઠેઠ ચંદ્રમાં નામ લખાવું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. રમાઉલ 'સમૃદ્ધ'

રમાઉલુ અપભ્રંશમાં જાણીતો છે. સ્વયંભૂએ એ વાપર્યો છે. અન્ય અપભ્રંશ કવિઓમાંથી ઉદાહરણો :

राणउँ कवणु आसि इह राउलि
धय–तोरण–मणिखंभ–रमाउलि

ધનપાલકૃત ભવિસત્તકહ (આ. ૧૦મી સદી), દલાલ–ગુણેની આવૃત્તિ, ૫, ૯, ૨૨

'ધ્વજ, તોરણ અને મણિસ્તંભથી સમૃદ્ધ એવા આ રાજભવનમાં કોણ રાણો હતો ?'

આ શબ્દથી અજાણ હોવાથી યાકોબીએ તેમની આવૃત્તિમાં પાઠ ફેરવીને समाउलि કર્યો છે.

वहुविह–जण–धण–धन्न–रवाउलु
गो–महिस–उल–रवाउल–गोउलु

ધાહિલકૃત પઉમસિરિચરિઉ (૧૨મી સદી પહેલાં), ૧, ૨, ૬

'તે (મધ્યદેશ) વિવિધ મનુષ્યો, ધન ને ધાન્યથી સમૃદ્ધ તેમજ ગાયો ને ભેંસોના ધણોના નાદથી વ્યાપ્ત એવી પશુશાળા યુક્ત હતો.'

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાંથી રમાઉલના કેટલાક પ્રયોગો નીચે નોંધ્યા છે :

૧. જલદ–જાલ–વબાલે નીઝરણિ રમાઉલુ.
રેહઇ ઉજ્જિલ–સિહરુ અલિ–કજ્જલ–સામલુ
રેવંતગિરિરાસુ, કડ૦ ૨, કડી ૪, પંક્તિ ૧–૨.

'વાદળઘટાના સમૂહથી અને ઝરણાંથી સમૃદ્ધ એવું ગિરનારનું શિખર ભ્રમર અને કાજળ જેવું શ્યામવર્ણ શોભે છે.'

૨. થોર–વિકખંભ–વાયંભ–રમા(મ્મા)ઉલં
લલિય–પુત્તલિય–કલસ–કુલ–સંકુલં
રેવંતગિરિરાસુ, ૨,૯,૩–૪.

'પ્રચંડ બારસાખ અને વાયંભ(?)થી સમૃદ્ધ તથા સુંદર પૂતળીઓ અને કળશોના સમૂહથી વ્યાપ્ત (મંડપ)'.

૩. અંબિકદેવિ–દેઉલુ દીઠુ રમ્માઉલં એ
રેવંતગિરિરાસુ, ૪, ૧, ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અંબકાદેવીનું સમૃદ્ધ દેવળ દીઠું'

૪. વસંતમાસુ રંભા(મા)ઉળુ દીઠે.

આબૂરાસ, ૫૪, ૨.

'સમૃદ્ધ વસંતમાસના દિવસે (?)'.

૫. 'નય(ઇ)–નીઝરણુ–રમાઉલઇં'

સમસરાસુ, ૧૧–૧.

'નદી ને ઝરણાંથી સમૃદ્ધ એવા તેમાં.'

આમાં રમ્માउल એ છંદની અપેક્ષા પૂરવા रमाउलને બેવડાવાથી થયો છે, જ્યારે रवाउलમાં અપભ્રંશમાં પ્રચલિત म्>वँ ની પ્રક્રિયા પ્રવૃત્ત થઈ છે.

ગુણે ભવિસયત્તકહામાં ટિપ્પણમાં रमाउल ને रम्य + °उल પ્રત્યય પરથી સધાયેલો ગણે છે. પણ તો °मा° નો આકાર ક્યાંથી આવ્યો એ સમજમાં ઊતરતું નથી. रमाउल જેવા જ ઘડતરના બીજા શબ્દો તપાસીએ તો જ તેનું ઘડતર સ્પષ્ટ થાય. જુઓ નીચેના શબ્દો :

हरियाउल (हरित + आकुल) 'હરિયાળું' (સંદેશરાસક, ૧૪૬)

रासाउल (रास + आकुल)
पायाउल (पाद + आकुल)
मेणाउल (मदन + आकुल)
चंद्राउल (चन्द्र + आकुल)
} અપભ્રંશ છંદોનાં નમ

આ સૌના સાદૃશ્યે रमाउल = रमा + आकुल લાગે છે; અને અર્થ 'લક્ષ્મીથી વ્યાપ્ત' = 'સમૃદ્ધ' એવો સહેજે ઘટાવી શકાય.

૯. अवारिय 'અખૂટ, સતત'

(૧) અન્ન **અવારી** યાચકાંનઈ પાત્રપૂરણ થઈ.

કનકસુંદરકૃત **સગાળશા** રાસ–(૧૬૧૦) પા. ૨૫, પંક્તિ ૧૦

(૨) અન્ન **અવારી** મુઝ ઘરી હતું.

સગાળશા રાસ, પા. ૫૨, પં. ૧૬ અન્ન **અવારી** દાન

જાનીકૃત **સગાળચરિત્ર**, પા. ૧૦૯, પં. ૫.

(૩) નિત **અવારિત** અન્ન

રૂઢજીકૃત **સગાળપુરી**, પા. ૯૦, પં. ૨૦.

(૪) વસઈ વિવહારી તિહાં ઘણાં, દીઈ દાન વાહઈ **અવારીય**

*__નર્મદાસુંદરીરાસ__ (અપ્રસિદ્ધ) પંક્તિ ૩૨–૩૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધા સંદર્ભમાં अवारिय (સં. अवार्य કે अवारित?)નો અથ 'અખૂટ', 'સતત' 'અવિરત' એવો સ્પષ્ટ છે. અપભ્રંશ સાહિત્યમાં તો આવો પ્રયોગ નજરે નથી ચઢ્યો, પણ અપભ્રંશ અને દેશભાષાથી પ્રભાવિત ૧૨મી સદીની પ્રાકૃત કથા नर्मदासुन्दरी (અપ્રસિદ્ધ)માં अवारियसत्त શબ્દ વપરાયો છે.

(૫) सहदेवेणावि तिय-चउक्क-चच्चराईसु पवत्तियाइं अवारिय–सत्ताइं (૨૮૮મી ગાથા પછીના ગદ્ય ફકરામાં) 'સહદેવેય ત્રિભેટા, ચોક અને ચાચરે પર અવારિત સત્ર ચાલુ કર્યાં.'

અહીં अवारियसत्त 'રાત દિવસ ખુલ્લું અન્નસત્ર' એવા અર્થમાં છે.

૧૦. सत्तूकार 'સદાવ્રત'

નીર નિવાણિહિ સત્તૂકારા.
આબૂરાસ (૧૨૩૨), ૧૫.

ચિહૂ દસિ માંડ્યા સત્રુકાર.
અસાઈતકૃત હંસાઉલી (૧૩૬૦), ૧, ૨૧.

શાંહે માંડિઉં શત્તૂકાર.
વાસુકૃત કર્ણકથા પા. ૭, પં. ૬.

કો કહિ માહિનશ કેટલા શત્રુકારે પરથવી મિલા.
કર્ણકથા, પા. ૭; પં. ૧૩.

શાહે માંડ્યક શત્રુકાર.
કનકસુંદરકૃત સગાળશાહ રાસ પા. ૨૪ પં. ૭.

શત્રુકારિ જિમઈ જન સહૂ.
સગાળશાહ રાસ, પા. ૨૫, પં. ૩.

શત્તાગાર બાર તું ખૂરિ.
સગાળશાહ રાસ, પા. ૪૩, પં. ૧૩.

તેના ચાલિ સત્તુકાર.
નાકરકૃત સગાળપુરી ૧, પા. ૧૨૫, પં. ૩.

શત્તૂકાર, શત્રુકાર, શત્રૂકાર, સત્તુકાર, ને **શત્તાગાર** એવા વિવિધ સ્વરૂપે દેખાતો આ શબ્દ 'અન્નસત્ર' કે 'સદાવ્રત' એવા અર્થમાં બધે પ્રયોજાયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપભ્રંશમાં પુષ્પદન્તકૃત મહાપુરાણ (સંધિ ૯, કડવક ૧, પંક્તિ ૯.)માં આ શબ્દ મળે છે:

लिङ्गगि-णीस-णर-**सत्तूगारहिं**

શ્રમણને વર્જવાના છેંતાળીશ પ્રકારના આહારદોષ ગણાવતાં આમાં કહે છે કે સાધુલિંગીનું, અકિંચનનું ને સદાવ્રતનું અન્ન દોષિત છે. सत्तूगार° ને માટે सत्तुगार, सत्तुउग्गार ને सत्तुगार એટલા પાઠાન્તરો છે.

જૈન સંસ્કૃતમાં પણ **સત્રાગાર** (**સત્રાકાર**) મળે છે: **પ્રબંધકોશ**માં सत्राकारे (૯૧, ૨૫) અને सत्रगारे (૧૨૯) આવે છે. હેમચંદ્રના ત્રિશષ્ટિશલાકામાં सत्रशाला 'અન્નસત્ર' મળે છે.

सक्तु (કે शक्तु) ('જવનો લોટ,' ગુ. **સત્તુ, સાતુ, સાતવો, સાથવો**)+अगारમાંથી सत्तुगार સધાયો લાગે છે. सत्तूगारના **તૂ**ની દીર્ઘતા सत्तुय (सक्तुक) પરથી સિદ્ધ થાય. गकार અઘોષ થઈ सत्तुकार કેમ થયો તે જોવાનું રહે છે. शत्तागारने દેખીતાં सत्र+अगार સાથે સાંકળી દઈ શકાય, 'અન્નસત્રનું અગાર'. सत्रूकार એમ ત્રવાળું સ્વરૂપ સંસ્કૃતની અસર નીચે હોય.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષાનો ઉદ્‌ગમ*

ગુજરાતી ભાષાના ઉદ્‌ગમનો વિષય—એટલે કે ભાષાના સ્વરૂપ, બંધારણ કે ઇતિહાસનો વિષય શાસ્ત્રીય ગણાય. અને સાહિત્યના—એટલે કે કલ્પનોત્થ સાહિત્યના વિષયમાં લોકોને જેટલો રસ કે જિજ્ઞાસા હોય તેટલો રસ કે તેટલી જિજ્ઞાસા શાસ્ત્રીય સાહિત્યના વિષયમાં હોય નહીં એ આપણે જાણીએ છીએ. તેમાંયે આપણે ત્યાં તો અભ્યાસના વિષયો તરફ સવિશેષ ઉપેક્ષા કે અણગમો પ્રવર્તે છે. વૈજ્ઞાનિક સંશોધન બાજુએ રાખીએ તો પણ ભાષા, છંદ, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, ઇતિહાસ ઇત્યાદિને લગતું સાહિત્ય ગુજરાતીમાં કેટલું? તેમાં રસ લેનાર વ્યક્તિઓ કેટલી? પણ આ બાબત વિચારીએ ત્યારે આપણે ભૂલવું ન જોઈએ કે કલ્પનોત્થ વાઙ્મયની સાથોસાથ શાસ્ત્રીય વાઙ્મયનું ખેડાણ પણ દરેક સંસ્કારી ભાષામાં થતું જ આવ્યું છે. માનવીના મનનું એક પાસું કલ્પના ને ઊર્મિની સૃષ્ટિ રચવાનું સામર્થ્ય ધરાવે છે, તો તેનું બીજું પાસું નિરીક્ષણ ને પરીક્ષણની, પૃથક્કરણ ને સંયોજનની પદ્ધતિ પ્રયોજી, ચિંતન અને અનુમાનના ફળરૂપ શાસ્ત્રો રચવામાં—વિશ્વ વિશેનું જ્ઞાન વધારવામાં પ્રવૃત્ત થતું હોય છે. પશ્ચિમમાં શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક વિષયો તરફ પણ ઘણું લક્ષ અપાય છે. આપણે ત્યાં જ—તે પણ ખાસ તો વર્તમાન સમયમાં—વિદ્યાનું આરાધન નીરસ અને શુષ્ક ગણવાનું વલણ જોરમાં છે, અને શાસ્ત્રીય સાહિત્યનું દારિદ્ર્ય આપણને ખાસ ખટકતું હોય તેમ લાગતું નથી. પણ કોઈપણ પ્રજાની સંસ્કારિતાનું માપ વિદ્યા ને કલાનાં ક્ષેત્રોમાં તેણે સાધેલા સર્વાંગીણ વિકાસ પરથી ને તેણે કરેલા મૌલિક પ્રદાન પરથી જ નીકળે છે, એ હકીકત આપણે વીસરી ન શકીએ.

ગુજરાતી ભાષાના ઉદ્‌ગમ વિશે વિચાર કરનારને કેટલીક જટિલ મુશ્કેલીઓનો સામનો કરવાનો રહે છે, કેમ કે ભાષાશાસ્ત્રનો વિષય સુગમ નથી. વળી આ વિષયને લગતું પ્રારંભિક કાર્ય પણ બહુ ઓછું થયું છે, અને ગુજરાતી ભાષાના ઉદ્‌ગમના પ્રશ્નની સાથે બીજા અનેક ચર્ચાસ્પદ પ્રશ્નો સંકળાયેલા છે, જેમના વિશે વિદ્વાનોમાં સારો એવો મતભેદ પ્રવર્તે છે. વિષય અટપટો હોવાને કારણે ઝાઝા અભ્યાસીઓએ તેને હાથમાં નથી લીધો. પણ કોઈકોઈ અભ્યાસી આમાં રસ લે તો જ કાંઈક એ વિષયનું જ્ઞાન વધે અને બીજા લોકો તેમાં રસ લેતા થાય. વિષય વિસ્તૃત અને ચર્ચાસ્પદ હોવાથી મુખ્ય મુદ્દાઓનો સ્પર્શ કરવા સિવાય અહીં વિશેષ વિચાર કરવાનું નહીં બને.

*જ્ઞાનપ્રસારક મંડળી (મુંબઈ)ના આશ્રયે ૧૬-૧૧-૫૦ને દિવસે આપેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાનવિષયને હાથ ધરતાં પહેલાં વિષયની મર્યાદાઓનો નિર્દેશ કરી લઉં. બોલાતી ભાષાનાં પ્રાચીન સ્વરૂપની કે તેનાં મૂળની તપાસ તે ભાષામાં રચાયેલા પ્રાચીન સાહિત્યને આધારે કે તેવી બીજી લેખી સામગ્રીને આધારે જ કરી શકાય. સદ્‌ભાગ્યે પ્રાચીન ગુજરાતીના અભ્યાસ માટે આપણી પાસે આવી સામગ્રી પૂરતી છે. ઉત્તર ભારતની બીજી કોઈ પણ ભાષા કરતાં ગુજરાતી માટે પુષ્કળ પ્રમાણમાં પ્રાચીન સાહિત્ય ઉપલબ્ધ છે. પણ સામગ્રી વિપુલપણે મળતી હોવા છતાં આપણે તેનો ઘટતો ઉપયોગ કરી શકીએ તેવી સ્થિતિમાં નથી, એ તેટલી જ દુઃખદ હકીકત છે. કારણ, પ્રાચીન કૃતિઓની શાસ્ત્રીય અને આલોચનાત્મક પદ્ધતિએ તૈયાર કરેલી આવૃત્તિઓ મળે ત્યારે જ તેમને આધારે સૈકાવાર ભાષાસ્વરૂપનો વૃત્તાંત આપી શકાય અને પરિણામે ભાષાનો સીલ-સીલાબંધ ઇતિહાસ રચી શકાય. પ્રાચીન ગુજરાતી કૃતિઓ વ્યવસ્થિત રીતે સંપાદિત થઈ નથી. એટલે ભાષાકીય દૃષ્ટિએ તેમનું મૂલ્ય બહુ નથી, અને તેમને આધારે દોરેલા નિર્ણયો પણ સામાન્ય સ્વરૂપનાં અને અંશે અટકળિયા રહે છે. ભાષાકીય સામગ્રી ચોક્કસ સ્વરૂપની હોય ત્યારે જ વિગતદૃષ્ટિએય સંપૂર્ણ ચોક્કસાઈ ધરાવતા સ્પષ્ટરેખ નિર્ણયો બાંધી શકાય. તે જ પ્રમાણે અપભ્રંશ ભાષા અને સાહિત્યને લગતું સંશોધન હજી આરંભદશામાં હોવાથી આપણને એવી જ મુશ્કેલી નડે છે. કેમકે અપભ્રંશનો ગુજરાતીના મૂળ સાથે ઘનિષ્ઠ સંબંધ છે, અને અપભ્રંશનાં બંધારણ અને સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ મેળવ્યા પછી જ ગુજરાતીના ઉદ્‌ભવ વિશે પૂરતી પ્રામાણિકતાથી તપાસ થઈ શકે. આટલા ઉપરથી મારા આજના વ્યાખ્યાનવિષયની મર્યાદાઓનો આપને કંઈક ખ્યાલ આવશે.

આટલા પ્રાસ્તાવિક વક્તવ્ય પછી હું મુખ્ય વિષય હાથમાં લઉં છું. ગુજરાતી ભાષા વિશે વિચાર કરવાનું હાથ ધરીએ એટલે પ્રથમ તો ભાષા-માત્રને લગતા કેટલાક નિયમો ધ્યાનમાં રાખવાના રહે. ભાષા ગમે તે પ્રદેશની ને ગમે તે સમયની હોય, દરેક ભાષાના સ્વરૂપ અને વિકાસનું નિયમન કરતાં કેટલાક સિદ્ધાંતો હોય છે. આ સિદ્ધાંતો અનેક ભાષાઓના બંધારણ અને ઇતિહાસના અભ્યાસ પરથી તારવેલા છે. ગુજરાતી વિષે વિચાર કરતાં આવા કેટલાક સિદ્ધાંતો ગણતરીમાં લેવા આવશ્યક છે.

આપણે સૌ જાણીએ છીએ કે ભાષામાત્ર સતત પરિવર્તનશીલ છે. સમયના વહેવા સાથે ક્રમેક્રમે, સૂક્ષ્મ રીતે, અભાનપણે ભાષાનું સ્વરૂપ અવિરત પલટાતું જાય છે. ઉચ્ચારણ, વ્યાકરણ, શબ્દભંડોળ, વાક્યરચના, ભાષારૂઢિ ને બંધારણ—એમ ભાષાનાં અંગપ્રત્યંગનું વધતુંઘટતું રૂપાન્તર થતું રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આ રીતે જેમ કાળને અનુસરીને ભાષામાં વિકાર થાય છે, તેમ સ્થળને અનુસરીને યે ભાષાસ્વરૂપમાં પલટો આવે છે. અમુક પ્રદેશ પર એકરૂપે બોલાતી ભાષાની એકરૂપતા ઝાઝો સમય ભાગ્યે જ ટકી રહે છે. તે પ્રદેશના જુદાજુદા વિભાગો વચ્ચેનો સંબંધ ને વ્યવહાર ઐતિહાસિક કારણોને લીધે ઓછો થતાં, તે તે વિભાગનાં લોકોની બોલીમાં આગવી વિશિષ્ટતાએ વિકસે છે—એટલે કે એકરૂપે બોલાતી ભાષામાંથી પ્રાદેશિક બોલીઓ ઉદ્‌ભવે છે. ઐતિહાસિક બળોની અનુકૂળતા મળતાં આ બોલીઓ સ્વતંત્ર વ્યક્તિત્વ વાળી ભાષાઓ બની રહે છે. જેમ એક મૂળ પુરુષમાંથી પુત્ર-પૌત્રાદિક પરિવારનો વિસ્તાર થાય છે, તેમ એકરૂપતા ધરાવતી એક ભાષા સમયને અને સ્થળને અનુસરી અનેક રૂપાંતરો પામે છે. આ પ્રકારે એકમાંથી અનેકરૂપે બની રહેલી ભાષાઓ અને બોલીઓ એક જ કુટુંબ કે પરિવારની કહેવાય છે. જગતની ભાષાઓને આવા ભિન્નભિન્ન પરિવારમાં વિભક્ત કરાય છે.

આ દૃષ્ટિએ ઉત્તર ભારતની ઘણીખરી ભાષાઓ જેને **અંગ્રેજી**માં 'ઇંડો-યુરોપીયન' (Indo-European) એટલે કે **ભારત**-યુરોપીય કહે છે તે પરિવારની છે. એટલે કે મૂળે એકરૂપે રહેલી **ભારત**-યુરોપીય ભાષાના જ એ કાળક્રમે થયેલાં રૂપાંતરો છે. **ગ્રીક**, **લૅટીન** વગેરે કેટલીક યુરોપની ભાષાઓ, તેમજ **અવેસ્તી** વગેરે કેટલીક **એશિયાઈ** ભાષાઓ **ભારત**-યુરોપીય પરિવારની છે. એ **ભારત**-યુરોપીય પરિવારની **ભારત**વર્ષમાંની શાખા વિદ્વાનોમાં **ભારતીય-આર્ય** (અંગ્રેજી Indo-Aryan) નામે જાણીતી છે. ઉત્તર ભારતની પ્રાચીન સમયની **સંસ્કૃત**, **પ્રાકૃત** વગેરે ભાષાઓ તેમ જ તેમાંથી ક્રમે ઉદ્‌ભવેલી **ગુજરાતી**, **હિંદી**, **મરાઠી**, **બંગાળી** વગેરે અર્વાચીન ભાષાઓ આ **ભારતીય-આર્ય** શાખાની છે.

ભારતીય-આર્યનો વિકાસ ત્રણ તબક્કામાં વહેંચી શકાય છે : **પ્રાચીન ભારતીય-આર્ય** (અંગ્રેજી Old Indo-Aryan), **માધ્યમિક ભારતીય-આર્ય** (અંગ્રેજી Middle Indo-Aryan) અને **અર્વાચીન ભારતીય-આર્ય** (અંગ્રેજી New Indo-Aryan). **વૈદિક** ભાષા, **સંસ્કૃત** વગેરેનો સમાવેશ પહેલી ભૂમિકામાં, **પાલી**, **પ્રાકૃતો**, **અપભ્રંશ** વગેરેનો સમાવેશ બીજી ભૂમિકામાં અને **હિંદી**, **બંગાળી**, **ગુજરાતી** વગેરે ઉત્તર ભારતની અર્વાચીન ભાષાઓનો સમાવેશ ત્રીજી ભૂમિકામાં થાય છે. સામાન્ય વપરાશ માટે આપણે આ ભૂમિકાઓને **સંસ્કૃત**, **પ્રાકૃત** અને **અર્વાચીન** ભૂમિકા કહી શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય-આર્યની આ ત્રણમાંથી બીજી ભૂમિકાનો—એટલે કે **માધ્યમિક ભારતીય-આર્ય** કે **પ્રાકૃત** ભૂમિકાનો—આરંભ ઈસુ પૂર્વે છઠ્ઠી સદી લગભગ થયો હતો. **બુદ્ધ** અને **મહાવીરે** તેમનાં સમયમાં પંડિતો અને શિષ્ટ વર્ગમાં પ્રચલિત **સંસ્કૃત** ભાષામાં ઉપદેશ નહીં કરતાં, સામાન્ય જનતાની નિત્યના વ્યવહારની ભાષામાં ઉપદેશ અને પ્રચાર કરવાનું પસંદ કર્યું હતું. આ રીતે **સંસ્કૃત**ની જેમ માધ્યમિક ભૂમિકાની એક પ્રાચીનતમ ભાષાને પણ પ્રતિષ્ઠા મળી. તેના અવશેષો આપણી પાસે જળવાઈ નથી રહ્યા, પણ ઈસુ પૂર્વે ત્રીજી સદીની બોલીઓના કેટલાક નમૂના અણિશુદ્ધ રૂપમાં સચવાએલા આપણને મળે છે. તેમનો આધાર **અશોક**નાં ઉત્કીર્ણ લેખો છે. એ લેખોની ભાષામાં આપણે **પ્રાચ્ય**, ઉત્તર ને પશ્ચિમી કે **પાશ્ચાત્ય** એમ ત્રણેક પ્રાદેશિક ભેદો તારવી શકીએ છીએ. **અશોક**ના ગિરનારના લેખની બોલી પશ્ચિમ વિભાગની **અશોક**-કાલીન લોકબોલીની પ્રતિનિધિ છે. તેનો ઉલ્લેખ કરવાનું અહીં એટલા માટે પ્રાપ્ત થાય છે કે એકાદ લાક્ષણિકતાની બાબતમાં ગુજરાતી સાથે તેનો સંબંધ હોય તેમ લાગે છે. પાછળના અવયવ તરીકે રકાર હોય તેવા સંયુક્ત વ્યંજનોમાં રકાર જાળવી રાખવાનું જે વલણ ગુજરાતી અને **અપભ્રંશ**માં જોઈ શકાય છે, તે ગિરનારની બોલીમાં પણ વ્યક્ત થયેલું છે.

અશોકકાલીન બોલીઓ પછી ઘણી સદીઓ સુધી ગુજરાતની કે તેની સાથે ભાષાદૃષ્ટિએ સંબદ્ધ પ્રદેશની વિશિષ્ટ ભાષા વિષે કશો ઉલ્લેખ મળતો નથી. મુખ્ય ભાગે ઇસવી ત્રીજી સદી લગભગનાં ગણાતા **ભરત**નાટ્યશાસ્ત્રના એક ઉલ્લેખ પરથી હાલના માળવાના પ્રદેશમાં **આવન્તિજા** નામે વિશિષ્ટ ભાષાભેદ બોલચાલના વપરાશમાં હોવાનું અનુમાન કરી શકાય છે. ઉપરાંત **ભારત**નાં પશ્ચિમ કાંઠા પર શરૂઆતમાં વસવાટ કરી રહેલી **આભીર** જાતિની પોતાની ખાસ બોલી હોવાનું આપણે તેમાંથી જાણીએ છીએ. પણ તે વિષે આથી કશો વધારે પ્રકાશ પડે તેવી સામગ્રીનો અભાવ છે.

આ પછી ગુજરાતીના મૂળ અને ઉદ્‍ગમ સાથે જેને ઘણો નિકટનો સંબંધ છે તે ભાષા વિષે વિચાર કરીએ. આ ભાષાનું સ્થાન માધ્યમિક ભૂમિકાની અંતિમ કક્ષામાં છે, અને તે **અપભ્રંશ** નામે જાણીતી છે. **અપભ્રંશ**ના મૂળ અને સ્વરૂપ વિષે મળતી માહિતી જોઈએ તેટલી, સ્પષ્ટ કે ચોક્કસ નથી. એક અગત્યની સાહિત્યભાષા તરીકે આઠ સોથી હજાર વર્ષ જેટલા વિસ્તૃત ગાળા પર તેનો પ્રભાવ પથરાયેલો હોવા છતાં, આપણી પાસે ભાષાદૃષ્ટિએ **અપભ્રંશ**નો કોઈ પ્રાચીન વિદ્વાનનો શાસ્ત્રીય વૃત્તાંત **નથી.** એટલું જ નહીં પણ **અપભ્રંશ** વિષેનાં પ્રાચીન લેખકોનાં વિધાનો ઉપરચોટિયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્પષ્ટ ને પરસ્પર વિરોધી છે. આને લઈને અર્વાચીન વિદ્વાનોમાં અપભ્રંશના મૂળ અને સ્વરૂપ વિષે સારા પ્રમાણમાં મતભેદ છે. અપભ્રંશ સાહિત્ય પણ હમણાં હમણાં પ્રસિદ્ધ થવા લાગ્યું છે. તેનો કોશ કે શાસ્ત્રીય વ્યાકરણ હજી તૈયાર થયાં નથી. આથી ભાષાદૃષ્ટિએ તેનું સ્વરૂપ ચોક્કસપણે સમજવાના માર્ગમાં ઘણી અડચણો છે.

અપભ્રંશને લગતા પ્રાચીનતમ ઉલ્લેખ ઈસવી પાંચમી સદીથી બહુ આગળ જતા નથી. સાતમી સદીનો **બાણભટ્ટ** 'ભાષાકવિ'નો ઉલ્લેખ કરે છે. છઠ્ઠી સદીનો વલભી રાજા ગુહસેન **સંસ્કૃત**, **પ્રાકૃત** અને **અપભ્રંશ** એમ ત્રણે ભાષામાં સાહિત્યરચના કરતો, એમ તેનો પુત્ર **ધરસેન** જણાવે છે. પાંચમી સદીના **જૈન મહારાષ્ટ્રી** ગ્રંથ **વસુદેવહિંડી**માંના એક પદ્યમાં કેટલાંક વિશિષ્ટ-પણે અપભ્રંશ રૂપો વપરાયેલાં છે. તે પહેલાના કેટલાક **બૌદ્ધ** ગ્રંથોની **સંકર સંસ્કૃત** પર અને ત્રીજી સદી લગભગના **જૈન મહારાષ્ટ્રી** ગ્રંથ **પઉમચરિય**ની ભાષા પર તત્કાલીન લોકબોલીની **અપભ્રંશ**ને મળતી અસર છે. આ ઉપરથી ઈસવી પાંચમીછઠ્ઠી શતાબ્દી લગભગમાં **અપભ્રંશ**, **સંસ્કૃત** અને **પ્રાકૃતો**ની હરોળમાં ગણાવાને પાત્ર એક સાહિત્યભાષા તરીકે પ્રતિષ્ઠિત થઈ ચૂકી હતી એમ ચોક્કસ કહી શકાય.

પણ તેના સ્વરૂપ વિષે વિદ્વાનોમાં પરસ્પરવિરોધી બે મતો પ્રચલિત છે. એક મતે જેટલા દેશભેદ હતા, તેટલા **અપભ્રંશ**ભેદ હતા. એટલે કે **સંસ્કૃત** અને **પ્રાકૃતો** એ સાહિત્યભાષાઓના વિરોધમાં, જે પ્રાદેશિક બોલીઓ માધ્યમિક ભૂમિકાના અંતભાગમાં જનતામાં બોલચાલના સામાન્ય વપરાશમાં હતી તે બધી આ મત પ્રમાણે સામાન્યપણે **અપભ્રંશ** નામે ઓળખાતી. નવમી સદીનો આલંકારિક **રુદ્રટ** દેશવિશેષ પ્રમાણે **અપભ્રંશ**ના ઘણા ભેદ હોવાનું જણાવે છે. તે પછીના **વાગ્ભટ** અને **રામચંદ્ર–ગુણચંદ્ર**ને પણ એ જ કહેવાનું છે. **પ્રાકૃતસર્વસ્વકાર માર્કંડેય અપભ્રંશ**ના સત્યાવીશ જેટલા સૂક્ષ્મ ભેદો નોંધે છે. આ પુરાવાને આધારે **ગ્રીયર્સન** જેવા કેટલાક આધુનિક વિદ્વાનોની એવી માન્યતા થઈ કે **અપભ્રંશ** અને માધ્યમિક ભૂમિકાની ઉત્તર-કાલીન લોકબોલીઓ—'દેશી' કે 'દેશજ' ભાષાઓ વચ્ચે કશો ભેદ ન હતો. દરેક **પ્રાકૃત**ભેદનું ઉત્તરકાલીન સ્વરૂપ તે **અપભ્રંશ**. આ દૃષ્ટિએ એક પક્ષે અર્વાચીન ભૂમિકાની પ્રાદેશિક બોલીઓ અને બીજે પક્ષે **પ્રાકૃતો** : એ બંનેને સાંધનારી સંક્રમણભૂમિકા તે **અપભ્રંશ**. ઉદાહરણ તરીકે **શૌરસેની પ્રાકૃત**નું ઉત્તરકાલીન સ્વરૂપ તે **શૌરસેન અપભ્રંશ**, અને તેમાંથી ઉદ્‌ભવેલી અર્વાચીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂમિકાની ભાષા તે **પશ્ચિમી હિંદી**; **માગધી પ્રાકૃત**નું ઉત્તરકાલીન સ્વરૂપ તે **માગધ અપભ્રંશ**, અને તેનું અર્વાચીન રૂપાંતર તે **બંગાળી** વગેરે.

પણ સાહિત્યકીય **અપભ્રંશ**ના સ્વરૂપ વિશેનો આ મત પ્રાચીન ઉલ્લેખોને ને આધારોને પૂર્ણપણે નજરમાં ન લેવાને કારણે, અથવા તો તેમનો અર્થ ખોટી રીતે ઘટાવવાને કારણે બંધાયો છે. દેશભાષાઓ સાથે **અપભ્રંશ**ને એક ગણતા ઉલ્લેખો મુકાબલે પાછળના સમયના છે. પ્રાચીનતર કે જુદી પરંપરાના કેટલાક ઉલ્લેખોમાં **અપભ્રંશ** શબ્દ કોઈ ભાષાભૂમિકાની સામાન્ય સંજ્ઞા તરીકે નહીં, પણ સાહિત્યમાં પ્રયુક્ત અમુક ભાષાપ્રકારો માટે પ્રયોજાયો છે. સાતમી સદીનો **દંડી** **આભીર** વગેરે જાતિઓની ભાષા સાહિત્યમાં **અપભ્રંશ** નામે જાણીતી હોવાનું કહે છે. **રુદ્રટ**નો ટીકાકાર **નમિસાધુ** **અપભ્રંશ**ના ઉપનાગર, **આભીર** અને **ગ્રામ્ય** એવા ત્રણ પ્રકાર હોવાનો એક પ્રાચીન મત ટાંકે છે. દસમી સદીનો **રાજશેખર** **મારવાડ**, **સૌરાષ્ટ્ર** વગેરે પશ્ચિમ કાંઠાના પ્રદેશોને **અપભ્રંશ**ના સ્થાન તરીકે ગણાવે છે. બારમી સદીનો **હેમચંદ્ર** કે જેણે **અપભ્રંશ**નું વ્યાકરણ રચ્યું છે તે **અપભ્રંશ**નું શિષ્ટમાન્ય સાહિત્યભાષા તરીકે એક જ સ્વરૂપ હોય તે રીતે તેનું પ્રતિપાદન કરે છે. કેટલાક વૈયાકરણોએ **અપભ્રંશ**ને એક **પ્રાકૃત**ભેદ જ ગણાવ્યો છે તે પણ લક્ષમાં રાખવાનું છે. વળી આપણને મળતું **અપભ્રંશ** સાહિત્ય સ્થૂળમાને એક જ પ્રકારના **અપભ્રંશ**માં રચાયેલું છે. અને તે ભાષા નિત્યના વપરાશની બોલચાલની ભાષા હોય એવું નથી લાગતું. **અપભ્રંશ** ગદ્યની કોઈ પ્રતિનિધિકૃતિ હજી હાથ નથી લાગી એ પણ ઓછું સૂચક નથી. આજે જેમ **પ્રાકૃતો**ના વિવિધ ભેદોના ચોક્કસ નામો ને નમૂનાઓ મળે છે, તેવું **અપભ્રંશ**ની બાબતમાં કશું કેમ નથી મળતું? **શૌરસેન** કે **માગધ** **અપભ્રંશ** કોઈના જોવામાં કેમ નથી આવ્યો? એટલે આ બધું જોતાં વધારે પ્રામાણિક મત તો એ જણાય છે કે **સિંધુ**, **મરુ**, **માલવ**, **આનર્ત**, **કચ્છ**, **સૌરાષ્ટ્ર**, **લાટ** વગેરે પશ્ચિમ કાંઠાના પ્રદેશોમાં શરૂઆતમાં વસવાટ કરી રહેલી **આભીર** વગેરે કેટલીક જાતિઓની બોલીઓ, અજ્ઞાત કારણોને લીધે અગત્ય પામતાં, સાહિત્યમાં સ્થાન પામી અને **અપભ્રંશ** નામે ઓળખાવા લાગી. ગ્રામ્ય બોલીને તેના મૂળના અસંસ્કારિત સ્વરૂપમાં શિષ્ટવર્ગ સાહિત્યોચિત ન ગણે એટલે એ બોલીઓનું પરિમાર્જિત સ્વરૂપ જ સાહિત્યરચના માટે વપરાયું. આમ **અપભ્રંશ**નો સંબંધ પશ્ચિમ કાંઠાની દેશભાષાઓ સાથે જ હતો. **યાકોબી**, **આલ્સ્ડોર્ફ**, **મોદી** વગેરે વિદ્વાનોના આ નિર્ણય સાથે કોઈપણ તટસ્થ અભ્યાસી સંમત થશે. **અપભ્રંશ**નો પ્રાચીન અર્થ આ જ જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તો પછી પ્રશ્ન થશે કે દેશભેદ પ્રમાણે **અપભ્રંશ**ના ભેદો હોવાના પહેલાના ઉલ્લેખોનું સમાધાન શું? આની ઉપપત્તિ **અપભ્રંશ**ના લાક્ષણિક સ્વરૂપમાં રહેલી છે. **અપભ્રંશ**નું સ્વરૂપ બરાબર સમજવા માટે તેની પૂર્વ-ભૂમિકા ઉપર એક નજર નાખવી આવશ્યક છે. બુદ્ધ અને મહાવીરે એક માધ્યમિક ભૂમિકાની લોકબોલીમાં ઉપદેશ કર્યો. એટલે તેમનાં ઉપદેશવચનો પહેલાં તો તે બોલીમાં જ સંગ્રહાયા અને એ રીતે અમુક **માધ્યમિક ભારતીય-આર્ય** કે **પ્રાકૃત** ભૂમિકાની બોલીઓ ધાર્મિક સાહિત્યના વાહન તરીકે ઉપયોગમાં આવી. પછીના સમયમાં કોઈ **પ્રાકૃત**ભેદ તેમાં ખેડાયેલા વિશિષ્ટ સાહિત્યપ્રકારને કારણે તો કોઈ, વાસ્તવિક પરિસ્થિતિના અધકચરા અનુકરણમાં નાટકનાં પાત્રોના અધિકારભેદ પ્રમાણે ભાષાભેદ રાખવાના પ્રઘાતને કારણે, સાહિત્યિક સ્વરૂપ પામ્યો; સમય જતાં આ સાહિત્યિક **પ્રાકૃતો**નું સ્વરૂપ વધારે ને વધારે રૂઢ ને ચોકઠાબદ્ધ થતું ગયું. બીજે પક્ષે બોલચાલની ભાષા તો સમયપ્રવાહ સાથે પલટાતી રહી. પરિણામ એ આવ્યું કે બોલચાલની ભાષા અને સાહિત્યિક **પ્રાકૃતો** વચ્ચે વધુ ને વધુ અંતર પડવા લાગ્યું. આમ જીવંત સંપર્ક ગુમાવતાં સાહિત્યમાં વપરાતી **પ્રાકૃતો**નું સ્વરૂપ વધારે ને વધારે કૃત્રિમ થતું ચાલ્યું. આપણને મળતી સાહિત્યગત **પ્રાકૃતો** તત્કાલીન બોલચાલની ભાષાઓનું ફીકું પ્રતિબિંબ જ રજૂ કરે છે.

આ કૃત્રિમ **પ્રાકૃતો**ના વિરોધે **અપભ્રંશ**નો વિકાસ અમુક અંશે સાવ જુદી જ ઘટના રજૂ કરે છે. **અપભ્રંશ**ના વિષયમાં સૌથી વધારે અગત્ય ધરાવતી હકીકત એ છે કે તે એક મિશ્ર સ્વરૂપની ભાષા હોવાનું જણાય છે. તેનાં ઉચ્ચારણ અને શબ્દકોશનું મૂળ એક છે, તેના વ્યાકરણનું મૂળ બીજું જ છે. **પ્રાકૃતો** સાથે સરખાવતાં ઉચ્ચારણની બાબતમાં **અપભ્રંશ**માં ખાસ કોઈ ફરક નથી. બેચાર બાબતમાં સહેજસાજ પરિવર્તન દેખાય છે. તેનું ખાસ મૂલ્ય ન ગણાય. શબ્દકોશની બાબતમાં પણ એંશી-નેવું ટકા જેટલા શબ્દો **અપભ્રંશ** અને **પ્રાકૃત** વચ્ચે સમાન છે. માત્ર **દેશ્ય** શબ્દોનું પ્રમાણ **પ્રાકૃતો** કરતાં **અપભ્રંશ**માં વિશેષ છે, અને તેનું વલણ વધવા તરફ છે. પણ **અપભ્રંશ**નો લાક્ષણિક ગણી શકાય તેવો અંશ તે તેનું વ્યાકરણ છે. **અપભ્રંશ**માં નામ અને આખ્યાતના પ્રત્યયો **પ્રાકૃત** પ્રત્યયોથી જુદા છે; કેટલાક નવતર છે, તો કેટલાક પ્રાકૃત પ્રત્યયોથી ધ્વનિદૃષ્ટિએ વધારે વિકસિત ભૂમિકા રજૂ કરે છે. અને એ પ્રત્યયો ગુજરાતી, **પશ્ચિમી-હિંદી** વગેરે જેવી અર્વાચીન ભૂમિકાની ભાષાઓના જે પ્રત્યયો છે, તેમના પૂર્વજ જેવા જણાય છે. તેવી જ રીતે ભાષાબંધારણની દૃષ્ટિએ જોઈએ તોપણ **અપભ્રંશ** **પ્રાકૃતો**થી ઠીકઠીક ભિન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે. ભાષારૂઢિ કે વિચારોને વ્યક્ત કરવાની વિશિષ્ટ લઢણ, રવાનુકારી ને પ્રાસરંગી તત્ત્વોનું પ્રાબલ્ય, બંધારણ વ્યસ્ત બનવા તરફ જોર પકડતું વલણ વગેરે જોતાં **અપભ્રંશ** અર્વાચીન ભૂમિકાની ભાષાની વધારે નિકટ છે. આ હકીકતોનો નિષ્કર્ષ એ નીકળશે કે એક પક્ષે પ્રાચીન ઉચ્ચારણ ચાલુ રાખીને, અને બીજે પક્ષે **આભીરી** વગેરે દેશબોલીઓનું વ્યાકરણ લઈને જે વિશિષ્ટ ભાષા સાહિત્યરચના માટે વપરાવા લાગી તે **અપભ્રંશ** આ સાહિત્યભાષાની પ્રતિષ્ઠા વધતાં તે વિશાળ પ્રદેશ પર પ્રચલિત થઈ હોય એ ઘણું સંભવિત છે. આમ થતાં **અપભ્રંશ**ના પાયામાં રહેલા દેશ્ય અંશનું પ્રમાણ વધવા લાગ્યું; જુદી જુદી સ્થાનિક બોલીઓનો તેને પાસ લાગ્યો, અને એમ દેશભેદ પ્રમાણે અપભ્રંશભેદ સ્વીકારાવા લાગ્યા એવું જણાય છે.

પણ એટલું યાદ રાખવાનું છે કે આપણને મળતા **અપભ્રંશ** સાહિત્યમાં ભાષા સ્થૂળમાને એકરૂપ જ છે. જુદા જુદા પ્રદેશોમાં રચાયેલી **અપભ્રંશ** કૃતિઓની ભાષા વચ્ચે કેટલોક સૂક્ષ્મ ફરક છે ખરો. પણ તે ફરકની ઉપપત્તિ અમુક અંશે સમયને અનુસરીને થયેલા વિકાસને આધારે આપી શકાય તેમ છે, અને બીજો જે કોઈ ભેદ છે, તે એટલો સ્પષ્ટરેખ કે ચોક્કસપણે લાક્ષણિક નથી, જેને લઈને આપણે **અપભ્રંશ**ની જુદીજુદી બોલીઓ ગણાવી શકીએ. **હેમચંદ્ર** પણ **અપભ્રંશ**નું શિષ્ટમાન્ય એક જ સ્વરૂપ હોય તે રીતે તેનું પ્રતિપાદન કરે છે.[1] આધુનિક ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ **હેમચંદ્ર**પ્રતિપાદિત **અપભ્રંશ**માં આપણે બેચાર બોલીઓનાં લક્ષણોની ભેળસેળ હોવાનું કહી શકીએ. પણ **હેમચંદ્ર**ની દૃષ્ટિએ **પ્રાકૃતો**માં **શૌરસેની**, **માગધી**, **પૈશાચી** વગેરે વિશિષ્ટ વ્યક્તિત્વવાળા, જાણીતા અને સર્વમાન્ય ભેદો છે, તેવા કોઇ ભેદ **અપભ્રંશ**માં ન હતા એ નિ:શંક છે. પોતાના **કાવ્યાનુશાસન**માં હેમચંદ્રે **ગ્રામ્યાપભ્રંશ** કરીને એક **અપભ્રંશ**ભેદનો ઉલ્લેખ કર્યો છે, પણ તે તો શિષ્ટમાન્ય **અપભ્રંશ**ના વિરોધમાં, પુષ્કળ દેશ્ય તત્ત્વના મિશ્રણવાળી ભાષાને ઉદ્દેશીને હોય—'ગ્રામ્યાપભ્રંશ' એ સંજ્ઞા તેણે 'Vulgar Apabhraṁśa માટે વાપરી હોય—એમ સહજ સમાધાન કરી શકાય. **નાગર** **અપભ્રંશ** તરીકે જાણીતો **અપભ્રંશ** એ જ શિષ્ટમાન્ય **અપભ્રંશ** એમ આપણે સ્વીકારીએ તો '**નાગર**'ના વિરોધે '**ગ્રામ્ય**' સંજ્ઞાની યોગ્યતા ધ્યાનમાં બેસે.

ભાષાવિકાસની દૃષ્ટિએ **અપભ્રંશ**ની કેટલીક લાક્ષણિકતાઓ ખાસ ઉલ્લેખપાત્ર છે. શબ્દોના અંત્યાક્ષરને હ્રસ્વ કરવાનું વલણ, હ્રસ્વ

---

૧. આની વિસ્તૃત વિચારણા માટે જુઓ પ્રસ્તુત સંગ્રહમાં 'હેમચંદ્રીય અપભ્રંશનું સ્વરૂપ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऍं, ऑ, નાસિક્ય व्ँ અને અનુનાસિકનો બહોળો વપરાશ, સંયુક્ત વ્યંજનોમાં ઉત્તરાવયવ તરીકે રહેલા રકારને જાળવી રાખવાનું અને ક્વચિત રકારનો પ્રક્ષેપ કરવાનું વલણ—આટલી અપભ્રંશની ધ્વનિવિષયક લાક્ષણિકતાઓ છે. આમાંનું કોઈ કોઈ વલણ પ્રાચીન ગુજરાતીમાં ચાલુ રહ્યું છે. બીજું, પ્રત્યયો ઘસાઈ જતાં વિભક્તિઓ વચ્ચેનો સંભ્રમ વધતો ગયો અને અર્થબોધમાં મુશ્કેલીઓ ઊભી થવા લાગી, જેને પરિણામે વિશિષ્ટ વિભક્તિ-અર્થો દર્શાવવા, મૂળે સ્વતંત્રપણે વપરાતા શબ્દો—જેને 'અનુગો' કે પોસ્ટપોઝીશન્જ, post-positions કહે છે તે—અપભ્રંશમાં પ્રચારમાં આવ્યા. એ રીતે ભાષાનું સ્વરૂપ વ્યસ્ત—એનલીટીકલ, analytical—દશા તરફ આગળ વધતું ગયું. દેશ્ય શબ્દો અને પ્રાસરંગી તથા રવાનુકારી શબ્દો પણ મુકાબલે મોટા પ્રમાણમાં વપરાવા લાગ્યા. ઉપર કહ્યું તેમ ગુજરાતી-મારવાડી અને પશ્ચિમી હિંદીના ઘણા પ્રત્યયોનું મૂળ અપભ્રંશમાં મળે છે. એ ભાષાઓની વાક્યરચનાની લઢણો, રૂઢોક્તિઓ અને વિશિષ્ટ કહેવતો પણ બીજરૂપે કે વિકસિતરૂપે અપભ્રંશમાં જડે છે.

આપણે ઉપર જોયું કે અપભ્રંશના પાયામાં રહેલો દેશ્ય અંશ વૃદ્ધિ પામતો ગયો, એટલે વખત જતાં એ અપભ્રંશ અને બોલચાલની ભાષાઓ વચ્ચેનો ભેદ ભુંસાવા લાગ્યો, અને પાછળના સમયના અલંકારિકો અને વૈયાકરણો અપભ્રંશના અનેક પ્રકાર ગણાવવા લાગ્યા. આમાં અગીઆરમી સદીમાં થઈ ગયેલો ભોજ ગુર્જરોનો પોતાનો અપભ્રંશ હતો એવી નોંધ કરે છે. એટલે દસમી અગીઆરમી સદી સુધીમાં ગુર્જરો જે અપભ્રંશ વાપરતા હશે તેનું વ્યક્તિત્વ કેટલેક અંશે બંધાઈ ચૂક્યું હશે એમ આપણે અનુમાન કરી શકીએ. પણ એ ગુર્જર અપભ્રંશની વિશિષ્ટતા શી હતી, કઈ વિગતોમાં તે શિષ્ટમાન્ય અપભ્રંશથી કે અપભ્રંશના અન્ય પ્રકારોથી જુદો પડતો હતો એ જાણવાનું આપણી પાસે કશું સાધન નથી. આલ્સડોર્ફ અને યાકોબી એ વિદ્વાનોએ આ બાબત કેટલીક ચર્ચા કરી છે, પણ તેમની આધારભૂત સામગ્રી અધૂરી હોવાથી, તેમના નિર્ણયો વિશ્વસનીય નથી. હેમચંદ્ર ગુજરાતના હતા પણ તેમણે રચેલા અપભ્રંશ વ્યાકરણને 'ગુર્જર અપભ્રંશ' સાથે પ્રત્યક્ષપણે કશી લેવા દેવા નથી. કેમ કે પૂર્વાચાર્યો અને પૂર્વપ્રણાલીને અનુસરીને તેમણે બહુમાન્ય સાહિત્ય-પ્રયુક્ત ધોરણસરના અપભ્રંશનું વ્યાકરણ રચેલું છે. બોલચાલની ભાષાના સૂક્ષ્મ ભેદોનું અવલોકન કરી તેનું વ્યાકરણ રચવાનું વલણ આધુનિક છે. હેમચંદ્રીય અપભ્રંશમાં તત્કાલીન લોકબોલીની છાંટ આવી છે એ સાચું, પણ તે તદ્દન અજાણપણે. અપભ્રંશ બોલચાલની ભાષાની નિકટ હોવાથી, તેમાં થતું જતું સૂક્ષ્મ ક્રમિક રૂપાંતર તત્કાલીન લોકોની નજરે ચડે એ સંભવિત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં હમણાં જ કહ્યું કે હેમચંદ્રીય અપભ્રંશ પર તત્કાલીન લોકબોલીની છાંટ અજાણતા પડેલી છે. હેમચંદ્રીય અપભ્રંશમાંથી તારવી શકાતી ત્રણચાર વિગતો આવા પ્રભાવની દ્યોતક છે. પ્રથમ તો એ કે તેમાં પાંચ સાત શબ્દો એવા મળે છે જેમાં સંયુક્ત વ્યંજનને એકવડો કરવાનું ને સાથે કેટલીક વાર પૂર્વનો હ્રસ્વ સ્વર દીર્ઘ કરવાનું વલણ વ્યક્ત થાય છે. આગળ ઉપર આપણે જોશું કે આ વલણ લાક્ષણિક રીતે ગુજરાતી, હિંદી વગેરે અર્વાચીન ભૂમિકાની ભાષાઓમાં પ્રવર્તે છે. પ્રાકૃત અને અપભ્રંશ ભૂમિકાનાં શબ્દોમાં બેવડો વ્યંજન જળવાઈ રહે છે. બીજું, હેમચંદ્રીય અપભ્રંશમાં એક વાર કરંતુ એવું વર્તમાન કૃદન્તનું રૂપ વપરાયેલું છે તે પણ સૂચક છે. આ કરંતુ શુદ્ધ અપભ્રંશ करन्तु (करन्तउ) અને અર્વાચીન करतो, करता વચ્ચેની કડી જેવું છે. ત્રીજું, અને જે વાત પર ખાસ લક્ષ આપવાનું છે તે આ છે કે હેમચંદ્રીય અપભ્રંશમાં પ્રથમા એકવચનમાં ढोल्ला અને ढोल्लु એમ આકારાન્ત તેમજ ઉકારાન્ત બંને પ્રકારનાં રૂપો મળે છે. હવે અર્વાચીન ભૂમિકાની ભાષાઓના વિસ્તારિત અકારન્ત અંગોનું પ્રથમા એકવચનનું રૂપ આકારાંત થાય છે કે ઉકારાન્ત તેને આધારે બે જૂથ પાડી શકાય છે. જેમ કે હિંદી ઘોડા, ગુજરાતી ઘોડો. આ રીતે હેમચંદ્રીય અપભ્રંશના સમયથી જ એટલે કે ૧૨મી સદીથી જ આ રીતના ભિન્નભિન્ન વિકાસનાં બીજ વવાઈ ચૂક્યાં હોવાનું આપણે ચોક્કસપણે કહી શકીએ.

ગુજરાતીની પૂર્વભૂમિકા—કહો કે જનની—લેખે અપભ્રંશનાં ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપનો સહેજ વિસ્તારથી પરિચય આપવો પ્રાપ્ત થયો. પણ આપણે જાણીએ છીએ કે અપભ્રંશની ગુજરાતી, હિંદી જેવી અર્વાચીન ભૂમિકાની ભાષાઓ સાથે આંતરિક નિકટતા હોવા છતાં બાહ્ય દેહે એ એક માધ્યમિક ભારતીય-આર્ય ભાષા જ છે, જ્યારે ગુજરાતી વગેરે અર્વાચીન ભારતીય-આર્ય ભૂમિકાની ભાષાઓ છે. એટલે ગુજરાતીના ઉદ્ગમનો વિચાર કરતાં અર્વાચીન ભૂમિકાને માધ્યમિક ભૂમિકાથી જુદી પાડતાં મુખ્ય લક્ષણો કયાં કયાં છે તે આપણે તપાસી જવું પડશે.

અર્વાચીન ભૂમિકાનું તરત જ ધ્યાન ખેંચે તેવું એક લક્ષણ તે પૂર્વભૂમિકાના સંયુક્ત વ્યંજનોના પરિવર્તનને લગતું છે. સંસ્કૃત ભૂમિકાના સંયુક્ત વ્યંજનો, માધ્યમિક ભૂમિકામાં આવતાં સારૂય પામીને, પણ સંયુક્ત રૂપે જ જળવાઈ રહે છે. સં. कर्म નું પ્રાકૃત માં कम्म થાય છે. અપભ્રંશમાં પણ कम्म જ રહે છે. પણ અર્વાચીન ભૂમિકામાં એ બેવડા વ્યંજનોમાં ફેરફાર થાય છે. કેટલાક અપવાદો બાદ કરતાં, પૂર્વભૂમિકાના બેવડા વ્યંજનો અર્વાચીન ભૂમિકામાં એકવડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બને છે, અને તેમની પૂર્વનો હ્રસ્વસ્વર સ્વરભાર પ્રતિકૂળ ન હોય તો દીર્ઘ થાય છે. સંયુક્ત વ્યંજનોમાં પૂર્વાવયવ તરીકે અનુનાસિક વ્યંજન હોય તો, આગલો હ્રસ્વ સ્વર દીર્ઘ થવાની સાથે સાનુનાસિક પણ બને છે. कम्म નું અર્વાચીન ભૂમિકામાં काम થાય છે, અને पञ्च નું पांच. અર્વાચીન ભૂમિકાનું આ એક આગવું લક્ષણ છે.

અર્વાચીન ભૂમિકાનું બીજું લક્ષણ છે ભાષાબંધારણની વ્યસ્તતા. પ્રાકૃતમાં અને ઘણે અંશે અપભ્રંશમાં પણ નામ અને આખ્યાતનાં રૂપો પ્રત્યયો લગાડીને સિદ્ધ કરવામાં આવે છે, અને અંગ અને પ્રત્યય એકબીજા સાથે મળી જતાં એકરૂપતા ધરાવતો એક શબ્દ નિષ્પન્ન થાય છે. આને બદલે અર્વાચીન ભૂમિકામાં વિભક્તિ અર્થોને સૂચવવા માટે સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતા શબ્દોનો પ્રત્યયોની જગાએ ઉપયોગ થાય છે. અને એ અનુગો જેમને લગાડી શકાય તેવું એક સામાન્ય રૂપ (ઓબ્લીક ફોર્મ oblique form) અસ્તિત્વમાં આવ્યું છે, જ્યારે કાળના ભેદો વ્યક્ત કરવા માટે સહાયકારક ક્રિયાપદો પ્રચલિત થયા છે. એ રીતે અર્વાચીન ભૂમિકામાં સમસ્ત દશામાંથી પસાર થઈને વ્યસ્ત બનવાનું ઉત્કટ વલણ ઘણે ભાગે સિદ્ધ થઈ ચૂકયું છે.

આ પછી અજ્ઞાતમૂળનાં પુષ્કળ શબ્દોનો વપરાશ એ અર્વાચીન ભૂમિકાનું ત્રીજું લક્ષણ ગણાવી શકાય. આવા શબ્દોને પ્રાકૃત વૈયાકરણોએ દેશ્ય નામ આપેલું છે. દેશ્ય એટલે જે શબ્દો પ્રાકૃતમાં પ્રવર્તતા સામાન્ય ધ્વનિવલણોને આધારે સિદ્ધ ન થયા હોય, જે શબ્દોનું પૂર્વરૂપ સંસ્કૃતમાં કે તેની પૂર્વભૂમિકામાં ન જળવાઈ રહ્યું હોય, જે શબ્દો દ્રાવિડી વગેરે ભારતની આર્યેતર ભાષામાંથી અથવા તો ભારત બહારની પરદેશી જાતિઓની ભાષામાંથી આવ્યા હોય તે બધા. દેશ્ય અંશ પ્રાકૃત કરતાં અપભ્રંશમાં વધારે પ્રમાણમાં છે, પણ અર્વાચીન ભૂમિકામાં તો તેનું પ્રમાણ કયાંય વધી જાય છે.

આ દેશ્ય અંશની સાથેસાથ પ્રાસરંગી અને રવાનુકારી શબ્દોની પ્રચુરતાને અને સ્વરભારના પરિવર્તનને પણ અર્વાચીન ભૂમિકાની એક લાક્ષણિકતા લેખે ગણાવી શકાય.

આ બધી કસોટી જે ભાષા પાર કરે તે અર્વાચીન ભૂમિકાની ઠરે. પ્રાચીન ગુજરાતીની આરંભની કૃતિઓ વજ્રસેનસૂરિકૃત भरतेश्वर–वाहुवलि–घोर[1] (ઈ. સ. ૧૧૬૯ લગભગ) શાલિભદ્રકૃત भरतेश्वर–बाहुबलिरास (ઈ. સ.

---

૧. શોધ-પત્રિકા, માર્ચ, ૧૯૫૨, ૧૪૧–૧૪૭ (પ્રાચીન રાજસ્થાની કી એક મહત્ત્વપૂર્ણ કૃતિ)માં શ્રી. ભંવરલાલ નાહટા દ્વારા પ્રગટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૮૫), ધર્મકૃત જંબૂસામિચરિત્ર (ઈ. સ. ૧૨૧૦) અને વિજયસેનસૂરિકૃત રેવંતગિરિરાસુ (ઈ. સ. ૧૨૩૦ આસપાસ) છે. આ કૃતિઓની ભાષા ઉપરની કસોટીએ અર્વાચીન ભૂમિકાની જણાય છે. કવચિત નવમી દસમી સદીની અપભ્રંશમાં પણ કોઈ કોઈ શબ્દમાં બેવડા વ્યંજનને એકવડો કરવાનું ને તેની પૂર્વના હ્રસ્વ સ્વરને દીર્ઘ કરવાનું વલણ જોવા મળે છે. પણ ત્યાં આ વલણ પુટકળ શબ્દોમાં જોવા મળે છે, જ્યારે ઉપર્યુક્ત કૃતિઓમાં તે વ્યાપકપણે અને દૃઢમૂળ થયેલું જોઈ શકાય છે. તેવી જ રીતે અનુગોનો વપરાશ અપભ્રંશ ભૂમિકાથી જ શરૂ થઈ ગયો છે, પણ પ્રાચીન ગુજરાતીની ઉપર ગણાવેલી કૃત્રિઓમાં તેમનો ઉપયોગ બહોળા પ્રમાણમાં અને લાક્ષણિક રૂપે થયો છે. આમ પ્રાચીન ગુજરાતી બારમી સદીના ઉત્તરાર્ધમાં તો સાહિત્યભાષા તરીકે વપરાતી થઈ ગઈ હતી. ઉપરાંત આપણે ઉપર જોયું કે હેમચંદ્રીય અપભ્રંશને પણ અર્વાચીનતાનો પાસ લાગેલો છે. એ લક્ષમાં લેતાં બોલચાલના વ્યવહારમાં બારમી સદીના આરંભથી કે તે પહેલા પચીશ પચાસ વરસથી અર્વાચીન ભૂમિકા અસ્તિત્વમાં આવી ગઈ ગણાય.

આ ઈસવી બારમી સદીનો આરંભ એ ગુજરાતીના ઉદ્‌ગમ માટે આપેલી સમયમર્યાદા અભ્યાસદૃષ્ટિએ જ સાચી ગણાય. બાકી તો ભાષામાં અવિરતપણે પરિવર્તન થયા કરતું હોય છે. તેની ગતિ પ્રમાણમાં ધીમી અને સ્વરૂપ સૂક્ષ્મ અને ક્રમિક હોવાથી એ પરિવર્તન તત્કાલીન નજરે ચડતું નથી. ભાષા બોલનાર લોકોને તો પોતાની ભાષા સદાને માટે એક રૂપે જ બોલાતી હોવાનો ભ્રમ રહે છે. ઉચ્ચારણમાં પડતો જતો સૂક્ષ્મ ફરક, શબ્દોની ધીમે ધીમે બદલાતો જતી અર્થછાયા, પ્રચલિત શબ્દોનો વપરાશલોપ અને નવતર શબ્દોનો પ્રચાર, પ્રયોગોની ચડતીપડતી—આ પરિવર્તનોનો પેટાળમાં વહેતો પ્રવાહ ભાષા બોલનારના લક્ષની બહાર જ રહે છે. પણ પોણોસો કે સો વરસના અંતરે રહેલા બે ભાષાનમૂના તપાસતાં થયેલું પરિવર્તન આપણે તરત પકડી શકીએ છીએ. જેમ આપણી આંખ સામે સતત રહેતા માણસમાં થતો ફેરફાર આપણે કળી શકતા નથી, પણ દસપંદર વરસને અંતરે એકની એક વ્યક્તિને જોતાં તેનામાં થયેલો ફેરફાર તરત જ દૃષ્ટિગોચર થાય છે, તેવું જ ભાષાનું છે. આમ હોવાથી કોઈ પણ ભાષાના ઇતિહાસમાં અમુક ચોક્કસ સમયે આગલી ભૂમિકા પૂરી થઈ ને નવી ભૂમિકા શરૂ થઈ એમ કદી પણ ન કહી શકાય. પણ ભાષામાં થતા પરિવર્તનની ગતિ એકધારી નથી હોતી. ઐતિહાસિક કારણોને લઈને અમુક એક ગાળામાં ભાષામાં પ્રમાણમાં થોડા ફેરફાર થતા હોય છે, તો બીજો સમયનો ગાળો એવો હોય છે, જેમાં ભાષાના વિવિધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગોમાં વિપુલ પ્રમાણમાં પલટો આવે છે. જ્યારે પરિવર્તનનાં સંખ્યાબંધ વલણો અમુક સમયના ગાળામાં અપેક્ષાએ સ્થિર થયેલા જોવામાં આવે ત્યારે ભાષાની નવી ભૂમિકા સિદ્ધ થઈ એમ કહી શકાય. નવી ભૂમિકાની તુલનામાં આગલી ભૂમિકાના અનેક લક્ષણોની કાયાપલટ થઈ ગયેલી દેખાય છે. અને એક ભૂમિકા પૂરી થાય અને બીજી ભૂમિકા સિદ્ધ થાય તે વચ્ચે હંમેશાં સંક્રાન્તિનો ગાળો સ્વીકારવાનો હોય છે, જેમાં કેટલીક બાબતમાં આગલી ભૂમિકાનાં વલણો અને પાછલી ભૂમિકાનાં વલણો સાથેસાથ પ્રવર્તતાં હોય છે. એ દૃષ્ટિએ ઇસવી અગીઆરમી સદી લગભગથી ઉત્તર ગુજરાત અને મારવાડના પ્રદેશની બોલચાલની ભાષામાં અર્વાચીન વલણો પ્રબળ થયાં હોવાનું અને ઇસવી બારમી સદીમાં તે વલણો સ્થિર થયા હોવાનું આપણે માનીશું તો તે સયુક્તિક ગણાશે.

આપણી પાસે પ્રાચીન ગુજરાતીની ઠેઠ બારમી સદી લગભગની કૃતિઓ હોવાથી આપણે ગુજરાતીના ઉદ્‌ગમનો સમય કાંઈક ચોક્કસાઈ સાથે ઠરાવી શકયા. ઉત્તર ભારતની બીજી અર્વાચીન ભૂમિકાની ભાષાઓનું સાહિત્ય આટલું વહેલું નથી મળતું, કેમ કે સાહિત્યભાષા તરીકે રૂઢ થયેલી ભાષાને બદલે બોલચાલની ભાષા સાહિત્યરચના માટે વપરાય તેવું અસાધારણ સંજોગોમાં જ બને. અપભ્રંશ જેવી સદીઓથી પ્રતિષ્ઠિત સાહિત્યભાષાની તુલનામાં બોલચાલની ભાષા ગ્રામ્ય ગણાય, અને તેમાં સાહિત્ય રચવાનું કોઈની કલ્પનામાં પણ ન આવે. પણ અપભ્રંશમાં ક્રમેક્રમે 'ગ્રામ્ય' તત્ત્વોનું ભરણું થતું ગયું, એટલે શિષ્ટ અપભ્રંશની સાથેસાથ આ 'ગ્રામ્ય' તત્ત્વોવાળો—એટલે કે બોલચાલની ભાષાની સેળભેળવાળો ઉત્તરકાલીન અપભ્રંશ પણ સાહિત્યરચના માટે વપરાતો થયો. ઉપરાંત ગુજરાતના જૈનો (અને બૌદ્ધો)માં પહેલેથી જ સામાન્ય જનતાની ભાષામાં સાહિત્ય રચવાનો પ્રઘાત હોવાથી તેમણે અપભ્રંશની થોડીક છાંટવાળી લોકબોલીમાં જ સાહિત્ય રચવા માંડયું. પ્રાચીનતમ ગુજરાતી કૃતિઓ જૈન લેખકોની છે તેનું એક કારણ આ છે.

અહીં મારું વક્તવ્ય પૂરું થાય છે. સંશોધન, અભ્યાસ અને મનન માગી લે તેવા સાહિત્ય તરફ જ્યારે આપણે ત્યાં સર્વત્ર વધતોઓછો અનાદર કે ઉપેક્ષા પ્રવર્તી રહ્યાં છે, ત્યારે જ્ઞાનપ્રસારક મંડળી જેવી સંસ્થા પોતાની પરંપરા જાળવી રાખીને એવા વિષયોને લગતાં ભાષણો યોજી અભ્યાસને ઉત્તેજન આપી રહી છે ઘણું પ્રશંસાપાત્ર છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયુક્ત વ્યંજનના ઋજુભાવનો પ્રાચીનતમ પુરાવો

ગુજરાતી, પશ્ચિમ રાજસ્થાની, હિંદી, મરાઠી વગેરે જેવી કેટલીક અર્વા. **ભારતીય–આર્ય** ભાષાઓનું તેમની **અપભ્રંશકાલીન** પૂર્વ ભૂમિકાથી તેમને નોખી તારવનારું એક આગવું લક્ષણ એ કે આ ભાષાઓમાં આગલી ભૂમિકાનો સ્વરમધ્યગત સંયુક્ત વ્યંજન અમુક શરતોને અનુસરીને ઋજુભાવ પામે છે ને ઘણુંખરું એવા વ્યંજનની પૂર્વે રહેલો સ્વર મૂળે હ્રસ્વ હોય તો દીર્ઘ બને છે. આ લાક્ષણિકતા ગુજરાતી પૂરતી પહેલવહેલી ક્યારે દેખા દે છે એ બાબતની તપાસ કરતાં **ટર્નરે** આ વલણ ઈ. સ. ૧૩૦૦ની આસપાસમાં પ્રચારમાં આવ્યું હોવાનો મત દર્શાવેલો. **નરસિંહરાવે** તેમનાં **વિલ્સન–વ્યાખ્યાનોના** બીજા ગ્રંથના સોળમા પૃષ્ઠ પર આ વિષયની ચર્ચા કરી **ટર્નરે** આપેલી સમય-મર્યાદાથી પચીશેક વરસ પછી એ ઋજુભાવનું વલણ ગુજરાતીમાં વિકસવા લાગ્યું હોવાનું જણાવ્યું છે*. પણ હવે તો બારમી સદીના મધ્યની—એટલે અદ્યાવધિ ઉપલબ્ધ જૂની ગુજરાતી સાહિત્ય કૃતિઓમાં પ્રાચીનત— વજ્રસેનસૂરિકૃત **ભરતેશ્વર–બાહુબલિઘોર** આપણી પાસે છે, અને તેમાં સંયોગના ઋજુભાવનું વલણ આપણને અસંદિગ્ધ સ્વરૂપમાં જોવા મળે છે. એટલે બારમી સદીના પૂર્વાર્ધ પછીથી એ વલણે તત્કાલીન 'ગુજરાતીઓ'ની બોલીમાં વિકાસ–વિસ્તાર સાધવાનો આરંભ કરી દીધો હોવાનો મત સાધાર સ્થાપિત થયો ગણાય.

પણ થોડાક સમય પર પ્રકાશિત થયેલા એક **સંસ્કૃત** કથાગ્રંથમાં મળતા એક વિલક્ષણ શબ્દને આધારે આ મર્યાદા બસોએક સાલ હજી પણ આગળ ઠેલી શકાય એવું કાંઈક લાગે છે. આ. ને. ઉપાધ્યે સંપાદિત **હરિષેણાચાર્યકૃત બૃહત્કથાકોશ** વિસ્તૃત ને સંશોધનસમૃદ્ધ પ્રવેશક સાથે **સિંઘી જૈન ગ્રંથમાળાના** સત્તરમા ગ્રંથાંક તરીકે પ્રકાશિત થયેલો છે. પૃ. ૯૪–૧૧૨ પર કથાકોશમાં પ્રયુક્ત **સંસ્કૃત** ભાષાની લાક્ષણિકતાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. **જૈન** ગ્રંથકારોને હાથે મધ્યયુગમાં રચાયેલી ઘણીયે **સંસ્કૃત** સાહિત્યકૃતિઓની ભાષા **પ્રાકૃતના** તેમજ તત્કાલીન લોકબોલીઓના ગાઢ પાશવાળી છે, અને આથી વિદ્વાનોએ તેને **જૈન સંસ્કૃત** એવી વિશિષ્ટ સંજ્ઞા આપી છે. **કથાકોશની** ભાષામાં મળતાં

---

* ગુજરાતી લેંગ્વેજ એંડ લીટરેચર, **૧ ૧**, પા. ૩૬૧–૨ પર નરસિંહરાવ આ વલણ ઠેઠ **પાણિનિના સમય** પહેલાંથી બીજરૂપે અસ્તિત્વમાં હોવાનું કહે છે, પણ તેમાં તેમણે ભિન્ન-ભિન્ન સ્વરૂપનાં બે ત્રણ ધ્વનિવલણો વચ્ચે ગરબડ કરી નાખી છે; અને નીચે ચર્ચેલો શબ્દ તો ચોખ્ખો 'અર્વાચીન' છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા **જૈન સંસ્કૃત**નાં (એટલે કે **પ્રાકૃત** અને લોકબોલીઓની અસરવાળાં) શબ્દો, રૂપો, પ્રયોગો વગેરેની વિગતી નોંધ ઉપાધ્યેએ પ્રવેશકના ઉપર્યુક્ત વિભાગમાં આપી છે. આમાં એક વર્ગ એવા શબ્દોનો છે જેમાં **પ્રાકૃત** કે લોકબોલીના અમુક શબ્દના ઘટક ધ્વનિઓને, જે ધ્વનિવલણોને વશવર્તી **સંસ્કૃત**માંથી **પ્રાકૃ**તાદિ ભૂમિકામાં તે આવ્યા તે વલણોને આધારે ઊલટા બદલી, તે શબ્દનું **સંસ્કૃ**તીકરણ કરવામાં આવ્યું છે. ઉ. ત. **પ્રાકૃ**ત पाणहा કે વિસ્તારિત पाणहिआ શબ્દ 'પગરખાં'ના અર્થમાં જાણીતો છે ને તે **સંસ્કૃ**ત (उ) पानह्रू (સ્ત્રી.) પરથી આવ્યો છે. પણ पाणहिआની આ વ્યુત્પત્તિ પ્રત્યે દુર્લક્ષ થતાં, તે મૂળનો प्रा– **પ્રાકૃ**તમાં पा– તરીકે,–न्– એ –ण्– તરીકે ને –ता– એ –आ– તરીકે, આવતો હોવાના નિયમને આધારે 'પાછે પગલે' ચાલીને पाणहिआના **સંસ્કૃ**ત મૂળ તરીકે प्राणहिता (લૌકિક વ્યુત્પત્તિને આધારે 'પ્રાણ માટે હિતકર!') શબ્દ ઘડી કાઢવામાં આવ્યો, જે કથાકોશમાં 'ઉપાનહ્'ના અર્થમાં પ્રયુક્ત થયો છે! આ પ્રકારની પ્રતિઘડતર (બૅક-ફૉર્મેશન, back-formation)-ની પ્રક્રિયાને અવલંબીને સધાયેલા કથાકોશના શબ્દોમાં એક ખાસ ધ્યાનપાત્ર શબ્દ છે मात्सलिका (કથાનક ૧૦૬, શ્લોક ૭૮—दृष्ट्वा मात्सलिका भूमौ पतितास्तज्जटान्तरात्। "તેની જટાની અંદરથી માછલીઓ, ભોંય પર પડેલી જોઈને—"). ગુજ. શબ્દ **માછલી** સાથે સરખાવતાંવેંત સ્પષ્ટ થશે કે मात्सलिका પ્રતિઘડતરનું જ એક ઉદાહરણ છે. **સંસ્કૃ**ત मत्स्य- **પ્રાકૃ**તમાં मच्छ- રૂપે આવે છે. પછી अंधल–, पंगुल– વગેરેની જેમ સ્વાર્થિક –ल– ભળતાં થાય *मच्छल–, ને વિસ્તારિત સ્ત્રીલિંગ *मच्छलिया. હવે, કથાકોશનો मात्सलिका શબ્દ આ *मच्छलिया પરથી ન ઘડી શકાય, કારણ *मच्छलिया પરથી मत्सलिका જ પ્રતિઘડતર દ્વારા મળે, मात्सलिका નહીં. मात्सलिकाની જેમ, તેના પાયામાં રહેલા શબ્દમાં પણ मा– હોવો જોઈએ અને આ मा- मच्छलियाના मत्छ– અંશનું સંયોગ–ઋજુત્વ ને પૂર્વસ્વર–દીર્ઘત્વના વલણને આધારે माछ– થાય ત્યારે જ આવી શકે. **સંસ્કૃ**ત –त्स– નો **પ્રાકૃ**તમાં –च्छ– (वत्स– वच्छ– વગેરે) થતો હોવાથી પ્રતિઘડતરમાં माछली કે माछलियाના –छ– ને સ્થાને –त्स– મૂકતાં मात्सलिका શબ્દ બને. આમ मात्सलिकाના આધાર–શબ્દ તરીકે माछली કે माछलिया સિદ્ધ થતાં, माछ– અંશમાં મૂર્ત થતું ઋજુભાવ ને પૂર્વદીર્ઘતાનું વલણ કથાકોશકાર **હરિષેણ**ના સમયની લોકભાષામાં સક્રિય હતું એ અનુમાન સહજ બને છે. **હરિષેણ** ઘણું કરીને **વઢવાણ**નો રહેવાસી હતો અને તેણે કથાકોશની રચના ૯૩૧–૩૨ માં કરેલી. આથી દસમી સદીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરંભની "ગુજરાત"ની લોકબોલીમાં પૂર્વસ્વરના દીર્ઘીકરણ સાથે સંયુક્ત વ્યંજનના ઋજુભાવનું વલણ જાણીતું હતું એમ ફલિત થાય.

છેવટમાં એક આડવાતની નોંધ લઈ લઈએ કે અર્વા. ગુજ. શબ્દ **માછલી**ના અંત્યાંશમાં રહેલો -લ્- મૂળ તરીકે -લ્લ્- ની અપેક્ષા રાખે છે, કારણ મૂળનો -લ્લ્- જ અર્વા. ગુજ. માં -લ્- તરીકે આવી શકે, મૂળના -લ્- નો તો અર્વા. ગુજ.માં -ળ- થાય. એટલે मात्सलिकाના મૂળમાં રહેલો લૌકિક શબ્દ એકવડા લકારવાળો હોવાથી અર્વા. ગુજ. **માછલી**ના સીધા પૂર્વજ તરીકે તે ન હોઈ શકે, જ્યારે મરાઠી मासळीનો લકાર તેને मात्सलिकाના આધારભૂત શબ્દની વધારે નિકટમાં મૂકી દે છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી પ્રભાવ?

અર્વાચીન ગુજરાતી પરની અંગ્રેજીની અસર વિશે વિચાર કરતાં અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભૂમિકાઓને લક્ષમાં લીધા વિના આગળ જરા પણ ન વધાય. કારણ, જે કેટલાક પ્રયોગો અંગ્રેજીની અસર તળે આપણી ભાષામાં પ્રચલિત થયા હોવાનું સૂચવવા આપણે લલચાઈયે, તે પ્રયોગો અંગ્રેજીનો સંપર્ક થયો તે પહેલાં જ ગુજરાતમાં પ્રચલિત હતા કે કેમ તે પૂર્વભૂમિકાઓ તપાસ્યા વિના ન જાણી શકાય અને ત્યાંસુધી એ પ્રયોગો મૌલિક છે કે લીધેલા તેનો ચોક્કસ નિર્ણય ન થઈ શકે. ઉદાહરણ લેખે, આ વિષયમાં કરાયેલી એક સૂચનાત્મક નોંધને[1] આપણે તપાસીએ.

क. **એ વિવાદમાં હું ન ઊતરું** (ख. २) એવા શક્યાર્થ જેવા પ્રયોગને અંગ્રેજી 'I would not enter' જેવાની અસરનું પરિણામ ગણી વિદેશી કહેવાનું મન થાય; પણ પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભમાંથી નીચેનાં પ્રાચીન ગુજરાતી ઉદાહરણ જુઓ:

૧. **પાપ લાગઈ તેહ ભણી હૂં ન કરઉં** (પૃ. ૯૭, પં. ૧૧ ઇ. સ. ૧૪૦૧–૧૪૯૩).

૨. **એક બેટઓ આપણાઈ હાથિં લાલું-પાલું ઇસી ઈચ્છા ઊપની** (પૃ. ૭૪, પં. ૧૪–૧૫, ઇ. સ. ૧૪૦૧–૧૪૪૩).

૩. ચાલુ ભાષામાં સાદા ભવિષ્યના નઞર્થ (**હું લઈશ-હું નહીં લઉં**)માં આ જ પ્રયોગ સામાન્યપણે વપરાય છે. અર્થ જુદો છે પણ, બંનેનું (**હું ન લઉં, હું નહીં લઉં**) મૂળ એક છે. પ્રાચીન ભૂમિકામાં આ પ્રયોગ પણ જાણીતો છે: **હવઈં કોઈ મોટઉં રાજ્ય છાંડી દીક્ષા નહીં લિઈં** (પૃ. ૧૧૧, પં. ૫, ઇ. સ. ૧૪૦૧–૧૪૪૩).

૪. સંશયાર્થમાં આવાં રૂપો પ્રાચીન ગુજરાતીમાં સામાન્ય પ્રચારમાં હતાં, અને મૂળે વર્તમાનના અર્થમાંથી સંશયાર્થમાં વિકસિત થઈ આવા રૂપો અનિશ્ચિતતાની અર્થછાયાના એક વાર દ્યોતક બન્યા એટલે તેમાંથી ઉપર કહ્યો તેવો શક્યાર્થ કે વિધ્યર્થ જેવો ભાવ વિકસવો એ બહુ સ્વાભાવિક છે, અને ઘણી ભાષાઓમાં આવો વિકાસ થયેલો છે.

---

૧. અધ્યા. ડોલરરાય માંકડે ('ભાષા', વાણી, માગશીર્ષ, ૨૦૦૪) કેટલાક ગુજરાતી પ્રયોગો અંગ્રેજીની અસર નીચે આપણે ત્યાં પ્રચારમાં આવ્યા હોવાનું સૂચવેલું. તેની ચર્ચારૂપે લખાયેલી આ નોંધ સહેજ ફેરફાર સાથે અહીં આપી છે. 'પૂર્વપક્ષ' તરીકે લીધેલાં ટાંચણો શ્રી. માંકડના ઉક્ત લેખમાંથી છે. ઊડતીઅછડતી નોંધ તરીકે હોવાથી આમાં એકાદ હાથમાં આવ્યું તે સાધનનો જ ઉપયોગ કરેલો છે. દેસાઈટારીમાંથી વિશેષ સામગ્રી પૂરતી મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ख. **મારા જોવામાં કોઈ દોષ ન્હોતો** (ग. २.) એવા પ્રયોગોમાં સામાન્ય કૃદન્ત (**જોવા**) નામ તરીકે વપરાય છે તે પણ શુદ્ધ ગુજરાતી છે. એક ટાંચણ આપું છું :

છાંડવાઈ વાત આવી તઉ એકઈ વારઈ કાંઈ છાંડઈ (પૃ. ૧૧૪, પં. ૧૫–૧૬, ઈ. સ. ૧૪૦૧–૧૪૪૩). **પ્રાચીન** ગુજરાતી ગદ્યસંદર્ભમાં **ઔક્તિક પ્રકરણ**માં આ પ્રકારનાં ઘણાં ઉદાહરણો છે.

ग. દરેક **નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે અને સમજે**–આવામાં **ચેતે** ને **સમજે** જે ક્રિયાસ્થિતિના વિધિદ્યોતક ભાવના વાહક છે, તે પણ અંગ્રેજી પ્રભાવનું પરિણામ માનવું આવશ્યક બનતું નથી. ઉપર क. માં કહ્યું છે તેમ આવો અર્થવિકાસ ભાષામાં સ્વતંત્રપણે જ થાય છે. વળી **પ્રાચીન** ગુજરાતીમાં વર્તમાન **પહેલો** પુરુષ **બહુવચનમાં** વપરાતા મૂળે વિધિદ્યોતક રૂપના નઞર્થ પ્રયોગો (**યોગીનું અંન ન ખાઈયે**) પરથી અન્ય પુરુષોમાં પણ એવા પ્રયોગો પ્રચલિત થયા હોવાનું સમજી શકાય.

घ. સંકેતાર્થમાં **અપૂર્ણ** ભૂતકાળ (**તે બોલતો હોત**), પૂર્ણ ભૂતકાળ (**તે બોલ્યો હોત**) કે અભૂતાર્થક **ભૂતકાળ** (**તે બોલનાર હતો કે તે બોલવાનો હતો**) માટે પણ આપણે અંગ્રેજીનાં આભારી નથી. અંગ્રેજીના સંપર્ક પહેલાં વરસોથી એવા પ્રયોગ આપણી ભાષામાં સ્વતંત્રપણે પ્રચલિત થઈ ચૂક્યા હતા. એ નીચેનાં જેવાં ઉદાહરણો બતાવી આપે છે.

૧. **સ્વામી!** તું ધન્ય જિણિ તઈ હું ઊગારિઉ, **નહીં તુ તલારે હૂંતુ મારિઉ** (પૃ. ૧૪૦, પં. ૧૫–૧૬; ઈ. સ. ૧૪૨૨).

૨. **કરત, જાઓત, હુંત, લહત, પ્રામત** (પૃ. ૭૬, પં. ૭).

૩. **કરણહાર** વગેરે પ્રા. ગુજ. માં ખૂબ વપરાયેલાં છે, અને **મરાઠી** (**કરણાર**), **અવધી** (**કરણિહાર**) વગેરે સૂચવે છે કે એ **સામાન્ય** વારસાનાં હતાં.

ङ. **છતું, હુંતઉ** વગેરેના પ્રયોગથી સિદ્ધ થતાં સંયુક્ત કાળો **પ્રાચીન** ગુજરાતીમાં લાક્ષણિકપણે વિકસેલા હતા.

च. **શ્રીનેમિં સુખિઈં સ્વરૂપ જાંણી, એક બેટઓ આપણાઈં હાથિં લાલું-પાલું** ઇસી ઇચ્છા ઊપજી (પૃ. ૭૪, પં. ૧૪–૧૫). એવા વાક્યોમાંનો પ્રયોગ જોતાં, આપણા **નિઃશબ્દ આકાશ ક્યાં શરૂ થાય છે તે જાણવું પંડિતને પણ અઘરું પડત,** એમાં રહેલો વિશિષ્ટ પ્રયોગ પણ આપણે અંગ્રેજીમાંથી લીધો હોય એવી માન્યતાને નિરાધાર ઠરાવે છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્વનિવિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧–વ્યંજનનાશ* ?

ભાષાશાસ્ત્ર એક કૂટ ને ગહન શાસ્ત્ર હોવાનો જે ખોટોસાચો ખ્યાલ પ્રચલિત થયો છે તેનું એક કારણ એ શાસ્ત્ર વધારે પડતું અતંત્ર કે સ્વચ્છંદી હોવાની માન્યતા છે. બીજા શાસ્ત્રોમાં જે નિયમબદ્ધ ચોક્કસાઈ દેખાય છે તેનો અહીં ઘણાને અભાવ લાગે છે. અને આપણે ત્યાંનું ભાષાશાસ્ત્રીય સાહિત્ય જોતાં આ પ્રકારની માન્યતા કેમ બંધાઈ એ સહજમાં સમજાય એવું છે. આપણા અત્યારસુધીના એ વિષયને લગતા સાહિત્યની એક પ્રમુખ ખામી પ્રતિપાદન–પદ્ધતિની છે. શાસ્ત્રીય અભ્યાસ ને સંશોધનમાં પ્રતિપાદન–પદ્ધતિ ખૂબ જ અગત્ય ધરાવે છે. નિરીક્ષણાદિને આધારે ભેગી કરેલી સામગ્રીનાં વર્ગીકરણ અને આંતરિક સંઘટનાની નિર્દોષતા પર જ સર્વસ્પર્શી અંતિમ નિયમો ને સિદ્ધાંતોના સ્વરૂપનો તેમ જ તેમના મૂલ્યનો આધાર રહેલો છે. વર્ગીકરણ અને તારવણીમાં સ્વીકૃત પદ્ધતિ સામાન્ય નિયમોના સ્વરૂપનિર્ણયમાં અને પરિણામે હકીકતોની સાચી સમજમાં સૌથી મોટો ભાગ ભજવે છે. સૌ શાસ્ત્રોને લાગુ પડતી આ વાત ભાષાશાસ્ત્ર માટે સવિશેષ મહત્ત્વની છે કારણ કે અહીં ઝીણીમોટી પારાવાર વિગતો સાથે કામ કરવાનું હોવાથી ભાષાસામગ્રીના વર્ગીકરણ ને ગોઠવણી ઊચિત રીતે ન થતાં તેમાં કંઈ કચાશ રહી જાય તો સામાન્ય નિયમની તારવણીના માર્ગમાં અનેક અપવાદો કાંટાની જેમ ફૂટી નીકળે અને આથી વસ્તુસ્થિતિને મૂર્ત કરતા ચિત્ર પર જ્યાં ને ત્યાં ડાઘાડપકા દેખા દે. પ્રાકૃત વૈયાકરણોએ પ્રાકૃત ભાષાસામગ્રીનું જે રીતે પ્રતિપાદન કર્યું છે, તેમાં આવી કેટલીક કચાશ દેખાય છે, ને તેવું જ હેમચંદ્રગ્રથિત અપભ્રંશનું છે. ગુજરાતીના અભ્યાસની દિશામાં થયેલા પ્રયત્નોમાં અભ્યાસ પ્રારંભદશામાં હોવાને લીધે આવી ક્ષતિઓ વધારે પ્રમાણમાં જણાય એ સ્વાભાવિક છે. અહીં આપણે નરસિંહરાવનાં વીલ્સન ભાષાશાસ્ત્રીય વ્યાખ્યાનોમાંથી ચોથા વ્યાખ્યાનના તેરમા ઉત્સર્ગ વ્યંજનનાશ નો આ દૃષ્ટિએ વિચાર કરશું.[૧]

---

*પ્રતિપાદનપદ્ધતિ પુરાણી–કાંઈક અનાલોચક, 'અન્ક્રીટીકલ' uncritical હોવાને લીધે, કેટલાક પાયાના સિદ્ધાંતો દૂષિત હોવાને લીધે, આ વિષયનો અભ્યાસ ઘણી દિશાઓમાં આગળ વધ્યો હોવાને લીધે અને નવતર સામગ્રી ઉપલબ્ધ બની હોવાને લીધે, ગુજરાતી લેંગ્વેજ એંડ લીટરેચરમાં ગુજરાતીનો ભાષાશાસ્ત્રીય અભ્યાસ કરવાનો નરસિંહરાવે કરેલો સમર્થ પ્રયત્ન અનેક સ્થળે અને અનેક દૃષ્ટિએ કાળગ્રસ્ત બની ગયો છે. કેટલીક બાબતોમાં તેની શુદ્ધિ કે પૂર્તિ કરવાની દૃષ્ટિએ તૈયાર કરવા ધારેલી લેખનમાળાનો આ પહેલો લેખ. 'દંત્યોનો મૂર્ધન્યભાવ?', 'સ્વરમધ્યગત –ન્–' અને 'રકાર–પ્રક્ષેપ' એ પછી તૈયાર કર્યા હતા.

૧. નરસિંહરાવ, ઉક્ત ગ્રંથ, ૧, ૩૭૮–૩૮૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસની પદ્ધતિ વધારે ચોકકસ અને ઝીણવટભરી બનતાં જેમ હેમચંદ્રનું स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे એ વિધાન ખૂબ જ સ્થૂળરેખ બની જાય છે, તે પ્રમાણે જ આ ‘વ્યંજન–નાશ’નું[2] છે. વ્યંજનો ખાસ પ્રયોજન વિના વધારે પડતી ઊડાઊડ કરે[2] એ સ્વાભાવિકપણે જ ચોંકાવનારી વાત ગણાય; કારણ આથી ‘શાસ્ત્ર’ના આત્મા ‘શાસન’—નિયમબદ્ધતા—પર સીધો ઘા પડે છે. ભાષાશાસ્ત્રની થિયરી આવી ઘટનાથી અજાણ છે. એટલે અહીં એ બતાવવા પ્રયાસ કર્યો છે કે ‘વ્યંજનનાશ’ના આ દોઢેક કોડી દાખલાઓમાંથી કેટલાક કોઈ જાણીતા સામાન્ય નિયમને આધારે તો કેટલાક જુદી જ રીતે વ્યુત્પાદ્ય હોઈ તેમને સમજાવવા માટે કોઈ અસાધારણ પ્રક્રિયાની કલ્પના કરવાની જરૂર રહેતી નથી, જ્યારે બીજા કેટલાકમાં વ્યંજન—એટલે કે અક્ષર—લોપાયો છે ખરો પણ તે એક ધડાકે નહીં, બે ત્રણ ક્રમપ્રાપ્ત સાધારણ પ્રક્રિયાઓને વશવર્તીને. આવી રીતની સમજૂતી જેમને લાગુ નથી પડતી એવો પણ એક શેષભાગ રહે છે. પણ બીજા દાખલાઓની સમજૂતીના પ્રકાશમાં આપણે કહી શકીએ કે આધારભૂત સામગ્રી વધારે પ્રમાણમાં બહાર આવતાં ને સંશોધન વિસ્તૃત બનતાં તે શેષશબ્દોની સંખ્યા પણ વધુ ને વધુ નાની થતી જશે.[3]

અહીં એક બે વસ્તુ સ્પષ્ટ કરવાની જરૂર છે. વ્યુત્પત્તિના વિષયમાં **ખાલી** તર્કને માટે ખૂબ જ ઓછું સ્થાન છે. નિર્બંધ તર્કમૂલક વ્યુત્પત્તિની બાબતમાં બેચાર તુલ્યબળ વિકલ્પો સૂચવવા શક્ય હોઈ, તેમાંથી કયો સાચો એનો નિર્ણય કરવાનું કોઈ સાધન ન હોવાથી તેમને શાસ્ત્રીય ગણતરીની બહાર રાખવી એ જ યોગ્ય છે. બીજું, અમુક ધ્વનિવિકારની કલ્પના કરતાં તેમનું સમર્થન વ્યાપકપણે પ્રચલિત ધ્વનિવલણો દ્વારા અને તેતે **ધ્વનિવલણોની સ્થળ-કાળની મર્યાદાઓને પૂરતી લક્ષમાં લઇને કરવું જોઈએ,** ન છૂટકે જ વિરલ ધ્વનિપરિવર્તનો કે ધ્વનિવ્યાપારોની સહાય લેવી ઘટે. આ વાત બધી

---

૨. નરસિંહરાવે પોતે જ આ ઉત્સર્ગનું પ્રતિપાદન કરતાં શરૂઆતમાં જ સ્પષ્ટ કર્યું છે કે એ ઉત્સર્ગ નીચે ચર્ચેલા શબ્દોમાં માત્ર વ્યંજન નહીં પણ સસ્વર વ્યંજન એટલે કે અક્ષરનો લોપ થાય છે. પણ તેમના માનવા પ્રમાણે વ્યંજનલોપ એ મુખ્ય અને તેમાં રહેલા સ્વરનો—ઉદ્‌વૃત્ત સ્વરનો—લોપ એ વ્યંજનલોપનું એક અનુષંગી ફળ હોવાથી પ્રસ્તુત પ્રક્રિયાને તેમણે ‘વ્યંજન-નાશ’ નામ આપેલું છે. પણ આવો ભેદ પાડવો એ કૃત્રિમ છે અને વિશિષ્ટ શરતો નીચે જોવામાં આવતી આવી પ્રક્રિયા ‘અક્ષરલોપ’ તરીકે જ ભાષાશાસ્ત્રમાં જાણીતી છે.

૩. નરસિંહરાવ નીચે ચર્ચ્યા શબ્દોમાં ‘વ્યંજનનાશ’ થતો હોવાની બાબતમાં સંભાવનાનું આછુંપાતળું પડ પણ ઊભું કરી શક્યા તેનું એક કારણ એ કે આમાંથી કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ મુકાબલે ઘણી સંકુલ કે હજી અસ્પષ્ટ રહેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યુત્પત્તિચર્ચાને લાગુ પડે છે, અને આ વિષયના દરેક અભ્યાસાર્થીને માટે મુદ્રાલેખ જેવી છે.

'વ્યંજનનાશ'નાં આ ઉદાહરણોમાંથી

૧. (૮) **લીલમ**, (૨૪) **કલવો**, ને (૨૬) **બંગી** એની વ્યુત્પત્તિઓ માટે **નરસિંહરાવ** પોતે પણ વધતાઓછા સાશંક હોવાથી આપણે તેમને સ્પર્શ્યા વિના જ છોડી દઈએ.

૨. (૧૦) એ ખરેખર અક્ષરલોપની પ્રક્રિયા રજૂ કરે છે, પણ તેની પાછળ ચોક્કસ નિયમ રહેલો છે. *वर्षशासन–वरषशासन–वरषासन (**વરખાશણ**, **વરશાસન**)માં અનુક્રમે ઉચ્ચારાતા બે શકારમાંથી એક ઉચ્ચારસારલ્ય ખાતર લોપાય છે. આવા સમીપસમીપમાં આવતા બે ધ્વનિમાંથી એકનો લોપ—'સધ્વનિ-લોપ'[૪] કે હૅપ્લૉલૉજી, haplology—ની પ્રક્રિયા દરેક ભાષામાં જાણીતી છે.

૩. (૧), (૨), (૩), (૧૮), (૨૧), (૨૩), (૨૫) એ સંખ્યાંકોવાળા શબ્દો **નરસિંહરાવે** આપ્યા છે તે કરતાં જુદા જ મૂળશબ્દોમાંથી ઊતરી આવેલા છે.

(૧) **નરસિંહરાવે** दाक्षिणकः–दहिणउ–**ડાહ્યો** એવો વિકાસ આપ્યો છે. આમાં બે અસાધારણ ફેરફારોની કલ્પના કરવી પડે છેઃ णનો 'નાશ'ને दक्षिणના આદિ दનો ड **થવો**.

ડાહ્યોની વ્યુત્પત્તિ ઘણી સંકુલ અને ચિંત્ય અવસ્થામાં છે. છતાં તેનો સંબંધ दक्षिण–ને બદલે સં. दग्ध– સાથે હોય એ ઘણું સંભવિત છે.[૫] સં. दग्ध **પ્રાકૃત**માં दग्ध કે दड्ढ બને છે. આમાંનો આદિ द વિકલ્પે ड પણ ઉચ્ચારાતો, કારણ કે સં. दह ને दश्‌માંથી ઊતરી આવેલાં આખ્યાતિક રૂપો, કૃત્–અંતી રૂપો વગેરે **પ્રાકૃત**માં डादि તેમજ दादि રૂપે દેખાય છે (दक्षिणની બાબતમાં પણ આવું બન્યું હોવાનો કોઈ પુરાવો નથી). એટલે સં. √दाह्–ના પ્રા. डाह्–પરથી ભૂ. કૃ. डाहिउ તેમજ डाहियउ (કે બીજા કેટલાક ભૂ. કૃની અસર નીચે **ડાહઉ**)ને પછી **ડાહ્યું** બન્યું હોય.

---

૪. 'અઘડઘટ્ટો' લાગે છે છતાં આ શબ્દ યોજ્યો છે, કારણ haplology માટે સામાન્યતઃ પ્રચલિત 'સવર્ણલોપ' સામે વાંધા બેઃ (૧) 'વર્ણ' લિખિત સંકેતનો વાચક છે, ઉચ્ચારપ્રાપ્તનો નહીં; (૨) 'સવર્ણ' શબ્દ homorganic અર્થમાં રૂઢ છે.

૫. ટી. એન. દવે : એ સ્ટડી ઑવ્ ધ ગુજરાતી લૅંગ્વેજ, A Study of the Gujarati Language—સૂચી, डाहउ શબ્દ નીચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાં दक्षिण–નો ફાળો કંઈ પણ હોય તો તે, **દવે સૂચવે** છે તેમ પ્રા. दाहिण–ના दाह् અંશ પૂરતો જ. **અરબી દાહી** ' સમજુ 'નો પણ પ્રભાવ પડ્યો હોય.

અર્થદૃષ્ટિએ **ડાહ્યો**ના दग्ध– સાથેના સંબંધ માટે સરખાવો સં. विदग्ध–, **અર્ધદગ્ધ** ને **દાધારંગું** = ' દાઝ્યા ' જેવા રંગનું = ' અધગાંડું. '

(૨) **આસો** શબ્દ आश्विनक– ઉપરથી નહિ પણ अश्वयुज् પરથી આવેલો છે.[૬] अश्वयुज्–,વિસ્તારિત अस्सोय–,અપ. आसोय–,ગુ. **આસો.** અહીં પણ વ્યંજનનાશનો સવાલ ઉપસ્થિત નથી થતો.

(૩) उदासीन– પરથી **ઉદાસ** આવ્યો હોય એ બરાબર છે. પણ તેમાં **न**–લોપ કલ્પવાની જરૂર નથી. ગુજરાતીમાં **ઉદાસ–ઉદાશ** ઉપરાંત **ઉદાસી** શબ્દ પણ વપરાય **છે.** આ સૌને સમજાવવાનો એક સીધો રસ્તો છે. उदासीन– તત્સમ તરીકે જૂની ગુજરાતીમાં વપરાતો થયા પછી, અમુક ભૂમિકાએ, ગુજરાતી શબ્દના અંત્ય અકારનું ઉચ્ચારણ નબળું પડી ઘસાઈ જવા લાગ્યું તે સ્થિતિએ उदासीनને બદલે उदासिन् એ ઉચ્ચારણ પ્રચલિત થયું હોય. આથી એ શબ્દ **સંસ્કૃત** इन्–અંતી શબ્દો (જેવા કે करिन्ने स्वामिन्) જેવો ગણાઈ જતાં તેમની જેમ તેનું उदासी એવું સાદૃશ્યમૂલક સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હોય, અને આ उदासी આગળ જતાં **ઉદાસ, ઉદાશ** બને.

(૧૮) **નોતરું નર**સિંહરાવે निमंत्रणकम् પરથી સાધ્યો છે. અહીં (૨૩) **અંતરાશ**=अंतराशन પણ ઉમેરીએ. આ બંને શબ્દો ગુજરાતીમાં ઊતરી આવતાં મૂળમાંના –अन– પ્રત્યયમાંથી –न– લોપે **છે** એવું **નર**સિંહરાવનું માનવું છે. આમાં કાવ્યભાષામાં વપરાતો **દરસ**=दर्शन પણ ગણવાય. કે. હ. **ધ્રુવે** પણ આવાં એચાર ઉદાહરણો ક્યાંક (કદાચ **ભાલણ–કાદંબરી** ના ટિપ્પણમાં) નોંધ્યાં હોવાનું સ્મરણ છે. આ સૌ માટે જુદી જ સમજૂતી આપવાની છે. તદ્દન જાણીતું છે કે **સંસ્કૃત**માં ક્રિયાવાચી નામો સાધતો જેમ –अन– એ કૃત્પ્રત્યય છે, તેમ બીજા –अ–,–आ(સ્ત્રી.) વગેરે પણ તે જ પ્રકારના પ્રત્યયો છે, જેમ કે बोधन–बोध–,काङ्क्षन–काङ्क्षा વગેરે. **અપભ્રંશ** ભૂમિકા આવતાં આ સ્થિતિ કેટલીક બાબતમાં તો જળવાઈ રહી છે, ને જે આખ્યાતિક અંગો **સંસ્કૃત**માં –अन– પ્રત્યય લેતાં હતાં તે એ **અપભ્રંશ**માં પણ –अण– લે છે, ને જે અંગો –अ– કે –आ લેતાં હતાં તે એ જ પ્રત્યયોને જાળવી રાખે છે. પણ સાથે સાથે એવાં પણ પુષ્કળ ઉદાહરણો મળતાં આવે છે, જેમાં મૂળે –अन– પ્રત્યયથી ક્રિયાવાચી નામ

૬, જુઓ દવે, आसो શબ્દ નીચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવતું આખ્યાતિક અંગ સાથેસાથે કે બદલીમાં હવે તે હેતુ સાધવા માટે -अ- (પું. કે સ્ત્રી.) પ્રત્યયનો ઉપયોગ કરે છે. गमु (=गमन-), अत्थमु(=अस्तमन-), उट्ठ સ્ત્રી. (=उत्थान-,), बईस સ્ત્રી. (=उपवेशन-) ઇત્યાદિ ઘણાઘણા શબ્દો નોંધી શકાય. આ જ પ્રમાણે नि+मन्त्र् પરથી અપભ્રંશમાં अ-પ્રત્યયાન્ત નામ સધાતાં તે પરથી ગુજરાતી **નોતરું** આવી શકે. **દરસ**નું પણ તેમ જ છે. **અંતરાશ** ગુજરાતીમાં સ્ત્રીલિંગ છે (**અંતરાશ જવી**). એ જ તેને अंतराशन- સાથે સાંકળવા આડે આવીને ઊભે છે. °अन-ને બદલે °आ-પ્રત્યયાન્ત નામ પરથી તે ઊતરી આવ્યું હોય એ દેખીતું છે. એટલે આ બાબતોમાં પણ 'વ્યજનનાશ' જેવું કાંઈ નથી. **અંતરાશ**ને બદલે કાઠિયાવાડ (ગોહિલવાડ) માં **આંતરાશ** શબ્દ વપરાય છે તેમાંના **આંતર°** અંશનો સંબંધ સં. अवान्तर° સાથે હોય.

(૨૧) **દી**ને दिवस- પરથી લાવવાની જરૂર નથી. **અ**પભ્રંશમાં दिव- કે दिय- 'દિવસ' (સર૦ વૈદિક द्यु-दिव) ને दिवें दिवें, दिविदिवि 'દિવસે દિવસે' (સર૦ વૈદિક दिवेदिवे) જાણીતા છે. એક તો **હેમચંદ્ર**માં જ **મળે** છે. આ दिय- પરથી दी આવ્યો હોય. બીજી રીતે સં. दिवस-, મા.ભાઆ. दियह-,પ્રા. ગુજ. **દીહ**, અંત્યાક્ષરના સ્વરનું ઉચ્ચારણ નબળું પડતાં, અને હકાર લુપ્ત થતાં **દી**-, એમ પણ સિદ્ધ થાય. **નરસિંહરાવ** ધારે છે તેમ **કદી**માં પણ આ જ **દી** છે.

(૨૫) **શોક્ય**ને सवत्ती (=सपत्नी) પરથી અવતારવા સામે **નર**સિંહરાવ એ વાંધો રજૂ કરે છે કે **હિંદી**માં सवतनी એ પ્રમાણેના વિશ્લેષમૂલક પૂર્વસ્વરૂપ-માંથી સંધાયેલો सवतन શબ્દ છે તો ગુજરાતી શબ્દ सवत्तीમાંથી કેમ સધાય ! પણ જુદી જુદી સહજન્ય ભાષાઓમાં જુદાજુદા અંગોમાંથી સહજન્ય શબ્દો ઊતરી આવતા હોવાની હકીકત ભાષાશાસ્ત્રમાં તદ્દન સામાન્ય છે. **અને** આમેય शोक्यने सवतनी સાથે સાંકળવામાં સ્વર-વ્યંજનોની અસાધારણ કસરતો કેટલી કરવી પડે છે ! વસ્તુરૂપે મળતા सवत्तीને બાજુએ હઠાવી વિશ્લેષમૂલક सवतनीની કલ્પના કરીએ, એકવડા -त- નો -क- થયો હોવાનું નિરાધાર (बीक ને भीतिनो સંબંધ એક ક્ષણ પણ ટકી શકે તેવો નથી) અનુમાન કરીએ, ને અંત્ય -नीનો न् ઊડી જતાં જતાં પોતાના ईને આગલા त (કે क्क?) પર ઠેલતો જાય છે જેમાંથી शोक्यनी અંત્ય यश्रुति સિદ્ધ થઈ છે એવું નિરુપાયે સમાધાન કરીએ—આટલી આટલી ફલાંગો ભરીએ ત્યારે જ सवतनीમાંથી **શોક્ય** મળે. ને આ બધું શા માટે? તો કહે છે કે **હિંદી**માં सवतन છે માટે ! પણ **હિંદી**માં सौतन (सौतनि, सौतिन) ઉપરાંત सौत પણ છે. એ ઉપરથી સમજી શકાય કે सौत પરથી જ **ઇન-અન** એ સ્ત્રીલિંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યય સાદૃશ્ય-બળે લઈને સૌતન વગેરે થયા છે. સવત્તી સાથે શોક્યનો સંબંધ સ્વાભાવિકતાથી જ જોડાય તેવું છે.

૪. (૩), (૬), (૧૬), (૧૯), (૨૦), (૨૨), (૨૫), એ સંખ્યાંકવાળા શબ્દો સામાન્ય ધ્વનિવિકારોને આધારે જ સમજાવી શકાય તેવા છે.

કંકુ. સં. कुंकुम- અપભ્રંશ ભૂમિકામાં પ્રચલિત ધ્વનિવલણને અનુસરી कुंकुवु, ઉત્તરકાલીન અપભ્રંશમાં અંત્ય ઉકારના પૂર્વવર્તી व् કે वँ નો લોપ થતાં कुंकुउ ને પછી ગુજરાતી ભૂમિકામાં कंकु એમ उ-અંતી અંગ તરીકે સ્વાભાવિક નિયમોને વશ વર્તીને ઊતરી આવેલું છે. એટલે -म એકાએક 'ઊડી' નથી ગયો, પણ ક્રમે ક્રમે ઘસાઈ ગયો છે.

पीरसवुं (કે परीसवुं)ના અર્થમાં નરસિંહરાવે पीसवुं આપ્યો છે, તે બોલીભેદે વપરાતો હોવાનું ધારીએ અને તો, તેમાંયે રકાર સીધો લોપાયો છે એમ માનવાની જરૂર નથી. ગુજરાતીની મધ્યકાલીન ને તે પછીની ભૂમિકામાં અમુક શરતો નીચે શબ્દાન્તર્ગત રકારને પૂર્વાક્ષર સાથે ભેળવી દેવાનું સ્પષ્ટ વલણ જોવામાં આવે છે, જેમ કે सोव्रण (= सोवरण = सौवर्ण =), सम्रथ (=समरथ=समर्थ) વગેરે. ચારણી ભાષામાં આ વલણ ખૂબ પ્રબળપણે દેખાય છે. આને અનુસરીને परीसवुं પરથી प्रीसवुं આવે[1]. ને પછી पीसवुं થયું હોય. સરખાવો, પીમળ<પ્રિમલ<પરિમલ, વગેરે.

चणियो અર્થદૃષ્ટિએ चरण સાથે સંકળાયેલો હોઈ મૂળમાં चरणियो હોય એ નરસિંહરાવનું સૂચન બરોબર છે. પણ તેમાં યે -र- બારોબાર ગુમ થતો નથી. અર્વા. ગુજરાતીમાં શબ્દાન્તર્ગત રકાર બોલીભેદે જુદાજુદા વિકાર પામે છે. નરસિંહરાવે પહેલા ગ્રંથનાં પા. ૪૬૦-૪૬૧ પર ण કે ड (તેમજ ळ)નો પૂર્વવર્તી र લુપ્ત થઈ તેને સ્થાને -य- આવતાં હોવાનો ઉત્સર્ગ આપેલો છે. આવા જ સંજોગોમાં કાઠિયાવાડી (ગોહિલવાડી)માં લોપાતો -र- જો -ण- કે -ड- નો પૂર્વવર્તી હોય તો જ લુપ્ત થાય છે ને બાકી રહેલો કણસ્વર अ ઉચ્ચારાય છે (બારણું-બાઅણું, દોરડું—દોઅડુ) એવો નિયમ છે. પણ આમાં એક પેટા-નિયમ છે કે શબ્દ જો ચાર અક્ષરનો હોય અને -र- પછી આવતો -ण- અંત્ય નહીં પણ ઉપાંત્ય અક્ષરે હોય તો -र- તેમજ તે સાથે સંપૃક્ત કણસ્વર -अ- એમ બંને લુપ્ત થાય છે, ને રના લોપની કોઈ પણ નિશાની રહેતી નથી—ખરેખર 'વ્યંજનનાશ' થાય છે (આ ઘટના નબળા

---

૧. પ્રાચીન ગુજરાતીમાં એ વપરાયો પણ છે : 'ગોપમાત્રને પ્રીસે હરી'—દશમસ્કંધ, (પ્રેમાનંદ) ૨૩-૭૦, પૃ. ૧૫૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી ત્વરિત ઉચ્ચારણને આભારી છે). દા. ત. **ખાણિયો=ખારણિયો, પણવું=પરણવું** બરાબર આ જ રીતે **ચણિયો=ચરણિયો** ને તે જ પ્રમાણે **અંબોડો–અંબોરડો, કંડિયો=કરંડિયો** અંગ્રેજીમાં warm વગેરેના **વૉઅમ** ઉચ્ચારમાં સંયોગના પૂર્વ ઘટક તરીકે રહેલા ર્ નો લોપ થઈ તેને સ્થાને દ્રુતતર કે કણસ્વર **અ** જેવું ઉચ્ચારાય છે તે આ સાથે સરખાવવા જેવું છે. **બજાવુર્દન** સાથે **બજાવવું** નો સીધો સંબંધ બાંધવામાં કશો બાધ નથી દેખાતો. એટલે **બજલાના** ને વચ્ચે લાવી લ–લોપ થયો એમ માનવું અનિવાર્ય નથી બનતું. **દસ્તક**નું પણ તેવું જ છે. મૂળ **દસ્તખત**માંથી **દસ્ત**નું ત્વરિત ઉચ્ચારણમાં **દસ** (સરખાવો **સોગંદ–સોગન, હરગોવિંદ=હરગોવન** વગેરે) થાય ને આ **દસખત**નું **દસ્કત.**

બાકી રહેલામાંથી કેટલાક માટે બીજો વિકલ્પ રજૂ કરી શકાય તેવું છે, તો કેટલાકનું મૂળ સાવ અગોચર હોવાથી તેમની વ્યુત્પત્તિ નિશ્ચિત સ્વરૂપે સ્થાપિત કરવા માટે વધારે પુરાવાની અપેક્ષા રહે છે. એટલે બીજી સાધન સામગ્રી બહાર ન આવે ત્યાંસુધી એ સૌ ચિંત્યકોટીમાં આવે છે. તેમાં **કલવો**ને લગતી ચર્ચામાં એક દૂષિત વ્યુત્પત્તિ શુદ્ધિ માગી લે છે. **કલવો** ઉપરાંત **કરમલડો, કલમલડો, કરમલો** એ સૌને **નરસિંહરાવે** कल्यवर्त– સાથે સાંકળ્યા છે. પણ करम्भ–, करम्ब– શબ્દ **સંસ્કૃત**માં 'દહીં ભેળવેલો આટો કે અન્ન' એ અર્થમાં સુવિદિત છે, અને આ અર્થથી 'દહીંભાત' અર્થ જરાયે દૂર નથી. ઠેઠ **ઋગ્વેદ**માં પોલા દાંતવાળા પૂષન્ દેવના करम्भाद् 'દહીં ભેળવેલો આટો કે ઘેંસ ખાનાર' એ પ્રસિદ્ધ વિશેષણમાં એ શબ્દ મળે છે. **નરસિંહરાવે** कल्यवर्त-માંથી વ્યુત્પન્ન કરેલા कलवो સિવાયના ઉપરના બધા શબ્દો આ करम्ब– માંથી સહેલાઈથી મળી રહે છે. करम्ब– વિસ્તારિત થતાં करंबो (**વિમલપ્રબંધ**માં પ્રયુક્ત); **લીમ-ડો, ગોવન-જી** વગેરેમાં થયું છે તેમ થતાં પછી करमो, સ્વાર્થિક °ल ભળતાં करमलो કે (ત્વરિત ઉચ્ચારણમાં) कर्मलो, વળી સ્વાર્થિક °ड થી વિસ્તાર થયો એટલે करमलडो ને પશ્ચાદ્ગામી સારૂપ્ય (રીગ્રેસીવ ઍસીમીલેશન, Regressive Assimilation)ને વશવર્તી °ल° ની અસર નીચે આગલા 'र्°નો °ल°' થતાં कलमलडो—એમ करम्ब– શબ્દમાંથી જ આખો યે પ્રપંચ રચાયેલો છે.

આમ 'વ્યંજનનાશ' **નરસિંહરાવે** ધારેલા સ્વરૂપમાં એક ઉત્સર્ગ તરીકે અવાસ્તવિક ઠરે છે.

આમાં તેમ જ અન્યત્ર અમુક સ્વર, વ્યંજન કે અક્ષર લુપ્ત કે વિકૃત થવાની સ્થૂળ ઘટના પોતે ભાષાના ધ્વનિવિકાસ પર કશો પ્રકાશ નાખી શકતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. ખાલી એની નોંધમાં કશું સ્વારસ્ય નથી. જે ભાર મૂકવાનો છે તે એવા લોપ કે વિકાર પાછળ કયું બળ કામ કરી રહ્યું છે—એ લોપ કે વિકાર કયા ધ્વનિવ્યાપારોના પરિબળનું પરિણામ છે એના પર જ. કેમકે ઉપલક દૃષ્ટિએ એકની એક લાગતી લોપ કે વિકારની પ્રક્રિયા ભિન્ન ભિન્ન કારણોને આભારી હોય છે. એકનું એક લાગતું પરિવર્તન, તપાસ કરતાં કોઈ વાર સારૂપ્યનું પરિણામ હોય, તો કોઈવાર સધ્વનિલોપનું તો વળી બીજી કોઈ બાબતમાં સ્વરભારનું. એટલે સ્થૂળ પરિણામની પાછળ કયો મનોવ્યાપાર, કયું ધ્વનિબળ કામ કરી રહ્યું છે, તેની તપાસ જ સ્થાને છે, એટલે 'વ્યંજનનાશ'ના નામ નીચે સાવ જુદાં જ બળોના પ્રભાવ નીચે સિદ્ધ થયેલા શબ્દોનો શંભુમેળો ઉચ્ચારણના સ્વરૂપ પર કશો વિશિષ્ટ પ્રકાશ ન નાખી શકે. कर्मन् પરથી **કામ** થયું તેમાં મૂળનો –र्– લુપ્ત થયેલો દેખાય છે. **ચરણિયો** અને **ચણિયો** સરખાવતાં **ચણિયો**માં પણ ર–કારનો લોપ છે. સ્થૂળ પરિણામ સરખું છે, પણ એ પરિણામ લાવનાર પ્રેરક બળો તદ્દન જુદાં છે. कर्मन्–**કામ**માં સંયુક્ત વ્યંજનોના સારૂપ્યના વ્યાપક **માધ્યમિક ભારતીય–આર્ય** વલણ પ્રમાણે –र्म– એ વ્યંજનસ્તબકમાંથી અર્ધસ્વર –र्– નું ઉચ્ચારણ દબાઈ જઈ –म्म्– પરિણમે છે, જ્યારે **ચરણિયો**માંથી **ચણિયો** થયો તે એ ધ્વનિસંદર્ભમાં र् કારનું ઉચ્ચારણ ગુજરાતીમાં નબળું પડી ઘસાઈ ગયું અને અવશિષ્ટ દ્રુતતર अ—કણસ્વર **અ**—સ્વરભારની અસર નીચે લુપ્ત થયો એ ક્રમે. એટલે જુદાજુદા વ્યાપારોને પરિણામે સિદ્ધ થયેલા શબ્દોને એક જ નિયમ નીચે ભેગા કરવામાં ઉઘાડો જ પદ્ધતિદોષ છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨—દંત્યોનો મૂર્ધન્યભાવ* ?

ગુજરાતી **લૅંગ્વેજ ઍંડ લીટરેચર**[૧]ના ચોથા વ્યાખ્યાનના ત્રીજા વિભાગનો ૨૧મો ઉત્સર્ગ દંત્યોના મૂર્ધન્યભાવનું પ્રતિપાદન કરે છે (પૃ. ૪૫૩–૪૫૫). આ ઉત્સર્ગ હાથ ધરતાં **નરસિંહરાવે** પ્રાસ્તાવિક રૂપે બે શબ્દો કહ્યા છે. દંત્યનો મૂર્ધન્ય કરવાનું વલણ **પ્રાકૃત**માં હતું ને **હેમચંદ્ર**ના **પ્રાકૃત વ્યાકરણ**ના અમુક સૂત્રો આ જ પ્રક્રિયાને લગતાં છે (પણ આ પ્રક્રિયા ગુજરાતીનાં મૂળરૂપ **પ્રાકૃત**ભેદને અજ્ઞાત હતી એ બાબત આગળ ઉપર એક ઉલ્લેખ આવશે). પોતાના પ્રતિપાદનપૂરતી તેમણે આટલી મર્યાદા સ્વીકારી છે: **પ્રાકૃત** કે **અપભ્રંશ**મા ન મળતાં હોય અને ગુજરાતીમાં જ ખાસ જોવામાં આવતાં હોય તેવાં ઉદાહરણોની નોંધ લેવી. આ રીતે તેમણે વીશેક જેટલાં ગુજરાતી શબ્દોમાં આ ધ્વનિવલણ પ્રવૃત્ત થયેલું હોવાનું સ્વીકાર્યું છે. પ્રસ્તુત નોંધનો આશય એટલું બતાવવાનો છે કે **નરસિંહરાવે** ટાંકેલા શબ્દોમાંથી બેચાર બાદ કરતાં બાકીના (૧) કાં તો જુદી જ રીતે વ્યુત્પન્ન થતા હોઈ આ ઉત્સર્ગ નીચે આવી શકતા નથી, (૨) કાં તો તે **પ્રાકૃત–અપભ્રંશ**માં જે શબ્દોમાં મૂર્ધન્યભાવનું વલણ પ્રતીત થાય છે તે જ અથવા તો તેમની સાથે નિકટપણે સંબદ્ધ છે ને એટલે ગુજરાતીપૂરતી એમની કોઈ વિશિષ્ટતા નથી, (૩) અથવા તો તેમની વ્યુત્પત્તિ એટલી શંકાસ્પદ છે કે કોઈ શાસ્ત્રીય નિર્ણય બાંધવા માટે તેમનો સામગ્રી તરીકે ઉપયોગ કરવો શક્ય નથી.

આ વર્ગો આપણે વારાફરતી લઈએ.

વર્ગ (૧): જુદી રીતે વ્યુત્પાદ્ય શબ્દો.

૧ ઝટ—પ્રા झत्ति, સં. झटिति (**નરસિંહરાવ**ના મતે) ખરી રીતે:

(૧) સં. झटिति = झट् + इत्ति.

(૨) સં. झट् > પ્રા. झ–, સં. इति > પ્રા. त्ति, આથી સં. झटित्ति > પ્રા. झत्ति.

(૩) ગુજરાની ‘ઝટ’ નો સંબંધ સીધો સંસ્કૃત શબ્દ સાથે છે. સં. झट्‌નું ભારસૂચક ઉચ્ચારણ *झट्ट થયું (સરખાવો **ચોખ્ખું**, **પક્કું**, **લુચ્ચું**, વગેરેમાં રહેલી વ્યંજનોની ભારદર્શક દ્વિરુક્તિ), અને અર્વાચીન ઉચ્ચારણ ‘ઝટ’. આવી જ રીતે ગુજ. **મઘમઘવું**, **થરથરવું**, **તડતડવું**, વગેરે રવાનુકારી શબ્દોને પ્રા. महमहइ, थरहरइ, तडयडइ, વગેરે સાથે સરખાવતાં ગુજ. શબ્દોમાં મૂળરૂપ જળવાયેલું હોવાનું જોઈ શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ મ્હોટું—महत्ताउँ–महन्तउँ–महत्कम् (**નરસિંહરાવના** મતે; વધારેમાં જુઓ : પા. ૪૨૫–૪૨૯). ખરી રીતે :

(૧) महत्तउ(પું.)માંથી '**મહેતો**' આવ્યો છે.

(૨) લોકબોલીઓમાં કુત્સાવાચક કે લઘુતાવાચક અને છેવટે સ્વાર્થિક ટ્ટ° (વિસ્તારિત, ट्टय) પ્રત્યય વપરાશમાં હતો. ગુજ. **પાક-ટ, ફોક-ટ, બળક-ટ, ચોર-ટો, ભામ-ટો, જોગ-ટો,** ગોર-ટો[1] (ગોરો), **લીંટી,** (<*लिहट्टिया <लेखा+*ट्टिका) વગેરેમાં ને **હિંદી છોટા,** મરાઠી **तीखट,** વગેરેમાં તે જળવાઈ રહ્યો છે. એ પ્રમાણે સં. महत्> પ્રા. मह; मह+ट्टयं=*महट्टयं > महुट्टुं–महोटुँ '**મ્હોટું**', '**મોટું**'.

૩ ભાંડુ—સં. बंधु– કે बान्धव– માંથી (**નરસિંહરાવના** મતે).

(૧) આમાં ब નો भ्, ध् નો द् ને પછી ड् એવા એવા વિચિત્ર ધ્વનિ-પરિવર્તનોની નિષ્કારણ કલ્પના કરવી પડે છે. આ જ વસ્તુ આ વ્યુત્પત્તિને કાઢી નાખવા માટે પૂરતી છે.

(૨) '**વસુદેવહિંડી**' વગેરે પ્રાકૃત ગ્રંથોમાં पुत्तभंडइं 'છોકરો ને છોકરી', 'છોકરાં' અર્થમાં પ્રયુક્ત થયેલો છે. આમાં पुत्त– (पुत्र–) ને भंड– (भाण्ड–) એ બે અવયવો છે. ઉપરાંત भंड– દેશી શબ્દ તરીકે 'दौहित्र' અર્થમાં હેમચંદ્રે નોંધેલો છે. કુમારપાલપ્રતિબોધ (૧૩ મી સદી)માં भाइहण्ड– વપરાયો હોવાનું **પાઈઅસદ્દમહણ્ણવો** નોંધે છે.

આ भंड– સાથે દેખીતો જ આપણા **ભાંડુ**નો સંબંધ છે. **ભાંડરડાં, ભાઈભાંડુ**માં અર્થફેરે તે મળે છે. ગુજરાતી શબ્દ ઉકારાંત હોવાથી પૂર્વરૂપ *भंडुय– હોવાનું સૂચવી શકાય. આથી આગળ જવા માટે વિશેષ સામગ્રી જોઈએ.

૪ રડવું—સં. रुद्–(**નરસિંહરાવના** મતે).

ખરી રીતે :

૧ **રડવું** સં. रट्–'બૂમ પાડવી' એ ધાતુમાંથી અર્થપરિવર્તન પામી નિયમપ્રમાણે ઊતરી આવ્યો છે.

૨ આ જાતનો જ અર્થવિકાસ અંગ્રેજી 'ક્રાય' (cry) 'બૂમ પાડવી' 'રડવું'માં થયેલો છે. 'બૂમ પાડવી'—'દુઃખની બૂમ પાડવી'—'રડતાં બૂમ પાડવી'—'ઊંચેથી રડવું'—'રડવું' આવો અર્થવિકાસ સહજ છે.

૫ મડદું—ફા. मुर्देह (**નરસિંહરાવના** મતે).

---

૧. 'કૃષ્ણ શરીરે શ્યામ હળધર ગોરટા', પ્રેમાનંદ, દશમસ્કંધ, ૮–૩૧. 'ગોરટી', ૩૩–૯૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વ્યુત્પત્તિ તો બરાબર છે. જે ધ્વનિપ્રક્રિયા દ્વારા **મડદું** સિદ્ધ થયો છે, તેને મૂર્ધન્યભાવ સાથે કાંઈ સંબંધ નથી. સંયુક્ત વ્યંજનના આદિ ઘટક તરીકે –ર– હોય ત્યારે અથવા તો કવચિત છૂટક રૂપે શબ્દાંતર્ગત હોય ત્યારે તેનો –ड– થવાનું વલણ જાણીતું છે. આનાં **અરધું—અડધું**, द्वादशाक्षरिका **બારાખડી**, पर्देह—**પડદો** વગેરે ઉદાહરણો છે. અને **નરસિંહરાવે** જ ચોથા વ્યાખ્યાનના ત્રીજા વિભાગના ૨૮ મા ઉત્સર્ગમાં આ ઘટનાની નોંધ લીધેલી છે. (પા. ૪૫૯–૪૬૦), એટલું જ નહીં ત્યાં પણ मुर्देह—**મડદું** એ ઉદાહરણનો સમાવેશ કરેલો છે! સંભવ છે કે શરતચૂકથી **મડદું**માંના –ड–નો સંબંધ मुर्देहના –द– સાથે હોવાનું તેમના મનમાં હોય.

૬ **ડાંડો—ડાંડિયો** વગેરે—સં. दण्ड– (**નરસિંહરાવના મતે**).

આ વ્યુત્પત્તિ પણ સાચી છે. પણ આમાં આદિ द्– નો ड्–પાછળના ड्ની અસર નીચે થયો છે. એટલે કે

पूगफलं–पोप्फलं—**ફોફળ.**
विह्वलं–विब्भलं–भिंभलु–રાજસ્થાની **ભીભળ.**
विभूति–बिभूति–**ભભૂત.**

વગેરે પ્રમાણે અહીં સારૂપ્યના નિયમ ને અનુસરી પાછળના વ્યંજન પ્રમાણે આગલો વ્યંજન પલટાયો છે. એટલે दण्डक:–**દાંડો** માં દંત્યનો મૂર્ધન્ય થયો એ એક અકસ્માત કે ગૌણ વસ્તુ છે. એમ તો पोप्फलं–'ફોફળ' વગેરેમાં અલ્પપ્રાણનો મહાપ્રાણ થયો છે. એટલે આમાં જેના પર ભાર મૂકવાનો છે તે સારૂપ્યનો નિયમ છે, નહિ કે દંત્યનો મૂર્ધન્યભાવ. બીજી રીતે કહીએ તો दण्ड–ના दकारના ઉચ્ચારણમાં ક્રમશઃ પરિવર્તન થઈ ને તે डकार તરીકે નથી ઉચ્ચારાતો થયો, પણ અમુક સમયે પાછળના डकारની અસર નીચે આગળના दकारનું સ્થાન डकारे સીધેસીધું લઈ લીધું છે.

નીચે વર્ગ (૨)ના શબ્દોમાંથી પહેલા પ્રકારના આ સારૂપ્યને આધારે જ સધાયા છે.

વર્ગ (૨). પ્રાકૃત–અપભ્રંશ ભૂમિકામાં જ મૂર્ધન્યભાવ સિદ્ધ થયો હોય તેવા શબ્દો.

પ્રાકૃત–અપભ્રંશમાંનાં મૂર્ધન્યભાવનાં ઉદાહરણો બે પ્રકારનાં છે: જેમાં ઇતર મૂર્ધન્ય ધ્વનિઓ (ખાસ કરીને રકાર–ऋकार)ની અસર નીચે મૂર્ધન્યતા નિષ્પન્ન થઈ છે તેવાં અને જેમાં દેખીતા કારણ વિના જ તે નિષ્પન્ન થઈ છે તેવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળે તો રકાર વગેરેની અસર નીચે દંત્યોને મૂર્ધન્ય ઉચ્ચારવાનું વલણ ગુજરાતી જે પ્રાકૃતભેદમાંથી ક્રમે ઊતરી આવી છે તેમાં ન હતું, એટલે એ દૃષ્ટિએ આવા બધાયે શબ્દો ગુજરાતીના ઉદ્ભવ પહેલાં કેટલાયે સમયે બીજી કોઈ બોલીમાંથી અપનાવેલા છે એમ સિદ્ધ થાય છે.[1]

૭ છીંડું–छिद्दउं—छिद्रकं (નરસિંહરાવના. મતે).

મૂર્ધન્યતા રકારની અસર નીચે. પ્રાકૃત સાહિત્યમાં छिड्ड– ને छिंडी જાણીતા છે તે પાઇઅસદ્દમહણ્ણવો જોતાં જણાશે.

૮–૯ અઢી ને દોઢ.

મૂળમાં અંશ તરીકે રહેલા સં. अर्धनो र् મૂર્ધન્યતાનો ઉત્પાદક છે. પ્રાકૃતમાંજ अड्ढाइज्ज– અને दिवड्ढ– શબ્દો પ્રચલિત હતા.

૧૦ દાઢ.

दंष्ट्रा પરથી પાલિમાંજ दाठा થયો છે. પછી પ્રાકૃતમાં નિયમ પ્રમાણે दाढा.

નરસિંહરાવે ન નોંધેલાં ત્રાઠવું (त्रस्त– પરથી નામધાતુ) વગેરેનો અહીં સમાવેશ કરી શકાય.

૧૧–૧૨–૧૩ એકઠું एकस्थकं, ઠરવું—स्थिर– સાથે સંબદ્ધ (નરસિંહરાવ કહે છે તેમ ખોટા સામ્યને આધારે નહીં, પણ નામધાતુ તરીકે—જો કે પા. ૨૬૮–૨૬૯ પર આ સંભાવનાને વિકલ્પે તેઓ સ્વીકારે છે.) અને ઊઠવું–નું મૂળ उद्+√स्था—આ સૌમાં स्था– ધાતુ રહેલો છે, અને પ્રાકૃતમાંજ તે વિકલ્પે √था– કે √ठा– તરીકે વપરાતો. આથી આ વિકલ્પ તેમાંથી સાધિત શબ્દોમાં પણ દેખાય છે. આમ આમાં પણ કોઈ નવું વલણ નથી.

૧૪ ડાહ્યો—दक्षिण– (નરસિંહરાવના મતે).

આગલા લેખમાં દર્શાવ્યું છે તેમ આ શબ્દનો સંબંધ સં. ધાતુ √दह्– સાથે જોડવો વધારે ઉચિત છે. અર્થવિકાસ માટે અર્ધદગ્ધ, દાધારંગો ટાંકી શકાય. दह्નો પહેલો વ્યંજન પ્રાકૃતમાંજ डकार રૂપે મળે છે. પ્રેરક दाह्– પરથી डाह–. તેનું કર્મણિ ભૂ. કૃ. डाहिउ (डाहियउ) કે डाहउ; પછી ડાહ્યું : આવો ક્રમ હોય. આ સાથે એ પણ નોંધવું જોઈએ કે અરબીમાં દાહી ‘સમજુ’, ‘બુદ્ધિમાન’ એવો એક શબ્દ છે.

---

૧. જુઓ ટર્નર, ગુજરાતી ફોનોલોજી–કે. કા. શાસ્ત્રી અનુવાદિત, ‘ગુજરાતી સ્વરવ્યંજન–પ્રક્રિયા’ § ૪૩ : ‘ગુજરાતી એવા પ્રકારના ભાષાયૂથમાંની છે કે જેમાં રની હાજરીએ દંત્ય વ્યંજન દંત્ય વ્યંજન તરીકે જ રહેવા પામ્યો છે, અને આવી સ્થિતિમાં મૂર્ધન્ય થયેલો સાંચવતા શબ્દોને વહેલાંના કે મોડેના ઉછીના ગણવા જોઈએ.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ સાંડશી—संदंशिका.

નરસિંહરાવે જ સ્વીકાર્યું છે કે √ दंश्–નું **પ્રાકૃતમાં** √ डंश– થતું હોવાથી આ શબ્દને ગુજરાતીના વિશિષ્ટ વલણનો દ્યોતક ગણવો જરૂરી નથી.

વર્ગ (૩). અતિશય શંકાસ્પદ વ્યુત્પત્તિઓ.

આ વ્યુત્પત્તિઓમાં સ્વરવ્યંજનોના એવા વિચિત્ર ને અસાધારણ પલટાઓની કલ્પના કરવાની રહે છે કે તેમનો સામગ્રી તરીકે ઉપયોગ કરીજ ન શકાય. જરા અર્થની સમાનતા હોય અને ધ્વનિઓનું અરધુંપરધું સામ્ય હોય એટલે બે શબ્દો વચ્ચે મૂળ–સાધિતનો સંબંધ બાંધી દેવામાં **વોલ્ટેરના** કટાક્ષનું જ સમર્થન થાય કે વ્યુત્પત્તિચર્ચામાં વ્યંજનોની ફાવે તેમ ફેરબદલી થાય ને સ્વરોની તો ગણતરીજ નહીં.

૧૬ ઓપટી–સં. आपत्ति (**નરસિંહરાવના** મતે).

આમાં –प्– નો નિયમપ્રમાણે –व्– કેમ ન થયો તેનો ખુલાસો કદાચ્ચેય શબ્દને અર્ધતત્સમ ધારી આપી શકાય, પણ आ–નો ओ– થયો જાણ્યો નથી.

૧૭ ઘાંટી—સં. घात– (**નરસિંહરાવના** મતે).

घात– પરથી **ઘા** આવ્યો છે. આ સિવાય વિશિષ્ટ વિકાસ થયો હોય એમ ધારવા માટે પૂરતો આધાર હોય તોજ સૂચન કરવું ઉચિત.

૧૮ મઠો—સં. मथितं (**નરસિંહરાવના** મતે).

मथितं પરથી **મહી** ‘દહીં’ આવ્યું છે. તેમાંથી વળી **મઠો** એ વ્યુત્પન્ન કરવા જતાં इयं નો ओ અથવા તો નપું.નું પુલ્લિંગ થયાની કલ્પના કરવી પડે છે.

સં. मृष्टकंમાંથી **મીઠું** આવ્યો છે, मृष्ट–નો એક અર્થ ‘રાંધેલું, સંભાર ભરેલું’ એવો પણ થાય છે; –ऋકારનો –अ– પણ થાય છે. **પ્રાકૃતમાં** मट्ठ–‘લીસું’ ‘ચીકણું’ એ અર્થમાં દેશ્ય તરીકે નોંધાયેલો છે. તો मृष्टकः–मठ्ठओ—પછીથી **હિંદી મટ્ઠા, ગુજ. મઠ્ઠો, મઠો** એ રીતે કેમ ન સાધવો? આથી હું નવી વ્યુત્પત્તિ નથી સૂચવતો, પણ ઉપરની જેમ એક કલ્પના મૂકું છું. વધારે વિચાર કરી બીજું કોઈ વળી આથી જુદી ત્રીજીજ સંભાવના રજૂ કરે. પુરાવાઓ વિના એકેને ગણનામાં લેવી ઉચિત નથી.

૧૯ મીંડું—સં. बिन्दु– (**નરસિંહરાવના** મતે).

આમાં ગુજરાતી શબ્દનું અંગ વિસ્તારિત અકારાંત છે, મૂળશબ્દ ઉકારાંત છે. સંસ્કૃત ઉઅંતી શબ્દો જે સ્વાર્થિક –क થી વિસ્તાર ન પામ્યા હોય તો ગુજરાતીમાં –અઅંતી બને છે (मधु–**મધ**), ને વિસ્તાર પામ્યા હોય તો उ–અંતી (બેવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-क- લાગ્યો હોય તો -અવઅંતી) બને છે. (वधूका-**વહુ**, लघुक—**હળુ**, लघु+क+क- **હળવું**). આમ **મીંડું** નું મૂળ ઉકારાંત શબ્દ હોવાની સંભાવના ઓછી છે. વળી બ્-નો મ-થયો હોવાનું ગળે ઉતારવા માટે એવાં બીજાં ઉદાહરણોની પણ અપેક્ષા રહે છે. પાન ૩૧૮ પર **નરસિંહરાવે** આ વ્યુત્પત્તિ પર નોંધ આપતાં સ્પષ્ટ કહ્યું છે કે આ સાધના અનિશ્ચિત છે, અને માત્ર એક તર્ક તરીકે જ તે રજૂ કરી છે. પણ આવી કોઈ મર્યાદાનો ઉલ્લેખ 'દંત્યોના મૂર્ધન્યભાવ'ના ઉત્સર્ગના એક ઉદાહરણ લેખે **મીંડું** શબ્દ આપતાં તેમણે કર્યો નથી. **નરસિંહરાવની** વ્યુત્પત્તિચર્ચામાં આવું કેટલેય સ્થળે બન્યું છે. અમુક એક ધ્વનિપરિવર્તનના ઉદાહરણ તરીકે આછીપાતળી સંભાવના સાથે એક શબ્દ રજૂ કરવામાં આવે; પછી એ વ્યુત્પત્તિ નિશ્ચિત હોય એ રીતે તેનો બીજા કોઈ ધ્વનિનિયમના સમર્થન માટે ઉપયોગ કરવામાં આવે. એક અધકચરી અટકળ બીજીની સમર્થક બને ને એમ અટકળની ઇમારત ઊભી થાય ત્યારે તેને શાસ્ત્રીય તપાસનો સહેજ ધક્કો વાગતામાં જ તે કકડભૂસ કરતી પડે તેમાં શી નવાઈ?

૨૦. **ટીલું**—સં. तिलकं (**નરસિંહરાવના** મતે).

આ વ્યુત્પત્તિ સામે વાંધા બે: એક તો મૂળનો હ્રસ્વ નિષ્કારણ દીર્ઘ થયો એમ માનવું પડે છે, અને બીજું મૂળમાં લ્ એકવડો હોવા છતાં તેનો ળ્ થવાને બદલે લ જ કેમ રહ્યો તેનો ખુલાસો નથી મળતો.

તલ (तिल-) ('તેલ'ની અસર?), **કોયલ** (कोकिला-) વગેરે કેટલાક શબ્દોમાં લકારની આવી જ સ્થિતિ છે એ ખરું. વળી ગુજરાતીમાં એવા કેટલાક શબ્દો છે—દા. ત. **થાન**, **જાડું**, **વાંદરો** વગેરે—જેમાં મૂળનો એકવડો વ્યંજન તરત નજરે ચડે તેવા કારણ વિના જ બેવડાયો હોય અને પછીથી તેનો ઋજુભાવ થતાં આગળનો હ્રસ્વ સ્વર દીર્ઘ બન્યો હોય. એ રીતે **ટીલું** અને तिलकंનો સંબંધ બાંધી શકાય ખરો, પણ વચગાળાનું પરિવર્તન દર્શાવતાં રૂપો મળે ત્યારે જ આ વ્યુત્પત્તિ અસંદિગ્ધ બને. અથવા તો અંતે આપેલા કેટલાક ગુજ. શબ્દોની જેમ આમાં પણ લકારની અસર નીચે મૂર્ધન્યભાવ સિદ્ધ થયો હોય.

બાકી રહેલામાં **ડગલો** (<तुर्की दगलेह) પરભાષાનો શબ્દ હોવાથી તેના ધ્વનિઓનું વિશિષ્ટ કે વિકૃત ઉચ્ચારણ સમજી શકાય તેમ છે. **ડગલો** એક જ નહીં **ડાયરો**, **ડખલ**, **ડબ્બો**, **ડફ**, **ડાઘ**, **ડેલી**, **ડાઘલું**, **ડાલ** વગેરે ઘણાયે દ-થી શરૂ થતા ફારસી-અરબ્બી શબ્દોનો આદિ વ્યંજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીમાં મૂર્ધન્ય ઉચ્ચારાય છે. અંગ્રેજીના દંત્ય ધ્વનિઓ પણ અવાળુને સ્પર્શીને ઉચ્ચારાતા હોવા છતાં આપણે તેમનો મૂર્ધન્ય ઉચ્ચાર કરીએ છીએ.

૨૧ છેવટે **જેટલું, તેટલું** વગેરે રહે છે.

૧. મુગ્ધાવબોધ-**ઔક્તિક** (૧૩૯૪)માં **જેતલઉં, તેતલઉં** મળે છે. પછીથી **જેટલું-તેટલું** વપરાતા થયા છે.

૨. **નરસિંહરાવ** માને છે કે આ **જેટલું-તેટલું**નો સંબંધ **સિદ્ધહેમ** ૮-૨-૧૫૭ માં આપેલા जेत्तिल-, तेत्तिल- સાથે છે. પણ ગુજરાતી શબ્દોમાંનો લકાર મૂળમાં ल (બેવડો -ल्ल-) હોવાની અપેક્ષા રાખે છે. **સિદ્ધહેમ** ૮-૪-૪૦૪, ૪૩૫ માં **જેટલો-તેટલો**ના જ અર્થમાં **અપભ્રંશ** जेत्तुलो-तेत्तुलो આપેલા છે, ત્યાં એક પાઠાંતર તરીકે जेत्तुल्लो-तेत्तुल्लो પણ છે. આ ઉપરથી **અર્વાચીન ગુજરાતી જેટલો-તેટલો** (પ્રાંતિક **જેટ્યલ્યો-તેટ્યલ્યો**) મૂળે जेत्तिल्लय-, तेत्तिल्लय- હોવાની અટકળ થાય.

આ શબ્દોમાં તેમજ નીચેના જેવા બીજા કેટલાક શબ્દોમાં વિશિષ્ટ ધ્વનિવિકાસ થયો હોવાનું આપણે સ્વીકારવાનું રહે છે.

૧. પ્રાચીન ગુજ. **નિટોલ** (અપ. नित्तुल्लउ, સં. निस्तुल्य-?)* 'નક્કી'.

૨. **વ્યંઢળ** : મૂળ बृहन्नला; અપ. विहन्दलु.

૩. '**હીંડોળો** : हिन्दोल-.

૪. ઉપરના ૩ સાથે સંબદ્ધ **ડોલવું, ડોળી** : સં. दोला.

આ બધામાંનો મૂળના દંત્યનો મૂર્ધન્યભાવ શંકાથી પર છે. અને તે પરવર્તી -ल्- કે -ळ्- ની અસરથી સિદ્ધ થયો હોવાનું ઘણું સંભવિત લાગે છે.

એ દૃષ્ટિએ એ સંપર્ક-વિકારોના વર્ગમાં આવે છે. આ શબ્દોને બાદ કરતાં, -न्- > -ण्-, -ल्- > -ळ्- એ વ્યાપક પ્રક્રિયાઓ બાજૂ પર રાખતાં, અથવા તો કેટલીક **અર્વાચીન ગુજ.** બોલીઓમાંનું દંત્ય ને મૂર્ધન્ય ધ્વનિઓનો સંભ્રમ કરવાનું વલણ ગણતરીમાં ન લેતાં, દંત્યોને મૂર્ધન્ય ઉચ્ચારવાનું વલણ ગુજરાતીમાં જરા પણ ઉત્કટ નથી એમ ફલિત થાય છે.

---

* દવે (એ સ્ટડી ઑવ્ ધ ઓલ્ડ ગુજરાતી લૅંડ્વેજ, સૂચી, निटोल શબ્દનીચે) એને नष्ट+तोल કે निषू+तोल પરથી સાધે છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩–સ્વરમધ્યગત न् (–न्–)

૧. પ્રાભાઆ. નો આદ્ય એકવડો –न्– ગુજરાતીમાં न्–, પ્રાભાઆ. નો સ્વરમધ્યગત –न्– ગુજરાતીમાં –ण्– અને પ્રાભાઆ. નો સ્વરમધ્યગત (વ્યંજન+ण्) એ સંયોગ (=પ્રા. અપ. –ण्ण्– કે –ण्ह्–) ગુજરાતીમાં –न्– બને છે, એવો વ્યાપક નિયમ છે. **લેણું, દેણું, બેસણું** વગેરેનો –ણું પ્રત્યય (=સં. गमन–, बोधन– વગેરેમાં –अन– + સ્વાર્થિક –कम्), **ભાણું** (भाजन–), **લસણ** (लशुन–), **અણસાર** (अनुसार–), **નવાણ** (निपान–) ઇત્યાદિ અનેક શબ્દો પરથી સં. –न्– (પ્રા. અપ. –ण्–) માંથી ગુજ. –ण्– ઊતરી આવતો હોવાનો નિયમ જોઈ શકાય છે.[૧]

૨. પણ **નરસિંહરાવ** માને છે કે કેટલાક **ગુજરાતી** શબ્દોમાં સં. સ્વરમધ્યગત –न्– માંથી સિદ્ધ થતો પ્રા..–णू– ગુજ.માં –न्– બની જાય છે,[૨] અને એ રીતે ઉપર્યુક્ત નિયમનો એટલા પૂરતો ભંગ કે અપવાદ થાય છે. જે શબ્દો પરથી એમણે આ નિર્ણય તારવ્યો છે તે આ: (૧) **થાન**, (૨) **મન**, (૩) **તન**, (૪) **વનો**, (૫) **ઘેન**, (૬) **વનેરું**, (૭) **નેન**, (૮) **જોબન**, (૯) **ભલમનસાઈ**, (૧૦) **થાન**, (૧૧) **નવ**, (૧૨) **બ્હેન**.

૩. પણ આ શબ્દોના વિકાસક્રમને તપાસતાં જુદા બળોને આધારે જ તેમનો –न्– સિદ્ધ થયો હોવાનું જોઈ શકાય છે, અને એ રીતે સામાન્ય નિયમ નિરપવાદ ઠરે છે. ચર્ચાપ્રાપ્ત શબ્દો કાં તો તત્સમ કે અર્ધતત્સમ છે, કાં તો **હિંદી**માંથી આવેલા છે, અથવા તો જુદી રીતે વ્યુત્પન્ન કરી શકાય તેમ છે.

૪. પહેલા ૭ શબ્દોમાંથી **મન** તત્સમ છે, **થાન** (તથા **થાનક**, સં. स्थान–, स्थानक–), **તન** (तनय–), ને **નવો** (विनय–) એ અર્ધતત્સમ છે.[૩] — એટલે કે –न्–>–ण्– એ **પ્રાકૃત–અપભ્રંશ** વલણ બંધ થયા પછી પ્રસ્તુત શબ્દો સીધા **સંસ્કૃત**માંથી ગુજરાતીમાં લેવામાં આવ્યા છે, અને તત્કાલીન ઉચ્ચારણના નિયમો પ્રમાણે તેમાં મર્યાદિત પરિવર્તન થયું છે.

ઘેન પણ એ જ કોટિનો છે. **નરસિંહરાવ** તેના મૂળ તરીકે સં. ग्रहण– આપે છે. પણ અર્થદૃષ્ટિએ **ઘેન** ग्रहण–થી દૂર છે. **ઘેન** ના મૂળ તરીકે गहन–'અભેદ્ય અંધકાર' વધારે સંભવિત લાગે છે. वहन– ઉપરથી અર્ધતત્સમ

---

૧. ટર્નર, ગુજરાતી ફૉનૉલૉજી, § ૪૮ (૨).

નરસિંહરાવ, ગુજ. લૅ. ઍં. લી., ૧, પા. ૩૬૧, ઉત્સર્ગ ૯.

૨. ઉક્ત પુસ્તક, પૂર્વોક્ત ઉલ્લેખ, તથા પા. ૧૭૯–૧૮૦

૩. વના ∠ विना પણ આ જ પ્રકારનો છે. તેનું તદ્‌ભવ રૂપ વણ છે. જુવાન પણ અર્ધતત્સમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેન (તદ્ભવ **વહેણ**), दहन– ઉપરથી **દ્હેન**, તેમ गहन– ઉપરથી ***ગહેન** ને પછી **ઘેન.** આ **–ગહ–>–ઘ–** માટે સરખાવો અર્ધતત્સમ **ઘરાક** < ग्राहक–, **ઘરણુ** < ग्रहण–. બાકીના **વનેરું** માં તત્સમ वन–ની અસર હોય. સરખાવો **વનરાઈ** (वनराजी), **વનપક**, **વનમાળી. વનેરું**ના **–ને–**માંનો ए કાર સંવૃત છે એ જોતાં મૂળ वनचरकम् ની જેમ वनेचर+कम्, અથવા શુદ્ધ તદ્ભવ ગણતાં वन्यतर–कम् પણ સુચવાય.

૫. **નેન, જોબન** અને **ભલમનસાઈ** હિંદીમાંથી લીધેલા છે. **નેન** પૂરતું **નરસિંહરાવ** પણ આ સ્વીકારે છે. **જોબન** પણ હિંદીમાંથી જ છે. ગુજ. માં વ્ થાય—જોવનાઈ. **ભલમનસાઈ** સાથે સરખાવો હિંદી **ભલમનસી ભલમનસત, ભલમનસાહત**, 'સજ્જનતા'.

૬. **થાન** માટે **નરસિંહરાવ** પોતે સં. स्तन– પ્રા. માં थण– થયાની સંભાવના સ્વીકારે છે, અને એવું સ્વીકારીએ તો જ **થાન**ના આકારની સંયુક્ત વ્યંજનોના ઋજુભાવ દ્વારા ઉપપત્તિ આપી શકાય, એમ યોગ્ય જ કહે છે.

૭. **નવ**નો શરતચૂકથી **નરસિંહરાવે** ચર્ચાપ્રાપ્ત ઉત્સર્ગનાં ઉદાહરણોમાં સમાવેશ કર્યો જણાય છે. ચર્ચા સ્વરમધ્યગત –न्–ની છે, જ્યારે **નવ** કે સં. नापि, પ્રા. णविनो न्– કે ण्– શબ્દારંભે છે. અને **પ્રાકૃત**માં શબ્દારંભે न्– લખવાની અને ण्–લખવાની એમ બે પરંપરા હતી. એટલે **સંસ્કૃત**નો શબ્દારંભી न्– ગુજ.માં જળવાઈ રહેવાનો જે સામાન્ય નિયમ છે તેને અનુસરીને જ नापिनुं **નવ્ય, નવ** થયું છે.

૮. બાકી **બ્હેન** કે **બહેન** રહે છે. પ્રા. અપ.માં बहिणी છે. નિયમ પ્રમાણે ***બહેણુ** થવું જોઈએ. પણ **બહેન** અને **બનેવી**માં न्–કાર મળે છે (**ભાણેજ**માં નિયમિત भ्– તેમ જ –ण– છે). આની ઉપપત્તિ સહેલાઈથી અપાય તેમ નથી. પણ बहिणी શબ્દ જ અનિયમિત રીતે भगिनीમાંથી થયો છે. હિંદી बहन, बहिनની અસર પડી હશે કે કેમ તે પણ વિચારવા જેવું છે. હિંદીમાં बहनापा 'બહેનપણું', बहनेली 'બહેનપણી', बहनोई 'બનેવી', बहनौता 'ભાણેજ', बहनौरा 'બહેનનું સાસરું' એ શબ્દો પણ છે. અને આવા સંદિગ્ધ વિકાસક્રમ વાળા એક શબ્દનું પુરાવા તરીકે મૂલ્ય પણ કેટલું?

આમ **નરસિંહરાવે** જે શબ્દોને આધારે સં.–न्– ગુજરાતીમાં કેટલીક વાર –न्– રૂપે ઊતરી આવ્યો હોવાનો નિયમ બાંધ્યો છે, તે શબ્દોનો વિકાસક્રમ **તપાસતાં**, તેમની પાછળ જુદા જ બળો કામ કરી રહ્યાં હોવાનું જણાય છે અને તે **પરથી નરસિંહરાવ** દોરે છે તેવો નિર્ણય ફલિત થતો નથી. તેમાંથી કોઈ પણ **શબ્દ** સં.–न्–>ગુજ.–ण्– એ સામાન્ય નિયમને બાધક ઠરવાનું બળ ધરાવતો **નથી.**

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કણસ્વર અ

ગુજરાતી **કામ, રમત, માણસ** એવા શબ્દોમાં છેવટના વર્ણમાં, **ચોપડી, ભમતો** એવા શબ્દોમાં વચલા વર્ણમાં કે **શરમાળ, સગવડ**, જેવા શબ્દોમાં બીજા (તેમજ ચોથા) વર્ણમાં અકાર કોઈ પણ સ્વરૂપે ઉચ્ચારાય છે કે એ વર્ણો માત્ર વ્યંજનો તરીકે ઉચ્ચારાય છે : આ બાબતમાં વિદ્વાનોમાં સારો એવો મતભેદ હોવાનું જાણીતું છે. **નરસિંહરાવે** મતાંતરોની નોંધ સાથે આ મુદ્દો વિગતે ચર્ચ્યો છે.[૧] એક તરફ **બીમ્સ, હૉર્ન્લે, ભાંડારકર, ગ્રીયર્સન, ટર્નર, ટેસીટરી, ટાગોર, ત્રિવેદી, દવે** વગેરેએ આવા અકારને શાન્ત (સાયલંટ, silent કે ક્વાએસંટ, quiescent) કે એવું કાંઈ નામ આપીને કે આપ્યા વિના, અનુચ્ચરિત કહ્યો છે—એટલે કે આવે સ્થળે અકાર છે જ નહીં, કેવળ વ્યંજન જ ઉચ્ચારાય છે એમ તેમનું માનવું છે. બીજી તરફ **કેશવલાલ, નરસિંહરાવ, કે. કા. શાસ્ત્રી, વિષ્ણુપ્રસાદ** વગેરેના મતે ઉપર્યુક્ત સ્થળે અકાર લઘુપ્રયત્ન ઉચ્ચારાય છે. અને એથી તેમણે તેને દ્રુત કે લઘુપ્રયત્ન અકાર કહ્યો છે. ચર્ચાપ્રાપ્ત ઉચ્ચારણની ધ્વનિશાસ્ત્રની દૃષ્ટિએ ઉપપત્તિ આપી, આ બાબત આટલો ચોખ્ખો મતભેદ પ્રવર્તવાનું કારણ શું એ સ્પષ્ટ કરવાનો પ્રસ્તુત નોંધનો આશય છે.

ઉચ્ચારણની લાક્ષણિકતાઓ અનુસાર જેમ આપણે વ્યંજનોના સ્પર્શ ઊષ્મ, નાસિક્ય, અલ્પપ્રાણ, મહાપ્રાણ વગેરે પ્રકાર પાડીએ છીએ, તેમ સ્વરોના પણ વિધવિધ પ્રકાર ગણવામાં આવે છે. આપણને જાણીતા હ્રસ્વ ને દીર્ઘ ઉપરાંત શુદ્ધ ને સંયુક્ત, લઘુપ્રયત્ન ને પૂર્ણપ્રયત્ન, સ્પષ્ટ ઉચ્ચરિત અને ઉપાંશુ ઉચ્ચરિત (હ્વીસ્પર્ડ, whispered) વગેરે ઉચ્ચારણની વિશિષ્ટતા પ્રમાણે સ્વરોના યે ભેદ પાડવામાં આવે છે.

આમાં **અ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઍ, ઓ, ઑ**, વગેરે શુદ્ધ સ્વરો છે, **ઐ, ઔ, ઓઈ.** (**કોઈ, જોઈતું**, વગેરેમાં), **આઈ,** (**ભાઈ, રાઈતું** વગેરેમાં), **એઉ** (**બેઉ** વગેરેમાં), **આઉ** (**ખાઉકડ** વગેરેમાં) વગેરે સંયુક્ત સ્વરો (ડીપ્થોંગ્ઝ, diphthongs) છે. સાદી સમજણ આપવા માટે કહી શકાય કે શુદ્ધ અને સંયુક્ત સ્વરો વચ્ચે ફેર એટલો કે સંયુક્ત સ્વરોમાં શુદ્ધ સ્વરની લગોલગ એક બીજો સ્વર પણ ગૌણપણે ઉચ્ચારાય છે. એટલે સંયુક્ત સ્વરમાં બે ઘટકો હોય છે. તેમાં એક સ્વરનું ઉચ્ચારણ મુખ્ય સ્થાને છે. અને એ જ અંશ સ્વરભારનો વાહક બની શકે છે; બીજા સ્વરનું ઉચ્ચારણ લઘુપ્રયત્ન હોય છે. અને સ્વરભાર તેના પર આવી શકતો નથી. સ્થૂળ

---

[૧] ગુ. લૅ. ઍ. લીટ., ૧, ૨૦૬-૨૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાલ આપવા માટે કહી શકાય કે શુદ્ધ હ્રસ્વ સ્વરની એક માત્રા ગણીએ સંયુક્ત સ્વરના ગૌણ અંશની માત્રા અરધી કે એથી ઓછી ગણાય. લખાણમાં તો સંયુક્ત સ્વર ઘણુંખરું બે વર્ણદ્વારા દર્શાવાતો હોય છે, પણ તેનું ઉચ્ચારણ એકાક્ષરી છે. કોઈ કોઈ એમ જોડણીમાં ચાર વર્ણો છે, પણ તેનું ઉચ્ચારણ દ્વિ–અક્ષરી ('ડીસીલેબીક' dyssyllabic) છે—જો કે આપણી જોડણીમાં **ઐ** ને **ઔ** સંયુક્ત સ્વરો હોવા છતાં એકેકા વર્ણથીજ દર્શાવાય છે.

સંસ્કૃત, ગુજરાતી વગેરેમાંના સંયુક્ત સ્વરોમાં ઉત્તરાંશ ગૌણસ્થાને હોય છે. સાધારણ રીતે ઇ કે ઉજ સંયુક્ત સ્વરોના ઉત્તરાંશ તરીકે આવે છે. પણ કવચિત કોઈ ભાષામાં બીજા સ્વરોનો પણ એ પ્રમાણે 'ડીપ્થોંગલ એલીમેંટ', (diphthongal element) તરીકે ઉપયોગ થતો હોય છે. સંયુક્ત સ્વરોમાં મુખ્ય સ્થાને આવતો સ્વર પૂર્ણ પ્રયત્નથી ઉચ્ચારાય છે. એટલે એ પૂર્ણ સ્વરના વિરોધે ગૌણસ્થાને આવતા diphthongal elementને આપણે **કણસ્વર*** (કણરૂપ સ્વર) એવું નામ આપી શકીયે.

કેટલીક ભાષાઓમાં આ diphthongal elements કે કણસ્વરે માત્ર સંયુક્ત સ્વરમાંજ નહીં, પણ સ્વતંત્રપણેયે વપરાતા હોય છે. એટલે કે પૂર્ણ પ્રયત્ન 'ઇ' 'ઉ'ની જેમ, લઘુપ્રયત્ન સ્વરો પણ સ્વતંત્રપણે—બીજા કોઈ શુદ્ધસ્વરના ટેકા વિના—વ્યંજનો સાથે વાપરી શકાય છે. તમિલમાં 'કાદુ' (કાન), 'મુકકુ' (નાક) વગેરે શબ્દોમાં અંત્ય ઉકાર લઘુપ્રયત્ન છે. રોમન વર્ણાન્તરપદ્ધતિ (ટ્રાંસ્લીટરેશન સીસ્ટમ transliteration system)માં આવા લઘુપ્રયત્ન સ્વરોને પૂર્વના વ્યંજનવર્ણની ઉપર ઝીણા બીબાના વર્ણદ્વારા દર્શાવવાનો પ્રબંધ છે. આમ સ્વતંત્રપણે વપરાતા લઘુપ્રયત્ન ઉચ્ચારણવાળા સ્વરોને પણ આપણે કણસ્વર કહી શકીએ.

આગળ કહ્યું તેમ ઇ ને ઉ ઉપરાંત કોઈ વાર અન્ય સ્વરો પણ કેટલીક ભાષામાં કણસ્વર (diphthongal element) તરીકે પ્રયોજાતા હોય છે. ગુજરાતીમાં અકારનો આવી રીતે પ્રયોગ થાય છે. ચાલુ વાતચીત કે સંભાષણમાં **ચોપડી, બોલતો, બારણું**, વગેરે જેવા શબ્દો જ્યારે બહુ ઉતાવળ વિના ઉચ્ચારાય છે ત્યારે તેમનો વચલો વ્યંજન લઘુપ્રયત્ન **અકાર** સાથે બોલાય છે. એટલે કે એવા શબ્દોના વચલા અક્ષરમાં કણસ્વર **અ** હોય

* આ નવી સંજ્ઞાના સમર્થનમાં આટલું નોંધી શકાય: સંયુકત સ્વરમાં ઉત્તરાંશ તરીકે આવતા ઈ ને ઉનું ઉચ્ચારણ અનુક્રમે ય્ ને વ્ ની ઘણું જ નિકટ છે અને ઇ, ઉ સાથેના આવા સંબંધને કારણે ય્ વ્ ને અર્ધસ્વર એવી સંજ્ઞા મળેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. **કામ, રમત, માણસ** વગેરેના અંત્ય વર્ણો પણ, એ શબ્દો જો સભાન પ્રયત્ન કે ચીવટથી અથવા છૂટા બોલાતા હોય તો, આવા કણસ્વર **અ** સહિત ઉચ્ચારાય છે. પણ આપણી ઉચ્ચારણપદ્ધતિમાં એક નિયમ તરીકે જ અંત્યાક્ષરનું ઉચ્ચારણ મુકાબલે નબળું હોવાથી અનંત્ય અક્ષરમાં રહેલા લઘુપ્રયત્ન અકાર કરતાં અંત્ય અક્ષરનો તેવો અકાર વધારે નબળો લાગે છે. પણ આ તો વિશિષ્ટ સંજોગોમાં કરાતા ચીવટપૂર્વકના ને સભાન ઉચ્ચારણની વાત થઈ. બાકી હંમેશની ચાલુ વાતચીત ને સંભાષણ—જે ધારાવાહી છે, એટલે કે જેમાં વૈયાકરણી પૃથક્કરણ દ્વારા જુદા પાડેલા શબ્દો સ્વતંત્ર વ્યક્તિત્વવાળા ઘટક તરીકે નથી રહેતા પણ એકબીજામાં ભળી જઈ એક સળંગ પ્રવાહ તરીકે જ રજૂ થાય છે—તેમાં **કામ, નામ** વગેરેનો અંત્ય વર્ણ માત્ર એકલા વ્યંજન તરીકે જ ઉચ્ચારાય છે એટલે કે એ એકાક્ષરી (‘મોનોસીલેબીક,’ monosyllabic) શબ્દો છે. પણ આવા શબ્દો પછી **-માં, -થી, -વડે** વગેરે અનુગો આવે ત્યારે તે શબ્દોનો અંત્ય વર્ણ લઘુપ્રયત્ન **અ** સાથે ઉચ્ચારાય છે. **છોકરા** વગેરેમાં પણ વાક્યમાં ત્વરિત ઉચ્ચારણમાં તેમના બીજા વર્ણમાં રહેલો કણસ્વર **અ** નથી બોલાતો—એ શબ્દો દ્વિ-અક્ષરી (‘ડીસીલેબીક’, dyssyllabic) બની જાય છે. **રમતો, હસતો** જેવામાં (વચલો વર્ણ **મ** કે **સ** હોય ત્યારે) ચાલુ વાતચીતમાં પણ **મ, સ** ને ખાલી વ્યંજન તરીકે ઉચ્ચારવાનું વલણ છે. ઝડપથી બોલાતા **છોકરાની ટાઢ બકરા ચરી જાય** એ વાક્યમાંના **છોકરા** શબ્દના **કરા** અંશનું ઉચ્ચારણ અને वक्रा विधातुर्गतिः એમાંના वक्राના क्रा અંશનું ઉચ્ચારણ સરખું જ છે. તેમની વચ્ચે જે સૂક્ષ્મ ફરક લાગે છે તે **સંસ્કૃત**માં **સંયુક્ત** વ્યંજનો પૂર્વના સ્વર પર ભાર દઈને અને તેને થડકાવીને ઉચ્ચારાય છે, જ્યારે **ગુજરાતી** ઉચ્ચારણમાં તેવા કોઈ ભાર કે થડકારની અપેક્ષા નથી રહેતી તે કારણે છે. આ ભાર ને થડકાર વ્યક્ત કરતી वक्क्र-, उग्ग्र- એવી જોડણી પણ **સંસ્કૃત**માં પ્રચલિત હતી એ આપણે જાણીએ છીએ. શુદ્ધ **ગુજરાતી** શબ્દોમાં જોડાક્ષરો સામાન્યતઃ ભાર કે થડકાર વગર જ ઉચ્ચારાય છે. ‘કર્યું’, ‘બોલ્યો’ વગેરેમાં આવા જોડાક્ષરો છે. આવા શબ્દોમાંના **ય** ને **નરસિંહરાવ** વગેરે યશ્રુતિ ગણે છે. પણ એ બરોબર નથી. **કર્યો** ના **ર્યો**-માં આગલો અને પાછલો વ્યંજન સરખા જ પ્રયત્નથી ઉચ્ચારાય છે— તેમાં યકારનું ઉચ્ચારણ સ્પષ્ટ જ છે. માત્ર **સંસ્કૃત**ની રીતે **બોલ્લ્યો, આવ્વ્યો** એમ આપણે નથી કહેતાં એટલું જ.

વળી કેટલાક એમ માને છે કે **અંગ્રેજી** calm and considerate જેવામાંના calm ના ઉચ્ચારણમાં અને **ગુજરાતી** **કામ કરે કોઠી ને જશ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાય જેઠી જેવામાંના **કામ** ના ઉચ્ચારણમાં **મ** કાંઈક અંશે જુદીજુદી રીતે ઉચ્ચારાતો લાગે છે અને એ હકીકત ગુજરાતી **કામ**માં અંત્યાક્ષરમાં લઘુપ્રયત્ન અકાર હોવાની સૂચક છે. અહીં પણ ભેદ લાગે છે એ વાત સાચી, પણ કારણ જુદું છે. અંગ્રેજી calm ના ઉચ્ચારણમાં તે શબ્દના સ્વર ઉપર જે જાતનો ભાર આવે છે તેવો ભાર ગુજરાતી **કામ** ના ઉચ્ચારણમાં **કા** પર નથી આવતો, આથી ભારની દૃષ્ટિએ ગુજરાતી **કામ** ના **કા** ને **મ** વચ્ચે છે તે કરતાં અંગ્રેજી calm ના ca ને lm ના ઉચ્ચારણ વચ્ચે વધારે અંતર હોવાની આપણા કાન પર છાપ પડે છે. પણ વાસ્તવિક રીતે તો એ બંને શબ્દો વ્યંજનાન્ત જ ઉચ્ચારાય છે.

ઉપરાંત પહેલાં કહ્યું તેમ છૂટા શબ્દો લઈ તેનું ઉચ્ચારણ કરીયે તો તેમાં લઘુપ્રયત્ન અકાર હોવાનું જણાશે જ. આનો અર્થ એ કે વાતચીતમાં પણ કણસ્વર **અ** નો પ્રયોગ થતો હતો, પણ વખત જતાં એ ઘસાઈ ગયો. પણ પૂર્વના સંસ્કાર સાવ નિર્મૂળ થાય એટલો સમય આ ધ્વનિવિકારને ન થયો હોવાથી— કહેવાતા લઘુપ્રયન્ત હકારની જેમ અકારની બાબતમાં પણ ગુજરાતી એક સંક્રાંતિકાળની ભૂમિકા રજૂ કરતી હોવાથી આપણને આ બાબત દ્વિધા રહ્યા કરે છે. અને એટલે વિદ્વાનોમાં પણ આ મુદ્દા પર સ્પષ્ટ બે પક્ષો કેમ પડ્યા હશે તે ય સમજી શકાય છે.

ગુજરાતીના કોઈ કોઈ પ્રાંતિક ભેદોમાં **બારણું**, **ચાળણી** જેવા શબ્દોમાંથી વચલો રકાર ને ળકાર ઉચ્ચારણમાંથી લુપ્ત થયા છે. તેમને સ્થાને ઝાલાવાડીમાં યકાર મૂકી **બાયણું**, **ચાયણી** એમ બોલાય છે. પણ ગોહિલવાડીમાં આવો **ર** કે **ળ** લુપ્ત થતાં તેમાંથી અવશિષ્ટ કણસ્વર **અ** જ ઉચ્ચારાય છે; **બારણું** ને બદલે **બાઅ઼ણું** ને **ચાળણી**ને બદલે **ચાઅ઼ણી**. **બાઅ઼ણું** અને **ચાઅ઼ણી** માં રહેલો **આઅ઼** **કોઇ** ના **ઓઈ** અને **ભાઇ** ના **આઈ** ની જેમ એક સંયુક્ત સ્વર છે અને એ રીતે ઉક્ત શબ્દોનું ઉચ્ચારણ દ્વિ-અક્ષરી છે.

આમ લઘુપ્રયત્ન અકાર એક કણસ્વર છે અને તેનું મૂલ્ય **ઐ**, **ઔ** વગેરે સંયુક્ત સ્વરોમાં ઉત્તરાંશ તરીકે આવતા લઘુપ્રયત્ન ઇ઼ વગેરેના જેટલું છે એ ખ્યાલમાં રાખતાં તેનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન ગુજરાતી ઇકાર-ઉકારનાં ઉચ્ચારણ અને જોડણી

માત્ર વાતચીત અને ધારણામાં જ અસ્તિત્વ ધરાવતી ભેંસના દૂધની વહેંચણી વિશે જાણે કે ખરેખર દૂધની વહેંચણી કરવાની હોય તેટલા જ જોરશોરથી ઝગડો થઈ શકતો હોવાનું જે જાણીતો ટૂચકો નોંધે છે તેવું જ કાંઈક ગુજરાતી જોડણીના ઘણાંખરાં ચર્ચાસ્પદ મુદ્દાઓ બાબત--અને ખાસ કરીને તેમાં મૂર્ધન્ય સ્થાન ભોગવતી ઇ-ઉની જોડણી બાબત બનેલું છે. હ્રસ્વદીર્ઘના નિયમો, પેટાનિયમો અને ઉપ-પેટાનિયમો, અપવાદો અને પ્રતિઅપવાદો તથા તેમને લગતી ચર્ચાચર્ચીનું સાહિત્ય એ શાખાપ્રશાખા ને અગણિત વડવાઈઓના વિકટ વિસ્તારવાળા વટરાજનો ખ્યાલ આપે છે; અને એમાં ખૂબી પાછી એ છે કે આ વટરાજને મૂળ છે ખરાં, કે તે એક કલ્પનાનું ભૂત છે તેની બહુ તપાસ કરવાની કોઈએ ઝાઝી પરવા નથી કરી. તત્ત્વબોધ થાય ત્યારે જે આનંદ થતો હોય તે, પણ વાદચર્ચાનો પોતાનો આગવો શુદ્ધ આનંદ માણવાની ગૂઢ વૃત્તિથી પ્રેરાઈને આ ચર્ચાઓ થઈ હોવાની આપણને શંકા જાય છે. કારણ, જેની પાસે ધ્વનિપારખુ દૃષ્ટિ છે, અને આપણા સ્વરોના ઇતિહાસનું આછુંપાતળું પણ જ્ઞાન છે તે તો તરત જોઈ શકે તેમ છે કે **અર્વાચીન** ગુજરાતી ઉચ્ચારણમાં **ઈ, ઉ** વગેરે સ્વરોની હ્રસ્વતા-દીર્ઘતા વચ્ચેનું ભેદભાન જ નષ્ટ થયેલું છે. અર્થબોધ માટે વ્યાપક રૂપે સ્વરોની માત્રા (' ક્વૉંટીટી,' quantity) કશો ભાગ ભજવતી નથી. એટલે તેમને હ્રસ્વતાદીર્ઘતા સૂચક જુદાજુદા બે લિપિચિહ્નોથી બતાવવાની જરૂર નથી. આથી વ્યવહારને--અને કેટલેક અંશે શાસ્ત્રને પણ--લાગેવળગે છે ત્યાંસુધી તો ક્યાં હ્રસ્વ અને ક્યાં દીર્ઘ તેનો નિર્ણય શશવિષાણની લંબાઈ, પહોળાઈ, આકાર વગેરેનો નિર્ણય કરવાની તોલે આવે છે. આશા છે કે ચર્ચાપ્રાપ્ત સ્વરોમાં માત્રાભેદના લોપનો ઇતિહાસ; ઉચ્ચારણમાં વ્યક્ત થતા, અર્થબોધને માટે આવશ્યક તેમ જ અનાવશ્યક ધ્વનિઅંશો; અને એ સ્વરોનું આધુનિક સ્વરૂપ—ઇત્યાદિને સ્પર્શતી પ્રસ્તુત વિચારણાથી આ વિષયમાં શંકાને સ્થાન નહીં રહે.

ઇકાર-ઉકારના ઉચ્ચારણમાં માત્રાભેદનો ક્રમિક લોપ

પહેલાં ઇતિહાસની દૃષ્ટિએ જોઈએ. **સંસ્કૃત**માં ઇ-ઉના હ્રસ્વદીર્ઘ સ્વરૂપો વચ્ચે સ્પષ્ટ ભેદ હતો. **સંસ્કૃત** રૂપતંત્રમાં આ ભેદ ખુલ્લો દેખાય છે. તેમાં ઇકારાંત-ઉકારાંત અંગો ઈકારાંત-ઊકરાંત અંગોથી જુદો ભાગ ભજવે છે. તેમનાં કેટલાંક વિભક્તિરૂપો ભિન્ન ભિન્ન પ્રત્યયોથી સધાય છે. એટલે **સંસ્કૃત**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દોના રૂપતંત્રકીય (મૉર્ફોલૉજીકલ, morphological) વ્યક્તિત્વના નિર્ણય માટે ઇકાર–ઉકારની હ્રસ્વતાદીર્ઘતા પણ પાયારૂપ હતી.

પણ સમય સાથે વિકારક વલણો પ્રવર્ત્યે જતાં હોવાથી, ભાષાસ્વરૂપમાં પલટા આવતા ગયા અને માધ્યમિક ભારતીય–આર્ય કે પ્રાકૃત ભૂમિકા દરમિયાન હ્રસ્વતાદીર્ઘતાનું મૂલ્ય લુપ્ત થવા લાગ્યું. પ્રાકૃત કાવ્યો અને પાછળના સમયના સંસ્કૃત કાવ્યોમાંથી—શિશુપાલવધ જેવામાંથી પણ—છંદ ખાતર હ્રસ્વદીર્ઘની છૂટ લેવાયાનાં ઉદાહરણો મળે છે, અને એનાં મૂળ ઉચ્ચારણમાં આવેલા પરિવર્તનમાં હતાં[1]. પ્રાકૃત વૈયાકરણો સમાસમાં મૂળના દીર્ઘને સ્થાને હ્રસ્વ સ્વર કે હ્રસ્વને સ્થાને દીર્ઘ સ્વર આવતો હોવાનું નોંધે છે તે પણ ઉપરની હકીકતનું જ સૂચક છે. કેમ કે કોઈપણ ભાષામાં ધ્વનિપરિવર્તન સ્વચ્છંદપણે ન થાય. અમુક વ્યાપક વલણને આધારે, અમુક નિયમતંત્રને આધારે, તે તે ભૂમિકાનું દરેક ધ્વનિવલણ સમજાવી શકાતું હોય છે. પ્રાકૃત વ્યાકરણકારોએ નોંધેલી હકીકતનો અર્થ એટલો જ કે મૂળમા ચીવટથી જળવાઈ રહેલો હ્રસ્વદીર્ઘ વચ્ચેનો ભેદ શિથિલ થવા લાગ્યા હતો. આરંભમાં સમાસના ઘટકોમાં આ વલણ વ્યક્ત થવા લાગ્યું તે સમજી શકાય તેવું છે. રૂપતંત્રની દૃષ્ટિએ શબ્દ કયા વર્ગનો છે તેનો નિર્ણય અંત્યાક્ષરને આધારે થતો હોવાથી તેની સાથે છૂટ લેવાય તો શરૂઆતમાં ગરબડ ઊભી થવાની પૂરતી સંભાવના. પણ સમાસના આદિ ઘટકને સળંગ વાક્પ્રવાહમાં રૂપતંત્રની દૃષ્ટિએ જરા પણ અગત્યનો ભાગ ભજવવાનો ન હોવાથી, અને બીજી રીતે પણ તેનું વ્યક્તિત્વ ગૌણ હોવાથી તેના અંત્યાક્ષરની માત્રા સાથે છૂટછાટ લેવી એ સ્વાભાવિક. આમાં છંદોમૂલક જરૂરિયાતોનો સહારો મળ્યો. वारि(री)मई, पइ(ई)हरं, वेल(लू)वणं, भुअ(आ)यंतं વગેરે હેમચંદ્રે નોંધેલાં ઉદાહરણોની ખરી ઉપપત્તિ આ છે. છંદને આધારે આવા ફેરફાર ઘણા થતા. એટલે તેમની નોંધ તો લીધા વિના ન જ ચાલે. પણ આ ફેરફાર છંદ જેવા બાહ્ય કારણપર આધાર રાખતો હોવાથી—અને આવું કારણ ક્વચિત્ પ્રવૃત્ત, ક્વચિત્ અપ્રવૃત્ત—ક્યાં ક્યાં હ્રસ્વદીર્ઘ થાય છે, તેની યાદી આપવી શક્ય ન હતી. આથી પ્રાકૃત વ્યાકરણકારો પોતાની લાક્ષણિક શિથિલતાથી કહી દે છે કે હ્રસ્વદીર્ઘની છૂટ પ્રાકૃત સમાસોમાં અતંત્રપણે લેવાય છે.

---

૧. સિદ્ધેશ્વર વર્મા, સ્ટડીજ઼ ઈન ધ ફોનેટીક ઑબ્જર્વેશન્જ઼ ઑવ ઇંડીયન ગ્રામેરીયન્જ પાંચમું પ્રકરણ (અક્ષરનું માત્રાપ્રમાણ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઉચ્ચારણમાંથી ભેદ ઘસાતો જતો હોવાથી હ્રસ્વદીર્ઘની બાબતમાં લખાણમાં શિથિલતા વધ્યે જ જતી હતી. અંત્યાક્ષરનું સ્વરૂપ અગત્યનું હોવા છતાં તેમાં શિથિલતા પ્રવેશ કરવા લાગી અને આમાં સાદૃશ્યનો પ્રભાવ ભળતાં હ્રસ્વ ને દીર્ઘ ઇકારાંત–ઉકારાંત અંગોનાં રૂપાખ્યાન વચ્ચેનો ભેદ લુપ્ત થયો. અકારાંત અને આકારાંત રૂપાખ્યાનોનો ભેદ હજી જળવાઈ રહ્યો હતો, કારણ આકાર પ્રકૃષ્ટપણે સ્ત્રીલિંગનો સૂચક હતો; અને અકારાંત અંગો નિયમે કરીને પુંલ્લિગ કે નપુંસકલિંગ હતાં. પણ જ્યાં છૂટ લઈ શકાતી હોય તેવે સ્થળે (ઉ. ત. સમાસમાં, जउण-यडं વગેરે) આકાર હ્રસ્વ થતો પણ પછી અપભ્રંશના સમય સુધીમાં તો અંત્યાક્ષરને હ્રસ્વ કરવાનું વ્યાપક વલણ સ્થિર બને છે—જો કે સાથોસાથ સાહિત્યમાં આગલી ભૂમિકાના દીર્ઘસ્વરાંત રૂપો વપરાતાં રહે છે. આ દશાને હેમચંદ્રે, અપભ્રંશમાં ઘણુંખરું મૂળનાં કોઈ સ્વરને સ્થાને બીજો કોઈ પણ સ્વર આવે એવા અશાસ્ત્રીય વચનોથી વર્ણવી છે.

પ્રાચીન ગુજરાતી ભૂમિકામાં પણ ઇકાર–ઉકારની ઉપર વર્ણવેલી સ્થિતિ ચાલુ હતી એટલું જ નહીં, પણ લેખનમાં હ્રસ્વ અને દીર્ઘ ઇકાર–ઉકાર વચ્ચેની ગરબડ લાક્ષણિક બની ચૂકી હતી. પ્રાચીન ગુજરાતી કૃતિનું સંપાદન કરવાનો જેને થોડોક પણ અનુભવ હોય તે કહી શકશે કે પ્રાચીન ગુજરાતી પ્રતોમાં ઇકાર–ઉકાર, અનુનાસિક વગેરેની બાબતમાં પ્રવર્તતી ઉગ્ર શિથિલતા તેના કાર્યમાં કેટલી અડચણો ઊભી કરે છે. "ખાસ કરીને ઇકાર–ઉકારના હ્રસ્વ-દીર્ઘનો કોઈ ચોક્કસ નિયમ આપણી ભાષાના જૂના લેખકો સાચવતા નથી. જેઓ સંસ્કૃતપ્રાકૃતના મહાધુરંધર વિદ્વાનો હતા, અને જેમણે હજારો શ્લોક-વાળા મોટામોટા ગ્રંથ, કાવ્યો, શાસ્ત્રો લખ્યા છે, તેઓ પણ જ્યારે પોતાની માતૃભાષામાં કાંઈ રચના કરે છે કે લખે છે તો તેમાં ભાષાની વિશુદ્ધતા કે જોડણીની એકરૂપતાની કશી પણ ચોક્કસાઈ દેખાતી નથી.[૨]"

આપણા અર્વાચીન ઉચ્ચારણમાં ઇ–ઉ વગેરે સ્વરોની હ્રસ્વતાદીર્ઘતાનું ભાન લુપ્તપ્રાય છે એ તટસ્થતાથી જોનારને તરત જ જણાઈ આવશે. બીજા સ્વરો ને વ્યંજનોનું અન્યથી ભિન્ન સ્વતંત્ર વ્યક્તિત્વ તેમના ઉચ્ચારણમાંથી આપણો કાન અસંદિગ્ધપણે પકડી આપે છે; પણ તેવું સ્વરોની હ્રસ્વતાદીર્ઘતા બાબતમાં નથી બનતું. **ગોળ** અને **ગાળ**નાં સંવૃત અને વિવૃત ઓકાર અશિક્ષિત પણ વિના પ્રયાસે વરતી શકે છે. **કાન** ને **ગાન**ના વ્યંજનોમાં રહેલો ભેદ કહેવા માટે વિશિષ્ટ નિયમોના જ્ઞાનની જરૂર નથી પડતી. જ્યારે આપણે ત્યાં, શ્રુતલેખન વેળાં લખાવનારને દીર્ઘ સ્વર અભિપ્રેત હોય ત્યારે ભાર દઈ

૨. આચાર્ય જિનવિજય મુનિ, ભરતેશ્વર બાહુબલિરાસ, ઉપોદ્ઘાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંબાવીને 'મૂ–ઉ–ઉકવું' કહેવું પડે છે ત્યારે જ વિદ્યાર્થીને સ્વર દીર્ઘ હોવાનો ખ્યાલ આપી શકાય છે. આવી રીતે અથવા તો અંગ્રેજીની જેમ વિશિષ્ટ નિયમો દ્વારા જ જોડણીનો ખ્યાલ આવે એવું હોય ત્યારે જોડણી ધ્વનિબિંબી ('ફોનેટીક', phonetic) નહીં, પણ ઐતિહાસિક જ હોય. ઉચ્ચારણમાં વ્યાપક સ્વરૂપે હ્રસ્વદીર્ઘનું ભાન ન જળવાયું હોવાથી જ **હો**પકમિટીએ એ ભેદને જતો કરેલો. અને કોઇ પણ સામાન્ય માણસના—અથવા તો સામાન્ય શું કામ, **જો**ડણીકોશના કે તેવા કોઇ ખાસ ઘડી કાઢેલા નિયમોનો અભ્યાસ કરીને તેને આધારે લખવાનો ઠીકઠીક મહાવરો જેણે પાડ્યો હોય, તેવાઓની નાની સંખ્યાને બાદ કરતાં દરેક ગુજરાતી લખનારના—લખાણમાં ઇ–ઉની હ્રસ્વતાદીર્ઘતા બાબત અનવસ્થા પ્રવર્તતી હોય છે. નાનપણથી તેણે સાંભળેલું સ્વાભાવિક ઉચ્ચારણ અને કેળવણી અને મુદ્રિત ભાષાએ આપેલો તેનો કૃત્રિમ સંસ્કાર: એ બેની અથડામણને લઈને તેના મનમાં આ બાબત ઠીકઠીક અનિશ્ચય હોય છે. આપણામાંના કોઈકોઈને **મૂકવું**ના **મૂ** વગેરેમાં ઉકાર દીર્ઘ સંભળાતો હોવાનો ભ્રમ રહે છે તેના મૂળમાં પણ લિખિત ભાષાના સંસ્કાર જ છે. કેમ કે **મૂકવું**માં પહેલો ઉકાર હ્રસ્વ છે કે દીર્ઘ એમ સવાલ પૂછાતાં ઉત્તર આપવા માટે એ વ્યક્તિ **મૂકવું** મનમાં બેત્રણ વાર ઉચ્ચારે છે—**મૂકવું**ના ઉચ્ચારણ–સંસ્કાર પોતાની સ્મૃતિમાં જીવિત કરે છે. પણ આવા વિષયમાં ધ્વનિકાય ઘટનાઓને તપાસવાની દૃષ્ટિ કેળવાઈ ન હોય તો વાચનસંસ્કારોની છાપ પડ્યા વિના ન જ રહે, ને એટલે દીર્ઘ સાંભળવાનો ભ્રમ થાય. અને કોઈ શબ્દ કે ધ્વનિના વાસ્તવિક ઉચ્ચારણનો નિર્ણય તેને એકલોઅટૂલો ઉચ્ચારીને, બીજી ભાષાસામગ્રીથી અળગો કરીને એ કૃત્રિમ સ્થિતિમાં નહીં, પણ સળંગ વાણીપ્રવાહમાં તેનો પ્રયોગ થાય તે સમયના ઉચ્ચારણને આધારે જ કરાય. આ રીતે સાંભળતાં ઇકાર–ઉકારના ઉચ્ચારણમાં ભેદ નહીં વરતાય. આવી બાબતોનો નિર્ણય કરવામાં શાસ્ત્રીય રીતે કેળવાયેલી ન હોય તેવી વ્યકિત કેમ અનધિકૃત છે એ નીચેના ટાંચણથી સ્પષ્ટ થશે.

"Terms like 'long,' 'half-long,' 'short,' etc. express a mere relation. A sound which is long with reference to another may be short in relation to a third; what is considered as long in one language may be short in another because of difference in general tempo characteristic of each. It goes without saying that the quantity of a sound is quite distinct from its pitch, stress or acoustic colouring. *But here more than elsewhere mental illusions play an important part.* Vowels which are generally believed long are often

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

short; others which are regarded as short often surpass in length those which are deemed long. Again and again graphic methods show that sounds supposed to be long are in reality only more stressed or higher pitched................very often the term 'long' and 'short' refer to subjective or mental impressions rather than to physical properties. The sound that by some peculiar feature impresses the ear more than others is easily felt to be longer even though it actually is not."

પણ ગુજરાતીની બાબતમાં તો આમ ખરેખર શું ઉચ્ચારાય છે તેની સાચી ખોટી તપાસને પણ કોઈ મહત્ત્વ નથી અપાયું. આપણી ભાષાના વ્યાકરણનો સ્વતંત્રપણે નહીં, પણ ઘણુંખરું સંસ્કૃત વ્યાકરણના એક પડછાયા રૂપે જ વિચાર થયો છે. સંસ્કૃતમાં હ્રસ્વદીર્ઘના સ્પષ્ટ ભેદ, એટલે આપણા વ્યાકરણમાં પણ એ જોઈએ જ ને! અને તેમાં ગુજરાતી વગેરેમાં આગલી ભૂમિકાનો સંયુક્ત વ્યંજન એકવડો થતાં ઘણીવાર પૂર્વસ્વર દીર્ઘ થતો હોવાનું વલણ જાણમાં આવ્યું. આનો આધાર લઈને એમ માની લેવામાં આવ્યું કે એવો દીર્ઘ પ્રચલિત ઉચ્ચારણમાં પણ દીર્ઘ બોલાય છે. કેટલીક ભારતીય ભાષાઓ અને ભારતીય સાહિત્યનો વર્ષોથી અભ્યાસ કરી રહેતા બે પ્રતિષ્ઠિત વિદ્વાનોનો આ વિશેનો અભિપ્રાય આ પ્રમાણે છે:

૧. "As in Bengali and perhaps in Gujarati, there is in spoken Nepali no longer any distinction of quantity or quality between long *i* and short *i* or long *u* and short *u*. *i* represents equally Sk. *i*, *i* before two or more consonants and *i*. So too with *u*........ There is in consequence as in Bengali and Gujarati much hesitation in the use of the long and short forms in writing. Of late years there has been a certain tendency to write short form in the interior of the words, and the long when they are final. But there is no justification for such a practice. And since there is no distinction in pronunciation I have uniformly used the short form.

The only exception to this has been in the case of words borrowed from Sanskrit....If the Sanskrit word has been thoroughly adapted, I have used the short vowel....

The general adoption of the system of spelling advocated in this dictionary, would without any violent break with the tradition give Nepali a practical and phonetic system of spelling and would

*વીલીયમ ચાફ, લેન્ગ્વેજ ઍન્ડ લેન્ગ્વેજીજ઼ ૧૯૩૨, ૫૨–૫૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

lessen the difficulties of teaching children and others to read and write." (આર. એલ. ટર્નર, નેપાલી ડીક્ષનરી, ભૂમિકા).

નેપાળીને ઉદ્દેશીને કહેવાયેલાં આ વચનો ગુજરાતીને પણ બરાબર લાગુ પડે છે.

૨. " રશીયનની જેમ અર્વાચીન ગુજરાતીએ પણ દીર્ઘ ને હ્રસ્વ સ્વરો વચ્ચેનો ભેદ જતો કર્યો છે; એટલે કે જો કે બોલાતી વાણીના પ્રવાહમાં ભારવાહક સ્વરો દીર્ઘ ને ભારરહિત સ્વરો હ્રસ્વ ઉચ્ચારાય છે, તો પણ સ્વર સ્વતઃ માત્રદૃષ્ટિએ ઉદાસીન—તટસ્થ છે. સ્વરની માત્રાને, સંસ્કૃતમાં છે તેથી ઊલટું, વ્યાકરણી વિભાગ ('ગ્રામૅટીકલ કૅટૅગરી') સાથે કશી લેવાદેવા નથી. હવે, નાગરી વર્ણમાળા એ ને ઓ—આ બંને ગુજરાતીમાં 'હ્રસ્વ'ને 'દીર્ઘ' રૂપે નહીં, પણ 'વિવૃત'ને 'સંવૃત' રૂપે છે—નો માત્રાભેદ (એટલે કે હ્રસ્વતાદીર્ઘતા) વ્યક્ત કરતી નથી; અ ને આ વચ્ચે ગરબડ કે ભ્રમ થવો શક્ય જ નથી, કેમ કે તેમની વચ્ચે પૂરેપૂરો સ્વરૂપભેદ ('ક્વોલીટેટીવ ડીફરંસ') છે; પણ ઇ–ઈ ને ઉ–ઊની બાબત તદ્દન જુદી છે. બીજી કોઈ પણ રીતે શિથિલતાથી વંચિત નથી રહી શકયો એવો તેમની વચ્ચે અર્વાચીન ભાષામાં દેખાડાતો ભેદ એ એક વ્યાકરણી તૂત ('ગ્રામૅટીકલ ફીક્ષન') હોવા સિવાય બીજું કશું નથી. આ જાતનું તૂત ઊભું થયું હોવાનું કારણ એ કે સંસ્કૃતમાં એ બંને (હ્રસ્વ ને દીર્ઘ) વર્ણો હસ્તી ધરાવે છે; એટલે તેમને ત્યાંથી અહ, ખેંચી લાવવામાં આવ્યા છે. (માત્ર ऋ ને ॠ માટે એક જ સંકેત વપરાવો ચાલુ થયો છે). અને આથી ધ્વનિતંત્ર અને વર્ણમાળા બન્ને તેટલાં સંસ્કૃત જેવાં દેખાય એ હેતુ સધાય છે." (લુડ્વીશ આલ્સડૉર્ફ—Ludwig Alsdorf સંપાદિત કુમારપાલપ્રતિબોધ, પૃ. ૨૧૦—અહીં મૂળ શબ્દોનું ગુજરાતી કર્યું છે).

પોતાના પ્રસ્તુત સંપાદનમાં પરિશિષ્ટમાં ત્રણ ગુજરાતી રાસાપ્રબંધોના નમૂના આપતાં ગુજરાતી હસ્તપ્રતોની વિશિષ્ટતાઓ અંગે આલ્સડૉર્ફ કહે છે: 'પ્રસ્તુત હાથપ્રતના લહિયાઓ ઇ ને ઈ તથ. ઉ ને ઊ વચ્ચે એટલી અરાજકતાભરી ને ભેદભાન વિનાની ગરબડ કરે છે કે ઇ, ઉ સાથે હ્રસ્વતા ને ઈ, ઊ સાથે દીર્ઘતા સંકળાયેલી હોવાનો તેમના મનમાં ખ્યાલ હોય એ પ્રમાણસાધ્ય જ નથી."

મૂકવું, તૂટવું એવી જોડણી શબ્દના મૂળની દૃષ્ટિએ સૂચક છે એ ખરું આવા શબ્દોમાં દીર્ઘ ઊ મૂળનાં मक्क–, तुट्ट– વગેરે અંગોમાંથી સંયુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યંજનના ઋજુભાવ સાથે પૂર્વસ્વર દીર્ઘ થયાનો દ્યોતક છે. પણ એવા ઐતિહાસિક કારણે તેને અર્વાચીન ઉચ્ચારણમાંથી નષ્ટ થયો હોય તો પણ લેખનમાં વ્યક્ત ન કરી શકાય. કેમ કે એ આપણી લિપિની પરંપરાની વિરુદ્ધ છે. મૂળના अल्प–, आत्मन्– ને अर्प्– એ ત્રણેનું માધ્યમિક ભારતીય-આર્ય ઉચ્ચારણ अप्प– થયું, ત્યારે લખાણમાં પણ ત્રણે માટે કશા ભેદ વિના अप्प જ વપરાતું. તે વેળા કોઈને ચિંતા ન થઈ કે આ એક अप्प–, अल्प– ને સ્થાને હશે, आत्मन्– ને સ્થાને હશે કે अर्प्– ને સ્થાને હશે. વ્યુત્પત્તિ એકાદ ધ્વનિવિગત ઉપર નિર્ભર નથી હોતી. એ રીતે આપણે ત્યાં સ્થૂળમાને ધ્વનિસંવાદી કે ઉચ્ચારાનુસારી જોડણીની જ પરંપરા છે. ને તેથી **મૂકવુ, તૂટવુ** જેવી જોડણી માટે કશો આધાર નથી.

આ ચર્ચા પરથી ફલિત થતો નિર્ણય સર્વમાન્ય થાય તો ગુજરાતી લખનારી જનતા પરથી એક જબ્બર નિષ્કારણ બોજો દૂર થાય; અને સત્યસ્વીકારના સુવર્ણ સાથે સરળતાની સુગંધ ભળે. પણ આ વિશેની વિદ્વાનોની સ્પષ્ટ વિચારણા અને માર્ગદર્શનને અભાવે, અને ગમે તેમ કરી એકવાક્યતા સાધવાના આગ્રહથી **વિદ્યાપીઠના જોડણીકોશની** જોડણી હવે તો સર્વમાન્ય જેવી બની ગઈ છે. તે પૂરેપૂરી રૂઢમૂળ થતાં, જેમ અંગ્રેજી અને ફ્રેંચ જોડણીની ભયંકર અરાજકતા દૂર કરવાના પ્રયત્નોનું પરિણામ શૂન્યવત્ આવ્યું છે, તેમ આપણે ત્યાં પણ તેનું પુનરાવર્તન જ થશે એમ લાગે છે.

---

*ધ્વનિસંવાદી જોડણી પાછળ આવું પીઠબળ હોવાથી, ગુજરાતી વર્ણમાળામાં અનુસ્વાર અને અનુનાસિક માટે, તથા સંવૃત-વિવૃત એ, ઓ માટે વિશિષ્ટ સંકેતો યોજવાથી, અને જરૂર પડે ત્યાં વિકલ્પનો આશરો લેવાથી, આપણા ઉચ્ચારણ અને લેખન વચ્ચે રહેલી કેટલીક મુખ્યમુખ્ય વિસંગતિઓ ટાળી શકાય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રકાર-પ્રક્ષેપ

હેમચંદ્રે અપભ્રંશની લાક્ષણિકતા તરીકે એક હકીકત એ નોંધી છે (૪, ૩૯૯) કે અપભ્રંશમાં મૂળ શબ્દમાં ન હોય તોયે કોઈવાર રેફ આવે છે— એટલે કે રકારનો પ્રક્ષેપ થાય છે, અને તેના ઉદાહરણ લેખે આપેલા પદ્યમાં व्रासु (સં. व्यासः) વપરાયો છે. व्यासः નું નિયમ પ્રમાણે वासु ન થતાં व्रासु થયું. બીજા અપભ્રંશ વૈયાકરણો પણ આ ઘટનાની નોંધ લે છે. પ્રસિદ્ધ અપભ્રંશ સાહિત્યમાંથી પુષ્પદંતકૃત **મહાપુરાણ**માંથી હેમચંદ્રના ઉપર્યુક્ત વિધાનના સમર્થનમાં કેટલાક શબ્દો ટાંકી શકાય તેમ છે. **મહાપુરાણ**ની જે શ્રેષ્ઠ હાથપ્રત છે, અને જેને આધાર ગણીને **મહાપુરાણ**ના સંપાદકે ગ્રંથપાઠ તૈયાર કર્યો છે, તે કેટલેક સ્થળે મૂળના ઉત્તર અવયવ તરીકે રકાર હોય તેવાં સંયુક્ત વ્યંજનોમાં રકાળ જાળવી રાખે છે—જેમ કે व्रउ<व्रतम्, सूय<श्रीका, नृवइ <नृपति, प्रिउ <प्रिय. એટલું જ નહીં. કેટલાંક શબ્દો એવા મળે છે જેમાં રકારનો પ્રક્ષેપ થયેલો છે. મારી નજરે ત્રણ શબ્દો ચડ્યા છે:

विणउ वियारहारि व्रुह-संगमु। સંધિ ૧૬, કડવક ૧૧, પંક્તિ ૭ ક.
'વિનય, (તથા) વિકારને હરે તેવો બુધપુરુષોનો સમાગમ.'

સં. बुध-નું અપભ્રંશમાં નિયમ પ્રમાણે बुह-(કે वुह-) થાય છે. પણ અહીં व्रुह- થયું છે.

मच्छंधिणिहि व्रासु उप्पण्णउ। સં. ૯૮, કડ. ૮, પં. ૬ ક.
'માછણથી વ્યાસ ઉત્પન્ન થયો'.

અહીં હેમચંદ્રે નોંધેલો શબ્દ જ મળે છે. સં. व्यासः નું वासु ને બદલે व्रासु થયું છે.

उप्परि जाइवि रणि व्रहिउ राउ। સં. ૯૯, કડ. ૩, પં. ૫ ખ.
'રાજા ઉપર ચડી આવીને (તેનો) રણમાં વધ કર્યો.'

અહીં **મહાપુરાણ**માં આ પ્રમાણે ટિપ્પણ છે: व्रहिउ हतः वधितः એટલે वधितःનું वहिउ થવાને બદલે व्रहिउ થયું.

આ ઉદાહરણોમાં ત્રણે સ્થળે વકારમાં જ રનો પ્રક્ષેપ થયો છે. (व्रुह- માં ब् દેખાવ પૂરતો જ છે, કારણ અપભ્રંશમાં ब्-व् વચ્ચે ભેદ નથી જળવાયો.) પણ આ એક અકસ્માત્ હોવા સંભવ છે. કારણ ગુજરાતી વગેરેમાં રકાર-પ્રક્ષેપનાં જે ઉદાહરણો મળે છે, તેમાં ઘણુંખરું વકાર સિવાયના વ્યંજનોમાં જ એ પ્રક્ષેપ થતો જોવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન અને અર્વાચીન ગુજરાતમાં તેમ જ પ્રાંતીય ઉચ્ચારણમાં કે અશિક્ષિત વર્ગની બોલીમાં આ જાતના જે શબ્દો[1] મને મળ્યા છે તે અહીં આપું છું:[2]

૧. **ક્રોડ**—સં. कोटि–, માભાઆ. कोडि; પછીથી क्रोडि દ્વારા क्रोड અને **ક્રોડ**. પૂર્વી હિંદીમાં વપરાય છે.

૨. **ત્રટ**—અર્ધતત્સમ. સં. तट– પરથી. પ્રેમાનંદકૃત **દશમસ્કંધ** (૩૭,૧૦૫; ૩૮,૧૦૬), ગિરધરકૃત **રામાયણ** (ઉત્તરકાંડ, ૫, પૃ. ૫૦૦) વગેરેમાં. **ત્રઠ** રૂપે પણ ગિરધરકૃત **રામાયણ** (ઉત્તરકાંડ, ૪૬, પૃ. ૫૯૨; ૫૭, પૃ. ૬૧૯) માં મળે છે.

૩. **ત્રાડવું**—અર્ધતત્સમ. સં. √ताड्–.
'જમકિંકર બાંધીને ત્રાડે' (**દશમસ્કંધ**, ૪૫,૧૨૩).

૪. **ત્રાંડવ**—અર્ધતત્સમ. સં. ताण्डव–નું અલ્પશિક્ષિતોનું ઉચ્ચારણ.

૫. **ત્રિલોત્તમા**—અર્ધતત્સમ. સં. तिलोत्तमा. શામળમાં વપરાયો છે.

૬. **ત્રીક્ષ્ણ**—અર્ધતત્સમ. સં. तीक्ष्ण. શામળમાં વપરાયો છે.

૭. **ત્રૂઠવું**—સં. तुष्ट–, માભાઆ. तुट्ठ– પરથી આખ્યાતિક અંગ **તૂઠવું** અથવા **ત્રૂઠવું**. 'દામોદર દાસીને ત્રુઠા રે' (**દશમસ્કંધ**, ૪૨,૨૧૭).

૮. **દ્રક્ષણી**—અર્ધતત્સમ. સં. दक्षिणिन् પરથી ગ્રામ્ય ઉચ્ચારણ. **નરસિંહરાવે** નોંધ્યો છે.

૯. **દ્રુષ્ટ**—અર્ધતત્સમ. સં. दुष्ट–નું ગ્રામ્ય ઉચ્ચારણ. **મરાઠીમાં** પણ છે.

---

૧. આ સિવાય, મૂળનો રકાર સંયુક્ત વ્યંજનોમાં જાળવી રાખતા શબ્દો વિશે મેં અન્યત્ર વિચાર કર્યો છે. જુઓ, **મીડલ ઇંડો-આર્યન ગ્રૂપ ઑવ કૉંજ઼ોનંટ્સ વીધ અનેસીમીલેટેડ આર એજ઼ પ્રીજ઼ર્વ્ડ ઈન ગુજરાતી**, ઍનાલ્જ઼ બી. ઓ. આર. આઈ. ૩૧, ૧૯૫૧, ૨૨૫–૨૩૨.

૨. નરસિંહરાવે (ગુ. લૅં. ઍં. લી, ૧, ૪૩૩–૪૩૫) **કરહાગી, સાંઝરે, પહખું, કરોહ, સરાણું, ત્રૂઠવું, ભરખવું, નાંગરવેલ, શ્રાપ, ગણતરી, કરખી, કબૂતર, દ્રક્ષણી, પ્રશ્ચાતાપ, પ્રેરવી** એટલા શબ્દો રકારપ્રક્ષેપનાં ઉદાહરણ તરીકે આપ્યાં છે. આમાં **કરહાગી** कटाक्ष પરથી નહીં, પણ દેશ્ય कुरुड (=क्रूर–) પરથી થયેલા **કરહું** પરથી સધાયો છે. (સરખાવો, **માંદગી, ગંદકી**); **સાંઝરે** માં પ્રક્ષેપ નથી, પણ **રાતરે, સવારે, બપોરે, અત્યારે, ક્યારે** વગેરેના સાદૃશ્યનું જ પરિણામ છે; **પહખું** ને **કરખી**નું મૂળ ઘણું જ સંદિગ્ધ છે; **નાગરવેલ**માં **નાગ** ને સ્થાને **નાગર** સાદૃશ્યથી–ભ્રમથી આવ્યો હોવાનો સંભવ છે; **કબૂતર** ચોખ્ખો ફારસી છે: અને **ગણતરી** પરથી **કળતર, ભણતર** વગેરે નહીં, પણ **તર, તરી** પ્રત્યયો જ જણાય છે અને એટલે તેમાં રકારપ્રક્ષેપ નથી. બાકીના શબ્દોનો અહીં આપેલી યાદીમાં સમાવેશ થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. **પ્રશ્ચાત્તાપ**—અર્ધતત્સમ. સં. पश्चात्ताप–નું અલ્પશિક્ષિતોનું ઉચ્ચારણ નરસિંહરાવે નોંધેલો.

૧૧. **ભરખવું**—સં √ भक्ष्–, માભાઆ. भक्ख– પછી;* भ्रक्ख– ને **ભરખવું**

૧૨. **શ્રાપ**—અર્ધતત્સમ. સં. शाप– પરથી. પૂર્વી હિંદી, પશ્ચિમી હિંદી વગેરેમાં श्राप, सराप એમ ઉચ્ચારભેદે પણ વપરાય છે.

૧૩. **શ્રોણિત**—અર્ધતત્સમ. સં. शोणित– પરથી; ગિરધરકૃત **રામાયણ** (ઉત્તરકાંડ, ૫૧, પૃ. ૬૦૭; ૬૪, પૃ. ૬૩૪; ૭૧, પૃ. ૬૪૯.) **શ્રોણિતપુર** (સં. शोणितपुर) **ઓખાહરણ**માં વાંચ્યાનું સ્મરણ છે.

૧૩. ક. **શ્રોણું**—**સોણું** (તદ્ભવ) (**સાંડેસરા**, **પ્રાચીન ગુર્જર કાવ્ય**, શબ્દકોશ.)

૧૪. **સરાણ**—સં. शाण–, માભાઆ. साण– પરથી. લિંગવ્યત્યય પણ થયો છે.

આ ઉદાહરણોમાં શબ્દના આદ્ય અક્ષરમાં રકારપ્રક્ષેપ થયો છે. અનાદ્ય અક્ષરમાં પ્રક્ષેપ થયાનાં ઉદાહરણો પણ છે :–

૧૫. **ચાત્રુક**—અર્ધતત્સમ. સં. चातक–, તે પરથી **ચાત્રક** થાય. અને પછી **જનુની** (**જનની**), **માનુની** (**માનની**,**માનિની**) એમ મધ્યાક્ષરમાં, તથા **ગુણ્યકા** (ગણિકા), **મુસ્તક** (મસ્તક) વગેરેમાં આદ્યાક્ષરમાં વ્યક્ત થતાં –અ–>ઉ– એ વલણ અનુસાર **ચાત્રુક**. 'ચાત્રુક અર્થે મેઘ સમર્થ' ગિરધર–**રામાયણ**, યુદ્ધકાંડ ૪૫, પૃ. ૪૬૪. **પ્રાચીન રાજસ્થાની**માં **ચાત્રુંગી** પ્રયુક્ત થયો છે'

૧૬. **જડિત્ર**—માભાઆ. जडिअ– નું સંસ્કૃત બનાવ્યું जडित–. તેનો ઉચ્ચારભેદ તે **જડિત્ર**. 'હીરે જડિત્ર લ્યો હાથ, બલા લેઉં તાહારી રે' **વિશ્વનાથ જાની** કૃત **પ્રેમપચીશી**, ૨૬.

૧૭. **કાલિંદ્રી**—અર્ધતત્સમ. સં. कालिन्दी પરથી. પ્રાચીન ગુજરાતીમાં પ્રયુક્ત

૧૮. **પુલિંદ્ર**—અર્ધતત્સમ. સં. पुलिन्द.

૧૯. **સંધ્રુકવું**—સં. सम् + धुक्ष् પરથી માભાઆ. √ संधुक्क; પછી **ગુજરાતી** **સંધુકવું**, અથવા **સંધ્રુકવું** (પ્રાંતિક). (ચૂલો) 'સળગાવવો'.

૨૦. **ડંડવ્રત**—સં. दण्डवत्–प्रणाम– પરથી સંક્ષિપ્ત **ડંડવત–દંડવત**, અને તેનું ઉચ્ચારણાંતર **ડંડવ્રત** (આમાં **વ્રત** શબ્દનો પણ **સંગદોષ** લાગ્યો હોય).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દંડવ્રત દશધા કરી' (મડાપચ્ચીશી, ૨૧, ૩૦, ૧). 'વલી દંડવ્રત કરતા ગયા' (સાંડેસરા, પ્રાચીન ગુર્જર કાવ્ય, ૧–૨૩).

આ ઉપરાંત **પેરવી** (ફારસી) નું **પ્રેરવી** લેખનમાં વપરાયાનું નરસિંહરાવે નોંધ્યું છે. **કાંતિ** (એ ટ્રેડમાર્કનો સાબુ)ને બદલે **ક્રાંતિ** ઉચ્ચારતું મેં સાંભળ્યું છે.

આ વલણની પાછળનો ધ્વનિવ્યાપાર 'અતિસંસ્કાર' તરીકે જાણીતો છે. સંસ્કૃત વિશેનો સમાન્ય જનતાનો ખ્યાલ એવો રહ્યો છે કે તેમાં રકારવાળા સંયુક્ત વ્યંજનો અને અનુસ્વારવાળા શબ્દો ઘણા આવે છે. એટલે સંસ્કૃતનું અનુકરણ કરવું હોય તો પોતાની ભાષાના કેટલાક શબ્દોમાં—ખાસ કરીને શબ્દારંભી **ત, દ્, ધ્, સ્** વગેરેમાં—રકાર ઉચ્ચારવો અને શબ્દાંતે અનુસ્વાર બોલવો એટલે કામ સરી જાય. વળી તદ્ભવોમાં સંસ્કૃત રકારવાળા યુક્ત વ્યંજનોનું સારૂપ્ય થયું છે તેથી કેટલાક શુદ્ધ તત્સમ શબ્દો વિશે પણ એવો ભ્રમ ઊભો થયો કે તેમાં રકાર વગેરેનો અભાવ એ તેમનાં અશુદ્ધ, ગ્રામ્ય ઉચ્ચારને આભારી છે. એટલે આવા શુદ્ધ તત્સમો તેમના કોઈ એક અક્ષરમાં રકાર ઉમેરીને ઉચ્ચારવા લાગ્યા.[1] ઉપર આપેલાં ઉદાહરણોમાં મોટાભાગનાં તત્સમ શબ્દો પરથી છે તેનું કારણ આ જ છે. **આગ્રહ** નું **આગ્રસ** કે **મોહનલાલ** નું **મોસનલાલ** એવું ઉચ્ચારણ કેટલાક કરે છે, તેની પાછળ આવો અજ્ઞાન–મૂલક કે અર્ધદગ્ધતા–મૂલક ગ્રામ્યતાનો ભય રહેલો છે. શિષ્ટ ઉચ્ચારણના સકારનું ગ્રામ્ય ઉચ્ચારણ હકાર જેવું કેટલેક સ્થળે થતું હોવાથી **આગ્રહ**, વગેરે જેવા શબ્દોમાં હકાર શુદ્ધ હોવા છતાં, તે આવા ગ્રામ્ય ઉચ્ચાર–મૂલક હોવાનું માનીને **આગ્રસ** વગેરે ઉચ્ચારાય છે. તેવી જ રીતે **ખીસું** ને બદલે **ખીચું**. પ્રેમાનંદ **સંકટ**ને બદલે **સંકષ્ટ**,[2] **સંપુટ** ને બદલે **સંપુષ્ટ**[3] અને **જીવિત** ને બદલે **જીંવિત્વ**[4] વાપરે છે તેની પાછળ આ જ માનસવ્યાપાર રહેલો છે. ગુજરાતની કેટલીક બોલીઓમાં શિષ્ટ ભાષાના ળકારને સ્થાને સર્વત્ર રકાર ઉચ્ચારાય છે. આવા પ્રદેશના વિદ્યાર્થીઓએ રકાર ગ્રામ્ય હોવાના અતિભાનથી અને કયાં રકાર, કયાં ળકાર શુદ્ધ ગણાય તેનાં

---

૧. તત્સમોના સંયુકત વ્યંજનોમાં ઉત્તરાવયવ તરીકે રહેલા રકારનું સારૂપ્ય કરવાને બદલે તેને જાળવી રાખવાના વલણની પણ આ જ ઉપપત્તિ છે. જુઓ, આરંભમાં નિર્દિષ્ટ અંગ્રેજી લેખ.

૨. 'કોણ મૂકાવે સંકષ્ટથી'—દશમસ્કંધ, ૧૨, ૪૩, પૃ. ૯૪.

૩. 'સંપુષ્ટ કરી નીજ હાથ'—દશમસ્કંધ, ૨૯, ૮૬, પૃ. ૧૭૯.

૪. 'આપણું જીવિત્વ તે ગૌધન'—દશમસ્કંધ, ૧૯, ૬૦, પૃ. ૧૩૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજ્ઞાનથી **વાંદળા** (વાંદરા), **કંપાળી** (કંપારી), **કિનાળે** (કિનારે), **તળસ** (તરસ), **ઉગાળવા** (ઉગારવા), **નગળી** (નગરી) વગેરે મેટ્રીકના ગુજરાતીના પેપરમાં વાપરેલા. આ ઉપરથી પણ ઉપર્યુક્ત અતિસંસ્કારનું વલણ કેવાં પરિણામ લાવે છે તે જોઈ શકાશે. નીચેનો ટૂચકો સૂચક છે.

જયંત સંસ્કારી મિત્રો સાથે સાહિત્ય, સંગીત આદિની ચર્ચા કરતો બેઠો હતો. નોકર ચા લઈને આવ્યો ને બોલ્યો, 'લ્યો સા'બ સા!' જયંતને અશિષ્ટ ઉચ્ચારણ ખૂંચ્યું. નોકરને કહે, ''એલા 'સા' 'સા' શું કરે છે? 'ચા' બોલ!'' નોકરે શરમાઈને જવાબ આપ્યો, 'ઠીક સા'બ, હવે ધ્યાન રાખીશ.' ચાપણી પત્યા એટલે સોપારી લઈને નોકર આવ્યો ને બોલ્યો, 'લ્યો સા'બ ચોપારી.'

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોહિલવાડી ઉચ્ચારણ

ગુજરાત કે સૌરાષ્ટ્રની બોલીઓ વિશે થોડીઘણી માહિતી આપવાના જે ચારપાંચ પ્રયાસ થયા છે, તેમાં કાંઈક પૂર્તિ કરવાનો આ નોંધ પાછળ આશય છે. અહીં સૌરાષ્ટ્રના દક્ષિણપૂર્વ વિભાગ ગોહિલવાડના ઉચ્ચારણની કેટલીક વિશિષ્ટતાઓની નોંધ લીધી છે, અને તે યે ખાસ ધ્યાન ખેંચવા જેવી લાગી તેમની જ.

૧. ચ વર્ગનો ઘર્ષભાવ (સ્પાય્રંટાય્ઝેશન, spirantisation)

માધ્યમિક ભારતીય-આર્ય કે પ્રાકૃત ભૂમિકામાંથી ઊતરી આવેલા ચવર્ગના ધ્વનિઓ—એટલે કે च् छ्, ज् झ् નું ગુજરાતી ઉચ્ચારણ શુદ્ધ તાલવ્ય નથી, પણ જેને કેટલાક વિદ્વાનો 'અર્ધતાલવ્ય' કહે છે (પણ શાસ્ત્રીય નામ આપતાં જેને 'સ્પર્શઘર્ષ*' કહી શકાય) તેવું છે. પણ આ ધ્વનિઓનું ઉચ્ચારણ ગોહિલવાડની બોલીમાં એક ભૂમિકા આગળ વધ્યું છે અને તે સ્પર્શઘર્ષ (affricates) ને બદલે પૂર્ણપણે ઘર્ષ (ફ્રીકેટીવ્ઝ, કે સ્પાય્રંટ્સ, fricatives, spirants) બની ગયા છે, અને તે યે તાલવ્ય વર્ગના નહીં પણ દંત્ય વર્ગના દંત્યઘર્ષ (ડેંટલ સ્પાય્રંટ્સ dental spirants). એટલે च् छ् ને બદલે स्, ને ज् झ् ને બદલે ज़् (એટલે स् નો ઘોષ, અંગ્રેજી z) ઉચ્ચારાય છે. ઉદાહરણ:

સકલી (ચકલી), સાખવું (ચાખવું), સોર (ચોર), સાપુ (છાપું), સતરી (છત્રી), સોકરો (છોકરો), જ઼મરૂખ (જમરૂખ), જ઼ોવું (જોવું), જ઼ાણવું (જાણવું), જ઼ાડ (ઝાડ), જ઼ોંકો (ઝોંકો), જ઼ળકવું (ઝળકવું).

૨. તાલવ્યભાવનો નિયમ (પૅલૅટલ લૉ, palatal law)

પણ શિષ્ટ ગુજરાતીમાં ચવર્ગનું ઉચ્ચારણ બધા સંજોગોમાં સ્પર્શઘર્ષ (ઍફ્રીકેટ, affricate) નથી. જ્યારે च વર્ગની પછી આવતો ધ્વનિ તાલવ્ય (इ, ए य्) હોય ત્યારે ચવર્ગનું શુદ્ધ તાલવ્ય ઉચ્ચારણ થતું લાગે છે. આને તાલવ્યભાવનો નિયમ (પૅલૅટલ લૉ palatal law) કહી શકાય. અને એ જ પ્રમાણે

---

*સ્ટૉપ (stop)=સ્પર્શ; તે પ્રમાણે ફ્રીકેટીવ (fricative)=ફ્રીક્ષન (friction) એટલે કે ઘર્ષણથી ઉત્પન્ન થતો તે ઘર્ષ. અને ઍફ્રીકેટ (affricate) = બંનેનું મિશ્રણ એટલે સ્પર્શઘર્ષ. શ્રી. નાગપ્પાએ sibilant માટે 'ઘર્ષવર્ણ' વાપર્યો હોવાનું હમણાં મારા જોવામાં આવ્યું. "હિંદી એવં દ્રાવિડી ભાષાઓંકા વ્યવહારિક સામ્ય" નાગરી પ્રચારિણી પત્રિકા, ૧૯, ૨, ૧૫૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોહિલવાડી ઉચ્ચારણમાં શિષ્ટ ગુજરાતીના તાલવ્ય ધ્વનિથી યુક્ત ચવર્ગના ધ્વનિઓને સ્થાને તાલવ્ય ઘર્ષ (પૅલેટલ ફ્રીકેટીવ palatal fricative) ધ્વનિઓ ઉચ્ચારાય છે. એટલે ચ્ છ્ નો (સ્ નહીં પણ) શ્ ને જ્–ઝ્ નો (જ્ નહીં પણ) જ્ (એટલે શ્ નો ઘોષ, અંગ્રેજી measure માં su નું જે ઉચ્ચારણ છે તે) થાય છે.

ઉદાહરણ :

શીકણુ (ચીકણું), શી : (ચીસ), શીર (ચીર);
શેપ (ચેપ), શેતવુ (ચેતવું), શેલા (ચેલા);
શાર (ચાર–૪, મૂળ 'ચિયાર'), મશા રેવુ (મચ્યા રહેવું);
વશલુ (વચલું, विच्चिल्लमांથી), વશાર (વિચાર : અર્ધતત્સમ);
શીંક (છીંક), પશી (પછી), શીપવુ (છીપવું);
શેડો (છેડો), શેવટ (છેવટ), શેલો (છેલ્લો);
પાશલુ (પાછલું, * 'પચ્છિલ્લ'માંથી), પુશ (પૂછ્ય, 'પૂછવું'નું આજ્ઞાર્થ ૨. એકવચન, યકાર સાથે), મુશ ('મુછ્ય' યકાર સાથે);
જીવી (જીવી) ભાણજી (ભાણજી), ભાજી (ભાજી);
જેવડુ (જેવડું) જેઠ (જેઠ), જે (જે);
વાજંખી (વાજખી, મૂળ '०જિ०'?), જાજમ્ય (જાજમ, મૂળ '०જિ०'?)
લાજય (લાજ્ય, 'લાજવું' નું આજ્ઞાર્થ ૨. એકવચન, યકાર સાથે);
જીણુ (ઝીણું), જીંકવુ (જીંકવું), જીલવુ (ઝીલવું);
રેખજેખ (રેખઝેખ), જેરવુ (ઝેરવુ), ઃાંજે (સાંજે);
દાજય (દાઝ), સુજય (સુઝ), વાંજ્જયો (વાંઝિયો).

અહીં એ લક્ષમાં રાખવાનું છે કે વિવૃત (હાફ઼ ઓપન, half open) 'ઍ તાલવ્યતાકારક નથી :

સૅક (ચેક), સૅન (ચેન), સૅરો (ચહેરો);
સૅ (છે), સૅકવુ (છેકવું), સૅલસખીલો (છેલછબીલો);
જૅ જૅ (જે જે, જયજય), જૅણે (જેણે), જૅલ (જેલ) જૅર (ઝેર)

આ ઘર્ષભાવ (સ્પાયરંટાયઝેશન, spirantization) અને તાલવ્યભાવના નિયમ મરાઠીમાં પણ પ્રવૃત્ત થયેલા જોઈ શકાય છે.

૩. સ્ નો અઘોષ હ્ (વિસર્ગ)

શિષ્ટ ગુજરાતીમાં જ્યાં સ્ હોય છે, ત્યાં ગોહિલવાડીમાં અઘોષ હ્ બોલાય છે. અઘોષ હ્ એટલે સંસ્કૃતનો વિસર્ગ. આમ સંસ્કૃતમાં સ્ શબ્દાંતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે ત્યારે જ વિસર્ગ બનતો, ત્યારે ગોહિલવાડીમાં તે સર્વત્ર વિસર્ગ બને છે. ઉદાહરણ :

ઃરખુ (સરખું), ઃારૂ (સારું), ઃુવુ, (સુવું), ઃેલુ (સહેલું), ઃોયરુ (સોયરું), ઃો (સો), ઃૈયારુ (સહિયારું), ઃૌ (સૌ), ઃાઃુ (સાસુ), દઃ (દસ), માણુઃ (માણુસ), વઃવાયા (વસવાયાં).

આમાં પણ તાલવ્યભાવનો નિયમ લાગુ પડે છે. સ્ પછી તાલવ્ય ધ્વનિ આવે ત્યારે તેનો વિસર્ગ ન થતાં શ્ થાય છે :

વાશી (વાસી), પરશેવો (પરસેવો), કરીશ (મૂળ '૦સિ'માંથી), ધશ ('ધસવું'નું આજ્ઞાર્થ ૨. એકવચન, યકાર સાથે).

અર્ધતત્સમોમાં સ્ નો શ્ ઉચ્ચારાય છે. '**શુખ**' (સુખ), પણ તદ્ભવ '**ઃખ**' (*સખ, સુખ). કવચિત શ્ નો પણ વિસર્ગ થતો હોય છે :

ઃું (શું): '**ઃરાદ્ધ**'માં મૂળનું **શ્રાદ્ધ** વિશ્લેષથી '**સરાધ**' એમ ઉચ્ચારાતું થયું હોય ને પછી '**ઃરાદ્ધ**'

૪. અંત્ય અનુનાસિકનો લોપ

સંસ્કૃત °अकम्‌માંથી ઊતરી આવેલાં નપુંસકલિંગી અંગોના એકવચનમાં કે બહુવચનમાં ક્યાંયે અંત્ય અનુનાસિક ઉચ્ચારાતો નથી. માત્ર એકાક્ષરી શબ્દોમાં તે ઉચ્ચારાય છે.

ઃારુ (સારું), કપડા (કપડાં), કરવુ (કરવું), ઘોડિયુ (ઘોડીઓ);
હું, ઃું, તું.

પણ નાસિક્ય (નેઝ઼લ, nasal) ધ્વનિની અસર નીચે સમીપના સ્વર અનુનાસિક બને છે, એટલે કે સહચારી નાસિકયતા (સીંપથેટીક, sympathetic કે એસોસીએટીવ નેઝ઼લાયઝ઼ેશન associative nasalization) થાય છે :

કાંણ, નાંમ, પંણ, એનં (એને).

સંસ્કૃત °अकम्‌માંથી ઊતરી આવેલા નપુંસકલિંગી અંગો શિષ્ટ ગુજરાતીમાં અનુનાસિકાંત છે, જ્યારે ગોહિલવાડીમાં નિરનુનાસિક છે એ વસ્તુસ્થિતિ અપભ્રંશમાં જે આવાં અંગોનો વિકલ્પે °अउँ ને अउ એવો વિકાસભેદ દેખાય છે તેનું પરિણામ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. નાસિકય ધ્વનિની અસર નીચે વિવૃતભાવ

ण्, न्, म्, જેવાં નાસિકય ધ્વનિઓની આગળનો ए કે ओ વિવૃત (હાફ ઓપન, half open) બને છે:

'વગોવવું'માંથી 'વગાંણું,' 'રોવું'માંથી 'રોણું,' પ્રૅંમ (પ્રેમ), કૅંમ, ઃૉમ (સોમ), મૅંનાં (મેના), ઃૉનું (સોનું)

૬. અનાદિ હકારનો લોપ

આવો લોપ થયા પછી સાથે આવી ગયેલા સ્વરો સંયુક્ત બને છે:

બૅન્ય (બહેન), બૌ (બહુ), નાવુ (નહાવું), પૉળુ (પહોળું), કૅવુ (કહેવું), પૅરવુ (પહેરવું), પૉંસવુ (પહોંચવું).

અંત્ય હકાર અઘોષ થવા તરફ વલણ: આગ્રઃ (આગ્રહ), મોઃ (મોહ).

૭. મૂર્ધન્યોનું એક જ ઉચ્ચારણ

બીજી કેટલીક બોલીઓમાં મૂર્ધન્ય ધ્વનિઓનું (ड्, ढ् નું) અમુક સંજોગોમાં મૂર્ધન્યતર (ड़्, ढ़्) ઉચ્ચારણ થાય છે, પણ ગોહિલવાડીમાં મને એક જ—મૂર્ધન્ય ઉચ્ચારણ હોય તેમ લાગે છે. કોઈપણ સ્થિતિમાં ડ, ઢ ના ઉચ્ચારણમાં કશો ફેર પડતો હું કળી શક્યો નથી.

૮. સ્વરોની હ્રસ્વતા

ખાસ ભાર મૂકવો હોય તે સિવાય સામાન્ય રીતે સ્વરોમાં હ્રસ્વ-દીર્ઘનો ભેદ નથી, બધા સ્વરો એક જ રીતે ઉચ્ચારાતા સંભળાય છે. શબ્દ કે વાકયમાં ઉચ્ચારાતી વખતે વિશિષ્ટ ધ્વનિસંદર્ભને કારણે કે અર્થમૂલક કારણોને લઈને કોઈ વાર દીર્ઘ ઉચ્ચારણ પણ થતું હોય, પણ સ્પષ્ટપણે પકડાય તેવું અને અગત્ય ધરાવે તેટલા પ્રમાણમાં દીર્ઘ ઉચ્ચારણ જણાતું નથી. માત્રાપ્રમાણની અર્થવાહકતા તો સાવ નષ્ટ થઈ ચૂકી છે.

૯. મૂળના इને સ્થાને સવત્ર યકાર

સ્રીલિંગી અંગો: રાત્ય, આંખ્ય, ગુણ્ય, તાણ્ય, બૅન્ય, વાળ્ય, સાલ્ય (ચાલ); આજ્ઞાર્થ ૨. એકવચન: બોલ્ય, કર્ય, નાખ્ય, લાવ્ય, ફગાવ્ય, પંપાળ્ય; જૂનું તૃતીયા–સપ્તમી એકવચન: **હાથ્ય** આવ્યું, **ગામ્ય** ગ્યો; હર્ય (हरि), વાલ્યમ (वालिम–માંથી), દન્ય (दिन), વખ્ય (विष), મશ (मिष), વશમું (विषम, विस्तारित);

વાંદર્યો (વાંદરો), તડ્યકયો (તડકો), મુર્યખ્યો (મૂરખો), વાટ્યકયો (વાટકો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. અલ્પપ્રાણનો મહાપ્રાણ કરવાનું વલણ

અલ્પપ્રાણની આસપાસમાં ઊષ્માક્ષરો, રકાર, ળકાર કે મહાપ્રાણ હોય ત્યારે તેની અસર નીચે અલ્પપ્રાણનું મહાપ્રાણ ઉચ્ચારણ થાય છે :

શાખ (શાક), ખીનખાબ (કીનખાબ)
ઘુંશ (ગૂંચ), ઘઅ્ડું (ઘરડું), ઘઢપણ, ઘોળ (ગોળ), ઘઘેડુ, (ગધેડું)
ઘરણ (ગ્રહણ), મરઘલ્યો (મ્રગલો=મૃગ), ઘઢડા (ગઢડા) ;
ઘાભો (ગાભો), ઘભરુ (ગભરુ) ;
ઢેઢ ? (ઢેડ) ;
ભરથ (ભરત), પરબથ (પરવત), ભારથ (ભારત) ;
ધોડવુ (દોડવું, મૂળ દ્રોડવું), ધરાખ (દરાખ), બળધ (બળદ), ધાધર (દાદર);
ધ્રસ્ટાન્ત (દ્રષ્ટાન્ત, દષ્ટાન્ત) ;
ભામણ, ભ્રામણ (બ્રાહ્મણ).

આ સાથે બીજી બોલીઓમાં **ઝભલું, ઝબ્ભો, ભાથું** વગેરેમાં દેખાતું મહાપ્રાણવિધાન સરખાવી શકાય.

આ સિવાય વિશિષ્ટ ધ્વનિસંદર્ભોમાં સ્વરભારની અસર તળે શબ્દાન્તર્ગત રકાર, ણકાર, ળકાર, ડકાર વગેરેનો લોપ--જેમ કે **બાઅ્ણુ (બારણું), ચાઅ્ણી (ચાળણી), ખાઅ્ણી (ખાંણણી, ખાંડણી)**—કે તેવી બીજી કેટલીક બાબતોનો પણ ઉલ્લેખ કરી શકાય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યયવિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સશકત'ાદિ ગણ

'પંડિતયુગ' દરમ્યાન બંધાયેલાં શિષ્ટતાનાં ધોરણો આજની સાહિત્યભાષા પર પોતાનો પ્રભાવ પૂરતા પ્રાબલ્યથી પાડી રહ્યાં છે. **સંસ્કૃત** ભાષાના ગાઢ આશ્લેષે આપણી ભાષા માટે સંજીવનભર્યો ને ઋદ્ધિસમર્પક નીવડીને તેને જેમ અમૃતદાન કર્યું છે, તેમ સાથે સાથે ગુજરાતીના સ્વત્વને, તેના સાહજિક વિકાસ–વિસ્તારને કેટલેક અંશે રૂંધીને કંઈક વિષગ્રંથિનું કામ પણ તે કરી રહ્યો છે, 'ફલાણો શબ્દ શુદ્ધ છે કે અશુદ્ધ?' એવી રૂઢપ્રાય, રૂઢ કે સુરૂઢ (અથવા તો નવતર છતાં સવળતાભર્યા) એવા કેટલાક શબ્દોની બાબતમાં આંઠે દહાડે એકાદ ચર્ચાનો આપણને ભેટો થાય છે એ ઉક્ત હકીકતનું જ સૂચક છે.

આવી અસર નીચે ગુજ. **સશકત** શબ્દ સામે કોઈ શંકાની નજરે જોવે તો તે સમજી શકાય તેવું છે, કારણ દેખીતું તો **સશકત** શબ્દને **સંસ્કૃત** વ્યાકરણનો આધાર હોય એવું લાગતું નથી. **સંસ્કૃતમાં** **सशक्ति** (બહુવ્રીહિ) કે **शक्त** થાય અને તેથી 'શુદ્ધિ'નો આગ્રહી ગુજરાતી કોશબહાર તેને મૂકવા પ્રેરાય એ સહજ છે. પણ **સંસ્કૃત** અને ગુજરાતીને સાંધતી એક નહીં પણ બે ચાર નાનીમોટી ભાષાભૂમિકાઓ વચ્ચે પડી છે, અને ગુજરાતીનું કાઠું કલેવર બંધારણ—જે કહો તે—ને અને તેના અનુપ્રાણકતત્ત્વને **અપભ્રંશ** અને **પ્રાકૃતોની** પાયારૂપ ને સમકાલીન લૌકિક બોલીઓ સાથે જેટલું લાગેવળગે છે, તેથી ઘણુંઘણું ઓછું **સંસ્કૃત** સાથે લાગેવળગે છે. આથી કેટલીયે બાબતોમાં **પ્રાકૃત**, **અપભ્રંશ** કે **અર્વાચીન** ઉત્તરભારતીય ભાષાઓ—નહીં કે **સંસ્કૃત**—ગુજરાતી ભાષાસામગ્રી પર સાચો પ્રકાશ નાખી શકે કે તેના વિકાસને હિતકર, પથ્ય ને ઇષ્ટ શું છે તે સૂચવી શકે તેમ છે.

અર્વાચીન ગુજરાતીમાં **સશકત** રૂઢ છે તેની કોઈ ના કહી શકે તેમ નથી. અને **સશકત**ના જેવા જ ઘડતરવાળા એટલે કે વિશેષણ હોવા છતાં આરંભે **स** ઉમેરતા બીજા શબ્દો **અર્વાચીન** ગુજરાતીમાં જ નહીં, પણ **પ્રાકૃત**, ઉત્તરકાલીન **સંસ્કૃત**, **અપભ્રંશ**, **પ્રાચીન** ગુજરાતી, **પ્રાચીન** **મારવાડી** (ડિંગળ), **પ્રાચીન** **અવધી** અને **બંગાળી**માંથી પણ મળી આવે છે. એવાં કેટલાંક ઉદાહરણો અહીં એકઠાં કર્યાં છે.

ઈસવી પાચમી સદીના **પ્રાકૃત** કથાગ્રંથ **વસુદેવહિણ્ડિ**માં બે વાર ससंकिअ શબ્દ संकिअ (शङ्कित)ના **અર્થ**માં આવે છે:

ततो अहमवि **ससंकिओ** छेयबुद्धिपयारेण तमणुगच्छामि। **વસુદેવહિણ્ડિ**, ૧, ૪૦, ૧૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुहवीसत्थोवायचारुकुसलो **ससंकियं** से चरियं अवलक्खेमि । **વસુદેવહિણ્ડિ**, ૧, ૪૧, ૧૭.

શાંતિસૂરિની ઉત્તરાધ્યયન–ટીકામાં **વસુદેવહિણ્ડિ**માંથી જ ससंकिय લેવાયો છે. આ ઉપરાંત सविलक्ख (= विलक्ख), ससंभंत (= संभंत–सम्भ्रान्त) અને ससिणिद्ध (= सिणिद्ध–स्निग्ध) **દેવેન્દ્રસૂરિની ઉત્તરાધ્યયન–ટીકા**માંથી **યાકોબી**–(Jacobi)એ નોંધ્યા છે.[1]

પૂર્ણભદ્રના પંચાખ્યાનકમાં[2] सचकित (= चकित) મળે છે.

સંદેશરાસકના ઉત્તરકાલીન **અપભ્રંશ**માં सकोमल (=कोमल), सविलक्ख (=विलक्ख), सकसाय (=कसाय), सलज्जिर (=लज्जिर), सगग्गिर (=गग्गिर), सलोल (=लोल) મળે છે.

પ્રાચીન મારવાડી (ડિંગળ) ના પ્રસિદ્ધ કાવ્ય **વેલિ ક્રિસન રુકમણી રી** (ઇ. સ. ૧૫૮૦)માં **સકુસળ** (= **કુશળ**), **સઘન** (= **ઘન**), **સભિન્ન** ('ભીનું'), **સસત** ('સત્ય') વપરાયા છે. ટિપ્પણી (પૃ. ૩૮૪)માં સંપાદકો કહે છે કે : किसी शब्दविशेष पर जोर देने के लिए मारवाडी में 'सु' या 'स' लगा देते हैं। આ રીતે **મારવાડી**માં सथिर (= थिर) વપરાયો છે :

मेरधू सथिर अहराव–सिर मेदणी (**રાજસ્થાન–ભારતી**. એપ્રિલ ૧૯૪૬ પૃ. ૭૫)

તુલસી રામાયણ (રામચરિતમાનસ, ઇ. સ. ૧૫૭૫–૭૭)ની **અવધી**માં सभीत (= भीत) અનેક વાર વપરાયો છે :

परम **सभीत** धरा अकुलानी

—**બાલ**કાંડ ૧૮૪,૪.

આ જ પ્રમાણે ૧૩૮,૨; ૧૩૯,૨; ૨૦૨,૩; ૨૨૯,૧૦ વગેરે.

સોળમી સદીના **બંગાળી** કવિ **ગોવિંદદાસે** सचकित વાપર્યો છે[3] : (તેની ભાષા **વ્રજ**થી ખૂબ પ્રભાવિત છે) :

कर्पूर ताम्बूल वदनहि पूरल
सचकित भेल पीतवास ।

અને

सचकित नयने नेहारइ सहचरी

અર્વાચીન બંગાળીમાં **સચકિત** સામાન્ય વપરાશમાં છે.

---

૧. એલ્સેલૂન્ગન, શબ્દકોશ, Sa° નીચે.

૨. હર્ટલ (Hertel) સંપાદિત પંચાખ્યાનક, ૭૦, ૩.

૩. બિસ્વપતિ ચૌધરી : એ ક્રીટીકલ સ્ટડી ઓવ ધ સૉંગ્જ ઓવ ગોવિંદદાસ, ૨ જર્નલ ઑવ ધ ડીપાર્ટમેંટ ઑવ લેટર્જ, ગ્રંથ ૨૩, ૧૯૩૩, પૃ. ૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમાનંદના દશમસ્કંધમાં **સકોમળ** મળે છે :

સકોમળ પદમાં બળ અત્યંત

દશમસ્કંધ, ૭–૨૬

તે જ રીતે ૫૧, ૨૫ અને ૭૫, ૧૬૧ માં તે વપરાયો છે. **અર્વાચીન** ગુજરાતીમાં **સાનુકૂળ (અનુકૂળ)**, **સઘન (ઘન)** ચાલુ વપરાશમાં છે.

આ બધી સામગ્રી પરથી સ્પષ્ટ થાય છે કે **સશક્ત** નો **સ–** કોઈ તરંગને કે અશુદ્ધિને કારણે નહીં, પણ **માધ્યમિક ભારતીય–આર્ય** અને **અર્વાચીન ભારતીય**–આર્યની પ્રાચીન ભૂમિકામાં પ્રવર્તતા એક વલણના પરિણામે આવેલો છે. દેખીતી રીતે જ તે મૂળે આધિક્ય કે ભાર દર્શાવવા પ્રયોજાતો અને એ દૃષ્ટિએ સંસ્કૃત सु– સાથે એનો સંબંધ બાંધી શકાય. અપભ્રંશમાં सु– નો સારો એવો પ્રચાર[૪] હતો. આ વલણ પછીથી પણ ચાલુ રહ્યું જણાય છે, કેમ કે **વેલિ ક્રિસન રુકમણી રી** ના ત્રણસો જેટલા શ્લોકમાં બાવીશેક सु–વાળા શબ્દો મળે છે. આમાં મોટા ભાગના શબ્દોમાં सु– મૂળ શબ્દના અર્થમાં ખાસ કશો વધારો કરતો જણાતો નથી. લઘુતા કે લાડ દર્શાવતા અંગવિસ્તારક પ્રત્યયોની જેમ सु– આધિક્ય કે પ્રાશસ્ત્ય સૂચવતો, તે સમય જતાં 'સ્વાર્થે' કે 'શબ્દાલંકારે' પ્રયોજાવા લાગ્યો. स–નું પણ એમ જ છે. **સશક્ત** એટલે **શક્ત.** સંસ્કૃત –वर એ પરપ્રત્યયનો અર્થવિકાસ પણ આ જ પ્રકારનો છે. તે પણ पुरुषवर, मित्रवर વગેરેમાં પ્રાશસ્ત્યે છે અને તેનો પણ અપભ્રંશમાં સ્વાર્થે પ્રયોગ થતો ગયો છે, અને આપણે **તરુવર** ને **સરોવર** પ્રાશસ્ત્યના જરા પણ ભાવ વિના વાપરીએ છીએ.

પણ सु– એ એક જ स–નું મૂળ નથી. કેટલાક પ્રયોગો પરથી આપણે એવું માનવા પ્રેરાઈએ છીએ કે अ–વાળા નગ્નાર્થક પ્રયોગોના વિરોધમાં, સાદૃશ્ય બળે કેટલાક स–વાળા પ્રયોગો પ્રચલિત બન્યા હોય. असंभ्रान्त ના વિરોધમાં ससंभ्रान्त, अशक्त ના વિરોધમાં सशक्त, अकोमल ના વિરોધમાં सकोमल, વગેરે पंचाख्यानक માં अज्ञान ના વિરોધમાં सज्ञान (= જ્ઞાન) જેવો શબ્દ વપરાયો છે તે આ વલણનો જ દ્યોતક છે.

એ લક્ષમાં રાખવાનું છે કે स– ઘણુંખરું તત્સમ કે અર્ધતત્સમ શબ્દોને લાગેલો છે.

★

૪. પુષ્પદંતકૃત **મહાપુરાણ** (સંધિ ૮૧–૯૦) માં સાત–આઠ અને **સ્વયંભૂકૃત પઉમચરિઉ**ના વિદ્યાધરકાંડમાં સત્તાવીશ જેટલા सु–વાળા શબ્દો મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તૃવાચક પ્રત્યય '-નાર'

૧. **સરજનાર, સરજનારો, સરજનહાર** એવા કર્તૃવાચક નામોના પ્રત્યય વિશે વિચાર કરતાં **નરસિંહરાવે** (૧) सर्जनकारः—सरजनहारु—**સરજનહાર**; (૨) सर्जनकारः—सरजनहारु—सरजनआरु—**સરજનાર** એવો વિકાસક્રમ જણાવ્યો છે.[1] (૧) માં **હ** નો પ્રક્ષેપ થયો હોવાનું માન્યું છે અને (૨) માં એ પ્રક્ષિપ્ત **હ**નો વળી પાછો લોપ થયો હોવાનું માન્યું છે. **હે**મચંદ્રે પ્રાકૃતમાં दोहणहारी 'દોહનારી' 'દોનારી' શબ્દ આપ્યો હોવાથી **સં**. दोहनकारी ને નજરમાં રાખી **નર**સિંહરાવ ह् ના પ્રક્ષેપદ્વારા –कार–માંથી –हार– થવાની પ્રક્રિયા **હે**મચંદ્રની પણ પહેલાના **સમયથી** અસ્તિત્વમાં હોવાનું અનુમાન કરે છે.[2]

૨. °**નાર** ની આ વ્યુત્પત્તિમાં ધ્વનિદૃષ્ટિએ કેટલાક ગંભીર દોષો રહેલા છે.

(૧) ગુજરાતી માટે પણ **નર**સિંહરાવ માને છે તે રૂપમાં ह्‌કાર–પ્રક્ષેપ થતો નથી. જે શબ્દો પરથી તેમણે ह्‌કાર–પ્રક્ષેપનો ધ્વનિનિયમ બાંધ્યો છે,[3] તેમની ઉપપત્તિ બીજી રીતે વધારે શાસ્ત્રીયતાપૂર્વક આપી શકાય તેમ હોવાથી, એ નિયમ ટકી શકે તેમ નથી.

(૨) **પ્રા**કૃતમાં આ જાતનો ह्–પ્રક્ષેપ અજાણ્યો છે.

(૩) મધ્યગત –न्–નો ગુજરાતીમાં –ण्– થવો જોઈએ. એટલે ह् લુપ્ત થયો હોય તો **દોહણાર, દોણાર** એવું રૂપ સિદ્ધ થવું જોઈએ. તેને બદલે તો **દોહનાર, દોનાર** એવું ઉચ્ચારણ છે. કેટલાક શબ્દોમાં સં.–न्–, પ્રાકૃત–અપભ્રંશમાં –ण्– થઈ ફરી ગુજરાતીમાં –न्– બની જાય છે, એવો નિયમ **નર**સિંહરાવે તારવ્યો છે ખરો, પણ એ શબ્દોની સાચી ઉપપત્તિ જુદી જ હોવાથી, **નર**સિંહરાવનો ઉક્ત નિયમ ખોટો ઠરે છે, અને સંસ્કૃતનો મધ્યગત –न्– ગુજરાતીમાં –ण्– રૂપે ઊતરી આવ્યો હોવાનો નિયમ નિરપવાદ ઠરે છે.

આ કારણે **નર**સિંહરાવની વ્યુત્પત્તિ અસ્વીકાર્ય છે.

૩. **કરનાર, તારણહાર** વગેરેમાંનો **–આર** એ અંશ સં. –कार–માંથી નિષ્પન્ન થયો છે એટલું તો બરોબર છે. અપભ્રંશમાં –गार– કે –गारय–(સં.–कार–

---

૧. ગુજ. લૅં. ઍ. લી., ૧, ૩૦૯, ૩૧૪.

૨. ઉક્ત પુસ્તક, ૧, પા. ૩૧૪, પાદટીપ ૫૦.

૩. ઉક્ત પુસ્તક. ૧, પા. ૩૦૮. આમાં **પહોંચ્યું**નું મૂળ પ્રા. पहुत्त, पहुच्च (સં. प्रभूत, *प्रभृत्य-?), મ્હેં–ત્હેંમાં અપભ્રંશ ષષ્ઠીનું રૂપ मह–महार–, तुह–तुहार--(જેમાંનો –ह– મૂળે સં. ષષ્ઠીપ્રત્યય –स्यમાંથી છે)ની અસર છે. **જ્યહારે, ત્યહારે** વગેરેમાં મૂળ जिहवारइ વગેરે છે, અને जेह–तेह, जिह–तिहના સાદૃશ્યનું પરિણામ છે. લ્હેને, ચ્હેનો સંબંધ लय–ને चिता સાથે નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–कारक–), –आर –અથવા –यार– ને –आरय– અથવા –यारय–(સં.–कार–, –कारक–), તેમજ –गर–(સં.–कर–) અને –यर–(સં.–कर–) એ કર્તૃવાચક પ્રત્યયો પ્રચારમાં હતા, અને ક્રિયાવાચક તેમ જ ઇતર નામોને તે લગાડવામાં આવતાં. पुज्जायारउ (पूजाकार-कः) (મહાપુરાણ, ૧૯–૫–૧૧), वाणिज्जारउ (वाणिज्यकारक:) (મહાપુરાણ, ૧૯–૬–૧); खयगारउ (क्षयकारकः), पेसणयारी (प्रेषण-कारिका 'દાસી'); હેમચંદ્રમાં[6] विच्छोहगरु (विक्षोभ–कर: 'વિજોગ પડાવનાર') તથા वञ्चयर (=वञ्चका:);–दीवयरु[7] (=दीपकम्),–संजीवयरु (=संजीवकम्), વગેરે.

૪. અપભ્રંશનાં એ કર્તૃવાચક નામોનો અક્ષરશઃ અર્થ કરવામાં આવે તો खयगारउ 'ક્ષયનો કરનાર,' विच्छोहगरु 'વિરહનો કરનાર' वञ्चयर 'વંચનાના કરનાર' એવો અર્થ થશે, કેમ કે એ નામો, ક્રિયાવાચક નામ + કર્તૃવાચક પ્રત્યય, એ બે અંશના સમાસ દ્વારા બન્યાં છે. પણ સમાસ ન કરવો હોય તો ક્રિયાવાચક નામને ષષ્ઠીનો પ્રત્યય લગાડી પછી કર્તૃવાચક –कारः, –गारु લગાડવાથી પણ એ જ હેતુ સરશે. પ્રા. दोहणहारी માં એમ જ થયું છે. दोहण–નું અપભ્રંશમાં ષષ્ઠી એકવચન दोहणह થાય. પછી સં. कारीમાંથી સિદ્ધ થયેલું °आरी તેમાં ભળી જતાં दोहणहारी 'દોહનની કરનારી' એમ શબ્દ બને. સંસ્કૃત મૂળ રૂપ તરીકે ઉદાહરણ ખાતર दोहनस्य कारी એવા પ્રયોગની કલ્પના કરી શકાય. એ રીતે જ तारणह + आरु = તારણહાર વગેરે. અને પછી તો °નહાર અંશ સ્વતંત્ર રીતે કર્તૃવાચક બની જતાં સીધો તત્સમ **પાલન** કે અર્ધતત્સમ **સરજન** વગેરેને લગાડવામાં આવ્યો ને **પાલનહાર**, **સરજનહાર** વગેરે વપરાવા લાગ્યા. આમ **–નહાર** (°ણહાર) અંતવાળા કર્તૃવાચક નામોમાં રહેલો હકાર પ્રક્ષિપ્ત નથી, પણ અપભ્રંશનો ષષ્ઠીનો પ્રત્યય છે.

૫. પણ **–નહાર** (ણહાર) એ કર્તૃવાચક પ્રત્યય અર્વાચીન ગુજરાતીમાં બોલચાલની ભાષામાં જીવંત નથી—ગમે તે આખ્યાતમાંથી **–નહાર** (–ણહાર) અંતવાળા કર્તૃવાચકો સિદ્ધ કરી શકાતા નથી. માત્ર કાવ્યભાષામાં અને ચાલુ વપરાશના તો **પાલનહાર, તારણહાર, સરજનહાર** જેવા ચાર છ શબ્દોમાં જ તે મળે છે. જીવંત પ્રત્યય તરીકે તો **–નાર** (**–નારો**) છે, જે ગમે તે આખ્યાતને કર્તૃવાચક નામો સિદ્ધ કરવા માટે લગાડી શકાય છે: **બોલનાર, રમનારો, ઉંચકનારું** વગેરે. આ –નાર પ્રત્યય અપ.–णहारुમાંથી જ ઊતરી આવ્યો છે.

---

૫. ઉક્ત પુસ્તક, ૧, પા. ૧૭૯–૧૮૦, ૩૬૧–૩૬૨.

૬. પ્રાકૃત વ્યાકરણ, ૪, ૩૯૬ (૧), તથા ૪, ૪૧૨.

૭. આ બે શબ્દો સંદેશરાસકમાંથી છે. અપ. ના –यर–પ્રત્યય માટે જુઓ મારો લેખ 'અપભ્રંશ એજંટીવઝ ઈન –यर–' ભારતીય વિદ્યા, સપ્ટે, ૧૯૪૫, પા. ૧૯૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दोहणहारु પરથી दोहन्हार અને પછી **દોહનાર, દોનાર.** આમ પ્રા. અપ. –ण– ગુજરાતીમાં જળવાઈ ન રહેતાં –न– બની જાય છે, કારણ કે તે હકારથી સંપૃક્ત થઈ –न्ह–બની પછી હકાર લુપ્ત થતાં –न– રૂપે આવી રહે છે. પ્રાચીન ગુજરાતીમાં देणहार, देणहारु, करणाहरु, लेणाहरु, पठणाहारु जाणनहारु જેવાં રૂપો મળે છે. –ण्ह– > –न्ह– > –न–માટે સરખાવો

कृष्णः—कण्हु—कान्ह, **કહ્‌ાન, કાન**

श्लक्ष्णकः—लण्हउ–***નાન્હો–નહાનો, નાનો**

એ જ ધોરણે **ઊનું** (उण्ण–), **પાનો** (प्रस्नवः), **તીનું** (तीक्ष्णक–) વગેરે. આમ હકારના સંયોગે રહેલો પ્રા. –ण्– ગુજરાતીમાં –न्– રૂપે આવવાનો ધ્વનિનિયમ બાંધી શકાય. તેને અનુસરીને **દોહનાર** વગેરેમાં ન્‌કાર છે. तारणहार વગેરેનો હકાર લુપ્ત થયા પછી **તારનાર** વગેરે નથી થતાં, પણ तारणहार નો तारण्हार–तारन्हार એમ ઉચ્ચારણ–વિકાસ થયા પછી હકાર–લોપ થતાં **તારનાર** (વિસ્તારિત **તારનારો**) સિદ્ધ થાય છે.

મરાઠી **કરણાર,** અવધી **પાલનિહારા** વગેરેની આ સાથે ચર્ચા કરતાં આ બાબત વિશેષ પ્રકાશ પડવા સંભવ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદ્ધિત -રૂપ-નો વારસો

૧. પાણિનિની અષ્ટાધ્યાયી (૫, ૩, ૬૬) ક્રિયાપદો અને નામોને લાગતા, અને વસ્તુ, ગુણ કે ક્રિયાનું પ્રાશસ્ત્ય, ઉત્કૃષ્ટતા સૂચવતા -રૂપ- પ્રત્યયનું વિધાન કરે છે. ભટ્ટોજી દીક્ષિતે ઉદાહરણ લેખે पटुरूप–'સુનિપુણ' અને पचति–रूपम् 'સારું રાંધે છે' એ આપ્યા છે, અને તેનો ટીકાકાર चौररूप– 'નિપુણ ચોર'એ ઉમેરે છે. હર્ષચરિતમાં वत्सरूप–'વાછરુ' અને મહાભારત તથા શાકુન્તલમાં युक्तरूप–'સુયોગ્ય' મળે છે. -રૂપ- પ્રત્યય લેતા ઝાઝા શબ્દો સંસ્કૃતમાં મળતા નથી. પણ માધ્યમિક અને અર્વાચીન ભારતીય-આર્યમાં એ -રૂપ- ના વિકારરૂપ પ્રત્યયને લેતા ઠીકઠીક શબ્દો મળી આવે છે, તે ઉપરથી અટકળ કરી શકાય કે ઉત્તરકાલીન પ્રાચીન ભારતીય-આર્ય લોકબોલીઓમાં -રૂપ-ની ફળદ્રૂપતા ગણનાપાત્ર હશે. પાલિમાં गोरूप– 'બળદ', અને પ્રાકૃતમાં दासरूव–'નોકર', चेडरूव–'નોકર', डिम्भरूव– 'છોકરું', डिक्करूव– (કે डेक्करूव–) 'છોકરું', वच्छरूव–'વાછરુ', पड्डरूव– 'પાડરુ' વગેરે મળે છે. આમાં જોઈ શકાશે કે રૂપ-નો મૂળનો પ્રાશસ્ત્ય કે વહાલનો ભાવ ઘસાઈ જઈ, -क्- કે પ્રા. અપ -ड-ની જેમ લઘુતાવાચક અને છેવટે સ્વાર્થિક પ્રત્યય તરીકે—એક અંગવિસ્તારક તરીકે તે જળવાઈ રહ્યો. સાથે તેની નવું ઘડતર કરવાની શકિત પણ લુપ્ત થઈ.

૨. અર્વાચીન ભારતીય-આર્યમાં -રૂપ -રૂ કે -રુ તરીકે ઊતરી આવ્યો છે. મરાઠી गुरूँ 'બળદ', पाखरूं 'પક્ષી', वासरूँ 'વાછરુ,' लेकरूँ 'બાળક', हत्रूँ 'હાથી'; હિંદી गोरू 'બળદ', બંગાળી সাঁজরু માં એ જોઈ શકાય છે.

૩. બ્લૉક (Bloch) કહે છે કે મરાઠીમાં रूँ પ્રત્યય મુખ્યત્વે પ્રાણિવાચક નામોને લાગે છે. પણ પ્રા. डिम्भरूव–,डिक्करूव– (डेक्करूव–) 'બાળક' અને મરાઠી लेकरूँ 'બાળક'માં જોઈ શકાય છે કે તે સગાઈ-સંબંધ-વાચક શબ્દોને પણ લાગે છે. -રૂપ- પ્રત્યયાન્તોના ગુજરાતી પ્રતિનિધિઓમાં આ બંને પ્રકારના શબ્દો મળે છે. આ બધા શબ્દો નપુંસકલિંગી છે.

પ્રાણિવાચક -રુઅંતી શબ્દો

૧. પંખેરુ. ઉત્તરાંશ -રૂપ- છે. પૂર્વાંશ पक्षि– પરથી હોય, પણ -ખે-નો એકાર સરળતાથી સમજાવી શકાય તેમ નથી. વનેરું જેવાની અસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે! **ભરતેશ્વરબાહુ-બલિરાસ** (૨૪)માં **પંખરૂ** મળે છે, પણ અર્થ સ્પષ્ટ નથી. -રુ વિનાનો **પંખી** શબ્દ પણ છે.

૨. **પાડરુ.** પ્રા. पड्डरूअ-, पड्डरूव- એ દેશ્ય पड्ड- અને સં. -रूप- પરથી સિદ્ધ થયો છે. -રુ વિનાનો **પાડું** શબ્દ પણ છે. **પાડરશિંગા** એ સ્થળનામમાં **પાડરૂ** અકારાંત **પાડર-** રૂપે જણાય છે.

૩. **વાછરુ.** પ્રા. वच्छरूव-, સં. वत्सरूप-.**વાછરુ** મૂળે ઉકારાંત નામ છે. એક જૂના પદની નીચેની પંક્તિઓ જુઓ :

કૃષ્ણજી ઘેરઘેર રમવા જાય
સાચાં મહીમાખણ ચોરી ખાય
કોઈનાં બાળકને ખીવરાવે
કોઈનાં **વાછરુ** કોઈને ધવરાવે

આમાં **વાછરુ** બહુવચન છે છતાં ઉકારાંત રહ્યો છે તે દેખાડે છે કે મૂળ શબ્દ **વાછરું** નથી. સંસ્કૃત -अक-પ્રકારના મોટા ભાગના અંગોની અસર નીચે -उक- પ્રકાર લુપ્ત થઈ ગયો છે એ સાચું. પણ **વાછરુ** વગેરે કેટલાક અંગોમાં તે જળવાઈ રહ્યો છે અને એ દૃષ્ટિએ **વાછરું, પાડરું** વગેરેમાં અનુનાસિક પાછળથી ઉમેરાયેલો છે. **વાછરડું**માં સ્વાર્થિક -ડું લાગતાં ઉકારાંત **અંગ અકારાંત** બની ગયું છે—જેમ **પાડરશિંગા**માં થયું છે તેમ. એટલે **ટર્નર વાછરુ**ના મૂળ તરીકે સં. वत्स-र- આપે છે[૨] તે ખોટું છે.

૪. **ગોરુ.** 'ગાય, બળદ'[૩] હિંદી गोरू, પ્રા. गोरूव-, સં. गोरूप-.

૫. **એરુ.** સં. अहिरूप-, પ્રા. *अहिरूव-, પછી ગુજ.માં હકાર લુપ્ત થતાં અને તેની અસર નીચે એકાર વિવૃત થતાં **એરુ.**

સંબંધવાચક -રુઅંતી શબ્દો

૬. **છોરુ.** કત્રે હિંદી **છોટા, છોરા, છૈયા** (ગુજ. **છોકરો**) વગેરેનો **છો-**અંશ સં. *क्षोद- (સરખાવો સં. क्षुद्र- એટલે કે क्षुद्+र) પ્રા. *छोअ- સાથે સાંકળે છે. એટલે क्षोद-रूप- પરથી સહેલાઈથી **છોરુ** આવે. 'મોટાનાં છોરુ' વગેરે પ્રયોગોમાં બહુવચનમાં પણ **છોરુ** રહે છે, તે અંગ

૨. નેપાલી ડીક્શનરી, वाछो શબ્દ નીચે, હવે, ગુજરાતી લેંગ્વેજ, શબ્દસૂચી, **વાંછરડાં** નીચે.
૩. 'ગોરુ, છોરુ, મંગણા પ્રીત દેખે તિહાં પરવરે' શામળકૃત મડાપચીશી, વાર્તા ૩, છપ્પો ૧૧, પંક્તિ ૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકારાંત હોવાનું સમર્થક છે. **છોરું**માં અનુનાસિક મૌલિક નથી, પણ **છોકરું** વગેરે ઉં–અંતવાળા **અ**–અંગોની અસરથી છે.

૭. **ભાંડરુ. ભાઇભાંડરુ** (બહુવચન) એવા પ્રયોગમાં તે મળે છે. **ભાઇભાંડુ** પણ બોલાય છે. અને એ રીતે **પ્રા**કૃતમાં पुत्त–भण्ड, भाइ–हण्ड વગેરેમાં भण्ड– શબ્દ મળે છે, તેમાં –रूप– મળીને અંતે **ભાંડરુ** થયો છે. **વાછરુ** પરથી **વાછરડાં**, તેમ **ભાંડરુ** પરથી **ભાંડરડાં**.

૮. **માવરુ** સં. *मातृ–रूप–, પ્રા. *माउरूव–, પછી **માવરુ**. આ સ્ત્રીલિંગ બહુવચનમાં જ વપરાય છે. ગોહિલવાડમાં બોલાય છે: 'તમારી માવરુ તમને કાંઈ કહેતી નથી?'

૯. **વહુરુ**. ઉપરના શબ્દની જેમ સં. *वधू–रूप–, પ્રા. वहु–रूव–. પછી **વહુરુ**. સ્ત્રી. બહુવચનમાં જ વપરાય છે. **વહુવારુ** *वधू–वारुका પરથી હોય.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઘુત્વવાચક પ્રત્યય -ચું (સ્ત્રી.-ચી)

લીટી, મોટું જેવા શબ્દોમાં ઉત્તરાંશ તરીકે એક સ્વાર્થિક પ્રત્યય રહેલો છે એમ આપણે પૃથક્કરણ પછી જ જાણીએ છીએ, કારણ એવા શબ્દોમાં મૂળ અંગ ધ્વનિવિકાર પામી છેક નાનું થઈ ગયું છે. પણ કેટલીક વાર પ્રકૃતિ કે પ્રત્યયતું કલેવર ઝાઝો ઘસારો ન ખમ્યું હોય તો પણ, એ પ્રકારના ઓછા શબ્દો હોવાથી આપણને ખબર નથી પડતી કે એ શબ્દ એકાત્મક નહીં, પણ પ્રત્યયયુક્ત છે. કેટલાક ગુજરાતી શબ્દોમાં **-ચું** (સ્ત્રી. **ચી**) લઘુતાવાચક (અને પછીથી સ્વાર્થિક) પ્રત્યય તરીકે રહેલો છે, એ નીચેનાં શબ્દો પરથી જોઈ શકાશે :

૧. **ગળચી—ગળું** ને **-ચી** લાગતાં સિદ્ધ થાય છે. પછી તે પરથી ધાતુ **ગળચવું** 'ખાવું' (તિરસ્કારમાં).

૨. **નાળચું — નાળું** ને **- ચું** લાગી સધાયો છે.

૩. **ડોલચું = ડોલ + ચું.**

૪. **ઢીમચું = ઢીમ + ચું.**

૫. **હડપચી—હડફો** (પ્રા. हडप्प-, हडप्फ-), 'ઇસકોતરો,' તે ઉપરથી લાક્ષણિક અર્થમાં—ટોળમાં ઉપશિષ્ટ ('સ્લૅંગ') પ્રયોગ તરીકે હનુ માટે વપરાયો; અને પછી સામાન્ય વપરાશમાં. **જોડણીકોશ** (ચોથી આવૃત્તિ) આના મૂળ તરીકે हनु + पट्टी આપે છે તે તદ્દન તરંગી. આ સાથે સરખાવો **હિંદી** संदूक-संदूकची **પ્રેમાનંદના** દશમસ્કંધ (૪૨, ૧૧૭; ૧૯૦) માં **હડબચી** એવું રૂપ મળે છે.

૬. **પોપચું**—સરખાવો **પોપ-ડો.** 'ઉપરના ઉપસેલા થર કે ઢાંકણ'ના અર્થમાં **પોપ + ચું** પરથી.

૭. **ગાબચી**—સરખાવો **ગાબ-ડું.**

૮. **ફડચો, ફડચિયું**-સરખાવો **ફાડું, ફાડિયું.**

૯. **એલચી.** ગુજરાતીમાં આ ઉપરાંત **એળચી, ઈલાયચી, એલાયચી** એ રૂપાંતરો પ્રચલિત છે. સહજન્ય ભાષાઓમાં **બંગાળી** एलाच, एलाइच,; ઉડિયા अळाइच; **નેપાળી** अलैंचि, अलैंचि; **હિંદી, પંજાબી** इलाची **પંજાબી** इलाइची; **મરાઠી** एलची, एलाची છે. **ફારસીમાં** अलाची છે[1].

નરસિંહરાવ માને છે કે ગુજ. **એલચીનો -ચી** અંશ કન્નડ यालक्कि ની સહાય વિના કોઈ પણ રીતે સમજાવી શકાય તેમ નથી.[2] વળી તેઓ કહે છે કે અજ્ઞાન કે ભ્રમથી જ કેટલાક **એલચી** સ્ત્રીલિંગ હોવાનું માને છે.

---

૧. **નેપાલી ડીક્શનરી.** अलैंचि શબ્દ નીચે.

૨. ગુ. લૅં. ઍં. લી. ૧, ૬૦-૬૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઉપર આપેલા **–ચી –ચો** પ્રત્યય લેતા શબ્દો પરથી, આપણે એવો તર્ક કરવાને લલચાઈએ છીએ કે સં. एला, અપ. एल, ને પછી –ચી લાગી **એળચી**, ને ળકાર ન જાળવી રાખતા પ્રાંતનું ઉચ્ચારણ **એલચી** : એમ શબ્દ સિદ્ધ થયો હોય. ને સ્ત્રીલિંગ સામેનો વાંધો સાવ પાયા વિનાનો છે. કેમ કે, સં. एला સ્ત્રીલિંગ જ છે. **ગળચી, હડપચી** વગેરે જેવા **–ચી** પ્રત્યય લેતા શબ્દો સ્ત્રીલિંગ છે. સ્ત્રીલિંગી પ્રત્યયો લઘુતાદર્શક પણ હોવાથી **એલચી** અને **એલચો** નાની મોટી જાત માટે પ્રયોજાતા હોવાનું સમજી શકાય તેમ છે, અને ખાસ તો એ કે શબ્દનું કયું લિંગ તે તેના વાસ્તવિક વપરાશ પરથી જ નક્કી કરવાનું હોય, ઐતિહાસિક કે વ્યાકરણી હકીકતોને આધારે નહીં.

પણ ગુજ. **ઇલાયચી, એલાયચી** તથા કેટલાક સહજન્ય ભાષાના શબ્દો ફારસી अलाची (જે મૂળે હિંદની––મલબારની કોઈ ભાષામાંથી લેવાયો હોય) અને કન્નડ यालक्कि, તામિળ येलक्काय જેવાની અસર નીચે સધાયા હોય તેમ લાગે છે. દ્રાવિડી ભાષાની આ શબ્દને લગતી સામગ્રી જોઈ શકાઈ ન હોવાથી નિશ્ચિતપણે કશું ન કહેવાય.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીના અંગ-વિસ્તારક પ્રત્યયો

ઘણી ભાષાઓમાં લઘુતા, કુત્સા, લાડ, તોચ્છડાઈ ઇત્યાદિ ભાવો સૂચવવા માટે નામ વગેરેને લગાડવાના વિશિષ્ટ પ્રત્યયો હોય છે. **ભુરિયો** (ભુરો), **ઠાકરો** (ઠાકર), **લીલકી** (લીલી), **કુસુમડી** (કુસુમ), **વજુ** (વ્રજલાલ), **હાંડલી-હાંલ્લી** (હાંડી), **રાતલડી** (રાત), **હલકટ** (હલકું), **ડોલચું** (ડોલ) વગેરે જોતાં ગુજરાતીમાં વપરાતા આવા પ્રત્યયોનો ખ્યાલ આવશે. **સંસ્કૃત**માં –क–, –र–, –ल–, –ट– વગેરે આ રીતે વપરાતા. वालक–(वाल–), शिशुक–(शिशु–), मधुर–(मधु–), पाण्डुर–(पाण्डु–), शीतल–(शीत–), पिङ्गल–(पिङ्ग–), पृथुल–(पृथु–), बहुल–(बहु–), कर्कट–(कर्क–), वधूटी–(वधू) વગેરે આનાં ઉદાહરણ છે. **ભારતયુરોપીય** પૂરતા તો આવા સહેજ અર્થપરિવર્તન કરતા ને પછીથી નિરર્થક બની જતા નિશ્ચાયકો ('ડીટર્મીનેટીવ્ઝ', determinatives) લાગીને થતાં ધાતુવિસ્તાર('રૂટ-એક્સ્ટેન્શન' root-extension) નો વ્યવસ્થિત અભ્યાસ થયેલો છે.[1] **પીશલે પ્રાકૃત** સંબંધમાં આ વિષયનું ઊડતુંઅછડતું પ્રતિપાદન કર્યું છે. **અપભ્રંશ**માં –अ–, –ड–, –इल्ल–, –उड–, –उल्ल–, –उल्लय, –उल्लडय– વગેરે પુષ્કળ પ્રત્યયો પ્રચારમાં હોવાનું જોઈ શકાય છે. અર્વાચીનમાં **બંગાળી**, **અવધી**, **હિંદી** વગેરે સંબંધમાં થોડી માહિતી મળે છે.

આવા પ્રત્યયો લાંબો સમય વપરાતા રહે પછી તેમના અર્થમાં પરિવર્તન થાય છે. મૂળના લઘુતા, કુત્સા, લાડ વગેરેના ભાવો ઘસાઈ જાય છે, અને પ્રત્યયો મૂળ શબ્દના અર્થમાં કશો ફેરફાર કર્યા વિના વાપરી શકાય છે—નિરર્થક જેવા બની રહે છે. આ કારણે આવા પ્રત્યયોને 'સ્વાર્થિક' પ્રત્યયો કહી શકાય. 'ગરબડિયો કોરાવો ગરબે **જાળીડા** મેલાવો રે' એ પંક્તિમાં મૂળ **ગરબો** ને **–ડિયો** પ્રત્યય લાગી **ગરબડિયો** થયું છે. **ગરબો** અને **ગરબડિયો**ના અર્થમાં ફરક નથી એટલે **–ડિયો** અહીં સ્વાર્થિક પ્રત્યય છે. આવા પ્રત્યયો સરવાળે તો મૂળના નામિક કે આખ્યાતિક અંગનો વિસ્તાર સાધવાનું કાર્ય કરે છે. એટલે તેમના કોઈ કોઈ પ્રયોગોમાં લઘુતા, લાડ આદિ ભાવોના દ્યોતક તરીકે વપરાતા હોવા છતાં મુખ્યત્વે તો તે પ્રત્યયો મૂળના નાના અંગને વિસ્તૃત કરતાં હોવાથી તેમને અંગવિસ્તારક ('સ્ટેમ-એન્લાર્જીંગ', stem-inlarging) પ્રત્યયો કહ્યા છે.

---

૧. ૧૮૯૧માં પર્સોને (Persson). 'ધાતુવિસ્તાર અને ધાતુપરિવર્તનના સિદ્ધાંતનું અધ્યયન' (Studien zur lehre von der wurzelerweiterung und wurzel variation) એ પુસ્તકમાં આ દૃષ્ટિએ વ્યવસ્થિત ચર્ચા કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપભ્રંશની તુલનાએ ગુજરાતી વગેરે અર્વાચીન ભાષાઓમાં આવા લઘુતાદિ-વાચક અને સ્વાર્થિક પ્રત્યયો પુષ્કળ વપરાય છે. આથી અટકળ કરી શકાય કે અપભ્રંશના સમયની લોકભાષામાં આવા પ્રત્યયોનો મોટો પ્રચાર હશે. ગુજરાતીના આવા પ્રત્યયો તપાસતાં મોટા ભાગના મૂળ -क-, -ट- ને -ल- એ ત્રણ પ્રત્યયોમાંથી આવ્યાનું અનુમાન કરી શકાય છે. આ -क-, -ट- ને -ल- એકવડા તેમ જ બેવડા પ્રયોજાતા અને મૂળ અંગ સાથે તેમને જોડનાર સ્વર તરીકે—સંયોજક સ્વર તરીકે -अ-, -इ- કે -उ- (ક્વચિત ओ) ગમે તે એક આવી શકતો. ઉપરાંત આ પ્રત્યયો એકલા અથવા એક સાથે બેત્રણ લગાડી શકાતા. આ યોજના અનુસાર, તેમ જ ઉપર સૂચવ્યું તેથી ભિન્ન મૂળના બીજા ગુજરાતી અંગવિસ્તારક પ્રત્યયોનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય[1] :

૧. -क-.

એ ક વ ડો

(૧) સં. -अकः, -इका, -अकम्

પ્રા. -अओ, -इआ, -अअं

અપ. -अउ, -इअ, -अउ કે -अउँ.

ગુજ. -ઓ, -ઈ, -ઉં

ઉદાહરણો—ઠાકરો (ઠાકર), તંબૂરો (તંબૂર), હાથો (હાથ), ડુંગરો (ડુંગર), કમળી (કમળા), ડોકી (ડોક), નાકું (નાક), પાનું (પાન).

(૨) સં. -इक-નાં ઉદાહરણો નથી મળતાં. પણ -इक- + -क- (-इककः, -इककम् : ગુજ. -ઇયો, -ઇઉં)ના મળે છે;

ઉદાહરણો—નાથિયો (નાથો, नाथ-), ભોજિયો (ભોજો, भोज-), ભાણિયો (ભાણો, *भागिनः), ડાંડિયો (ડાંડો, दण्ड-), જાડિયો (જાડો, પ્રા. जड्ड-, સં. जड-), નોળિયો (नकुल-); ખોળિયું (ખોળું), કાગળિયો (કાગળ).' ધોળિયો (ધોળો, धवल-), ટીણિયું (ટીણું, = તીણું, तीक्ष्ण-), જાળિયું (જાળું, जाल-) .

---

૧. સર્વત્ર સંસ્કૃતમાં હોય તેમ ગણીને મૂળ રૂપ આપેલું છે. પણ આમાંથી કેટલાંક પ્રત્યયો પાછળથી જ પ્રચલિત થયેલા છે. સંસ્કૃતમાં એમને મળતું કશું નહતું, એટલે એમનું પુનર્ઘટિત ('રીકંસ્ટ્રક્ટેડ,'reconstructed) રૂપ આપેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળના ઈકારાંત નામને -क- + -क- લાગતાં પણ ગુજરાતીમાં **–ઇયો –ઇયું** થાય છે :

ઉદાહરણો––પ્રાણિયો (પ્રાણી), હરિયો (હરિ), હાથિયો (હાથી), લોભિયો, લોભિયું (લોભી), પાપિયો, પાપિયું (પાપી).

(૩) સં. –उकः, –उका, ગુ.–ઉ.

નાનુ (નાનાલાલ), રમુ (રમણીક), બાપુ(બાપ), ભાભુ (સરખાવો, ભાભી)

(૪) મૂળના ઉકારાંત નામને –क– + –क– લાગ્યો હોય તેવાં ઉદાહરણો મળે છે. સં. –उ + क– + –क–, ગુ. **–વો, –વી, –વું.**

ગરવો (गुरु), હળવું (लघु–), સાથવો (सक्तु–), કડવું (कटु–).

પછી આ **–વો** સ્વતંત્રપણે લઘુતાવાચક પ્રત્યય બની ગયો, જેમ કે, છોડવો (છોડ), ઝાડવું (ઝાડ), શિયાળવું (શિયાળ), ઝાંઝવાં (સરખાવો, झंझा), **અવધી, બ્રજ** વગેરેમાં संदेसवा, पथिकवा, कगवा, घोडवा, अंबवा વગેરેમાં સામાન્ય વપરાશમાં રહેલા –वा પ્રત્યયનું મૂળ આ જ હશે ?

બે વડો

(૫) સં.-अक्क–,ગુજ.**–અ ક–.**

ઉદાહરણો––આખ્યાતિક ધાતુઓમાં : અડકવું (અડવું), સરકવું (સરવું) ખસકવું (ખસવું), ઝબકોળવું (ઝબોળવું), ઢળકતું (ઢળતું), લળકવું (લળવું), ઝળકવું (સં. ज्वल्–, ગુજ. ઝળહળવું), સળકવું (સરખાવો, સળવળવું), હીંચકવું (હીંચવું), ફરકવું (स्फुर्–).

મૂળે આ –अक्क– ક્રિયાની ક્ષણિકતા–લઘુતા સૂચવવા વપરાતો હોય. ગુજરાતીમાં **ટ**–અંતી અંગોને લાગતાં **–ટક–** એ અંશ, ક્રિયા ઘડી અટકતી ને ઘડી ચાલુ હોવાનો, ક્રિયા એકાએક અટકી પડ્યાનો, ક્ષણિક ટકયાનો કે ચાલુ સ્થિતિ એકાએક બદલાયાનો ભાવ સૂચિત કરતો બની ગયો છે. જુઓ, ઉદાહરણો—અટકવું, કટકો, ખટકવું, ગટકાવવું, ચટકો, છટકવું, ઝટકો, ઝાટકો, પટકવું, ફટકવું, ફટકો, મટકું, લટકો, વટકવું.

એવી રીતે **–ળક–** એ અંશ ક્ષણિક ગતિ કે પ્રકાશનો સૂચક બની ગયો છે. આના તેમ જ –अक्क– દ્વારા વિસ્તાર થયાનાં અન્ય ઉદાહરણો :

ખળકવું, ચળકવું, ઝળકવું, ઢળકતું, લળકતું, સળકતું; ફટકવું, મટકવું; અટકવું; લટકવું, સટકવું; મારકણું, બોલકણું, કરડકણું; ઝબકવું, ધબકવું, ખાબકવું.

(૬) સં. –अक्क– + –क–, ગુજ. **–અકો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદાહરણો—જોડકું (જોડું), ફોડકી (ફોડો), બોડકું (બોડું), હોડકું (હોડી), લોટકો (લોટો), પોટકું (પોટ-લી), મોટકું (મોટું); કણકી (કણી), ટીણકું (ટીણિયું), ઝીણકું (ઝીણું), પાણકો (પાણો-પહાણો) મણકો (મણિ), દોણકું (દોણું), મણકી (મણિ, સ્ત્રી.) ભાણકી (ભાણી); ઢોલકું (ઢોલ), હલકું (હળ-વું); નાનકું (નાનું) લીલકી (લીલી), હરકી (હરિ), વજકો (વજુ-વ્રજલાલ).

(૭) સં. –इक्कक–, ગુજ. –ઈકો.

ઉદાહરણો—મણીકો (મણુ), ડંડીકો (ડાંડો, दण्ड), પડીકું (પડો, પડી).

(૮) સં. –उक्क– + –क–, ગુજ. –ઉકો (–ઊકો).

ઉદાહરણો—મટુકી (મટ–કી, માટ-લી), ડંડૂકો (ડાંડો, दण्ड–), વધૂકું (વધુ, વધ-વું).

આ (૭) અને (૮) ના –ઈકો અને –ઊકોનું મૂળ –इक– + –क्क– + –क: અને –उक– + –क्क– + –क: હોય એ વધારે સંભવિત.

૨. –ट–

એકવડો

(૧) સં.–अट–, ગુજ. –અડ.

ઉદાહરણો—બેનડ[1] (બેન, બહેન), ઢેલડ[2] (ઢેલ), વાતડ (વાત), સુખડ (પ્રાચીન સુકડ, પ્રા. सुक्क–, સં. शुष्क–), ઘુવડ (સં. घूक–).

ઠરડવું, મરડવું, મચરડવું, ઉતરડવું, ઘસરડવું, ઢસરડવું વગેરેમાં આ જ વિસ્તારક પ્રત્યય હોવા સંભવ છે.

(૨) સં. –अट– + –क–, –અડો.

ઉદાહરણો—જીવડો (જીવ), પાંચડો (પાંચ), બેટડો (બેટો), લીમડો (निम्ब–,), આંતરડી (આંતર), આંખડી (આંખ).
વેલડી (વેલ), સૂપડું (शूर्प-), પૂંછડું (પૂંછ).
–इ–+–ट– અને –इ–+–ट–+–क–નાં ઉદાહરણો નથી મળતાં.

–उ–+–ट–નું પ્રા. અપ. –उड– અને –उ–+–ट–+–क–નું પ્રા. અપ –उडअ– થાય છે.

ગુજરાતીના ધ્વનિવલણ અનુસાર આ –उड–, અને –उडअ–નું –અડ અને –અડો થઈ જાય છે, એટલે ધ્વનિદૃષ્ટિએ તેવા પ્રત્યયયુક્ત શબ્દોને

---

૧. પ્રેમાનંદકૃત દશમસ્કંધમાં બેનડ (૪૯, ૧૪૦; પૃ. ૩૧૪) તેમ જ બેહેનડ (૫૩, ૧૬૪: પૃ. ૩૬૨) મળે છે. પણ પ્રાચીન રૂપ બહિનર મળે છે. તો અહીં અપ્રસ્તુત.

૨. 'ઢેલડ ઢોકો પાણી વાળું વેલ જો, લ્યોં લ્યો કાલા વેરાણાં ખેતમાં' એ પંક્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–અડ, અડો– પ્રત્યયયુક્ત શબ્દોથી જુદા પાડી શકાતા નથી. અપભ્રંશમાં बप्पुड–, बप्पुडय– (बप्प–), णग्गुड– (णग्ग–, नग्न–) અને वङ्कुड–, –वङ्कुडय (वङ्क–, वक्र–) મળે છે, આમાંથી **બાપુડો–બાપડો.** અને **વાંકુડો –વાંકડો** ગુજરાતીમાં આવ્યા છે.

હાથીડો, માછીડો, સાધુડો વગેરે ઇકારાંત અને ઉકારાંત અંગોને –ट–+–क– લાગ્યાનાં ઉદાહરણો છે.

(૩) સં. –ओट–+–क–, ગુજ. **–ઓડો**

(૪) સં. –ओट–+–इक–+–क–, ગુજ.– **ઓડિયો**

ઉદાહરણો—કાટોડો (કાટ), મટોડી (માટી), રાખોડો, રાખોડી (રાખ), લીટોડો (લીટો), ગપોડો (ગપ, ગપ્પો), ગંઠોડો (ગાંઠો), થાકોડો (થાક), તારોડિયો (તારો).

બેવડો

(૫) સં. –अट्ट–, ગુજ. **અટ.**

ઉદાહરણો—હલકટ (હલકું), ફીકટ (ફીક), પાકટ (પાકું, पक्व–) ફીકટ (ફીકું, દે. फिक्क–), પોચટ (પોચું, સરખાવો દેશ્ય पोच्च–ड–) બળકટ (બળકું ?), બરછટ (સરખાવો, **બરછી**– હિં. बरछा), ખરસટ (?), ચીકટ (?) (સરખાવો, **ચીકણું**),

મરાઠીમાં તીખટ, આંબટ, વગેરે જાણીતા છે.

(૬) સં. –अट्ट–+–क–, ગુજ. **–અટો**

ઉદાહરણો—ચોરટો (ચોર), ભામટો (ભામ–ણ, ભ્રંમ), જોગટો (જોગી), લોકટો (લોક), લીટી (અપ. लीह, સં. लेखा–), જુવટું–જુગટું (જૂઓ, द्यूत–), મોટું (महत्), છાકટો (? સરખાવો; **છકવું–છકેલું**), પોપટો (પોપ–ડો ?)

(૭) સં. –ओट्ट–+–क–, ગુજ. **ઓટો.**

ઉદાહરણો—રગોટો (રાગ), તાળોટા (તાળી); **પાધોટું**માં અંત્યાંશનો –पट्ट– સાથે સંબંધ પણ શક્ય છે.

૩. –ल–

એકવડો

(૧) સં. –अल–, ગુજ. **ળ.**

ઉદાહરણો—સાથળ (સં. सक्थिन्), હેઠળ (હેઠ, પ્રા. हेट्ठा), શામળ (श्यामल–, श्याम–).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) સં. –अल–+–क–, ગુજ. –ળો

ઉદાહરણો—આંધળો (સં. अंध–). વિજળી (વિજ), પીળું (સં. पीत–), પીંગળું (સં. पिङ्गल–, पिङ्ग–), પહોળું (पृथुल, पृथु), બહોળું (સં. बहुल–, बहु–).

આમાંથી છેલ્લાં બે ઉદાહરણો –ઉકારાંત અંગોનાં છે. –इ–+–ल– (+–क–) અને –उ–+–ल– (+–क–) નાં ઉદાહરણો મળતાં નથી. આ શબ્દાંતર્ગત –इ–, –उ– ગુજરાતમાં –अ– બની જવાના વલણને આભારી હોય.

(૩) સં. –ओल–, ગું. –**ઓળ**

(૪) સં. –ओल–+–इक–+–क–, ગુજ. –**ઓળિયો.**

ઉદાહરણો—આખ્યાતિક અંગોમાં ફગોળવું (ફગાવવું), ડખોળવું (ડખો), ફંફોળવું (ફાંફાં), ડાભોળિયું (ડાભ), બચોળિયું (બચ્ચું).

બે વડો

(૫) સં. –अल्ल–, ગુજ. –**અલ.**

ઉદાહરણો—સોનલ (સોન), વીજલ (વીજ), જાણતલ (જાણતું), રાંદલ (રન્ના–દે), ફૂટલ (ફૂટું), તૂટલ (તૂટું), ખૂંટલ (ખૂંટ–વું).

(૬) સં. –अल्ल–+–क–, ગુજ. –**અલો**;

(૭) સં. –अल्ल–+–इक–+–क–, ગુજ. –**અલિયો.**

ઉદાહરણો—ભગલો (ભગુ, ભગવાન), બગલો (બગ), ચોટલો (ચોટી), ઢગલો (ઢગ), કાંખલી (કાંખ), ખોખલો (ખોખું), બોખલો (બોખો), બેઢલું (બેઢું), હાંલ્લી (હાંડલી, હાંડી), ગાલ્લી (ગાડલી, ગાડી), ચાંલ્લો (ચાંડલો, ચાંદલો, चंद्र–), ચાંદલિયો (ચાંદો, चंद्र–), તારલિયો (તારો).

સં. –उल्ल–+–क– નું પ્રાચીન ગુજ. માં–**ઉલઉ, ઉલો** થાય છે, તે અર્વાચીન ભૂમિકામાં –**અલો** થઈ જાય છે: **હંસુલઉ** (हंसुल्लउ) ––**હંસલો,** મોરલો (અપ. मोरुल्लउ), કડલું (कडुल्लउ) વગેરે.

(૮) સં. –इल्ल– અને –इल्ल–+–क–નું ગુજ. –**એલ**, –**એલું** એ વિશિષ્ટ પરિવર્તન છે.

ઉદાહરણો—દીધેલ, દીધેલું (દીધું), ખાધેલ, ખાધેલું (ખાધું), પીધેલ, મૂકેલ, કરેલું, મારેલું વગેરે. પ્રાકૃતમાં –इल्लय– પ્રત્યય છે.

(૯) સં.–ओल्ल–+–क–, ગુજ.–**ઓલું** નાં ઉદાહરણ નથી મળ્યાં. પણ સં.–ओल्ल–+–इक–+–क–, ગુજ.–**ઓલિયું સાપોલિયું** (સાપ)માં મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. મિશ્રણો

(૧) સં. -अक- + -ट- + -क-, ગુજ. **-આડો.**

ઉદાહરણો–સીમાડો (સીમ), દહાડો (દીહ, દિયહ, दिवस-), ધુમાડો (સં. धूम्र-), સંધાડો (સંધ), ખોદ્દાડો (ખોદ્દો), રૂંવાડું (રૂંવું, रोमन्-).

(૨) સં. -इक- + -ट- + -क-, ગુજ. **-ઈડો.**

ઉદાહરણો–જાળીડાં (જાળિયાં, जाल-), વાલીડો ('મારો વાલીડો' એ પ્રયોગમાં; વાલો, વહાલો),

(૩) સં. -उक- + -ट- + -क-, ગુજ. **-ઉડો.** વજુડો (વજુ, વ્રજલાલ), હરુડો (હરુ, હરિલાલ), લટુડાં પટુડાં (લટપટ), બાળુડો (બાળ).

(૪) સં. -अक- + -ट्ट- + -क-, ગુજ.**-આટો.**

ઉદાહરણો–રૂંવાટું–રૂંવાટી (રૂંવું, रोमन्-); ગપાટો (ગપ, ગપ્પું), ઝપાટો, સપાટો શંકાસ્પદ છે. **ચોરાટિયો**માં -अक- + -टट्- + -इक- + -क- સમજવા.

(૫) સં. -अक- + -ल-, ગુજ.**-આળ.**

ઉદાહરણો–પેટાળ (પેટ), વચાળ (વચ-માં, विच्च-).

(૬) સં. -अक- + -ल- + -क-, ગુજ. **-આળો.**

ઉદાહરણો–ગોટાળો (ગોટો), કુંડાળું (કુંડું, कुण्ड-), પીંડાળો (પીંડો, पिण्ड-)

(૭) સં. -अक्क- + -ट- + -क-, ગુજ. **--અકડું.**

ઉદાહરણો–નાનકડું (નાનકું, નાનું, श्लक्ष्ण-). **રમકડું, કચકડું** જુદી રીતે ઘડાયા હોય.

(૮) સં. -अक्क- + -उक- + -ट- + -क-, ગુજ. **-અકુડો**

ઉદાહરણો:--નનકુડો (નાનું, નાનકું), ટીચકુડું (ટીચકું), ટીનકુડું (ટીણકું).

(૯) સં.-उक्क + -ट- + -क-, ગુજ. **-ઊકડું.**

ઉદાહરણો :-- ટચૂકડું (ટચકું), ટપૂકડું (ટપૂ, ટપૂડી), બચૂકડું, બટુકડું.

(૧૦) સં. - उक्क- + -ल्ल- + -क- ગુજ. **ઉકલું.**

ઉદાહરણ :--બચુકલું (બચ્ચું).

(૧૧) સં. - ट- + -ल्ल- + -क-, ગુજ.**-ડલો.**

ઉદાહરણો :--આંખડલી. વાતડલી, મુખડલું.

(૧૨) સં. -ल्ल- + -ट- + -क-, ગુજ. **-લડો.**

ઉદાહરણો :--રાતલડી, જીભલડી. વીજલડી, કુંજલડી, મરકલડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. ગુજ. -ખો

આનું મૂળ સ્પષ્ટ નથી.

ઉદાહરણો :--ડાળખી (ડાળી), લહેરખી (લહેર), માળખું (માળો-માળિયું), તણુખ-લું, તરખ-લું (તરણુ-ખલું, તરણું, तृण-), લૂમખો (લૂમ), ઝૂમખો (ઝૂમ ?), ચબરખી (?), નોંખું (અપ. नवखी (स्त्री.), नोक्खी (स्त्री.), नव-, પણ ગુજ. **અનોખું** <अन्यपक्ष-क- ?)

૬. ફારસી ચેહ, ગુજ.**-ચો,-ચું,-ચી** : ડોલચું (ડોલ), ઢીમચું (ઢીમ), ગાબ(પ)ચું, ગાબ(પ)ચી (ગાબ-ડું), ગળચી (ગળું), નાળચું (નાળ, નાળું.), પોપચું (પોપ-ડો), હડપ(બ)ચી (હડફો ?), એલચી-એળચી (एला), નકૂચો (નાકું ?).

સરખાવો : હિંદી देगचा, देगची (देग), संदूकचा, संदूकची (संदूक).

આ રીતે**-ઓ,-ઇયો,-ઉ,-વો,-અક,-અકો,-ઈકો,-ઊકો,-અડ -અડો,-ઓડો,-ઓડિયો,-અટ,-અટો,-ઓટો,-ળ,-ળો,-ઓળ, -ઓળિયો,-અલ,-અલો,-અલિયો,-એલ,-એલું.-ઓલિયું,-આડો, -ઈડો,-ઉડો,-આટો,-આળ,-આળો,-અકડું, અકુડો,-ઉકલું,-ઊકડું, -ડલો,-લડો,-ખો** ને **-ચો** એમ ઓગણચાલીસ જેટલા ગુજરાતીના અંગવિસ્તારક પ્રત્યયો અહીં નોંધ્યા છે. આમાંથી કેટલાકે કુત્સા, લઘુતા, લાડ, તિરસ્કાર વગેરેના ભાવોને પણ વધતેઓછે અંશે જાળવી રાખ્યા છે, તો કેટલાક મૂળથી સહેજ જુદા અર્થમાં પણ રૂઢ થયેલા છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોશ વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડોશી–પડોશી ગણ

ભારતીય–આર્યમાં દ્વિરુક્ત કે વીપ્સિત શબ્દોના જે ભિન્નભિન્ન વર્ગો ગણાવાયા છે[1] તેમાં એક વર્ગ 'પ્રતિધ્વનિ શબ્દો' કે 'પ્રાસરંગી સમાસો'નો છે, જેન બે ઘટકોમાંથી બીજો ઘટક જ સાર્થ હોય છે. આમાં પણ ગુજરાતીમાં એક એવો પ્રકાર મળે છે, જેમાં પાછલો આખો શબ્દ, માત્ર આદ્ય વ્યંજનના અપવાદે, પુનરુચ્ચરિત થાય છે. આમાં પ્રાસનું તત્ત્વ ખૂબ આગળ પડતું છે. આ પ્રકારના શબ્દોને 'આડોશી–પાડોશી ગણ' એવું નામ આપી શકાય. આપણી ઘરઆંગણે રમાતી બાળરમતોમાં આવા પ્રકારના દ્વિરુક્ત પ્રાસરંગી ઘડતરના શબ્દોનાં ઘણાં ઉદાહરણ મળે છે. નીચે આપેલા શબ્દોમાં મોટો હિસ્સો રમતનાં નામોનો છે, અને તેતે રમતમાં આવતી મુખ્ય વસ્તુ કે ક્રિયા પરથી, અથવા તો તે રમતમાં વપરાતા જોડકણાના શરૂઆતના શબ્દો પરથી પડેલા છે. અહીં નોંધ્યા તે ઉપરાંત બીજા પણ પુષ્કળ એવા શબ્દો મળશે. એક રીતે કહીએ તો કોઈ પણ જોડકણાનો આરંભ કરવાની આ એક પ્રચલિત રીત હતી. ઉપરાંત સ્વતંત્રપણે—કોઈ રમત કે જોડકણાની સાથે સંકળાયા વિના પણ આ ઢાળાના શબ્દો તૈયાર થયેલા છે. પહેલી જાતનાં ઉદાહરણ :—

૧. **અતરીશ** કોઠા, **બતરીશ** કોઠા તેમાં રમે નાના મોટા, વગેરે

૨. **અસલી** દેજો, **પસલી** દેજો, વગેરે

એ છે. બીજી જાતનાં :—

૩. **આડોશી–પાડોશી**, ૪. **આણ–પાણ**, ૫. **ઈંઢિયા–પીંઢિયા**, ૬. **અગડં–બગડં**, ૭. **આજુ–બાજુ**, ૮. **અચકો–મચકો**, ૯. **અડુક–દડુક**, ૧૦. **આરો–વારો**, ૧૧. **અડખે–પડખે**, ૧૨. **ઓળ–ઘોળ**, ૧૩. **આલતુ–ફાલતુ**, ૧૪. **અલક–મલક**, ૧૫. **ઓટો–ગોટો**, વગેરે છે.

બાકીના કોશમાં મળતા આવા જોડકાંની યાદી નીચે આપી છે.

૧૬. **અકરી–ટકરી** : ધૂળની 'ટેકરી'ઓની રમત, જેમાં 'અકરી ટકરી લો દો, સવાયા ને સાડી સો' એ જોડકણું બોલાય છે.

૧૭. **અકરી–બકરી** : 'બકરી' બનવાની રમત.

૧૮. **અકલી–ચકલી**

---

૧. કત્રે, સ્ટડીઝ઼ ઈન ધ઼ રીધ઼મ ઑવ઼ ઑલ્ડ ઇંડો–આર્યન વોકૅબલઝ઼, બુલેટીન ઑવ઼ ધ઼ ડેક્કન કૉલેજ રીસર્ચ ઇંસ્ટીટ્યુટ, ૩, ૩, પા. ૧૮૧–૨૧૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. **અગલી–ઢગલી :** 'ઢગલી'ની રમત. આને,

૨૦. **ઇગલી–ઢીગલી** પણ કહેવાય છે, અને **ઢીંગલી** સાથે ગરબડ થઈ જતાં,

૨૧. **ઈંગલી–ઢીંગલી** પણ.

૨૨. **અજારી–બજારી :** 'બજાર' પરથી

૨૩. **અડકણ–દડકણ** કે (–ક–ની અસરથી)

૨૪. **અટકણ–દટકણ :**—જોડકણું આ રીતે શરૂ થાય છે.

અડકણ–દડકણ, દહીંનાં ટાકણ, દહીં દુઝાણું, વગેરે.

દડકણું, દડી જવું ઉપરથી.

૨૫. **અટકી–મટકી :** 'મટુકી' પરથી.

૨૬. **અટી–પટી :** 'પટ્ટી'='લીટી' પરથી.

૨૭. **અટીસો–મટીસો.**

૨૮. **અડકો–દડકો :** જોડકણું:

અડકો દડકો, દહીં દડૂકો

કે, અડકો મડકો, દહીં દડૂકો,

દડકો = લોંદો ?

૨૯. **અડઘો–દડઘો :** 'દડઘો'=જાડું મોટું વાસણ; જોડકણું :

અડઘો જાય, દડઘો જાય, બાર મહીનાનો રોગ જાય.

૩૦. **અડવળ–ધૂમ—પડવળ–ધૂમ:** 'પડવળ' કે 'પરવળ' ઉપરથી.

૩૧. **અડી–દડી :** દડી = નાનો દડો. આને બદલે

૩૨. **અડિયો–દડિયો :** પણ કહેવાય છે.

૩૩. **અડંગ–જડંગ.**

૩૪. **અણિદરો–કણિદરો.**

૩૫. **અતન–મતન.**

૩૬. **અંતી–પંતી :** 'પંતી'=પાંદડું; સરખાવો 'પંતુ'=પાનું.

૩૭. **અબીલ–તબીલ.**

૩૮. **અબુલો–ઢબુલો**

૩૯. **અદુડો–મદુડો**

૪૦. **અરવારી–પરવારી.** જોડકણું:

રાજા ભોજ, તેરીયા તોજા, માણેક

મોતી, અરવારી–પરવારી, ભૂમ દઈને ભૂસ્કો.

૪૧. **આખલો–દાખલો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨. **આટા-પાટા :** 'પાટા'=લીટા; રૂપાંતર **આટિયાં-પાટિયાં.**
૪૩. **આડવો-ગાડવો :** 'ગાડવો'=ઘીનો ઘાડવો?
૪૪. **આન-પાન :** જોડકણું : આન-પાન, પૂતળીએ જમાડી જાન.
૪૫. **આલખી-પાલખી :** જોડકણું: આલખી-પાલખી, જે જે ગોપાળ-કી.
૪૬. **આંટી-ફાંટી.**
૪૭. **ઈંપળી-પીંપળી :** 'પીંપળી' ઉપરથી.
૪૮. **ઉકડ-મુકડ :** 'મુક્કી' પરથી. રમતમાં મુક્કી પર મુક્કી ચડાવી બોલાય છે: ઉકડ-મુકડ, કેટલો ભાર, એક ઉતાર.
૪૯. **ઉડકી-દુડકી.**
૫૦ **ઉડમ-તુડમ.**
૫૧. **ઉડાંગ-તુડાંગ.**
૫૨. **ઉલાંટ-ગુલાંટ**-'ગુલાંટ' પરથી.
૫૩. **એન-ઘેન :** જોડકણું: એન-ઘેન, દીવા ઘેન, ડાહીનો ઘોડો, વગેરે
૫૪. **એલો-ઘેલો :** 'ઘેલો' ઉપરથી?
૫૫. **એંડી-ગેંડી.**
૫૬. **ઓઘો-ડોઘો.**
૫૭. **ઓળી-ઝોળી :** જોડકણું: ઓળી-ઝોળી; પીપળપાન
ફઈએ પાડ્યું, ઊકો નામ.
૫૮. **ઓડક-દોડક**
૫૯. **ઓળામણા-કોળામણા**-'કોળવું' સાથે સંબદ્ધ?

સંભવ છે કે આ પ્રકારની પ્રથાનો ઉદ્‌ગમ બંને ઘટકો સાર્થક હોય તેવા પ્રાસબદ્ધ જોડકાંમાંથી થયો હોય. એટલે કે સાર્થક પ્રાસરંગી જોડકાંના આદર્શ પરથી કોઈ પણ શબ્દને શરૂઆતના વ્યંજન સિવાય બેવડાવી નવા શબ્દો ઘડવાનું વલણ વિકસ્યું હોય. **આસપાસ**માં અસ્ર-'ખૂણો' અને પાર્શ્વ-'બાજુ' બન્ને અર્થવાહક. **આવળબાવળમાં** બંને જુદી જુદી વનસ્પતિનાં નામ છે. **અવર-જવર** કે **આવરો- જાવરો** ને 'આવવું' 'જાવું' સાથે ખુલ્લો સંબંધ છે. **અગવડ** ને **સગવડ, ઊલટું** ને **સુલટું, અવળું** ને **સવળું** એ વિરોધી શબ્દો પણ પોતાનો પ્રભાવ પાડ્યા વિના ન રહે. એ રીતે પછી **આડોશી-પાડોશી** 'પાડોશી અને બીજાં તેવાં', **આણ પાણ** 'પાણ અને તેને લગતું', **ઈંડીયા-પીંડીયા** 'પીંડ ને તેના જેવા': એમ મૂળ શબ્દને આદ્ય વ્યંજનના અપવાદે બેવડાવી જોડિયા શબ્દો ઘડવાનું વ્યાપક વલણ ઉદ્‌ભવ્યું હોય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનાં સ્થળનામો

(૧)

ગુજરાતી ભાષાસામગ્રીમાંથી કેટલીક તો એવી છે જે સાચેખોટે પણ અભ્યાસનો સ્પર્શ હજી પામી નથી. આવા એક વિષયને લગતો ભોગીલાલ સાંડેસરાનો ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક (એપ્રિલ ૧૯૪૨, પા. ૧૧૯–૨૦) માંનો ગુજરાતના શહેરો અને ગામોનાં નામ એ લેખ અજાણ્યા[૧] પ્રદેશમાં રસ્તો કરવાના પ્રયાસ તરીકે નોંધપાત્ર છે. ભાષાશાસ્ત્રના દિવસેદિવસે વિસ્તરતા જતા ક્ષેત્રના જે જુદા જુદા ભાગોનો વિશિષ્ટ અભ્યાસ થતો જાય છે, તેમાંનું એક ભાષા–ભૂગોળશાસ્ત્ર (સાયન્સ ઑવ્ લીન્ગ્વીસ્ટીક જ્યોગ્રાફી, Science of Linguistic Geography) છે. સમકાલીન અને ઐતિહાસિક એવા તેના બે વિભાગ છે. સમકાલીન ભાષાભૂગોળનો વિષય અમુક ભાષાવિસ્તારના વિદ્યમાન બોલીભેદો અને સમવિકાર–રેખાઓ ('આયૂસૉગ્લૉસીજ્' Isoglosses) દર્શાવતાં નકશા વગેરે તૈયાર કરવા એ છે. ઐતિહાસિક ભાષાભૂગોળ વિશેષનામો (એટલે કે સ્થળનામો ને વ્યક્તિનામો) વગેરેનો અભ્યાસ કરે છે.

સ્થળનામોનો અભ્યાસ ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ ઠીકઠીક અગત્યનો છે, કારણ, તે દ્વારા ઉપલબ્ધ થતા પુરાવા વડે ભાષાવિસ્તારોના જન્મમરણ ને હ્રાસવિકાસ પર ઘણો પ્રકાશ પડતો હોય છે. અમુક વિશિષ્ટ ધ્વનિવિકારનું કે અમુક સંજ્ઞાનું ચોક્કસ સ્થળનામોમાં અસ્તિત્વ અને તેમનો બીજાં સ્થળનામોમાં અભાવ એ તેતે સ્થાનો પર વિસ્તરેલા ભાષાભેદોનાં દ્યોતક બને છે. કેટલીક વાર એવું બને કે હાલ વપરાશમાં હોય તેથી જુદી જ ભાષા અમુક પ્રદેશ પર ભૂતકાળમાં પ્રચલિત હોય, પણ તે ભાષાના તે પ્રદેશ પરના આ ભૂતકાલીન અસ્તિત્વના પુરાવાઓ નિઃશેષ લુપ્ત થઈ ગયા

---

(૧) આ પહેલાં નરસિંહભાઈ પટેલે પ્રસ્થાનમાં એક વખત આ બાબત પર કેટલીક ઊડતી-અછડતી ચર્ચા કરેલી, જેમાં તેમણે

–પદ્રમાંથી –દરા, –દર –ઓદ, –ઓડ
–પુરમાંથી –ઓર, –ઓલ
–નગરમાંથી –નેર, –એલ
–સિદ્ 'બેસવું'માંથી –સદ

આવ્યું હોવાનો મત દર્શાવેલો અને સાથે –સણ, –સર, –અલી, –અજ, –અટ –આલ –આવ એવા ઉત્તરાંશવાળાં કેટલાંક ગામનામોનો, તેમની વ્યુત્પત્તિ વિષે કંઇપણ સૂચના કર્યા સિવાય ઉલ્લેખ કરેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. આવી સ્થિતિમાં કેટલીક વાર તે પ્રદેશનાં સ્થળનામોમાં સચવાય રહેલો એકાદ અંશ તે બાબત એકાદ અચૂક પુરાવો પૂરો પાડી દેતો હોય છે. દા. ત. કાંદિવલી ને બોરીવલી એ નામોમાં રહેલો **વલી** અંશ અસંદિગ્ધપણે દ્રાવિડી મૂળનો સાબિત થાય તો તે પ્રદેશ પર દ્રાવિડી પરિવારની કોઈ ભાષા વપરાશમાં હોવાનું સિદ્ધ થાય. વળી સાંસ્કૃતિક બાબતો પર પણ સ્થળનામોનો પૂર્વ ઇતિહાસ ઘણો પ્રકાશ નાખી શકે. ખંભાત, ખંભાળિયા, ખાંભા વગેરેના મૂળમાં રહેલા સં. स्कंभ– "ખાંભો" પરથી તે પ્રદેશમાં પ્રાચીન સમયમાં લિંગપૂજા પ્રચારમાં હોવાનું અનુમાન બાંધી શકાય.

આ કારણે, પશ્ચિમમાં આ વિષયનો ઘણો વિસ્તૃત અભ્યાસ થયો છે. તેને લગતા વિપુલ સાહિત્યમાંથી વાનગી લેખે એક બેનો ઉલ્લેખ કરીએ તો અંગ્રેજી સ્થળનામોના અવલોકનની પરિચાયિકા [Introduction to the Survey of English Place-names] કેમ્બ્રીજ, ૧૯૨૪; એક્વાલ [Ekwall] : અંગ્રેજી સ્થળનામોનો લઘુ ઓક્સ્ફર્ડ કોશ [Concise Oxford Dictionary of English Place-names]. ઈંગ્લાંડનાં પ્રાંતવાર સ્થળનામો પર સ્વતંત્ર ગ્રંથો પ્રસિદ્ધ થયેલા છે; તેમજ ફ્રાન્સ, નોર્વે વગેરે બીજા યુરોપીય દેશોનાં પણ સ્થળનામોનો અભ્યાસ થયો છે. જર્મનીમાં આ વિષયનું એક ખાસ સામયિક સ્થળનામ સંશોધક [Zeitschrift fuer Ortsnamenforschung] મ્યુનીશ ને બર્લીનથી ૧૯૨૫ થી પ્રસિદ્ધ થાય છે.[૨]

અર્વાચીન ભારતીય-આર્યના ક્ષેત્રમાં પણ કોઈ પ્રયાસ થયા છે. સુનીતિકુમાર ચેટર્જીએ બંગાળી ભાષાનું મૂળ અને વિકાસ(Origin and Development of Bengali Language) માં બંગાળી સ્થળનામો બાબત કેટલીક ચર્ચા કરી છે. આ ઉપરાંત તમિલ સ્થળનામોનું વ્યવસ્થિત અને વિસ્તૃત અધ્યયન સેતુ પિલ્લે (Sethu Pillai) એ 'તમિલના સ્થળનામ–સાધક પ્રત્યયો' (Place-name Suffixes in Tamil)– એનાલ્જ઼ ઑવ ઓરિએંટલ રીસર્ચ ઑવ ધ યુનીવર્સિટી ઑવ મદ્રાસ, ૪, ૧૯૩૯–૪૦, ૫, ૧૯૪૦–૪૧.—એ લેખમાળામાં કર્યું છે, જ્યારે એવો અભ્યાસ કે અચ્યુત મેનને કોચીન સંસ્થાનનાં સ્થળનામો માટે આદર્યો છે. (Place-names in Cochin State–Bulletin of the Rama Varma Research Institute, Trichur ૭, ૫૬–૭૦). હાલમાં

૨. વિશેષ માટે જુઓ ગ્રે (Gray): ભાષાના પાયા [Foundations of Language], ન્યુયોર્ક ૧૯૩૬, ૪૫૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચલિત સ્થળનામનું પૂર્વસ્વરૂપ શું હતું તે ભાષાશાસ્ત્રનો વિષય હોવાથી અને ગુજરાતીના પ્રાચીન સ્વરૂપનો કે તેની પૂર્વભૂમિકા અપભ્રંશનો સંપૂર્ણ વિગત-યુક્ત અભ્યાસ હજી લગી એક વાંછિત તરીકે જ રહ્યો હોવાથી, આપણે ત્યાં ઉપર ઉદાહરેલા જેવાં પ્રયાસ હજી થઈ શક્યા નથી અને સાફસુરી થઈ પ્રાથમિક ભૂમિકા તૈયાર થાય તે પહેલાં તે થશે તેમ પણ લાગતું નથી.

સાંડેસરાના ઉક્ત લેખમાંની વ્યુત્પત્તિચર્ચાની પદ્ધતિ અને કેટલીક વ્યુત્પત્તિઓ પરત્વે થોડુંક વિશેષ કહી શકાય તેમ છે.

(૨)

વ્યુત્પત્તિ એ હવે તરંગાવલાસનો વિષય ન રહી હોવાથી, બીજાં શાસ્ત્રોની જેમ તેની બાબતમાં પણ નિયમબદ્ધતા અને ચોક્કસાઈ તેનાં જીવાતુભૂત હોય એમાં કાંઇ ખાસ કહેવાની જરૂર નથી. બીજું, એ પણ સ્પષ્ટ છે કે ધ્વનિ-વિચાર એ વ્યુત્પત્તિશાસ્ત્રનો ધરમૂળનો પાયો હોવાથી, અને દરેક વિશિષ્ટ ધ્વનિવિકાસને સ્થળકાળનાં ચોક્કસ બંધનો હોવાથી કોઈ પણ શબ્દની વ્યુત્પત્તિ ચર્ચતાં, તે શબ્દ જે ભાષાભૂમિકાનો હોય તે ભૂમિકામાં જ પ્રવર્તતાં ધ્વનિવલણોને આધારે અને તે ભૂમિકાની ભૌગોલિક મર્યાદાને લક્ષમાં રાખીને જ તર્ક કરી શકાય. આ હકીકત, આપણે ત્યાં થતી શબ્દચર્ચામાં ઘણુંખરું ખ્યાલ બહાર રહે છે અને આને અંગે કેટલેક સ્થળે સંભવપુષ્ટ શાસ્ત્રીય ઊહ ને બદલે કલ્પના વડે તાણીતૂશીને કરેલી સંબંધઘટના આપણને મળે છે. વળી, વ્યુત્પત્તિવિષયક ચર્ચાની અંદર આવશ્યક એવી ઝીણવટભરી ચોક્કસાઈની ખામી પણ આપણને ખૂંચે છે. ચર્ચાપ્રાપ્ત શબ્દોમાં કેટલાક તત્સમ અને બાકીના તદ્ભવ હોય, અનેક સૂચવેલા મૂળોમાંથી કેટલાક સંસ્કૃત ને બાકીના તદિતર હોય ત્યાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ સ્થળે સ્થળે કરવો ઘટે, નહીં તો કેટલોક નાહકનો ગૂંચવાડો ઊભો થવા સંભવ રહે છે. અંગ કે શબ્દાંશને તે તેના સૂચક ચિહ્નોથી દર્શાવવાની ચીવટ પણ રાખવી ઘટે. પદ્ધતિગત આવી નાજુક ક્ષતિઓથી હંમેશા પ્રતિપાદ્યમાં એક પ્રકારની શિથિલતા પેસી જઈ વક્તવ્યને વિશદરેખ બનવા આડે અંતરાય ઊભો થતો હોય છે.

(૩)

સૂચવેલી વ્યુત્પત્તિઓમાંથી ચિન્ત્ય લાગતી કેટલીક તપાસીએ.

નીચેની વ્યુત્પત્તિઓ જૂની ગુજરાતી કે તેની પૂર્વભૂમિકામાં પ્રવર્તેલાં ધ્વનિવ્યાપારોની દૃષ્ટિએ અશક્ય છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સં.–पद्र >......ઉંદ, ઉંજ, ઉંઝ, દડ, અપ (? પ), અજ (? જા),
આજ, એજ, ઓજ, અર, (? ર), આર, અરી
(? રી), ઉટ, આવ, અવ, (? ૦વ);

સં.–पद्रकम >......એજુ, આજું, અરું (? રું), ઉંઃરું;

સં.–पल्ली >......એલી, એલ, વેલ;

સં.–पल्लकम्>......આડું, ઇલું, વળું;

•°सण > °हण > અણ, આણ, વણ

°संद > °हंद > *અંદ

સં. °पुरी > ......ઉડી

સં. °पुर० > ......એર

સં. पुरकम् > ......એરું

સં. °राष्ट्र० > ......રેઠ

°कोट० > કટ્ટા

°गढ० > ઘડા

°धारी० > ધરી

આ સૌમાં ધારી લેવામાં આવેલા –द्द– > –ज्ज्–, –अ– > –ए– કે –ओ–, –ओ–> अ–, –ल्ल– > –ड– કે –ळ्– એવાએવા ધ્વનિવિકારો તેમજ બીજાં અસાધારણ પરિવર્તનો માટે નહિ જેવો યે આધાર મળતો નથી.

નીચેની વ્યુત્પત્તિઓ કાંતો સાચી નથી, અથવા તો તેમને માટે તુલ્યબળ ને ગણતરીપાત્ર બીજા વિકલ્પ પણ છે :

ધર્મજ વગેરે :

તળાજું––તળાજા (તળાજું) નું જૂનું નામ તાલધ્વજગિરિ જાણીતું છે, એટલે

સં. तालध्वजकम् > *तालज्झअअं > *तालज्झउं > **તાલાજઉં** > **તળાજું**, તળાજા

એવો સાધનાક્રમ હોય. આમાં મૂળના તા० નો હ્રસ્વભાવ पाउधारिया– **પાધારિયા–પધાર્યા** એમ સમજાવવાનો રહે છે, અને અર્વાચીન ગુજરાતી ઉચ્ચારણમાંથી **જ**કાર–**ઝ**કાર વચ્ચેનો ભેદ ટળી ગયો હોવાથી **–ઝ્– > –જ્–**નો ફેરફાર સહજસિદ્ધ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલોડ (અલોડું) વગેરે :

આમાં –ओड (વિસ્તારિત °ओडुं) અંશ સં.-पद्र०ના –वड्० એવા ચર્ચાસ્પદ વિકાર દ્વારા સાધવો તે કરતાં સં.–कूट०>ऊड> (પૂર્વ સ્વર સાથે સંકોચ પામી)–**ઓડ** એ રીતે (સર चित्रकूट-: **ચિતોડ**) સાધવો વધારે ઠીક નથી? વિસ્તારિત–ओडुं માટે –कूटकम् હોઈ શકે. એક બીજી સંભાવના સં. –वट–>–वड–>–उड–> (પૂર્વ સ્વર સાથે ભળતાં)–**ઓડ** એ છે.

સુદામડું વગેરે :

આના–डुं ને સં. –पद्रकम् સુધી ખેંચી જવા કરતાં સ્વાર્થિક કે કુત્સ - વાચક **અપભ્રંશ** પ્રત્યય –ड– ના વિસ્તારિત સ્વરૂપ –डउं પરથી આવ્યો હોવાનું વધારે શક્યતાવાળું લાગે છે.

ગાધકડું વગેરે :

આગળના સમૂહ સાથે આનું ઉપરછલ્લું સામ્ય હોવા છતાં આ કદાચ જુદી રીતે જ ઘડાયો હોય. પ્રાચીન નામો (સં. भोजकट વગેરે) માં એક –कट– (વિસ્તારિત –कटकम्) અંશ પણ અંત્ય તરીકે જોવામાં આવે છે.

સં. °कट० > °*कड० —— વાળુકડ (= સં. वालुकाकट ?)

સં. कटकम् > ......°કડું ——**ગાધકડું** (=સં. गर्दभकटकम् ?)

મૂળ °कट० અમુક શબ્દોમાં આરંભક ધ્વનિ क ને અવિકૃત જાળવી રાખે છે, તે સાથે સં. °नगर० ના °**નેર** ને °**નાર** એ વિકારો સરખાવી શકાય. **ભીલાડ** વગેરેનો °આડ અંશ °पाट० (સર. मेदपाट—**મેવાડ**; સર. –पाटक– જેમ કે **અણહિલ્લપાટક**) કે °वाट० (°वाटक०) પરથી અવતારી શકાય.

બારડોલી વગેરે :

ઓલી એ અંત્યાંશના મૂળ તરીકે માત્ર સાદું –पल्ली– નથી, પણ બીજાં અર્વા. ગુજ. ઈકારાન્ત સ્ત્રીલિંગી નામોની જેમ તે વિસ્તારિત નામિક અંગમાંથી જ સાધી શકાય તેમ હોવાથી –पल्लिका છે. –पल्लिका >–वल्लिआ> –वल्लिअ> –**વલી** એ વિકાસક્રમ છે.

વડલી વગેરે :

કેટલાક °**લી** અંતી ગામનામોનો અંત્યાંશ **અપભ્રંશ** સ્વાર્થક પ્રત્યય –ल्ल–ના વિસ્તારિત સ્ત્રીલિંગી અંગ –ल्लिका–નું રૂપાન્તર ન હોય? **ધુમલી**– આના પ્રાચીન નામ તરીકે સં. भूभृत्पल्ली તેમજ भूताम्लिकाનો ઉલ્લેખ મળે છે. પણ ધ્વનિદૃષ્ટિએ બંને **ધુમલી**ના મૂળસ્વરૂપ તરીકે અયોગ્ય ઠરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भूताम्लिका એ > भूअंबिलिआ > भूंबिलिअ > **ભૂંબલી** (**ભૂંભલી**) કે **ભૂમલી** આપી શકે **ધુમલી** નહિ.

કાંદિવલી ને **બોરીવલી**નો °**વલી** અંશ દ્રાવિડી મૂળનો હોવાની કિશોરલાલ મશરુવાળાએ (પ્રસ્થાન, માગશર ૧૯૯૦, કાનડી ભાષામાં ડોકિયું) કરેલી સૂચના વિચારવા જેવી છે.

અમરતવેલ, બુધેલ, પાનેલી વગેરે :

ઉપર કહ્યું તેમ –अ > –ए એ ફેરફાર આપણી ધ્વનિપ્રક્રિયાને અજાણ્યો હોવાથી –पल्ली (–पल्लिका)માંથી **–એલ** (**–એલી**) સાધવો શક્ય નથી. પણ **અમરતવેલ** પરથી સૂચવાય છે તેમ, સં. –वल्ली "વેલ" એ મૂળ તરીકે હોવો જોઈએ એમ લાગે છે. આમ સં. –वल्ली < પ્રા. –वेल्ली < અપ. –वेल्ली < **–વેલ્ય** < **વેલ** અને **પ્રા**કૃતમાં આદિ **વ**કારનો લોપ થાય ત્યારે **–એલ** (વિસ્તારિત **–એલી**) બને છે. એટલે **પ**નવેલ અને **પા**નેલી એ पर्णपल्ली અને पर्णपल्लिकाના રૂપાન્તરો છે. અહીં તરત જ પ્રશ્ન થશે કે હજી તો એકાદ વાક્ય પહેલાં જ –अ < –ए ની પ્રક્રિયાને અશક્ય કહી સાથે સાથે –वल्ली<वल्ली માં એ જ પ્રક્રિયા સ્વીકારવાના ઉઘાડા વદતોવ્યાઘાતનું સમાધાન શું ? પ્રા. वेल्ली સં. वल्ली માંથી ઊતરી આવ્યો હોવાનું આપણા પ્રાચીન પ્રાકૃત વૈયાકરણો માને છે. પણ ખરી રીતે પ્રા. वेल्ली નું મૂળ *विल्ली (< √ *विल् 'ગતિ કરવી') જ હોઈ શકે· वल्ली નહિ. તે માટે જુઓ **પી**શલ (Pischel), **ગ્રા**માતીક (Grammatik), §૧૦૭, ૯૦.

ચોટલું વગેરે

–ઇલુંનું મૂળ –पल्लकम् નહિ, પણ **અપભ્રંશ** સ્વાર્થિક –इल्ल નું વિસ્તારિત સ્વરૂપ –इल्लकमू હોય એ વધારે સંભવિત છે.

નીંગાળું વગેરે :

આમા રહેલો **ળ**કાર –ल्ल्– માંથી ન આવી શકે. મૂળનો બેવડો **લ**કાર તો ગુજરાતીમાં **લ્** તરીકે આવ્યો છે, જ્યારે **ળ્** એકવડા **લ**કારનો અર્વાચીન અવતાર છે.

બોરસદ વગેરે :

–સદ અંશને સં. √सद् સાથે સાંકળવા સામે જંગી અંતરાય એ છે કે અસંયુક્ત द् **સં**સ્કૃત ભૂમિકા છોડી **પ્રા**કૃત ભૂમિકાની અધવચમાં આવતાં જ લોપાયો હોય, એટલે ગુજરાતી ભૂમિકા સુધી તેના ઊતરી આવવાની શક્યતા જ નથી— સિવાય કે **–સદ** (<સં. सदस्) હમણાહમણામાં જ અપનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવામાં આવેલો એક તત્સમ હોય, જેમ –नगर (વાધનગર), –पुर (રાણપુર) –तीर्थ (શુકલતીર્થ), વગેરેની બાબતમાં બન્યું છે તેમ.

સંજાણ (મેસાણા) વગેરે :

આમાં રહેલાં અંત્યાંશનું મૂળ –आन–કે–आनक–(=?) છે. ટક્ક દેશ સાથે ઉલ્લેખાતા **ભાદ્દાનક**માં તેમજ ઉત્કીર્ણ લેખોના **મંગલાનક** ને **ડિંડવાનક** અને **રજપુતાના**માં આ જ અંશ દેખાય છે. **પા**લિતાણું—આ ગામ **પાદ**લિપ્ત નામના આચાર્યે સ્થાપ્યું હોવાની પરંપરા છે. આને આધારે સં. पादलिप्तानकम् > पाअलित्ताणअं > पालित्ताणउं **પા**લીતાણું એવો ક્રમ બાંધી શકાય. પણ આમાં એક મુશ્કેલી રહે છે. મૂળના –ल्–ને સ્થાને ગુજરાતીમાં –ळ्–થવો જોઈએ, તે નથી થયો. પણ આ ગામનું અશિક્ષિતોમાં પ્રચલિત (ધ્વનિવ્યત્યયથી સધાયેલું) નામ 'પાણીતાળું'છે અને એ મૂળ તરીકે '* પાળીતાણું' એવા શબ્દની અપેક્ષા રાખે છે.

મેસાણા એ महिषानक० હશે.

–पुर–ના અંત્યોમાં–**પર (સરતાનપર, કતપર, પીથલપર** વગેરે), **–પરું (રામપરું),–પરડું (રાણપરડું)** એટલાં ઉમેરી શકાય. આ બધાં અર્ધતત્સમ છે.

નાઘેર (ધોલેરું) વગેરે :

–उ > इ ની પ્રક્રિયા અસંભવિત, એટલે °**એર** ના મૂળ તરીકે –पुर ન ચાલે સં.–गिरि > इरि > (પૂર્વસ્વર સાથે મળી જતાં) –**એર** એમ સિદ્ધ કરી શકાય. –गिरिका **એરી** આપશે. आंध्रगिरिका = **અંધેરી**, कृष्णगिरिका = **કન્હેરી** વગેરે. નપુંસકલિંગી ગ્રામનામોના બહોળા જથ્થાની અસર નીચે **અપભ્રંશ** સમયમાં વિસ્તારક (મૂળમાં સ્વાર્થિક) –क– લાગતાં **ધોલેરું** વગેરે.

–उ० > –ए० પ્રક્રિયાને કોઈ સં. नूपुर० : પ્રા णेउर० એ ઉદાહરણથી આધારવા પ્રયાસ કરે તો તે મિથ્યા છે, કારણ, नूपुरकेयूरम् એમ બે શબ્દોના વારંવારના સહવપરાટને લીધે, પાછલા °केयूर० નો આગલા અવયવ नूपुर० પર પ્રભાવ પડતાં પ્રા. णेउरकेऊरं સિદ્ધ થયું અને પછી એમાંથી છૂટો પાડવામાં આવેલો णेउर० સામાન્ય પ્રચારમાં આવ્યો. એટલે આ બાબતમાં –उ–નો –ए–માં ક્રમિક વિકાસ નથી થયો. એ તો સાદૃશ્યમૂલક ઘડતર જ છે.

જંબુસર (સણોસરા) વગેરે :

સં. सरस् 'સરોવર' ને તેનું વિસ્તારિત સ્વરૂપ અહીં સ્થળસૂચક અંશ તરીકે રહેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોધરા વગેરે :

ગોધરાનાં મૂળ તરીકે સં. गोह्रदक (સરખાવો ધરો > સં. ह्रदक–) સામે મુદ્દલ વાંધો લઈ શકાય તેમ નથી. **ધ્રાં**ગધરામાં પણ એ જ અંશ હોય? ध्रंगद्रह–પરથી?

ધોળકું વગેરે :

–કું અંશ સં. –अकम् માંથી નહિ, –क्ककम् માંથી જ આવી શકે.

જાંબુઘોડા વગેરે :

°ઘોડાને સં. घोटक– પરથી થયેલો કેમ ન માનવો?

વીરમગામ વગેરે :

°**ગામ** અંશ સં. °ग्राम० માંથી સીધેસીધો નથી આવ્યો. સં. ग्राम–> માભાઆ. गाम–> ગુ. **ગામ** એવો વિકાસક્રમ છે.

ભિલ્લમાળ વગેરે :

–**માળ** અંશ સં. मालाમાંથી નહિ, પણ અસ્પષ્ટ મૂળના –माल– (સર. ગુજરાતી **માળો**='મેડી,' 'માળિયું' વગેરે) 'સંનિવેશ' એ શબ્દ પરથી આવ્યો છે. **શ્રી**માળ નામ પાછળની '**લક્ષ્મી**ની માળા'ને આધારે તે નગર સ્થપાયું હોવાની દંતકથા પરથી જ ઘડી કાઢયું હોય એ ઘણું શકય છે.

નોરતા વગેરે :

નોરતા, **ઉમતા**, **ગેરીતા**, જેવાનો **–તા** મૂળ –त्तक– ઉપરથી જ આવી શકે. **દાં**તા—આમાં કોઈ સ્થળવાચી અંશ નથી લાગતો. સં. दंतक– પરથી જ તેને અવતારી શકાય તેમ છે.

મહુવા વગેરે :

મહુવા સં. मधुमतीમાંથી આવેલો છે. સં. मधुमती > महुवँई > महुवे : महुवेह > **મહુવા**. ગામનામોમાંથી ઘણાય નપુંસકલિંગી –ઉં– અંતી કે –आ– અંતી બંને હોય છે. ઉ. ત. **વડોદરું**, **વડોદરા**. આમાં પહેલું પ્રાચીન સમયથી ક્રમે ઊતરી આવેલું છે, જ્યારે બીજું –आ– અંતી રૂપ **મુસલમાન** સમયમાં ફારસી અસર નીચે ગામનામોને છેડે ह ('હાએ હવ્વાજ' કે 'હાએ મુખ્તફી'—**ચેટર્જી**: **ઇંડો-આર્યન અૅંડ હિન્દી**, ૧૩) ઉમેરાતાં સધાયો છે. ફા. °एह़ અંતી શબ્દો તેમના વિશિષ્ટ રીતે ઉચ્ચારાતા અંત્ય અક્ષરને લીધે ગુજ.–ओ કે –ઉં અંતવાળાં નામોનાં –**આ**અંતી વક્રરૂપ (ઑબ્લીક ફૉર્મ, Oblique form) સાથે ભળી ગયાં અને પછી તો નિયમિત રીતે –'ओ કે –ઉંઅંતી નામો તરીકે (દા. ત. ફા. पर्देह > ગુ. **પડદા**, ફા. मुर्देह > ગુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મડદું વગેરે) તે અપનાવી લેવાયાં છે. (સર. **નરસિંહરાવ**; **ગુ. લૅ. ઍ. લી.** ૧, ૪૮). આ રીતે ગામનામોના –આ અંતની સાધના થઈ છે. આના સમર્થનમાં સં. वलभी > वलही < વલઈ > વળે : વળેહ્ > **વળા** ટાંકી શકાય.

ભાંડવી વગેરે :

–વી ને वसति પરથી લાવવા કરતાં –वतिका કે –मतिका > –वँइअ > वइ > **–વી** એ રીતે વ્યુત્પન્ન કરવો એ વધારે યોગ્ય નથી?

વસઈ—સં. वसति० ને સ્થાને **પ્રા**કૃતમાં वसही છે. એટલે સં. वसतिका > वसहिआ > वसहिअ > **વસહી** > **વસઈ** એ ક્રમ છે.

બીજડિયું વગેરે :

इयुं પ્રત્યય–ईयम् માંથી નહિ,–इक्कम् માંથી આવે.

આ સર્વ ચર્ચામાં સૌથી વધુ અગત્યની વાત એ છે કે અહીં કે **સાંડે**સરાના લેખમાં સૂચવેલી બધી વ્યુત્પત્તિઓ છેવટમાં તો અનુમાનો જ રહે છે. જ્યાં સુધી **જૂ**ની ગુજરાતી વગેરેનાં ગ્રંથસ્થ અને ઉત્કીર્ણ લખાણોમાં વાસ્તવિકપણે મળતાં સ્થળનામોની સહાયથી **સં**સ્કૃત, **પ્રા**કૃત, **અ**પભ્રંશ, **જૂ**ની ગુજરાતી ને **અ**ર્વા. ગુજરાતી એ ભૂમિકાવાર ક્રમિક સ્વરૂપો તૈયાર ન થાય ત્યાંસુધી પ્રમાણભૂત વ્યુત્પત્તિ એક વાંછિત જ રહે છે. પણ શબ્દોના મૂળની બાબતમાં જે તર્ક થાય તે પૂર્વ અને પ્રવર્તમાન ભૂમિકાના જાણીતાં ધ્વનિવલણોની મર્યાદામાં થયો હોય તો જ શાસ્ત્રપૂત તર્ક કહેવાય, નહીં તો તરંગ. પ્રાચીન લેખોમાં આવતાં સ્થળનામોમાં પ્રચલિત સ્થળનામોનાં કેટલાંક પૂર્વરૂપ મળતાં હોય છે. એ દૃષ્ટિએ તેમનો અભ્યાસ ઘણો મૂલ્યવાન ગણાય.

ડિસકળકરે કાઠિયાવાડના ઉત્કીર્ણ લેખોનો સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે.[૩] લેખો ઈસવી ૧૩મી સદીથી શરૂ થાય છે. એટલે કે તે ગુજરાતીની પ્રાચીન ભૂમિકાને આવરી લે છે. તેમાંથી વીણી કાઢેલાં નીચેનાં સ્થળનામો, ઉપર ચર્ચેલા શબ્દોમાંથી કેટલાકના ઇતિહાસ પર પ્રકાશ ફેંકશે. બાજુમાં તે તે ગામનું ડિસકળકરે આપેલું હાલનું નામ કે પ્રાંત અને જે લેખમાં તેનો ઉલ્લેખ મળે છે તેની સાલ આપી છે. આમાં દરેક ઐક્ય–ઓળખ (આયડેંટીફીકેશન identification) સ્વીકાર્ય છે એવું નથી. કેટલીક સારી રીતે શંકાસ્પદ છે. લેખગત નામોમાંથી કેટલાંકની જોડણીમાં ગરબડ છે. કેટલાંકનું આપવામાં આવેલું સંસ્કૃત સ્વરૂપ ખોટું છે.

---

(૩) ન્યુ ઇંડીઅન ઍંટીક્વેરી, ગ્રંથ ૧, ૨, વગેરે (૧૯૩૯–૪૧). એ સંગ્રહ જુદા પુસ્તકરૂપે પણ પ્રસિદ્ધ થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अदिवाणीआ	અવાણીઆ	ઈ. સ. ૧૩૯૧
आजग	આજક (જુનાગઢ)	૧૨૦૬
उसा	ઓસા	૧૩૭૮
कर्करपुरी	કાંકરોલી (મૂળ ૦પલ્લી)	૧૩૮૭
कालिज	———	૧૩૮૯
कोटिनगर	કોડિનાર	૧૩૩૬
कंकासक	કંકાસા (માંગરોળ)	૧૩૯૯
कंडोळ	કંડોળ (થાન પાસે એક ટેકરો)	૧૩૭૬
खुरबासफ, खुरास	ખોરાસા	૧૩૮૯
गुर्ज्जर	———	૧૩૮૦
गूजरधरित्री	———	૧૩૯૬
गोरिज	ગોરેજ (માંગરોળ પાસે)	૧૩૯૩
चोरुआड	ચોરવાડ	૧૩૯૨
जमला	જમલા	૧૪૦૪
झिंझरकोट	ઝાંઝમેર (?)	૧૪૧૭
टिंवानक	ટિમાણા (તળાજા પાસે)	૧૨૧૬
धंधुसरस्	ધંધુસર	૧૩૮૯
पलाशला	———	૧૪૦૧
पंचालक	———	૧૩૮૯
पालीताण	પાલિતાણા	૧૩૭૬
फलका	ફુલકા	૧૩૯૧
(बग)सरा	બગસરા	૧૩૯૨
भूताम्बिलि	ધુમલી	૧૨૦૬
भूभृत्पल्ली	ધુમલી	૧૩૮૯
मणिपुर	મિયાણીનું જૂનું નામ	૧૨૩૪
मंगलपुर	માંગરોળ	૧૩૯૬
मेसूआण	મેસવાણા	ઈ. સ. ૧૩૮૭,૧૪૧૪
योगिनीपुर	દિલ્હીનું નામ	૧૩૯૬
रेवतगिरि	ગિરનારનું નામ	૧૨૬૨
लाठिउद्रा	લાઠોદરા	૧૨૬૬
लोढुआ	લોઢવા	૧૪૪૨–૪૩
वढवाण	વઢવાણ	૧૨૬૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वाघेलाणा	વાઘેલાણા	૧૪૧૫
वामनपुर, वामनस्थळी	વંથળી	૧૪૧૩
वीसावाडा	વિસાવડા (પોરબંદર)	૧૨૦૬
सहजिगपुर	સેજકપુર	૧૨૩૬
सोरसग्राम	કંસારાનું જૂનું નામ	૧૨૯૧

[૫]

સ્થળનામોની વ્યુત્પત્તિશોધનું ભયસ્થાન એ છે કે દરેક ગામનામની બાબતમાં તેનાં બધાંયે ક્રમિક પૂર્વસ્વરૂપો મળવાં શક્ય ન હોવાથી કેટલીક વાર અનુમાનને આધારે કોઈ પૂર્વસ્વરૂપ ઘડી કાઢવું પડે છે અને તેમાં ઉપરછલ્લા કે નજીવા સામ્યથી દોરવાઈ જવાનો સંભવ રહે છે. આમ હોવાથી આવા અનુમાનને બીજી ઐતિહાસિક હકીકતોનો આધાર હોય ત્યારે જ નક્કરતા મળે. ગૂજરાતનાં કેટલાંક ગામનામોની **પંજાબ** અને **સરહદ**નાં ગામનામો સાથે સમાનતા હોવા તરફ ઘણા ઇશારો કરે છે. પણ તે માટે ઐતિહાસિક પુરાવા હોય તો જ એ નિશ્ચયાત્મક રીતે સાબિત થાય. ગ્રે (Gray) એ આને લગતો એક ઘણો સૂચક દાખલો નોંધ્યો છે.[૪] **નેબ્રાસ્કા**માં આવેલું **લીંકન** (Lincoln) ઇંગ્લાંડમાં આવેલાં **લીંકન** (Lincoln) ગામ સાથે પુરેપૂરું નામ–ઐક્ય ધરાવે છે. પણ એ ઉપરટપકેનું જ છે. ઇંગ્લાંડના એ નગરનું નામ Lindon Colonia = "Pool Colony" એમ **સેલ્ટી**ને **લેટીન** શબ્દના સંકરસમાસમાંથી ઘડાયું છે. આ શહેરનો કોઈ માણસ પહેલાં "**લીં**કન (ગામ) નો **જોન** (ચાર્લ્સ વગેરે)" એ રીતે જાણીતો હોય. પછી ટૂંકમાં "**જોન લીં**કન" પ્રચલિત થાય. આ ઉપનામ ધારણ કરતા કોઈ કુટુંબમાંથી **અ**મેરીકાનો પ્રમુખ ઊતરી આવેલો અને તેના માનાર્થે તેના નામનું **લીં**કન નગર વસાવાયું. આમ બંને "**લીં**કન" ઉચ્ચાર દૃષ્ટિએ એક હોવા છતાં જુદા જ મૂળ ને ઇતિહાસ ધરાવે છે. આથી આપણી પ્રતીતિ થાય છે કે નામના પૂર્વસ્વરૂપના સંશોધનમાં વ્યુત્પત્તિશાસ્ત્રનો અગત્યનો પૂરક ઐતિહાસિક ગવેષણા છે.

★

---

૪. ફાઉંડેશન્જ઼ ઓવ લેંગ્વેજ (Foundations of Language), પા. ૧૨૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યુત્પત્તિ વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અણુ' અને 'આટો'

૧. **સંસ્કૃત**, **પ્રાકૃતો**, **અપભ્રંશ** કે **અર્વાચીન** **ભારતીય-આર્ય** ભાષાઓમાં કેટલાક એવા શબ્દો તેમ જ ઇતર ભાષાકીય સામગ્રી રહેલાં છે, જેમનું મૂળ શોધવા માટે આપણે **ભારત-યુરોપીય** પરિવારની **ગ્રીક**, **લૅટીન** વગેરે બીજી શાખાઓ તરફ નજર દોડાવીએ તો જ પ્રકાશ પડે[1]. **માધ્યમિક ભારતીય-આર્ય**ના तूह-, सिढिल-, सब्बधि, मेत्त- વગેરેના ધ્વનિસ્વરૂપની, કોઈ કોઈ પ્રત્યયો ને કેટલાક ધાતુઓ અને અંગોની પ્રકૃતિ તરીકે ગણી શકાય તેવી સામગ્રી વૈદિક ભાષા કે **સંસ્કૃત**માં નથી મળતી, પણ તેને માટે આપણે **પ્રાચીન ભારતીય-આર્ય** (ટૂંકમાં પ્રાભાઆ.)ની પૂર્વભૂમિકાઓનો આધાર લેવો પડે છે. અર્વાચીન ભૂમિકાની ભાષાઓના કેટલાક શબ્દો ને ધાતુઓને પણ આ વાત લાગુ પડે છે. એવી સામગ્રીની બાબતમાં મૂળગત ધાતુ, સાધક પ્રત્યય, વગેરે શુદ્ધ સ્વરૂપમાં—એટલે કે નવઘડતર કરવાની જનક-શક્તિ ઘસાયા વિના **ભારતીય-આર્ય** ભાષાપરિવારમાં ન મળતાં હોવાને કારણે, આપણે બીજી સહજન્ય ભાયુ. ભાષાઓનો આશરો લેવો પડે છે. **સંસ્કૃત** अणु- આ પ્રકારનો છે.[2]

૨. મૂર્ધન્ય ધ્વનિઓ એ માત્ર ભાઆ. ધ્વનિતંત્રની વિશિષ્ટતા હોવાથી ण्‌ના મૂળરૂપ ધ્વનિ કે ધ્વનિઓની તપાસ પહેલાં કરવી પ્રાપ્ત થાય છે.

૩. નીચેના અંશતઃ કે સમગ્રરૂપે સમાનમૂલક શબ્દયુગ્મો તપાસો[3] :

પ્રાભાઆ.	कृत-	પ્રાભાઆ.	कट-
,,	अवर्-	,,	अवट-
,,	*पृथति	,,	पठति
,,	(કોશસ્થ) गर्दयित्नु-गडयित्नु—		
,,	कुल,-कुलाय-	પ્રાભાઆ.	कुट-कुटुम्ब-
,,	√ऋध्-	,,	आढ्य-
લૅટીન	कुल्तेर (culter)	સં.	कुठार-

૧. જુઓ, બ્યૂલર (Bühler), ધ રૂટ્સ ઑવ્ ધ ધાતુપાઠ નૉટ ફાઉંડ ઇન લીટરેચર, ઇંડીઅન ઍંટીકવરી, ૧૮૯૪, ૨૫૧; બાટાકૃષ્ણ ઘોષ, લીંગ્વીસ્ટીક ઇંટ્રોડક્ષન ટુ સંસ્કૃત, ૧૯૩૭, પ્રકરણ ૧; વાકર્નાગલ (Wackernagel), આલ્ટિણ્ડીશ ગ્રામાટીક, (Altindische Grammatick) ૧, ૧૮૯૬, પ્રસ્તાવના; ટર્નર, નેપાલી ડીક્શનરી, પરિશિષ્ટમાં આપેલી ભારત-યુરોપીય શબ્દોની સૂચી.

૨. બેચરદાસ દોશી, દેશ્ય-પ્રાકૃત અને તેના શબ્દોનાં મૂલ, બુદ્ધિપ્રકાશ, ૧૯૪૧, પા. ૧૯૦ પર આ શબ્દની વ્યુત્પત્તિ વિશે કેટલીક ચર્ચા કરી જિજ્ઞાસા દર્શાવેલી છે.

૩. વાકર્નાગલ (Wackernagel), પૂર્વોક્ત પુસ્તક, § ૧૪૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીથુઆની स्केल्देति (skeldeti) સં. खण्ड–
આ તથા બીજા શબ્દોની તુલના પરથી
પ્રાગ્વૈદિક र् કે ल्+त्, थ्, द् > અનુક્રમે વૈદિક ट्, ठ्, ड्

એવો ધ્વનિવિકાસ થયો હોવાનું જોઈ શકાય છે. આના જ અનુસંધાનમાં નીચેના યુગ્મો તપાસો :[४]

પ્રાભાઆ.	√पृ–, पूर्त–	:	પ્રાભાઆ.	पुण्य–
,,	पर्फरत्–	:	,,	√फण्–
,,	कला	:	,,	कण–
,,	√फल्–	:	,,	√फण्–

આવા શબ્દોની તુલનાથી પ્રાગ્વૈદિક –र– કે –ल्– + –न्– > –ण्–

એવો ધ્વનિવિકાસ થયો હોવાનું આપણે કહી શકીયે, અને આવાં ઉદાહરણો ઉપરથી મૂળના પ્રવાહી ('લીક્વીડ,' liquid) ધ્વનિ અને દંત્ય ધ્વનિના સંયોગનું સ્થાન પ્રાભાઆ.માં યોગ્ય મૂર્ધન્યે લીધું હોવાનો ધ્વનિનિયમ સ્થાપી શકાય. આ નિયમને આધારે अणु– મૂળ સ્વરૂપે *अल्नु– કે अर्नु– હોવો જોઈએ એ પહેલું અનુમાન.

૩. આ *अल्नु– કે *अर्नु–નું આગળ પૃથક્કરણ કરીએ. પ્રાભાઆ. क्षेप्नु–, भानु–, वघ्नु–, सूनु–, दानु–, धेनु–, વગેરેમાં દેખીતો જ –नु– એ પરપ્રત્યય ('સફીક્સ' suffix) રહેલો છે.[૫] આ ઉપરથી *अल्नु– કે *अर्नु–માં *अल्– કે *अर्– અને –नु– એમ બે અંશો હોવાની સંભાવના જોઈ શકાય.

૪. બાકી રહે છે મૂળ ધાતુ *अल्– હશે કે *अर्– તેનો નિર્ણય. આ માટે પ્રાભાઆ.ની સહજન્ય ભાયુ. ભાષાઓનો આધાર લેવો પડશે. **ગ્રીક** आलेऊ (aleū) 'હું દળું છું', અને **આર્મીનીઆઇ** (Armenian) आलाम् (alam) વગેરે પરથી મૂળ ધાતુ તરીકે ભાયુ. *ऑल् (*al–) 'દળવું', 'લોટ કરવો' સ્થાપિત થાય છે. એટલે अणु–નું ભાયુ. પૂર્વસ્વરૂપ *ऑल्–नु– (*al–nu–) હોવાનું કહી શકાય.[૬]

---

૪. વાકર્નાગલ, પૂર્વોક્ત, પુસ્તક, § ૧૭૨. ડી.

૫. હ્વીટ્ની (Whitney), **સંસ્કૃત ગ્રામર**, ત્રીજી આવૃત્તી, ૧૮૯૬, ૧૧૬૨.

૬. વાલ્ડે (Walde) અને પોકોર્ની (Pokorny), **ફેર્ગ્લાઈશેન્ડસ વોર્ટરબુખ ડર ઇણ્ડોજર્માનીશન શ્પ્રાખન** (Vergleichendes Worterbuch der indo-germanischen sprachen), ૧, ૧૯૩૦, પા. ૮૯, (5) *al– નીચે; વાકર્નાગલ પૂર્વોક્ત પુસ્તક, ૧૪ડી, ૧૭૨ડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. જાણીને કદાચ અચરજ થશે કે હિંદી, બંગાળી, ગુજરાતી વગેરેમાં જાણીતા आटा કે आटो 'લોટ' એ શબ્દના મૂળમાં આ *अल्- ધાતુ જ રહેલો છે. કૂર્મપુરાણમાં[૭] તેમ જ મહાભારતમાં अट्टशूलाः શબ્દ વપરાયો છે, અને નીલકંઠ તેનો—

अट्टं अन्नं, शूलं विक्रेयं, येषां ते अट्टशूलाः

એમ अट्ट- નો અર્થ 'અન્ન' કરે છે. કોશકારો તેનો 'અન્ન', 'ભાત' એવો અર્થ આપે છે.

ભાયુ. *ऑल्तो- (*alto-) > પ્રાભાઆ. *अल्त- > સં अट्ट- > અર્વાચીન ભાઆ. (વિસ્તારિત) आटा કે आटो એવે ક્રમે શબ્દ સિદ્ધ થયો છે.[૮]

આસો

જોડણીકોશ આના મૂળ તરીકે સં. आश्विन् પ્રા. आसोअ આપે છે. આમાં आश्विन એ શુદ્ધ રૂપને બદલે અશુદ્ધ રૂપ આપ્યું છે, અને आश्विन- પરથી आसोअ કઈ રીતે સિદ્ધ થાય એની જરાયે ચિંતા કરી નથી.

નરસિંહરાવે[૧] आश्विनकः–अस्सिणउ–आसो એ ક્રમે 'વ્યંજનનાશ'ના વલણને અનુસરીને શબ્દ સિદ્ધ થયો હોવાનું માન્યું છે, અને સાંડેસરાને[૨] આ વ્યુત્પત્તિ અને સિદ્ધાંત સ્વીકાર્ય લાગ્યાં છે. પણ આ 'વ્યંજનનાશ'નો સિદ્ધાંત અશાસ્ત્રીય અને નિરાધાર હોવાનું—સધ્વનિલોપ ('હૅપ્લૉલૉજી Haplology')

---

૭. अट्टशूला जनपदाः शिवशूलाश्चतुष्पथाः।
प्रमदाः केशशूलाश्च भविष्यन्ति कलौ युगे॥ ૩૦. ૧૨

'કળિયુગમાં જનપદો લોટ વેચશે, ચૌટામાં શિવલિંગ વેચાશે અને સ્ત્રીઓ પોતાના કેશ વેચશે'

૮. आटोની વ્યુત્પત્તિ ઠીકઠીક ચર્ચાઈ છે. જુઓ, વાકર્નાગલ, પૂર્વોક્ત પુસ્તક, ૧૪૬ ડી; બ્લોખ (Bloch)—(પરાંજપે–ભાષાન્તરિત), મરાઠી ભાષેચા વિકાસ, ૧૯૪૧, પા. ૩૫૮, आट નીચે; ટર્નર, નેપાલી ડીક્ષનરી, પા. ૩૩ બી, ૩૪ એ, आटो નીચે; શહિદુલ્લા, અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા પરિષદ, ૧૧ મું અધિવેશન, ભાષાશાસ્ત્રવિભાગના પ્રમુખનું વ્યાખ્યાન, ૧૯૪૧, પા. ૮; ગ્રે (Gray). રીફ્ટીન પ્રાકૃત–ઇંડોયુરોપીયન ઈટીમોલોજીઝ, જર્નલ ઑવ ધ અમેરીકન ઓરીએંટલ સોસાયટી, (૧૯૪૦), ૬૦, ૩, પા. ૩૪૩.

૧. ગુ. લૅ. ઍ. લી., ૧, ૩૭૯.

૨. બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ૧૯૫૨, પા. ૨૭, પાદનોંધ ૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા જાણીતા બળની અસરને બાદ કરતાં, અન્યત્ર અનિયમિત રીતે વ્યંજનો લુપ્ત ન થતા હોવાનું—મેં બતાવ્યું છે. **આસો** શબ્દની પણ ત્યાં ચર્ચા કરી છે.

આસોના પૂર્વરૂપ તરીકે પ્રા. आसोअ– નોંધીને જોડણીકોશે **નરસિંહરાવ**થી આગળ એક પગલું સાચી દિશામાં લીધું છે. પણ એથી આગળ જતાં ભૂલ થઈ ગઈ છે. आश्विन–માંથી आसोअ– થયાનું માનવું એ ઉટંગ તર્ક છે. **પાઈઅસદ્દમહણ્ણવો**માં જ आसोअ–ના મૂળ તરીકે સં. अश्वयुक्– આપ્યો છે. **અપભ્રંશ** રાસાકાવ્ય **સંદેશરાસક** (૧૭૨ મો શ્લોક)માં આવતા आसोअ માટે મેં સં. अश्वयुज्– +क्–, પછીથી *अस्सउ + अ –અને તેમાંથી आसोअ એવો વિકાસક્રમ સૂચવેલો.[૩] પણ સંસ્કૃતમાં आश्वयुज –(પુ.) એ શબ્દનો 'આશ્વિન (માસ)' એવા અર્થમાં પ્રયોગ થયેલો હોવાનું **આપ્ટે** નોંધે છે, એટલે आश्वयुजः–अस्सउओ–आसोओ–आसोज **આસો** એમ તદ્દન નિયમિત વિકાસક્રમ આપણને મળે છે.

હિંદી आसोज 'આસો' માટે **હિંદીશબ્દસાગર** સં. अश्वयुज– મૂળ તરીકે આપે છે. अश्वयुज्– ને બદલે ભૂલથી अश्वयुज– અપાયું લાગે છે. પણ अश्वयुज्– કે आश्वयुज– મૂળ તરીકે લેતાં તેનો **ज**કાર તો **માધ્યમિક ભારતીય આર્ય** ભૂમિકામાં લુપ્ત થાય, તો પછી **હિંદી** आसोजમાંના **ज**કારની ઉપપત્તિ શું? મને લાગે છે કે आसोजમાં રહેલો **ज**, आश्वयुज પરથી પ્રાકૃતમાં *अस्सउज्ज એમ અંત્ય વ્યંજનના બેવડાવાથી સધાયેલા એક વૈકલ્પિક રૂપની અટકળ કરીએ તો જ સિદ્ધ થાય. આ સાથે શૈલજાનું **પ્રા**કૃત રૂપાંતર सयलज्ज (શુદ્ધ सइलज्ज) (**સંદેશરાસક**, ૪૦) સરખાવી શકાય.

ખંભાત

ખંભાત એ સ્થળનામની વ્યુત્પત્તિનો વિચાર કરવા માટે નવેક વિદ્વાનોનાં નામ ગણાવી શકાય તેમ છે—કમળાશંકર, વ્રજલાલ **શાસ્ત્રી**, **કે. હ. ધ્રુવ**, દેરાસરી, **બ્વીલર** (Buehler), **ત**નસુખરામ, **ચી**મનલાલ **ડા.** દલાલ, **નરસિંહરાવ**[૧], રત્નમણિરાવ **જોટે** અને બીજા પણ બેત્રણ વિદ્વાનોએ તેની ચર્ચા કરેલી છે. **ખંભાત**ના મૂળ તરીકે स्तम्भतीर्थ– છે એ **નરસિંહરાવ**નો નિર્ણય અને તેના સમર્થનમાં તે માટે આપેલી દલીલો ચિન્ત્ય

૩. **સંદેશરાસક**, ૧૯૪૫, વ્યાકરણ, § ૨૭.

૧. આગલા મતો, તેમની ચર્ચા અને અનુલક્ષણ માટે જુઓ **નરસિંહરાવ**, ખંભાત, **મનોમુકુર** ૪, ૧૯૩૮, પા. ૯૨–૧૧૯;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતાં, અને **ખંભાત**ના મૂળ તરીકે જુદો જ શબ્દ સૂચવતા બે ઉલ્લેખો **અપભ્રંશ** સાહિત્યમાંથી મળી આવતાં ફરીથી **ખંભાત**ની વ્યુત્પત્તિ ચર્ચવાનો હું વિચાર કરી રહ્યો હતો, ત્યાં **ઉમાશંકર જોશી**એ હું જે નિર્ણય પર આવ્યો હતો તે જ વાત સૂચન તરીકે મૂકેલી જોતાં આનંદ થયો. તેમણે સૂચવેલો વિકાસક્રમ સ્વીકાર્ય બને તેવો નથી એ ખરું પણ **ખંભાત**ના **–આત** અંશને સં. आदित्य– સાથે જોડવાનું તેમનું સૂચન ખરે જ મૂલ્યવાન છે.

ગામ, શહેર વગેરેનાં પ્રાચીન અને અર્વાચીન નામો તપાસતાં એટલું તો તરત દેખાઈ આવે છે કે જુદેજુદે સમયે એકનું એક નગર અનુક્રમે કે એક સાથે બેચાર નામે જાણીતું હોવાનાં ઘણાં યે દાખલા મળે છે. અને કેટલીક વાર એવું બને કે અત્યારે પ્રચલિત નામ, પ્રાચીન સાહિત્યમાં તેને માટે જે શબ્દ પ્રચલિત હોય તેમાંથી વ્યુત્પન્ન કરવું શક્ય ન હોય: આવું હોય ત્યારે ધ્વનિનિયમોને આધારે પુનર્ઘટના કરી નવા જ શબ્દને અત્યારે પ્રચલિત શબ્દના મૂળ તરીકે સ્વીકારવાનો અને લોકોમાં એવું નામ પ્રચલિત હશે એમ ધારી લેવાનો જ માર્ગ સાચો છે. પ્રચલિત નામને **સંસ્કૃત** સાહિત્યમાં મળતા શબ્દમાંથી મારીતોડીને વ્યુત્પન્ન કરવું એનો કશો અર્થ નથી.

स्तम्भतीर्थ–, स्तम्भपुर–, ઉપરાંત स्तम्भावती ને त्रंबावती પણ લોકોમાં પ્રચલિત હતાં એમાં શંકા નથી. દંતકથામાં પ્રચલિત હોય તેથી અપ્રામાણિક જ એવું નથી ઠરતું. પ્રાચીન નગરીના નામો માટે દંતકથામાં °આવતી અંશ લાક્ષણિક ગણાયો. એટલે લોકકથામાંના કનકાવતી, **મધુ**માવતી, **પુ**ષ્પાવતી **પદ્મા**વતી વગેરે પ્રમાણે **સ્તં**ભાવતી સાદૃશ્યે ઘડાયો છે. અને તેજ રીતે ત્રાંબાના ગઢ વાળી નગરી **ત્રં**બાવતી. **શામળ**ની **સિંહાસનબત્રીશી**માંની ગર્દભસેનની વાર્તામાં એ દંતકથા છે.

ખંભાતના મૂળ તરીકે स्तम्भतीर्थ– અશક્ય છે, કારણ: (૧)–स्त–નું રૂપાન્તર –थ्– જ થાય, –ख– કદી નહીં. **હેમચંદ્રે** स्तम्भ–નું खंभ– આપેલું છે તે આદેશ જ સમજવો. તેનું ઐતિહાસિક કારણ આ છે: 'થાંભલો' 'ટેકો' એ અર્થમાં પ્રાકૃતમાં थंभ– અને खंभ– બંને પ્રચલિત હતા. ધ્વનિનિયમો પ્રમાણે તેમનું મૂળ અનુક્રમે स्तम्भ– અને स्कम्भ– છે. પણ **પ્રશિષ્ટ સંસ્કૃત**માં स्तम्भ– એ એક જ શબ્દ પ્રચલિત છે, स्कम्भ– વૈદિક ભાષામાં જ મળે છે. એટલે **હેમચંદ્ર** બંનેને स्तम्भ–માંથી વ્યુત્પન્ન કરે છે. પણ આપણે જાણીએ

---

૨. ર. ભી. જોટે, ખંભાતનો ઈતિહાસ, ૧૯૩૫, પા. ૧૫૯–૧૬૭.

૩. પુરાણોમાં ગુજરાત, ૧૯૪૬, ૨૧૧–૨૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ કે **પ્રાકૃતઅપભ્રંશ**માં કેટલાક એવાં શબ્દો, રૂપો ને પ્રત્યયો છે જેમને મળતું **પ્રશિષ્ટ સંસ્કૃત**માં કાંઈ નથી, પણ વૈદિક ભાષામાં તેમનાં પૂર્વરૂપ મળે છે.[4] એટલે **ખંભાત**નો खंभ– એટલો અંશ स्कम्भ–માંથી જ નિષ્પન્ન થયેલો છે.

(૨) –तीर्थ–નું °इत्थ– થાય, ને પછી નિયમ પ્રમાણે °ईथ– કે °इथ–; પછી खंभइथ–નું खंभेथ કે खाँभेत થાય **ખંભાત** નહીં. અને भा માં રહેલો आ ક્યાંથી આવ્યો તેની કોઈને જરાયે ચિંતા જ નથી થઈ. કાન્હડદેપ્રબંધ (૧, ૨૨) માંનું खंभायत એ **ખંભાત**નું પૂર્વરૂપ છે એ સાચું. પણ खंभइत्थ–માંથી આ खंभायत ને કેવી રીતે સિદ્ધ થયું માનવું?

(૩) ૧૩મી સદીના આરંભ આસપાસના **અપભ્રંશ** કાવ્ય **સંદેશરાસક** (૬૫, ૬૭) માં खंभाइत्त– એવું રૂપ મળે છે. મૂળમાં °तीर्थ– હોય તો **અપભ્રંશ**માં તે °इत्थ રૂપે જ આવી શકે, °इत्त રૂપે નહીં.

એટલે આપણે **ખંભાત**ના મૂળનો જુદી જ રીતે વિચાર કરવાનો રહે છે. ઉપર આપેલાં ત્રણ રૂપો વિકાસક્રમની કેટલીક કડીઓ તો આપે જ છે: खंभाइत्त– > खंभायत– > **ખંભાત. ચીમનલાલ ડા. દલાલે** કહ્યું છે[5] તેમ खंभाइतમાં આપણે –इत्त– અંશને **પ્રાકૃત** મત્વર્થીય તરીકે ઘટાવી શકીએ તેની સામે **નરસિંહરાવે** કાઢેલો વાંધો વજૂદ વગેરેનો છે. શું **પ્રાકૃત** સાહિત્ય તત્કાલીન ભાષાના સર્વ પ્રયોગો ને સામગ્રીનો સમાવેશ કરે એટલું વ્યાપક અને પ્રતિનિધિત્વ ધરાવતું છે કે વ્યાકરણનો આધાર હોય છતાં **પ્રાકૃત** સાહિત્યમાંથી પ્રત્યક્ષ પ્રયોગની સર્વત્ર અપેક્ષા રાખવી? વળી °भा°નો આકાર દલાલે કહ્યું છે તેથી જુદી રીતે પણ ઘટાવી શકાય: **સંસ્કૃત** શબ્દોને **પ્રાકૃત**માં સ્વાર્થિક °य° (< °क°) સામાન્યપણે લાગે છે. એટલે खंभની જેમ खंभय– સહજ જ **પ્રાકૃત**માં વાપરી શકાતું.[6] પછી खंभय– ને મત્વર્થીય °इत्त લાગતાં કેટલાય **અપભ્રંશ** શબ્દોમાં બન્યું છે તેમ °अयनो आ થઈ ગયો (સરખાવો, અપભ્રંશ कुसुमा–मञ्जरि– < कुसुमय–मञ्जरि,[7] दवणा–> दवणय–. અને **અપભ્રંશ** તુલના-દર્શક રૂપો पियार– < पिअअर– કે पिययर– < प्रियतर–, વગેરે) ને खंभाइत्त શબ્દ स्तम्भावती– (વધારે ઉચિત स्कम्भावती–) ના **પ્રાકૃત** અનુવાદ તરીકે, પ્રચલિત

---

૪. પાલિ सब्बधिનો –धि પ્રત્યય, અપભ્રંશના –प्पण–, –एप्पिणु, –एवि વગેરે પ્રત્યયો दिवें दिवें જેવા શબ્દો વગેરે.

૫. બુદ્ધિપ્રકાશ, ૧૯૧૪.

૬. નરસિંહરાવે આપેલા **વિજયભદ્રમુનિ** કૃત ગોતમરાસો (૧૩૫૬)–માંના એક ટાંચણમાં જ खंभयनगर શબ્દ મળે છે—**મનોમુકુર**, ૪, ૧૧૧, પાદટીપ.

૭. સ્વયંભૂકૃત પઉમચરિઉ, ૧૪, ૨, ૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો. લિંગભેદની ઉપપત્તિ આપવી જરાયે મુશ્કેલ નથી. 'ગુજરાત'ના ઉભયલિંગી પ્રયોગ જાણીતા છે. 'નગરી' કે 'પુરી' ને બદલે 'નગર' વગેરે ઉદ્દિષ્ટ હોય તો નામ નપુંસકમાં વપરાતું થાય તે સમજી શકાય તેવું છે. જો કે **પ્રાકૃતમાં** પ્રચલિત खंभाइत्त- નો સંસ્કૃતમાં स्तम्भावती એવો અનુવાદ થયો હોવાની સંભાવના પણ તેટલી જ છે.

પણ એક પુરાવો આ પ્રકારની ઉપપત્તિની તદ્દન વિરુદ્ધ જાય છે અને આપણે મૂળ તરીકે જુદો જ શબ્દ સ્વીકારવો પડે છે. ૧૭મી સદીના **અપભ્રંશ** કાવ્ય करकण्डुचरिउમાં[૮] खंभाइच्च- રૂપ મળે છે. અને ઉપર કહી તે વ્યુત્પત્તિ સ્વીકારવા જતાં આ રૂપ કોઈ પણ રીતે ઘટાવી શકાતું નથી.

પણ खंभाइच्च- પરથી મૂળ **સંસ્કૃત** રૂપ *स्कम्भादित्य- કલ્પવું સાવ સહેલું છે. એટલે *स्कम्भादित्य-ને મૂળ તરીકે સ્વીકારી તેમાંથી બાકીનાં રૂપોનો અવતાર આ રીતે સાધી શકાશે.

(૧) *स्कम्भादित्य- પરથી નિયમ પ્રમાણે **પ્રાકૃત-અપભ્રંશ** खंभाइच्च- એ તદ્ભવરૂપ.

(૨) *स्कम्भादित्य-ના -*आदित्य- અંશનો જરા ભિન્ન રીતે ઉત્તરકાલીન અપભ્રંશ ભૂમિકામાં -*आइत्त-એવો વિકાસ થયો. સરખાવો, **આતવાર**, પ્રાંતિક **આત્યવાર** (=રવિવાર) < સં. आदित्यवार-, અપભ્રંશ नित्तु < नित्यम्, અપ. रत्थ > रथ्या-[૯], પ્રા. सामत्थ > सामर्थ्य (હેમચંદ્ર) વગેરે. આથી *स्कम्भादित्य-નું દ્વિવિધ રૂપાન્તર खंभाइच्च- અને खंभाइत्त;- પછી, ઉપર કહ્યું તેમ खंभायत ને खंभात-. એકત્ર રજૂ કરતાં,

*स्कंभादित्य- < खंभाइच्च-,
खंभाइत्त – खंभायत – खंभात.

આ રીતે આખોયે વિકાસક્રમ ધ્વનિદષ્ટિએ સાવ શુદ્ધ છે. *स्कम्भादित्य- એ રૂપ વાસ્તવિકપણે સાહિત્યમાં કે ઉત્કીર્ણ લેખોમાં નથી મળતું એ હકીકત બહુ ઓછી અગત્ય ધરાવે છે. અસંખ્ય ગુજરાતી શબ્દો એવા છે કે જેમને જાણીતા ધ્વનિપરિવર્તનના અને અર્થપરિવર્તનનાં નિયમોને લક્ષમાં લઈ, તેમ તેતે ભૂમિકાની ભાષાસામગ્રી લક્ષમાં લઈ અમુક કલ્પિત મૂળમાંથી વ્યુત્પન્ન કરવાના રહે. જેનો ઘણોખરો ભાગ પાણીમાં જ રહે છે, પણ સપાટી પર બહુ થોડો અંશ જ દષ્ટિએ પડે છે, એવા બરફના ડુંગરોની જેમ સાહિત્યમાં—અને ખાસ

૮. હીરાલાલ જૈન સંપાદિત, ૧૯૩૪, કારંજા.

૯ સંદેશરાસક, વ્યાકરણ, § ૩૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને સંસ્કૃત જેવા વિદ્વદ્ભોગ્ય સાહિત્યમાં—તેતે સમયની ભાષાસામગ્રીનો ઘણો મર્યાદિત અંશ જ સ્થાન પામ્યો હોય છે. આથી **ચૌહાણ, ચાવડા** વગેરેના મૂળ રૂપોને બદલે આપણને પાછળથી સંસ્કૃતીકરણની અવળી પ્રક્રિયાને આધારે સિદ્ધ થએલાં चाहमान–, चापोत्कट– જેવાં રૂપો મળે છે.

ગુજરાતનો **–આત** અંશ અને **ખંભાત**નો **આત** અંશ બંને એક મૂળના નથી. **ખંભાત** પહેલાંનું રૂપ खंभायत મળે છે (સરખાવો पंचायत, पंचात–पंचात्य ને पंच, વડાયતી[10]–'વડું,' વગેરે) તેમ ગુજરાત માટે ઠેઠ નવમી સદીથી અનેક પ્રાકૃત, સંસ્કૃત ને પ્રાચીન ગુજરાતી ઉલ્લેખો રૂપાંતરે મળતાં હોવા છતાં ક્યાંય પણ *गुजरायत કે *गुजराइत જેવું કશું દેખાતું નથી.

ગાઠુઓ

પ્રયોગ: 'ગાઠુઓ થઇને ગાઠ્યો' પ્રેમાનંદકૃત નળાખ્યાન, દેસાઈ સંપાદિત, ૧૯૫૧, ૧૧, ૭.

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ:–(૧) **ગાઠુઓ** એ ઠગના વ્યત્યયથી થયો હોય.[1] (૨) પ્રા. गंठिभेओ (સં. ग्रंथिभेदकः)નો એકાંશ લોપાતાં **ગઠીઓ** (**ગઠિયો**), **ગાઠુઓ** સધાયા હોય.[2] (૩) **ગાઠુઓ** સાથે સંબદ્ધ **ગઠિયો**- સં. ग्रथित–, પ્રા. गंठिय–માંથી.[3]

સૂચિત વ્યુત્પત્તિની ત્રુટિ:––ઠગના વ્યત્યયથી **ગાઠુઓ** બન્યો હોવાનું માનવું એ ખાલી તરંગ છે. એમ ગમે ત્યારે વ્યત્યયનો આશરો ન લેવાય. અને વ્યત્યયથી **ગઠ** થાય. પછી **ગ** નો **ગા ઠ** નો **ઠુ** ને લટકાનો **ઓ** એ બધાં ફેરફારો ઇલમ કી લકડીથી કરવાના રહે.

સં. ग्रन्थिभेद–(મનુ, યાજ્ઞવલ્ક્ય), ग्रन्थिमोचक–(મોનિયર વિલિયમ્ઝ), પ્રા. गंठिश्चेद–अ=ग्रन्थिच्छेदक– કે પાઠાંતર गंठिभेदअ–=ग्रन्थिभेदक– (શાકુંતલ), गंठिभेयग અને गंठिछेअ (પાઇઅસદ્દમહણ્ણવો), હિંદી गठकटा, गँठकटा, गाँठकट વગેરે, ગુજ. **ગંઠીછોડ** ('ચોરનો ભાઈ ઘંટીચો' કહેવાય છે તેમાં **ઘંટીચોર** એ આ **ગંઠીછોડ**નો જ વેશપલટો છે) વગેરે જાણીતા છે. પણ

૧૦ પ્રબંધચિન્તામણિ, પા. ૨૪, ૧૨.

૧. મગનભાઈ દેસાઈ.

૨. ઉમાશંકર જોષી, સંસ્કૃતિ, માર્ચ ૧૯૫૨.

૩. જોડણીકોશ; પં. બેચરદાસ દોશી, સંસ્કૃતિ, જૂન ૧૯૫૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ गंठिभेओ કે गंठिछेओ માંથી **ગાઠુઓ** ન જ આવી શકે. એ શબ્દનો સંક્ષેપ થઈ **ગાઠુઓ** સિદ્ધ થયો હોવાનું સંભવિત નથી લાગતું. સંક્ષેપની પ્રક્રિયા આવા સમાસોમાંથી ઉત્તરાંશલોપ થતો હોવાનું કોઈ ઉદાહરણ નથી પૂરું પાડતી. આવા સમસ્ત શબ્દોનો સંક્ષેપ થાય ત્યારે પૂર્વાંશ જ લોપાય. નહીં તો અર્થસંભ્રમ ઊપજે. **ઘરફાડુ, ઘોરખોદિયો** વગેરેનો સંક્ષેપ કરતાં **ફાડુ, ખોદિયો** શિથિલપણે પણ મૂળનો ભાવ સૂચવી શકે; પણ **ઘર, ઘોર** એ પૂર્વાંશ આખા સમાસ માટે ન વપરાય, કેમ કે તેઓ પોતાનો આગવો અર્થ ધરાવે જ છે. એ રીતે गंठि 'ગાંઠ' 'ખીસું' એવા અર્થમાં ચાલુ વપરાશમાં હોવાથી गंठिभेओ વગેરેમાં ઉત્તરાંશ લોપ ન જ થાય. અને એવો લોપ થયો હોય તો પણ પછી गंठिમાંથી **ગાઠુઓ** સાધવો રમતવાત નથી. પણ જોડણીકોશનું સૂચન કાંઈક સાચી દિશામાં છે.

નવું સૂચન :–**ગાઠુઓ** એ પ્રાચીન રૂપ છે. અર્વાચીન ઉચ્ચારણમાં તેનું **ગાઠવો** થાય. **લાડવો** (< लड्डुवउ < लड्डु– + –क + –कः), **રાંઢવું** (रंढुअ– + अं), **અગવો** (હિંદી अगुआ, अग्र + –उक + –कः), **હળવું** (लघु– + –क + –कं), **બડવો** (बटुक– + कः) વગેરે ઉપરથી જોઈ શકાય કે **ગાઠુઓ**–**ગાઠવો**માં અંતે –उक– + कः એ અંગવિસ્તારક પ્રત્યય રહેલા છે અને મૂળ અંગ **ગાઠ** છે. **ઝાડવું** (ઝાડ), **છોડવો** (છોડ) વગેરે પરથી જોઈ શકાય કે મૂળનું અંગ ઉકારાંત ન હોય, ને અકારાંત હોય તો પણ તેમને **–વો, –વું** એ હળવો લઘુતાવાચક પ્રત્યય લાગી શકે છે. ઉપર ટાંકયા તે શબ્દો પરથી, સ્વતંત્ર **–ઉઓ** કે **–વો** પ્રત્યય ઘડાયો છે.

હવે **ગઠ્ઠો** 'કઠણ ગાંગડો', હિંદી गठी बदन 'હૃષ્ટપુષ્ટ પણ જાડું નહીં એવું શરીર' વગેરે જોતાં **ગઠિયો** કે **ગંઠિયો** (સં. ग्रथित– + –कः, પ્રા. गठ्ठिअओ કે गंठिअओ) 'બાંધી દડીનો, બેઠી દડીનો, કાચોપોચો ન હોય તેવો માણસ' એવી અર્થછાયા ક્રમે વિકસી હોય તે સમજી શકાય તેમ છે. '**ગઠ્ઠો**', '**ગાંઠો**'ની આકૃતિ ને ગુણધર્મના સામ્યના આધારે અને ઠીંગણો માણસ લુચ્ચો, પક્કો હોવાની લૌકિક માન્યતાના બળે સમય જતાં **ગઠિયો** નો 'લુચ્ચો', 'ધુતારો' અર્થ રૂઢ થયો હોય. મૂળ **ગઠ્ઠો** હોય, અને વધારે તોછડાઈ સૂચવવા **ગઠિયો** થયું હોય એ વળી વિશેષ સંભવિત લાગે છે. એથી પૂર્વસ્વર અવિકૃત રહે છે તેની ઉપપત્તિ પણ મળી જાય છે.[૪]

---

૪. સંસ્કૃત કોશોમાં નોંધાયેલાં √ग्रथ् 'કપટી હોવું'; ग्रन्थि 'કપટીપણું' વાસ્તવિક પ્રયોગમાં દેખાતા નથી, તેમ માધ્યમિક ભારતીય-આર્યમાં પણ તેમનાં દર્શન થતાં નથી, એટલે તેમને વચ્ચે લાવવા ઉચિત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગઠ્ઠો કે ગઠિયો પરથી -ઉઓ પ્રત્યય લાગી ગાઠુઓ સધાયું હોય. गुह्च- પરથી गुज्झ- ને પછી -उक्क લાગી ગજવું થયું. કરડું (દે. कुरुड- + अं.) અને કરડુ (ઉકરાંત અંગ, *कुरुडुअ-), સં. परिग्रह-ને ગુજ. પરઘુ, ગાંડો અને ગંડુ, પ્રા. भंड-ને ગુજ. ભાડું, સં वरम् અને ગુજ. વારુ (પ્રા. ગુજ. वारुअ-, સં. *वारुक-) વગેરેની જેમ જુદાજુદા પ્રત્યયોથી એ શબ્દો સિદ્ધ થયા હોય.

ગટિયું, ગટ્ટી, ગટ્ટું 'ઠીંગણું' 'બટકું અને જાડું' (મરાઠી गट्टु) એ બધાંનું મૂળ કદાચ જુદું હોય.

ગાઠુઓ સાથેના ગાઠ્યોનો અર્થ સંદિગ્ધ રહે છે. 'છેતરાવું' એવા કર્મણિ કે કર્તૃવાચ્ય અર્થમાં ગાઠવું કઈ રીતે હોય? બીજા પ્રયોગો મળે તો જ આ બાબતમાં કોઈ નિર્ણય થઈ શકે.

'ગૂજરાત' કે 'ગુજરાત'?

જોડણીકોશ ગુજરાત અને ગૂજરાત બંને જોડણી આપે છે. વપરાશમાં પણ બંને છે. ગુજરાત ને લગતા જૂના ઉલ્લેખો છંદને ધોરણે તેમજ એ શબ્દના સ્વરભારને ધોરણે તપાસતાં આ બાબત આપણને કાંઈ ખાસ જાણવા જેવું મળે તો જોઈએ.

છંદને ધોરણે

શ્રી. સાંડેસરાએ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં મળતા ગુજરાતના ઉલ્લેખોને એકત્ર કર્યા છે (જુઓ भारतीय विद्या, ભાગ ૩, ૧૯૪૫, પા. ૯૫–૧૦૭) એટલે તેમાંનાં ટાંચણો આપણે તપાસીએ. પચીશ ટાંચણોમાંથી પદ્યમાં ૧૮ વાર ગૂજરાત છે, ૪ વાર ગુજરાત છે, અને ગદ્યમાં ૧ વાર ગૂજરાત છે, ૨ વાર ગુજરાત છે. ગૂજરાતવાળાં ૧૮ પદ્ય ટાંચણમાંથી ૧૩ તો એકલા કાન્હડદે પ્રબન્ધનાં જ છે. છંદોદષ્ટિએ ગદ્ય ટાંચણોની તપાસ ન થઈ શકે એટલે તેમને છોડી બાકીનાં ટાંચણોમાં 'ગૂજરાત' શબ્દની જોડણી છંદપ્રમાણે સાચી છે કે નહિ તે જોઈએ.

૧. **गूजरात** धुर समुधरणु, राणउ लूणपसाउ।

આમાં ગૂજરાત જે પંક્તિમાં આવે છે તે દોહાનો એકી પાદ હોઈ તેનું માપ (૬+૪+૩=) ૧૩ માત્રાનું હોવું જોઈએ અને એ રીતે જોતાં એ નિર્દોષ છે એટલે ગૂજરાતની જોડણીમાં કશો ફેરફાર કરવાનું રહેતું નથી.

૨. बापुडली **गुजरात**, पाणीहइ पहुरउ पडइ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં છંદ સોરઠો છે, એટલે પહેલું પદ (૬+૪+૧=)૧૧ માત્રાનું હોવું જોઈએ, અને આ નિયમ પહેલા પાદમાં પળાયો છે એટલે **गुजरात** જોડણી સામે અહીંયે છંદોદષ્ટિએ કશું કહી શકાય તેમ નથી.

૩. निच्चोरी* **गुजरात** जिम्व, नाह न केणइ भुत्त।

અહીં પણ ૧૩ માત્રાનું માપ બરાબર આવી રહે છે. जिम्व એ जिवँ હોવાથી जि० એકમાત્રિક છે.

૪. **સમરારાસ**માંના ટાંચણનો છંદ અજાણ્યો હોવાથી તેને વિશે કશું કહેવાનું નથી.

૫. अणहिलपुर वर नयर, **गुजरात**–धर मुखह मंडणु।

છંદ વસ્તુ છે, પણ ૧૩+૧૫ ને બદલે આ પદોમાં ૧૧+૧૪ નું માપ મળે છે, એ દેખાડે છે કે ટાંચણનો પાઠ શુદ્ધ નથી. એટલે આપણે માટે તેનું મૂલ્ય રહેતું નથી.

૬. देसविदेसह मिलिय संघ पहुतउ **गूजरात**।

અહીં રોળા છંદ છે. માત્રા સંખ્યા તો બરોબર ૨૪ની છે, પણ અંત રોળાનો નથી. રોળાનો અંત સામાન્યત:—˘˘ કે — — હોય છે.—˘ એવો અંત રોળા માટે અસામાન્ય છે. ઉપર ટાંકેલી પંક્તિ જેમાંથી છે તે 'કુમારપાલરાસ'ના ૩૦ રોળામાં આવી —˘ અંત વાળી ૩૦ પંક્તિઓ મળે છે. પણ એ દરેકમાં અંત્ય અક્ષર હ્રસ્વને બદલે દીર્ઘ ઉચ્ચારીએ તો જ માત્રાસંખ્યા (૧૪+૧૦=)૨૪ થાય છે, નહિ તો યતિ પછીનો કટકો ૯ માત્રાનો જ રહે છે. नवि षेलइं सारि, लागा सवि काजि, सांभलि वछ वात, नवि लाभइ पार, करहा सइँ च्यारि વગેરેમાં ૯ માત્રા જ રહે છે. આને અનુસરી पहुतउ गूजरात એ ખંડમાં પણ ૯ માત્રા અને અંત્યાક્ષર દીર્ઘ જોઈએ, અને તો गूजरातનો આદ્યક્ષર હ્રસ્વ જોઈએ.

૭. **गुजरात** तिहाँ आँवा पीइँ।

ચોપાઈના ચરણની (૬+૪+૫=)૧૫ માત્રાનું માપ तिहाँ ते=त्याँ કે એવા કોઈ દ્વિમાત્રિક ઉચ્ચારણવાળો ગણવાથી જળવાય છે. એટલે અહીં જોડણી છંદદષ્ટિએ વાંધા ભરેલી નથી.

૮. કાન્હડદેપ્રબંધના गूजरात (કે गूजराति) વાળાં ૧૩ ટાંચણોમાંથી ૧૧ માં તો જોડણીથી છંદોભંગ થતો નથી. પણ सोरठ नई **गुजरात** માં गु°

*'પ્રભાવકચરિત'માં च्ची દીર્ઘ જ આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ હ્રસ્વ હોય તો જ ૧૧ માત્રાનું માપ જળવાય **અને** सातलनइ आपूं **गुजरात**માં પણ ૧૫ માત્રાનું માપ જાળવવા માટે गु॰ હ્રસ્વ લેવો પડે.

૯. भरहषेत्र धुरि **गुजरात** अणहिलनिवासी।

પંક્તિ રોળાની લાગે છે, પણ આ પાઠ છંદોદૃષ્ટિએ દૂષિત છે. નરસિંહરાવે પાઠ આમ આપ્યો છે:

भरतषेत्र धूरि **गुजरात** अनहिलपुर वासो।

આમાં (૧૪+૧૦=) ૨૪નું માપ બરોબર જળવાઈ રહે છે.

આ બધાં ટાંચણો પરથી એક વસ્તુ એ તારવી શકાય કે છંદોદૃષ્ટિએ જોતાં गूजरात તેમ જ गुजरात બંને ઉચ્ચારણ પ્રચલિત હતાં, પણ गूजरात વધારે જગ્યાએ મળે છે.

સ્વરભારને ધોરણે

જૂની ગુજરાતી ભૂમિકાનું ધ્વનિતંત્ર સિદ્ધ કરવામાં જે ધ્વનિબળોએ કામ કર્યું તેમાં સ્વરભારનો આ એક નિયમ પણ પ્રવૃત્ત થયેલો (જુઓ ટર્નર: ગુજરાતી ફોનોલોજી (Gujarati Phonology), § ૨૧, ૨૩, ૩૧, નરહર ગોવિંદ સાસ્વદકર: Accent in Gujarati–BSOS પા. ૨૮૮; દવે, Gujarati language, ભૂમિકા) મૂળના શબ્દમાં

[હ્રસ્વ સ્વરવાળો અક્ષર+સંયુક્ત વ્યંજન ને હ્રસ્વ સ્વરવાળો અક્ષર+દીર્ઘ સ્વરવાળો અક્ષર+હ્રસ્વ કે દીર્ઘ સ્વરવાળો અક્ષર]

એ પ્રકારનો અક્ષરઢાળો (syllabic pattern) હોય ત્યારે જૂની ગુજરાતી ભૂમિકામાં તે

હ્રસ્વ સ્વરવાળો અક્ષર+એકવડા વ્યંજનવાળો અક્ષર..................

એ રૂપે પરિવર્તન પામે છે. સંકેતથી વ્યક્ત કરીએ તો

× ⏑ — ⏓.........> ⏑ ⏑ — ⏓.........અહીં × એ સંવૃત (closed) અક્ષર—એટલે સંયુક્ત વ્યંજન પૂર્વના અક્ષરનો સૂચક છે. આ નિયમનાં ઉદાહરણો:-

चर्मकार:—चम्मआरु (× ⏑ — ⏑)-**ચમાર** (સ્વરસંકોચદ્વારા)

---

* Accent માટે 'સ્વરભાર' સંજ્ઞા બરોબર નથી. તે માત્ર stress એ એક પ્રકારના accentની જ વાચક બની શકે. હિંદીમાં 'સ્વરઘાત' શબ્દ સૂચવાયો છે. સંસ્કૃત વ્યાકરણી પરિભાષામાં 'નિઘાત' એ સંજ્ઞા unaccented માટે જાણીતી છે તો accent માટે 'આઘાત' શબ્દ યોજ્યો હોય તો? Strees accent = ભારાત્મક આઘાત, respiratory = ઉચ્છ્વાસાત્મક, pitch accent આરોહ-અવરોહાત્મક આઘાત, musical = રાગાત્મક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्रधार :—सुत्तहारो–સુતાર, સુથાર
गर्भागारक :–ગભારો·
रक्तवात :–રતવા
*रक्षापाल :–*रक्खवाल :–રખવાળ
*मध्यकार–मज्झआर–મઝાર
शुद्ध+कारक :–સુધારો

हत्थिआर–હથિયાર અને આ જ રીતે
*कल्यपाल :–કલાલ
अक्षवाटक :–અખાડો
{ વકારલોપ એટલે હિંદી-માંથી લીધેલા ?

पक्षवाद्यम् :–પખવાજ, પખાજ
*खट्ट+मिष्टकम्–ખટમીઠું
वर्धमानम्–વઢવાણ વગેરે

એટલે ગુજ્જરત્તા (કે ગુજ્જરત્તિ) પરથી આ નિયમને આધારે ગુજરાત (ગુજરાતિ) એ સ્વરૂપ જ સિદ્ધ થાય. અને તો ગૂજરાત એમ દીર્ઘ આદ્યાક્ષરવાળું સ્વરૂપ ગૂર્જર કે ગૂર્જરત્રા એ સંસ્કૃત શબ્દની અસર નીચે લખાતું હોવાનું—એટલે કે એ જોડણી ઉચ્ચારનુસારી નહિ પણ ઐતિહાસિક હોવાનું અનુમાન કરવાનું રહે. —જેમ વિશે એ જ ઉચ્ચારાનુસારી જોડણી હોવા છતાં વિષયેની અસર નીચે વિષે લખાતું ને લખાય છે તેમ. પણ ગુજ્જરત્તા કે ગૂર્જરત્રા, ગુજ્જર, ગૂર્જર કે ગુર્જર આ પ્રાકૃતીકૃત ને સંસ્કૃતીકૃત શબ્દોનું મુળ (અથવા તો મૂળ શબ્દ) શું છે તેની આપણને ભાળ ન મળે ત્યાંસુધી આ બાબત કાંઈક અસ્પષ્ટતા રહેશે જ. ઠક્કરમાંથી ઠાકર ને ઠકરાત (કાઠિ. ઠકરાત્ય) થાય છે તેમ ગુજ્જરમાંથી ગૂજર ને ગુજરાત (કાઠિ. ગુજરાત્ય) થયા હોય એ ખૂબ જ સંભવિત છે. **ભીલ–ભીલાત, જીવ–જીવાત** પણ સરખાવી શકાય. પણ પ્રાચીન સાહિત્યમાં ઘણે સ્થળે ગૂજરાત એમ દીર્ઘ આદ્યાક્ષરવાળી જોડણી મળતી હોવાથી ને સંસ્કૃત સ્વરૂપો પણ ગૂર્જર, ગૂર્જરત્રા હોવાથી એ પણ સંભવપુષ્ટ છે કે આ બધાનો મૂળરૂપ પરદેશી શબ્દ ગૂ° થી શરૂ થતો હોય, ગુ° થી નહિ. તો મૂળ શબ્દની અસર નીચે ગૂજરાત અને તત્કાલીન ધ્વનિવલણોની અસર નીચે એટલે કે ઉચ્ચારાનુસારી ગુજરાત એમ સમજાવી શકાય.

એક રીતે તો આ ચર્ચાની ઇતિહાસ પૂરતી જ અગત્ય ગણાય. અત્યારના ગુજરાતી ઉચ્ચારણમાં સ્વરોની હ્રસ્વતા–દીર્ઘતાનો ભેદ લુપ્ત થયો હોવાથી લેખનમાં તેમને વ્યક્ત કરવા એ સાવ નિરર્થક છે. પણ અંગ્રેજી જોડણીની જ્વલંત ખામીઓયે દૂર નથી કરી શકાઈ એ જોતાં સામાન્ય સંજોગોમાં આપણે ત્યાં પણ આ બાબતમાં રૂઢિનું વર્ચસ્વ જરાયે ઘટે તેમ માનવાને કારણ નથી.

ગોંધળ

જોડણીકોશ (ચોથી આવૃત્તિ) આ શબ્દના બે અર્થ નોંધે છે. (૧) 'સેળભેળ', 'ખીચડો', (૨) 'ગોટાળો'. આમાંથી બીજા અર્થમાં આ શબ્દની **મરાઠી ગોંધળ** સાથે તુલના કરવાનું ત્યાં કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડિ. પ્રા. શુક્લે[1] **ગોંધળ**ના **જોડણીકોશે** આપેલા આ અર્થોની ટીકા કરતાં બે વાત કહી છે: (૧) આ શબ્દ મૂળે **મરાઠી** છે. (૨) તેનો મૂળ અર્થ છે 'લગ્ન વગેરે પ્રસંગે યોજાતો પોવાડા, લાવણી વગેરેના ગાણાનો ખાસ પ્રકારનો કાર્યક્રમ'. આ અર્થ પરથી 'ધમાલ' એવો અર્થ પાછળથી વિકસિત થયો છે.

આમાંની પહેલી સૂચના સાચી લાગે છે. આપણે ત્યાં **ગોંધળ** **મરાઠી**માંથી લેવાયો હોય. પણ બીજી સૂચના બરાબર નથી એ નીચેની હકીકતો જોતાં જણાશે.

ગોંધળનું મૂળ છે **પ્રાકૃત** અને **અપભ્રંશ**માં વપરાતો **દેશ્ય** મૂળનો गुन्दल– गोन्दल– (ન.) શબ્દ.

પાઇઅસદ્દમહણ્ણવોમાં નોંધેલા પ્રયોગો પરથી 'તુમુલ હર્ષધ્વનિ' એવો અર્થ તારવી શકાય છે. જુઓ—

मत्त–वरकामिणी–संघ–कय–गुंदलं ।

'જેમાં મત્ત સુંદરીઓના સમૂહ તુમુલ હર્ષધ્વનિ કરે છે.'

आणंद–गुंदलं, हरिस– गुंदलं વગેરે.

અપભ્રંશમાં આ શબ્દ गोन्दल– રૂપે સામાન્ય પ્રચારમાં હતો. કેટલાંક ઉદાહરણો :

૧. रसिय सय सङ्ख जायं महा–गोन्दलं ।

'સેંકડો શંખોનો ધ્વનિ થયો. મોટી ધમાલ મચી રહી.' (**સ્વયંભૂકૃત** **પઉમચરિઉ**, ૨૪–૨–૨)

૨. पडह–मन्दलुद्दाम–गोन्दलं ।

'પટહ અને મૃદંગને લઈને જેમાં અતિશય કોલાહલ થતો હતો.' (**પઉમચરિઉ**, ૪૬–૩–૨)

૩. मायन्द–गोञ्छ–गोन्दलिय–कीरि णन्दवणि ।

ટિપ્પણમાં આપેલી છાયા : आम्र–लुम्बि–मिलित–शुके (नन्दनवने)

(પુષ્પદન્તકૃત **મહાપુરાણ**, ૧–૩–૭, ૮)

---

૧. 'કોશ (એક સ્વાધ્યાય)', બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ૧૯૫૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ગોન્દલિયનો અર્થ 'ટોળે મળ્યા' 'ભીડ જામી' એવો થાય છે. **મ**હાપુરાણના સંપાદકે આ સાથે મરાઠી ગોંધળ, ગોંધળી એ શબ્દો સરખાવવાનું સૂચન કર્યું છે.

૪. जुज्झइ णारउ णारय–गोन्दलि ।

ટિપ્પણ : गोन्दलि, संग्रामे मेलापके वा ।

(**મ**હાપુરાણ, ૧૧–૧૬–૯)

અહીં ટિપ્પણકારને મતે ગોન્દલનો અર્થ 'સંગ્રામ' કે 'ટોળું' છે.

૫. **ધ**નપાલકૃત **ભ**વિસયત્તકહા (**દ**લાલ–**ગુ**ણેની આવૃત્તિ) માં અંતે આપેલા શબ્દકોશમાં ગુંદલનો અર્થ 'આક્રંદ' આપેલો છે અને તેની સાથે મરાઠી ગોન્ધળ 'Confusion'ની તુલના કરવા કહ્યું છે.

આપ્ટેના **સં**સ્કૃતકોશમાં गुन्दल– 'ઢોલક કે પખવાજનો ધ્વનિ' એવા અર્થમાં આપેલો છે. આ **પ્રા**કૃતમાંથી જ લેવાયો છે.

આ ઉપરથી **પ્રા**કૃત–**અ**પભ્રંશમાં गुन्दल– गोन्दल– શબ્દના 'ઉત્સવ, યુદ્ધ આદિને પ્રસંગે હર્ષ ને ઉત્સાહના નાદો, વાદ્યોનો શોર અને મોટી ધમાલ–ધાંધલ એ બધાને લઈને થતો ઘોંઘાટ', 'ભીડંભીડા કરતું ધમાલિયું ટોળું' એવા અર્થ થતા હોવાનું જોઈ શકાય છે.

મોલ્સવર્થનો **મ**રાઠીકોશ **ગોંધળ** માટે 'અવ્યવસ્થા' 'ધમાલ' 'ગોટાળો' 'ધાંધલ' 'ગરબડ' એવા અર્થો આપી, પછીથી 'ધામધૂમથી થતો એક દેવી– ઉત્સવ' એ અર્થ નોંધે છે. गोंधळणें, गोंधळविणें એ સાધિત ધાતુઓનો પણ 'ધમાલ–ધાંધલ કરી મૂકવી' એવો અર્થ છે.

આમ 'વિશિષ્ટ ઉત્સવ'નો અર્થ પાછળથી વિકસ્યો છે.

ધ્વનિદૃષ્ટિએ અપ. गोन्दल– અને **મ**રાઠી गोंधळના સંબંધ આડે એક મુશ્કેલી છે. આવા સંજોગોમાં મૂળ શબ્દમાં રહેલો –द्– મરાઠીમાં મહાપ્રાણ બને ખરો ? આ એક અનિયમિતતા લાગે છે, અને **બ્લોક** નોંધેલાં[૨] **મ**રાઠી ओघळणें (સં. अवगल्–) 'ઓગળવું', **મ**રાઠી ओळंधणें (સં. अवलग्–) 'વળગવું' એ ઉદાહરણો પરથી એવું કદાચ સૂચવાય કે આ બધામાં મહાપ્રાણત્વનું કારણ ळ્ની સંનિધિ હોય. સરખાવો **બળદ**નું **ગો**હિલવાડી ગ્રામીણ ઉચ્ચારણ **બળધ**.

---

૨. **મ**રાઠી ભાષેચા વિકાસ, § ૮૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચકલી

૧. 'એક હતો ચકો ને એક હતી ચકી' એ શબ્દોથી શરૂ થતી બાળવાર્તામાંના **ચકી** સાથે **ચકલી** સરખાવતાં, અને

ખાટ : ખાટલો, પાટ : પાટલો, ચોટી : ચોટલી વગેરે સાથે **ચકી : ચકલી** સરખાવતાં, આપણે એવા અનુમાન પર આવીએ કે **ચકી** મૂળ શબ્દ છે અને તેમાં અંગવિસ્તારક **–લી** પ્રત્યય ભળતાં **ચકલી** થયું છે, અને **ચકી** કે **ચકો**ના મૂળ માટે चक्रक : (चक्रवाक :) જેવા કોઈ શબ્દની કલ્પના કરીએ તો એ સ્વાભાવિક છે. જોડણીકોશ તો સીધો એને રવાનુકારી '**ચક**' પરથી જ સાધવાનું કરે છે. પણ બીજી શબ્દસામગ્રી તપાસતાં આપણું એ અનુમાન ખોટું ઠરે. **ચકલો, ચકલી**માં **–લો, –લી** સ્વાર્થિક પ્રત્યય છે એ સાચું પણ **ચક–** અંશનું મૂળ જુદું જ છે.

૨. એક જાણીતા લગ્નગીતની પંક્તિ છે,

'અમે રે લીલુડા વનની ચરકલડી, ઊડી જાશું પરદેશ જો.'

શામળમાં પણ ચર્કલો મળે છે.

'સિદ્ધ ચર્કલો આવીયો.' **મડાપચ્ચીશી, ૧, ૨૭૮, ૩**

'તે ઘરમાં વાહી છે ચરકલી, ચરકલો બેઠો છે પાસ.' **મડાપચ્ચીશી** ૨૦, ૬૪, ૩–૪

ચકલી શબ્દને મૂળ માનનાર એવું અનુમાન કરે તો નવાઈ નહીં કે **ચકલી**ના **ચ**૦ પછી રકારનો પ્રક્ષેપ થઈ **ચરકલડી** સધાયું છે, જેમ **સરાણ** (शाण–), **શ્રાપ** (शाप–), **ભરખવું** (भक्ष्–) વગેરેમાં થયું છે તેમ. જોડણીકોશે તો 'ચરકવું' સાથે જોડવાનો તરંગ લડાવ્યો છે. પણ પ્રાચીન ગુજ. તથા મારવાડી **ચિડકલી**, હિંદી **ચિડિયા** વગેરે નજરમાં રાખતાં એ અનુમાન પણ ખોટું ઠરે.

૩. **ચકલી** અને **ચરકલી**માં મૂળ **ચરકલી** છે. ત્વરિત ઉચ્ચારણમાં રકાર લુપ્ત થઈ **ચકલી** થયું છે. સરખાવો, **ચણિયો** (*चरणियो, चरण–) **ઢસડવું** (ઢસરડવું), બોલચાલમાં **મડવું** (**મરડવું**), ઉતડવું (ઉતરડવું) **બડવો–બરડવો** 'મિજાગરું'; **ઘંટી** (घरट्ट–), **વંડો** (વરંડો), **પીમળ** (परिमल–), કકડો (કરકડો[1]),' **વઘાણી** (**વઘારણી**) 'હિંગ'. **ચરકલી**નું ***ચ્રકલી** એવું ઉચ્ચારણ થઈ પછી **ચકલી** થયું હોય—ચારણી બોલીમાં **ગ્રવ** (ગરવ, गर्व–), **સ્રોવર** (સરોવર) વગેરે ઉચ્ચારવાનું

૧. શામળકૃત મડાપચ્ચીશી, વાર્તા ૧૭, કડી ૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાપક વલણ છે. **ગઢપણ, ઘડપણ (ઘરડું), ગીણી (ગીરણી), છોડી (*છોરડી, હિંદી** छोरा), વગેરેમાં તો રકારનું ઉચ્ચારણ ઘસાતું ગયું છે અને પછી તે તદ્દન લુપ્ત થયું છે–કેટલીક પ્રાંતિક બોલીઓમાં **બાયણું** કે **બામ્ણું (બારણું), મેંડવું (*મયડવું, મરડવું)** વગેરે ઉચ્ચારાય છે, તે વચલી ભૂમિકા રજૂ કરે છે. આમાં પણ ર્ કાર–લોપ છે, પણ તે **ચણિયો** વગેરેના ર્ કારલોપથી જુદા પ્રકારના જ ધ્વનિસંદર્ભમાં થાય છે.

૪. **ચડ્કલી**નું પ્રાચીન રૂપ **ચિડકલી** છે. અસ્વરિત इનો अ કરવાનું વલણ તો ગુજરાતીમાં સુપ્રસિદ્ધ છે, પણ –ड़– > –र–માટે પ્રમાણની અપેક્ષા રહે છે. હિંદીમાં તો આ વલણનાં (કદાચ પ્રાંતભેદે) પૂરતાં ઉદાહરણ મળી મળી રહે છે. જુઓ.

ચિડ઼િયા : ચિરઈ, ચિરિયા, ચિરી	**તડ઼પના : તરપના**
ચિડ઼ીમાર : ચિરહૅંટા	**તડ઼કા : તરકા**
લડ઼કા : લરિકા, લરિકઈ. લરકઈ ચિથડ઼ા,	**ચિથાડ઼ના : ગુજ. ચીથરું**
લડ઼કી : લરકિની	**ફેફડ઼ી : ફેફરી**
લડ઼ાઈ : લરાઈ	**ખરજ : षड्ज**

આવી કોઈ અસર નીચે **ચરકલી** થયો હોય (અંગ્રેજીમાં આપણાં મૂર્ધન્યતર ડ઼નો ર જ ઉચ્ચારાય છે—Kathiawar, Baroda (બડૌદા) વગેરે જાણીતા છે.), જો કે ગુજરાતીનું વલણ તો મધ્યગત અસ્વરિત –ર્–નો –ड्– કરવાનું છે (**અરધું—અડધું, પર્દેહ : પડ઼દા, મુર્દેહ : મડદું** વગેરે).

આમ **ચરકલી**નો –ર– મૂર્ધન્યતર –ड़–માંથી નિષ્પન્ન થયો છે, પ્રક્ષિપ્ત નથી.

૫. **ચિડ઼કલી** અને **ચિડ઼િયા** સરખાવતાં જોઈ શકાશે કે પહેલામાં –ક– અને –**લી** એ સ્વાર્થિક પ્રત્યયો છે, બીજામાં **ઈય** પ્રત્યય છે. મૂળ ધાતુ (રૂટ root) **ચિડ**– જણાય છે. અપભ્રંશમાં चिडउल्लउ (चिडय + સ્વાર્થિક –उल्लय–) જોયાનું સ્મરણ છે.

૬. આ **ચિડ**– પણ એક રીતે ગુજરાતીમાં મળે છે. **ચકલી**ના અર્થમાં પ્રાંતભેદે **ચલ્લી, ચલ્લું** વપરાય છે. હવે નીચેના યુગ્મો તપાસો :

પ્રાંતિક **સાલ્લો**	:	**સાડલો**
હાંલ્લી	:	**હાંડલી**
ગાલ્લી	:	***ગાડલી (ગાડી)**
ટોલ્લો	:	**ટોડલો**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ પ્રમાણે **ચકલી : *ચડલી** (મૂળ ***ચિડલી**)

આમાં પણ **જોડ**ણીકોશ દે. चिल्ला અને સં. चिल्लीને મૂળ તરીકે ખેંચી લાવે છે. આપણને થાય છે કે ભાષાનો વિકાસ આવો સીધો સટ હોત તો તો કેવી મજા પડત!

૭. **સં**સ્કૃતમાં चटक- શબ્દ છે. તેનું **પ્રા**કૃતમાં चडय- થાય. પણ તે ઉપરાંત આપણને चिडय-, चिडिग- મળે છે. તેની ઉપપત્તિ શું? સં चटक- પણ શુદ્ધ સંસ્કૃત નથી જણાતો. **ચેટર્જી** √चर्-ના સહજન્ય *√चृ-'જવું, રખડવું' ધાતુની કલ્પના કરે છે, અને તેના ભૂતકૃદન્ત *चृत- પરથી चाट-, चेर चेट-, चेड- વગેરે શબ્દો સિદ્ધ થવાનું માને છે. **સં**સ્કૃત चटक-ના આદ્યાક્ષરનો -अ-, અને પ્રા. चिडय-ના આદ્યાક્ષરનો -इ- એ બંનેની ઉપપત્તિ મૂળ ऋ-ને આધારે ઘટે છે. માભાઆ. માં -ऋ- > -अ- કે -इ- એમ બંને વિકાર જાણીતા છે. એટલે *चृत-માંથી चड- (પ્રાચીન चट-) અને चिड- બંને સિદ્ધ થાય. चटक- = चरक- 'રખડુ' એમ પણ ઘટી શકે.

ચાલુક્ય, ચૌલુક્ય, સોલંકી

૧. **મી**રાશીએ ઐતિહાસિક પુરાવાને આધારે शुल्किन्-, કે शौल्किक- અને चालुक्य વચ્ચે સંબંધ હોવાનું સૂચવ્યું છે[1] **ભારતીય વિદ્યા**ના એજ અંકમાં **માં**કડે चालुक्य- માટે એક વ્યુત્પત્તિ સૂચવી છે,[2] પણ ધ્વનિદૃષ્ટિએ તે અસ્વીકાર્ય ગણાય તેમ છે. પ્રસ્તુત નોંધનો આશય ભાષાકીય દૃષ્ટિએ પણ **મી**રાશીનું મંતવ્ય સમર્થિત થાય છે તે બતાવવાનો છે.

૨. शुल्किन्-અને शौल्किक-એ શબ્દો शुल्क-ને -इन्-(इनि) અને -इक-(ठक्)એ મત્વર્થીય પ્રત્યયો લાગી સિદ્ધ થાય છે, અને એ રીતે સમાનાર્થ છે.

---

૨. સુનીતિકુમાર ચેટર્જી, સમ ઈટીમોલોજીકલ નોટ્સ, ન્યુ ઇંડીયન એંટીકવરી, ૨, ૪૨૧-૪૨૭; ઉપરાંત કત્રે, ઇંડો-એરીકા, બુલેટીન ઑવ ધ ડેકકન કોલેજ રીસર્ચ ઇંસ્ટીટયુટ, ૧ પા. ૧૫૪-૧૫૬; પ્રાકૃત उच्चिडिम અને उच्चुडइ, ફેસ્ટશ્રીફટ પી. વી. કાણે, પા. ૨૫૯-૨૫૯.

૧. ધ વરુણશર્મક ગ્રાંટ ઑવ્ ચામુંડરાજ (ગુપ્ત ?) ઇયર ૧૦૩૩, એ રીવાઇજ઼્ડ સ્ટડી, ભારતીય વિદ્યા ૬, ૫, મે, ૧૯૪૫, પા. ૯૦-૯૩. પ્રસ્તુત નોંધમાં ચર્ચેલા શબ્દોના સ્થળનિર્દેશ માટે પણ એજ લેખ જોવો.

૨. ડેરીવેશન ઑવ્ ચાલુક્ય એંડ ચાહમાન, ભારતીય વિદ્યા, ૬, ૫, મે, ૧૯૪૫, પા. ૧૦૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. शौल्किकः નો વિકાસ બે રૂપે માભાઆ.માં થાય : –सुंकिओ અથવા તો *सोलुक्किओ. –ल्क्–નો વિશ્લેષ થતાં, પૂર્વાક્ષરના ओકારની અસર નીચે –ल्– અને –क्– વચ્ચે વિશ્લેષક સ્વર તરીકે उકાર આવે,[3] અને આ વિશ્લેષ દ્વારા સિદ્ધ થતો એકવડો –क्– પ્રાકૃત ઉચ્ચારણતંત્ર માટે અજાણ્યો હોવાથી બેવડાય—જેમ शुक्ल– પરથી सुक्किल–, तिलक– પરથી तिलक्क–, मण्डूक– પરથી मंडुक्क– એવી જ રીતે शौल्किकः પરથી सोलुक्किओ.

૪. માભાઆ.ના અંતભાગ તરફ પ્રાકૃત તથા દેશ્ય શબ્દોને સંસ્કૃત રૂપ આપવાનું પ્રબળ વલણ જોવામાં આવે છે. उपमितिभवप्रपञ्चाकथा, बृहत्कथा-कोश વગેરે જૈન ગ્રંથોમાંથી તેમજ હેમચંદ્રના अभिधानचिन्तामणिમાંથી પુષ્કળ શબ્દો આના સમર્થનમાં ટાંકી શકાય. એ વલણને અનુસરી सोलुक्किओનું સંસ્કૃતીકરણ થતાં चौलुकिकः થશે.[4] આ રીતે શબ્દનું ખરું મૂળ ભુલાઈ જતાં કે સહેલાઈથી નજરમાં ન આવતાં, નવું સંસ્કૃત મૂળ ઘડી કાઢયાના—'લૌકિક વ્યુત્પત્તિ'ઓ ઊભી થયાનાં આપણને ઘણાં ઉદાહરણ મળે છે. જેમ કે, પ્રા. पाणहि– આનું प्राणहिता (જાણે કે प्राण– અને –हित–માંથી બન્યું હોય) એવું સંસ્કૃત રૂપ ઉપજાવી કાઢવામાં આવ્યું છે,[5] જ્યારે ખરી રીતે તો તેનું મૂળ *उपानहिका– उपानह– છે તેવી જ રીતે અપ. अंधकविष्टि–નું મૂળ રૂપ છે अन्धकवृष्णि–, પણ તેનું સંસ્કૃત કરવામાં આવ્યું છે अन्धकवृष्टि[6] ! પ્રાકૃત माहण– (सं. ब्राह्मण–) એ मा અને हनનો બનેલો હોય તેમ સમજાવવામાં આવ્યો છે.[7] એ જ વલણને અનુસરીને *सोलुक्किओનું સાચું મૂળ નજરમાં ન આવતાં चौलुकिक : એવું કલ્પિત મૂળ ઊભું કરવામાં આવ્યું—જાણે કે તે चुलुक–માંથી સિદ્ધ થયો ન હોય, તેમ ગણીને. અને પછી તો તે વેળા રાજ્ય કરતી રજપૂત જાતિઓનું આર્ય મૂળ ઊભું કરવાના વલણથી કલ્પનાવ્યાપારને વેગ મળ્યો અને 'બ્રહ્માના ચુલુકમાંથી જેમનો મૂળ પુરુષ ઉત્પન્ન થયો તે ચૌલુક્યો' એવી દંતકથાએ જન્મ લીધો—જે નીચેના શ્લોકમાં બહુ સુંદર રીતે વ્યક્ત થઈ છે[8] :

---

૩. પીશલ (Pischel), ગ્રામાતીક (Grammatik), § ૧૩૯ અંત.

૪. શબ્દનું આ રૂપ મૂલરાજના કડીના દાનપત્રમાં મળે છે : ઇંડીયન ઍંટીકવરી, ૧૧, પા. ૧૯૧ અને પછીનાં.

૫. બૃહત્કથાકોશ, (સિં. જૈ. ગ્રં., ૧૭), ભૂમિકા, પા. ૧૦૭.

૬. આલ્સ્ડોર્ફ (Alsdorf), હરિવંશપુરાણ, પા. ૧૩૫ ઉપર આપેલો ગુણભદ્રના ઉત્તરપુરાણમાંનો ઉલ્લેખ.

૭. રવિષેણ, પદ્મચરિત, ૪, ૧૨૨.

૮. પ્રબંધચિંતામણિ (સિં. જૈ. ગ્રં., ૧) પા. ૧૫, શ્લો. ૨૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

असेव्या मातङ्गाः परिगलित-पक्षाः शिखरिणो
जड–प्रीतिः कूर्मः फणिपतिरयं च द्विरसनः।
इति ध्यातुर्धातुर्धरणि-धृतये सान्ध्य-चुलुकात्
समुत्तस्थौ कश्चिद् विलसदसिपट्टः स सुभटः॥

૫. પછી તો चुलुक– પરથી જુદો પ્રત્યય (यत्) લગાડી चौलुक्य– ઘડવામાં આવ્યો, અને चुलुक–ને સ્થાને चलुक– ચાલુ થતાં તે પરથી चालुक्य– થયો. હેમચંદ્ર चुलुअ–ને એક દેશી શબ્દ તરીકે નોંધે છે[૯], અને चुलुक– ઉત્તરકાલીન સંસ્કૃતમાં જ મળે છે એ પણ ઓછું સૂચક નથી.

૬. પણ તત્કાલીન બોલચાલની ભાષામાં મૂળ રૂપ જળવાયું હોવું જોઈએ. આગળ જતાં सोलुक्किओ નો ધ્વનિવિકાસ सोलंकी એ રૂપે થયો. આમાં–क्क्–> અનુસ્વાર + क्, એ પરિવર્તન માટે સરખાવો[૧૦]

માભાઆ. लक्क– કંમર : ગુજ. લંક
,, वालुक्की અને वालुंकी
,, सुंक– < સં. शुल्क–

–लु–માંનો –उ > –अ– અને અંત્ય –इओ>ई એ પરિવર્તનો પણ ગુજરાતીની જાણીતી પ્રક્રિયા છે.[૧૧] એટલે ધ્વનિદૃષ્ટિએ सोलुक्किउ માંથી તદ્દન સામાન્ય રીતે પ્રવર્તેલા ધ્વનિવલણોને આધારે **સોલંકી** થાય છે. આમ, शौल्किकः—सोलुक्किओ—सोलंकी એ સંબંધ અસંદિગ્ધપણે સ્થાપિત થાય છે.

ભારદર્શક–વ્યાવર્તક 'જ'

[૧]

તટસ્થપણે વિચાર કરનાર કોઈ પણ, લિપિ તેમ જ જોડણી વ્યવહારુપણાની હદ ન ઓળંગે તેટલા પ્રમાણમાં ઉચ્ચારાનુસારી બને એ દરેક ભાષા માટે ઇષ્ટ છે, એ શાસ્ત્રીય[૧] મતનું સમર્થન કર્યા વિના ન રહે. શુદ્ધ લેખનના કોઈ પણ

---

૯. દેશીનામમાલા, ૩, ૧૮.

૧૦. જુઓ, ટર્નર ગુજરાતી ફોનૉલોજી, જર્નલ ઑવ ધ રૉયલ એસીયાટીક સોસાયટી, ૧૯૨૧, § ૧૬; ગ્રીયર્સન, સ્પોંટેનીઅસ નેજલાઈજેશન ઇન ધ ઇંડો-આર્યન લૅંગ્વેજીઝ, જર્નલ ઑવ ધ રૉયલ એસીયાટીક સોસાયટી, ૧૯૨૨, ૩૮૧–૩૮૮.

૧૧. ટર્નર, ઉક્ત લેખ, §§ ૨૪ (૧), ૨૭ (૩).

૧. જુઓ, વાંદ્રે (Vendryes), લૅંગ્વેજ (Language), ૩૩૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નનો ઉકેલ લાવવા માટે ઉચ્ચારના તત્ત્વને પ્રથમ કોટિનું મહત્ત્વ આપવું ઘટે એ દેખીતું છે. ભારદર્શક જ પૂર્વવર્તી શબ્દની સાથે લખવો કે તેથી છૂટો પાડીને એ બાબતના નિર્ણય માટે આ જ ધોરણે આપણે વિચાર કરવો ઘટે. આગળ કેટલાક વિદ્વાનોએ આ પ્રશ્નની ચર્ચા કરેલી[૨], તેની તારવણી કરતાં જને જોડીને લખવા વિરુદ્ધ નીચેની દલીલો માલૂમ પડે છે :–

(૧) જ સ્વતંત્ર પદ તરીકે વાક્યમાં સ્થાન પામતો લાગે છે.

(૨) તે ભેગો લખવાથી અર્થગૂંચવાડો થવાનો સંભવ છે.

(૩) વ્યુત્પત્તિવિદો તેને સંસ્કૃત चમાંથી નિષ્પન્ન થયેલો માને છે, અને च સંસ્કૃતમાં જુદો લખાય છે.

આ દલીલો આપણે તપાસીએ. જ ને સ્વતંત્ર પદ ગણવા પાછળ તેનો સ્વતંત્ર અર્થ થાય છે એ માન્યતા રહેલી છે. પણ આવા પ્રશ્નોનો નિકાલ લાવવામાં સ્વતંત્રતાના અચોક્કસ ધોરણ ઉપરાંત ખાસ તો ઉચ્ચારણ અને સ્વરાઘાત (એક્સંટ accent) નાં તત્ત્વોને વધારે ધ્યાનમાં લેવાં ઘટે છે. અર્થની દૃષ્ટિએ એટલું તો ચોક્કસ લાગે છે કે જે પૂર્વ શબ્દની વિશિષ્ટતા દર્શાવવા જ વપરાય છે તે શબ્દના અર્થમાં તે વધારો કરે છે, અને આ રીતે જનો અર્થ ગૌણ છે. અને, ઉચ્ચારણ અને સ્વરઘાતની દૃષ્ટિએ તો જ સાથે લખવો એ જ ઉચિત છે. આની તરફેણમાં મશરૂવાળાએ જે કાંઈ કહ્યું છે તે ઉચ્ચારણના ધોરણને માર્ગદર્શક ગણીને કહ્યું છે.[૩] એટલે આપણે જનું ઉચ્ચારણ તપાસીએ (૧) "તે **ધર્મજ** ગયો." (ધર્મજ=એક ગામનું નામ), અને "ત્રાસી રહેલી માનવજાતિને **ધર્મ જ** ઉગારી શકશે" : આ ઉદાહરણોના બંને **ધર્મજ** વચ્ચેની સમાનતા, તથા (૨) "**અહીં 'જ'** છપાવો રહી ગયો છે" (જ=સંસ્કૃત વર્ણમાળાનો આઠમો વ્યંજન) અને 'તમે **અહીંજ** બેસજો' : એ ઉદાહરણોમાં બંને **અહીંજ** વચ્ચેનો તફાવત એ દેખાડે છે કે ભારદર્શક જ નો ઉચ્ચાર, તે માત્ર એક વ્યંજનનો બનેલો હોવાથી સ્વતંત્રપણે

---

૨. પ્રસ્થાન, ચૈત્ર, વૈશાખ, જેઠ ૧૯૯૩.

૩. તેમણે એક એવું પણ વિધાન કર્યું છે કે આવી બાબતોમાં તાર્કિક શુદ્ધતા કરતાં સગવડ અને સરળતાને વધારે મહત્ત્વ આપવું એ યોગ્ય છે. આ ચિંત્ય છે. સગવડ અને સરળતા વસ્તુસ્થિતિથી જુદી દિશામાં લઈ જતાં હોય તો અંતે તેઓ અગવડ અને કઠિનતામાં જ પરિણમે. એટલે આમાં ઉચ્ચારણ એ જ નિર્ણાયક ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થતાં, તેના પૂર્વવર્તી શબ્દનો તે અંગભૂત હોય તેવી રીતે જ થાય છે.[1] એ ખરું કે **પંકજ, ધર્મજ, સૂરજ** વગેરેમાં શબ્દદેહના અવયવરૂપે રહેલા **જ**ના ઉચ્ચારણ સાથે સરખાવતાં, **અહીં જ, ઘણું જ, એક જ** વગેરેમાં રહેલા ભારદર્શક **જ** ના ઉચ્ચારણની એટલી વિશિષ્ટતા છે કે તે (ભારદર્શક) **જ** નો પૂર્વવર્તી સ્વર દીર્ઘ કે પ્લુત જ ઉચ્ચારાય છે, જ્યારે સામાન્ય **જ** ના સંબંધમાં એવો કોઈ નિયમ નથી. પણ એ હકીકત ભારદર્શક **જ** ને જોડીને લખવાની વિરુદ્ધ જતી નથી. આઘાતનું તત્ત્વ ધ્યાનમાં લેતાં આ સ્પષ્ટ થાય છે. **એક**ના ઉચ્ચારણમાં **એ** ઉપર ભાર આવે છે, જ્યારે **એક જ** ઉચ્ચારતાં તે **ક** ઉપર આવે છે, અને **જ** સદાય નિઘાત (=આઘાતનો અભાવ 'એન્ક્લીસીસ' enclisis) ની અવસ્થામાં રહે છે. આમ સમાન આઘાતને કારણે **જ**ને સાથે લખવો એ જ ઉચિત છે.

વળી, **એકજ, એકનેજ, એકમાંથીજ** વગેરેમાં મૂળ શબ્દ અને **જ**ની વચ્ચે બીજા ધ્વનિ આવી શકે છે તે વસ્તુ પણ આપણા નિર્ણય સાથે કશો સંબંધ ધરાવતી નથી, કેમકે ઉચ્ચારણના તત્ત્વને જ નિર્ણાયક ગણવું એ સ્વીકૃતિને આપણે પાયાને સ્થાને રાખી છે.

'**જ**'ના મૂળ વિશે નીચે ચર્ચા કરી છે, તે પરથી સ્પષ્ટ થશે કે તેને **च** સાથે સીધો સંબંધ નથી. અને હોય તો યે **च** સંસ્કૃતમાં અને **य** પ્રાકૃતમાં સ્વતંત્ર શબ્દો તરીકે નહીં, પણ પૂર્વગામી શબ્દના એક ભાગ તરીકે, સ્વતંત્ર સ્વરાઘાત વિના, ઉચ્ચારાતા. **જ**ના મૂળરૂપ નિપાતનું પણ એમ જ હતું. આ પરથી પણ ફલિત થાય છે કે **જ**ને સાથે લખવો જોઈએ.

અભિવિધિવાચક (ઈન્કલુઝિવ, inclusive) નિપાત 'ય'ને પણ આ નિયમ લાગુ પડે છે. છેવટે, આ બંનેને જોડીને લખવાથી અર્થ-ગરબડ થશે એ ભય પણ તદ્દન વજૂદ વિનાનો છે. શબ્દોના નિરનિરાળા વ્યાકરણી વ્યક્તિત્વ અને પૂર્વાપર સંબંધના કારણે સ્પષ્ટ અર્થબોધના માર્ગમાં આવા પ્રકારની સધ્વનિતા (હોમોફોની homophony) આવી શકતી નથી.

---

૧. આ હકીકત, એક પક્ષે ભારવાચક 'જ'ના અને બીજે પક્ષે બીજા એકાક્ષરી, પણ અ-અન્તી શબ્દોના ઉચ્ચારણ-પ્રયત્નો વચ્ચેનો તફાવત ધ્યાનમાં લેવાથી વધારે સ્પષ્ટ રીતે ખ્યાલમાં આવશે. ઉપર આપેલા ભારવાચક **જ**ના ઉદાહરણ સાથે સરખાવો : (૧) "મેં ટૉલ્સ્ટૉયની છ કૃતિઓ વાંચી છે." (૨) "રંજન ગણિતમાં તો તદ્દન ઢ છે." (૩) "કલાનાં તત્ત્વોમાં સૌન્દર્ય અગ્રસ્થાને ન હોય એ કેમ માની શકાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

અર્વાચીન ગુજરાતી ભારદર્શક તેમ જ વ્યાવર્તક (આઇસોલેટીવ, isolative) 'જ'ના મૂળની તપાસ કરતાં મળેલી સામગ્રી અહીં રજૂ કરી છે.

૧. સહજન્ય ભાષાઓમાં સિંધી ज, અર્વાચીન મરાઠી અને છત્તીસગઢી च એ નિપાતો આપણા જના સમાનાર્થ છે.

૨. મધ્યકાલીન ગુજરાતીમાં ज તેમ જ जि અને પ્રાચીન ગુજરાતીમાં जि વપરાયા છે. પ્રાચીન મરાઠીમાં चि છે.

૩. અપભ્રંશમાં जि, ज्जि, जें, ज्जें એ અવધારણાર્થ નિપાતો છે.

અર્વાચીન ગુજરાતી અને સિંધી ज અને મધ્યકાલીન ગુજરાતી जि એ અપ. जिमांथी અને અર્વા. મરાઠી અને છત્તીસગઢી च તથા પ્રાચીન મરા. चि એ પ્રા. च्चियमांथी સધાયા છે.

અપ. ज्जि એ जिनुं જ રૂપાંતર છે. અને પ્રા. व (સં. इव)ના રૂપાન્તર व्वनी જેમ હ્રસ્વ સ્વરો પછી જ એ રૂપ વપરાય છે. जें, ज्जें એ પ્રાચીનતર રૂપો છે.

ટેસ્સિટોરી जिनो સંબંધ પ્રા. जे, जेव સાથે જોડે છે, જ્યારે પરશુરામ લક્ષ્મણ વૈદ્ય તેને તેમ જ चिने વૈદિક નિપાત चित्‌માંથી આવ્યા માને છે. આમાં પહેલો મત વધારે સયુક્તિક લાગે છે, કારણ, કોઈ અર્વાચીન ભારતીય-આર્ય કે અપભ્રંશ શબ્દ માટે પૂર્વરૂપ તરીકે પ્રાકૃત (એટલે કે માધ્યમિક ભારતીય આર્ય) ભૂમિકામાં કોઈ સંતોષકારક શબ્દ ન મળી આવતો હોય તો જ પ્રાકૃત પૂર્વેની ભૂમિકાના શબ્દનો આધાર લેવાની આવશ્યકતા ઉપસ્થિત થાય. પ્રસ્તુત વિષયમાં પ્રા. जें, जि દ્વારા અપ. जि સાધી શકાય છે, એટલે તેને માટે વૈદિક चित् મૂળ કલ્પવાની જરૂર નથી. चि માટે પણ चित् કરતાં પ્રા. चिअ વધારે યોગ્ય છે એ આગળ સ્પષ્ટ થશે.

પ્રાકૃતમાં जि, जे, जेव (અને તેના રૂપાંતરો ज्जेव, ज्जेव्व, जिव्व; ज्जिव, येव, यिव, एव्व, વગેરે) ઉપરાંત चिअ–चेअ (રૂપાંતરો च्चिअ–च्चेअ) અને चेव (રૂપાંતર चेव्व) અવધારણાર્થે મળે છે. આમાં चिअ (च्चिअ)–चेअ(च्चेअ), चेव(चेव्व)માંથી આવેલા છે; અને चेव(चेव्व)નું મૂળ સં. च एव, च इव છે. બેન્જામીન ફ્યાર્સે[1] चिअ–चेअના પીશલ વગેરેએ સૂચવેલા च इव, च एव એ મૂળ સામે એવી દલીલ કરી છે કે સામાન્ય રીતે મૂળનો व्० પ્રાકૃત અવ્યયોમાં સમાન્યપણે પ્રવર્તતા ધ્વનિબળોને

૧. 'પ્રાકૃત चिअ'—ન્યુ ઇંડીયન એંટીકવરી, ૨, ૧૯૩૯–૪૦, ૪૨૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વશ થઈ લુપ્ત ન થતાં, તેજ સ્વરૂપે કે બેવડાઈને જળવાઈ રહે છે એ હકીકત व, व्व; विअ, मिव, पिव, विव, यिव, जिव्व, एव्व, વગેરેથી જણાઈ આવે છે; એટલે चिअ–चेअने च इव, च एवમાંથી સાધવાને બદલે चित्માં રહેલાં સંબંધક સર્વનામ *चि० અને નિહત (એન્કલીટીક enclitic) દર્શક નિપાત *द०—જેમને માટે બીજી ભારત–યુરોપીય ભાષાઓમાં સહજન્ય શબ્દો મળે છે—એ બે મળી થયેલા *चिद०માંથી સાધવો એ વધારે ઉચિત છે. પણ *ધાત્સ*ને चेव–चेव्व એ વકારવાળાં રૂપોની જાણ હોય તેમ લાગતું નથી, કારણ, चेव–चेव्व દેખીતાંજ च इव, च एवમાંથી નિષ્પન્ન થયેલાં છે, અને चेअ વગેરેનો સંબંધ चेव સાથે બાંધવો એ તદ્દન સ્વાભાવિક છે; व्નો લોપ પ્રાકૃત–અપભ્રંશની એક જાણીતી પ્રક્રિયા છે. ઉપરાંત चेव દ્વારા च इव च एवમાંથી चेअ–चिअ અવતારવામાં બીજી સરળતા એ છે કે આ રીતે चि० તેમજ चे०ની ઉત્પત્તિ સમજાવવા આડે જરા પણ અડચણ ઉપસ્થિત થતી નથી, જ્યારે *चिद તો માત્ર चिअ આપી શકે, એટલે *ધાત્સ*ને चेअ સમજાવવા માટે તર્કનો આશ્રય લેવો પડે છે.

હવે, जेव વગેરેને આપણે चेव વગેરેના આદિ चના ઘોષભાવદ્વારા ગૌણરૂપે સધાયેલા ગણી શકીએ. આ આદિ અઘોષ સ્પર્શના ઘોષભાવની વિરલ પ્રક્રિયા માટે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે બીજા શબ્દોમાં થાય તેના કરતાં વિશિષ્ટ પ્રકારનો ધ્વનિવિકાસ થવો એ અવ્યયો, નિપાતો, પ્રત્યયો, વગેરેની બાબતમાં સાધારણત: બનતી બીના છે,[2] અને चेव, व વગેરે સ્વતંત્ર શબ્દો નહીં, પણ પૂર્વગામી શબ્દના ભાગ જેવા—સ્વતંત્ર આઘાત વિનાના ગણાતા, એ પણ ભૂલવું ન જોઈએ. એટલે

च एव < चेव, च्चेव > चिअ, च्चिअ > चि > च
       जेव, ज्जेव > जेअ, ज्जेअ > जॆ, ज्जॆ > जि, ज्जि > ज.

એવો વિકાસક્રમ હોય. जिव्व વગેરે બેવડા વકારવાળાં રૂપ च इव ઉપરથી સિદ્ધ થયાં હોય.

જુગાર

૧. **જુગાર** શબ્દની વ્યુત્પત્તિ ચર્ચતાં તેની સાથે સંબદ્ધ બીજા શબ્દોનું મૂળ પણ સાથોસાથ તપાસીએ. 'દ્યૂત' કે 'દ્યૂત રમનાર' એ અર્થમાં **જૂઓ**

૨. દવે, પૂર્વોક્ત ગ્રંથ, ૧૨; ટર્નર, 'ફોનેટીક વીકનેસ ઓવ ટર્મીનેશનલ એલીમેંટ્સ ઇન ધ મોડર્ન ઇંડો–આર્યન', જર્નલ ઓવ ધ રૉયલ એસિયાટીક સોસાયટી, ૧૯૨૭, ૨૨૭–૨૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સરખાવો જુગ્આખાનું, જુગ્આખોર), જુવું (જુવાખાનું, જુવાખોર) જુવટું, જૂગટું, જુગાર, જુગારી એ શબ્દો ગુજરાતીમાં જાણીતા છે.

૨. આમાં જૂઓ (તેમજ જુગ્આખાનું, જુગ્આખોર) હિંદીમાંથી લીધેલા છે. હિંદીમાં જૂઆ એમ દીર્ઘ ઊ મળે છે. આથી જુગ્આખાનું, જુગ્આખોરમાં પણ એ જ હોવો જોઈએ. છતાં જોડણીકોશ એ શબ્દો હ્રસ્વ ઉ સાથે આપે છે. સં. द्यूतं, પ્રા. जूअं, ને સ્વાર્થિક –क– વડે વિસ્તાર થતાં તેમાંથી જૂઓ. સંસ્કૃતમાં શબ્દ નપુંસકલિંગી છે, પણ મહાભારતમાં પુંલ્લિગ તરીકે પણ વપરાયો હોવાનું મોનિયર વિલિયમ્ઝ્ નોંધે છે.

૩. જુવું (જુવાખાનું, જુવાખોરમાં પણ છે) સં. द्यूत+कम्‌માંથી સિદ્ધ થયો છે. પ્રા. जूअअंમાં जू– અને –अ– વચ્ચે व् કારનો પ્રક્ષેપ થતાં जूवअं થાય ને તેમાંથી અંતે જુવું. પ્રાકૃતમાં जूव– મળે છે. કેવડો (केतक–), સૂવર (शूकर–), ઘુવડ (घूक– + –ट–), ભુવડ (भोज– + –ट–), ચાટવો (પ્રા. चट्टुअ– + –अ–), લાડવો (लड्डु – + – कक:), હળવું (लघु – + – ककम्), તેમજ બીજા –उकक– માંથી સિદ્ધ થયેલા અંત્ય –અવ– વાળા શબ્દોમાં આ વકાર–પ્રક્ષેપનું વલણ જોઈ શકાય છે.

પ્રા. जूवअंમાંથી ગુજરાતીમાં જૂવું થવું જોઈએ, તેને બદલે જુવું એમ હ્રસ્વ ઉ કેમ હશે? ઘુવડમાં પણ મૂળના घूक–માંના દીર્ઘ ઊ ને સ્થાને હ્રસ્વ ઉ જોઈ શકાય છે.[૧] જો વકાર–પ્રક્ષેપની અસર નીચે મૂળના દીર્ઘ ઊ ને હ્રસ્વ કરવાનું વલણ હોય તો તે સૂવરને પણ લાગુ પડવું જોઈએ, પણ તેમાં મૂળનો ઊ દીર્ઘતા જાળવી રાખે છે. લાગે છે કે તે પણ સુવર બોલાય છે, પણ ગાળ તરીકે વપરાતાં ભાર આપવા માટે સુવ્વર કે સૂવર ઉચ્ચારણ થાય છે, અને એ કારણે સૂવર એવી જોડણી પ્રચલિત થઈ હોય.

૪. જુવટુંની પ્રાચીન જોડણી જૂવટું છે. જુઓ:

સાંધ જાત્ર જૂવટા ઘણા

—અસાઈતકૃત હંસાઉલી, ૧, ૮. (પૃ. ૬).

પણ પછીથી જુવટું જોડણી પ્રચલિત થયેલી જણાય છે:

'જાર કરશે કે જુવટું'

મડાપચ્ચીશી, ૩, ૪૦, ૧.

---

૧. પણ અપભ્રંશમાં દીર્ઘ ઊ છે:

पच्चूसे सूरुग्गमणि, घूयड (પાઠાંતર घूवड)–कुलु णिच्छाउ।

સાવયધમ્મદોહા (૧૦મી સદી), ૧૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુગ-ટુંમાં **જુવ°** અંશ ૩. પ્રમાણે. **°ટું** અંશ સ્વાર્થિક કે કુત્સાવાચક *°ट પ્રત્યયમાંથી ઊતરી આવ્યો છે. **લીટી** (મૂળ लेखा + *ट्टिका), **મોટું** (મૂળ महत् + ट्टकम्), **ચોર-ટું**, **ભામ-ટો**, **જોગ-ટો** વગેરેમાં વિસ્તારિત રૂપે અને **પાક-ટ**, **ફોક-ટ**, **હલક-ટ** વગેરેમાં અવિસ્તારિત રૂપે તે મળે છે. એટલે द्यूत– + * ट्टकम् પરથી **જુવટું**. **ચતુરભાઈ પટેલ** મૂળ તરીકે द्यूतपट्टम् સૂચવે છે, પણ શબ્દ સીધી રીતે સમજાવી શકાતો હોવાથી એ વ્યુત્પત્તિ સ્વીકારવાની જરૂર રહેતી નથી.

૫. **જુગટું**માં આગલા શબ્દ પ્રમાણે જ **°ટું** અંશ સ્વાર્થિક છે. બાકીના **જૂગ–**⁴ માટે મૂળ द्यूत –+– क– = द्यूतक – હોવા સંભવ છે. સ્વાર્થિક –क– **પ્રાકૃત**માં સામાન્યત: –य– રૂપે, પણ કેટલીક વાર ઘોષભાવ પામી –ग– રૂપે પણ જોવામાં આવે છે. આવાં ઉદાહરણો વિપુલ પ્રમાણમાં મળે છે. અર્ધતત્સમ શબ્દોમાં પણ આ ફેરફાર જાણીતો છે; જેમકે **કાગડો** (काक–), **બગલો** (बक–), વગેરે. કેટલાક તદ્ભવમાં પણ એ જોઈ શકાય છે: **સગું** (स्वक–), **બગડો** (द्विक–), **ત્રગડો** (त्रिक–), **ચોગડો** (चतुष्–+–क–), **અગિયાર** (एकादश), **ઓગણ°**– 'ઓગણીશ' 'ઓગણત્રીશ' વગેરેમાં (एकोन°), **અગાશી** (आकाश–), **વીગત** (व्यक्ति–,) **સૂગ**(< शूका 'શંકા' 'વસવસો,' 'ડંખ', 'ડંખે કે પીડે તેવી વસ્તુ' ?) વગેરે [૨]. આ પ્રમાણે द्यूतकम्— जूअगं + ट्टयं— **જૂગટું**.

૬. બાકી રહે છે **જુગાર** અને **જુગારી.** આમાંથી **જુગાર**ની જુદી જુદી બે વ્યુત્પત્તિ સૂચવવામાં આવી છે. આ બંને વ્યુત્પત્તિઓમાં એટલી એક સમાનતા છે કે બંનેમાં **જુગાર** પરથી **જુગારી** શબ્દ સિદ્ધ થયો હોવાનું માની લીધું છે. **નરસિંહરાવ**ના મતે (વ્યાખ્યાનો, ૧, ૪૪૯, ૩૪૩) द्यूतकार– પરથી **જુગાર** સિદ્ધ થયો અને આ પરિવર્તન દરમિયાન મૂળ અર્થ 'દ્યૂત રમનાર' હતો તેને બદલે 'દ્યૂત' બની ગયો. **ટર્નર** (ગુજરાતી ફોનૉલૉજી, § ૨૩ (૩)) **ग** ની ઉપપત્તિ આપવા માટે મૂળ તરીકે द्यूत– + उद्गार – = द्यूतोद्गार– શબ્દ આપે છે.

૭. **તેલ-તેલી**, **ક્રોધ-ક્રોધી**, **તોર-તોરી**, **કોઠાર-કોઠારી**, **ભંડાર-ભંડારી** વગેરેની જેમ **જુગાર** પરથી સ્વત્વવાચક પ્રત્યય इ (મૂળ °इन् નું પ્રથમા એ. વ. ई, પછી –क–થી વિસ્તાર) લાગી **જુગારી** થયું હોય એમ ઘટાવવાનું આપણા મનમાં આવે એ સહજ છે.

---

૨. નરસિંહરાવ, ગુ. લૅં. ઍં. લી., ૧., ૪૪૯–૫૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. પણ કોઈ કોઈ શબ્દોની બાબતમાં વિપરીત ક્રમ પણ હોય છે. **સુધારો-સુધરવું** सुद्ध-+-आर-: शुद्ध- + -कार- પરથી સિદ્ધ થયા છે—જેમ **વધારો, પેસારો, બેસારવું** વગેરે. પણ **ઊગારવું** નું સાદું **ઊગરવું, ઉતારવું** નું **ઊતરવું** તેમ **સુધારવું** પરથી સાદા રૂપ તરીકે **સુધરવું** સાદૃશ્યબળે ઘડાયો છે. **અપભ્રંશ**માં પણ पइस-(प्र + विश्-) પરથી પ્રેરક पइसार- નિયમ પ્રમાણે થયું, પણ मारइ-मरइ, पसारइ-पसरइ ના સાદૃશ્યે पइसारइ પરથી સાદા રૂપ તરીકે पइसरइ ઘડી કાઢવામાં આવેલું છે.

૯. આ જ પદ્ધતિએ મૂળ **જુગારી** પરથી **જુગાર** નિષ્પન્ન થયો લાગે છે. **વેપારી-વેપાર, ભંડારી-ભંડાર, કોઠારી-કોઠાર** તેમના સાદૃશ્યે **જુગારી-જુગાર**. પણ બીજાં ઉદાહરણોમાં **વેપાર, ભંડાર, કોઠાર** પહેલાં પણ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા હતા અને તેમના આધારે જ **વેપારી** વગેરે સધાયેલા છે, જ્યારે **જુગાર** શબ્દ **જુગારી** પહેલાં ન હતો, પણ તે પરથી નવો જ સિદ્ધ થયેલો. અને **જુગાર** શબ્દની પુંલ્લિંગતા પણ આથી સમજાવી શકાય. આ સાદૃશ્યમૂલક ઘડતર (ઍનૅલૉજીકલ ફૉર્મેશન analogical formation) ના આધારરૂપ **વેપાર, કોઠાર, ભંડાર**, વગેરે શબ્દો (તેમજ **ઉતાર, ઉગાર, વઘાર** વગેરે) પુંલ્લિંગ છે.

૧૦. **જુગારી** શબ્દને મૂળ તરીકે લેવાથી **નરસિંહરાવને** નડેલી અર્થ-પરિવર્તનની મોટી મુશ્કેલી આપણને નથી નડતી, તેમ **ટર્નર**ની માફક ધોરી રસ્તો છોડી ગલીકૂંચીનો આશરો નથી લેવો પડતો. °कार ની જેમ °कारिन् પણ કારક પ્રત્યય (ઍજંટીવ agentive) તરીકે પ્રચલિત હતો: अनर्थकारिन्, વગેરે; એટલે द्यूतकारिन् ને મૂળ તરીકે લઈ શકાય. **પુજારી, ભિખારી** વગેરેમાં આ જ અંશ રહેલો છે. હેમચંદ્રના **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (૫,૭૦૨)માં द्यूतकारक- વપરાયો છે, અને **પ્રાકૃત**માં जूअकर-, जूआकार- जूआर- ને जूआरि-जूआरिय- એ બધા શબ્દો મળે છે. બીજું, ઉત્તરાંશ તરીકે °कर, °कार, °कारिन् હોય છે ત્યારે **પ્રાકૃત**માં તે ત્રણ સ્વરૂપે વાપરી શકાતા હોય છે. મૂળ સ્વરૂપે, क् નો ઘોષ ग् કરીને કે क् નો લોપ કરીને. ઉપર આપેલા શબ્દોમાં જ °कर ને °आर એમ બે વિકલ્પ તો મળે છે. **અપભ્રંશ**માં આવા -क्- નો -ग्- કરવાનું વલણ પ્રબળ બનેલું છે. विच्छोह-गर, खय-गारा, मंगल-गारा વગેરે સામાન્યપણે વપરાય છે. આને આધારે द्यूतकारिन् પરથી સ્વાર્થિક -क- ના ઉમેરા સાથે जूआरिय- ની જેમ *जूअगारिय-શબ્દ પણ સિદ્ધ થઈ શકે ને તે પરથી **જુગારી**. આદિ અક્ષરની હ્રસ્વતા **ટર્નરે** નોંધેલા આઘાત (ઍક્સંટ, accent)ના નિયમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભારી. **નરસિંહરાવે** નોંધેલા -काल- પરથી આવેલ °**ગાળો** વાળા શબ્દો (**ગાળો, ખેંગાળો**) ને °कर-પરથી °**ગરો** (**કહ્યાગરો, મુંબઈગરો**) આના સમર્થનમાં ટાંકી શકાય.

૧૦. એટલે વિકાસક્રમ આ પ્રમાણે હોય: द्यूतकारिन् + क-: जूअगारिय- જુગારી; પછી **વેપારી : વેપાર** વગેરે પ્રમાણે **જુગારી : જુગાર.**

ઢીંકવો

ઢીંકવો માટે **જોડણીકોશ** 'નદી કે તળાવના સૂકા તળિયામાં પાણી માટે ખોદેલો ખાડો' એવો અર્થ આપે છે. પણ **ગોહિલવાડમાં** એ શબ્દ 'કૂપ-તુલા-કૂવામાંથી પાણી ખેંચવાનું એક યંત્ર (જેમાં ઉચ્ચાલન રૂપે રહેલી વળીને એક છેડે વજન બાંધી બાલદી ઊંચી લાવવાની યોજના હોય છે)' એ અર્થમાં પ્રચલિત છે. આ અર્થ માટે **જોડણીકોશમાં ઢેકવો** શબ્દ આપેલો છે. **હિંદીમાં ઢેંકુવા** અને **ઢેકલી** વપરાય છે. **પ્રાકૃતમાં** આ માટે ढेंका પ્રચલિત હતો. **દેશીનામમાલા** (૪-૧૭)માં **હેમચંદ્રે** તે આપેલો છે. આ ઉપરથી અટકળ કરી શકાય કે ढेंका+कूपक:-ढेंककूवओ-ढेंकूवउ-ને પછી **ઢેંકુવો, ઢેકવો, ઢીંકવો** એ ક્રમે અર્વાચીન શબ્દો સિદ્ધ થયા હોય.

ढिंक- અને ढेंक- પક્ષિવિશેષ તરીકે **પ્રાકૃતમાં** નોંધાયા છે અને ढेंकी 'બગલી'ના અર્થમાં **દેશીનામમાલા** (૪-૧૫)માં જાણીતો છે. ગુજરાતીમાં **ઢેકબગલો** શબ્દ પણ આ સાથે સરખાવી શકાય. એટલે ढेंक-ढेंकाનો 'બગલી' અર્થ ઘટાવી શકાય. જે કુવા પર બગલીના આકારને મળતું—એટલે કે જેમ બગલી લાંબી ચાંચથી માછલું પકડતી વેળા પાછલો ભાગ ઊંચો કરી, માછલી પકડાતાં ચાંચ ઊંચી કરી પાછલો ભાગ નીચો કરે છે, તેમ બાલદી ભરવા મોકલતી વખતે પાછળથી ઉંચું થતું અને આગળથી નમતું, તથા ભરેલી બાલદી ઊંચકતી વેળા આગળથી ઊંચું થતું અને પાછળથી નમતું યંત્ર હોય તેને **ઢેંકાકૂપ** કહેવો સ્વાભાવિક છે. આવા જ અર્થવિકાસને રજૂ કરતો એક શબ્દ **અંગ્રેજીમાં** આપણને મળે છે. **અંગ્રેજી** 'ક્રેન' (crane) નો એક અર્થ 'બગલો' થાય છે, અને પછીથી વજનને ઉંચકીને ફેરવવાના એક યંત્રને પણ, બગલાના આકૃતિ-સામ્યને કારણે, 'ક્રેન' કહેવાય છે.[૧] તદ્દન

---

૧. "*Crane*—A machine for raising heavy weights and while holding them suspended, transporting them through a limited lateral distance. In one form it consists of a projecting arm or jib of timber or iron, a rotating post or base and the necessary tackle, windlass, etc.—so called from a fancied similarity between its arm and the neck of a crane." **વેબ્સ્ટર કોશ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિન્ન પ્રદેશની અને એક બીજીથી સેંકડો ગાઉને અંતરે રહેલી બે ભાષાઓમાં આટલું અદ્ભૂત સામ્ય ધરાવતા અર્થવિકાસનું આ ઉદાહરણ વિરલ છે.

ઢેંકવોને મળતો બીજો એક શબ્દ **ચીચવો** 'અણીદાર ઉભા લાકડાપર એક આડી મૂકી હીંચાતા ગોળ ફરવાનું રમતનું સાધન' છે. પણ એનો °**વો** અંશ મૂળે લઘુતાવાચી પ્રત્યય છે (સર૦ **લાડવો–લાડુ, ઝાડવું–ઝાડ, છોડવો–છોડ** વગેરે.). બાકી રહેલો **ચીચ**– અંશ રવાનુકારી ઘડતરનો હોવાનું **જો**ડણીકોશ કહે છે. પણ **પ્રા**કૃત ભૂમિકા સુધીમાં એની સાથે અમુક યાંત્રિક સાધનનો ભાવ જોડાઈ ગયો હતો એટલું ચોક્કસ. **ચીચવો**ની સાથે ધ્વનિ તથા અર્થદૃષ્ટિએ સંબદ્ધ **ચિચોડો** (મરાઠી चिंचोरा) 'શેરડીનો કોલુ', અને દેશ્ય चिंचणी 'ઘંટી' લક્ષમાં લેતાં આવી અટકળ કરી શકાય. દેશ્ય चिंचइअ 'ચલાવેલું' પણ ગણતરીમાં લઈ શકાય.

ગુજ. તવ, હિં. तब વગેરે

બંગાળીના[1] तबे, एबे, जबे, कबेને મળતાં **બ્ર**જમાં तबै, अबै–अबे, जबे, कबै; **આ**સામીમા तबे, एबे, जेबे, केबे; ને **હિ**ન્દીમાં **तब, अब, जब, कब**, ગુજરાતીમાં **તવ, જવ, અવ** છે. એમાં **એ**કારાન્ત કે **ઐ**કરાન્ત રૂપો સપ્તમીનાં હોવાં જોઈએ. સપ્તમીનો પ્રત્યય ૦એ,°ઐ < **અહિ, અહિં** એમ સમજાવી શકાય. એટલે એ રૂપોને આધારે આપણે **तब्ब°** (तेॅब्ब°), **एॅब्ब°**, ***जब्ब°** (*जेॅब्ब°), ***कब्ब°** (केॅब्ब°) અને સપ્તમીના ***तब्बहि** (*तेॅब्बहि), **एॅब्बहि**, વગેરેને મૂળનાં **શૌ**રસેન કે **મા**ગધ **અ**પભ્રંશ રૂપો તરીકે કલ્પી શકીએ.

વૈદિક ભાષામાં **एव, एवा** એ અવ્યયનો મૂળ અર્થ 'આવી રીતે' થતો; પછીથી તે માત્ર ભારદર્શક તરીકે જ વપરાવા લાગ્યો, જ્યારે 'આવી રીતે' એ અર્થ દર્શાવવા **વૈ**દિક સમયના પાછળના ભાગમાં, કદાચ एव, एवाનું વિસ્તીર્ણ રૂપ एवम् વપરાવા લાગ્યું. આ एवम्નું **મા**ધ્યમિક **ભા**રતીય–**આ**ર્યના બીજા થરમાં एॅव्वं થયું, અને તેના સ્વરૂપાન્તર તરીકે ***एॅब्बं, एॅब्बा** પણ તે સમયે વપરાશમાં હોવા જોઈએ, અને તેમના મૂળના રીતિવાચક અર્થમાંથી કાલવાચક અર્થ વિકસ્યો હોવો જોઈએ. આ કાલવાચક અર્થના દૃઢીકરણ માટે તે શબ્દને સપ્તમીનો પ્રત્યય લગાડવામાં આવ્યો હોય (*एॅब्बहिँ, *एब्बहि).

૧. સુનીતિકુમાર ચેટર્જી, ધ ઓરીજીન ઍંડ ડેવેલપમેંટ ઓવ ધ બેંગાલી લેંડ્વેજ ભાગ ૨ (૧૯૨૬), પા. ૮૫૬–૮૫૭, પરિચ્છેદ ૬૦૨ માંથી આ વિષયમાં પ્રસ્તુત અંશનો સાર અહીં આપ્યો છે. વળી જુઓ, ટર્નર નેપાલી ડીક્શનરી अब નીચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપભ્રંશ ભૂમિકામાં આ **एँव्वहिँ**, **एव्वहिं**નો સાર્વનામિક અંગ ए० <एत० સાથે જાણે કે તે તેમાંથી સધાયું હોય તેમ મેળ બેસી ગયો હોય. **માધ્યમિક ભારતીય–આર્ય**ની શરૂઆતની ભૂમિકામાં ***तेवं**, ***येवं**, ***केवं** જેવાં બીજાં સાર્વનામિક ક્રિયાવિશેષણો સાદૃશ્યે ઘડાયાં હોય એ ઘણું જ સંભવિત છે. આમાંથી ***तेँव्व**, >**तेँव्व** વગેરે થયાં હોય; અને °**અ**કરાન્ત સાર્વનામિક અંગો **त–**, **य–**, **क–** પૂર્વ અંશ તરીકે મૂકતાં ***तव्वं**>***तव्वं**, વગેરે સધાયાં હોય. આમ એ સૌ **एव**, **एवम्** >**एँव्वं**ના આધારે ઘડાયાં છે. **अबे**, **अब** એ **अ–**વાળાં રૂપ **एबै**, **एबे**ના ક્ષીણ થવાથી થયાં હોય એમ લાગે છે. ગુજરાતી કાવ્યભાષામાં વપરાતા **તવ**, **જવ** વગેરેનું મૂળ આ ***तव्व** વગેરે છે.

આ કલ્પનાને આધાર આપે તેવાં કેટલાંક રૂપો ખરેખર **હે**મચંદ્રના **પ્ર**તીચ્ય **અ**પભ્રંશમાં મળી આવે છે. **एव**ને આધારે ઘડાએલા ***तेव**, ***येव**, ***केव** એમાં રહેલા °**व्**°ના.નાસિક્ય–ભાવથી **एंव=एवँ**; **तेंव=तेवँ**; **जेंव=जेवँ**, **जिवँ**; **केंव=केवँ**, **किवँ** એ સૌ સધાયાં છે. **અર્વાચીન ભારતીય–આર્ય**માં આ રીતિદર્શક ક્રિયાવિશેષણોના વંશજો મળી આવે છે[१]. આ ક્રિયાવિશેષણોનાં સપ્તમ્યન્ત રૂપો કાલસૂચક ક્રિયાવિશેષણો તરીકે **પ્ર**તીચ્ય **અ**પભ્રંશમાં વપરાતાં. હેમચંદ્રમાં જ **एवँ** ટાંકેલું મળે છે. એટલે ઉપર સૂચવેલા **अबे**, **एबे**ના ઉદ્ભવક્રમ માટે આથી પુષ્ટિ મળે છે.

નિશાળ

૧. નિશાળનું મૂળ સં. **नयशाला** નહીં, પણ સં. **लेखशाला** હોવાનું **ન**રસિંહરાવે બતાવ્યું છે.[१] **પ્રા**કૃત, **અ**પભ્રંશ, **લૌ**કિક **સં**સ્કૃત અને **જૂ**ની **ગુ**જરાતીમાંથી આ શબ્દને લગતા ઉલ્લેખો લેખને અંતે આપ્યા છે. **ન**રસિંહરાવે પૂરતી વીગતથી આ શબ્દના મૂળની ચર્ચા કરી હોવા છતાં જોડણીકોશની નવી આવૃત્તિ **નિશાળ**ના મૂળ તરીકે પ્રશ્નાર્થ સાથે સં. **शाला** અથવા દેશ્ય **णीसार**– ‘ મંડપ ’ આપે છે એ ખેદની વાત છે.

૨. સં. **लेखशाला**માંથી પ્રા. **लेहसाला** અને અપ. **लेहसाल** સામાન્ય નિયમોને આધારે સિદ્ધ થાય છે. પછી **लेहसाल**>**निशाळ** એ રીતનો ધ્વનિવિકાસ અનિયમિત છે. સામાન્ય નિયમો પ્રમાણે ગુજરાતીમાં ***લેસાળ** એવો શબ્દ

---

૧. ગુજરાતી એમ, કેમ, જેમ, તેમ. આમ ગુજરાતી શબ્દોની વ્યુત્પત્તિ પર પણ પ્રકાશ પડે છે.

૧. ગુ. લેં. ઍં. લી. ૧, ૪૪૦, ૪૪૧, ૪૪૩, ૪૫૬–૪૫૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધ થવો જોઈએ. લેહસાલમાંથી **નિશાળ** થવામાં ત્રણ અનિયમિતતાઓ રહેલી છે (લ્–નો ન્–, –એ–નો –ઇ– અને –સ્–નો –શ્–) અને તેમની ઉપપત્તિ આપવાની રહે છે.

૩. નિશાળની સાથે ઉત્તરાંશમાં સરખાવી શકાય તેવા બીજા શબ્દો **પોશાળ, ટંકશાળ, પડ(ર)સાળ, મોસાળ** છે. આ સૌનો ઉત્તરાંશ સં. शाला માંથી નિષ્પન્ન થયો છે:

(૧) **પોશાળ**–'અપાશરો', સં. उपवसथ–'ઉપવાસ' પ્રા. पोसह– ગુ. **પોસો**; સં. शाला > **સાળ**. पोसो+साळ < **પોસાસાળ**[૨], **પોસાળ**, **પોશાળ**.

(૨) **ટંકશાળ** દેખીતો **टंकशाला** છે. **હિંદી** ને **મરાઠી**માં **टकसाल** છે. **હિંદી** **घुडसाल** ને **हथसार** (**हथसाल**નું પ્રાંતિક રૂપ?) પણ તુલના માટે નોંધી શકાય.

(૩) **પડસાળ** કે **પરસાળ** 'ઘરનો આગલો ખંડ' 'ઓશરી', સં **प्रतिशाला** છે. પૃથ્વીચંદ્રચરિત્રમાં **પટસાલ**, શામળમાં **પરશાલા** એવું રૂપ મળે છે[૩]

(૪) **મોસાળ**ના મૂળ તરીકે જોડણીકોશ (નવી આવૃત્તિ) **मातृशाला** આપે છે. પ્રા. **माउसाला**–અપ. **माउसाल** પરથી વિવૃત્ત 'ઑ' વાળો **મૉસાળ** સિદ્ધ કરી શકાય.[૪] **भ्रातृजायिका**–અપ. **भाउज्जाइय**–પરથી **ભૉજાય** (જોડણીકોશ **ભોજાય**માં વિવૃત ઑનું ચિહ્ન નથી આપતો અને મૂળ તરીકે દેશ્ય **भाउज्जा** આપે છે એ ભૂલ છે.) અને **पादोनकम्** પરથી **પૉણું** થાય છે તેમ. પણ મૂળનો **शाला** સ્ત્રીલિંગ છે, જ્યારે **મોસાળ** છે નપુંસકલિંગ તેનું કેમ? મને લાગે છે કે **પીયર** (**पितृगृह**–), **મહીયર** (**मातृगृह**–) વગેરેની અસર નીચે **મોસાળ** પણ નપુંસકલિંગ બન્યો હોય. જૂની ગુજરાતીમાં **હથસાલ** (હસ્તિશાલા) મળે છે; **ભણસાળી** (भाण्डशालिक–) માં પણ **શાલા** છે.

૨, સમાન ધ્વનિના લોપે (જેમ, मातृस्वस्रिका-माउस्सस्सिआ-माउस्सिआ –માશી, દીનનો નાથ–દીનોનાથ, અંગગત–અંગત વગેરે).

૩. પરશાલા પટશાલા પાક,
હયશાલા રથશાલા વાક,
ગજશાલા દેવશાલા ઠામ.
—મડાપચીશી, ૮, ૭-૮.

૪ શામળની સિંહાસનબત્રીશીમાં મુંશાલ ને મુંસાલ મળે છે (૩૨, ૧૫, ૨૫૧). અહીં ઉકાર વિવૃત ઓ દર્શાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. પણ **પડ(ર)સાળ** અને **મોસાળ**માં થાય છે તેમ નિયમ પ્રમાણે મૂળના **શાલા**-નો શ્- ગુજરાતીમાં સ્- બનવો જોઈએ, તેને બદલે **નિશાળ, પોશાળ** અને **ટંકશાળ**માં તે શ્ તરીકે જ રહે છે તેનું શું? અને જૂની ગુજરાતીમાં **નેસાલ, નેસાલીયા** મળે જ છે, તો અર્વાચીન ગુજ.માં **શ્** ક્યાંથી આવ્યો? **નિશાળ** પૂરતી આની સમજણ **નરસિંહરાવ** એમ આપે છે કે **નિ**°માં રહેલા ઇકારની તાલવ્ય અસર નીચે **નેસાલ**માંથી **નિશાળ** થયું; અને આને માટે તેઓ સામાન્ય ધ્વનિનિયમ એવો બાંધે છે કે **ઈ** કે **એ** સકારની **પૂર્વે** હોય તો પણ કેટલીક બાબતમાં **સ**-નો **શ**- થાય છે.[5] પણ જે ઉદાહરણો પરથી તેમણે આ નિયમ તારવ્યો છે, તે તપાસતાં તે ટકી શકે તેમ લાગતું નથી. **કરીશ, કરશે, તરશ, પરશેવો** અને **નિશાળ**-એટલામાં **પૂર્વવર્તી** ઇકાર કે એકારની અસરથી તાલવ્ય **શ** થયો હોવાનું **નરસિંહરાવ** કહે છે. આપણે એ શબ્દો તપાસીએ:

(૧) **કરીશ,** અને **કરશે**માં જ નહીં પણ **કરીશ, કરશું, કરશો** અને **કરશે** એમ ભવિષ્યકાળનાં બધાં રૂપોમાં શ્કાર છે, અને તેનું મૂળ, करिसि, करिसिइ करिसिउ વગેરેનો सि પ્રત્યય છે, જેમાંના **પરવર્તી** इકાર દ્વારા શ્ નિષ્પન્ન થાય છે.

(૨) **તરશ**-સં. **તૃષા, અપભ્રંશ** અને **જ**ની ગુજરાતીમાં આવતાં **આ**કારાન્ત સ્ત્રીલિંગ અંગોને ઈકારાન્ત કરી નાખવાના સામાન્ય વલણને આધારે ઈકારાન્ત બને છે અને તેથી **તરસ** અને **તરશ** એમ બંને રૂપો પ્રાંતભેદે સિદ્ધ થાય છે. એટલે આમાં પણ તાલવ્ય શ્કાર પરવર્તી इકારની અસર નીચે સિદ્ધ થયો છે, પૂર્વવર્તી इકારની અસર નીચે નહીં.

(૩) **પરશેવો**—**ન**રસિંહરાવ પોતે જ કહે છે કે આમાં શ્કાર પરવર્તી **એ**ને આભારી હોય.

આ પ્રમાણે પૂર્વવર્તી તાલવ્ય સ્વર તાલવ્યવિધાયક હોવાનો નિયમ ખોટો ઠરતાં, **નિશાળ**ના શ્કારની સમજણ આપવાની બાકી રહે છે. અને **પોશાળ, ટંકશાળ**માં તો આવો તાલવ્યવિધાનનો નિયમ સાચો હોત તો પણ લાગુ ન પડત.

આ ત્રણ માટે મને તો એમ લાગે છે કે તેમાં નિયમ પ્રમાણે થવો જોઈ તો **સાળ,** સંસ્કૃત **શાલા**ની અસર નીચે **શાળ** બની ગયો. તદ્ભવ સાળને બદલે અર્ધતત્સમ શાળ ચાલુ થયો. શિષ્ટ વપરાશમાં **શાલા**

૫. પૂર્વોક્ત ગ્રંથ, ૧, ૪૭૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા **ગોશાલા, ગજશાલા** વગેરે હતા.[૬] તેમની અસરથી ઉપરના ત્રણે શબ્દોમાં શ્કાર આવ્યો જણાય છે. આ જ રીતે મૂર્ધન્ય ષકારનું તદ્ભવ શબ્દોમાં અસ્તિત્વ ન હોવા છતાં પ્રા. ગુજ. **વિષઇ** અને અર્વાચીન **વિષે** એ શબ્દોમાં સં. विषय–ની અસરથી ષકાર આવ્યો છે, ને પ્રા. ગુજ. **સકઇ** ને સ્થાને અર્વા. ગુજ. **શકે** પ્રચલિત થયો છે. ઉપરાંત સરખાવો **અશાડ**<आषाढ–.

૫. **નિશાળ**ને –**શાળ** અંશ સં.–शाला નું પરિણામ છે, એટલે **નિ–** એ અંશ लेख–નું પરિણામ હોવું જોઈએ. આમાં બે અસાધારણ ધ્વનિવિકાર સમાયેલા છે. પહેલું તો એ કે સં. શબ્દાદિ **લ્–** ગુજરાતીમાં સાધારણ રીતે પૂર્વવત્ જળવાઈ રહે છે, જ્યારે **નિશાળ**માં તેમ ન થતાં તેનો **ન–** થાય છે. આને મળતાં રડ્યાંખડ્યાં ઉદાહરણો **ન**રસિંહરાવે નોંધ્યાં છે. **ન્હાનું**– સં. श्लक्ष्णकम् ગુજરાતીમાં; **હે**મચંદ્રે નોંધ્યા પ્રમાણે णडाल– (સં. ललाट–), णाहल– (સં. लाङ्गल–), णंगल– (સં. लाङ्गल–) અને णंगूल– (સં. लाङ्गूल–) **પ્રા**કૃતમાં, આ જાતનું પરિવર્તન રજૂ કરે છે. એટલે અપ. लेहसाल જૂની ગુજ. માં नेसाल બન્યો તે આ વિરલ પ્રક્રિયાને અનુસરીને જ. અને એ બધામાં અંતે આવતા લકારથી ઉચ્ચારભેદ સાધવા માટે વૈરૂપ્યના નિયમને અનુસરીને ल्– નો ण्– કે न् થયો છે. **ન્હાનું**માં સારૂપ્ય છે.

૬. બીજી અસાધારણતા તે लेहसाल ના આદ્ય અક્ષરમાં રહેલા ए નો **નિશાળ**માં इકાર થયો તે. સાધારણ નિયમ તરીકે ખુલ્લા ('ઓપન,' open) અક્ષરોમાં રહેલો મૂળનો –ए– ગુજરાતીમાં પૂર્વવત્ જળવાઈ રહે છે. પણ **ન**રસિંહરાવે નોંધ્યું છે તેમ કોઈ રડયાખડયા શબ્દોમાં –ए–>–ई– પ્રક્રિયા જોઈ શકાય છે. –ગુજ. **ફીણ**– સં. फेन– આનું ઉદાહરણ છે.[૯] **પ્રા**કૃતનાં –ए–>–इ–નાં ઉદાહરણ. **હે**મચંદ્રે આટલાં આપ્યાં છે:[૧૦]

---

૬. અભિધાનચિંતામણિ (હેમચંદ્ર)માં **પર્ણશાલા, ચંદ્રશાલા, કુપ્યશાલા, તૈલિશાલા** અને તેજ પ્રમાણે સૂદ૦, હસ્તિ૦, વાજિ૦, ગો૦, ચિત્ર૦ કુંભ૦, તંતુ૦, નાપિત૦, શિલ્પિ૦, સત્ર૦, ને **પાનીયશાલા** આપેલા છે.

૭ **પ્રાકૃત વ્યાકરણ**, ૧, ૨૫૬,

૮ उलूखल–उलूखण :–માં અનાદ્ય સ્થિતિમાં આ પરિવર્તન થયું છે. **વાકર્નાગલ** (Wackernagel), આલ્તીંદીશ ગ્રામાતીક (Altindische Grammatik), ૧, § ૧૭૫.

૯ **ન**રસિંહરાવે નોંધેલા **વીંટલું**, પ્રા. वेट्ट–, સં. वेष्ट्–; **તીડ**, પ્રા. तेड्ड– અને **છીંડી**, પ્રા. छेंडी સંવૃત–ક્લોઝ્ડ, closed–અક્ષરોમાંના 'એ'ના પરિવર્તનનાં ઉદાહરણ હોવાથી પ્રસ્તુત ન ગણાય.

૧૦. **પ્રાકૃત વ્યાકરણ**, ૧, ૧૪૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विअणा– सं. वेदना, चविडा– सं. चपेटा, दिअर– सं. देवर-, किसर– सं. केसर-. ગુજરાતીમાં **દિયર, ક્યારે, વીણ ભુવડ, લીટી, કૂળું, કુણું, કુમળું, હીમખીમ,** એ –ए– > –इ–(–ई–) અને ओ–> –उ– એ પ્રક્રિયાના બીજાં ઉદાહરણો છે. તેમાં **દિયર** ને **વીણ**નાં પૂર્વરૂપ **પ્રાકૃત**માં જાણીતાં છે; સં. केदार- + -क- પરથી પ્રા. केआरअ-, પછી कियारउ અને **ક્યારો**; સં, भोज- + -ट- પરથી પ્રા. भोअ- + -ड-, પછી भुअड, **ભુવડ**; અને સં. कोमल + -क-, અપ. कोवँलउ, પછી कोंअलु, कूँळुँ कूँणु એ રીતે **ક્યારો, ભુવડ** ને **કૂંળું** (**કૂણું**) સિદ્ધ થયા છે. પણ આ પાંચે શબ્દો પરથી પ્રસ્તુત વિકારની એક મર્યાદા સ્પષ્ટ થાય છે. તે એ કે આદ્યાક્ષરમાં રહેલા –ए–, –ओ–, તેમની પછી अ કે आ હોય ત્યારે, તેમની અસર નીચે –इ–, –उ– તરીકે ઉચ્ચારાવાનું વલણ વ્યક્ત કરે છે : **देअर–દિયર, वेअणा–વીણ, केआरअ–ક્યારો, भोअ+ड–ભુવડ.**

પણ **પ્રાકૃત चविडा, किसर–, लीह–** (સં. लेखा– ગુજ. **લીટી, લીંટી**), ગુજ. **હીમખીમ** (સં **क्षेम**– નું દ્વિરુક્ત પ્રાસરંગી રૂપ), **કુમળું** (સં. **कोमलक–**) એ સૌમાં આવી કોઈ નિયામક મર્યાદા નજરે નથી ચડતી. એટલે એ શબ્દોમાં તેમ જ **નિશાલ**માં –ए–>ઇ–એ વિકાર અનિયમિત હોવાનું માનવું રહ્યું.

૭. અપ. **लेहसाल**નો **ह्**કાર સાધારણ નિયમ પ્રમાણે જ ગુજરાતીમાં લુપ્ત થાય છે,[૮] અને પછી લગોલગ આવતા **ए+अ** સ્વરો સંકોચ પામી **ए** થઈ ગયા તે પણ સામાન્ય નિયમને અનુરૂપ છે. **લીટી, દેરું, ઓરશિયો** (**अवघर्ष–**) વગેરે કુડીબંધ ઉદાહરણો ટાંકી શકાય.

નિશાળને લગતા થોડાક પ્રાચીન ઉલ્લેખો આ પ્રમાણે છે[૯] (જૂની ગુજરાતીનાં ૫, ૬, ૮–૧૨, એ ઉલ્લેખો નરસિંહરાવે નોંધેલા તે જ છે):—

(૧) પ્રા. **एक्क–लेहसालिओ** 'સહાધ્યાયી'—**વસુદેવહિંડી**, ૧, ૩૬, પં. ૧૬ (આશરે ઈસવી પાંચમી–છઠ્ઠી સદી).

(૨) અપ. **पेच्छइ लेहसाल–गयसालउ** 'તે લેખશાળા અને ગજશાળા જુવે છે'—પુષ્પદંતકૃત **મહાપુરાણ** ૪૧, ૧૧, ૮ (ઈસવી દસમી સદી).

(૩) લૌકિક સં. **लेखशालिक–**, **પ્રબન્ધકોશ** (૧૩૪૯), પૃ. ૨૧.

---

૮. નરસિંહરાવ, પૂર્વોક્ત ગ્રંથ, ૧, ૩૧૩.

૯. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં બીજા પણ ઉલ્લેખો મળે છે, પણ તેથી કાઈ વિશેષ પ્રકાશ પડતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) લૌકિક સં. लेखशाला અને लेखशालिक ચંપકશ્રેષ્ઠિકથાનક (૧૫ મી સદી)માંથી મોનિયર વિલિયમ્જનો સંસ્કૃત–કોશ નોંધે છે.

(૫) જૂની ગુ. एकवार सूनी नेसाल—ભીમકૃત હરિલીલાષોડશકલા, ૮, ૩૦ (આ. ૧૪૮૫–૯૦)

(૬) विणसाडी सघली नेसाल—હરિલીલાષોડશકલા, ૮, ૪૭.

(૭) નેશાલ શબ્દ વાસુકૃત કર્ણકથા (આ. ૧૫૦૦–પ્ર. મુ. દેસાઈ સંપાદિત સગાળશા આખ્યાન, પા. ૧૧, પં. ૧૬)માં વપરાયો છે.

(૮) दस नेसालं संभालीइ—લાવણ્યસમયકૃત વિમલપ્રબંધ ૪, ૩૫, (૧૫૧૨).

(૯) इति श्रीविमलप्रबंधे नवषंडे लेषशालाकरण—વિમલપ્રબંધ, ૪ થા ખંડને અંતે

(૧૦) यम बेटउ नेसालं भणइ

(૧૧) नेसालीउ जीव नीसले––વિમલપ્રબંધ, ૪, ૩૬.

(૧૨) नेसालीया अवर परवर्या—વિમલપ્રબંધ, ૪, ૩૬.

(૧૩) नेसाल=लेखशाला—એક મૌક્તિક (સાલ નથી).

'પગ'નું પગેરું

આપણા નિત્ય વપરાશના કેટલાક સુપરિચિત શબ્દો એવા છે કે તેમનું મૂળ તપાસવા પ્રયાસ કરશું તો તે આપણા પ્રયાસને ભાગ્યે જ ગણકારશે. **नाक, गाल, डोक, डाचुं, घूंटण, बाप, बाई, फोई** વગેરે ગણાવતા થાકી જવાય તેટલા છે. સગવડ ખાતર કહી નાખીએ કે એ સૌ દેશ્ય મૂળના છે, પણ એમ કહેવાથી એ શબ્દોના ઇતિહાસ બાબત આપણે પહેલાં જેટલા જ અંધારામાં રહીએ છીએ. પણ હેમચંદ્રે દેશીનામમાલામાં દેશી તરીકે નોંધેલા કેટલાક શબ્દોનું છે, તેમ ઉપરનોંધ્યા જેવા કેટલાક શબ્દોને વિશે પણ એવું હોય કે તે મૂળે સંસ્કૃત કે પ્રાભાઆ.માંથી જ ઊતરી આવ્યા હોય—શુદ્ધ તદ્‌ભવ હોય, પણ જે ધ્વનિવિકારોને આધારે તે સધાયા હોય તે પ્રમાણમાં સંકુલ સ્વરૂપના હોવાથી એ શબ્દોનું મૂળ ઝટ દઈને પરખાયું ન હોય. આપણો **પગ** શબ્દ પણ આ ભાતનો જણાય છે.

'ચરણ' એ ભાવના વાચક તરીકે સંસ્કૃતમાં બીજા શબ્દો ઉપરાંત ખાસ તો **पाद–(કે पद–)** શબ્દ પ્રચારમાં હતો. કેટલીક હાલની ઉત્તર–ભારતીય ભાષાઓમાં આ **पाद–** જ **पाय, पाँव** ઇત્યાદિ રૂપે વપરાતો ચાલુ રહ્યો છે. ગુજરાતીયે **પાય** વાપરે છે ખરી, પણ તે કાવ્યમાં કે સાહિત્યભાષામાં. રોજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરોજના વપરાશમાં તો નવા **પગ** શબ્દે **પાય**નું સ્થાન લીધેલું છે. ગુજરાતી મારવાડી, હિંદીમાં તેમ જ વરાડની લભાણી (વણજારી)માં આ શબ્દ જાણીતો છે. ગુજરાતીમાં **પગ્ગ** પણ મળે છે. પ્રાચીન ગુજરાતી તથા ડિંગલમાં વપરાયેલો **પગ્ગ** (ઢોલા-મારૂરા દૂહા, ૨૦૫)એ આ સૌમાં જૂનું સ્વરૂપ રજૂ કરે છે.

આ **પગ્ગ** મૂળ શા પરથી આવ્યો? ટર્નરે નેપાલી શબ્દકોશમાં, ને તેને અનુસરીને દવેએ તેમની **उपदेशमाला-बालावबोध**ની આવૃત્તિમાં **पाग**ના મૂળ સ્વરૂપ તરીકે સંસ્કૃત **पद्ग**–'પગપાળો' 'પગે ચાલનારો' એ શબ્દ સ્વીકાર્યો છે. ધ્વનિદૃષ્ટિએ આ સામે વાંધાભર્યું કશું નથી પણ અર્થદૃષ્ટિએ 'પગપાળો' માંથી 'પગ' લાવવું એ સહેલું નથી લાગતું. આ પ્રકારના અર્થવિકાસનાં બીજાં સમાંતર ઉદાહરણો ન આપવામાં આવે ત્યાંસુધી એ વ્યુત્પત્તિ ચિંત્ય દશામાંથી નીકળી ગઈ ન કહી શકાય.

આથી અહીં **પગ**ની વ્યુત્પત્તિ માટે એક નવું સૂચન મૂકું છું. એનો આધાર છે ડિંગળ (જૂની મારવાડી) શબ્દ **કરગ**. પૃથ્વીરાજના વિખ્યાત **વેલિ ક્રીસન રુકમણી રી** એ કાવ્યમાં એ શબ્દ ત્રણ વાર પ્રયુક્ત થયો છે. ધ્વનિદૃષ્ટિએ તેનો સંબંધ સં कराग्र–'હાથનો અગ્ર ભાગ' સાથે છે. વિકાસ-વ્યાપાર દરમિયાન कराग्र-ના અર્થમાં જરા ફેરફાર થયો છે. સુબોધમંજરી વગેરે ટીકાને અનુસરી વેલિના સંપાદકોએ ઘટતી રીતે જ **કરગ**નો અર્થ 'કર', 'હાથ' કર્યો છે. એક સ્થળે તો તે ચોખ્ખો 'કર'ના પર્યાય તરીકે જ વપરાયો છે. જુઓ,

> किहि कुमकुमौ करगि, कुङ्कुम किहि करि,
> किहि करि कुसुम, कपूर किहि ।
>
> (વેલિ, ૧૦૨ પૂર્વાર્ધ)

"કોઈ (સ્ત્રી)ના હાથમાં ગુલાબજળ, (ને) કોઈના હાથમાં કેસર; કોઈના હાથમાં ફૂલો, (ને) કોઈના (હાથમાં) કપૂર."

આમ 'કરનો અગ્ર ભાગ' એવા અર્થના વાચક कराग्र-માંથી અંગ મૂળ અંગીનો વાચક બની બેસવાના અર્થવિકાસના નિયમને અનુસરી, 'હાથ'-વાચક (करग्ग – દ્વારા) करग શબ્દ નીપજ્યો છે. પાછળના ચારણી કાવ્યમાં क्रग કે क्रगो રૂપે પણ તે વપરાયો છે.

અને તો कराग्र-> करग्ग-> करगની જેમ જ पदाग्र-માંથી पग ન થયો હોય? અર્થવિકાસ માટે તો હમણાં જ કહ્યું. સાથે એ પણ નોંધીએ કે વેલિ, ૧૯૭માં पगि पगि 'ડગલે ને પગલે' એ અર્થમાં પ્રયુક્ત છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पदाग्र–>पग એ ધ્વનિવિકાસ સમજાવવો પડે તેવો છે––ખાસ કરીને તો શબ્દાન્તર્ગત –अ– નો લોપ. અપભ્રંશમાં કે અર્વાચીન ભૂમિકામાં આવતાં, શબ્દની વચ્ચે રહેલો (યશ્રુતિયુક્ત કે તે વિનાનો) –अ– (અથવા તો –व–, –ब–) બીજા કોઈ પણ સ્વર પછી આવતો હોય અને તે પછી સંયુક્ત વ્યંજન હોય તો તે લોપાયાનાં ઉદાહરણો તરીકે આટલા શબ્દો મને મળ્યા છે:

સં. भुजार्गला–, અપ. भुअग्गल– : ભોગળ, ભૂંગળ.

સં. मत्स्य–बन्धिनी–અપ. मच्छंधिणी.

સં. पिशाच– + –ल्ल–, પ્રા. पिसाअ– + –ल्ल, અપ. पिसल्ल–

સં. मुकुटबद्ध–, અપ. मउडद्ध–, ગુજ. મડધો.

સં. भविष्यदत्त–: પ્રા. भविस्सअत्त : અપ. भविसत्त–

સં. पञ्चवर्ण–, અપ. पञ्चन्न–

સં. कण्टकाग्र–: પ્રા. कण्टअग्ग–: અપ. कण्टग्ग–

સં. जन्यायात्रा, પ્રા. जन्नजत्ता, અપ. जन्नअत्ता, जन्नत्ता.

સં. वरयात्रा, પ્રા. वरजत्ता, અપ. *वरअत्त–, *वरत्त—હિં. वरात.

તેવી જ રીતે સં. पदाग्र–: પ્રા. पअग्ग–: અપ. * पग्ग–, પ્રા. ગુ. पग्ग, पाग, पग.

આમાં क्रग : पग्ग એ સાદૃશ્યનો પ્રભાવ પણ ગણતરીમાં લેવો ઘટે. કેટલાક બીજા અનિયમિત વિકાસવાળા શબ્દોની જેમ અહીં પણ સંયુક્ત વ્યંજનો ઋજુભાવ પામવા છતાં તેમની પહેલાંનો સ્વર દીર્ઘ નથી થતો. આમ पदाग्र– રૂપાંતરિત થઈ **પગ** થયો એ ખૂબ સંભવિત લાગે છે.

પરોણો, પરાણો

૧. 'ગાડે જોતરેલા બળદ વગેરેને હાંકવા માટેની આરવાળી લાકડી' એવા અર્થમાં, ઉચ્ચારણની દૃષ્ટિએ નજીકનજીકના, બે શબ્દો ગુજરાતીમાં જાણીતા છે: **પરોણો** (સ્ત્રી. **પરોણી**) અને **પરાણો** (સ્ત્રી. **પરાણી**). **પરોણો** 'મહેમાન' આગલા શબ્દથી બે ત્રણ વીગતમાં જુદો પડે છે. જોડણીકોશ ન નોંધતો હોવા છતાં એમાં 'પ'–માં હકાર ક્યાંય ક્યાંય સંભળાય છે, તેનું રૂપાંતર **પરૂણો** છે, અને તેનો સંબંધ પ્રા. અપ. पाहुणय– (*प्राहुणय–), અને ઉત્તરકાલીન સંસ્કૃત प्राघुणक–, प्राघुणिक–, प्राघूर्णक–, प्राघूर्णिक– એવા રૂપાંતરે મળતા શબ્દ સાથે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. **પરોણો**ના મૂળ તરીકે જુદાજુદા શબ્દ સૂચવાયા છે:[1]

प्रहरणक–(**પટેલ, વ્યાસ**).

प्रवयण–(**દોશી**).

प्रतोदन–(**ટર્નર, દોશી**).

૩. प्रहरणक–ને મૂળ તરીકે સ્વીકારવા જતાં ધ્વનિદૃષ્ટિએ બે દુર્લંઘ્ય મુશ્કેલીઓ ઊભી થાય છે. એક તો એ કે હકારની અસર નીચે પૂર્વ સ્વર **એ** કે **ઓ** (ઘણુંખરું વિવૃત)થવાનું ગુજરાતીમાં વલણ છે. જુઓ, **પહોર** (प्रहर–), **નહોર** (नखर–), **મોટું** (महत्), **વહેવાર** (व्यवहार–), **બેચરદાસ** (बहुचरा+दास–), **લહેર** (लहरी–), **ઝેર** (जहर), વગેરે. એ વલણ પ્રમાણે प्रहरणक–ના આરંભના અક્ષરો ગુજરાતીમાં **પહે**– કે **પહો**– રૂપે ઊતરવા જોઈએ. બીજું प्रहरणक– ના –र– ને **પરોણો**ના –**રો**– વચ્ચે સંબંધ ઘટતો નથી. **વ્યાસે** મૂળના –र– પછી હકાર–પ્રક્ષેપની કલ્પના કરી એની ઉપપત્તિ આપવાનું કર્યું છે, પણ એવો હકાર–પ્રક્ષેપ ગમે ત્યાં કલ્પવો તર્કવિલાસ ગણાય અને **પરોણો**માં હકાર ઉચ્ચારાતો નથી એ પણ એવી કલ્પનાની વિરુદ્ધ જાય છે.

૪. प्रवयण– શબ્દ 'પ્રાજન', 'પ્રતોદ'ના અર્થમાં હેમચંદ્રે આપેલો છે, અને શિશુપાલવધમાં એ જ અર્થમાં તે વપરાયેલો છે,[2] એ **મલ્લિનાથ**ની ટીકા પરથી પણ જોઈ શકાય છે. પણ **દોશી**નો વિકાસક્રમ (प्रवयण–परवयण–परउयण–परोयण–परोणो) જે प्र–>पर– એ વિશ્લેષ ઉપરાંત આખા–वय– અંશના લોપની અપેક્ષા રાખે છે એ, એવા ધ્વનિસંદર્ભમાં ઘણી અસામાન્ય જણાય છે. –वय– અંશનું સામાન્ય નિયમે તો –वे– જ થાય. આની તુલનામાં प्रतोदन– મૂળ તરીકે સ્વીકારતાં વિકાસનો ક્રમ વધારે સ્વાભાવિક બને છે.

૫. *प्रतोदनक–ને મૂળ તરીકે સ્વીકારવામાં પણ બધું સુગમ તો નથી જ. प्रतोद–, तोत्र–, तोदन– વગેરે **સંસ્કૃત**માં સુપ્રચલિત છે, પણ *प्रतोदन– જેવો શબ્દ સંસ્કૃતમાં નથી. બીજું, *प्रतोदनकः પરથી प्रा. *प्रओअणओ–

---

૧. સાહિત્ય—**ટર્નર, નેપાલી ડીક્ષ્નરી; ચ. પુ. પટેલ, જૂની ગુજરાતી ભાષા**, ૩૪૮; કા. બ. **વ્યાસ, ગુજરાત સંશોધન મંડળનું** ત્રૈમાસિક, એપ્રીલ ૧૯૪૦; **બેચરદાસ દોશી, ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ**, (૧૯૪૩), ૨૫૦.

૨. स्वयमादित प्रवयणं प्रजापतिः । (१३, १९)
ટીકા–प्रवीयते प्रेर्यतेऽनेनेति प्रवयणम्, प्राजनम्, प्रतोद इति यावत्।
अत एव प्रवयणो दण्डः प्राजनो दण्ड इति काशिका ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*प्रओणओ સિદ્ધ કરવામાં प्र- સારૂપ્ય પામ્યા વિના જળવાઈ રહ્યો એમ માનવું પ્રાપ્ત થાય છે, જ્યારે **પાનો** (प्रस्नव-), **પામવું** (√ प्राप्-), **પ્યારું** (प्रियतर-) વગેરેમાં प्र-નો प- થએલો જોઈ શકાય છે. પણ સાથે **પરસેવો** (प्रस्वेद-), **પરોવવું** (प्रोत-), **પરોણો** (*प्राहुणउ, प्राघुणक-), **પરબ** (प्रपा-?) વગેરેમાં प्र- એમને એમ જાળવી રાખવાનું વલણ પણ જોઈ શકાય છે. એટલે *प्रओणओ- *प्रोणउ- *पिरोणउ- *पिरोणो **પરોણો** એવા વિકાસક્રમની અટકળ સ્વાભાવિક છે. જો કે હજી પણ એક ગઢ જીતવો બાકી રહે છે. *प्रतोदन-, સામાન્ય રીતે નપુંસકલિંગી નામ ગણાય. વળી तोदन-, प्रहरण-, तोत्र-, એ બધા પણ નપુંસકલિંગ છે. પણ **પરોણો** પુલ્લિંગ છે. એટલે આ લિંગવ્યત્યય प्रतोद-ની કે प्राजन- (વિકલ્પે પુંલ્લિંગ) જેવાની અસર નીચે, પણ કાશિકામાં प्रवयणो दण्डः प्राजनो दण्डः છે અને હેમચંદ્રે तोदनदण्डः વાપરેલો છે તે પરથી વધારે સંભવિત પણે, *प्रतोदनदण्डःના ટૂંકા રૂપ તરીકે સમજાવી શકાય.

૬. **પરોણો**ના -રો-ની વિવૃત્તતા પરવર્તી નાસિક્ય ધ્વનિનું પરિણામ છે. કાઠિયાવાડીમાં અને અમુક અંશે શિષ્ટ ગુજરાતીમાં પરવર્તી નાસિક્ય ધ્વનિની અસર નીચે આગળના **એ** કે **ઓ**નું વિવૃત ઉચ્ચારણ થાય છે.[४]

૭. **પરાણો**નું મૂળ प्राजनक: *प्राअणओ, प्राणओ, पिराणओ પરથી **પરાણો** સરળતાથી આવી શકે. જોડણીકોશ प्रवयण- મૂળ તરીકે આપે છે એ બરોબર નથી. તેમાં प्र°નું प्रा° થયું એમ માનવું પડે, જેને માટે કશો આધાર નથી.

પ્રાચીન ગુજરાતી ગદ્ય-સંદર્ભ (પૃ. ૧૯૦) પર **પિરાણઉ**='પ્રતોદ' 'પ્રાજિન', 'તોત્રં' આપેલું છે. આમા प्राजनं જોઈએ. प्राण- પરથી पिराण **વસંતવિલાસ**માં વપરાયું છે.

૮. **પરોણી** અને **પરાણી** લઘુતાવાચક રૂપો છે.

---

૩. -ओअ->-ओ- એ સ્વરસંકોચની પ્રક્રિયા પ્રાકૃતમાં જાણીતી છે. स्तोक-+-*टक- પરથી અપ. *थोअडउ, थोडउ એ આનું એક ઉદાહરણ છે.

૪. કે. હ. ધ્રુવના ધ્યાનમાં આ ઘટના આવી હતી (વાગ્વ્યાપાર). ચ. પુ. પટેલે (જૂની ગુજરાતી ભાષા, ૩૪૦) તથા ચુ. વ. શાહે પણ આની નોંધ લીધી છે (બુદ્ધિપ્રકાશ, ૧૯૩૪) નરસિંહરાવના કાને આ કેમ ન વર્ત્યું એ એક આશ્ચર્ય છે (ગુ. લૅ. ઍ. લી., ૧, ૧૮૫, ૧૬૧.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેલ, મેલ, બળદ

૧. આ શબ્દોનું મૂળ ખોળવાની શરૂઆત આપણે **शरीर-** ને **करीर-** વગેરેના વિકાસવિશેષ નિરૂપવાથી જ કરીએ. **शरीर**-નું પહેલાં सरीर- ને પછી **સઇર-** કે **સયર-**. આ शरीर-ની જેમ જ करीर-નો વિકાસ करीर->कईर- ને પછી **કેર-ડો.** તે જ પ્રમાણે **સેંજળ-સઇજલ** <सरिज्जल-, અને **પૈબ્રહ્મ-પરિબ્રહ્મ**-परब्रह्म.[2]

૨. આ બે શબ્દોનો વિકાસ તપાસતાં આપણે જોઈ શકીએ કે એમાં જે મધ્યવર્તી રકારનો લોપ થયો છે, તે નજીકનજીકના અક્ષરમાં એક પછી એક એમ બે રકાર આવતા હોવાને પરિણામે જ.

૩. ઉપરના બે શબ્દોમાં જેમ -र- લોપાયો તેમ એકધ્વનિતાના કારણે -ल्- લોપવાથી **બેલ** અને **મેલ** સધાયા જણાય છે. **પ્રાકૃત**માં °इल्ल- પ્રત્યય એક મત્વર્થીય તરીકે સામાન્ય પ્રચારમાં છે (**હેમચંદ્ર** ૮-૨-૧૫૯, **પીશલ** § ૫૯૫). ઉ. ત. गुणिल्ल- 'ગુણવાન', माइल्ल- 'માયાવી'. **રાજશેખર** (ઈ. સ. ૧૦મી સદી) જેવા લેખકની કૃતિઓમાં આવા શબ્દો છૂટથી વપરાયા છે. આને આધારે बल- પરથી *बलिल्ल-'બળવાન', ને **मल-** પરથી *मलिल्लउ[3]- કે *मलिल्लय- 'મળવાળું' પણ પ્રચારમાં હોવાની અટકળ થઈ શકે. પછી **શરીર-** ને **કરીર**-ની જેમ, મધ્યવર્તી **-લ્-** ઊડી જતાં **બઇલ્લ**-ને ***મઇલ્લઉ-** અને પછી સ્વરસંકોચ દ્વારા **બેલ-** અને **મેલું-**. **બેલ**માં ક્વચિત **એ**નું સંવૃતત્વ પણ સંભળાય છે. *बलिल्ल-ના સામાન્ય અર્થ 'બળવાન'માંથી 'બળદ' એવા અર્થના વિકાસ સાથે સરખાવો. (૧)સં. बलिन्-ના ચાલુ અર્થ ('બળવાન') ઉપરાંત કોઈ કોશોમાં નોંધાયેલો અર્થ 'બળદ' (**મોનીઅર વીલિયમ્ઝ**); (૨) वैदिक वृषन्-નો મૂળ અર્થ 'બળવાન'ને પછી 'બળદ'. **કુત્રે**એ પ્રા. मइल्ल- માટે પૂર્વરૂપ તરીકે मृदिल्ल- (એટલે કે मृद् 'મૃત્તિકા' + -इल्ल- મત્વર્થીય) સૂચવ્યો છે, અને ગ્રેએ बइल्ल-ના મૂળ તરીકે वदिल्ल-(એટલે કે बिन्दु- સાથે સંબદ્ધ ધાતુ √बद्+इल्ल-). આમાં છેલ્લું સૂચન તો દૂરાકૃષ્ટ જણાય છે. **કુત્રે**નું સૂચન ઘણી મોટી સંભાવના ધરાવે છે.

---

૧. દવેએ તેમની 'ઉપદેશમાલા-બાલાવબોધ'ની આવૃત્તિમાં **સઇર** શબ્દ **શરીર** સાથે સાંકળ્યો છે.

૨. સાંડેસરા, સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય, શબ્દકોશ, પૈબ્રહ્મ.

૩. દવે મૂળસ્વરૂપ તરીકે મલિલ- સૂચવે છે, પણ અર્વા. ગુ. મેલુંમાં લકાર છે, ળકાર નહીં એ હકીકત મૂળમાં -લ્લ- હોવાની સૂચક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. **વાંકું** ને **વાંક**, **ધોળું** ને **ધોળ**, **ઉઘાડું** ને **ઉઘાડ** તેમ **મેલું** ને **મેલ**. એટલે કે જેમ કેટલાક વિશેષણો પરથી બનતાં ભાવવાચક નામ સ્ત્રીલિંગ હોય છે (**મોળું–મોળ, સાંકડું–સાંકડ, ઉતાવળું–ઉતાવળ, અધીરું–અધીર**), તેવી રીતે ઉપર નોંધેલા વિશેષણો પરથી સધાતાં ભાવવાચક નામ નપુંસકલિંગ છે.

૫. **બળદ** શબ્દ પણ વૃષભ બલિષ્ઠતાનું પ્રતીક હોવાની હકીકતનો સૂચક છે. કથાસરિત્સાગરમાં बलद– વૃષભવાચી છે. **પ્રા**કૃતમાં बलद्द– છે. बलद–નો યૌગિકાર્થ છે 'બળ દેનાર'. તેમાંથી વિકસેલા 'વૃષભ' એ અર્થ સાથે સરખાવો હમણાંજ ઉલ્લેખેલા वृषन्– શબ્દનો યૌગિકાર્થ '(વીર્ય)સેકતા' અને ચાલુ અર્થ 'વૃષભ'. **આલ્સડોર્ફ**[૩] અપ. बलद्द–માંનો બેવડો દકાર સમજાવવા તેના પૂર્વ સ્વરૂપ તરીકે बलद–ને બદલે * बलंद– શબ્દ હોવાનું કલ્પે છે. પણ એ બિનજરૂરી છે. **પ્રા**કૃત અને **અપ**ભ્રંશમાં કોઈક **સં**સ્કૃત શબ્દોને અર્ધતત્સમ રૂપે સ્વીકારવાનું વલણ પણ છે. અને એવે વખતે મૂળના **સં**સ્કૃત શબ્દોનો લોપપ્રાપ્ત (કે વિકારપ્રાપ્ત) વ્યંજન લોપ (કે વિકાર) પામવાને બદલે બેવડાઈ ને જળવાઈ રહે છે. **અપ**ભ્રંશમાંથી બેજ ઉદાહરણ નોંધું:[૪] **सइलज्ज = शैलजा, मणमत्थ = मन्मथ**. હિંદી आसौज પણ * अस्सउज्ज જેવા પૂર્વરૂપની અપેક્ષા રાખે છે. એક રીતે આવા શબ્દો અર્ધતત્સમ ગણાય. એ રીતે સં. बलद– પ્રા. बलद्द– ને પછી **બળદ**.

ભભૂત

ભભૂત કે **ભભૂતી** એ **હિન્દી**માંથી સ્વીકૃત શબ્દ ગુજરાતીમાં પણ 'ભસ્મ', 'પવિત્ર રાખ' એ અર્થમાં જાણીતો છે અને દેખીતાં જ સં. विभूति– 'ભસ્મ'માંથી સધાયેલો એ એક અર્વાચીન તદ્ભવ (કે અર્ધતત્સમ) છે. એમાં રહેલો વિશિષ્ટ ધ્વનિવિકાસ આ રીતે સમજાવી શકાય :

(૧) विभूति– > बिभूति, **હિન્દી**ના ધ્વનિનિયમ પ્રમાણે;

(૨) बिभूति– > * बभूत

આમાંની –इ– > –अ– એ પ્રક્રિયા ગુજરાતીમાં જાણીતી છે.

---

૩. હરિવંશપુરાણ, ૧૫૬ વગેરે.

૪. સંદેશરાસક, શબ્દસૂચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) *बभूत–>भभूत. પરવર્તી भू–ની અસર નીચે, આગળના ब–નો ભ–. સમાન્તર ઉદાહરણ તરીકે, અર્ધતત્સમ **ભભીક્ષણ** (અશિક્ષિત લૌકિક ઉચ્ચારણ) <*विभीखण <विभीषण, विभीषण; રાજસ્થાની **ભીભળ** (ઢોલા–મારુરા દૂહા, ૨૨૯) અપ. भिंभल– <*विब्भल– <विब्भल– <विह्वल–; ઉપરાંત સરખાવો **ફોફળ** <फोप्फल– <पोप्फल– <पूगफल–.

નરસિંહરાવ આ શબ્દ માટે विभूति–>व्हिभूति– > भभूत એવો ક્રમ સૂચવે છે.[1] પણ **હિ**ન્દી વિશિષ્ટતા ઉપર સૂચવી રીતે જ સમજાવી શકાય તેમ હોવાથી, અને **વાલમ** ની વ્યુત્પત્તિચર્ચામાં બતાવ્યું છે તેમ **ભ**નો **વ્હ** કે **બ્હ** એ વિકાર શક્ય ન હોવાથી તેમની વ્યુત્પત્તિ અસ્વીકાર્ય ઠરે છે.

ભળવું–ભેળવવું

૧. ગુજરાતીમાં પ્રેરક અંગ સાધવાના અનેક પ્રકાર છે:

પડવું : પાડવું, બળવું : બાળવું, તરવું : તારવું વગેરેમાં **અ : આ** એવી આનુપૂર્વી ('ઑલ્ટર્નન્જ' alternance) વાળો પ્રકાર છે. તેવી જ રીતે

ઉકલવું : ઉકેલવું	**ખ**રવું : **ખે**રવવું
ઉખડવું : ઉખેડવું	**ફ**રવું : **ફે**રવવું
ઉછરવું : ઉછેરવું	**મ**ળવું : **મે**ળવવું
	ભળવું : **ભે**ળવવું

વગેરેમાં **અ : એ** એવી આનુપૂર્વીવાળો પ્રકાર જોઈ શકાય છે. આમાં પહેલો પ્રકાર તો દેખીતાં જ **સં. पतति : पातयति, ज्वलति : ज्वालयति** વગેરેના ફળ રૂપ છે, પણ બીજા પ્રકારના આખ્યાતિક અંગનું મૂળ તરત ધ્યાનમાં આવે તેવું નથી. પણ.

√लिप्–પરથી लिम्पति : लेपयति

√खिद्–પરથી खिद्यति : खेदयति

√सिच्–પરથી सिञ्चति : सेचयति

વગેરેને આધારે કહી શકાય કે ઉક્ત **અ : એ** ની આનુપૂર્વીવાળાં ગુજરાતી અંગો **સં**સ્કૃત **ઇ : એ** ની આનુપૂર્વીવાળાં અંગોમાંથી નિષ્પન્ન થયાં છે. આમાં **સં**સ્કૃત આખ્યાતિક અંગોના આદ્ય અક્ષરમાં રહેલો **ઇ**–

---

[1] ગુજ. લૅ. ઍ. લી. ૧, ૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીમાં -અ- તરીકે ઊતરી આવ્યો છે. સં. मेलयति નો मे- ગુજ. **મેળવવું** માં અવિકૃત જળવાઈ રહ્યો છે, ત્યારે સં. मिलति નો मि- ગુજ. **મળવું** માં म- રૂપે આવી રહ્યો છે. આ ઉપરથી એવો સામાન્ય નિયમ ફલિત થાય કે જ્યારે ગુજમાં પ્રેરક અંગોમાં ધાતુસ્વર **એ** હોય ('ફેરવવું', 'ખેરવવું') ત્યારે તેમના પ્રાથમિક અંગોમાંનો ધાતુસ્વર **અ** ('ફરવું, ખરવું') પૂર્વ ભૂમિકામાં **ઇ** રૂપે હોય (√*स्फिर्- √*स्किर्). એટલે

***स्फिरति–फिरइ–ફરે : *स्फेरयति–फेरेइ–फेरइ–फेरवइ–ફેરવે.**

***स्किरति–*खिरइ–ખરે : *स्केरयति–*–खेरेइ–*खेरइ–खेरवइ–ખેરવે.**

मिलति–मिलइ–મળે : मेलयइ–मेलेइ–मेलइ–मेलवइ–મેળવે.

૨. આ 'મળવું' : 'મેળવવું'ની જેવા, લગભગ તેવા અર્થના 'ભળવું' : 'ભેળવવું' એ ધાતુઓ પણ ગુજરાતીમાં છે. ઉપર આપેલી સમાન્તર રૂપ-ઘટનાના સાદૃશ્યે આપણે કહી શકીએ કે પ્રેરક 'ભેળવવું'ના પ્રાથમિક અંગ 'ભળવું'નો ધાતુસ્વર પૂર્વભૂમિકામાં **ઇ** રૂપે હોવો જોઈએ. એટલે **ભળવું**ને મળતું પૂર્વભૂમિકાનું અંગ *भिल- હોય— **મળવું**નું मिल- છે તેમ, અને મારવાડીમાં એ મળે પણ છે.

ભીતડા ભાજિ ઢહિ જાઈ ધરતી **ભિળે**,[૧] ગીતડા નહિ જાઈ કહૈ ગાંગો[૧].

૩. આ *भिल-થી પણ જરા આગળ વધીએ. પ્રાકૃત ધ્વનિમીમાંસાનો એક જાણીતો નિયમ છે કે

પ્રાભાઆ. સ્વરમધ્યગત [ઉષ્મ+નાસિક્ય] > પ્રા. સ્વરમધ્યગત [અનુનાસિક+સવર્ણ ઘોષ મહાપ્રાણ]

ઉદાહરણ : સં. ग्रीष्म- —प्रा. गींभ-
श्लेष्मन्- — ,, सेम्भ-
संस्मरति- — ,, संभरइ

આને મળતો વિકાર चिह्न- — चिन्ध-માં જોઈ શકાય છે. ઉક્ત વ્યંજનજૂથ જ્યારે શબ્દારંભે હોય ત્યારે તેમાંથી પ્રાકૃતમાં માત્ર સવર્ણ મહાપ્રાણ પરિણમે છે. ઉદાહરણ :

સં. स्मरति — प्रा. भरइ
√स्मिट्-('अनादरे, गतौ') — प्रा. भिडइ

---

૧. રાજસ્થાન=-ભારતી, ૧, ૧, એપ્રિલ ૧૯૪૬, ૭૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આના સાદૃશ્યે √*भिल्–નું મૂળ રૂપ √*स्मिल्– હોવાની અટકળ થઈ શકે.

૫. ધ્વનિનિયમો પ્રમાણે પુનર્ઘટિત ('રીકન્સ્ટ્રક્ટેડ', reconstructed) આ √*स्मिल्– વાસ્તવિકપણે સંસ્કૃત સાહિત્યમાં કે કોશોમાં મળતો નથી, એ ખરું. પણ એ માટે કેટલોક પરોક્ષ આધાર મળી રહે છે. 'પલકારા મારવા' એ અર્થની √मील्– અને √स्मील्– એ ધાતુજોડી ધાતુપાઠમાં આપેલી છે. આની સાથે √मिल्– અને √*स्मिल्–નું સામ્ય ઉઘાડું છે. બીજું, પ્રાભાઆ.માં કેટલાંક એવાં શબ્દો ને રૂપો મળે છે, જેમાં સ્પર્શ કે નાસિક્ય ધ્વનિના સંયોગમાં રહેલા આદિ ઉષ્મ ધ્વનિનો લોપ કરવાનું વલણ દેખાય છે. સરખાવો, **करोति**, **कृत**, **कीरति** વગેરે — **संस्कार–**, **उपस्कर–**, **परिष्कार–** **विष्किर–** વગેરે;

स्तेन– : तायु–
स्पष्ट– — पश्यति
चन्द– — हरिश्चन्द्र–
स्नापयति — नापित– વગેરે.

પાણિનિએ નોંધેલાં स्– આગમ વાળાં શબ્દો ને રૂપોમાંથી કેટલાંકની ઉપપત્તિ આ જ છે.[૨] આમ √मिल्–: √स्मिल्– એવી એક સમાનાર્થ ધાતુ-જોડી હોવાનું માનવા માટે ઠીક ઠીક આધાર સાંપડે છે. માભાઆ.માં અને અભાઆ.માં કેટલાક એવા શબ્દો મળે છે, જેમનો આધિ વ્યંજન મહાપ્રાણ હોય, પણ તેમના ઉપલબ્ધ પ્રાભાઆ. મૂળમાં તે અલ્પપ્રાણ હોય (फरसुं– परुष,– खीला– कील–, વગેરે)[૩]. આમાંથી કેટલાકની ઉપપત્તિ અહીં નિર્દેશેલી ઘટનાને આધારે ન આપી શકાય ?

૬. આ વિચારણાનો નિષ્કર્ષ એટલો કે √मिल्–'મળવું'ના સહજન્ય (કે પૂર્વજ) √*स्मल्–માંથી ગુજ. **ભળવું**, અને તેના પ્રેરક અંગ *स्मेलय् પરથી ક્રમે કરીને ગુજ. **ભેળવવું** સિદ્ધ થયા હોય.

---

૨. અષ્ટાધ્યાયી, સૂત્ર ૬, ૧, ૧૩૭ થી ૬, ૧, ૧૫૭. વિસ્તૃત ચર્ચા માટે, વાકર્નાગલ (Wackernagel), આલ્તીન્દીશ ગ્રામાતીક (Altindische Grammatik), ૧, ૨૬૪–૨૬૭

૩. પીશલ (Pischel), ગ્રામાતીક (Grammatik), §§ ૨૦૫, ૨૦૬; બ્લોક (Bloch)–(પરાંજપે-ભાષાંતરિત), મરાઠી ભાષેચા વિકાસ, § ૮૪; કત્રે, ફોર્મેશન ઓવ કોંકણી (Formation of Konkani), § ૭૮ (અ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભ્રખુ

નરસિંહ મહેતાના સુરતસંગ્રામમાં 'ભ્રખુની દુલારી' એ શબ્દો કૃષ્ણપ્રિયા રાધા માટે વપરાયેલા છે. રાધા **વૃષભાનુજા** 'વૃષભાનુની પુત્રી' તરીકે જાણીતી છે, અને આ 'ભ્રખુની દુલારી' એ દેખીતાં જ **વૃષભાનુજા**નો અનુવાદ છે. એટલે **ભ્રખુ** એ **વૃષભાનુ**નો જ સંક્ષેપ છે. બે ત્રણ ધ્વનિ-વલણોના વ્યાપાર દ્વારા તે સધાયો છે :

૧. ધાર્મિક સાહિત્યમાં વપરાતો શબ્દ હોવાને લીધે તેનું તદ્ભવ નહીં, પણ અર્ધતત્સમ સ્વરૂપ ચાલુ થયું છે. આથી વૃષભાનુ–નું व्रखभानु થયું. તેમાં

(ક) **વ્** નો **બ્** **વ્ર**જની અસર નીચે.

(ખ) ઋનો **ર્** અર્ધતત્સમોમાં સામાન્ય. **અમૃત–અમ્રત, વૃજલાલ–વ્રજલાલ, વૃંદાવન–વ્રંદાવન–વંદ્રાવન, દૃષ્ટાંત > દ્રષ્ટાંત** (અશિક્ષિત ઉચ્ચારણ)–વગેરે ઘણાં ઉદાહરણો છે.

(ગ) **ષ્** નો **ખ્** (ને **ખ્** નો લખાણમાં **ષ્**) **પ્રાચીન** ગુજરાતી હાથપ્રતોમાં બહુ સામાન્ય. **અભળખા, અભલેખ (અભિલાષા, અભિલાષ), અમરખ(અમર્ષ), અમરીખ (અંબરીષ), ઈરખા (ઈર્ષ્યા), ઓખદ (ઔષધ), ઓખા (ઉષા), ખટ (ષટ્), ખડાખાસટું (ષડષ્ટક), ઝખ (ઝષ), ભાખવું (ભાષ્), મનખ્યો, મનેખ(મનુષ્ય), રખ્યપાંચમ (ઋષિપાંચમ), રિખભદેવ (ઋષભદેવ), રૂખી (ઋષિ), વખડાં (વિષ), વરખાશણ (વર્ષ), સંતોખવું (સંતોષ), સુખમણા (સુષુમ્ણા), હરખવું (હર્ષ)** વગેરે ગુજરાતીમાં ઊતરી આવેલા છે. ડિંગળ કે **પ્રાચીન મારવાડી**માં પણ આ વલણ પ્રબળપણે પ્રવર્તે છે.[૧] (૧) અંત્યવ્યંજન અલ્પપ્રાણ

---

૧. આમાં એ ધ્યાન રાખવાનું છે કે ષ > ખ્ એ પ્રક્રિયા અર્ધતત્સમોમાં જ મળે છે—એ એક **રાજસ્થાની–ગુજરાતી** વલણ જ છે. બાકી માભાઆ. ભૂમિકામાં બધાં ઉષ્માક્ષરોને સ્થાને -स्- (કે -श्-)જ આવતો હોવાથી તદ્ભવોમાં -ष्- > -स्- (કે પછીથી, તાલવ્યસામગ્રીને સંયોગે -श्-) એવું પરિવર્તન થયું છે—જેમ કે **કસોટી, કસવું** (कष्), **પોસાવું** (√पुष्-), **માણસ** (मानुष–), **મશ** (मिष–), **વિશે** (विषय–). આમાં પણ પ્રાકૃત ભૂમિકામાં વિશ્લેષ દ્વારા સધાયેલા પ્રાચીન અર્ધતત્સમોમાં, -ष्- > -स्- એવી જ પ્રક્રિયા દેખાય છે—જેમ કે **વરસવું** (वरिसइ, वर्षति), **તરશ** (तृस, तृषा), વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચારવાના વલણને લીધે **સંતોક** (સંતોખ, સંતોષ) ને **વશેક** (વશેખ, **વિશેષ**,માં ક મળે છે. (૨) પછી સંક્ષેપથી વ્રજભાનુ નું *વ્રજુ—જેમ **ધીરજલાલ**નું **ધીરૂ**, **પરશોતમ**નું **પશુ**, **જગજીવન**નું **જગુ**, વગેરે (૩) *વ્રજુનું રકારની અસરથી **ભ્રજુ**. આવા પ્રકારની અસર નીચે અલ્પપ્રાણને મહાપ્રાણ ઉચ્ચારવાનું વલણ ગોહીલવાડીમાં જાણીતું છે. ઉદાહરણો :

ઘરણ (ગ્રહણ), **ઘરાક** (ગ્રાહક), **મરઘલો** (મૃગ–) **ભરથ** (ભરત), **પરબથ** (પર્વત), **ભરથાર** (भर्तार–); **ઘોડવું**, **ધ્રોડવું** (દ્રોડવું), **ધરાખ** (દ્રાક્ષ), **મધરાશી** (મદ્રાસી), **ધ્રષ્ટાંત** (દૃષ્ટાંત), **ભ્રામણ** (બ્રાહ્મણ), **ભ્રમ્યાજી** (બ્રહ્મા–), **ભરમાંડ** (બ્રહ્માંડ), વગેરે.

મોટો

૧. રૂપાંતરો : **મોટો**, **મ્હોટો**, **મહોટો**, **મ**રાઠી मोठा.

૨. **નરસિંહરાવ**ના મતે **મ્હોટું** નીચેના ક્રમે વ્યુત્પન્ન થયો છે : સં. महत्कं—અપ. महन्तउँ અવાન્તર महत्तउँ, **મ્હોટું**. [૧]

૩. **નરસિંહરાવ**ની વ્યુત્પત્તિમાં બે દોષ છે :
એક. સં. महत्कम्નું **પ્રાકૃત**માં *महक्कं અને **અપભ્રંશ**માં *महक्कु કે *महक्कउँ થાય, महन्तउँ નહીં. અપ. महन्तउँ મૂળ **સંસ્કૃત**ના महान्त० એ સબળ (સ્ટ્રૉંગ strong) અંગ પરથી ઊતરી આવ્યો છે. બીજું. આવા ધ્વનિસંદર્ભમાં રહેલા **અપભ્રંશ**ના બેવડા –त्त– નો –ट्ट– થતો હોવાનું બીજું એક પણ પ્રામાણિક ઉદાહરણ નથી. વળી જે મૂર્ધન્યભાવના ઉત્સર્ગના ઉદાહરણ તરીકે **નરસિંહરાવે** **મ્હોટું** આપ્યો છે, તે ઉત્સર્ગ તેના પ્રસ્તુત સ્વરૂપમાં ટકી શકે તેમ નથી.[૨]

આથી **નરસિંહરાવ**ની વ્યુત્પત્તિ તેમણે આપેલા સ્વરૂપમાં અસ્વીકાર્ય ઠરે છે.

---

૧. પૂર્વોક્ત ગ્રંથ, ૧, ૪૫૪.

૨. જુઓ પ્રસ્તુત સંગ્રહમાં 'દંત્યોના મૂર્ધન્યભાવ'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ટર્નરના મતે[૩] ગુજ. મોટું તેમ જ નેપાળી मोटा, આસામી–બંગાલી –હિંદી मोटा, પંજાબી मोट, મરાઠી मोठा, સિંધી मोट એ સહજન્ય શબ્દોના મૂળ તરીકે કોઈ *मोट्ट– એવા દેશ્ય શબ્દની કલ્પના કરવી.

૫. ટર્નરની વ્યુત્પત્તિમાં એ દોષ રહેલો છે કે *मोट्ट–એ કલ્પિત મૂળ ગુજ. મહોટો ને મરાઠી मोठा તથા લભાણી (વણજારી) मोठो એમાં રહેલા હકારની ઉપપત્તિ આપી શકતું નથી. આથી એ વ્યુત્પત્તિ પણ મહોટું માટે અસ્વીકાર્ય બને છે. પણ પ્રાચીન ગુજરાતી મોટ્ટિમ,[૪] હિંદી મોટા માટે ટર્નરનું સૂચન યોગ્ય છે.[૫]

૬. મહોટો એ શબ્દ પ્રાચીન ગુજરાતીમાં मोहटो, मोहोटो, महुटो વગેરે જુદાંજુદાં સ્વરૂપે દેખાય છે. હકારનું ઉચ્ચારણ જૂની ગુજ.માં સંક્રમણદશાનું હોવાથી જ આવી પરિસ્થિતિ પ્રવર્તે છે. આ કારણે मोहोटोના मोમાં રહેલો ઓકાર મૌલિક નથી, પણ પાછળથી સિદ્ધ થયેલો છે.

પહોરનું મૂળ પ્રા. पहर–, સં. प्रहर–
નહોરનું મૂળ પ્રા. णहर–, સં. नखर–

આના સામ્યે महोटुं પ્રાકૃતમાં *महट्टयं રૂપે હોવાની અટકળ કરી શકાય.

૭. પ્રાકૃતમાં સં. महत्‌માંથી સધાયેલો मह– શબ્દ પણ જાણીતો છે.

૮. આ मह– ને महट्टय–ને સરખાવતાં જણાઈ આવે છે કે मह–માં –ट्टय– એ સ્વાર્થિક પ્રત્યય ઉમેરાઈને महट्टय– સિદ્ધ થયો છે. આ સ્વાર્થિક પ્રત્યય વિશે લીટીની વ્યુત્પત્તિ ચર્ચતાં માહિતી આપેલી છે.

૯. હિંદી छोटा શબ્દ मोटाની જોડનો છે. તેમાં પણ આ જ અંશ રહેલો છે. क्षुद्र– 'નાનું' પરથી √*क्षुद्– ધાતુની કલ્પના થઈ શકે. તેમાંથી સાધિત *क्षोद– 'બાળક, નાનું' એ શબ્દના પ્રાકૃત રૂપાંતર *छोअ–માં –ट्टय– સ્વાર્થે ઉમેરાતાં *छोअट्टय– થાય અને પછી छोटा. આ સૂચન કત્રેનું છે.

---

૩. નેપાળી ડીક્શનરી, मोटा નીચે.

૪. 'મહિમા મોટ્ટિમ પત્ત', ઉવએસમાલ–કહાણય–છપ્પય, ૭૩; 'મોટઇ મન ઊલટિ', સિરિથૂલિભદ્દફાગુ, ૧૦.

૫. આ ઉપરથી એક એ પણ સંભવ છે કે મહોટું એ મોટ્ટ અને મહના સંગદોષનું પરિણામ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. એટલે વિકાસક્રમ આ પ્રમાણે થશે :

સં. महत्–

प्रा. मह–, महट्टय–

અપ. *महट्टय–, *महट्टउँ

ગુજ. महोटुँ, मोहोटुँ, म्होटुँ, मोटुँ.

રાઁદલ

પ્રયોગ:—જોડણીકોશ **રન્નાદે, રાંદલ,** ને **રાંદેર** આપે છે.

ગોહીલવાડીમાં **રાનાદે**[1] અને **રાઁદલ** વપરાય છે.

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ:—હેમચંદ્ર (૧૨મી સદી)ના **યોગશાસ્ત્ર**માં આવતા रत्नादेवी 'સૂર્યપત્ની' પરથી **રાંદલ** નિષ્પન્ન થયો હોવાનું સુચવાયું છે.[2] ક્રમ : रत्नादे–रन्नादे; रन्नादे+लના ત્વરિત ઉચ્ચારણથી **રાંદલ, રાંદલ.**

જોડણીકોશ પ્રમાણે સં. रंदला પરથી **રાંદલ** થયો છે.

ચર્ચા:—જોડણીકોશે સં. रंदला શબ્દ **મો**નીયર **વી**લીયમ્જ઼ના **સંસ્કૃત કોશ**માંથી લીધો છે. એ કોશ જોતાં જણાશે કે તેમાં નોંધેલો रंदला શબ્દ કોઈ હસ્તપ્રતોની યાદીમાંથી લીધેલો છે, સાહિત્યિક ગ્રંથમાંથી નહીં અને એ રીતે તે ઘણાજ પાછળના સમયનો અને સંદિગ્ધ પ્રામાણિકતા વાળો ઠરે છે. **રાઁદલ**નું એ સંસ્કૃતીકૃત રૂપજ છે. નહીં તો रंदला પરથી બાકીના **રન્નાદે** વગેરે સિદ્ધ ન થઈ શકે અને તેના એકવડા લકાર પરથી ગુજરાતીમાં **રાઁદળ** એવું રૂપ થાય. એટલે रंदलाથી **રાઁદલ** વગેરેના મૂળ પર કશો પ્રકાશ નથી પડતો.

रत्नादेवी હેમચંદ્ર ઉપરાંત વર્ધમાનસૂરિના **આચારદિનકર** (૧૧મી સદી)-માં મળે છે. ત્યાં સૂર્યને रत्नादेवीकान्त– કહ્યો છે.[3]

---

૧. જાણીતા લોકગીતમાં 'ખોળાનો ખુંદતલ દેજે, રાનાદે' એમ પંક્તિઓને અંતે **રાનાદે** તેમ જ **રન્નાદે** બંને બોલાય છે.

૨. પં. બેચરદાસ દોશી, **ભારતીય વિદ્યા** (હિં. ગુ.), માર્ચ ૧૯૪૦, ૧૫૬.

૩. શાં. છ. ઉપાધ્યાય, 'એ ગ્લાસ ઈમેજ ઓવ્ રાજ્ઞી', **ધ જર્નલ ઓવ્ ધ ઉત્તરપ્રદેશ હીસ્ટોરીકલ સોસાયટી**, ૧૯૫૦, ૨૧૫. **મોનીયર વીલીયમ્જ઼**માં 'સૂર્યપત્ની'ના અર્થમાં रत्नादेवी નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ધ્વનિદૃષ્ટિએ रत्ना = रन्ना (रण्णा) એ સમીકરણ બરોબર છે ખરું ? સં. -त्न्- એ વ્યંજનસ્તબકમાં त्ની અપેક્ષાએ અનુનાસિક न् નબળો હોવાથી, સારૂપ્ય થતાં સં. -त्न्- નું -त्त- એવું ઉચ્ચારણ થાય— -न्न्- નહીં. सपत्नी>सवत्ती, यत्न->जत्त- વગેરે આને અંગે ટાંકી શકાય. એ રીતે रत्नाનું *रत्ता થાય, रन्ना નહીં. સારૂપ્યને બદલે વિશ્લેષ કામ કરે તો સં. रत्नाનું પ્રા. रयणा થાય, જેમ रत्न-નું रयण- થાય છે.

આની વિરુદ્ધમાં કન્નડ કવિ रण्ण-નું સંસ્કૃત રૂપ रत्न- કરવામાં આવ્યું છે એ ટાંકી શકાય. પણ આ रण्ण- ને रत्न- માં તેમ જ જૈનોના रण्णाને रत्नाમાં આપણે એવું માનવા લલચાઈએ છીએ કે रण्ण- અને रण्णा લોકપ્રચલિત મૂળશબ્દો હોય અને તેમનું रत्न-, रत्ना એવું સંસ્કૃત રૂપાંતર કરવામાં આવ્યું હોય.

આમ માનવા માટે એક આધાર એ છે કે સંસ્કૃત रत्नाના ઉલ્લેખો કરતાં પ્રાચીનતર ઉલ્લેખો અપભ્રંશ સાહિત્યમાંથી रण्णा એ રૂપે મળે છે. મૂળ रत्ना હોય તો અપભ્રંશમાં रयणा થાય. रण्णाના બે અપભ્રંશ ઉલ્લેખો નીચે પ્રમાણે છે :[4] અપભ્રંશ ગ્રંથ पउमचरिउ (पद्मचरितम्)ના કર્તા મહાકવિ સ્વયંભૂનો કવનકાળ સંભવત: ઇસવી નવમી સદીના પૂર્વાર્ધ લગભગ આવે છે. पउमचरिउના ૨૬મા સંધિના ૧૪મા કડવકની અંતિમ ૯–૧૦મી પંક્તિઓ આ પ્રમાણે છે.

> तहिँ सर-णहयलें, सकलत्त वे वि हरि-हलहर।
> रोहिणि-रण्णहिँ, णं परिमिय चंद-दिवायर॥

“તે સરોવરરૂપી ગગનતલમાં પત્નીસહવર્તમાન લક્ષ્મણ અને રામ બંને જાણે રોહિણી ને રન્નાથી પરિવૃત ચંદ્ર ને સૂર્ય ન હોય (તેમ શોભવા લાગ્યા).”

આમ અત્યાર સુધી મળેલા ઉલ્લેખોમાં આ સૌથી પહેલો ઠરે છે.

પણ સ્વયંભૂ પછી ઇસવી દસમી સદીની અધવચ થઈ ગયેલા બીજા એક અપભ્રંશ મહાકવિ પુષ્પદંતના महापुराणમાં પણ रण्णा ‘સૂર્યપત્ની’ના અર્થમાં મળે છે. એ મહાકાવ્યના ત્રોતેરમા સંધિના બીજા કડવકની ૧૨–૧૩ પંક્તિઓ આ રહી:

---

૪. આ ઉલ્લેખોની મેં ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક (જુલાઈ, ૧૯૪૪, ૧૫૯) માં નોંધ લીધી હતી: ઉપરાંત રાંદલ શબ્દની ચર્ચા કરતી વખતે નગરાના ઉત્કીર્ણલેખ વાળો ઉલ્લેખ પણ આપ્યો હતો (ભારતીય વિદ્યા, હિં.–ગુ. માર્ચ, ૧૯૪૨, ૧૮૭). છતાં ઉપાધ્યાયના આ પહેલાં નિર્દિષ્ટ કરેલા લેખમાં, રન્નાદેનો મધ્યકાલીન સાહિત્યમાં ઉલ્લેખ ન મળતો હોવાનું કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हयसीयउँ कयरण्णागमणु, अइरत्तउ सउहाइयउ।
दीहरपहरीणें राहविण, रवि परवारु व जोइयउ॥

"લાંબા પંથને લઇને થાકેલા રાઘવે શીતહારક, રન્ના પાસે જતા અને અતિશય રાતા એવા સૂર્યને સામે આવેલા જોયો, જાણે કે તે, સીતાને હરનારો અરણ્યમાં આવેલો અતિ અનુરાગયુક્ત પરદારલુબ્ધ (રાવણ) ન હોય!"

કય–રણ્ણાગમણુ પર આ પ્રમાણે ટિપ્પણ છે: °रण्णा° आदित्यभार्या, पक्षे अरण्यगमनम्.

આથી આપણને એટલું જાણવા મળે છે કે રણ્ણાદેવી સૂર્યપત્ની તરીકે ૯ મી ૧૦ મી સદીના અપભ્રંશ કવિઓને સુપરિચિત હતી.

આ પછી તેરમી સદીના બે ઉલ્લેખો મળે છે.[૫] નગરા ગામમાં ભીડભંજનના દહેરામાંની સૂર્યમૂર્તિને જમણે તેમ જ ડાબે પડખે સ્ત્રીની એક એક મૂર્તિ છે. જમણી મૂર્તિના ચરણ નીચે એવા અર્થનું ઉત્કીર્ણ લખાણ મળે છે કે નારદ મુનિના વસાવેલા નગરા ગામમાં જૂનું જયાદિત્યનું દેવળ ઘણા વરસાદથી સંવત્ ૯૦૩ના વરસમાં પડી ગયું. તે પછી વસ્તુપાળે રત્નાદેવીની મૂર્તિ કરાવી. ડાબી તરફની મૂર્તિ નીચે પણ એવું જ લખાણ છે; તેમાં ઉપરોક્ત દેવળમાં રત્નાદેવીની મૂર્તિ નાશ પામી એટલે વસ્તુપાળે સંવત્ ૧૨૯૨ માં તેની ફરી સ્થાપના કરી હોવાનું કહ્યું છે. આ ઉપરથી તે સમયે રાંદલપૂજા ઠીકઠીક પ્રચારમાં હોય એમ જણાય છે.

પણ અત્યાર સુધી આપણે જૈન આધારો જ જોયા. બ્રાહ્મણ સાહિત્યમાં પુરાણોમાં રન્નાદે राज्ञीदेवी એ નામે એક સૂર્યપત્ની તરીકે જાણીતી છે. અગ્નિ, ભવિષ્ય, મત્સ્ય, સ્કંદ વગેરે પુરાણોમાં राज्ञीदेवीનો ઉલ્લેખ કે વૃત્તાંત મળે છે.[૬] राज्ञीનું પ્રાકૃતમાં रण्णी થાય અને પછી રાણી જુદા અર્થમાં આપણી ભાષાઓમાં જાણીતો છે. रण्णा આકારાંત અંગ છે. અને માભાઆ.નું સામાન્ય વલણ મૂળના આકારાંત અંગને ઈકારાંત કરવાનું છે, ઊલટું નહીં. એટલે रत्नाની જેમ राज्ञीમાં પણ મૂળના લૌકિક रण्णाને સંસ્કૃતના ઢાળામાં ઢાળવાનો પ્રયાસ છે. જૈનોએ લોકપ્રચલિત रण्णा (કે रन्ना) નું रत्ना કર્યું, બ્રાહ્મણોએ राज्ञी (राज्ञी 'રાણી' સાથેના સાદૃશ્યને કારણે ઈકારાંત, આકારાંત નહીં). પ્રા. रण्णा–रन्नाનું

૫. ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ, નં. ૧૬૨–૧૬૩; દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ગુજરાતનો મધ્યકાલીન રાજપુત ઇતિહાસ, ૨, (૧૯૩૯), ૩૯૩.

૬. ઉપાધ્યાય, ઉક્ત લેખ, ૨૧૩–૨૧૪. મોનીયર વીલીયમ્‌ઝ પણ આ શબ્દ નોંધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપભ્રંશમાં रण કે रन्न; તેમાં અંગવિસ્તારક પ્રત્યય (સ્ત્રી.) ल्ली-(-ल्लि) ભળતાં *रन्नल्लि, પછીથી *रन्दल्लि[7] (સરખાવો સં. बृहन्नल-, અપ. विहन्दल; સં. वानर-, ગુ. **વાંદર**, સં. पर्ण-, માભાઆ. पन्न-+-डय-, ગુ. **પાંદડું**, માભાઆ. पन्नरह-, ગુ. **પંદર**, વગેરે);

*रन्दल्लिनुं ***રાંદલિ, રાંદલ્ય, રાંદલ.**

रन्ना+देवी; પછી *रन्नादेइ[8]-**રન્નાદે-રાનાદે.**

ધાર્મિક વપરાશનો શબ્દ હોવાથી **રન્નાદે**માં પ્રાચીન ઉચ્ચારણ પણ જળવાઈ રહ્યું છે. **મોહનદે, માલનદે, રાજલદે, પ્રેમલદે, લાછલદે, લલિતાદે, જીવાદે**, વગેરે ગોવિંદકૃત **મામેરું** (૧૭મી સદી)માં વપરાયા છે.

રાંદલ્ય એ ઉચ્ચારણ પરથી **રાંદલ** (પ્રાંતિક)-જેમ **વાઘણ્ય-વાઘેણ**, વગેરે.[9]

રાંદલ પરથી કોઈ બીજા શબ્દના સંગદોષથી **રાંદેર** થયો હોય.

લીટી

૧. રૂપાન્તરો : **લીટી** (પ્રાંતિક, **લીઁટી**), **લીટો (લીઁટો), લીટોડો (લીઁટોડો).**

૨. **પ્રાચીન મારવાડી**માં लीहटी એવું રૂપ મળે છે: पग- सू काढइ लीहटी[1].

૩. પ્રા. ગુ. लीहटीમાંથી લીટી થયો. આમાંની હકારલોપની પ્રક્રિયા **અર્વાચીન ગુજરાતી**માં સારી રીતે વ્યાપક છે. **ગોહિલવાડી** જેવી **અર્વાચીન ગુજરાતી** બોલીમાં શબ્દાન્તર્ગત હકાર ઉચ્ચારતો જ નથી. **નરસિંહરાવે**

---

૭. આ પ્રકારના ધ્વનિપરિવર્તન માટે જુઓ પીશલ, ગ્રામાતીક § ૨૯૫; હેમચંદ્ર, પ્રાકૃત વ્યાકરણ ૮-૨-૫૬, ૮-૪-૩૭૬(૧); ટર્નર, ગુજરાતી ફોનોલૉજી, § ૮૪; બ્લૉક (પરાંજપે), મરાઠી ભાષેચા વિકાસ, § ૧૨૩, પૃ. ૧૬૧; નરસિંહરાવ, પૂર્વોક્ત ગ્રંથ, ૧,૩૨૮-૩૩૩.

૮. -વ-ના લોપ માટે જુઓ પીશલ, ઉક્ત ગ્રંથ, § ૧૮૬; હેમચંદ્ર, ઉક્ત ગ્રંથ, ૮-૧-૧૭૭; ટેસીટોરી, નોટ્સ, § ૩૫.

૯. પ્રાકૃત सुन्देर-(सौंदर्य-), बंभचेर-(ब्रह्मचर्य-) વગેરે; પ્રા. ગુજ. धिन (धन्य), चाणिक-(चाणक्य), વગેરે; તથા પ્રાંતિક બોઇલો (બોલિયો) વગેરેમાં આવી પ્રતિબિંબિતા (epenthesis)ની ઘટના મળે છે.

૧. ઢોલા-મારુ-રા દૂહા, નાગરી પ્રચારિણી સભા પ્રકાશિત, દૂ. ૧૩૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકારલોપનાં પ્રકીર્ણ ઉદાહરણોની નોંધ લીધી છે.[2] **લીટી**માં થયો છે તેને મળતા જ ધ્વનિસંદર્ભમાં થયેલા હકારલોપનાં ઉદાહરણો :

ચોંટવું : અપ. चहुट्ट–

ઓટ : સરખાવો અપ. √ओहट्ट–'ઘટવું'

મોટું : मह-+ट्टय, **સંસ્કૃત** महत्+ट्टय–

૪. પ્રાચીન ભૂમિકામાં તેમ જ **અપભ્રંશ**માં 'લીટી' 'હદ' 'મર્યાદા' એ અર્થમાં લીહ શબ્દ પણ ઘણો જાણીતો છે :

'**લીહ** જસુ પહિલીય દીજઈ'[3]

'બ્રહ્માએ નીરમીને **લીહી** વાળી રે'[4]

જૂની ગુજરાતીમાં હકારનું ઉચ્ચારણ સંક્રમણદશામાં હોવાથી તેના યોગે શબ્દની જોડણી અનિશ્ચિત રહેતી. આથી લીહ ને બદલે લીહી એવી જોડણી પણ મળે છે. **અપભ્રંશ**માં લિહ, લીહ અને લેહ એમ ત્રણ રૂપો છે.[5]

૫. લીહ અને લીહટી માં પહેલું રૂપ મૌલિક છે. બીજું સ્વાર્થિક ૦ટી પ્રત્યય લગાડી સિદ્ધ કરાયું છે. આવો –ટ (અવિસ્તારિત) કે ટો, ટી, ટું (વિસ્તારિત) પ્રત્યય સ્વાર્થિક કે કુત્સા ઇત્યાદિ અર્થછાયાના વાચકરૂપે કેટલાક ગુજરાતી (તેમજ **મરાઠી**) શબ્દોમાં પ્રયુક્ત થયેલો જોઈ શકાય છે.[6]

પાકટ (પાકું)	**બળકટ** (બળુકું)
ફોકટ (ફોક)	**મોટું** (महत्)
પોચટ (પોચું)	**ચોરટો, ભામટો,**
હલકટ (હલકું)	**લોકટો, જોગટો**

૬. ગુજરાતીનો સ્વરમધ્યગત –ट– **પ્રાકૃત–અપભ્રંશ** ભૂમિકામાંના ट्टમાંથી જ નિષ્પન્ન થઈ શકે તેમ હોવાથી, અને સ્ત્રીલિંગી અંગોનો અંત્ય –ઈ– મૂળના –इयમાંથી નિષ્પન્ન થયો હોવાથી લીહટીનું **પ્રાકૃત–અપભ્રંશ** ભૂમિકાનું સ્વરૂપ *लीहट्टिया *लिहट्टिया હોવાનું અટકળી શકાય.

---

૨. ગુજરાતી લેંગ્વેજ ઍન્ડ લીટરેચર, ૧, ૩૧૩–૩૧૪.

૩. સમરારાસ,–૩–૧૧.

૪. પ્રેમાનંદ, શ્રીમદ્‌ભાગવત દશમ સ્કંધ, નર્મદાશંકર-સંશોધિત, ચોથી આવૃત્તિ (૧૯૧૬), ૪૨, ૧૧૭, પા. ૨૪૩.

૫. હેમચંદ્રીય પ્રાકૃત વ્યાકરણ, ૪,૩૨૯ ઉપરની વૃત્તિ.

૬. મરાઠીમાં खारट, खारकट, आँबट, अंबट, तुरट, तीखट વગેરેમાં આ પ્રત્યય રહેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. અપભ્રંશ લીહ એ સં. લેખાનું રૂપાંતર છે. અર્વાચીન ગુજરાતીમાં **ફીણ** (फेन–), **નિશાળ** (लेखशाला) જેવા કેટલાક શબ્દો મળે છે, જેમાં મૂળના શબ્દાન્તર્ગત –ए–નો –ई– થયો છે. लेखा કરતાં रेखा એ રૂપ પ્રાચીનતર છે.

૮. ગુજરાતીમાં સ્ત્રીલિંગનો પ્રત્યય ई લઘુતાનો, અને પુંલ્લિંગનો પ્રત્યય ०ओ મહત્તાનો પણ વાચક છે. એટલે 'મોટી લીટી' એ અર્થમાં **લીટી** પરથી **લીટો** સિદ્ધ થયો.

૯. તિરસ્કાર સૂચવવા કે સ્વાર્થે અંગવિસ્તારક ०ओड़ो પ્રત્યય નીચેના ગુજરાતી શબ્દોમાં જોવા મળે છે.

કાટોડો (કાટ)
રાખોડો–ડી (રાખ)
મટોડી (માટી)
સરખાવો, **તારોડિયો** (તારો)

આ જ પ્રમાણે **લીટી – લીટો** પરથી **લીટોડો.**

૧૦. આ શબ્દોનાં **લીँટી** વગેરે સાનુનાસિક સ્વરૂપો પ્રાંતિક છે. આવા જ ધ્વનિસંદર્ભમાં એટલે કે આગલી ભૂમિકાનો બેવડો ટકાર એકવડો બનતાં, પૂર્વસ્વર સાનુનાસિક બન્યો હોવાનાં સમાંતર ઉદાહરણો નીચેના ગુજરાતી શબ્દો પૂરાં પાડે છે:

રહેँટ—रहट्ट, अरहट्ट–, अरघट्ट–
ચોँટવુँ—<√चहुट्ट–
ઊँટ — उट्ट—, उष्ट्र–
ઈँટ — –इट्टा, ईष्टा,
વીँટવુँ—<√*विट्ट–<√*वेट्ट–<√*वेष्ट–
ઘંટી—સરખાવો સં. घरट्ट–

૧૧. આમ વિકાસનો ક્રમ નીચે પ્રમાણે હોવાનું નિશ્ચિત થાય છે:

સં. रेखा, लेखा–
|
પ્રા. लेहा–
|
અપ લેહ, લિહ, લીહ, –*लिहट्टिय, – *लिहण्टिय–
| |
પ્રાચીન ગુજ. લીહટી *લીહँટી
| |
અર્વાચીન ગુજ. લીટી લીँટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળનો રેખા શબ્દ રૂપાંતર અને ઘસારો ખમતોખમતો માત્ર લી° એટલા અંશ રૂપે ગુજ. **લીટી**માં જળવાઈ રહ્યો છે.

'વચ્ચે' વિશે

હિંદી બીચ[1] (ગુજ. **વચ્ચે,** નેપા. **बिच,** પંજા. **વિચ્ચ,** અપ. विच्च–)ની વ્યુત્પત્તિ **ટર્નર, પીશલ** વગેરેએ વિચાર્યા પછી છેલ્લે **આર્યેંદ્ર શર્મા**એ આગલા મતોની ઊંડી ને સવિસ્તર ચર્ચા કરી, તે મતો એક યા બીજી દૃષ્ટિએ અસંતોષકારક જણાતાં, પોતે એક નવી જ વ્યુત્પત્તિ સૂચવી છે.[2] તેમનો મત આ પ્રમાણે છે :

द्वि + अप्– પરથી द्वीप –
नि + √अच्– પરથી नीच –
તેવી જ રીતે द्वि + √अच्– પરથી *द्वीच –

આનો અર્થવિકાસ તેઓ આ રીતે સમજાવે છે :

'બંને દિશા તરફ ગતિ કરતું' > 'બંને દિશા (કે ભાગ) સાથે સંબદ્ધ' > 'મધ્ય' > 'મધ્યમાં રહેલું સ્થાન' > 'બે બિંદુ વચ્ચેનું અંતર કે અંતરાલ.' અને ધ્વનિવિકાસનો ક્રમ આમ આપે છે :

સં. *द्वीच – > પ્રા. वीच – > विच्च –> હિં. बीच.

જો કે આ નવી વ્યુત્પત્તિ તેમણે ખુલ્લા દિલથી અને અંતિમતાના દાવા વિના સૂચવી છે એ આપણે સ્વીકારવું જોઈએ.

બે હકીકતો આ નવા સૂચનનો સ્પષ્ટ રીતે વિરોધ કરે તેવી છે. પહેલું તો એ કે જેટલા ગુજરાતી શબ્દોની પ્રાભાઆ. પ્રકૃતિમાં આરંભે द्व– છે તે બધાયે, એક પણ અપવાદ વિના, ब्–થી શરૂ થાય છે, व्–થી નહીં[3]. ઉ. ત.

સં. द्वे	: ગુજ. **બે**	द्वि-गुण-क-	:	**બમણું**
द्वादश-	: **બાર**[4]	द्वि-प्रहर-	:	**બપોર**

---

૧. પ્રાચીન હિંદી સાહિત્યમાં (ઉ. ત. જાયસીમાં) बिच એમ હ્રસ્વ ઈકારવાળું રૂપ પણ મળે છે.

૨. બીચ કી વ્યુત્પત્તિ, પ્રેમી–અભિનંદન ગ્રંથ, ૧૯૪૬, પા. ૭૪–૮૦.

૩. ટર્નરના ધ્યાનમાં પણ આ આવ્યું છે: ગુજરાતી ફૉનૉલૉજી (Gujarati Phonology), જર્નલ ઑવ્ ધ રૉયલ એસીયાટીક સોસાયટી, ૧૯૨૧, §૮૭ (૨).

૪. તે જ પ્રમાણે બાવીશ, બત્રીશ, વગેરે સંખ્યાવાચક શબ્દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वितीय- :	બીજું	*द्वि-घट-कम् :	બ્હેડું, બેઢું
द्वितीया :	બીજ	द्वार- :	બાર
द्विक- :	બગ-ડો		

આ નિયમ પ્રમાણે *द्वीच-નું ગુજરાતીમાં *બચ-(બચ્ચ-) થાય, નહીં કે વચ-(વચ્ચ-). ગુજરાતીમાં, વચ, વચ્ચે, વચમાં, (પ્રા. ગુજ. વીચમાં)[6], વચાળ (પ્રા. ગુજ. વિચ્ચાલિ),[7] અધવચ, અધવચાળ, વચેટ, વચલું, વચ્ચોવચ, વચગાળો એ विच्च-ના વિસ્તારમાં સર્વત્ર વ્ જ છે.

બીજું, અપ. विच्च-નો મુખ્યાર્થ 'મધ્ય' હોવાનું માનીએ તો ગુજ. અધવચનો અર્થ ઘટે નહીં. પણ હેમચંદ્રને અનુસરીને विच्च-=वर्त्मन्-'માર્ગ' એટલે કે 'અંતરાલ' 'ગાળો' એવો અર્થ લઈએ તો 'અરધે રસ્તે' 'મધ્યમાં', 'અંત સુધી પહોંચ્યા પહેલાં' એ અર્થ સમજી શકાય.

આ વાંધાઓનો સંતોષજનક ખુલાસો ન આપી શકાય ત્યાંસુધી તો શર્માએ કે બીજાઓએ સૂચવેલા મૂળ કરતાં ટર્નરે સૂચવેલું *वीच्य- કે તેને સુધારીને શર્માએ સૂચવેલું *विच्य- જ ઓછામાં ઓછા વાંધા ભર્યું ગણાશે.

વંઠવું

કેટલાંક ઉચ્ચારણ-વલણો તેમની સૂક્ષ્મતાને કારણે સહેજે ધ્યાનમાં નથી આવતાં. તેથી તેમને આધારે સધાયેલા શબ્દોનું મૂળ આપણે તરત પકડી નથી શકતા અને કોઈ ભળતા મૂળમાંથી તેમને સિદ્ધ કરવા દોરવાઈ જઈએ છીએ. વંઠવું ધાતુ આ પ્રકારનો જણાય છે. જોડણીકોશ (ચોથી આવૃત્તિ) વંઠવું નો સંબંધ સં. √वंठ्-, અને દે. वंठ- સાથે હોવાનું સૂચવે છે. આ સૂચન બહુ આકર્ષક લાગતું નથી. સં. वण्ठ्- 'એકલા જવું' માત્ર કોશો કે ધાતુપાઠોમાં મળે છે. એટલે કે બીજા આવા અનેક ધાતુઓની જેમ આ પણ સં. वण्ठ- જેવા શબ્દોને સમજાવવા નવો ઘડી કઢાયો હોય, અથવા તો પ્રાકૃતમાં પ્રચલિત કોઈ ધાતુનું સંસ્કૃતીકૃત રૂપ હોય. સં. वण्ठ-ના 'વાંઢો', 'ઠીંગણો', 'દાસ', 'ઠગ' એવા અર્થો નોંધાયા છે. પ્રાકૃત वंठ- પણ આવા

---

૫. 'મુનિ વિચિ થયઉ,' ઉવએસમાલકહાણય છપ્પય, ૩૩.

૬. 'વીચમાં આવ્યો વસુધાપતિ', સિંહાસનબત્રીશી, ૮-૨૬-૧.

૭. 'ત્રિહું ગ્રામહં વિચ્ચાલિ'-, ઉવએસમાલ૦, ૭૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થોમાં જ પ્રચલિત છે. આમાં ગુજ. **વાંઢો** वण्ठ– પરથી જ સિદ્ધ થયો છે. વળી 'ઠીંગણો' એ અર્થમાં ગુજ.માં **બાંઠું, બાંઠિયું** પ્રચલિત છે, તે ઉપરથી અટકળી શકાય કે તેનું મૂળ રૂપ वण्ठ– નહીં, પણ बण्ठ– હોય. અને આ અર્થમાંથી 'દાસ'ને 'ઠગ' એ અર્થો સહેજે વિકસી શકે. પણ ગુજરાતી **વંઠવું**માં જે ઉચ્છૃંખલતા, ઉદ્દંડતા, મર્યાદાભંગ, ને ખુલ્લા નિષિદ્ધ આચારનો ભાવ રહેલો છે એ સં. પ્રા. वंठ–ના અર્થોમાંથી સહેજે સિદ્ધ થાય તેમ લાગતું નથી. અને **વંઠવું**નો જૂનો અર્થ 'વણસવું' 'બગડવું' જણાય છે. ઉપરાંત પ્રાકૃત કે અપભ્રંશમાં वंठ– ધાતુ અજાણ્યો છે, એ હકીકતની ઉપપત્તિ આપવી સહેલી નથી.

આ સાથે **વંઠવું**માં મૂળના સંયુક્ત વ્યંજનનો ઋજુભાવ અને પૂર્વ સ્વરની દીર્ઘતા નથી થયા એ પણ વિચાર માગી લે છે. **દંડવું, ખંડવું, વંદવું** સંસ્કૃતમાંથી લેવાયા છે, પણ બીજે પક્ષે **થંભવું, ઝંખવું, ડંખવું, ગંઠવું, મંડવું**, વગેરેમાં પ્રાકૃત–અપભ્રંશનો સંયુક્ત વ્યંજન અવિકૃત જાળવી રાખવાનું વલણ દેખાય છે. **વંઠવું**ની આ રીતે ઉપપત્તિ આપી શકાય, પણ આગળ કહ્યું તેમ પ્રાકૃત–અપભ્રંશમાં वंठ– ધાતુ મળતો નથી. એટલે વધારે સંભવિત એ લાગે છે કે **વંઠવું** અર્વાચીન ઘડતરનો હોય. એટલે આપણે એનો એ રીતે વિચાર કરીએ.

૧. સ. ઉપસર્ગ वि– કેટલાક ગુજરાતી તદ્ભવ અને અર્ધતત્સમ શબ્દોમાં વ– રૂપે ઊતરી આવ્યો છે. ઉદાહરણો :

વછૂટવું, વછોડવું (છૂટવું, છોડવું)
વકરવું (પ્રા. विकर–)
વગોવવું (પ્રા. विगोव–)
વચળવું (સં. वि+चल्–)
વણસવું (સં. वि+नश्–)
વકાસવું (સં. वि+कास्–)
વકોપવું (સં. वि+कोप–)

૨. સં. विनष्ट– 'બગડેલું' (spoiled, corrupted), પ્રા. विणट्ठ– પરથી ગુજરાતીમાં **વિણઠું**,[૧] **વિણઠવું**ને પછી ઉપરની રીતે ***વણઠવું** થઈ શકે. **વણસવું** તો થયેલું છે જ. 'વંઠ્યું દૂધ ઉકરડે નખાય'

---

૧. **વિણઠઉ** પ્રા. ગુજ.માં વપરાયો છે. 'ચિત્તિ વિણઠઉ', પૃથ્વીચંદ્રચરિત્ર, ૧૫૭, ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કહેવતમાં **વંઠવું**નો મૂળ અર્થ જળવાઈ રહ્યો છે. અર્થવિકાસની દૃષ્ટિએ સરખાવો અં. 'ડૅમેજ્ડ' (damaged)>**ડામીસ** અને એથી ઊલટું 'કંડૅમ્ડ' (condemned)>**કંડમ.**

૩. મૂળના કર્મણિ ભૂત કૃદંત પરથી ધાતુઓ સાધવાનું વલણ પણ ગુજરાતીમાં જાણીતું છે. **રૂઠવું** (रुष्ट–), **તૂઠવું** (तुष्ट–), **છીનવું** (छिन्न–), **મૂકવું** (*मुक्त–), **લાધવું** (लब्ध–) વગેરે અનેક ટાંકી શકાય. **વણસવું** અને ***વણઠવું** એ આખ્યાત અને ભૂતકૃદંત પરથી ઊતરી આવેલી જોડી સાથે **રૂસવું** (પ્રાચીન) (रुष्-) અને **રૂઠવું** (रुष्ट–), ગુજ. **બેસવું** (उप+विश्-), હિંદી बैठना (उपविष्ट-) સરખાવી શકાય.

૪. ***વણઠવું** પરથી સધાયેલાં ***વણઠયો** વગેરે રૂપોમાં ત્વરિત ઉચ્ચારણને કારણે મધ્યગત અક્ષરમાં રહેલો કણસ્વર **અ** લુપ્ત થતાં, અને ણકાર અનુસ્વાર બનતાં **વંઠ્યો** વગેરે અને પછી **વંઠવું** આપણને મળે છે. આ પ્રકારનું ઉચ્ચારણનું વલણ બીજા શબ્દોમાં પણ પ્રતીત થાય છે. જુઓ:

કંદોરો < કણદોરો[1] < *कणयदोरउ – कनक + दोरकः
અંચી (ચાલુ ઉચ્ચારણ) < **અણચી**
કપડવંજ („ „) < **કપડવણજ**
વંજારો (ત્વરિત „) < **વણજારો**
અંજળ < અન્નજળ
સંગટો, સંગટડો (ઘૂંઘટ) < **સણગટો, સણગટડો**
વંથળી < વણથળી – વવણથળી[2] < वामनस्थलिका (?)

આ સૌમાં ગૌણ સ્થાને ઉચ્ચારાતા ણનો કણસ્વર ક્રમે લુપ્ત થઈ ણકારનો અનુસ્વાર થયો છે. એટલે **વંઠવું**નો વિકાસક્રમ આ પ્રમાણે હોય:

विनष्टक :- विणट्ठओ – विणट्ठउ – विणठो– *વણઠવું – વંઠવું.

વાલમ, સોરમ

કોઈ પણ વિષયના અભ્યાસની આરંભદશામાં સ્વભાવિક રીતે જ એવી સ્થિતિ પ્રવર્તતી હોય છે કે અભ્યાસપ્રાપ્ત સામગ્રીના મુખ્ય ભાગને આવરી

---

૧. 'કણદોરે ઘુઘરમાળ'—પ્રેમાનંદ, દશમસ્કંધ, ૪૧, ૧૫૬, પૃ. ૨૩૯. (નર્મદાશંકરની આવૃત્તિ). કંદોરાનો આગલો અંશ कटि માંથી ન જ આવી શકે.

૨. સોલણકૃત चर्चरिका કડી ૨૫માં પ્રયુક્ત; સમરારાસુ (૧૦–૫)માં વઉણથલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેતા સાધારણ નિયમો તો ઝડપથી ઘડાતા જાય છે, પણ તે સામગ્રીમાંથી જે કાંઈ અસાધારણ કોટિની હોય તેને ચોકઠાબદ્ધ કરતાં ઠીકઠીક સમય જાય છે. આ અસાધરણ સામગ્રીને સ્પર્શતા નિયમો શરૂઆતમાં તો કામચલાઉ જ રહે, ને અભ્યાસ વધારે ને વધારે ઝીણવટભર્યો ને વિસ્તારી બનતો જાય, તેમતેમ તે નિયમોનું સ્વરૂપ વધારે સંભાવ્યતા ને સ્થિરપણું ધારણ કરતું જાય. કોઈ પણ ભાષા પહેલવહેલી શાસ્ત્રીય અભ્યાસનો વિષય બને ત્યારે ભાષાના અમુક ભાગના શબ્દોની વ્યુત્પત્તિ તો તે ભાષામાં પ્રવર્તતા કેટલાક પ્રાથમિક ધ્વનિનિયમોને આધારે સરળતાથી બેસી જાય. પણ આ નિયમોને દેખીતાં જ આહ્વાન આપતી જે કેટલીક સામગ્રી અવશિષ્ટ રહે તે સૂક્ષ્મતર અભ્યાસના પરિણામે જ નિયમબદ્ધ બને.

ગુજરાતી શબ્દો **વાલમ** ને **સોરમ**નું મૂળ સ્વરૂપ પહેલી નજરે નિશ્ચિતપણે કહી શકાય તેવું નથી. સં. **वल्लभ–** ને **सौरभ्य–** સાથે અનુક્રમે તેમનો સબંધ હોવાનું ઘણું જ સંભવિત લાગે છે એ ખરું, પણ અવાન્તર વિકારો સમજાવ-વામાં ઠીક ઠીક મુશ્કેલી છે. **वल्ल°–** અંશનું **वाल°–** ને **सौर°** – અંશનું **सोर°** એ રૂપાન્તરો તો તદ્દન નિયમિત છે, પણ બાકી રહેલો અંશ **–भ–** સંસ્કૃત કે પ્રાભાઆ. ભૂમિકામાંથી **પ્રા**કૃત કે માભાઆ. ભૂમિકામાં આવતાં નિયમ પ્રમાણે તેની સ્પર્શતા લુપ્ત થાય ને તે **–ह–** રૂપે આવાને રહે, ને તો આ **–ह–**થી **सोरम—वालम** ના **°म** સુધી પહોંચવું એ ધ્વનિદષ્ટિએ સ્વર્ગમાંથી ગંગા અવતારવા જેટલું દુષ્કર લાગે.

પણ આ દુષ્કરતા નક્કર ભૂમિને અભાવે તરંગ લડાવીને કંઈક દૂર કરી શકાય ખરી. **ન**રસિંહરાવને આ જ માર્ગ લેવો પડ્યો છે. **वालम** ઉચ્ચારભેદે **व्हालम** તરીકે પણ જાણીતો છે. તેમ **सोरम**નાં રૂપાન્તર છે **सोडम** ને **सोढम.** **वालम**નો **ન**રસિંહરાવને ઇષ્ટ વ્યુત્પત્તિક્રમ આ પ્રમાણે છે:[1]

[૧] **वल्लभः—वल्लहु—व्हालउ;**

[૨] **व्हालउ—व्हालव—व्हालम—वालम.**

તેમણે **सोढम**ની વ્યુત્પત્તિ આ પ્રમાણે સમજાવી છે:[2]

[૧] **सौरभ–**નો **–भ–** પૃથક્કરણથી **–ब्– + –ह–** રૂપે પરિણમે છે.

[૨] **सौरभ–**ના **–र–**નો ત્રિ–અક્ષરી શબ્દોમાંના મધ્યવર્તી **–र–**નો **–ड–** થવાના અર્વાચીન ગુજરાતીના ધ્વનિવલણ પ્રમાણે[3] **–ड–** થાય છે.

---

૧. પૂર્વોક્ત પુસ્તક ૧, ૮૯, ૨૩૨, ૩૧૩.

૨. ઉક્ત પુસ્તક, ૧, ૩૩૫, ૪૪૯.

૩. ઉક્ત પુસ્તક, ૧, ૪૫૯, ૪૬૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] વિકાર (૧) પ્રમાણે પરિણત થયેલા –ह्– પશ્ચાદ્‌ગમનના વલણને વશવર્તી, (૨) પ્રમાણે પરિણમેલા –ड–માં ભળી –ढ– આપે છે.

[૪] (૧) પ્રમાણે મળતા –ब्–માંથી –व्–ને –व्–માંથી અંતે –म– થાય છે.

આ રીતે **सोढम** તૈયાર થાય છે. આમાં **वालम**ની વ્યુત્પત્તિમાં (૨) વાળાં પરિવર્તનો ને **सोढम**ની વ્યુત્પત્તિમાં (૧) ને (૪) વાળાં પરિવર્તનો ગળે ઊતરે તેવાં નથી. તેમાં જુદીજુદી ભૂમિકાએ કે ઊલટા ક્રમે પ્રવૃત્ત થયેલાં ધ્વનિ-વલણોનો શંભુમેળો કરવામાં આવ્યો છે. **व्हालउ** સીધું **व्हालो** જ થઈ જાય; તેને બીજી રીતે વિકસવાનો અવકાશ જ નથી.

પ્રા. ગુ. राउ (સં. राजन्–, પ્રા. राओ) માંથી **રાવ, રા**

,, भेउ (સં. भेदः) માંથી **ભેવ**

,, प्रसेउ (સં. प्रस्वेदः) માંથી **પ્રસેવ**

,, पिउ (સં. प्रियः) માંથી **પિવ, પીવ, પી**

એ પરિવર્તનોમાં કાંતો વકારપ્રક્ષેપ થયેલો સમજવો (સં. केतक–, ગુ. **કેવડો**; સં. उद्वेग–, અપ. उव्वेव–, સં. कोदण्ड–, અપ. कोवण्ड– વગેરેની જેમ) અથવા તો કાવ્યભાષામાં પ્રાચીન ભૂમિકાનું કે કાલગ્રસ્ત રૂપ એમને એમ વપરાયું હોવાનું (સરખાવો, **પિયુ, કરંતો, મારતો, પાલણહાર** વગેરે) સમજવું.

–म– માટે સૂચવેલો વિકાર પણ સારી રીતે વાંધાભર્યો છે. –भ्–નો –ब्– + –ह्– થઈ અર્વાચીન ભૂમિકામાં ઊતરી આવ્યાનું કોઈ પ્રામાણિક ઉદાહરણ નથી. નરસિંહરાવ **બહેન, બ્હીક** ને **બ્હેબાકળો** આના સમર્થનમાં ટાંકે છે.[૫] તેમાં **બહેન** તદ્દન અનિયમિત છે. માભાઆ.માં જ वहिणी–बहिणिआ મળે છે—તેનો ણકાર ગુજ. શબ્દમાં નિયમ પ્રમાણે જળવાઈ રહેવો જોઈએ, તેને બદલે નકાર થયો છે. આ બધા કારણે **બહેન**નો આધાર ન લઈ શકાય. બાકીનામાંથી **બ્હીક**, સં. भीति– માંથી નહીં, પણ પ્રા. बीहइ (ગુજ. **બીવું**) પરથી –क्क– ઉમેરાઈ સધાયેલા बीहक्का– बीहक्क– પરથી **બીહીક, બ્હીક (બીક)** એ ક્રમે સધાયો છે; અને बीह–નો સંબંધ સં. भीष्– એ અંગ સાથે છે—पाषाण– વગેરેની જેમ –ष– > –स्– > –ह्–

૪. ઉક્ત પુસ્તક, ૧, ૨૮૪–૨૮૭.

૫. ઉક્ત પુસ્તક, ૧, ૮૯, ૯૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ અંત્ય વ્યંજનમાં પલટો આવતાં ઉત્તરવર્તી મહાપ્રાણની અસર નીચે પૂર્વવર્તી મહાપ્રાણ અલ્પપ્રાણ ઉચ્ચારાયો છે. બાકી રહેલા **બ્હેબાકળો**ની વ્યુત્પત્તિ અત્યંત સંદિગ્ધ છે. भय–व्याकुल– ને તેના મૂળ તરીકે કેમ સ્વીકારી શકાય? **બાકળો** એ અંશ તદ્ભવ હોય તો મૂળ –व्याकुल–નો કકાર જળવાઈ ન જ રહે, જો તે અર્ધતત્સમ હોય તો ગુજરાતીમાં व्या–નો **બા.** ન જ થાય ને **બ્હે–** એ અંશ प्रा. बीह– ને આધારે સમજાવી શકાય તેમ હોવાથી, તે માટે भय–ને ખેંચી લાવવાની જરૂર રહેતી નથી. આમ ગુજરાતીમાં સં. –भ–>–ब्+ह्– એવી પ્રક્રિયા અજાણી છે.

જરા જુદી પદ્ધતિએ વિચાર કરતાં **વાલમ, સોરમ**ની વધારે સંભાવ્ય વ્યુત્પત્તિ આપી શકાય તેમ છે.

૧. અપભ્રંશમાં પાછળના સમયમાં શબ્દો અર્ધતત્સમ રૂપે સ્વીકારવાનું જે વલણ છે, તેમાં મૂળનો અલ્પપ્રાણ સ્પર્શ ખેવડાઈને, અને મહાપ્રાણ સ્પર્શ અલ્પપ્રાણ+મહાપ્રાણ, એવા સંયુક્ત રૂપે જળવાઈ રહે છે. અપ. सइलज्ज– (સં. शैलजा), मणमत्थ–(मन्मथ–), तत्तक्खणे (तत्क्षणे) વગેરે.[૬] આને અનુસરીને वल्लभ–નું નિયમિત प्रा. वल्लह– થવા ઉપરાંત *वल्लब्भ– થાય. સં. सौरभ– ઉપરાંત सौरभ्य– શબ્દ પણ છે, તે પરથી નિયમપ્રમાણે प्रा. सोरब्भ.

૨. ખેવડાયેલા વ્યંજનોને સ્થાને કેટલાક શબ્દોમાં, અનુસ્વાર+વ્યંજન, એવું ધ્વનિયુગ્મ વિકસ્યું હોવાનાં ઉદાહરણો માભાઆ. માં જાણીતા છે. અપભ્રંશમાંથી સં. मुग्धा–मुद्ध, मुंध; સં. निद्रा–निद्द, निंद વગેરે ટાંકી શકાય.[૬]

એ વલણને આધારે वल्लब्भ–નું *वल्लंभ– થાય. सोरभ–નું જોડકું રૂપ सोरंभ– પ્રાકૃતકોશમાં નોંધાયેલું છે. અપભ્રંશ કાવ્ય ધનપાલકૃત ભવિસત્તકહ (૧૬,૩,૪)માં सोरंभ વિશેષણ તરીકે વપરાયું છે. પછી **વાલંભ** અને **સોરંભ** પ્રાચીન ગુજરાતી ને રાજસ્થાનીમાં વપરાયા છે.[૭] આમાં **વાલંભ**નું **વાલઁભ** એવું ઉચ્ચારણ પણ મળે છે.

---

૬. આ ઉદાહરણો સંદેશરાસક (સિં. જૈ. ગ્રં. ૨૨)માંથી છે.

૭. (ક). એકિ દિઈ ઉપાલંભરે, **વાલંભ**–રહિં સવિલાસ (વસંતવિલાસ, ભારતીય વિદ્યા ૧૯૪૭, ૨૮–૩૬, પદ્ય ૭૦). (ખ) જવથી **વાલંભ** વિછડયા, નાઠા સખહી સુખ (પંચ સહેલીયાંરી વાત, ૧૫૧૮, ભારતીય વિદ્યા, ૧૯૪૩, ૨૮). (ગ) વાલંભ (ઢોલા મારુરા દૂહા, ૧૬૭). (ઘ) મીનાં દધ સિખાં મેઘ, ભુવંગાં સોરંભ–મૂળ (ગીતમંજરી, અનુપ સંસ્કૃત પુસ્તકાલય, ૧૯૪૪, ગીત ૯, ક.૨).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. **વાલંભ-વાલઁભ**માં અંત્યાક્ષરનું ઉચ્ચારણ નબળું પડતાં અંત્ય સ્પર્શ ઉચ્ચારમાંથી લુપ્ત થઈ ગયો ને **વાલમ** બોલાવા લાગ્યું—જેમ **સોગન** (સોગંદ), **લીમડો** (લીંબડો), '**બારણું બન (બંધ) કર્યું**' વગેરે પ્રચલિત ઉચ્ચારણમાં બને છે તેમ. તે જ રીતે **સોરંભ**નું **સોરમ**.

૪. **વાલમ**નું **વ્હાલમ** એવું ઉચ્ચારણ **વહાલું, વહાલ** જેવાના સંગદોષનું પરિણામ હોવા સંભવ છે. **સોરમ**નું **સ્હોરમ સ્હોડમ, સોઢમ**, એવું ઉચ્ચારણ **સ**કારમાં **મ**ધ્યકાલીન ગુજરાતીમાં થતા હકારપ્રક્ષેપને આભારી હોય. સં. नश्य्, પ્રા. नस्स–, नास–નું **નહાસવું** (દશમસ્કંધ, ૧૯,૬૦), પ્રા. चड– ગુજ. **ચહડી** (દશમસ્કંધ), **ચઢી; સ્હોડ=સોડ, શાહાસ્ત્ર** (શામળ) = **શાસ્ત્ર, શોહોર** (શામળ) = **શોર** વગેરેમાં આવો પ્રક્ષેપ જોઈ શકાય છે. તે રીતે **સોરમ**નું **સ્હોરમ**ને પછી બીજાં રૂપો.

વાંકડું

ગુજ. **વાંકડું**નું પ્રાચીન રૂપ અપ. वङ्कुडय– છે. **પીશલ** (Pishel અને આલ્સડૉર્ફ (Alsdorf) આ **અપભ્રંશ** શબ્દના મૂળ તરીકે **વૈદિક** શબ્દ वङ्कु– હોવાનું માને છે.[1] પણ **અપભ્રંશ**માં वङ्कुडय–ના જેવા જ ઘડતરના જે બીજા શબ્દો છે (એ શબ્દો ધ્વનિવિકાર પામી **અર્વાચીન ભારતીય-આર્ય**માં પણ જળવાઈ રહ્યા છે), તેમને આધારે તેમાં –डय– નહીં, પણ –उडय– એવો અંગવિસ્તારક પ્રત્યય હોવાનું, અને મૂળ અંગ वङ्कु– નહીં, પણ સં. वक्र–, પ્રા. वङ्क– હોવાનું જણાય છે. નીચેનાં **અપ**ભ્રંશ શબ્દયુગ્મ તપાસો :

૧. बप्प– : वप्पुड (य)–
૨. णग्ग– : णग्गुड (य)–
૩. वङ्क– : वङ्कुड (य)–

૧. बप्प– (ગુજ. **બાપ**) **અપભ્રંશ**માં જાણીતો છે. 'પિતા' ઉપરાંત તેનો બીજો અર્થ[2] 'બાપડો' (સં. वराक–) થાય છે.

---

૧. ગ્રામાતીક (Grammatik), § ૭૪, ૫૯૯; માતેરીઆલીન (Materialien), શબ્દસૂચી, वङ्कुडउ શબ્દ નીચે; આલ્સડૉર્ફ એ સાથે સહમત, અપભ્રંશ-સ્તુદીન (Apabhramsa–Studien), પા. ૧૯, પાદનોંધ ૧; કત્રે, ફૉર્મેશન ઑવ કોંકણી (Formation of Konkani), સૂચી, 'વાકડે' શબ્દ નીચે.

૨. આલ્સડૉર્ફ, હરિવંશપુરાણ, શબ્દકોશમાં ખોટી રીતે તેનો અર્થ 'વીર' 'બલવાન' આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપ. वप्पुड(य)[3]–, ગુજ. **બાપડું**, અવધી **બાપુરા** પણ એ જ રીતે દયા, અનુકંપા અને હળવા વહાલનો ભાવ બતાવવા ઘણી વાર સંબોધનમાં વપરાય છે. **પાવોલીની** (Pavolini) તેનો અર્થ 'હલકું', 'હલકી ચીજ' કરે છે, તે ખોટો છે.[4]

૨. સં. नग्न– પરથી થયેલો णग्ग– ઉપરાંત णग्गुड(य)– પણ **અપભ્રંશ**માં મળે છે. જુઓ :

धणु दिन्तउ भण्डहँ **णग्गुडाहँ**।

–કરકંડુચરિઉ, ૭, ૧૫, ૫.

આનો અર્થ **હીરાલાલ જૈને** 'ભાંડ અને ભટકેલને ધન દેતો' એમ કર્યો છે, અને **શબ્દકોશ**માં તેનો સંબંધ સં. नग्न–, હિંદી **નગોડા** 'અકિંચન' સાથે હોવાનું કહ્યું છે. ગુજ. **નાગો, નાગડો** આ સાથે સરખાવી શકાય. બીજા એક **અપભ્રંશ** કાવ્ય **જસહરચરિઉ**ના એક પ્રક્ષિપ્ત ફકરામાં પણ 'ભાટચારણ' કે 'સ્તુતિપાઠક'ના અર્થમાં એ શબ્દ વપરાયો છે :

पारम्भिय थुइ **णग्गुडिहिँ** ताम।

–જસહરચરિઉ, ૧, ૧૭, ૧.

'**નાગડાઓએ** સ્તુતિ આરંભી'

શબ્દકોશમાં તેના પર આ પ્રમાણે ટિપ્પણ છે :

णग्गुडि[5] = चारणादि–वन्दिवर्ग इत्यर्थे देशी, भट्ट–भाट इति टिप्पणम्.

આ પ્રમાણે बप्प– : बप्पुड–, णग्ग– : णग्गुड–ની જેમ वङ्क– : वङ्कुड– એ જોડી સ્થાપી શકાય. એટલે वङ्कुड(य)–માં –ड(य)– નહીં પણ

---

૩. **હેમચંદ્ર, સિદ્ધહેમ**, ૪ ૩૮૭ (૩); **સ્વયંભૂછંદ**, ૪, ૨૦: **કવિદર્પણ**, ૨, ૩૧, શ્લોક ૪૬ પરની ટીકા, વગેરે.

૪. **ધ માધવાનલ-કથા, ટ્રાન્જેકશન્ઝ ઑવ ધ નાઈન્થ ઇંટર્નેશનલ કોંગ્રેસ ઑવ ઓરીએંટલીસ્ટ્સ**, ૧, (૧૮૯૩), પૃ. ૪૩૩ પર આપેલા નીચેના દોહામાં

भमरो जाणइ रस-विरसं, जो चुम्बइ नवजाइ।
घुणओं किं जाणइ बप्पुडा, सुक्खं वक्कल खाइ॥

આમાં ત્રીજા પાદનો અર્થ "Does a worm know what is base?' એવો કરેલો છે (પા. ૪૪૭).

૫. પી. એલ. વૈદ્ય અહીં णग्गुडि– એવું ઈકારાંત અંગ હોવાનું માને છે, પણ કરકંડુ–ચરિઉમાંથી ઉપર ટાંકેલા णग्गुडाहँ પરથી સ્પષ્ટ થાય છે કે णग्गुडिहिंમાં णग्गुड– એમ અકારાંત અંગ છે, અને –इहिं તૃતીયા બહુવચનનો પ્રત્યય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–उड(य)– એવો અંગવિસ્તારક પ્રત્યય હોવાનું સિદ્ધ થાય છે. **નાગડા** આવા જાણીતા છે. ઉપરાંત પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં 'તેડ્યા ભાટ, નગારી વિપ્ર' વગેરેમાં **નગારી** આવે છે. એમનો આ णग्गुड– સાથે સંબંધ હશે કે કેમ તે તપાસવું જોઈએ.

વીગત

૧. **નરસિંહરાવ**[1] આ શબ્દના મૂળ તરીકે સં. **વ્યકિત**– 'ભેદ' 'વિવેક' '(સામાન્યના વિરોધમાં) વિશિષ્ટ સ્વરૂપ' આપે છે. આ વ્યુત્પત્તિ વિશ્વસનીય અને સ્વીકાર્ય લાગે તે માટે (૧) આમાં દેખાતા ધ્વનિવિકારો તેતે ભૂમિકામાં પ્રચલિત ધ્વનિવલણોને આધારે જ થયેલા છે; અને (૨) આવાં બીજાં પણ સમાન્તર ઉદાહરણો મળી આવે છે–એ દેખાડવાની જરૂર છે.

૨. (૧) **વિગત** (૨) (**વીગત**) ઉપરાંત (૩) **વક્તિ** (ઈ. સ. ૧૬૦૬[2]), (૪) **વિગત્ય** ને (૫) **વગત્ય** (**લૈ**કિક ગુજરાતી) એ ગુજરાતી; તથા (૬) **વિગતિ** ને **વિગત** (ઈ. સ. ૧૬૦૫) એ બે **માર**વાડી અને विगत એ પૂર્વી હિંદી સ્વરૂપો[3] ટાંકી શકાય તેમ છે. આ સૌ અને તેમનો અરસપરસ સાથેનો સંબંધ આપણે સમજાવવો જોઈએ.

આમાંથી **વક્તિ** દેખીતો જ એક અર્વાચીન તદ્ભવ (કે અર્ધતત્સમ) છે. બાકીના પણ અર્વાચીન ઘડતરના હોવાથી એ જ કોટીમાં આવે. તેમનો અરસપરસ સંબંધ આ પ્રમાણે બાંધી શકાય—

સં. **વ્યક્તિ**> {
(૧) **વક્તિ**>***વગતિ** (પ્રા. ગુજ.)>**વગત્ય** (લૈકિક)
(૨) **વિગતિ** (જૂ. પ. રા.) { **વિગત્ય** (લૈકિક)>**વિગત**(શિષ્ટ) / **વગત્ય** (લૈકિક) }
(૩) ***વિયગતિ**>***વિઅગતિ**>**વીગત્ય**>**વીગત**
}

(૧)માં સંયુક્ત **કત**–નો સ્વરઉમેરા વાટે વિશ્લેષ[3] ('એનેપ્ટીક્સીસ' anaptyxis) તથા છૂટા પડતા પૂર્વવ્યંજન –ક્–નો ઘોષભાવ[4] એ પ્રક્રિયા મારફત ***વગતિ**, અને સ્ત્રીલિંગસૂચક અંત્ય –ઇ–નો **ય** થતાં **વગત્ય** સધાયો છે.

---

૧. **નરસિંહરાવ**, પૂર્વોકત પુસ્તક, ૧, ૨૭૯, ૪૨૧, ૪૫૦. આ પહેલાં કેટલાયે વરસે હોર્ન્લે' (Hoernle) ગૌડીયન લેંગ્વેજ, પા. ૬૭, § ૧૨૧ પર પૂર્વી હિં. विगत 'વ્યકિત'ને સં. व्यक्त– ઉપરથી અર્ધતત્સમ સિદ્ધ કરે છે.

૨. નરસિંહરાવ, એજન, ૪૨૧.

૩. **ભારતીય વિદ્યા**, ૨–૧, આશ્વિન ૧૯૯૭, પા. ૩૪, ૩૫. ૩૬, ૩૭, ૪૦, વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)માં સંપ્રસારણથી[૬] **વિગતિ** અને -ઇ-ને સ્થાને -**ય**- અને પછી તેના લોપથી **વિગત્ય** ને **વિગત** આપણને મળે છે. **વગત્ય** આ **વિગતિ**માંથી પણ આદિ અક્ષરના **इ**-નો **अ**- થવાથી[૭] સિદ્ધ થઈ શકે.

(૩)માં અંતિમ સ્વરૂપ **વીગત**નો દીર્ઘ ઈ સમજાવવા માટે **વ્યક્તિ** નો ***વિયગતિ** એવો અસાધારણ વિકાસ કલ્પવો જ રહ્યો. પછી તો **ય્**નો લોપ, इના અનુવર્તી °**अ**°નો લોપ અને પૂર્વસ્વરનો દીર્ઘભાવ એ ક્રમે **વીગત**નો ઈ સાધવો[૯] સરળ છે.

સમાંતર ઉદાહરણ તરીકે **જુગત્ય, જુગત, જુગતિ** (સં. **યુક્તિ°**-) **સકત્ય**[૪] (**સગત્ય**) (સં. **શક્તિ**), **પંગત્ય, પંગત** (સં. **પંક્તિ°**-) આપી શકાય.

૩. **ઉલ્લેખ્ખો**—વિશ્લેષ માટે જુઓ-**પ્રાકૃત** તથા **અપભ્રંશ** માટે **પીશલ-ગ્રામાતીક** §§ ૧૩૧-૧૪૦; તથા **હેમચંદ્ર, સિદ્ધહેમ** ૮।૧।૧૪૫; ૮।૨।૭૩,૭૫,૧૦૦-૧૧૫; ૮.૪।૮,૮૮,૧૭૦, ૧૮૨,૨૩૫,૨૭૦,૩૧૪,૩૨૨; **અપભ્રંશ** માટે ૮।૪।૩૨૯ (**કિલિન્નઓ**), ૪૪૨ (૧) (**પરાવહિં**), ૪૪૪ (૩) (**દીહર**). **જૂની પશ્ચિમ રાજસ્થાની** માટે **ટેસીટોરી, નોટ્સ**, § ૨ (૩); **અર્વાચીન ગુજરાતી** માટે **નરસિંહરાવ**, ઉક્ત ગ્રંથ, પા. ૪૦૦-૪૦૪; ૨૭૨-૨૭૫; **બંગાળી** માટે અને સામાન્યપણે **ચેટર્જી**, '**ધ ઓરીજીન એંડ ડેવેલપ્મેંટ ઓવ ધ બેંગાલી લેંગ્વેજ**, ૧ (૧૯૨૬), પા. ૩૭૪-૩૭૭; ૧૭૧.

૪. -**ક્**-ના ઘોષભાવ માટે જુઓ : **પ્રાકૃત** માટે **પીશલ**-ઉક્ત ગ્રંથ, § ૨૦૨; તથા **હેમચન્દ્ર**, ઉક્ત ગ્રંથ, ૮।૧।૧, ૬૭,૧૮૨; **અપભ્રંશ** માટે **પીશલ**, § ૧૯૨; તથા **હેમચન્દ્ર**, ૮।૪।૩૯૬,૩૭૭ (**ખયગાલિ**), ૪૨૭ (**નાયગુ**); **જૂની ગુજરાતી** માટે **દવે, ગુજરાતી લેંગ્વેજ**, (૧૯૩૫), શબ્દસૂચી (**આગર, ઉપનગર, ઉપગાર, સુગાલિ**, વગેરે). **મરાઠી** માટે અને સામાન્યપણે **જુલ બ્લોક્-લાંગ મરાઠે**, ૧૯૧૯ નું **પરાંજપે**કૃત ભાષાંતર **મરાઠી ભાષેચા વિકાસ**, ૧૯૪૧, પા. ૧૩૬. **બંગાળી** માટે **ચેટર્જી** ઉક્ત ગ્રંથ, પા. ૪૪૫-૪૪૬,૪૬૨.

૫. અંત્ય -ઇ > **ય** માટે જુઓ-

---

૪. કાઠિયાવાડના અમુક વણિક કુટુંબોમાં માતા અને ગોત્રજ માટે થતા વાર્ષિક નૈવેદ્યને અંગે થતી વિધિમાં કુટુંબના ગોર બહેનભાઈને વારાફરતી પૂછે છે "કોણ સકત્ય (સગત્ય)?" "કોણ વીર?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસિંહરાવ–ઉક્ત ગ્રંથ, ૨૨૩–૨૨૫; **દવે**–ઉક્ત ગ્રંથ, ૨૭ (પરિચ્છેદ ૩) પર આપેલા ઇકારન્ત અંગોને લગતાં સૂચીમાં આપેલાં **અર્વાચીન ગુજ.** શબ્દસ્વરૂપો.

૬. સંપ્રસારણ માટે જુઓ—

પ્રાકૃત માટે **પીશલ**–ઉકત ગ્રંથ, § ૧૫૧; તથા **હેમચન્દ્ર**– ૮–૧–૪૬, ૫૨,૫૪,૬૪,૭૩,૭૪, ૧૪૯,૧૬૫,૧૬૬,૧૬૭,૧૭૦,૧૭૧,૧૭૨ એ સૂત્રો નીચે પ્રસ્તુત શબ્દો; **પ્રાચીન ગુજ.** માટે **ટેસીટોરી**–ઉકત ગ્રંથ, § ૫૨; **અર્વાચીન ગુજરાતી** માટે **નરસિંહરાવ**, ઉકત ગ્રંથ, ૪૨૦–૪૨૪; **મરાઠી** માટે **બ્લૉક** (**પરાંજપે**) ઉકત ગ્રંથ ૧૧૨–૧૧૩; **બંગાલી** માટે **ચેટર્જી**–ઉકત ગ્રંથ, ૪૦૬–૪૦૭, ૩૨૯–૩૩૦.

૭. શબ્દાન્તર્ગત **-ઈ-** > **-અ-** માટે જુઓ—

પ્રાકૃત માટે **હેમચંદ્ર**– ૮–૧–૮૮–૯૧; પણ તેની ટીકા માટે **પીશલ**– § ૧૧૫. **પ્રાચીન ગુજ.** માટે **ટેસીટોરી**, § ૪ (૧); **અર્વાચીન ગુજરાતી** માટે **નરસિંહરાવ**, ૨૨૫–૨૨૭; **ગ્રીઅર્સન**–'**ઑન ધ ફોનોલૉજી ઑવ ધ મૉડર્ન ઇંડીઅન આર્યન વર્નાક્યુલર્ઝ**' **જર્નલ ઑવ ધ જર્મન ઑરીએંટલ સોસાયટી**, ૪૯–૫૦, §§ ૧૨૦–૨૩; **મરાઠી** માટે અને સામાન્યપણે **બ્લૉક** (**પરાંજપે**), ૭૬–૭૭; **બંગાળી** માટે **ચેટર્જી**, ૩૩૨–૩૩.

૮. **વ્ય**>**વિય**- માટે સરખાવો—

અર્ધમાગધી **દુવાલસ** (**હેમચંદ્ર** ૮–૨–૨૫૪), **દુવાર**, **દુઆર**; **ગુજ.** **સુવાસ** (લૌકિક) <શ્વાસ; પ્રા. **ચિયત્ત** < ***તિયત્ત** <ત્યક્ત; પ્રા. **ચિચ્ચા**<***તિઇક્ત્વા** <**તિયક્ત્વા**<ત્યક્ત્વા (**પીશલ**, § ૨૭૯, પૃ. ૧૯૩) તેમ જ **હેમચંદ્ર**, ૮–૨–૧૦૭.

૯. **ઇય°**>**ઇઅ°**>**ઈ** માટે જુઓ—

ટેસીટોરી, § ૧૫; **દવે**, ૧૪; **નરસિંહરાવ**, ૪૪૩ તથા ૪૧૪–૪૧૯; **ચેટર્જી**, ૩૦૨–૩,૩૦૭,૩૫૨.

વ્યંડળ

૧. **જોડણીકોશ**(ચોથી આવૃત્તિ)માં ગુજરાતી **વ્યંડળ** 'નપુંસક'ના મૂળ તરીકે वंडर (અને તેનું આગળ પૃથક્કરણ કરી वि+अंड) આપેલો છે. પણ वंडर–શબ્દની સંદિગ્ધતા વગેરે કારણે આ અટકળ નિરાધાર જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેની હકીકતો લક્ષમાં લેતાં **વ્યંડળ** જૂના ને જાણીતા મૂળમાંથી ઊતરી આવ્યો હોવાનું કહી શકાય.

૨. **લીટી** (लीहटी, મૂળ સં. लेखा), **મોટો** (મૂળ સં. महत्–) જેવા શબ્દોમાં મૂળનો હકાર લુપ્ત થયાને કારણે શબ્દનું સ્વરૂપ પલટાઈ ગયું છે. **વ્યંડળ** પણ અમુક અંશે એવા જ પરિવર્તનના ફળરૂપ છે.

૩. **અર્જુન** **વિરાટ**રાજાને ત્યાં ગુપ્તવાસ રહે છે, ત્યારે તે એક નપુંસક તરીકે સ્ત્રીવેશે बृहन्नला નામ ધારણ કરે છે. આમ बृहन्नल–નો અર્થ 'નપુંસક' થઈ શકે.

૪. આ बृहन्नल– કે बृहन्नल– **અપભ્રંશ**માં विहन्दल– રૂપે મળે છે. મહાકવિ **સ્વયંભૂ**કૃત અપભ્રંશ મહાકાવ્ય **હરિવંશપુરાણ** કે **રિટ્ઠણેમિચરિઉ**માં આ શબ્દ અનેક વાર વપરાયો છે.

૫. અપ૦ विहन्दल – મૂળના वृहन्नल – માંના નકાર પછી દકાર–પ્રક્ષેપ દ્વારા સિદ્ધ થયો છે.

પાँદડું (पन्न–,पर्ण–), **વાँદરો** (वन्नर–, वानर–), **પંદર** (पन्नरह, पञ्चदश) વગેરેમાં આ જ પ્રક્રિયા દેખાય છે. અને, **આँબો** (अम्ब–, आम्र–), **તાँબું** (तम्ब–, ताम्र–) વગેરેમાં તે ધ્વનિભેદ જોઈ શકાય છે.

૬. **અપભ્રંશ** विहन्दल– નો હકાર પછીની ભૂમિકામાં લુપ્ત થાય છે, અને તેથી નજીકનજીક આવી જતા इ ને अ ભળી જઈ, विह–ને સ્થાને व्य–ઉચ્ચારાતો થાય છે. આ પ્રક્રિયાનાં બીજાં ઉદાહરણો :

જ્યાઁ < जिहाँ, **ત્યાઁ** < तिहाँ, **જ્યારે** < जिहारइ, जिहवारइ વગેરે.

૭. અપ. विहन्दल–ના –ल्–નો ગુજરાતીમાં નિયમપ્રમાણે –ळ्– થાય અને બાકીના દકારનો મૂર્ધન્યભાવ થતાં, विहन्दलु પરથી **વ્યંડળ** નિષ્પન્ન થાય છે.

૮. આમાં –द्–નો –ड्– થયો એમાં રહેલી મૂર્ધન્યભાવની પ્રક્રિયા[2] ગુજરાતી માટે અસાધારણ જણાય છે. પણ એવાં બીજાં બેચાર ઉદાહરણો પરથી લકારની અસરથી દંત્યનો મૂર્ધન્ય થતો હોવાનું અટકળી શકાય. જુઓ નીચેના શબ્દો :

જેટલો, તેટલો (અપ. जेत्तिल्ल–, तेत्तिल्ल–),

નિટોલ (અપ. नित्तुल्ल–),

હીંડોળો (સં. हिन्दोल–), **ડોલવું**, **ડોળી** વગેરે (સં. दोला સાથે સંબદ્ધ).

૯. આથી વિકાસક્રમ આ પ્રમાણે હોય :

बृहन्नल्ल:– वृहन्नल्ल:—અપ. विहन्दलु–ગુજ. **વ્યંડળ.**

---

૧. अच्छइ जिव वन्नरि डालि–मुल्ल, પઉમસિરિચરિઉ (સિં. જૈ. ગ્રં. ૨૪, ૧૯૪૮) ૨, ૧૨૮.

૨. ગુજરાતીમાં મૂર્ધન્યભાવ માટે જુઓ 'દંત્યોના મૂર્ધન્યભાવ ?' એ લેખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપેટવું, સમેટવું

સંપેટવું અને **સમેટવું** એ શબ્દોની વ્યુત્પત્તિની ચર્ચામાં[1] **ચતુરભાઈનો** મત કંઈક વધારે સયુક્તિક છે. તેમણે રજૂ કરેલા નિર્ણયો આ પ્રમાણે છે—

(૧) સંસ્કૃત √વેષ્ટ્, –√**સંવેષ્ટ્**– ના ચાર પ્રાકૃત સ્વરૂપ છે:

૧. **વેઢઇ** (સિદ્ધહેમ ૮/૪/૨૨૧)

ગુ. **વેઢ** આ સ્વરૂપ પરથી સધાયો.

૨. **સંવેલ્લઇ** (અને **ઉદ્વેષ્ટતે** માટે વૈકલ્પિક **ઉવ્વેલ્લઇ**) (સિ. હે. ૮/૪/ ૨૨૨, ૨૨૩);

ગુ. **વેલ્લા** (કાનના) આ√ **વેલ્લ**– પરથી આવ્યો.

૩. ***સંવેટ્ટઈ** (સંભવિત);

સરખાવો **ઉષ્ટ્ર**–>**ઉટ્ટ**–, **ઇષ્ટા**>**ઈટ્ટા**–, **સંદષ્ટ**–>**સંદટ્ટ**– (સિ. હે. ૮/૨/૩૪), તેમ જ (વિ.–)**સૃષ્ટ**>**છુટ્ટ**.

ગુ. **વીંટી, વીંટવું, વીંટલો** વગેરેના મૂળમાં આ √**વેટ્ટ**– છે.

૪. √**વેઢ્**–. આ પ્રા. **વેઢ્ણ**– (સં. **વેષ્ટન**–) પરથી સૂચવાય છે.

(૨) એટલે **સંપેટવું–સમેટવું**નો વિકાસક્રમ આ પ્રમાણે છે–

સંવેષ્ટતે
|
*સંવેટ્ટઇ
|
*સંબેટ્ટઇ — *સમ્મેટઇ
|
*સંબેટઇ — *સમેટઇ
|
સંપેટવું — **સંપેટવું**

વ્નો **બ્** તેમજ **મ** થવાના સમાન્તર ઉદાહરણ તરીકે–

પવન્ના **વ્**નું **પરબ** અને **સપરમો** એમાં થએલું દ્વિવિધ રૂપાન્તર ટાંકી શકાય.

(૩) ઉપર આપેલા વેષ્ટ્–ના ત્રણ વિકારો વચ્ચે √संवेष्ट्–>√संवेट्ट–>√*संवेड्ड–>√संवेल्ल्– એવો સંબંધ બાંધી શકાય.

---

૧. 'પ્રસ્થાન' માગશર, મહા, અષાઢ ૧૯૯૩; ચૈત્ર ૧૯૯૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે આ નિર્ણયોની સાબીતી તપાસીએ. **નેપાળી સમેટવું**, **પંજાબી** ને **હિંદી સમેટના**, **મરાઠી સમેટણેં**–એ સૌ ગુજરાતી **સમેટવું**ના સજાતીય શબ્દો છે.[3] પણ **સંપેટવું**ને મળતા શબ્દો બીજી **અર્વાચીન ભારતીય–આર્ય** ભાષાઓમાં મળતા નથી. આ હકીકત સૂચવે છે કે, જો **સંપેટવું** ને **સમેટવું** એ બેની વચ્ચે પ્રકૃતિ–વિકૃતિનો સંબંધ સ્વીકારવો જ હોય તો **સમેટવું** વધારે જૂનો હોવાથી તેને જ પ્રકૃતિ ગણવી પડશે, અને મને તો **સંપેટવું** નો દેખાવ જ અર્વાચીન લાગે છે. તે **સમેટ**–ના પૂર્વરૂપ સાનુનાસિક ***સંમેટ**–માંથી ઉચ્ચારણભેદને લીધે વિકસ્યો હોય. **વાનર**–> '**વાંદર**' વગેરેની જેમ ***સંબેટવું** થવું જોઈએ; પણ શબ્દોના ઇતિહાસમાં ધ્વનિ–વ્યાપારો ઉપરાંત સાદૃશ્યના તત્ત્વનું પણ સ્થાન મહત્ત્વનું છે, એ ભુલાવું ન જોઈએ. એટલે **સંબેટવું**ના **વ્રૂ**તું ઉચ્ચારણ **લપેટવું**, **પેટી** વગેરેની અસરથી **પ્**–માં સરી ગયું હોય. આમ **પ્રા**કૃત પૂર્વરૂપ ***સંવેટ્ટ**ને બદલે ***સંમેટ**માંથી **સંપેટ** ઉતારવો વધારે યોગ્ય લાગે છે.

હવે **સમેટવું** લઈએ. ટર્નરનું વલણ આને સં. **સંવર્તયતિ** પરથી સાધવા તરફ છે.[4] સં. **સંવર્તયતિ** 'વીંટી લે છે', પા. **સંવટ્ટતિ** 'વિકસે છે', પ્રા. **સંવટ્ટેઇ** 'સમેટી લે છે.' સાથે તે સૂચવે છે કે આને સં. **સંવેષ્ટયતિ** 'સમેટી લે છે', પા. **સંવેઠેતિ** એનો સંગદોષ કદાચ લાગ્યો હોય.

એટલે પ્રથમ તો ટર્નરના **સંવર્તયતિ**... × **સંવેષ્ટયતિ**... અને **ચતુરભાઈ**ના **સંવેષ્ટયતિ**..(કે **સંવેષ્ટતે**...) એ બે વચ્ચે નિર્ણય કરવો રહ્યો. **ચતુરભાઈ**નો મુખ્ય આધાર એ છે કે ગુ. **વીંટી**, **વીંટવું** વગેરે સાધવા માટે **√વેષ્ટ્**–નું (**વેઠ્**–દ્વારા)**√ *વેટ્ટ**– એવું રૂપાન્તર સ્વીકાર્યા વિના છૂટકો નથી,[5] અને આ ***વેટ્ટ**– એક વાર સ્વીકારો એટલે તેને આધારે **સમેટવું** સાધવો એ તો રમત વાત છે. પણ ગુ. **વીંટી**, **વીંટવું** વગેરેની વ્યુત્પત્તિ વીશે **ટર્નર**નો જુદો જ અભિપ્રાય છે. આને લગતી તેમની શબ્દસામગ્રીની તુલના આ પ્રમાણે છે[6]—

---

3. ટર્નર, નેપાલી ડીક્શનરી, સમેટ્નુ નીચે.

4. પૂર્વનિર્દેશ, સંમેટ્નુ નીચે,.

5. નરસિંહરાવ પણ વીંટવું વગેરેને સં. √ વેષ્ટ્–માંથી સાધવાના મતના છે. પૂર્વોક્ત પુસ્તક ૧, ૧૨૧, ૪૪૧.

6. નેપાલી ડીક્શનરી, બિટો, બિરો એ શબ્દો નીચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)

પ્રા. **વિટ્ટી** 'પોટલી'
નેપા. **બિટો** 'ભારો' 'વીંટો'
સિં. **વીટણુ** 'બીડી દેવું'
ગુ. **વીંટો, વીંટી**

આ સૌનું મૂળ ***વીટ્ટ**–

[નોંધ—ટર્નરે પ્રા. **વિંટિયા, વિંટલિઆ** 'પોટલી', **વિંટઇ** 'વીંટે છે' એ **પ્રાકૃત** શબ્દો ટાંકયા નથી અને ગુજરાતી **વીંટો, વીંટી** અશુદ્ધ અથવા તો બોલીગત નિરનુસ્વાર રૂપ ટાંકયાં છે]

(૨)

સં. **બીટમ્, બીટા** 'ગિલ્લી' 'મોઈ'
વીટકમ્, વીટિકા 'પાનનું બીડું'
વીટી 'નાગરવેલનો છોડ'
પ્રા. **બીડગ**– (નપું.), **વીડિઆ** 'બીડું'

નેપા. **બિરો**	'બીડું'
પંજા. હિં૦ **બિડ઼ા**	
સિં. **બીડો**	
મરા. **વિડા**	
ગુજ. **બીડું**	

મરા. **વિટી, ઇટી** 'ગિલ્લી', 'મોઈ'
પંજા. **વિડા** 'શીશીનું બુચ'
સિં. **બીડ઼ણુ** 'બીડવું'
ગુ. '**બીડો**', '**બીડી**' ['બીડવું']

આ સૌ શબ્દો બે મૂળ રુપ સૂચવે છે, ***વીટ**– (પંજા. મરા.) અને ***બીટ**– (નેપા. સિં. હિં. ગુજ.)='વીંટો વાળેલી કોઈ વસ્તુ.' આ[૭] ***વીટ**– કે ***બીટ**–, ઉપર સૂચવેલું ***વીટ્ટ**– ને બીજા શબ્દો પરથી સૂચવાતું ***બીણ્ડ**– 'ઘાસનો ભારો કે વીંટો' એ સૌ કોઈ **અનાર્ય** ભાષામાંથી ઉછીતા લીધેલા હોય એ સંભવિત છે.

---

૭. ટિ. એન્. દવે, એ સ્ટડી ઑવ ધ ગુજરાતી લૅંગ્વેજ, ૧૮૬. દવે ઉક્ત સ્થળે સૂચવે છે કે વીંટિવઇ ઉપર સં. વેષ્ટતેની અસર થઈ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ટર્નર આ શબ્દસમુદાયનાં મૂળ રૂપને અનાર્ય ભાષાના માને છે. પણ આ નિર્ણયમાં એક દોષ લાગે છે. ઉપર નોંધમાં જણાવ્યું છે તેમ ગુ. **વીંટી, વીંટો, વીંટવું, વંટલો** વગેરેની તેમજ પ્રા. **વિંટઇ, વિંટિયા, વિંટલિઆ** એ શબ્દોની ટર્નરને જાણ જ નથી, અને તેમણે મૂળ તરીકે સૂચવેલા શબ્દો આ શબ્દોમાં રહેલો અનુસ્વાર સમજાવી શકતા નથી. આથી તેમણે સૂચવેલી વ્યુત્પત્તિ ગુજરાતી **વીંટવું** વગેરે શબ્દો માટે સ્વીકાર્ય લાગતી નથી.

એટલે, હેમચંદ્રે **-ષ્ટ-** નો **-ટ્ટ** થવાનાં ત્રણ ઉદાહરણ નોંધેલા હોવાથી અને આપણને સં **વેષ્ટયતિ**, પ્રા. **વિંટઇ**, જૂ. ગુ. **વીંટિવઇ**, અર્વા. ગુ. **વીંટવુ** એ સૌ સમાનાર્થક મળતા હોવાથી તેમની વચ્ચે પ્રકૃતિ-વિકૃતિનો સંબંધ સ્વીકારવા સામે એકે સબળ વાંધો લઈ શકાય તેમ લાગતું નથી.

આ નિર્ણયને એક બીજો મજબૂત આધાર મળે છે. **ઉષ્ટ્ર- > ઉટ્ટ- > ઊંટ, ઇષ્ટા > ઇટ્ટા > ઈંટ** એ પ્રમાણે હેમચંદ્રે નોંધેલા (**સંદટ્ટ-** ને લગતો તદ્ભવ[૮] ન હોવાથી તેને બાદ કરતાં) બધા -ष्ट- > -ट्ट- એવી વિશિષ્ટ પ્રક્રિયાવાળા શબ્દો ગુજરાતીમાં સાનુનાસિક છે, અને -वेष्ट्- > *वेट्ट- > **વીંટ-** પણ આજ નિયમને અનુસરતો છે. એટલે **વીંટવું** વગેરેના મૂળ તરીકે **વેષ્ટ્**ને સ્વીકારવો એ જ યોગ્ય છે. એટલું ખરું કે ઉપર તુલના માટે આપેલા બીજી **અર્વાચીન ભારતીય-આર્ય** ભાષાઓના શબ્દો માટે જે અનાર્ય મૂળનું રૂપ કલ્પ્યું છે તેનો પ્રભાવ **વીંટો** વગેરે પર પડ્યા વિના ન જ રહ્યો હોય. પણ મૂળ તરીકે તો √वेष्ट्- જ ગણાય.

એટલે નિયમ પ્રમાણે -ष्ट्- માંથી નિષ્પન્ન થતા -ट्ठ- ની સપ્રાણતા-(એસ્પીરેશન, aspiration)નો લોપ ઉક્ત ઉદાહરણોમાં કેમ થયો તે સમજાવી શકાય તેમ ન હોવા છતાં वेष्ट्-ના એક રૂપાન્તર તરીકે *वेट्ट- સ્વીકારવું ઉચિત છે. અને તો संवेष्ट्- > *संवेट्ट- > सँमेट्ट- > **સમેટ-** એ ક્રમે **સમેટવું** સાધી શકાય. આમાં **સંવર્તયતિ**નો કંઈ પણ ફાળો હોય તો તે 'વીંટવું'માંથી 'વિસ્તારેલું એકઠું' કરી લેવુંમાં થયેલા અર્થવિકાસ પૂરતો જ.

---

૮. એક રીતે સંદટ્ટ- પણ સમર્થક ગણી શકાય. કેમ કે નિરુપસર્ગ *દટ્ટ-માંથી સધાયેલા નેપા. ડાઁટ્નુ. બંગા. ડાઁટા, હિં. ડાંટના "ધમકી આપવી" એ તદ્ભવોમાં સાનુનાસિક રૂપ મળે છે. પંજા. ડટ્ટના "અટકાવવું", સિ. ડાટણુ 'ડાટો મારવો', 'ડાટવું', મરા. દાટણે 'ધમકી આપવી', ગુજ. દાટી, 'ડા(દા)ટો' 'ડા(દા)ટવુ" એ શબ્દો નિરનુનાસિક છે. (ટર્નર, નેપાલી ડિક્શનરી, પા. ૨૫૭ બી ૨૫, ડાઁટ્નુ). પણ આ દેશ્ય સંદટ્ટ- 'વળગેલું' 'અથડામણ' અને હેમચંદ્રે આપેલ સંદટ્ટ- (સં. સંદષ્ટ) 'કપાયેલું' 'ડંખાયેલું' જુદા ગણવા પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ष्ट्- > -ट्ट- એટલે કે (ष्ट्- > ट्ठ- > ट्ट-) એ પ્રક્રિયાના એક વધારેના ઉદાહરણ તરીક **ચતુરભાઈએ** (वि-) **સૃષ્ટ->છુટ્ટ-** આપ્યો છે. પણ આ વ્યુત્પત્તિ તદ્દન પાયા વિનાની છે. -ष्ट्- નો -ट्ट- થવાનું પુરવાર કરવા -स्- > -छ्- ની તદ્દન ચિંત્ય અને વિરલ પ્રક્રિયાનો આધાર લેવો અને ઉપસર્ગનો લોપ કલ્પવો એ જરા પણ શાસ્ત્રીય ન ગણાય. **છૂટવું** વગેરેના સજાતીય શબ્દો **અર્વાચીન ભારતીય-આર્ય** ભાષાઓમાં મળે[૯] છે. સં. (ધાતુપાઠ) **છોટયતિ** 'કાપે છે,' પ્રા. **છુટ્ટો, છોડેઇ, છોડઇ**; સં. **આચ્છોટિત** 'તાડેલું'; પ્રા. **અચ્છોડિઅ**; નેપા. **છુટ્નુ, છોડ્નુ**; હિં. **છોડ્ના**; સિં. **છોડ્ણુ, છુટણુ**; બંગા. **છુટા**; મરા. **સુટણે, સોડણે**; સં. *निश्छुटति, સિં. **નિછુડણુ** 'છૂટું થવું.'

સં. ***પ્રચ્છોટયતિ**, હિં. **પછોડના** "ઝાટકવું"

સં. ***વિચ્છોટયતિ**, હિં. **બિછોડના**, સિં. **વિછોડણુ**, ગુજ. **વછોડવું**, **વછુટું**, **વછુટવું**.

ટર્નર આ સમુદાયનું મૂળ **ભારતીય-આર્ય**ની સુદ્દરની પૂર્વભૂમિકા **ભારત-યુરોપીયમાં** શોધે છે.[૧૦] મૂળ **ભારત-યુરોપીય** ધાતુ sqeué 'મારવું, કાપવું' (જેની સાથે સં. **સ્કુનોતિ** "ભોંકવું" નો સંબંધ છે.) ધાતુ-વિસ્તારના સિદ્ધાન્ત પ્રમાણે 't' એ સાધકપ્રત્યય સ્વીકારી √છુટ્-રૂપે પરિણમ્યો હોય, પણ **કોલંબિયા** યુનીવર્સિટીના અધ્યાપક **ગ્રેએ** *sqer-te- [< *sqere 'કાપવું' + નિશ્ચાયક (ડીટર્મીનિટીવ, determinative) -t-] એ ધાતુને મૂળ તરીકે સૂચવ્યો છે.[૧૧] મૂળ *sqṛt-ne-ti અગર sqṛte-ti એમાંથી પ્રા. **છુટ્ટઇ** 'કાપી નાખે છે, છોડે છે' સધાયો હોય. **લેટીન** scortum 'ચામડી, ચામડું' એમાં પણ એ જ ધાતુ રહેલો છે. **પ્રાચીન પ્રુસી** (Prussian), **રુસી** (Russian) વગેરેમાં પણ આના સજાતીય શબ્દો મળે છે. આથી **છૂટવું** ને **સૃષ્ટ૦** સાથે જરા પણ લેવાદેવા નથી.

---

૯. નેપાલી ડીક્શનરી, પા. ૧૧૯ બી., ૨૦૦ એ.

૧૦ જુઓ પૂર્વનિર્દેશ, પા. ૬૪૭ એ.

૧૧. ગ્રે, ફ્રીક્ટીન પ્રાકૃત-ઈન્ડો-યુરોપીઅન ઇટીમોલોજીઝ્. [જર્નલ ઓવ ધ અમેરિકન ઓરીએન્ટલ સોસાયટી, ૬૦, ૩, ૩૪૩: સપ્ટેમ્બર, ૧૯૪૦) એનો આ લેખ ભારતીય-આર્યના અભ્યાસમાં એક તદ્દન નવો જ પ્રદેશ ઉઘાડે છે. ભારતીય-આર્યના શબ્દ ભંડોળમાં દેશ્ય તરીકે જાણીતા શબ્દોનાં મૂળ શોધવા માટે અત્યાર સુધી માત્ર દ્રાવિડી કે મુણ્ડા ભાષાઓનો આશ્રય લેવાતો. આ લેખમાં કેટલાક દેશ્ય ગણાતા શબ્દો મૂળે ઠેઠ ભારત-યુરોપીયમાંથી લૌકિક બોલીઓમાં જળવાઈને અવશેષ તરીકે રહી ગયા હોવાનું સૂચવવામાં આવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે ચતુરભાઈના બાકીનાં વિધાનો તપાસીએ.

તેમણે હેમચંદ્રે આપેલા વેઢ- અને વેલ્લ્- નો વેષ્ટ્-ના બીજા બે રૂપાન્તરો તરીકે સ્વીકાર કર્યો છે. હવે વેષ્ટ્- સાથે વેઢ- નો સંબંધ વે-ષ્ટ્> વેટ્ઠ,- વેઠ- (પાલિ) >વેઢ- એ ધ્વનિ-વિકારોને અનુસરીને જ બાંધી શકાય. આમાં મુશ્કેલી એ છે કે -ટ્ઠ- > -ઠ- એમાં રહેલી સ્પર્શોના સંયોગલોપની પ્રક્રિયા તો અપભ્રંશ-ઉત્તરકાલીન ભૂમિકામાં જ પ્રચુરપણે પ્રચલિત હતી.

પ્રા. દાઢા, 'દાઢ', કોઢ-'કોઢ', કઢ્ઢઇ 'ખેંચે છે' એ સૌ પણ આ પ્રકારનો કોયડો રજૂ કરે છે. આ ઉદાહરણોમાંના કેટલાંકનો સંબંધ ભારતીય-આર્યેતર ભાષા દ્રાવિડી કે ભારત-યુરોપીય ભૂમિકા સાથે જોડવામાં આવ્યો છે.[૧૨] પણ कर्षतिને कड्ढति વગેરેનો સંબંધ ન હોય એ પ્રતીતિજનક નથી લાગતું. ગમે તેમ ધ્વનિ-વિષયક તેમ જ અર્થ-વિષયક સામ્ય જોતાં, ટર્નર વેષ્ટતેથી વેઢઇને વિખૂટો નથી પાડતા[૧૩] એ યોગ્ય જ લાગે છે. પ્રા. વેટ્ઠણ- નેપા. હિં. બેઠન, મરા. બેઠણેં આના સમર્થક છે.

પણ वेष्ट्- માંથી वेल्ल्- સાધવો શક્ય નથી લાગતો. સં. वेल्लित 'ધ્રુજે છે,' वेल्लयति 'હલાવે છે, 'મસળે છે', वेल्लित- 'હલાવેલું', પ્રા. वेल्लइ આમાં રહેલા વેલ્લ-થી સંવેલ્લઇ અને સિદ્ધહેમ, ૮,૪,૨૨૨, ૨૨૩ એમાં રહેલા વેલ્લ-ને હેમચંદ્ર જુદો ગણતા લાગે છે, પણ ટર્નર બંનેને એક ગણતા જણાય છે,[૧૪] કેમ કે તે ઉપરના સંસ્કૃત શબ્દો સાથે નેપા. બેલ્નુ 'વીંટવું,'- બંગા. બેલા 'પાથરવું'; હિં. બેલના; પંજા. બેલણા, વેલણા; સિં. વેલણુ-એ સૌને સાંકળે છે. આ वेल्ल्- માંથી ગુજ. 'વેલણું' વગેરે સધાયા છે.[૧૫] એટલે वेल्ल्- એ वेष्ट्-નો આદેશ છે, ધ્વનિવિકારને અનુસરીને સધાયલું સ્વરૂપ નહિ. ચતુરભાઈ वेल्ल्- પરથી ગુજ. વેલ્લો આવ્યો હોવાનું કહે છે, પણ આ વેલ્લો અર્વાચીન ગુજરાતી ઘડતરનો છે. સાડલો એનું સ્વરૂપાન્તર સાલ્લો, નાનલું > (પ્રાંતિક) નાલ્લું વગેરેની જેમ, મધ્યવર્તી અક્ષરમાં રહેલા -અ-નો અનુચ્ચાર, આખા શબ્દનું ત્વરિત ઉચ્ચારણ અને તેથી પરિણમતું સારૂપ્ય આ પ્રક્રિયાઓને લીધે વેઢલો > વેઢ્લો > વેડ્લો > વેલ્લો એ ક્રમે વેલ્લો સધાયો છે.

---

૧૨. નેપાલી ડીક્શનરી, પા. ૮૬ એ ૧૯; ગ્રેનો પૂર્વનિર્દિષ્ટ લેખ, પા. ૩૬૩, કઢ્ઢઇ અને ત્યાં આપેલા ઉલ્લેખો.

૧૩. પૂર્વનિર્દેશ, પા. ૪૫૭ એ ૩૫, બેર્નુ નીચે.

૧૪. પૂર્વનિર્દેશ, પા. ૪૫૭ બી ૪૬, બેલ્નુ નીચે.

૧૫. પૂર્વનિર્દેશ, પા, ૪૫૭ બી ૪૨, બેલ્નુ નીચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લે ચતુરભાઈએ આપેલા **સંવેષ્ટ્‌–>સંવેટ્ટ–>(સંવેડ્ડ)>સંવેલ્લ–** એ વિકાસક્રમમાં રહેલી અશાસ્ત્રીયતા તરફ ધ્યાન ખેંચવું બાકી છે. ભાષાશાસ્ત્ર એ એક શાસ્ત્ર છે, અને તેથી બીજા શાસ્ત્રોની જેમ એમાં જે જે વલણો સ્થાપિત કરવામાં આવે તેમાં યથાશક્ય અબાધિતપણું, પૂરતી સૂક્ષ્મતા અને ચોક્કસાઈ હોય તો જ તેનું શાસ્ત્રપણું યથાર્થ ગણાય. અમુક ભાષાભૂમિકામાં અમુક સમયે પ્રવર્તતા વલણમાં સામાન્યત: તે ભૂમિકા અને સમય પૂરતી સાર્વત્રિકતા હોય છે—એ ધ્વનિશાસ્ત્રનો અગત્યનો સિદ્ધાંત છે. તે વલણનો ભંગ કરતા હોય તેવા કેટલાક શબ્દો કાં તો સાદૃશ્યના વ્યાપારનું પરિણામ હોય અગર તો તે કોઈ પડોશની ભાષામાંથી સ્વીકૃત શબ્દો હોય એ ખરું કે આવા કોઈ પણ કારણથી ન સમજાવી શકાય તેવા અમુક અપવાદરૂપ શબ્દો દરેક ભાષાભૂમિકામાં મળી આવતા હોય છે. પણ બહુ મજબૂત પુરાવાના આધાર સિવાય જાણીતી પ્રક્રિયાઓની ઉપરવટ થઈને, કોઈ શબ્દ સમજાવવો, તેના કરતાં શબ્દની વ્યુત્પત્તિ બાબત હાલ પૂરતું અજ્ઞાન હોવાનો સ્વીકાર કરવો એ જ વધારે સારું છે. **પ્રાકૃત** ધ્વનિપ્રક્રિયામાં **√*વેટ્ટ–>√*વેડ્ડ–** તેમ જ ***વેડ્ડ>વેલ્લ**[17] એવા વિકારો માટે એકે પ્રામાણિક સમાંતર ઉદાહરણ નથી મળતું. **વેષ્ટ્‌–**નું**√*વેટ્ટ–** થાય એટલું જ આપણે સપ્રમાણ કહી શકીએ. આ ઉપરાંત, બીજા આધારોની સહાયથી **√*વેડ્ડ–>વેટ્ટ–** કે **વેઢ–**એ વિકાર કલ્પવો ઉચિત ગણાય, પણ આથી આગળ જવું એ તો હવામાં પગલાં ભરવા જેવું જ થાય.

સાધુ વાણિયો

ગુજરાત–કાઠિયાવાડના ધર્મિષ્ઠ હિંદુઓમાં સત્યનારાયણની કથા કરવાનો પ્રચાર છે. તે કથામાં સત્યનારાયણ દેવે કરેલી માણસોની સત્યપરીક્ષાનાં જે કેટલાંક દૃષ્ટાન્તો છે, તેમાંનું એક **સાધુ**–વાણિયાનું છે. આ સાધુ–વાણિયો પરદેશથી દ્રવ્ય રળી, વહાણમાં ભરી સ્વદેશ તરફ પ્રયાણ કરે છે, ત્યારે માર્ગમાં તેની સત્યપરીક્ષા કરવામાં આવે છે. આમાંથી અહીં આપણને માત્ર **સાધુ**

---

૧૬. જુલ બ્લોક્, લીંદો આર્યન, ૮૯; સુનીતિકુમાર ચેટર્જી, એ હીસ્ટરી ઓવ્ ધ આર્યન સ્પીચ ઈન ઇંડિયા, કલકત્તા રીન્યૂ સપ્ટે. ૧૯૩૬, ૨૮૭–૨૮૮.

૧૭. ચતુરભાઈના ગ્રંથ જૂની ગુજરાતી ભાષા (૧૯૩૫)માં સંખ્યાબંધ વ્યુત્પત્તિઓ આવી અશક્ય રીતે—એટલે કે **પ્રાકૃત**, અપભ્રંશ, જૂની ગુજરાતી વગેરેની ધ્વનિપ્રક્રિયાને માન્ય ધ્વનિવલણોને છડેચોક છાપરે ચડાવીને સાધવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શબ્દ જ પ્રસ્તુત છે. સં. **સાધુ**–નો અર્થ 'સારો' 'ભલો' વગેરે થાય છે, પણ તે ઉપાધિ વાણિયાને લગાડવામાં કાંઈ ખાસ ઔચિત્ય નથી. પણ સં. **સાધુ**–ના ઉપરોક્ત અથ ઉપરાંત 'ઝવેરી' તેમ જ 'વેપારી' 'શરાફ' 'શાવકાર' એવા અર્થ પણ કોશકારોએ નોંધેલા છે.[1] અને પ્રસ્તુત કથામાં આ 'વેપારી' કે 'શાવકાર' અર્થ ઉદ્દિષ્ટ છે.

આમાં એટલું લક્ષમાં રાખવાનું છે કે **સાધુ**–ના 'વેપારી' વગેરે અર્થો પાછળના સમયમાં વિકસેલા છે, કેમ કે તે અર્થમાં એ શબ્દનો સામાન્યપણે **પ્રશિષ્ટ સંસ્કૃત**માં વપરાશ નથી મળતો. પણ **સાધુ**–ના **અર્વાચીન ભારતીય-આર્ય** અવતારો 'વેપારી' વગેરે નવા વિકસેલા અર્થોમાં જ વપરાય છે. હિં. **સાહુ**; પંજાબી **સાઉ**; સિંધી **સાહુ, સાઉ**; ગુજ. **સાહુ, સાઉ, સાહુકાર, સાઉકાર, સાવકાર, શાવકાર**; મરાઠી **સાઊ, સાવ**; બંગાળી **સાહુકાર**, નેપાળી **સાઉ, સાહુ**: સં. साधु–, પ્રા. साहु–માંથી નીપજેલા આ શબ્દો[2] સામાન્યપણે 'સંમાન્ય ગૃહસ્થ' 'શરાફ' 'ધીરધાર કરનાર' એવા અર્થોમાં પ્રયોજાય છે.

આમાં ગુજરાતી **સાઉ**, સં. साधु– પ્રા. साहु– પછીથી *स्हाउ– °**સાઉ** એ ક્રમે; તેમાંથી **સાઉ + કાર = સાઉકાર, સાવકાર** અને **શાહ-સોદાગર** જેવા શબ્દની અસર નીચે (साहु પરથી) **શાહુકાર** કે **શાવકાર** સધાયા છે.

ગુજરાતી અટક **શાહ, શા**નું મૂળ પણ साधु છે. **શાવકાર** વગેરેમાંના–**કાર** માટે સરખાવો **સૂતું–સૂનકાર, જાણ** અને **જાણકાર**.

સૌ

સર્વસ્પર્શિતા એ ધ્વનિવલણોનું એક અગત્યનું લક્ષણ છે. અમુક ધ્વનિ-વલણના સીમાડાની અંદર આવી જતા સઘળા શબ્દો તેને વશ વર્તે છે. પણ વસ્તુતઃ તો ભાગ્યે જ કોઈ ધ્વનિવલણ એવું હોય કે જે નિરપવાદ હોય. આ અપવાદો ધ્વનિવલણોની સર્વસ્પર્શિતાના કાંઈક અંશે બાધક લાગે છે. પણ ઊંડી તપાસ કરવામાં આવે તો આ અપવાદો પણ ધીમે ધીમે નિયમને

---

૧ મોનીય- વીલીયમ્ઝ : સંસ્કૃત–ઇંગ્લીશ ડીક્શનરી, સાધુ શબ્દ નીચે.

૨. બ્લોક (પરાંજપે), મરાઠી ભાષે ચા વિકાસ, પૃ. ૪૬૨, –सावं; ટર્નર, નેપાલી ડીક્શનરી, साउ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનનારા માલમ પડે. અપવાદભૂત સામગ્રીમાંથી અમુક સાદૃશ્યને આધારે, અમુક જુદી ભાષા કે ભૂમિકામાંથી ઉપાડેલી સામગ્રી તરીકે, તો અમુક જુદા જ ધ્વનિવલણને આધારે સમજાવવાનો પૂરતો સંભવ હોય છે. આ છેલ્લા વિકલ્પનું એક ઉદાહરણ જોઈએ.

વિવૃત **ઍ–ઑ**ની ચર્ચા કરતાં **નરસિંહરાવે** નોંધેલા અપવાદોમાં એક છે **સૌ** ‘બધાં’. સં. सर्व–, प्रा. सव्व– પછી सव–सउ–सौ એ ક્રમે શબ્દ સિદ્ધ થયો હોવાનું માની **નરસિંહરાવ** કહે છે કે એ રીતે આમાં અંત્ય સ્વર-યુગ્મ **–અઉ** સંકોચ પામી નિયમપ્રમાણે વિવૃત **ઑ** બનવાને બદલે અપવાદરૂપે **ઔ** બને છે.

સૌનું જોડકું રૂપ **સહુ** છે. આ **સહુ**ને હકારપ્રક્ષેપ દ્વારા **સૌ**માંથી સધાયો હોવાનું માનવા તરફ **નરસિંહરાવ**નું વલણ છે, પણ સાથે **સહુ** નો સંબંધ **અપભ્રંશ સાહુ** સાથે હોવાની, અને તો ઊલટું **સૌ** કે **સઉ**નું મૂળ **સહુ** હોવાની શક્યતાને પણ તેઓએ સ્વીકારી છે.

નરસિંહરાવનો **સૌ**ની વ્યુત્પત્તિ વિશેનો આ મત સાચો નથી. સં. सर्व–નો નિયમિત વિકાસ प्रा. सव्व–, ગુજ. **સાવ** (હિંદી सब) એ રીતે થયો છે. **સહુ** એ મૂળ રૂપ છે, અને ત્વરિત ઉચ્ચારણમાં તેનું **સૌ** બની જાય છે—એટલે કે પ્રવર્તમાન ભૂમિકામાં હકારલોપના વલણ વડે જ **સહુ**માંથી **સૌ** થયો છે. એ જ રીતે લૌકિક ઉચ્ચારણમાં કેટલેક સ્થળે **બહુ**નું **બૌ**, **બહુચરા**નું **બૌચરા**, **વહુ**નું **વૌ**, **કહુ**નું **કૌ** વગેરે નિયમે કરીને ઉચ્ચારાય છે. **બં**ગાળીમાં પણ આવું વલણ વ્યાપક છે, જેને આધારે બં. **બૌ** (સં. वधू–, प्रा. वहु), **મૌ** (સં मधु, प्रा. महु,) વગેરે બન્યા છે. આમ **સૌ** એ વિવૃત **ઍ–ઑ**ના નિયમની મર્યાદામાં જ આવતો નથી—એ જુદા જ ધ્વનિવલણનું પરિણામ છે.

અને ગુજરાતીમાં ઔકાર વાળા ઘણાયે શબ્દો આ જ ઉચ્ચારણ–વલણને અનુસરીને—એટલે કે, સ્વરમધ્યગત **હ** લુપ્ત થતાં, પાસેપાસે આવેલા સ્વરોના સંકોચથી—સધાયા છે. જુઓ

૧. **ચૌટું**—મૂળ તરીકે चतुर्+हट्टकम् છે. પ્રાકૃતમાં चउहट्ट–चउहट्टय–સામાન્ય વપરાશમાં હતો.[૧] **નરસિંહરાવે** મૂળ તરીકે આપેલા चतुर्वत्मकम् પરથી તો **ચોવટું** થાય, અને प्रा. चउहट्ट–નો હકાર કોઈ રીતે સમજાવી ન શકાય.

---

૧. એક ઉદાહરણઃ—**સોમપ્રભકૃત કુમારપાલ–પ્રતિબોધ**, પૃ. ૧૯૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चउहट्टय–પરથી, चउ° ને સ્થાને પ્રા. ગુજ. માં बिहु, त्रिहुના સાદૃશ્યે चिहु આવી જતાં *चिहुहट्टउ પછી चहुटउ, चुहुटउ,[२] અને હકાર–લોપ ને સ્વરસંકોચ વડે **ચૌટું** (અથવા, હકાર જળવાઈ રહેતાં **ચ્હૌટું**). હિંદીમાં પણ चौहट्टा છે.

૨. **ચૌદ**—चतुर्दशन् નો चतुर् અંશ, **ચોરસ, ચોમાસું, ચોવડ** વગેરેની જેમ વિકસી, આપણને ***ચોદ** એવું રૂપ મળવું જોઈએ, તેને બદલે **ઔ** વાળું **ચૌદ** રૂપ મળે છે તેનું કારણ પણ ઉપર પ્રમાણે જ છે. પ્રા. चउद्दहના चउને સ્થાને પ્રા. ગુજ. માં चिहु આવી જતાં *चिहुदह અને પછી चहुदह એવું ઉચ્ચારણ પ્રચલિત હોય. પછીથી *चहुदह પરથી **ચૌદ. ચૌબોલા** વગેરે આજ પ્રકારના છે.

૩. **ઔઠ**—જૂની ભાષામાં 'સાડા ત્રણ'ના અર્થમાં આ શબ્દ વપરાયો છે. અર્વાચીન **ઊંઠું** સાથે તે સંબદ્ધ છે. સં. *अर्ध–तुर्थ– (=अर्धचतुर्थ–) પરથી અનિયમિત રીતે આવેલા પ્રા. आहुट्ठ પરથી હકારલોપ અને સ્વરસંકોચ દ્વારા **ઔઠ** સધાયો છે.

૪. **પૌંઆ, પૌંવા**–સં. पृथुक– નો સ્વાર્થે –क– દ્વારા વિસ્તાર થઈ છેવટે ગુજરાતીમાં **પહુંઆ– પહુંવા** આવે છે, અને આનું ચાલુ ઉચ્ચારણ હકારલોપ ને સ્વરસંકોચથી **પૌંઆ– પૌંવા** થાય છે.

ટહુકો પરથી **ટૌકો** પણ આમ થયું છે. **કૌવો, હૌવો, જૌહર, હૌરો** વગેરે હિંદી પરથી છે.

આમ **સૌ**નું મૂળ **સહુ** નિશ્ચિત થાય છે. આ **સહુ**નું મૂળ શું? હવે सर्व–सव्व–सव: પછી सव+हु (खलु માંથી?)–**સહુ** એ રીતે નિષ્પન્ન થયેલો માને છે. પણ આમાં **અપભ્રંશ** साहु 'બધાં' એને ગણત્રી બહાર રાખવામાં આવ્યો છે તે ઠીક નથી. **પીશલ** આ **અપભ્રંશ** साहुને शश्वत्–*सस्स–*सास–साहु એ રીતે વ્યુત્પન્ન કરે છે. પણ साहु નો સંબંધ ગુજરાતી **સહુ** સાથે હોવાની પૂરી શક્યતા છે. ગુજ. **સહુ** બતાવે છે તેમ साहुમાં રહેલો ઉકાર એ **અપભ્રંશ** પ્રથમા એકવચનનો પ્રત્યય નહીં પણ મૂળ શબ્દનો અંગભૂત સ્વર હોવો જોઈએ; એટલે કે **અપભ્રંશ** साहु એ અકારાન્ત નહીં પણ ઉકારાન્ત અંગ છે, અને તેનો મૂળ શબ્દ પણ ઉકારાન્ત (કે ઉકારાન્ત અંગ આપે તેવો) હોવો જોઈએ. આમ બંનેમાંથી એકે વ્યુત્પત્તિ પ્રતીતિકર નથી ઠરતી.

---

૨. પ્રા. ગુજ. માં ચઉહટા (સંમરારાસ, ૩–૫) અને ચહુટા (છંદ ચહૂટા માગે છે? સમરારાસ, ૨–૧) મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભવતઃ सर्व+खलु–सावहु–साहु એ રીતે શબ્દાંતર્ગત વકારના લોપથી–આવો લોપ ઉત્તરકાલીન અપભ્રંશમાં જાણીતો છે–साहु ને પછી सहु સધાયો છે.

હાઉ

'બાઘડો' એવા અર્થમાં બાળકને બીવરાવવા માટે **હાઉ** શબ્દ પ્રચલિત છે. **મશરુવાળાએ** આ શબ્દ કન્નડ हाउ 'સર્પ' પરથી અર્થભેદે આપણે ત્યાં આવ્યો હોવાનું યોગ્ય સૂચન કર્યું છે. (**શિક્ષણ અને સાહિત્ય**, ઑગસ્ટ ૧૯૫૦, ૨૪૦).

આ **હાઉ**ને સં. सर्प સાથે કશો સંબંધ નથી. सर्पः પરથી सप्पो-सप्पु દ્વારા **સાપ** થાય. આદિ स् નો ह् ને -प्-માંથી वु **સંસ્કૃત**માંથી કન્નડમાં આવતા શબ્દો પર વ્યાપૃત ધ્વનિવલણોને આધારે કદી પણ ન થાય. **સં.** सर्प–**ભાર**ત–**યુરો**પીય મૂળનો છે, એ હકીકત √सृप्– 'સરકવું, પેટે ચાલવું'ને મળતો **લૅ**ટિનમાં serpo અને **ગ્રીક**માં 'erpo ધાતુ છે તે પરથી જાણી શકાય છે. જો કન્નડ हावु **દ્રા**વિડી પરિવારનો જ શબ્દ હોવાનું પુરવાર થાય તો આ વાત સાવ શંકાથી પર ગણાય. **દ્રા**વિડી પરિવારની ભાષાઓમાં **ત**મિળ સૌથી પ્રાચીન છે. **ત**મિળમાં 'સર્પ'ને માટે पाम्बु શબ્દ છે. કન્નડ हावु (બોલીભેદે हामु) ને **તે**લુગુ पामु, **ત**મિળ पाम्बुના જ રૂપાંતરો છે.

તમિળ प्‌નો કન્નડમાં ह् થવાનુ વલણ જાણીતું છે. ઈસવી ૯મી સદી સુધી કન્નડ ઉચ્ચારણમાં પકાર જળવાઈ રહ્યો હતો. ૧૦મી સદીથી प्નું સ્થાન ह्કારે લેવા માંડયું. ૧૪મી સદી સુધીમાં બધા કન્નડ प्નું સ્થાન ह्એ લઈ લીધું.[1]

આ વલણના બેચાર ઉદાહરણો :

તમિળ	કન્નડ
पाडु (ગાવું)	—हाडु
पालु (દૂધ)	—हालु
पल (દાંત)	—हल
पिडि (પકડ)	—हिडि

આ વલણ પ્રમાણે **ત**મિળ पाम्बुનો આદ્ય વ્યંજન કન્નડમાં ह् બને.

---

૧. એ. એન. નરસિંહિઆ–ગ્રામર ઑવ ધ ઓલ્ડેસ્ટ કેનેરીઝ ઇન્સ્ક્રીપ્શન્સ, પૃ ૨; જી. એસ. ગાઈ–-હીસ્ટોરીકલ ગ્રામર ઑવ ઓલ્ડ કન્નડ, ૧૯૪૬, પૃ. ૧૩. પાદટીપ ૩૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકીના –म्बु માંથી –वु પણ સિદ્ધ થયો હોવાનું માનવું કઠિન નથી. મૂળ શબ્દનો વ્યંજન–પૂર્વવર્તી અનુનાસિક લુપ્ત થતો હોવાનાં કેટલાંક ઉદાહરણ કન્નડમાં મળે છે.[૨] બીજી રીતે પણ, .તેલુગુમાં, તમિળ इरुम्बु, पाम्बु, वेम्बु વગેરેમાંનો –पु કે –बु પ્રત્યય –मु કે –म्मु રૂપે આવે છે, અને पाम्बुनुं पामु થાય છે. આ પણ કન્નડ हावुथी દૂર નથી.

આ બધી વિચારણાથી हावु દ્રાવિડી મૂળનો હોવાનું સ્પષ્ટ થાય છે, અને **બાવના, કાલવવું, કંડારવું, ઓડ, વકટ–લેણ** વગેરેની જેમ **હાઉ**નો પણ આપણને મળેલા દક્ષિણના વારસામાં સમાવેશ થાય છે.

૨. 'The pre-consonantal nasal has disappeared in some instances. This shows that the phenomenon was not yet complete during this period—ગાઈ, ઉપર્યુક્ત ગ્રંથ, પૃ. ૧૦૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યુત્પત્તિ-નોંધ

અઠવાડિયું

પ્રાચીન ગુજરાતીમાં 'માસ' ને માટે **મસવાડા** પ્રચલિત હતું.

'સંવત તેરસત્તાવીસએ માહમસવાડઈ'

—સપ્તક્ષેત્રિરાસ (૧૨૭૦), ૧૧૮.

'શહેરમાં વીતા મસવાડા સોલ'

—શામળકૃત રૂસ્તમનો સલોકો, ૪-૨.

આ સાથે હિંદી मसवारा 'પ્રસૂતાનું મહીનાનું નહાણ' સરખાવી શકાય.

માસ પરથી **મસવાડા** અને **પક્ષ** પરથી **પખવાડા** (હિંદી पखवाडा, पखवारा; મરાઠી પંધરવડા; અર્વાચીન ગુજ. **પખવાડિયું**). જુઓ

'ગુરુવારિ આવીય દશમિ પહિલઈ પખવાડઈ'

—સપ્તક્ષેત્રિરાસ, ૧૧૮.

આમ 'પક્ષનો ગાળો' તે **પખવાડિયું**, 'માસનો ગાળો' તે **મસવાડા**. જેમ **પખવાડા** પરથી **પખવાડિયું** તેમ **અઠવાડા** પરથી **અઠવાડિયું**. સરખાવો **મરાઠી**, **અઠવાડા**, **આઠવડા**, હિંદી अठवारा. આમ **અઠવાડિયું** એટલે 'આઠ દિવસનો ગાળો'. આમાં **-વાડિયું** એ અંશને **વાર** સાથે ધ્વનિદૃષ્ટિએ કશો સંબંધ નથી. અઠવાડિયાના આઠ દિવસ એટલે કે આઠ વાર માનવાની ભૂલ લોકપ્રચલિત હતી. 'આઠે વાર અલ્લાના' એ કહેવત, 'આઠે દહાડે એક વાર' એ પ્રયોગ અને

'આઠ વાર ગાશે, તે નિત ગંગામાં નહાશે'

એવી મહાદેવના 'સાત વાર' નામક એક જૂના (**ભાલણના**) ધોળમાં આવતી પંક્તિ[1] આની સાક્ષી પૂરે છે. સોમને કે રવિને ફરી ગણીને આઠની સંખ્યા બનાવી હોય; એથી **અઠવાડિયું** 'આઠ દિવસનો ગાળો' તેમજ 'એક સપ્તાહ' એમ બંને અર્થમાં જરૂર પડે તેમ વપરાતો.

અણોજો

અણોજોનો સંબંધ अनध्याय- સાથે ધ્વનિદૃષ્ટિએ ન જ ઘટી શકે. અને ધ્વનિદૃષ્ટિએ તેમ અર્થદૃષ્ટિએ સં. अनुद्योग- (**મોનીઅર વીલીયમ્જ**)

---

૧. પાઠાંતરે, 'આઠ વાર આ ભણીએ, મહા દુઃખ પાપ હણીએ; ભાલણ કહે છે વાણી, સ્મરોને શૂલપાણિ'—કવિ ભાલણકૃત એક અપ્રસિદ્ધ કવિતા, ઉ. વિ. રાવળ, પ્રસ્થાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ સુસંગત હોઈ, પછી બીજી અટકળ કરવાનું કોઈ કારણ નથી. उज्जोअ- (उद्योग-) **પ્રા**કૃતમાં વપરાયો છે. अनुद्योग :-*अणुज्जोओ- *अणुज्जोउ એ ક્રમે ***અણૂજો*** થવું જોઈએ, તેને બદલે **અર્વા**ચીન ગુજરાતીના એક ધ્વનિ-વલણને લઈને **અણોજો** થાય છે. આ ધ્વનિવલણ પ્રમાણે, અસ્પષ્ટ સંજોગોમાં શબ્દાંતર્ગત ઉકાર જળવાઇ રહેવાને બદલે કે તેનો **અ** થવાને બદલે સંવૃત **ઓ** થાય છે. આને જ મળતું વલણ **ઈ** નો સંવૃત **એ** કરવાનું છે. ઉદાહરણો :

ધોરંધર (કાલગ્રસ્ત)	<	ધુરંધર
નીટોલ (પ્રાચીન)	<	नित्तुल्लु
સમોહ (,,)	<	संमुख-
નઠોર	<	નિઠુર
ઠાકોર	<	ठक्कुर-
તંબોળ	<	ताम्बूल-
અનોપમ	<	અનુપમ
ત્રિભોવન, તરભોવન	<	ત્રિભુવન
અણમોલ	<	અણમૂલ
અમોલ	<	અમૂલ્ય
અંકોડો	<	अंकुट+क-
અંકોર (કાલગ્રસ્ત)	<	અંકુર
અંગેઠી	<	અંગીઠી
સીંદોર	<	સિંદૂર
હિંગળોક	<	हिंगुलु+क्क-
માણેક	<	माणिक्क-, माणिक्य-
પારેખ	<	*पारिक्खय- पारीक्षक-[1]
ગંડેરી	<	गंडीरी
ખારેક	<	खारिक्क-

અમથું 'નકામું'

પ્રયોગ: **અમથું** ઉપરાંત **અમસ્તું, અમસ્થું** ને **અમસ્તકું** પણ વપરાય છે.

---

૧. विशेषामृतकोश ત્ર્યંબક મિશ્રકૃત (૧૨૦૦–૧૭૦૦), એન. જી. નરહરિ–સંપાદિત, અધાર લાયબ્રેરી બુલેટીન, મે ૧૯૪૩, શ્લોક ૬૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ : કોઈએ સં. अपार्थकम् પરથી **અમથું** સિદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. પણ આમાં **-વ->-મ-** એ વિરલ પ્રક્રિયા સ્વીકારવી પડે છે, અને **અમસ્તું-અમસ્થું**ના **સ**-ની કશી ઉપપત્તિ નથી આપી શકાતી. જોડણીકોશ **અમથું**નો સંબંધ સં. मिथ्या સાથે હોવાનો સંદિગ્ધ તર્ક કરે છે, તેમાં જરા પણ વજૂદ નથી.

નવું સૂચન : **અમસ્તું**નું **અમસ્થું** ને પછી શિથિલ ઉચ્ચારણ **અમથું** એવો વિકાસક્રમ લાગે છે.

હા જ તો, ના જ તો, કરે જ તો વગેરેનું ચાલુ ઉચ્ચારણ **હાસ્તો, નાસ્તો, કરેસ્તો** વગેરે થાય છે. આમાં પહેલાં **જ**નું સ્પર્શ-ઘર્ષ ('ઍફ્રીકેટ affricate) ઉચ્ચારણ આગળ વિકસી શુદ્ધ ઘર્ષ ('સ્પાઈરંટ', spirant) **જ઼** (હિંદી માં છે તે, અંગ્રેજી Z) બન્યું અને પછી પાછળના અઘોષ **ત** ના સંપર્કે **જ઼** નો અઘોષ **સ** બનતાં **સ્ત** એ સંધિરૂપ અસ્તિત્વમાં આવ્યું. આમ **હા જ તો** માંથી **હાજ઼તો** અને પછી **હાસ્તો. અમસ્તુ**ંમાં પણ આ ભારદર્શક-વ્યાવર્તક **જ** હશે એમ લાગે છે. 'કેમ આવ્યો ?' એવા પ્રશ્નના ઉત્તરમાં ખાસ પ્રયોજનથી ન આવ્યો હોય તે ઉત્તર આપી શકે 'એમ જ તો'. આ જ અર્થનો હિંદી પ્રયોગ यौंही 'વ્યર્થ હી, બિના કામકે' છે. यौंही = 'એમ જ.' **એમ જ તો** નું ત્વરિત ઉચ્ચારણમાં **એમ જ઼ તો, એમસ્તો, અમસ્તો** થયું પછી અંત્ય **ઓ** પુંલ્લિંગની નિશાની ગણાઈ, **અમસ્તો** વિકારી વિશેષણ તરીકે ચાલુ થયું. ઉચ્ચારણમાં પરિવર્તન થતાં **અમસ્થો, અમથો** થયું અને છેવટે ખોટના છોકરાના એક નામ **અમથાલાલ** તરીકે તો તેનું વ્યક્તિત્વ અનેકાત્મક નહીં પણ એકાત્મક હોવા વિશે જરા પણ શંકા રહી નહીં.

જોડણીકોશ **અમસ્તકું** એવું રૂપાંતર પણ નોંધે છે. તેનું ઘડતર સ્પષ્ટ નથી. **અમસ્તું** પરથી તોછડાઈમાં **ક** ભળી તે થયો હોય.

પુરવણી :– ઉપર કરેલા સૂચનમાં હવે શંકા પડે છે.

અમથું-અમસ્થું-અમસ્તું,-અમસ્તકું એમાં રહેલા **-થું, -સ્થું, -સ્તું, -સ્તકું** એ અંશોને મળતો પ્રા. ગુજ. **-થું, -સ્થકું, -સ્તકું**[1] એવો પ્રત્યય મળે છે. તો **એમ+થું** વગેરે પરથી **અમથું** વગેરે

૧. 'બ્રહ્મા સ્તકી કર્દમ રુખી' (**સાંડેસરા, પ્રાચીન ગુર્જર કાવ્ય, ૧-૧૧**) 'ગદગદ કંઠ હવા સ્તકો' (ઉક્ત ગ્રંથ, **૧-૨૩**).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાવી શકાય. એ રીતે સકારની ઉપપત્તિ મળી રહેતી હોવાથી વચ્ચે જ લાવવાની જરૂર ન રહે.

इयाण = અજાણ

પ્રયોગ : (૧) 'આલ **ઈયાણ** મ ઝંખિસિ ઈમ્હઇ'

—**ભર**તેશ્વરબાહુબલિરાસ[1], ૧૦૩

'હે અજાણ, તું એમ નિરર્થક બોલીશ મા'

(૨) 'અંતરાલિ આવઈ અયાણ (પાઠાંતર **ઈયાણ**), તીહં અંત અખૂટઈ'

—ભરતેશ્વરબાહુબલિરાસ, ૧૩૮.

'જે અજાણ્યા વચ્ચે આવે તેમનો વણખૂટ્યે અંત.' પ્રાકૃતમાં सयाण=सज्ञान મળે છે. તેના વિસ્તારિત રૂપ सयाणय–માંથી ગુજ. **શાણો**, હિં. **સયાના** થયું છે. सयाणનો વિરોધી શબ્દ अयाण = अज्ञान, અજાણ. अयाणને બદલે ઉપરનાં ટાંચણોમાં ईयाण મળે છે. આમાં **ઈ**ની દીર્ઘતા પાછળના **ય**ને આભારી છે. **ભર**તેશ્વરબાહુબાલિરાસ, **વ**સંતવિલાસ વગેરે **પ્રા**ચીન **ગુ**જરાતી કૃતિઓમાં પરવર્તી **ય**ની અસર નીચે પૂર્વવર્તી ઇ, ઉ દીર્ઘ કરવાની લેખનરૂઢિનાં પુષ્કળ ઉદાહરણો મળે છે. આ હિસાબે ईयाण મૂળ इयाण હોય. અને अयाण નું इयाण થયું તેમાં પણ પરવર્તી -**ય**ની **અ**સર નીચે પૂર્વવર્તી **અ** નો ઇ કરવાનું વલણ જવાબદાર છે. તેનાં ઉદાહરણો :

(પ્રા. ગુજ.) **પીયાણઉં**[2] (< પિયાણઉં < प्रयाणकम्)
(,,) **ઇલિયલિ** (< ઈલયલિ < इला-तले)
શશિયર (સસિયર < ससहर– < शशधर-)
સહિયર (પ્રા. સહયરી < सहचरी)
(પ્રા. ગુજ.) **ઈંદિયાલ**[3] (**ઈંદયાલ** < इंद्रजाल–)
(પ્રા. ગુજ.) **ભાલિયલિ** (ભાલયલિ < भालंतले)
વણિયર (वणयर– < वनचर–)

---

૧. લાલચંદ્ર ગાંધીની આવૃત્તિ.

૨. ભરતેશ્વરબાહુબલિરાસ, ૧૯; પીયાણઉ, પૃથ્વીચંદ્રચરિત્ર, ૧૪૩, ૩; ૫.

૩. જંબૂસામિચરિય, ૨૪ क: ઈંદિયાલ નવિ જાણીઈ; સમ્યક્ત્વ–માઈ–ચઉપઈ (પ્રા. ગૂ. કાં. સં.), ૧૦ ક: ઇંદિયાલુ જગિ દીસઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિઆલ[4] (=પિયાલ < *पयाल < पायाल- < पाताल-; પ્રથમાક્ષરમાં **અ-** < **-આ-** માટે સરખાવો **પધારવું** < **પાધારવું**, **અવાસ** < **આવાસ**, **અધાર** < **આધાર** વગેરે; **પઇઆલ** (૩૮૫) જોડણીભેદ જ હોય);

(પ્રા. માર.) **દિણિયર** (दिनयर- < दिनकर-).

ઊંઘણશી

જોડણીકોશ 'ઊંઘ્યા કરવાની ટેવવાળું' 'આળસુ' એ અર્થ આપવાથી વિશેષ કશી માહિતી — °**શી** અંશનું મૂળ શું છે તે વિશે — નથી આપતો. **ઊંઘણ** એ **ઊંઘવું** (દેશ્ય √उंघ-) પરથી સધાયેલું ક્રિયાવાચક નામ છે. **નાવણ**, **જમણ**, **ઊડણ**, **ઠેલણ**, વગેરે જેમ **ઊંઘણ** = ઊંઘવાની ક્રિયા.

ગુજરાતીમાં **ધરમશી**, **રતનશી**, **પદમશી**, **ઉમરશી**, **ઊજમશી**, **ધારશી**, **ખેતશી**, વગેરે વિશેષનામોમાં **-શી** (<પ્રા. सीह- <સં. सिंह-) એ ઉત્તરાંશ જાણીતો છે. આવા વિશેષ નામોના સાદૃશ્યે મજાકમાં **ઊંઘણશી** ઘડી કાઢાયો છે. રજપુતોના **-સિંહ-**અંતી નામ સાથે પરાક્રમનો જે ભાવ જોડાયેલો છે તે પરથી ઉપહાસમાં **ઊંઘણશી** (**ઊંઘણ** + **સિંહ**) બન્યો છે. આ રીતે મજાકમાં નિત્યની બોલચાલમાં વિશેષનામો ઘડી કાઢવાનું વલણ દરેક ભાષામાં જાણીતું છે. આપણે **ગોળમટોળશર્મા**, **પોતડીદાસ**, **બટાકીદાસ**, **ગર્દભસેન**, **ચશ્મેશ** (**રમેશ**, **ઉમેશ** વગેરેના ઢાળામાં) વગેરે વાપરીએ છીએ. હિંદીમાં પણ **ગોલમાલાનંદ**, **ગડબડાનંદ**, **મેંડકાનંદ** વગેરે પ્રચલિત છે. મરાઠીમાં **પંતુનું પંતોજી** (ગુજ. **પંતુજી**)— (**માલોજી** વગેરેના અનુકરણમાં). આ પ્રયોગો મૂળે તો ઉપશિષ્ટ (સ્લૅંગ, slang) બોલીના અને મર્યાદિત પ્રચારના છે. પણ દરેક ભાષામાં બને છે તેમ, ખૂબ પ્રચલિત અને રૂઢ જેવા થઈ ગયેલા ઉપશિષ્ટ પ્રયોગો શિષ્ટ ભાષામાં પણ સ્થાન પામતા જાય છે. **ગપ્પીદાસ**, **ઠીંગુજી**, **બચ્ચાજી**, **ફૂલણજી** (કે.શી), **બચ્ચમજી**, **બેટમજી**, **કઢીદાનજી**, **ચક્રમ** (સર. **છોટમ**, **જેઠમ**), **બડેખાં**, **તિસમારખાં**, **મિયાંફુસકી**, **શેખચલ્લી**, **લાલબાઈ** (આગ), **લૂલીબાઈ** (જીભ), **પોપાબાઈ**, **બંકેરાવ** (છેલબટાઉ), **ઘેલસાગરો**

૪. 'સ્વર્ગ-પિઆલિ કયાં હાં તમ વાસ,' માધવાનલ કથા, ૩૮૭ (સાંડેસરા, સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય, ૧૯૪૯).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(લોકકથાના જાણીતા પાત્ર **મતિસાગર, બુધસાગરો, મનસાગરો**ના અનુકરણમાં), **સાધુરામ, ભમતારામ, મસ્તરામ, લાડુભટ, પેટુભા**[1], **ઠણઠણપાળ, ઠણઠણગોપાળ** (હિંદીમાંથી), **અંધુસ, લંબુસ, મફતુસ** વગેરેમાંથી ઘણા ચલણી કે રૂઢ બની ગયા છે. એ રીતે **ઊંઘણશી** એટલો રૂઢ થઈ ગયો છે કે તે કોઈ વિશેષનામના ઓઠા પરથી ઘડી કઢાયો છે એવો ખ્યાલ તરત ન જાય, અને **–શી** કોઈ કર્તૃવાચક પ્રત્યય હશે એવી કાંઈક આપણી છાપ પડે.

ઉપર ટાંકેલાં ઉદાહરણો જોતાં જણાશે કે અનુકરણમાં ઘડાયેલા શબ્દોમાં **–મ, –શી, –શર્મા, –દાસ, –સેન, –દાન, –ખાં, –જી, –ઉસ, –બાઈ, –રાવ, –સાગરો, –રામ, –ભટ્ટ, –ભા, –પાળ** વગેરે પ્રચલિત વિશેષનામોના ઘણાખરા ઉત્તરાંશો મળી આવે છે.

કચુંબર

પ્રયોગ : કચુંબર ઉપરાંત ગુજ., **હિંદીમાં કચૂમર** છે.

વ્યુત્પત્તિ : કચુંબરના 'ઝીણી કકડીઓ, 'ઝીણી કાતળીઓ', 'છુંદો' એવા અર્થ જોડણીકોશ આપે છે. ચાલુ વપરાશમાં ગમે તેની કરચો કરતાં, પહેલાં તો કાચું પપૈયું, કાકડી, કાંદા, ગાજર, કાચી કેરી વગેરેની કરચો–જે કાચા અથાણા (અંગ્રેજી 'સેલડ,' saladને મળતાં) તરીકે વપરાય છે તેને માટે **કચુંબર** પ્રયોજાય છે. હિંદી **કચૂમર**નો પણ મુખ્યાર્થ 'કચરીને બનાવેલું અથાણું' એવો અપાયો છે, પછી લક્ષણાથી કોઈ પણ વસ્તુની ઝીણી કરચો માટે **કચુંબર** વપરાતો થયો છે.

કચુંબરના ઉપર આપેલા અર્થોમાં 'કાચા શાકભાજી' 'અથાણું' 'ઝીણી કરચો' 'કચરી બનાવેલો છુંદો' એટલા ભાવો પૃથક્ કરી શકાય છે. આમાંથી 'કાચા શાકભાજીની અથાણા તરીકે વપરાતી ઝીણી કરચો કે છુંદો' એવો સંયુક્ત અર્થ બેસારી શકાય. એ દૃષ્ટિએ ગુજ. **કાચું**, હિંદી **કચ્ચા**ના મૂળમાં રહેલો દેશ્ય *कच्च– અને સં. उदुम्बर–, પ્રા. उम्बर–નું સ્ત્રીલિંગ

---

૧. **પેટુભા કરવાં** – 'પેટપૂજા કરવી.' પ્રયોગ : 'ભાઈ, આપણે તો પહેલાં પેટુભા ને પછી વીઠુભા.' મરાઠી वीठोबा પરથી, આપણે ત્યાં પ્રચલિત ગરાસિયાઓનાં **–ભા–**અંતી નામોની અસર નીચે વીઠુભા બન્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उम्बरी (સરખાવો ગુજ. **ઊમરી=ઊમરો, ઉંબરો**) પરથી *कच्चुंबरी શબ્દની અટકળ થઈ શકે અને તે પરથી **કચુંબર** કે **કચૂમર** (જુઓ **ઉંબરો**, ઊમરો, અપ. लिम्बड–, ગુજ. **લીમડો**, વગેરે). આમાં ખૂટતી કડી તે અર્થ-વિકાસને સમજાવવાની છે. ઉદુંબરપંચકમાંથી કોઈ કાચા અથાણા તરીકે વપરાતા કે નહીં તે જાણવામાં આવે તો અથવા તો બીજી કોઈ રીતે અર્થનો મેળ બેસાડવાનો રહે છે.

જમણું

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ: જોડણીકોશ આના મૂળ તરીકે દેશ્ય जेमणय- આપે છે, અને સં. यामी, પ્રા. जमी સાથે પણ તુલના કરવાનું કહે છે.

સૂચિત વ્યુત્પત્તિની ત્રુટિ: પ્રાકૃત કોશ जमा આપે છે. સં. यामी, પ્રા. जमा નો અર્થ 'યમની દિશા' એટલે 'દક્ષિણ દિશા' થાય. એ રીતે અર્થદૃષ્ટિએ **જમણું** દૂર છે, જ્યારે ધ્વનિદૃષ્ટિએ जमी ને जेमणयनो કોઈ રીતે સંબંધ બેસે તેમ નથી.

નવું સૂચન: હેમચંદ્રે દેશીનામમાલા (૩, ૪૮)માં जेमणय– 'જમણું અંગ—હાથ વગેરે'ના અર્થમાં નોંધ્યો છે. અપભ્રંશમાં પણ આ વપરાયો છે:

णं धरणिहें जेमणउ करु, उप्पाडेप्पिणु णहयलें भामिउ।
—સ્વયંભૂકૃત પઉમચરિઉ, ૫૧–૨–૧૦ ख.

'જાણે કે ધરતીનો જમણો હાથ ઉખેડી નાખીને આકાશમાં ઘુમાવ્યો.'

માધ્યમિક ભારતીય-આર્યમાં √जेम- (સં. √जिम्-) 'જમવા' ના અર્થમાં પ્રચલિત હતો. તેના પરથી जेमण–, વિસ્તારિત जेमणय– 'જમવાનું સાધન' એટલે કે 'જે હાથ જમવામાં વપરાય છે તે, જમણો હાથ' સિદ્ધ થઈ શકે અને પછી સાહચર્યથી અર્થવિસ્તાર થતાં જમણી બાજુનાં અંગો માટે સામાન્ય અર્થમાં **જમણું** રૂઢ થયો હોય. जेमणउ પરથી પ્રાચીન ગુજ. जिमणउ[1] અને અંતે **જમણો.**

---

૧. 'જિમણઉં ગમઈં વિયાહિ, ફિરીય ફિરીય શિવ ફેકરઈ એ' ભરતેશ્વરબાહુબલિરાસ, ૫૯ क: 'જમણી તરફ ફરી ફરીને શિયાળવી લાળી કરે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીંડવું

જીંડવુંનો એક અર્થ છે 'છોડનો કોટલાવાળો બીજકોષ'. જેમકે, 'વણનું જીંડવું.'

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ : જોડણીકોશ **જીંડવું** એ દેશ્ય जिंडह- 'દડો' સાથે સંકળાયેલો હોવાનું સંદિગ્ધ સૂચન કરે છે.

સૂચિત વ્યુત્પત્તિની ત્રુટિ : जिंडह- ને મૂળ તરીકે સ્વીકારતાં **જીંડવું**નો **-વું** એ અંશ ક્યાંથી આવ્યો તે સમજાવી શકાતું નથી. ને મને તો **પાઈઅસદ્દમહણ્ણવો**એ નોંધેલો આ શબ્દ અશુદ્ધ હોવાની પણ થોડીક શંકા છે. પણ અર્થદૃષ્ટિએ **જીંડવું**ને 'દડા' સાથે સંબંધ છે, એ સાચું છે.

નવું સૂચન : સં. कन्दुक-નું **પ્રાકૃત**માં गंदुअ- એવું અનિયમિત રૂપાંતર થાય છે. गंदुअ- ઉપરાંત વધારે પ્રચલિત गेंदुअ- રૂપ છે, જેની **હેમચંદ્ર** વગેરેએ નોંધ લીધી છે. સામાન્ય રીતે गेंदुअ- ને कन्दुक પરથી સિદ્ધ કરવાની પ્રાચીન પરંપરા છે ખરી, પણ कन्दुक- > गन्दुअ- પરથી **માધ્યમિક ભારતીય-આર્ય**માં પ્રવર્તેલાં ધ્વનિવલણો દ્વારા गेंदुअ-સિદ્ધ ન જ થઈ શકે. સંભવ છે કે गंदुअ-ને બીજા કોઈ દેશ્ય શબ્દનો સંગદોષ ('કૉંટમીનેશન', Contamination) લાગતાં गेंदुअ- થયું હોય. આને મળતો **હેમચંદ્રે દેશીનામમાલા**(૩,૫૯)માં झेंडुओ શબ્દ 'કંદુક'ના અર્થમાં નોંધ્યો છે. **અપભ્રંશ** સાહિત્યમાં झेन्दुअ- રૂપે આનો પ્રયોગ મળે છે :

हा पुत्त पुत्त झेन्दुएँहिँ रमु

સ્વયંભૂકૃત પઉમચરિઉ, ૧૯-૧૫-૫

'હે પુત્ર, હે પુત્ર, તું દડાઓ વડે રમ'

આ ટાંચણમાં झेन्दुअ- ને માટે झिंदुअ- અને झिंदुव- એવાં પાઠાંતર મળે છે. એટલે झेन्दुअ -- झिन्दुअ — *झिण्डुअ — * झिण्डुव, વિસ્તારિત झिण्डुवय — પછીથી **ઝીંડવું** કે **જીંડવું**. **અસાઈત**કૃત **હુંસાવલી**માં ઝિંડુઉ 'દડો' વપરાયો છે.

ઠામ

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ : જોડણીકોશ આના મૂળ તરીકે **અપ.** ठाम-, ठाव-, **પ્રા.** थाम-; **સં.** स्थान- આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચિત વ્યુત્પત્તિની ત્રુટિ : પ્રા. थाम– સુધીનો ક્રમ બરાબર છે. પણ પછી थाम– અને સં. स्थान– વચ્ચે મૂળ–સાધિતનો સંબંધ ન હોઈ શકે. –न्–>–म्– એવું ધ્વનિવલણ માધ્યમિક ભારતીય–આર્ય ભૂમિકામાં અજાણ્યું છે.

નવું સૂચન : પ્રા. थाम–નો સંબંધ વૈદિક स्थामन् 'સ્થાન' 'ઠેકાણું' સાથે હોવાનું જાણીતું છે. प्रेमन्– (प्री–), वर्त्मन्– (वृत्–), सद्मन्– (सद्–) વગેરેની જેમ स्थामन्– (स्था–) સિદ્ધ થયો છે. પ્રશિષ્ટ સંસ્કૃતમાં તે પ્રયોગલુપ્ત થયો છે. પણ પ્રાકૃત–અપભ્રંશ અને ગુજરાતી વગેરેમાં તે ઊતરી આવ્યો છે. **ઠામ, ખાંભો** (વૈદિક स्कम्भ– + कः, માભાઆ. खम्भओ–°उ), ભાવવાચક પ્રત્યય –**પણ** (**બચપણ, ગાંડપણ**) ને –**તન**[1] (**પુરુષાતન, હેવાતન, શૂરાતન**) (અપ. –प्पण– અને –त्तण– વૈદિક –त्वन–) વગેરે પ્રશિષ્ટ સંસ્કૃતમાં લુપ્ત થયેલ પણ વૈદિક ભાષામાંથી, લોકબોલીઓ દ્વારા અર્વાચીન ભૂમિકા સુધી ઊતરી આવેલ ભાષાસામગ્રીનાં ઉદાહરણો છે.

ઠામ 'વાસણ' (**ઠામડું, ઠામણું**) એ અર્થ 'ઠેકાણું'માંથી સાધવો સહેલો નથી. જુદો જ શબ્દ હોય તો તેનું મૂળ જાણવા માટે આપણી પાસે હાલ કશું સાધન નથી.

ડોવું – ડહોળવું

જોડણીકોશ (૪થી આવૃત્તિ) **ડહોળવું**નો સંબંધ સં. ड्वल्- સાથે હોવાનો તરંગ બીતાં બીતાં કરે છે, પણ તો પછી ગુજરાતી ધાતુમાં તેમ જ મરાઠી डहूळणे–ढवळणें માં રહેલો हू ક્યાંથી આવ્યો તેની ઉપપત્તિ કશી મળતી નથી. એટલું જ નહિ, બીજી અનેક દૃષ્ટિએ પણ એની સામે વાંધા નીકળે છે; અને બીજી સામગ્રી નજરમાં લેતાં **ડહોળવું**નું મૂળ જુદું જ હોવાનું જણાય છે.

અપભ્રંશમાં डोह– 'ડહોળવું' डोहिउ 'ડહોળ્યું' જાણીતા છે. હેમચંદ્રનાં અપભ્રંશ ઉદાહરણોમાં જ (૪, ૪૩૯) जलु जेहिँ अ-डोहिउ पीउ 'જે (હાથીએ) જળ ડહોળ્યા વિના પીધું' (अ-डोहिउ નો अवनगाहितम् અર્થ

૧. મૂળમાં એકવડો –न्– હોવાથી ગુજરાતીમાં –तण– થવું જોઈએ, –तन– નહીં. હેવાતનનો પ્રાંતિક ઉચ્ચાર હેવાતણ થાય પણ છે, પણ અન્યત્ર તન છે. આ અનિયમિતતાનું કારણ અસ્પષ્ટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટો છે) એમ ડોહિઉ વપરાયો છે. ડોહ- દેશ્ય ધાતુ છે. તેના પરથી ગુજરાતીમાં ડોવું ઊતરી આવ્યો. જોડણીકોશ તેમાં હકાર ઉચ્ચારાતો હોવાનું સૂચવે છે તે બરોબર છે, પણ તેમાં ઓકાર વિવૃત નથી, સંવૃત છે. **લોવું** (લોહવું), **મોવું** (પ્રાંતિક) (**મોહવું**), **ખોવું** (પ્રાચીન **ખોહવું**), **દોવું** (પ્રાંતિક) (**દોહવું**) વગેરેમાં -ओह > -ओ થાય છે, ત્યારે ઓકાર સંવૃત જ રહે છે.

આ **ડોહ-** ધાતુનો **-ઓળ-** એ સ્વાર્થિક પ્રત્યય દ્વારા વિસ્તાર થતાં **ડોહોળવું** અને પછી **ડહોળવું** (પ્રાંતિક **ડોળવું**) સિદ્ધ થાય છે. **-ઓળ-** દ્વારા થયેલા વિસ્તારનાં અન્ય ઉદાહરણો :

ડખો—ડખોળવું, ફાંફા—ફંફોળવું, ફગાવવું—ફંગોળવું;

સં. प्रेङ्खा પરથી प्रेङ्खोल-.

આ રીતે **ડોવું** પરથી **ડહોળવું** સધાયો છે, અને **ડોવું**નું મૂળ દેશ્ય √डोह- છે.

થેલી

પ્રયોગ : ગુજ. **થેલી, થેલા,** હિંદી थैली, थैला.

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ : હિંદીશબ્દસાગર थैलाને મૂળ ગણી थैलीને તેનું અલ્પતાવાચક રૂપ ગણે છે. અને थैलाનો સંબંધ સં. स्थल- ‘કપડે કા ઘર’ સાથે હોવાનો ઉટંગ તર્ક કરે છે. જોડણીકોશ **થેલીને** મૂળ ગણી, **થેલાને** તેમાંથી સિદ્ધ થયેલો માની, તેનો સંબંધ પ્રા. थल्लिया સાથે હોવાનો એવો જ ઉટંગ તર્ક ચલવે છે. કેમ કે थल्लिया ‘નાની થાળી’ને ધ્વનિદૃષ્ટિએ કે અર્થદૃષ્ટિએ **થેલી** સાથે કશું લાગતુંવળગતું નથી.

નવું સૂચન : થેલીનો મૂળ અર્થ ‘બટવો’ = ‘પાનનો સામાન વગેરે રાખવા માટે ખાનાવાળી ગોળ થેલી’ થતો હોય. સં. स्थगी નો અર્થ ‘પાનનો સામાન રાખવાની પેટી’ થાય છે. હર્ષચરિતમાં લઘુતાવાચક રૂપ स्थगिका આ જ અર્થમાં મળે છે. પ્રાકૃતમાં આ પરથી थइअ, थइआ થયા છે, અને थइआइत्त-, थइआधर-, थइआवाहग- ‘તાંબૂલપાત્ર-વાહક નોકર’ એવા શબ્દો વ્યવહારમાં હતા. **સોમ**પ્રભકૃત કુમારપાલ-પ્રતિબોધમાં संबल-थइआ-सणाहो ‘ભાતાની થેલી સાથે’ એ પ્રયોગમાં थइआ નો અર્થવિસ્તાર થયેલો જોઈ શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાકૃતમાં અને ખાસ તો **અપભ્રંશ**માં –अल्लय– (પું.), –अल्लिया– (સ્ત્રી.) એ અંગવિસ્તારક પ્રત્યય સામાન્ય વપરાશમાં હતો. स्थगिका ના –इका પ્રત્યયને સ્થાને –अल्लिया આવતાં પ્રાકૃતમાં *थयल्लिया, **અપભ્રંશ**માં *थयल्लिय અને તેમાંથી ગુજ. થેલી, હિં. थैली બન્યા હોય.

નોંધવું : નોંઝણું

નોંધવું મૂળ છે, અને **નોંધ** તેના પરથી થયો છે. જેમ **પકડવું–પકડ**, **આવવું–આવ** (સ્ત્રી.), **સૂઝવું–સૂઝ**, **સમજવું–સમજ**, **પહોંચવું–પહોંચ**, તેમ **નોંધવું–નોંધ**. **નોંધ**– ધાતુનું મૂળ સં. नि + बद्ध– છે. સં. बद्ध– પરથી **બાંધવું** મળેલો જ છે. निबद्ध–નું **અપભ્રંશ**માં निवद्ध–, પછી *निउद्ध–*निउन्ध– અને –इउ– એ સ્વરયુગ્મ છેવટે વિવૃત ओ રૂપે વિકસતાં **નોંધ.** –इउ–નો આ પ્રકારનો વિકાસ नि + मन्त्र्–*निवंत्र – *निउन्त्र– **નોત્ર–નોતર**(વું)માં ને वाणिजपुत्र–, वाणिउत्र, **વાણોતર**માં જોઈ શકાય છે. કાન્હડદેપ્રબંધ(૧૪૫૬)માં **ન્યુંધા** (='નોંધાયા': 'તાકીને ઉપડ્યા') વપરાયો છે અને **નિહુંત્र**– એવું **પ્રાચીન** ગુજરાતી રૂપ મળે છે. એમને નજરમાં રાખતાં વિકાસની પાછળની કડીઓ સ્પષ્ટતા માગી લે છે.

નોઝણું (**નોંઝણું**)નું મૂળ પણ नि + बध्–માં રહેલું છે; એને नद्ध – સાથે કશી લેવાદેવા નથી. नि + बध्– પરથી કર્મણિ અંગ निबध्य्–, તેમાંથી **અપભ્રંશ** निवज्झ–, કરણ–નામ *निवज्झण–, વિસ્તારિત *निवज्झणय– તેમાંથી *निउंझणुं અને –इउ– > ओ એ પ્રક્રિયા દ્વારા **નોઝણું** કે **નોંઝણું**.

बद्ध – ને –उद्ध–, –उध– એવો વિકાસ, मुकुटबद्धाः પરથી થતા પ્રાચીન ગુજરાતી मउडउधा, मउडुधा (**ભ**રતેશ્વરબાહુબલિ રાસ, ૪૨, ૮૧, ૧૩૬)–માં પણ જોઈ શકાય છે[1].

પખવાજ

આને માટે **જોડણીકોશ** મૂળ તરીકે પ્રા. पक्खाउज्ज–, સં. पक्षातोद्य– આપે છે. पक्षातोद्य–નું पक्खाउज्ज– તો નિયમપ્રમાણે થાય, પછી पक्खाउज्जમાંથી

૧. સાંડેસરા, 'મુડધો–મડધો', બુદ્ધિપ્રકાશ, જુલાઈ–સપ્ટેંબર, ૧૯૪૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન ભૂમિકામાં **પખાઉજ,**[1] **પખાવજ** કે **પખાજ** થાય. 'પખવાજ' નહીં. पक्खाउज्ज–ના બીજા અક્ષરમાં રહેલો આકાર હ્રસ્વ થવાનું કોઈ કારણ નથી, અને उ–>व–એ પરિવર્તન થયું હોય તે પહેલાં ज्ज>–ज એ પરિવર્તન પણ થયું હોય. पक्खाउज्ज– પરથી પહેલાં पक्खावज्ज–અને પછી पक्खावज्जનું **પખવાજ** એવો બે કોટિએ વિકાસ ન થાય. હિંદી पखाउज અને पखावज પરથી પણ એ જોઈ શકાય છે. એટલે ज्ज–>–ज=એ વિકાર થયા પછીથી જ –उ–>–व–ની પ્રક્રિયા સિદ્ધ થઈ હોય, તો **પખવાજ**ના ત્રીજા અક્ષરમાંના આકારની ઉપપત્તિ કોઈ પણ રીતે આપી શકાતી નથી. **પખવાજ** ઉપરથી સ્વરવ્યત્યય દ્વારા **પખવાજ** થયું હોવાની અટકળ ખાસ આકર્ષક નથી લાગતી. વ્યત્યયને મન ફાવે ત્યાં લાગુ ન પાડી શકાય. આ રીતે વિચાર કરતાં જોડણીકોશે આપેલી આ વ્યુત્પત્તિ સદોષ જણાય છે.

એટલે વિશેષ સંભવિત એ લાગે છે કે **પખવાજ**નું માધ્યમિક ભૂમિકાનું રૂપ पक्खवज्ज– હોય અને તે સં. पक्षवाद्य–માંથી સિદ્ધ થયું હોય. જેમ पक्ष–+ आतोद्य–, એમ पक्ष– + वाद्य–.

પિંગાણી

પ્રયોગ :–(૧) 'વાલાકુંચી પૂંજણીઇ **પીગાણી** કૂંપી' સપ્ત ક્ષેત્રિરાસ, ૩૧ ઘ.

(૨) 'સગાં સર્વ બેસાડ્યાં આણી, પુત્રીના કરમાંહી **પિંગાણી**
છે કંકુ–વહોણી કંકાવટી, પુત્રીને થાયે ચટપટી.
કુંવરબાઈનું **મામેરું**,[2] ૫ં. ૪૧૮.

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ :–

મામેરાની પંક્તિ પરના ટિપ્પણમાં **પિંગાણી**નો અર્થ 'તેલની વાડકી' આપતાં જણાવ્યું છે કે 'પહેરામણી આપતાં સેંથામાં તેલનો સ્પર્શ કરવામાં આવે છે, ને પિયળ કપાળમાં. તેથી પિંગાણી ને કંકાવટી હાથમાં છે'. ત્યાં તેનો સંબંધ સં. पिंग–'હળદર' 'કંકુનો રંગ' સાથે હોવાનું સૂચવ્યું છે. જોડણીકોશમાં પણ **પિંગાણી**ના 'કંકાવટી' 'ધુપેલની વાડકી' એવા અર્થ આપી તેનું મૂળ સં. पिंग–'કેસર' 'કુંકુ' હોવાનું જણાવ્યું છે.

---

૧. 'પડહ પખાઉજ ધમધમઇ એ.' ભરતેશ્વર બાહુબલિરાસ, ૨૦૧.

૨. મ. પ્ર. દેસાઈનું સંપાદન (૧૯૪૦). સીમંધર શોભાતરંગમાં પણ પિંગાણી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચિત વ્યુત્પત્તિની ત્રુટિ: પિંગાણીનો પિંગ૦ અંશ જ ઉપરની વ્યુત્પત્તિ સમજાવે છે. પણ ઉત્તરાંશ **°આણી** ક્યાંથી આવ્યો તે વિશે કશું કહ્યું નથી.

નવું સૂચન: સંસ્કૃતમાં °धान ‘આધાર’ ‘આશ્રય’ના અર્થમાં સં. क्षुरधान–‘અસ્ત્રાપેટી’ ને अग्निधान–‘અગ્નિસ્થાન’માં દેખાય છે. સ્ત્રી. °धानी રૂપે તે સં. राजधानी, वार्धानी ‘ઝારી’ અને अङ्गारधानी ‘સગડી’માં રહેલો છે. તે જ પ્રમાણે *पिङ्गधानी ‘કંકુ કે હળદર રાખવાનું પાત્ર’ (‘સગડી’ માટે अङ्गारधानी ઉપરાંત સંસ્કૃતમાં अङ्गारपात्री પણ છે તે સરખાવો) એવો શબ્દ અટકળી શકાય. તેના પરથી પ્રાકૃતમાં पिंगहाणी, पिंगहाणिआ અને ગુજરાતીમાં **પિંગાણી** બની શકે. આમાં પૂર્વ રૂપમાંથી હકાર કશીપણ નિશાની પાછળ મૂકી ગયા સિવાય લુપ્ત થયો છે એમ માનવું જોઈએ.

બાઘડો

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ: જોડણીકોશ આને **બાઘો** પરથી આવ્યો હોવાનું કહે છે. પણ **બાઘો**નો પ્રાથમિક અર્થ ‘મૂર્ખ’, બોઘો’ હોવાનું જણાય છે. ‘બિહામણો’ એ અર્થ પછીથી વિકસ્યો હોય. અને તો ‘બાઘડો આવ્યો’ જેવા સામાન્ય પ્રયોગોમાં **બાઘડો**નો ‘હાઉ’, ‘ઘોઘર’ એવો અર્થ છે, તે તેને **બાઘો** પરથી સિદ્ધ કરવા આડે આવે છે.

નવું સૂચન: જેમ **હાઉ** પરભાષાનો સર્પવાચક શબ્દ આપણે બાળકને બીવરાવવા ‘ભયાનક સત્ત્વ’ના અર્થમાં અપનાવ્યો છે, તેમ **બાઘડો** પણ બીજેથી લીધેલો જણાય છે. સં. व्याघ्र–, પ્રા. वग्घ–, હિંદી बाघ, ને –ડો પ્રત્યય લાગતા **બાઘડો** ઘડાયો છે. સર્પ (**હાઉ**) ને જંગલી બિલાડા(**ઘોઘર**)ની જેમ વાઘ(**બાઘડો**)નો પણ બાળકને માટે ભયપ્રેરક વિકરાળ સત્ત્વ તરીકે ઉપયોગ થવો સ્વાભાવિક છે. ‘વાઘ આવ્યો રે વાઘ’ અને ‘ત્યાં કાંઈ વાઘ-દીપડા નથી બેઠા’ જેવા પ્રયોગોથી આનું સમર્થન થઈ શકે.

ભોગળ–ભૂંગળ

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ: ભોગળ–ભૂંગળ ‘બારણું બંધ રાખવાનો લાંબો આડો દંડ’ એ અર્થમાં **ભુંગળી** સાથે સંકળાયેલો હોવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડણીકોશનું સંદિગ્ધ સૂચન છે. **જોડણી કોશે ભુંગળી** ને **મરાઠી** भोंगळी સાથે સરખાવવાનું કહી તેનો સંબંધ સં. भूक – 'પોલાણ' 'ખાડો' સાથે હોવાની અટકળ દોડાવી છે.

સૂચિત વ્યુત્પત્તિની ત્રુટિ: ભોગળ ને અર્થદૃષ્ટિએ **ભુંગળી** સાથે કેમ જોડવો ? અને भूक– કોશોમાં જ મળતો પાછળના સમયનો શબ્દ છે. તેમાંથી **ભૂંગળ** સાધવા આડે ઘણી મુશ્કેલી છે. અને 'પોલાણ'ને ને 'આગળો'ને કેટલું લાગેવળગે ?

નવું સૂચન: અપભ્રંશમાં भुअग्गल– એવું રૂપ મળે છે.

આ ઉપરથી સં. भुजार्गल– (= भुज – + अर्गल –) મૂળ હોવાની અટકળ થઈ શકે. भुजार्गल– નું *भुजार्गला એવા સ્ત્રીલિંગ રૂપને સ્વીકારતાં પછીથી *भुअग्गला – *भुअग्गल અને તેમાંથી એક પક્ષે **ભૂંગળ** ને બીજે પક્ષે **ભોગળ** બને.

મામેરું

અન્યત્ર સૂચિત વ્યુત્પત્તિ : મ. પ્ર. દેસાઈએ **શિક્ષણ અને સાહિત્ય** (૧૯૩૯)માં, તેમની 'કુંવરબાઈનું **મામેરું**'ની આવૃત્તિ (ટિપ્પણ પૃ. ૪૬)માં તેમજ **જોડણીકોશ**માં **મામેરું** એ **મામા + કેરું**માંથી સધાયું હોવાનું સંદિગ્ધ સૂચન કર્યું છે.

સૂચિત વ્યુત્પત્તિની ત્રુટિ: કેરું અપભ્રંશ, **પ્રાચીન** ગુજરાતી અને **અર્વાચીન સાહિત્યિક** ગુજરાતીમાં અવિકૃત રૂપે વપરાતો રહ્યો છે. °केरय–નો °एरय થયાનું ગુજરાતીમાં બીજું એકે ઉદાહરણ નથી દેખાતું. અને **મામેરું** માટે બીજી વધારે સંતોષપ્રદ વ્યુત્પત્તિ પણ આપી શકાય છે.

નવું સૂચન: મોસાળું અને **મામેરું** પ્રેમાનંદ પર્યાય તરીકે વાપરે છે. **મોસાળું** मातृशालकम् પરથી થયો છે. એ જ રીતે माम+गृहकम् =*मामगृहकम् 'મામાના ઘરનું (નજરાણું, ભેટસોગાત)'ની અટકળ કરી શકાય. गृह– પ્રાકૃતમાં घर– રૂપે અને ઉત્તરાંશ તરીકે °हर– રૂપે વપરાય છે, જેમ કે माइहर–(मातृगृह–), पिइहर– (पितृगृह–). અર્વાચીન ભાષાઓમાં **પિયર**, હિં. पीहर (पितृगृह–), **મહિયર**, **મરાઠી** माहेर (मातृगृह–), **માહ્યરું** (मातृगृहकम्), હિં. नैहर (ज्ञातिगृह–) વગેરેમાં એ °हर અંશનો વારસો છે. ગુજરાતીમાં શબ્દાંતર્ગત હકાર વિવિધ રૂપાંતર પામે છે. તેમાંનું એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપાંતર તે -હ-નો -હે-(ને પછી ક્વચિત **એ**) થવો તે. **શહેર** (शह्र), **નહેર** (नह्र), **પહેરો** (पह्रह), **ઝેર** (ज़हर) વગેરે ફારસી- અરબીમાંથી લીધેલા શબ્દો આ પ્રક્રિયાનાં ઘણાં ઉદાહરણ પૂરાં પાડે છે. **લહેર** (સં. लहरि-), **વહેવાર** (व्यवहार-), **નહેરણી** (પ્રા. नहरणी) **મહેતો,** (प्रा. महत्तओ), **રહેવું** (અપ. रहइ), **કહેવું** (અપ. कहइ) વગેરે તદ્ભવોમાં પણ આ વલણ જોઈ શકાય છે. ધ્યાનમાં રહે કે ઉપર ટાંકેલાં ઉદાહરણોમાં **-હે** માં રહેલો **એ** વિવૃત છે. પૂર્વરૂપમાં રહેલા -હ-નો જ્યાં -હો- થાય છે, ત્યાં પણ **ઓ** વિવૃત થતો હોય છે. પણ બેચાર ઉદાહરણોમાં સંવૃત **એ** પણ મળે છે. જુઓ, **પિયેર** (પ્ર. पिइहर-, સં. पितृगृह-), **સોનેરી** (સર. હિંદી सुनहरा, सुनहला,), **રૂપેરી** (સર. હિંદી रूपहला), **ખંડેર** (હિ. प्रा. खंडहर-, સં. खण्डगृह-; **ખંડિયેર**નું મૂળ સં. खण्डित- + गृह- છે. જોડણીકોશ ખાલી खण्डित- આપે છે). આ રીતે मामगृहकम्-मामहरअं- *मामहरउं- मामहिरुं- *मामहेरुं-**મામેરું** ક્રમ અનવદ્ય છે. આથી **મામેરું**ના ઉચ્ચારણમાં હકાર બોલાતો હોવાનું જે જોડણીકોશ નોંધે છે, તેની પણ ઉપપત્તિ મળે છે.

લોધો

લોધોનો એક અર્થ છે 'લાંબો અને મજબૂત બાંધાનો માણસ.' **લોદ્ધો** એવા રૂપમાં એ ગાળ લેખે કે તિરસ્કાર દર્શાવવા બળૂકા પુરુષ માટે (મુખ્યત્વે સ્ત્રીઓ વડે) વપરાય છે. જોડણીકોશ આ શબ્દને મરાઠી लोधी સાથે સરખાવવાનું કહેવા ઉપરાંત એના મૂળ વિશે કશો પ્રકાશ નાખતો નથી.

સં. लुब्धक- 'પારધી[1]' પ્રાકૃતમાં लुद्धओ કે लोद्धओ બને છે. સાહિત્યમાં लोद्धओ વપરાયેલો છે. लोद्धओ, *लोद्धउ પરથી **લોદ્ધો, લોધો** સ્વાભાવિક ક્રમે થાય.

'પારધી'માંથી 'લાંબો ને હૃષ્ટપુષ્ટ' એવો અર્થવિકાસ પણ સ્વાભાવિક છે. 'પારધી' એટલે બળવાન, મજબૂત ને નિર્દય. મૂળ मुकुटवद्ध- પરથી ગુજરાતી **મડધો**માં એ જ રીતનું અર્થપરિવર્તન થયું છે.

---

૧. આ **પારધી** પ્રા. पारद्धिअ-નું મૂળ સં. पापर्द्धिक- જાણીતું છે. જોડણીકોશે એ નથી આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશે

જોડણીકોશ **વિષે** અને **વિશે** એમ વિકલ્પ સ્વીકારે છે પણ પ્રચલિત ઉચ્ચારણને એટલે કે ગુજરાતી ધ્વનિપ્રક્રિયા ને ધ્યાનમાં લેતાં **વિષે** એવી જોડણી માટે કોઈ આધાર નથી. કારણ,

(૧) ગુજરાતીનું ધ્વનિતંત્ર તપાસતાં જણાય કે તેમાં મૂર્ધન્ય **ષ**નું અસ્તિત્વ જ નથી. તદ્‌ભવ કે દેશ્ય શબ્દોમાં તે આવતો જ નથી. અને **સંસ્કૃત** તત્સમોમાં તે આવતો હોવા છતાં તેનું ઉચ્ચારણ તાલવ્ય **શ**ના ઉચ્ચારણથી જરા પણ જુદું પડતું નથી.

(૨) ઉચ્ચારણમાં ન હોવા છતાં **સંસ્કૃત** તત્સમોને યથાસ્વરૂપ લખવાના નિયમને સામાન્ય રીતે અનુસરી તેવો **ષ** આપણે મૂળ સ્વરૂપે લખીએ છીએ. પણ **વિશે** તદ્‌ભવ છે, તત્સમ નહિ. विषये>...विसइ>**વિશે** આ ક્રમે તે સધાયો છે. **પ્રાકૃત**, **અપભ્રંશ** અને **જૂની** ગુજરાતીના[1] ધ્વનિતંત્રમાં મૂર્ધન્ય **ષ**નો અભાવ છે. એ ખરું કે **પ્રાચીન** ગુજરાતીમાં विषइ વપરાયો છે, પણ તે ઉચ્ચારણને અનુસરીને નહિ, માત્ર **સંસ્કૃત** विषयेની અસરને લીધે.[2] અસ્પષ્ટ મૂળના શબ્દોની બાબતમાં જ રૂઢિનો આશ્રય લેવો જરૂરી હોઈ, અન્યત્ર પ્રચલિત ઉચ્ચારણને મુખ્ય માર્ગદર્શક ગણવું એ જ ઉચિત છે. એટલે માત્ર **વિશે** એ જ જોડણી યોગ્ય છે.

★

---

૧. ટી. એન. દવે, એ સ્ટડી ઑવ ધ ઓલ્ડ ગુજરાતી લૅંગ્વેજ, A Study of The Old Gujarati Language, પા. ૩.

૨. પૂર્વોક્ત ગ્રંથ, ૧૫૪; नइ विषइ, અને ૧૮૫, विषईआ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડણીકોશ (ચોથી આવૃત્તિ)ની વ્યુત્પત્તિશુદ્ધિ માટે કેટલાંક સૂચન

અંગીઠું, અંગીઠી — સં. अग्निस्थान– પરથી ન જ આવી શકે. अग्नि + – स्थ – + – इका = *अग्निष्ठिका, प्रा. *अग्गिट्ठिआ પરથી **અંગીઠી** કે **અંગેઠી** થાય. *अग्निष्ठकम् હોય તો **અંગીઠું.**

ઊઠ, ઊંઠું–જેમ સં. चतुर्+य–=*च्तुर्+य–=*क्तुर्य–=तुर्य–,तुरिय–, તેવી રીતે चतुर्थ– પરથી *तुर्थ–, प्रा. *तुत्थ– થાય; અને अर्ध+चतुर्थ–નું अद्धतुत्थ–કે अद्धतुट्ठ–, ને પછી अद्धुट्ठ–, आधुट्ठ–, आहुट्ठ–, आहुठ–,ને ક્રમે કરીને, હકારલોપથી **ઔઠ, ઊઠ, ઊંઠું.**

એરણ – અપભ્રંશ अहिरणि, સં. अधिकरणी. હેમચંદ્રના **ત્રિષષ્ટિ-શલાકાપુરુષચરિત્ર**(ગ્રંથ ૧,૪,૩૦૭)માં अधिकरणी વપરાયો છે.

ઓરશિયો – દે. ओहरिस– સાથે સંકળાયેલો છે. સં. अवघर्ष – પરથી ओहरिस –; ओहरिस – + –इअओ, **ઓરશિયો.**

કછોટી – મૂળ સં. कक्षा + – पट्ट– + –इका પછી कच्छवट्टिआ, कच्छोट्टिआ, **કછોટી.**

ગોરાંદે – गौरदेहिनी પરથી નથી. પણ गौरी પરથી મધ્યકાલીન ગુજરાતીમાં लखमादे, रत्नादे વગેરે સ્ત્રીઓનાં નામના સાદૃશ્યે ઘડાએલો છે, અને તેમાંનો –દે અંશ સં. – देवी પરથી છે. **ગોરાં** પર અનુનાસિક, 'કસુબહેન આવ્યાં' વગેરેમાં માનવાચક **આવ્યાં** પર છે તે, તેમ જ **મીરાં** વગેરેમાં છે તે છે.

છીનવું, છીનવવું – સં. छिद् – ઉપરથી નહીં, પણ ક. ભૂ. કૃ. छिन्न – પરથી નામધાતુ.

છે, છો – આ સૌ રૂપોને સં. अस् – સાથે ધ્વનિદૃષ્ટિએ કશો સંબંધ નથી. ટર્નરે પુરવાર કર્યું છે તેમ સં. आक्षेति, પાલી अच्छेइ, अच्छइ. प्रा. ગુજ. अछइ, छइ, પછી છે વગેરે.

છેક – સં. छेद–, प्रा. छेअ–+ –क्क–(અંગ વિસ્તારક)= *छेअक्क–. પછી **છેક.** સરખાવો **ઠીક.**

છેડો – સં. शेष– પરથી ન જ આવી શકે. સં. छेद–, प्रा. छेअ– + –डअ–, હકાર–પ્રક્ષેપ થતાં प्रा. ગુ. छेहडो, પછી **છેડો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ – સં. छेक – પરથી થયેલા छेकिल–નું પ્રા. માં छइल– થાય. छइल– નહીં; અને **છેલ**નો લકાર छइल्ल– એવા પૂર્વરૂપની અપેક્ષા રાખે છે. સં. छवि– + –इल्ल– પરથી પ્રા. छइल्ल–, પછી **છેલ**. સરખાવો **છબીલું**.

છેલ્લું – દે. छिल्ली, छिहली 'શિખા' ને આની સાથે કશો સંબંધ નથી. માભાઆ. छेअ– 'અંત'. छेअ– + –इल्ल– + –अं = छेइल्लअं, પરથી *छेइलुं; તેમાં હકાર–પ્રક્ષેપ થતાં छेहिलुं ને પછી **છેહલું**, **છેલું**; ને ભાર દર્શાવવા **છેલ્લું**.

છોટું – કત્રેએ સૂચવ્યું છે તેમ સં *क्षोद– (સરખાવો સં. क्षुद्र,– क्षुल्लक–) 'બાળક' પરથી માભાઆ. छोअ– + –ट्टअं પરથી **છોટું**.

છોડી – દે. छोडि પ્રાચીન શબ્દ નથી. પ્રાકૃતપૈંગલની ભાષામાંથી એ અપાએલો છે. એટલે તેનું ખાસ મૂલ્ય નથી. પ્રા. छोयर– छोहर; હિંદી छोहरी– छोरी અને આ છોડી એક જ હોય. મૂળ સં. *क्षोद– (સરખાવો સં. क्षुद्र–, क्षुल्लक) + –र– પ્રત્યય હોય. छोर + डी = छोरडी, પછી **છોડી**.

જડ—સં. जटा, પ્રા. जडा, અપ. जड પરથી ન જ આવે. **જડવું** પરથી નામ **જડ**. **જડવું**ના મૂળમાં દેશ્ય √जड– ધાતુ. સર. સં. जटित–.

ઠીક—સં. स्थित–, પ્રા. ठिअ–; ठिअ – + – क्क–(અંગવિસ્તારક) = *ठिअक्क–, પછી **ઠીક** એવો વિકાસક્રમ હોવા સંભવ છે.

ઢીંચાં, **ઢૂંચાં** – પ્રા. अड्ढ + चउ પરથી ન જ આવે. अर्धचतुर्थ–નો અર્થ 'જેમાં ચોથું અર્ધું છે', એટલે કે 'સાડા ત્રણ' થાય, ને તેના પરથી **ઊઠ**, **ઊંઠું** આવ્યા છે. अर्ध–+ पञ्चक–પરથી *अड्ढवंचअ–, *अड्ढउंचअ–, ढउञ्चा ને પછી **ઢૂંચું** કે **ઢૂંચાં** થાય. **ઢીંચા**ના ઈકારનું મૂળ સ્પષ્ટ નથી.

તારું – અપ. तुहारउँ, પછી **તહારું**, **ત્હારું**, **તારું**.

થકું – સં. स्थित– પરથી ન આવી શકે. સં. √स्था– + અંગવિસ્તારક –क़्क– = પ્રા. √थक्क–; તે પરથી કર્મણિ ભૂત કૃદંત (વિસ્તારિત) थक़्कअ–, અપ. थक्कउ–थक्कउँ, ને પછી **થકું**.

ધીમું – સં. धीमत्–, પ્રા. धीम– + –अं પરથી જ છે. તેને સં. स्तिमित–, પ્રા. थिमिअ– સાથે કશી લેવાદેવા નથી.

નાવલિયો, **નાવલો** – આને દે. णाउल्ल– 'અનેક ગાયોવાળો' કે મરાઠી नवरा, હિંદી नवेला કે મરઠી नावल સાથે કશો સંબંધ નથી. સં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाथ–, प्रा. અપ. णाह– + –उल्ल– (લાડવાચક પ્રત્યય) + –उ કે –इअउ, તે પરથી णाहुल्लउ કે णाहुल्लिअउ. પછીથી नाहुलो, नाउलो ને **નાવલો**; नाहुलिओ, नाउलिओ ને **નાવલિયો.**

પસ્તાવો – સં. पश्चात्ताप–, प्रा. पच्छाताव–, पच्छायाव– પરથી નહીં, પણ સં. प्रायश्चित्त–, માભાઆ. पच्छित्त–, તે પરથી આખ્યાત *पच्छित्ताइ, **પછિતાવું, પછતાવું, પસ્તાવું.**

પાતર – સં. पातली નહીં, પણ पात्र– પરથી. સર૰ મારવાડી **પાતુર.**

પાંશરું – સં. शर – પરથી કઈ રીતે આવે? प्रांशु + – र – + – कम्, पंसुरअं, પછીથી **પાંસરું** એ કાંઈક શક્ય. પણ **પાંશરું** નો શકાર સમજાવવો રહે.

બારોટ – સં. द्वारभट्ट–, प्रा. बारहट्ट–.

બાળોતિયું – બાળ+उत्तरीय હાસ્યાસ્પદ છે. वाल– + – पोत्तिअ– + –अ– સંભવિત.

બાંય – સં. वाहु– નહીં, પણ वाहा + –इका, प्रा. * वाहिया, प्रा. ગુજ. वांही, वांह्य, **બાંય, બાં** (ગ્રામ્ય); સરખાવો, **માંહી, માંહ્ય, માંય, માં; છાંહી, છાંહ્ય, છાંય.**

બીધું – સં. भीत– કે प्रा. बीहिअ– માંથી ન જ આવી શકે. **પીવું–પીધું; દેવું–દીધું; લેવું–લીધું; ખાવું–ખાધું; કરવું–કહેવું–કીધું** એ વિશિષ્ટ ભૂતકૃદંતોના સાદૃશ્યે **બીહવું–બીવું** પરથી **બીધું** સધાયો છે માધ્યમિક ભારતીય–આર્યમાં लिद्धअ,– दिद्धअ–, खद्धय– પ્રચલિત હતાં.

બીનવું, બીન્યું. બીવું નું ભૂતકાલિક રૂપ **બીધું** અથવા **બીનું** વપરાય છે. **બીનવું, બીન્યું** ગોહિલવાડીમાં નથી. **બીનું**ને દે. वुण્ण– સાથે લેવાદેવા નથી. સં. दत्त–નું પ્રાકૃત–અપભ્રંશમાં दिण्ण– दिन्न– તે પરથી સાદૃશ્યે બીજાં રૂપો ઘડાયાં ને હિંદી વગેરેમાં दिन्हा, लिन्हा, किन्हा – दीना, लीना, कीना. તેવી જ રીતે **બીનો** નું મૂળ રૂપ **બીહીનો** અપ. बीह– 'બીવું' પરથી.

બીવું – प्रा. वीह –, સં √ भी – માંથી ન આવી શકે. भीषयति ના અંગ √ भीष्– પરથી प्रा. बीह– થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીતર—મૂળ તરીકે દે. भित्तर—આપ્યો છે. તેના બે અર્થમાંથી 'દ્વાર,' 'દરવાજો' એ અર્થ જુદો જ છે. બીજો અર્થ 'અંદર' ગુજ. **ભીતર** નો છે તે જ છે. પણ એ અર્થમાં તે શબ્દ પ્રાકૃતપૈંગલમાં વપરાયો છે, અને એ ગ્રંથની ભાષા ૧૩ મી—૧૪ મી સદીની અર્વાચીન ભૂમિકાથી પ્રભાવિત છે. **ભીતર**નું રૂપાંતર **ભીંતર** પણ ગોહીલવાડીમાં પ્રચલિત છે. પ્રાચીન ગુજરાતીમાં भिंतर (સપ્તક્ષેત્રિરાસ, ૯૬ ગ, વગેરે) મળે છે. ટેસીટોરીએ આની વ્યુત્પત્તિ આપેલી છે છતાં તેનો લાભ જોડણીકોશમાં લેવાયો નથી. સં. अभ्यन्तर–, પરથી भिंतर–, પછી **ભીંતર** ને **ભીતર**. દે. भित्तर– નું મૂળપણ આ જ હોય.

ભોંઠું—સં. भ्रष्ट–, પ્રા. भट्ठ–માંથી આવવું અશક્ય. भूमि–+–स्थ–+–कम् પરથી भूमिट्ठअं—भूँइट्ठउं—**ભોંઠું** થવાની શક્યતા. પણ આ તો ધ્વનિ-નિયમોને અનુકૂળ એક તર્ક જ છે.

માંડમાંડ (ગ્રામ્ય, **માણમાણ**)—સં. मनाक् અને પ્રા. मणा સાથે તેને કશો સંબંધ નથી. અપભ્રંશમાં मण्ड–मण्ड, मण्डु मण्डु સામાન્ય વપરાશમાં હતો. દેશીનામમાલા मड्ड–'બળાત્કાર' નોંધે છે. मड्डें–'હઠથી' 'પરાણે' અપભ્રંશમાં વપરાયો છે. મૂળ સં. *मर्द– હોય.

માંહી—ને સં. स्मिन्, પ્રા. –म्मि, પાલી –म्हि સાથે કશો સંબંધ નથી. સં. मध्य– (અથવા તેનો સહજન્ય *माध ?)નું સપ્તમી એકવચન मध्ये (*माधे); પછી *मद्धे, *माधे અનિયમિતપણે माहे, અપ. माहि, પછી **માહીં**, **માંહી**, **માંહ્ય**, **માંય**, **માં**.

મોડું—સં. मृदु–, પ્રા. मउ– માં –ડું ભળીને થયો છે.

મોઢું—સં. मुख– પરથી થયેલા પ્રા. मुह–માં –ડું પ્રત્યય ભળી **મુહડું**–**મોહડું**—**મ્હોડું**, **મોઢું** એ ક્રમે સધાયો છે.

મોળું—સં. मृदु–+ल–, પ્રા. मउल–+–अं પરથી છે.

વહાલ—આને દે. वाहलार સાથે, કે સીધો સં. वल्लभ–, પ્રા. वल्लह– સાથે સંબંધ નથી. મૂળ **વહાલું** ઉપરથી **વહાલ** નામ સધાયું છે. જેમ,

ડહોળું–ડોળ, **ત્રાંસું–ત્રાંસ**, **ધોળું–ધોળ**, **મેલું–મેલ**, **ઉઘાડું–ઉઘાડ**, **વાંકું–વાંક**, તેમ **વહાલું–વહાલ**,

વહાલુંનું મૂળ સં. वल्लभ–+–कम्, અપ. वल्लहउं* પછી **વાલહું**, **વાલ્હું**, **વ્હાલું**, **વહાલું**.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાછરું—પ્રથમ તો -**રું** પરનો અનુનાસિક બરોબર નથી. **જોડણીકોશ** **એરું, વાછરું, કાંગડું, છોરું** વગેરેમાં અંત્યાક્ષર પર અનુનાસિક આપે છે, પણ એ શબ્દો ઉકારાંત છે. **ગાડું-ગાડાં, વાછડું-વાછડાં** વગેરે અકારાંત વિસ્તારિત નપુંસકલિંગ અંગોની જેમ તેમનું બહુવચન -**આં**અન્તી ન થાય. **એરુ**નું બ. વ. **એરુ** કે **એરુઓ, વાછરુ**નું **વાછરુ** કે **વાછરુઓ. ગો**હીલવાડીમાં તેમનો અંત્યાક્ષર નિરનુનાસિક જ છે, અને વ્યુત્પત્તિ પણ અનુનાસિકનું સમર્થન કરતી નથી. એટલે તેમનું **એરુ, વાછરુ, કાંગડુ, છોરુ** એવું રૂપ જ શિષ્ટ લેખાય (ગોહીલવાડીમાં **કાંગડુ** નહીં પણ **કરડુ** વપરાય છે. **કોશ**માં આ નોંધાયો નથી).

વાછરુ શબ્દ **વાછડી** પરથી નહીં, પણ સં. वत्सरूप-, प्रा. वच्छरूव- પરથી છે. **વાછડી**નું મૂળરૂપ **વાછરડી** છે અને તે **વાછરુ**ને **-ડી** લગાડી ઘડાયો છે.

વાણોતર—સં. वाणिज्-(કે वाणिज्य-) + -उत्तर-, प्रा. वाणिअ- (કે वाणिज्ज-) + -उत्तर-માંથી નહીં; પણ સં. वाणिज- + पुत्र-; प्रा. वाणिअ- + -उत्र-, प्रा. ગુજ. **વાણિઉત્ર, વાણઉત્ર, વાણોત્ર**, પછી **વણોતર**.

શેરડી—દે. सेरी 'લાંબી આકૃતિ' મૂળ હોવાનું સૂચન એક તરંગમાત્ર છે. **શેરડી**નું રૂપાંતર **શેલડી** છે, અને એ બેમાં લકારવાળું-એટલે કે **શેલડી** રૂપ મૂળ જણાય છે, **શેરડી** તે પરથી સાધિત. **તરવાર-તલવાર; પારણું**-હિંદી पालना; **પરોંઠી** (ગોહીલવાડી) **-પલોંઠી, પલાંઠી** (હિંદી पालथी, पलथी) એમ જ્યાં જોડકાં મળે છે, ત્યાં **રકાર** વાળું રૂપ સાધિત લાગે છે.

સમજવું—સં. सं + बुध्य्, प्रा. संबुज्झ-, અપ. संवुज्झ-, પરથી समुझ-, **સમજ**વું આવ્યો છે. તેને સં. सम् + ध्यै સાથે કશો સંબંધ નથી.

સુખડ- સં. श्रीखंड-, प्रा. सिरिखंड નથી. તેને સં. शुष्क-, प्रा. सुक्ख-સાથે સંબંધ હોવા ઘણો સંભવ છે. **પ્રેમાનંદના દશમસ્કંધ** (૪૮, ૧૩૭) માં **સુકડ** વપરાયો છે: 'છે સેજ્યા સુકડ કાષ્ટની'. સરખાવો **સૂકું** (સં. शुष्क-).

સેવડો - સં. श्वेतपट- + -क : માભાઆ. सेवडओ - °उ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરંગી વ્યુત્પત્તિઓ

આ વિભાગમાં આપેલા શબ્દોની જોડણીકોશમાં આપેલી વ્યુત્પત્તિ વ્યુત્પત્તિશાસ્ત્રના એક કે વધારે પાયાના સિદ્ધાંતોનો—પૂર્વ ભૂમિકાનાં તેમ જ અર્વાચીન ભૂમિકાનાં જાણીતાં ધ્વનિવલણો, ઐતિહાસિક દૃષ્ટિ, અર્થવિકાસની પ્રતીતિજનકતા વગેરેનો—ભંગ કરતી હોવાથી કોઈપણ રીતે સ્વીકાર્ય બને તેવી નથી. આવાં સૂચન પણ કોઈ અધિકારી અભ્યાસી કરી ન શકે, એટલે ગુજરાતી શબ્દ અને તેનું જોડણીકોશે સૂચવેલું અશક્ય જેવું મૂળ એ બંને આપ્યાં છે. આ બધી વ્યુત્પત્તિઓનું તરંગના ખુદ્દાથી વિશેષ મૂલ્ય નથી. આ શબ્દોની બાબતમાં વિકલ્પે કોઈ નવી વ્યુત્પત્તિ અહીં સૂચવી નથી. જોડણીકોશમાંથી તૈયાર કરેલી પ્રસ્તુત યાદી ઉદાહરણ લેખે પાશેરામાં પહેલી પૂણી જેવી જ છે.

અકરાંતિયું—સં. अतिक्रांत–

અકરું—સં. उत्कृतोरू–

અગવો સં. अग्रग–

ઉપરણી, ઉપરણું—સં. प्रावरण–, प्रा. पाउरण–

ઊંડળ—દે. उंडल– અથવા अवरुंडण–

એઠ, એઠું—સં. उच्छिष्ट–

ઓપટી—સં. आपत्ति–

કનફૂલ—સં. कर्णोत्पल–, प्रा. कण्णुप्पल–

કમાચણ—સં. कामाचारिणी

કરપવું—क्लृप्–, प्रा. कप्प–

કરિયાવર—સં. वर + क्रिया–

કરોળિયો—સં. कौलिक–, दे कोलिअ–

કસ્તર—સં. कुश – + – तुल–

કાચલી—સં. कवच – ઉપરથી

કાછિયો—સં. शाकिक–

કોઢ—સં. गोष्ठ–

કોપરું—સં. कर्पर–

ગોટલી—સં. गट्ठिया

ગોદ—સં. क्रोड–

ગોદડું—દે. गइढं

ગોરંભવું—સં. घोर – + भाव –.

છર—સં. मत्सर–.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છબરડો—સં. शबल–
છાપવું—સં. चप्–, स्थाप्–
છીડું—સં. छिद्र–, प्रा. छिड्ड–
છીપવું—પ્રા. थिप्प्, સં. तृप्–
છીલટું—દે. छल्ली
છીંટ—સં. चित्र–
છેટું—સં. क्षेत्र–, प्रा. छेत्त–
છોગું—સં. गुच्छकम्
છોછ—સં. शौच–, દે. छुत्ति (छूत्ति છાપભૂલ છે.)
છોતરું—દે. छोअ–
ઝાઝું—સં. ज्यायस्, હિં. જ્યાદા.
ઝાલવું—સં. धृ–, धारय्–,
ઝાંઝ—સં. झज्झर–, प्रा. झर्झर–.
ઝીમી—દે. झामिअ–.
ઝુંડ—સ. यूथ–.
ટચલી—સં. ट–.
ડુમકાગડો—સં. द्रोणकाक–.
ઢેલ—પ્રા. ढेणियालिया
નઘરોળ—દે. णिग्घोर–
નાખવું—સં. नि + क्षिप्–, प्रा. णिक्खिव–
પકડવું—સં. प्र + कल्–
પટવો—સં. पट्टिकाकार–
પાડૂઘલો—સં. पारगर्भिक–
પાપણ—સં. पक्ष्मन्–
પાવડો—સં. फाल–
પાંગરું—સં. प्रग्रह–, प्रा. पग्गह–
પાંગોઠું—સં. पक्ष–
બાઘું—સં. व्यग्र–, प्रा. वग्ग–.
બાજઠ—સં. पादपृष्ठ– (?), प्रा. पायपीढ–
બાજણું—સં. व्यजन–, प्रा. वीजण–
બાટ—સં. पिष्ट–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપ—સં. वप्ता
બાવના—સં. पावन–
ભૂરું—સં. बभ्रु–
ભેભટ—પ્રા. भट्ठ– 'ભઠ્ઠી'
ભેર—(મોં-ભેર વગેરેમાં) સં. भृत–, भरित–; પ્રા. भरिअ –
લૂ—સં. प्लुष्–, કે उल्का.
લૂગડું—સં. दुकूल–, પ્રા. दुगूल–, दुगुल्ल –
લોથ—સં. लुठ्–, लेष्ट–, लोठ–.
વીંઢારવું—સં. पीठ–, પ્રા. वीढ–.
સાઢુ—સં. श्याली + – वोढ–, પ્રા. सालीवोढु.
સાતરો—સં. सम् + आ + स्तृ–
સુખડી—સં. शष्कुलि–, પ્રા. सक्कुलि–
સોગઠું—સં. सारी + काष्ठ–
શેઢો—સં. छेद–

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાલોચના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય-આર્ય ભાષાની અને હિંદુસ્થાનીની જીવનકથા ઉકેલતાં વ્યાખ્યાનો*

[૧]

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સંશોધન અને અનુસ્નાતક વિભાગ સમક્ષ કલકત્તા યુનીવર્સીટીના ભાષાશાસ્ત્ર અને ધ્વનિશાસ્ત્રના અધ્યાપક ડૉ. સુનીતિ કુમાર ચેટર્જીએ ૧૯૪૦ના ઑક્ટોબરની ૧૮મીથી ૨૪મી સુધીમાં જે આઠ વ્યાખ્યાનો આપેલાં તે દોઢેક વરસ જેટલા ટૂંકા ગાળા પછી આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયા છે. ઉત્તર ભારતની આર્ય ભાષાઓના વિષયમાં પ્રમાણભૂત ગણી શકાય તેવા જે ગણતર વિદ્વાનો છે તેમાં ડૉ. ચેટર્જી અગ્રગણ્ય છે. આથી તેમના તરફથી આ વિષયમાં જે કાંઈ કહેવામાં આવે તેને અભ્યાસીઓ આતુર હૃદયે આવકારે એ સ્વાભાવિક છે.

[૨]

હિંદમાં આર્ય ભાષાની ઉત્ક્રાન્તિ અને અર્વાચીન ભારતીય-આર્ય 'સબ-કી-બોલી' હિંદીનો વિકાસ એ બે વ્યાખ્યાન-વિષયોમાંથી પહેલો ચાર વ્યાખ્યાન રોકે છે: (૧) ભારત-યુરોપીય, ભારત-ઈરાની (આર્ય), ભારતીય - આર્ય; (૨) ભારતીય - આર્યની અનાર્ય પૃષ્ઠભૂ અને ભારતીય-આર્યનો આરંભનો ઇતિહાસ; (૩) ભારત તથા બૃહદ્‌ભારતમાં સંસ્કૃત અને માધ્યમિક ભારતીય-આર્યનો વિકાસ; અને (૪) ધ્વનિઓ, રૂપતંત્ર અને શબ્દભંડોળના વિષયમાં અર્વાચીન ભારતીય-આર્યનો વિકાસ.

શરૂઆતમાં ભારત-હીટાઈટની શાખા હીટાઈટ અને ભારત-યુરોપીયનો રેખાત્મક પરિચય આપી, પછી તેમાંથી વિકસેલી ગ્રીક, લૅટીન, જર્મેની, સૅલ્ટી, બાલ્ટી-સ્લાવી, ભારત-ઇરાની (આર્ય) વગેરેમાંથી આર્ય ભાષાની ઓળખ આપવામાં આવી છે. તેમાં થયેલાં ધ્વનિ અને વ્યાકરણવિષયક પરિવર્તનોનો ઉલ્લેખ કરી પછી ભારતીય-આર્ય શાખા સવિસ્તર પ્રતિપાદન માટે લીધી છે. વૈદિક સમયની બોલીઓથી માંડીને ભારતીય-આર્ય ભાષાઓ પર ઉત્તરોત્તર વધતા ગયેલા દ્રાવિડી, ઑસ્ટ્રી (Austric) (કોલ, મુંડા, સંતાલી વગેરે) આદિ અનાર્ય ભાષાઓના પ્રભાવ પર ખાસ ભાર આપી,

*Indo-Aryan and Hindi (ભારતીય-આર્ય અને હિંદી): લે. સુનીતિ કુમાર ચેટર્જી એમ. એ. (કલકત્તા), ડી. લીટ. (લન્ડન), એફ. આર. એ. એસ. બી. (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી રીસર્ચ સીરીઝ નં. ૨૦); પ્રકાશક: ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ; ડેમી આકટેવો; પૃ. ૧૩+૨૫૮. ઈ. સ. ૧૯૪૨. મૂલ્ય રૂા. ૩ા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદિક સમયના પ્રાચ્ય, મધ્યદેશી અને ઉદીચ્ય એ ત્રણ સંભવિત બોલીભેદો તરફ આપણું લક્ષ ખેંચવામાં આવ્યું છે. વૈદિક ભૂમિકા છોડીને ભારતીય-આર્ય આગળ વિકસતી ચાલી અને બુદ્ધના સમયની આસપાસ આપણે માધ્યમિક ભારતીય-આર્યની પ્રાથમિક ભૂમિકા સ્થાપત થઈ ચૂકેલી જોઈએ છીએ. તે સમયની ભાષાવિષયક સ્થિતિ નીચેના ભાષાભેદોથી નિર્દેશી શકાય: (૧) (अ) ઉદીચ્ય (વૈદિક બોલીની સંનિકટ), (आ) મધ્યદેશી ને (इ) પ્રાચ્ય (વૈદિક બોલીથી વધુમાં વધુ દૂરસ્થ) એ ત્રણ આર્ય બોલીઓ; (૨) બ્રાહ્મણોએ જાળવી રાખેલી જૂનવાણી સાહિત્યકીય છાંદસ ભાષા; અને (૩) શિષ્ટ વાતચીત, શિક્ષણ અને તત્કાલીન ભાષ્યાદિ સાહિત્યરચનામાં વપરાતું, અને મધ્યદેશી ને પ્રાચ્ય બોલીના સેળભેળવાળું ઉદીચ્ય બોલીનું જરા પુરાણું સ્વરૂપ. આ ઉપરાંત દ્રાવિડી અને ઑસ્ટ્રી (Austric) પણ દક્ષિણ વગેરે વિસ્તારોમાં પ્રચલિત હતી. આમાંથી (૩) ઉપરથી સંસ્કૃત ઘડાઈ. સંસ્કૃત તેનાં શબ્દરૂપો અને વ્યાકરણમાં તાત્ત્વિકપણે પ્રાચીન ભૂમિકા જાળવી રાખે છે, જ્યારે શબ્દભંડોળ અને વાક્યરચનાના વિષયમાં તે પ્રચ્છન્નપણે માધ્યમિક ભારતીય-આર્ય(પ્રાકૃતો)ને અનુસરે છે. અહીં સંસ્કૃતના બૃહદ્‌ભારત પરના દિગ્વિજયને વર્ણવી, પછી પ્રાચીન ભારતીય-આર્ય(વૈદિક બોલીઓ)માંથી આગળ વિકસેલી માધ્યમિક ભારતીય-આર્ય બોલીઓ(પ્રાકૃતાદિ)ના વિસ્તાર વગેરેની રૂપરેખા આપવામાં આવી છે. માધ્યમિક ભારતીય-આર્યના ધ્વનિપ્રક્રિયા, રૂપતંત્ર, ને શબ્દભંડોળને લગતા કેટલાક મુદ્દાઓની ઊંડી ને રસપ્રદ ચર્ચાને અંતે આપણે અર્વાચીન ભારતીય-આર્યના ક્ષેત્રમાં પ્રવેશ કરીએ છીએ. અહીં અપભ્રંશ ભૂમિકાના અને તજ્જન્ય અર્વાચીન ભારતીય-આર્ય બોલીઓના ઉદ્‌ભવ પાછળ રહેલાં બળોની ઊંડાણથી મીમાંસા કરાઈ છે. અર્વાચીન ભારતીય-આર્યનાં ભીતરી અને બાહ્ય જૂથો, તેમનો અરસપરસ પડેલો પ્રભાવ, પૂર્વ ભૂમિકાના ધ્વનિતંત્રમાં મર્યાદિત ફેરફાર થઈને સધાયેલું તેમનું ધ્વનિતંત્ર, નામના રૂપાખ્યાનમાં જૂના વારસાને કેટલેક અંશે જાળવી રાખતું તો આખ્યાતના રૂપાખ્યાનમાં મુખ્યત્વે નવઘડતર પામેલું તેમનું રૂપતંત્ર, ભિન્ન ભિન્ન ત્રણચાર પ્રવાહોના સંગમથી બનેલો તેમનો શબ્દભંડોળ વગેરે વિષયોની દ્યુતિમન્ત છણાવટને અંતે ભારતીય-આર્યની સાડા ત્રણ સહસ્રાબ્દી પર વિસ્તરતી આ કથા સમેટી લેવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય-આર્યના જીવનના આ પ્રવાહી વૃત્તાંતમાં કેટલેય સ્થળે આપણને ડૉ. ચેટર્જીના પ્રતિભાબળનાં અને ભાષાકીય ઘટનાઓના પ્રતિપાદન પરત્વેની ઓજસ્વી આંતરદૃષ્ટિનાં દર્શન થાય છે. **ભા**રતીય-**આર્ય** ભાષાઓના વિકાસ, વિસ્તાર, સ્વરૂપ ને સંબંધને લગતાં, તેમજ **ભા**રતીય-**આર્ય** ભાષાસામગ્રીના રૂપપલટાને સ્પર્શતાં અહીં રજૂ થયેલાં મુખ્ય મુખ્ય મંતવ્યો એ ડૉ. ચેટર્જીના આ પહેલાંના લખાણોમાં—અને ખાસ કરીને તેમના **બ**ંગાળી **ભા**ષાનાં મૂળ **અ**ને વિકાસ (Origin and Development of Bengali Language) એ બૃહત્કાય ગ્રંથના આરંભમાં મૂકેલા, **ભા**રતીય-**આર્ય**નો ઇતિહાસ નિરૂપતા સાતસોએક પાનાંના નિબંધમાં—પ્રતિપાદિત કરવામાં આવેલાં મતમંતવ્યોમાંથી જરૂરી મુદ્દાઓનાં સંકોચ, વિસ્તાર, શુદ્ધિ, રૂપાન્તર કે પુરવણીના પરિણામરૂપ છે. અહીં જે મુદ્દાઓ નવી દૃષ્ટિએ રજૂ થયેલા છે અથવા તો તાત્ત્વિક પૃથક્કરણ દ્વારા જેમનું સ્વરૂપ વિશદતર બન્યું છે તેમાંથી આ ખાસ નોંધપાત્ર ગણી શકાય: (૧) **ભા**રતીય-**આર્ય** પગભર થવા લાગી ત્યારથી જ જોઈ શકાતો મૂળના દંત્યોનો મૂર્ધન્યભાવ; આ મૂર્ધન્યતા રકારયુક્ત દંત્ય ધ્વનિમાંથી નહીં પણ વાસ્તવિક રીતે લકારયુક્ત દંત્ય ધ્વનિમાંથી ઉદ્‌ભવી છે. કારણ ર્+દન્ત્ય એ વ્યંજનસ્તબક ઉદીચ્ય બોલી(ઋગ્વેદાદિક બોલીના મૂળરૂપ)માં સારૂપ્ય પામે છે; જ્યારે **પ્રા**ચ્ય બોલીમાં ર્ > લ્ એ પ્રક્રિયાને વશવર્તી, ર્+દંત્ય > લ્+દંત્ય > સંયુક્ત મૂર્ધન્ય: એ રીતે મૂર્ધન્યતા નીપજી છે અને આમ તે **પ્રા**ચ્ય બોલીની વિશિષ્ટતા છે. (૨) આને આધારે નિષ્પન્ન થાય છે કે સંયુક્ત વ્યંજનોનું સારૂપ્ય વગેરે **મા**ધ્યમિક **ભા**રતીય-**આર્ય**ના લાક્ષણિક ફેરફારોની શરૂઆત પહેલવહેલી **પ્રા**ચ્ય બોલીમાં થયેલી. ઈસુપૂર્વે છઠ્ઠી સદી સુધીમાં તો પૂર્વમાં **મા**ધ્યમિક **ભા**રતીય-**આર્ય** પૂરેપૂરી સ્થપાઈ ચૂકેલી. (૩) આને આધારે ફલિત થતી અને બીજા પુરાવાઓથી પુષ્ટ થતી હકીકત તે એ કે ધ્વનિવિકાસની બાબતમાં સંરક્ષક કે સ્થિતિરક્ષી વૃત્તિ એ ઉત્તર તરફની બોલીઓનું, ને ઝડપી ધ્વનિપ્રસારો એ પૂર્વ તરફની બોલીઓનું હંમેશનું લક્ષણ રહ્યું છે. એક પક્ષે સંયુક્ત વ્યંજનોને ઋજુ ન કરતાં તેમને યથાતથ જાળવી રાખવાની **પ્રા**કૃત ભૂમિકાની લાક્ષણિકતાને હજી પણ પકડી રાખતી **પં**જાબી અને બીજે પક્ષે સંયુક્ત સ્પર્શોમાંથી પરિણમેલા એકવડા સ્પર્શનો પણ લોપ કરતી અને એ રીતે **ભા**રતીય-**આર્ય**ની ચોથી ભૂમિકા સુધી પહોંચી ગયેલી **પૂર્વ બ**ંગાળી એ ઉપરોક્ત હકીકતનું **અર્વાચીન** ભૂમિકામાં પણ સમર્થન થયેલું દેખાડે છે. (૪) સ્વરમધ્યગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યંજનોનો ઘોષભાવ અને તેમનો લોપ એ બે ભૂમિકા વચ્ચે તે વ્યંજનોના ઘર્ષભાવ ('સ્પાયૂરંટાઇઝેશન,' spirantisation)ની અવાંતર ભૂમિકા સ્વીકારવી જરૂરી છે. (૫) શબ્દાંત अનો લોપ કરવાનું વલણ **ભારતીય-આર્ય**ની બીજી ભૂમિકા શરૂ થઈ ત્યારથી જ નૈઋત્ય પ્રદેશની બોલીઓમાં પ્રવૃત્ત થઈ ચૂકેલું હોય. (૬) જે **પ્રાકૃત** શબ્દોમાં મૂળનું વ્યંજનસ્તબક સારૂપ્યને બદલે વિશ્લેષ- ('એનેપ્ટીકસીસ,' anaptyxis)ને વશ વર્ત્યું હોય તે શબ્દો **સંસ્કૃત**માંથી અપનાવેલા ઋણશબ્દો તરીકે અર્ધતત્સમ ગણવા જોઈએ, નહીં કે તદ્ભવ. (૭) વ્યાકરણકારોએ **દેશી** તરીકે નોંધેલા શબ્દ સમૂહમાં (क) સ્વરૂપઓળખ ન પામેલા તદ્ભવો, (ख) રવાનુકારી ઘડતરો, (ग) **દ્રાવિડી** ને **ઑસ્ટ્રી** (Austric) મૂળના અથવા તેથી પ્રભાવિત શબ્દો, (घ) વિદેશી શબ્દો, (ङ) અનિશ્ચિત કે અજ્ઞાત મૂળના શબ્દો: આમ પાંચ પ્રવાહો છૂટા પાડી શકાય છે. (૮) મૂળના મહાપ્રાણ ધ્વનિમાંથી **સિંધી**, **પંજાબી**, **બંગાળી**, ગુજરાતી જેવી કેટલીક **અર્વાચીન ભારતીય-આર્ય** ભાષાઓમાં 'આવર્તધ્વનિઓ' ('રીકર્ઝીવ્ઝ', recursives) ઉદ્ભવ્યા છે. (૯) **અર્વાચીન ભારતીય-આર્ય** શબ્દના વ્યક્તિત્વનો તેના ઘટકરૂપ છૂટક સ્વર કે વ્યંજન પર નહિ પણ ધ્વનિઓના સામીપ્યસંબંધમાંથી ઊભા થતા સામૂહિક બળ પર આધાર રહેલો છે.

[૪]

વ્યાખ્યાનોમાં એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે. **ડૉ. ચેટર્જી**એ ભાષાના વિકાસની રૂપરેખા આપતાંઆપતાં સાથોસાથ, જે સંસ્કૃતિનું એ ભાષા વાહન છે તે **ભારતીય** સંસ્કૃતિના વિકાસ ને વિસ્તારની કથા પણ વર્ણવી છે. **આર્યો**નું અહીં આગમન, તત્કાલીન **આર્યે**તર જાતિઓ અને સંસ્કૃતિ, **આર્ય** સંસ્કૃતિએ પોતાના વૃદ્ધિવિકાસના વ્યાપાર દરમિયાન ભાષા, ધર્મ, સમાજ-વ્યવસ્થા વગેરેના વિષયમાં સ્વીકારી આત્મસાત્ કરેલાં **આર્યે**તર તત્ત્વો, **આર્ય** સંસ્કૃતિનો **યવદ્વીપ**, **કાંબોજ**, **મધ્ય એશીઆ**, **ચીન**, જપાન આદિ **ભારત**-બાહ્ય **પ્રદેશો** પર વિજય, **તુર્કી-ઇરાની** (**મુસલમાની**) સંપર્કનાં દૂરગામી પરિણામો વગેરેની રસપ્રદ ચર્ચા **ભારતીય-આર્ય**ની જીવનગાથાની સાથે વણી દીધેલી છે. આથી વ્યાખ્યાનકાર પોતાના વિષયને અનુરૂપ દૃક્પ્રત્યય પૂરો પાડે છે અને વિષયનું સમગ્ર દૃષ્ટિએ આલોચન કરવામાં તે સહાયક બને છે.

[૫]

આને લીધે હોય કે પછી બીજા કોઈ કારણે પણ **ભારતીય-આર્ય**ના આ સળંગ વૃત્તાંતમાં બ્લોકે (Bloch) પોતાના **ભારતીય-આર્ય** (l'Indo-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Aryen)માં જેટલી અને જેવી ભાષાકીય વિગતોની ભરચક સામગ્રી પીરસી ભાષાકીય પ્રશ્નોની છણાવટ કરી છે, તેટલી અને તેવી સામગ્રી અને ચર્ચા આપણને અહીં નથી મળતાં. **ભારતીય-આર્ય** ભાષાશાસ્ત્રની પ્રવેશિકા તરીકે જોતાં લાગે છે કે તેમાં કેટલાક અછડતો ઉલ્લેખ પામેલા મુદ્દાઓની વધારે વીગતી છણાવટ જરૂરી હતી. ઉ. ત. **માધ્યમિક ભારતીય-આર્ય**ની જુદીજુદી પેટાભૂમિકાઓના ધ્વનિતંત્ર અને રૂપતંત્રના વિકાસક્રમની અથવા તો **અર્વાચીન ભારતીય-આર્ય** સ્વરવ્યવસ્થા પર રહેલા ભાષા-લય(speech-rhythm)ના પ્રભાવની વાત વધુ વિસ્તારી ચર્ચાની અપેક્ષા રાખે છે. વળી **માધ્યમિક ભારતીય-આર્ય** બોલીઓના વ્યકિતદીઠ પ્રાદેશિક વિસ્તાર અને તેમનાં સ્વરૂપની કૃત્રિમતા વિશે વધારે વિશદતાથી લખાયું હોત તો સ્થાને જ ગણાત. એટલે, ભાષાકીય વીગતોની વ્યવસ્થિત માંડણી પર આધારીને સામાન્ય વિકાસનું પ્રતિપાદન થયું હોત તો તેથી જે નક્કર વિશદરેખ છાપ આપણી પર પડત તેને બદલે પ્રસ્તુત પ્રતિપાદનથી કાંઈક અંશે રેખાત્મક, ઝાંખપભર્યો લાગે તેવો ખ્યાલ આપણને મળે છે.

કેટલીક ચિન્ત્ય કે અશુદ્ધ લાગતી વિગતો લઈએ.

પા. ૩૫-૩૬. गङ्गा એ માત્ર નદીવાચક કોઈ **ઑસ્ટ્રી** (Austric) શબ્દનું **સંસ્કૃતીકૃત** રૂપ હોય એમ અહીં સૂચવ્યું છે. આ શબ્દ માટે શુદ્ધ **સંસ્કૃત** વ્યુત્પત્તિ પણ સૂચવવામાં આવી છે. गङ्गा = √ गम्-+ग्-+गम्-+-आ (સરખાવો भृङ्ग-, खड्ग-, વગેરે). જુઓ ડૉ. **આર્યેન્દ્ર શર્મા**: "गङ्गा નામની વ્યુત્પત્તિ"—**અગિઆરમી પ્રાચ્ય વિદ્યા પરિષદ** (**હૈદ્રાબાદ અધિવેશન નિબંધોનો, સારસંગ્રહ**) (Summaries of Papers), ૧૯૪૧, પૃ. ૧૭૫-૧૭૬.

પા. ૫૮. √पठ्० ને √प्रथ्०માંથી સાધવા કરતાં તેના **સંપ્રસારણ**-રૂપ *√पृथ्-માંથી ન સાધવો જોઈએ?

પા. ૬૪. **મહાભારત** અને **પુરાણો**ના બીજરૂપ અંશો મૂળે લૌકિક બોલીમાં રચાયેલા અને પછીથી **સંસ્કૃત**માં ફેરવી નાખવામાં આવ્યા એ મત જરૂરી પુરાવાને અભાવે બહુ ઓછા વિદ્વાનોને માન્ય છે. **મહાભારત**માં જે લૌકિક રૂપો મળે છે તેને પુરાવા તરીકે આગળ ન ધરી શકાય. કારણ, શિષ્ટ સાહિત્યમાં વપરાતી ભાષાની અક્કડાઈ કે નિયમબદ્ધતાના વિરોધમાં સ્વભાવિક રીતે જ **વીર-ચરિત કાવ્યો** જેવા લોકપ્રિય સાહિત્યની ભાષામાં છૂટછાટ કે શિથિલતા હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રીતે **લ**લિતવિસ્તર આદિ **બૌદ્ધ** ગ્રંથોનું **સંકર-સંસ્કૃત**, કેટલાક **જૈન** ગ્રંથોનું **પ્રાકૃત** અંશોવાળું **જૈન સંસ્કૃત** અને આ **વી**રચરિત કાવ્યોનું **લૌ**કિક **સં**સ્કૃત એક જ કોટિમાં આવે. આ સૌમાં **માધ્યમિક ભાર**તીય-**આર્ય** લૌકિક બોલીઓની છાંટ છે. પણ તે ઉપરથી એમ ન માની શકાય કે **મ**હાભારતની ભાષા એ મૂળની કોઈ **માધ્યમિક ભાર**તીય-**આર્ય** કે તેની પૂર્વભૂમિકા જેવી લૌકિક બોલીના સ્વરૂપાંતરનું પરિણામ છે.

પા. ૭૯-૮૦. **માધ્યમિક ભાર**તીય-**આર્ય**ની ધ્વનિમીમાંસામાં દેખાતી સારૂપ્યની પ્રક્રિયા માટે ધાતુભાન(રૂટ-સેંસ, root-sense)નો લોપ એ એક કારણ તરીકે આપ્યું છે. આ ધાતુભાનનો લોપ મૂળ **આર્યે**તર પ્રજાના અશુદ્ધ ઉચ્ચારણનું પરિણામ છે એમ ડૉ. **ચેટર્જી** માને છે. પણ **જુદીજુદી** બે ભાષાઓ બોલતી જાતિઓનો સંપર્ક થતાં વિજેતા જાતિ સંખ્યાદૃષ્ટિએ બહુ નાની ન હોય તો, તેની ભાષા જિતાયેલી પ્રજા સ્વીકારી લે છે, ને છતાં આમાં મૂળ ધ્વનિ પર પરજાતિના ઉચ્ચારણ-ખાસિયતની **અસર થતી નથી**. **યેસ્પર્સ**ને (**લેંગ્વેજ**, પા. ૨૬૧) આ અંતઃસ્તર વાદ ('સબ્સ્ટ્રેટમ થીયરી', Substratum theory)ને પૂરતી વીગત અને પ્રમાણો સાથે ચર્ચી, નિરાધાર ઠરાવ્યો છે.

પા. ૮૭. राम-केरक-ને મૂળ रामः केरक-માંથી સ્‌ના લોપથી સધાયેલું ધારવું તેના કરતાં તેને એક સમસ્ત શબ્દ ગણવો એ સુતર નથી?

પા. ૮૭. અહીં **અપ**ભ્રંશ ષષ્ઠીનો -ह મૂળના અનુગ કે પ્રત્યય *घ(**પાલિ** इ-घમાં છે તેવો) પરથી અતવર્યો હોવાની સંભાવના મૂકી છે. પણ સંખ્યાવાચકો અને પ્રત્યયોની બાબતમાં -स्->-ह्- એ પ્રક્રિયા પ્રવર્તી હોવાનું આપણે જાણતા હોવાથી (સરખાવો પૃ. ૮૮ બીજી પંક્તિ) **અ**પભ્રંશ-हને નિયમિત રીતે -स्य>-स्स>-स>-ह એ ક્રમે અવતારવો જ ઉચિત છે.

પૃ. ૮૮. ગુજરાતી શબ્દો માટે પ્રામાણિક આધારગ્રંથ ન વાપરી શકાયો હોવાને લીધે ઘણુંખરૂં અશુદ્ધ શબ્દો અપાયા છે. અહીં **ચોદ** (cod)ને બદલે **ચૌદ** જોઈએ.

પૃ. ૯૩. **અર્વાચીન ભાર**તીય-**આર્ય** ઘર (તેમજ ગૃહ૦, ગેહ૦, ગઢ૦)ના મૂળ તરીકે અહીં **ભાર**ત-યુરોપીય ghṛdho- માનવામાં આવ્યું છે. બીજા વિદ્વાનો (કત્રે: **કોં**કણીનું **ઘ**ડતરની **શ**બ્દસૂચી [Index to Formation of Konkani] તેને **ભાર**ત-યુરોપીય gwhoro-માંથી સાધે છે, અને આ વધારે યુક્તિયુક્ત લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૧૦૯. અશુદ્ધ ગુજરાતી શબ્દો (બાજુમાં તેમનું શુદ્ધ રૂપ નોંધેલું છે): **શેહેર** (**શહેર**), **લેહેર** (**લહેર**), **રહેંટ** (**રહેંટ**), **જહેર**, **જૂહેર**, **ઝેર** (**જેહેર**, **જૂહેર**, **ઝેર**), **પેહેરણ** (**પહેરણ**), **પેહેલ** (**પહેલું**), **મહાત** (**મહાવત**), **રહથાન** (**રહેઠાણ**), **સહાણું** 'મોટું થયેલું' (**શહાણું** 'ડાહ્યું'), **દેઢ** (**દોઢ**), **મોટ** (**મોટું**), **લાથ** (**લાત**, સર. **લત્તાપ્રહાર**), **લુઠવું** (**લંટવું**), **વઢવાઢ** પ્રાચીન, અર્વા. **વઢવાડ**

ડૉ. ચેટર્જી માને છે કે बहॅन > ब्हॅन વગેરે જેવા મહાપ્રાણતા (ઍસ્પીરેશન, aspiration)ની પીછેહઠનાં ઉદાહરણોમાં જે હકાર છે—જેને અત્રત્ય વિદ્વાનો હ્શ્રુતિ માને છે—તે શુદ્ધ મહાપ્રાણ હકાર નહિ, પણ તેમાંથી વિકસેલો એક જુદો જ ધ્વનિ છે, જેનો ઉદ્ભવ તંત્રીવિવર ('ગ્લૉટીસ', glottis)ના સંવાર ('ક્લોઝ્યર,' closure)થી થાય છે. આ ધ્વનિ પૂર્વવ્યંજન સાથે મળી સિંધી વગેરેમાં છે તેવા આવર્તધ્વનિઓ (રીકર્ઝીવ્ઝ, recursives)ને જન્મ આપે છે. ડૉ. ચેટર્જી એક ધ્વનિશાસ્ત્રી હોવાથી તેમનું ધ્વનિપૃથક્કરણ ખૂબ વજનદાર ગણી શકાય. પણ મને આવો હકાર નથી લાગતો તંત્રીસંવારોત્થ (ગ્લૉટલ સ્ટૉપ glottal stop) કે નથી લાગતો હ્શ્રુતિ. તેમાં અને મહાપ્રાણ હકારમાં જરાએ ફેર નથી. ब्हॅन અને बहॅनમાં એક જ પ્રકારનો હકાર ઉચ્ચારાય છે એવું મારું માનવું છે. સ્વરમધ્યગત હકારનો લોપ એ પ્રક્રિયા ગુજરાતી બોલીઓમાં સાધ્યમાન અવસ્થામાં હોવાથી પ્રાંતભેદે કોઈ ઉચ્ચારણમાં હકાર છૂટો તો કોઈમાં પૂર્વ વ્યંજનથી યુક્ત, ઉચ્ચારાય છે, જ્યારે કાઠિયાવાડી લૌકિક બોલીમાં થયું છે તેમ કોઈ સ્થળે તે લુપ્ત પણ થયો છે. (આવી જ રીતે મને યશ્રુતિ વિશે પણ અનાસ્થા છે. बोल्य, आंख्य વગેરેનો **ય**કાર સામાન્ય **ય**કારથી વાસ્તવિક ઉચ્ચારણમાં જરાયે જુદો નથી લાગતો. આવા કે શબ્દમધ્યે રહેલા **ય**કારના ઉચ્ચારણમાં જે અસ્પષ્ટતા કે યકારની અર્ધસ્વરતા કે ઝાંખપ લાગે છે તે એ સંયુક્ત વ્યંજનો અંત્યધ્વનિ હોવાને લીધે કે **સં**યુક્ત વ્યંજનોનું **સં**સ્કૃતમાં થતું હતું તેવું પૂર્વવર્તી સ્વરના થડકાર અને ઉચ્ચારણઅવયવોની ભીંસ સાથેનું ઉચ્ચારણ ગુજરાતી ઉચ્ચાર–ખાસિયતમાં નહિ હોવાને લીધે.)

પૃ. ૧૧૮. ગુજરાતી વિભક્તિપ્રત્યયો ૦ને, ૦નો (ખરી રીતે नॅं, नॉं), ૦નીઁ, ૦નાઁ, ૦નુઁએ સૌ कर्णं० > कन्न०માંથી સધાયા હોવાનું અહીં સ્વીકારાયું છે, પણ ધ્વનિ–વલણોનો ભંગ કર્યા વિના તદ્દન સ્વાભાવિક અને પ્રામાણિક રીતે नॅने સં. नयेनમાંથી અને તેમાંથી જ ૦नउ > ૦नॉ વગેરે અવતારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય છે. તો એ વ્યુત્પત્તિ શા માટે ન સ્વીકારવી? જુઓ દવે (ગુજરાતી ભાષા (Gujarati Language), પા. ૫૭).

પૃ. ૧૧૮. આદેશમાનાને બદલે આ દેશમાંના જોઈએ.

પૃ. ૧૧૮. ૦થી અને ૦થકી બંનેનું મૂળ *थक्किय- કેમ હોઈ શકે? વળી *थक्किय- એ स्तभ्+क्रमांथी ઊતર્યું હોવાનું સૂચન તરંગી નથી? ૦થીને સ્થિત૦ (સરખાવો હેમચંદ્ર, ૪૩૯,૪) અથવા તો પ્રા. √था० (< √स्था०)ના સંબંધક ભૂતકૃદન્ત થિય- પરથી અને ૦થકીને [સર૦ ગુ. 'ગામ થઈને આવ્યો'] પ્રા. √थक्क० (હેમચંદ્ર, ૪-૧૬) (<*√स्थक्य्०)ના સંબંધક ભૂતકૃદન્ત પરથી સહેલાઈથી સાધી શકાય (દવે: પૂર્વનિર્દેશ, પા. ૫૮; તેમજ આલ્સડોર્ફ [Alsdorf]: અપભ્રંશ અધ્યયનો [Apabhramsa-Studien], ૧૯૩૭, પા. ૨૪-૨૫). દવે આ √थक्क्०ને સંસ્કૃત स्थगयति સાથે સંબદ્ધ હોવાનું સૂચવે છે. પણ √स्था० 7 √था०+ધાતુવિસ્તારક ०क्क्०=√थक्क्० (સરખાવો √च्यु० 7 √चु०+क्क्०=√चुक्क्०, વગેરે) એ રીતે તેની સાધના સમજાવી શકાય તેમ છે.

પૃ. ૧૨૨. ડૉ. ચેટર્જી અહીં કહે કે રાજસ્થાની-ગુજરાતીમાં મૂળની કર્મણિ ને ભાવે રચનાઓ ભળી જઇને એક થઈ ગઈ હોવાથી, તેને સ્ત્રીને મારી (અશુદ્ધને શોધતાં તેણે સ્ત્રીને મારી) એમ જ ગુજરાતીમાં પ્રયોગ થઈ શકે તેણે સ્ત્રીને માર્યું એમ નહીં. પણ હકીકત જુદી જ છે. ભાવે રચના પણ અમુ-અંશે ગુજરાતીમાં જળવાઈ રહી છે. તેણે મને માર્યું એવી ઉક્તિઓ, કદાચ પ્રાંતભેદે, પણ સામાન્ય વપરાશમાં છે જ.

પૃ. ૧૨૭. અર્વાચીન ભારતીય-આર્ય બોલીઓમાં થતા જતા સંસ્કૃત શબ્દોના ભરણાને ડૉ. ચેટર્જી આવકારે છે. પણ ભાષાના પ્રાણરૂપ તદ્ભવ-દેશી સામગ્રીમાં પ્રચ્છન્ન રહેલી વિકાસશક્તિ રૂંધી નાખે કે તેની શક્યતાઓ તરફ દુર્લક્ષ બનાવી દે તેટલા પ્રમાણમાં સંસ્કૃત તત્સમોનો વપરાશ હાનિકર નથી?

[૬]

બાકીનાં વ્યાખ્યાનોનો વિષય છે અર્વાચીન ભારતીય-આર્ય 'સબ-કી-બોલી' હિંદીનો વિકાસ. (૧) અર્વાચીન હિંદની પ્રતિનિધિ-ભાષા, (૨)- ૩) હિંદી(હિન્દુસ્થાની)ની ઉત્ક્રાંતિ-(૪) હિંદી(હિંદુસ્થાની)ને લગતા કોયડા અને તેમના નિરાકરણ માટેનાં સૂચનો: એ ચાર શીર્ષક નીચે હિંદીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપનાં પરિચય, તેનું **અર્વાચીન ભારતીય–આર્ય** ભૂમિકામાં અવતરણ, તેની અર્વાચીન પ્રતિષ્ઠા પાછળ રહેલા ઇતિહાસ, તેના બોલી–ભેદો વગેરે, હિંદીના જન્મ, વૃદ્ધિ ને વિકાસને લગતી સર્વતોમુખી તપાસ કરવામાં આવી છે. આમાં **નાગરી હિંદી ને ઉર્દૂ**, તેમનો વિસ્તાર, રાષ્ટ્રભાષાનો પ્રશ્ન, હિંદી, ઉર્દૂ વગેરેની રાષ્ટ્રભાષાનું સ્થાન લેવા માટેની લાયકાતો, **બજારુ** હિંદીનું વસ્તુતાએ હિંદની 'સબ–કી–બોલી' તરીકેનું અસ્તિત્વ: એ સૌની વીગતવાર શાસ્ત્રીય ચર્ચાદ્વારા એક બહુ પીંખાયેલા અને પીંખાતા વિષયના સંબંધમાં ડૉ. **ચેટર્જી**એ પ્રામાણિક હકીકતો પૂરતા વૈશદ્યથી રજૂ કરી છે અને અંતમાં પૂર્વગ્રહથી વેગળો અને હકીકતો પર નિર્ભર વ્યાવહારિક ઉકેલ સૂચવી, ધાર્મિક, કોમી ને રાજકારણી તત્ત્વોના ભળવાથી જામેલા ગરબડ–ગૂંચવાડાના જંગલમાં સાચી સમજવાળા દરેક હિંદીને સ્વીકાર્ય લાગે તેવો રસ્તો તેમણે કરી આપ્યો છે. લિપિની બાબતમાં ઘટતા ફેરફાર સાથે **રોમી** લિપિ સ્વીકારતી, વ્યાકરણની બાબતમાં **નાગરી હિંદી**ની વિવિધતા–સંકુલતા છાંડતી અને શબ્દભંડોળની બાબતમાં આત્મસાત્ થઈ ગયેલા **ફારસી–અરબી** શબ્દોને જેમના તેમ રાખીને નવા સંસ્કાર–શબ્દો માટે **સંસ્કૃત**નો આશરો લેતી એવી **લઘુ હિંદી** કે **પાયાની હિંદી** (બેઝીક હિંદી Basic Hindi) રાષ્ટ્રભાષા તરીકે સ્થપાવાની બધી યોગ્યતા ધરાવે છે એમ આ વ્યાખ્યાનોના ગ્રહમુક્ત વાચકને પ્રતીતિપૂર્વક લાગ્યા વિના નહીં રહે. ડૉ. **સિદ્ધેશ્વર વર્મા**એ **અગિયારમી પ્રાચ્યવિદ્યા પરિષદ(નિબંધોનો સારસંગ્રહ**, પા. ૨૨૦–૨૨૪)માં રજૂ કરેલા "**હિંદ માટે 'સબ–કી–બોલી'**ના **કોયડા વિશે એક પ્રશ્નમાલા**" (A Questionnaire on the problem of a lingua franca for India) એ લેખમાં ચર્ચા ને છણાવટ માટે ઉપસ્થિત કરેલા અને વિષયના દરેક પાસાને સ્પર્શતા ત્રીશ પ્રશ્નોમાંથી મુખ્ય–મુખ્યની ચર્ચા અને નિરાકરણ આપણને અહીં મળી રહે છે.

વ્યાખ્યાનના આ બીજા વિષયમાં પણ ડૉ. **ચેટર્જી**એ પોતે આ પહેલાં અન્યત્ર દર્શાવેલા વિચારોનો વિસ્તાર કરેલો છે. '**હિંદુસ્થાન સ્ટાન્ડર્ડ**'માં પ્રસિદ્ધ થયેલા રાષ્ટ્રભાષાને લગતા તેમના લખાણ ઉપરાંત, ૧૯૩૫માં "**હિંદ માટે રોમી વર્ણમાળા**" (A Roman Alphabet for India) [કલકત્તા યુનીવર્સીટી ફોનેટીક સ્ટડીઝ સં. ૪] એ પુસ્તકમાં હિંદ માટે **રોમી** લિપિનો કેસ રજૂ કરેલો છે. એજ સામગ્રી ફેરફાર સાથે અહીં આપવામાં આવી છે. મુદ્રણને લક્ષમાં રાખી એ લિપિને હિંદની ભાષાને અનુકૂળ બનાવવા માટે જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરફારો સૂચવવામાં આવ્યા છે, તેમને વ્યક્તિગત લખાણમાં કેમ અપનાવવા અને તેને અંગેની મુશ્કેલીઓનો કેમ નિવેડો લાવવો તે પણ સાથેસાથ સૂચવાયું હોત તો સારું હતું.

આપણા દરેક પુસ્તક માટે અનિવાર્ય બની ગયેલી અને શાસ્ત્રીય ગ્રંથોમાં વધારે ખૂંચતી છાપભૂલો અહીં પણ સ્થાન પામે છે. અભ્યાસગ્રંથને માટે વધારે ટકાઉ કાગળ અને બાંધણીની અપેક્ષા પણ અહીં વણપુરાયેલી રહી છે. પણ આવી નજીવી બાબતો બાજુ પર રાખતાં, ડૉ. ચેટર્જીને નોતરી આ વિદ્વત્તાનીતરતાં વ્યાખ્યાનો અપાવી પ્રસિદ્ધ કરીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અભ્યાસીવર્ગને ઘણો આભારી કર્યો છે.

પ્રાચીન ગુજરાતી ભાષા ને સાહિત્ય વિષયક એક સંશોધનલક્ષી માહિતીગ્રંથ*

ગ્રંથારંભે જ લેખક કહે છે: 'ગુજરાતી ભાષાનાં મૂળ કેટલા જૂના સમય સુધી જાય છે તે બતાવવાનો પ્રસ્તુત ગ્રંથનો આશય છે.' એ આશય સિદ્ધ કરવા ગુજરાતી ભાષાના ઊગમકાળથી માંડીને આગળઆગળ તેના વિકાસનો ક્રમ આલેખવો જરૂરી ઠરે છે. આવા વિકાસના આલેખન માટે સામગ્રી-ભૂત ભાષાનમૂનાઓ પૂરા પાડનારી કૃતિઓ અને તેમના કર્તાઓનો પરિચય પણ સાથેસાથે અપાય તે ઉપયોગી ને આવશ્યક છે. આથી ભાષાનાં ભૂમિકાદીઠ પ્રમુખ અને આગવાં લક્ષણોનું નિદર્શન સૂત્રસ્થાને રાખી તેના અનુષંગમાં આધારભૂત સાહિત્યકૃતિઓને ને કર્તાઓને લગતી પ્રાધાન્યે પરિચયાત્મક માહિતી ગૂંથવી એ **આપણા કવિઓ**માં સ્વીકારાયેલી પ્રતિપાદનપદ્ધતિ છે.

(૧)

જૂની ગુજરાતીનો ઉદ્ભવ તેમ જ તેનું મુકાબલે સ્થાન તો જ ઉચિતપણે સમજી શકાય, જો જેમાંથી ગુજરાતી વિકસી તે 'જનક' ભાષા-સ્વરૂપની અને એ 'જનક' ભાષાસ્વરૂપ જે ભાષાપરિવારમાં રહેલું છે તે ભાષાપરિવારની રૂપરેખાની આપણને પિછાન હોય. ઉપોદ્ઘાતના પૃ. ૧થી

* **આપણા કવિઓ** : ખંડ ૧ : નરસિંહયુગની પહેલાં : લેખકઃ કેશવરામ કાશીરામ શાસ્ત્રી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી: અમદાવાદ : ૧૯૪૨: પૃષ્ઠ ૪૦ + ૪૩૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮ (તેમ જ અંતમાં આપેલાં પરિશિષ્ટ ૧, ૨) આ પ્રકારની પૂર્વપીઠિકાની ગરજ સારે છે. શરૂઆતમાં આર્યોનું આગમન વગેરે વિશે—પુરાણા મતો ને અભિનિવેશી લેખકો(રાયચૌધરી, અવિનાશચંદ્ર દાસ)નો આધાર લીધો હોવાને લીધે કાંઈક એકપક્ષી થયેલી ને પૌરાણિક સાધનોના ઉપયોગને લઈને કાંઈક પ્રામાણિકતા ગુમાવતી—જરૂરી હકીકત અપાઈ છે. પછી આર્યભાષા, પ્રાંતિક ભેદો સાથેની પ્રાકૃત ભાષાઓ ને અપભ્રંશ એ સૌનું ટૂંકું બ્યાન આવે છે. જુદીજુદી પ્રાકૃતોની વાનગી ને વ્યાકરણનું ખોખું એટલાંનો પરિશિષ્ટમાં સમાવેશ કરેલો છે.

મુખ્ય વિષય (૧) ઉપક્રમ, (૨) ગૌર્જર અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતીની પહેલી ભૂમિકા ને (૩) દ્વિતીય ભૂમિકા: એ રીતે વહેંચી નખાયો છે. ગુજરાતી ને ગુજરાત નામનો સૌથી વહેલો પ્રયોગ ક્યારે થયો તેની તપાસ કરી ગુજરાતીની ભૂમિકાઓની ચર્ચા કરવામાં આવી છે. નરસિંહરાવ અને કે. હ. ધ્રુવના મતોની રજૂઆત સાથે લેખકે પોતાને ઇષ્ટ છે તે ભૂમિકાવિભાગ આપ્યો છે. "અપભ્રંશ" એ સંજ્ઞાને લગતા પ્રાચીન ઉલ્લેખોની નોંધ અને હેમચંદ્રીય અપભ્રંશના નામકરણ(લેખકમતે "ગૌર્જર અપભ્રંશ")થી આ વિભાગનો અંત આવે છે. હેમચંદ્ર પૂર્વેની અપભ્રંશ સાહિત્યકૃતિઓની ને છૂટીછવાઈ સામગ્રીની ૨૦ પરિચ્છેદમાં ઓળખ આપી છે. ગ્રંથકાર ને તેનો સમય ઇત્યાદિ, કૃતિઓમાંથી નમૂના લેખે થોડીક પંક્તિઓ ને તદ્ગત ભાષાકીય વિશિષ્ટતાઓનો જરાતરા સ્પર્શ, ને તેને આધારીને ભાષાસ્વરૂપના આગળઆગળ થતા વિકાસની ઝાંખી: આ રીતની માહિતી આપણને પ્રસ્તુત વિભાગ પૂરી પાડે છે, પૃ. ૫૧–૫૭ ઉપર ભોજદેવના સરસ્વતીકંઠાભરણમાં આવતાં અને પીશલે (Pischel) માતેરીઆલીન(Materialien)માં સંપાદિત કરેલાં અઢારેક અપભ્રંશ ઉદાહરણપદ્યો ઉદ્ધૃત કરી તેમની સંસ્કૃત છાયા ને ગુજરાતી ભાષાન્તર આપવામાં આવ્યાં છે. આમાંથી કેટલાંક પદ્યોનો આલ્સડોર્ફે (Alsdorf) પુનઃસંસ્કાર કર્યો છે તે પણ ઉપયોગમાં લેવાયો હોત તો સારું હતું. આ પછીનો ત્રીજો વિભાગ મિશ્રકોટિનો છે. તેના ચાર પેટાવિભાગમાંથી પહેલો અહીં "હેમયુગ" નામ પામે છે. તેમાં ૧૧ મી સદીના આરંભથી લઈને ૧૨ મી સદીના અંત સુધીમાં રચાયેલી પંદર–સત્તર અપભ્રંશ કૃતિઓની હકીકત છે. વિશેષમાં 'હેમચંદ્રનો અપભ્રંશ શૌરસેન અપભ્રંશ કહી શકાય ખરો?' એ વિશે ઇતર વિદ્વાનોના મતોની વિગતવાર તપાસ ને ચર્ચા કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી છે ને અંતમાં **હેમચંદ્રીય અપભ્રંશને ગૌર્જર અપભ્રંશ** કહેવો ઘટે એવા નિર્ણય પર લેખક આવે છે. **હેમચંદ્ર**ના વ્યાકરણમાં ટાંકેલાં **અપભ્રંશ** પદ્યોમાંથી રૂપો તારવીને એ ભાષાભેદનું રેખાત્મક વ્યાકરણ પણ સાથે આપેલું છે. આ પછીનો પેટાવિભાગ **હૈમયુગના અપભ્રંશને** અનુસરતી ભાષામાં રચાયેલી ૧૬મી સદી સુધીની કૃતિઓનો પરિચય આપે છે. ખાસ નમૂના લેખે **સોમપ્રભ**ના **કુમારપાલપ્રતિબોધ**માંથી ત્રીશેક ને **મેરુતુંગ**ના **પ્રબંધચિંતા**મણિમાંથી પચીશેક પદ્યો (ઘણાખરા દોહા) ગુજરાતી છાયા સાથે અપાયેલાં છે. કુમારપાલપ્રતિબોધમાં રહેલી **અપભ્રંશ**સામગ્રી નોખી તારવી તેનું **આલ્સ્ડોર્ફે** જે **સં**પાદન કર્યું છે તેનો લાભ લેખકે કેમ નહીં લીધો હોય ? આ પછી અન્ય પ્રાંતની **અપભ્રંશ** (ને **અવહટ્ટ**) રચનાઓ ને બીજા **પ્રાકૃત** વૈયાકરણોએ આપેલી **અપભ્રંશ**વિષયક માહિતી ઉલ્લેખાઈ છે. તેમાં વ્યાકરણકારો (ખાસ કરીને **માર્કંડેય** ને **ત્રિવિક્રમ**) વડે નોંધાયેલી હકીકતો ને **હેમચંદ્રીય અપભ્રંશ**ની વિશિષ્ટતાઓ વચ્ચે રહેલા ભેદો તારવી લેખકે **અપભ્રંશ**ના સ્વરૂપભેદો તરફ આપણું લક્ષ ખેંચ્યું છે. છેલ્લો પેટાવિભાગ "**રાસયુગ**" નામ નીચે અપાયો છે. લેખકમતે આ **રાસયુગ**ના આગલા ગાળા(૧૪ મી સદીના પૂર્વાર્ધ સુધી)માં રચાયેલી કૃતિઓ સુધી જ **ગૌર્જર** અપભ્રંશની દ્વિતીય ભૂમિકા પહોંચે છે, જ્યારે **રાસયુગ**નો **નરસિંહ**યુગ સુધી લંબાતો પાછલો ગાળો તો **મધ્યકાલીન** ગુજરાતીની પહેલી ભૂમિકા રજૂ કરે છે. **પ્રાસ્તાવિક** તરીકે **રાસ** એ કાવ્યપ્રકારના ઊગમ–વિકાસ–સ્વરૂપની ચર્ચા કરી (આ સાથે સંબદ્ધ "ગુજરાતી ગરબીઓનાં મૂળ" વિશેનો ઊહાપોહ પરિશિષ્ટ ૪ માં) તેમ જ ફાગકાવ્યો, બારમાસી કાવ્યો ને "કક્કા" કાવ્યોનો સ્વરૂપપરિચય આપી, પછી વિક્રમનાં તેરમા, ચૌદમા ને પંદરમા શતકમાં થઈ ગયેલા રાસયુગી કવિઓને એક પછી એક લઈ, તેમને વિશે તેમ તેમની કૃતિઓ વિશે વિગતથી અને અહીંતહીં નમૂના સાથે માહિતી આપેલી છે. તેમાં ભાષાદૃષ્ટિએ, છંદોબંધની તપાસની (પરિશિષ્ટ ૩માં મળેલામાં સૌથી જૂના રાસકાવ્ય "**ભરતેશ્વર–બાહુબલિરાસ**"ના છંદોબંધ વિશે વિગતી) દૃષ્ટિએ અને સાહિત્યકીય મૂલ્યવત્તાની દૃષ્ટિએ તેતે કૃતિઓની લાક્ષણિકતાઓ જરૂર પ્રમાણે બતાવવામાં આવી છે. ભાષાવિકાસના ક્રમનો પૂરો ખ્યાલ આપવા માટે ચૌદમા ને પંદરમા શતકની ગદ્યકૃતિઓને પણ ઉપલી પદ્ધતિએ જ તપાસેલી છે. "ગૌર્જર અપભ્રંશ(કિંવા **પ્રાચીન** ગુજરાતી)ની આરંભકાળથી માંડી જે સાહિત્ય **સંસ્કૃતિઓ** ઉપલબ્ધ છે, તેમ જ **નરસિંહ** મહેતાનો કવનકાળ (સં. ૧૪૯૦ આસપાસ) શરૂ થાય ત્યાંસુધી **મધ્ય** ગુજરાતીની ૧ લી ભૂમિકાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્ય અને ગદ્ય કૃતિઓ જે કાંઈ ઉપલબ્ધ છે તેનો યુગવાર પરિચય આપવાનો આ રીતે પ્રયત્ન કરવામાં આવ્યો છે.” ઉપસંહારમાં આ પ્રયત્નનું ટૂંક સિંહાવલોકન મળશે.

(૨)

આપણી ભાષાની પ્રાચીન ભૂમિકાઓના અને તેમાં ગ્રથિત થયેલા સાહિત્યના અવલોકનનો પ્રથમ ખંડ આ રીતે સમાપ્ત થાય છે. પ્રાચીન સાહિત્યના એક અશ્રાન્ત અભ્યાસીને હાથે થયેલો આ સમર્થ પ્રયત્ન આ વિષયને લગતા આપણા જ્ઞાનના સીમાડાને સારી રીતે વિસ્તારી તેને કંઈક વ્યવસ્થિત સ્વરૂપ આપે છે, અને આપણી ભાષા અને પ્રાચીન સાહિત્યના સ્વરૂપ–વિકાસનો વ્યવસ્થિત ને વિગતવાર અભ્યાસ કરવા માટે ઘણીઘણી સામગ્રી ને સૂચનો પૂરાં પાડે છે. આવા પ્રારંભિક ખોદકામ માગી લેતા વિષયના પ્રતિપાદનમાં કદીક ઝીણીઝીણી અશુદ્ધિઓ ક્યાંઈક રહી જાય તો તદ્દન સ્વાભાવિક છે. ઉદાહરણ તરીકે, પૃ. ૩૭ પર પુષ્પદંતે “અભિધાનમેરુ” નામક ગ્રંથ રચ્યો હોવાનું કહ્યું છે. સંભવ છે કે અહીં પુષ્પદંતના બિરુદ “અભિમાનમેરુ” પરથી ગલતીથી જ આવી કલ્પના કરવામાં આવી હોય. મૂળ આધાર ઉલ્લેખાયો હોત તો આ વાતની તપાસ ચોક્કસાઈથી કરી શકાત.

પૃ. ૩૫ પર હેમચંદ્રના અપભ્રંશમાં શૌરસેની જેવું લાગતું તત્ત્વ પુષ્પદંતાદિ કવિઓની ભાષામાં મળતું ન હોવાનું કહ્યું છે. પણ આલ્સ્ડોર્ફે પુષ્પદંતની ભાષામાં શૌરસેની તત્ત્વ (Saurasenisms) હોવાનું પુરવાર કર્યું છે. જોઇંદુની ભાષા પર પણ શૌરસેની અસર છે.

પૃ. ૪૦ પર ધનપાલ દિગંબર હોવા વિશેના બે પ્રમાણો તરફ ગુણેએ ધ્યાન દોર્યું હોવાનું કહ્યું છે, પણ એ વસ્તુ મૂળે તો યાકોબીએ બતાવી હતી.

આ ઉપરાંત કેટલેક સ્થળે અપાયેલી અપભ્રંશ શબ્દોની છાયા અસંતોષ–કારક છે. પૃ. ૩૭ પર આપેલા અપભ્રંશ ઉદ્ધરણની ચોથી પંક્તિમાં આવતા महु ની છાયા मुहुः આપી છે. ખરી રીતે मम (= मह्यम्) જોઈએ. તેવી જ રીતે धवलच्छि (પૃ. ૩૮ ઉદ્ધરણની પં. ૮) માટે धवलश्री નહિ પણ धवलाक्षी; कहसु (પૃ. ૪૩ ઉ. પં. ૫) = कथयिष्यसि નહીં પણ कथयस्व વગેરે. ભોજદેવે સરસ્વતીકંઠાભરણમાં આપેલાં અપભ્રંશ અવતરણો પોતાનાં છે કે પારકાં એ વિશે કાંઈ ચોક્કસ માહિતી આપણી પાસે નથી (પૃ. ૪૮) એ ખરું પણ પુષ્કળ સંસ્કૃત પદ્યો અન્યાન્ય ગ્રંથોમાંથી સરસ્વતીકંઠાભરણમાં ઉદ્ધૃત થયા છે એ હકીકત અપભ્રંશ ઉદાહરણો માટે પણ એવા પ્રકારની સંભાવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી કરે છે અને તે णिसुणिउ ઇત્યાદિવાળું પદ્ય (પા. ૫૩, સં. ૮) **સ્વયંભૂનું** (જુઓ **સ્વયંભૂછંદ** ૬–૧૧૭) હોવાનું પુરવાર થતું હોવાથી વધારે પુષ્ટ થાય છે. બીજી યે આવી પાંચ–પંદર નાનીનાની વીગતશુદ્ધિઓ કરી શકાય, પણ એ તો સ્પષ્ટ છે કે આવી ઝીણી અશુદ્ધિઓ કોઈ પણ મોટા પ્રયાસમાં અમુક અંશે અનિવાર્યજ ગણાય. વળી, પાછળથી બહાર આવેલી હકીકતો જેવી કે **આબૂરાસ**નો 'ગુજરાત' નામનો ઉલ્લેખ, **ચતુર્મુખ** અને **સ્વયંભૂ** બે જુદાજુદા કવિઓ હોવાની હકીકત, વગેરે, નવી આવૃત્તિમાં ગ્રંથકાર તરફથી ઉમેરાયા વિના નહીં જ રહે.

(૩)

ખાસ ચર્ચા માગી લે તેવા તો **અપભ્રંશ**વિભાગમાં વ્યક્ત કરેલા કેટલાક મતો છે. તે વિશેષે કરીને એટલા માટે કે આ જ વિષયમાં પૂરતી શાસ્ત્રીયતા ને વિસ્તારથી અનેક મુદ્દાઓ છણીને **યાકોબી** વગેરે જે નિર્ણયો પર આવ્યા છે, તે નિર્ણયો સાથે આ મતોનો સારો એવો વિરોધ છે. અહીં બેત્રણ મુદ્દાઓનોજ સ્પર્શ કરી શકાય તેમ છે. તેમાં એક તો એ કે લેખકે **હેમ-ચંદ્ર**ના **અપભ્રંશ**ને **ગૌર્જર અપભ્રંશ** ઠરાવવાનો પ્રયાસ કર્યો છે. તે માટે તેમણે માત્ર હેમચંદ્રીય **અપભ્રંશ**નાં રૂપો જ કાંઈક વીગતથી આપેલાં છે. બીજા લેખકોની ભાષાની વિશિષ્ટતાઓ એકાદ બે લાક્ષણિક રૂપોની નોંધથીજ પતાવી છે. પણ બે ભાષા–નમૂનાઓના સ્વરૂપની સરખામણી તેમના વિગતવાર વ્યાકરણી પૃથક્કરણદ્વારા પ્રાપ્ત થયેલાં રૂપોને જોડાજોડ મૂકવાથીજ થઈ શકે. **યાકોબી–આલ્સડોર્ફે** આવી સર્વસ્પર્શી તુલના કરી **અપભ્રંશ**ના સ્વરૂપભેદો વિશે આ પ્રમાણે નિર્ણયો બાંધ્યા છેઃ–હેમચંદ્રીય **અપભ્રંશ** એ વૈયાકરણોનો **નાગર અપભ્રંશ** કે Classical—standard (ધોરણસરનો, શિષ્ટ–પ્રતિષ્ઠિત) **અપભ્રંશ** છે. હેમચંદ્રે પોતાના સમયની બોલાતી ભાષાને નહીં, પણ તેની પૂર્વેનાં પ્રચલિત વ્યાકરણોમાં જે **અપભ્રંશ** પ્રતિપાદિત થયેલો તેને જરા વધારે વ્યવસ્થિત સ્વરૂપમાં, અત્રતત્ર ઉદાહરણ–ઊમેરા સાથે વ્યાકરણગ્રથિત કર્યો હોય. તેનું રચેલું વ્યાકરણ આ રીતે પરંપરાપ્રાપ્ત **અપભ્રંશ**નું છે. બીજું, કુમારપાલ-પ્રતિબોધકાર **સોમપ્રભ** અને **નેમિનાથચરિત**કાર **હરિભદ્ર**ની ભાષા હેમચંદ્ર-પ્રતિપાદિત **અપભ્રંશ**થી કેટલીક ચોક્કસ વીગતોમાં (મુખ્યત્વે તૃતીયા એકવચન, ષષ્ઠીના પ્રત્યયો ને સંબંધક ભૂ. કૃ. નાં રૂપ) જુદી પડે છે. બીજે પક્ષે **પુષ્પદંત** વગેરેની ભાષા પણ હેમચંદ્રના **અપભ્રંશ**થી બીજી કેટલીક અગત્યની વીગતોમાં જુદી પડે છે. **યાકોબી** ને **આલ્સડોર્ફ** માને છે તેમ આ ભેદ પ્રાંતિક અસરનું નહીં, પણ સમયભેદનું પરિણામ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી જે એક વસ્તુ સામે આપણે માથું ધુણાવવું પડશે, તે છે **અપભ્રંશને** આપેલું 'પ્રાચીન ગુજરાતી' એ વૈકલ્પિક નામ. **અપભ્રંશને** **પ્રાચીન** ગુજરાતી શા માટે કહેવી? ગુજરાતમાં બોલાતી હતી એટલે? ગુજરાતી એક **અર્વાચીન ભારતીય-આર્ય** ભાષા છે. અને બીજી કેટલીક **અર્વાચીન** **ભારતીય-આર્ય** ભાષાઓની જેમ ગુજરાતીમાં પણ, **ભારતીય** ભાષાઓના વિકાસની ત્રીજી ભૂમિકાનાં જે વ્યાવર્તક લક્ષણો છે તે જોઈએ તેટલાં મળી રહે છે. બીજે પક્ષે **અપભ્રંશ** એ ગમે તેમ તો ય **પ્રાકૃતોમાંની** એક છે. તેમાં **માધ્યમિક ભારતીય-આર્ય** ભાષાભેદોની લાક્ષણિકતાઓ વ્યક્ત થયેલી છે. આમ સ્પષ્ટ ભૂમિકાભેદ હોવાથી **અપભ્રંશને** 'પ્રાચીન ગુજરાતી' કહી પરિભાષાભેદ શામાટે ઊભો કરવો? અને તો એવા જ કારણોને આધારે **અપભ્રંશને પ્રાચીન** હિંદી કે **મારવાડી** ન કહી શકાય? આવા પ્રકારના નામકરણમાં **અપભ્રંશનું** ભાષા તરીકે વાસ્તવમાં કેવું સ્વરૂપ છે તે નજર બહાર રહી જાય છે. પણ અહીં વિશેષ ચર્ચા માટે સ્થાન નથી.

આપણાં પ્રાચીન સાહિત્ય ને ભાષા વગેરેને લગતી અહીં રજૂ થયેલી ભરપૂર સામગ્રી માટે અભ્યાસીવર્ગ લેખકનો ઋણી બન્યો છે.

*

ભારતીય-આર્ય અને ગુજરાતીનો જુનવાણી પદ્ધતિએ વિકાસવૃત્તાંત આપતાં પાંડિત્યપૂર્ણ વ્યાખ્યાનો*

૧૯૩૮–૩૯નાં ઠક્કર **વસનજી માધવજી વ્યાખ્યાનમાલાનાં** પાંચ વ્યાખ્યાનો જે ૧૯૪૦ની ૫મીથી ૯મી ફેબ્રુઆરી સુધીમાં **મુંબઈ** યુનીવર્સીટીના ઉપક્રમ નીચે આપવામાં આવ્યાં હતાં તે અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. સાતસોએક પાનાંનો ગ્રંથવિસ્તર, વ્યાખ્યાનોમાં છતાં થતાં ભાષાનિષ્ઠા, અભ્યાસપ્રેમ અને પાંડિત્ય, તેમ જ ત્રણેક સહસ્રાબ્દીની પૂર્વભૂમિકાને વિહંગદૃષ્ટિએ, ને પછી સાતેક સદીના ભાષાઈતિહાસને વિગતી પ્રતિપાદને આવરતો—અને એથી બહુવિધ ભાષાસામગ્રી અને ભાષાકીય સમસ્યાઓને સ્પર્શતો—વિષય-વિસ્તાર : આ સૌ હકીકતો ગ્રંથના પ્રમાણસરના અવલોકન માટે જગાની સારી એવી મોકળાશ માગી લે એ દેખીતું છે. એટલી મોકળાશના અભાવે વ્યાખ્યાનોમાં મહત્ત્વ આપીને ચર્ચેલાં

* ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ (બારમા સૈકાથી અઢારમા સૈકા સુધી)- વ્યાખ્યાતા : અધ્યાપક બેચરદાસ જીવરાજ દોશી; પ્રકાશક : મુંબઈ યુનીવર્સીટી, ૧૯૪૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે પ્રતિપાદિત કરાયેલાં ગુજરાતીના વિકાસનાં અંગોને, તેમજ અનેક અગત્યનાં છતાં નાનાં મુદ્દાઓ ને વીગતોનો ઉલ્લેખ જતો કરી, વ્યાખ્યાતાએ સ્વીકારેલી પદ્ધતિ અને પ્રતિપાદનના સામાન્ય સિદ્ધાંતો અવલોકવા પૂરતી મર્યાદા સ્વીકારવી રહે છે.

જેમને ગુજરાતીના ઉદ્‌ગમ ને વિકાસના વિષયમાં તથા **ભાર**તની બીજી **આર્ય** ભાષાઓના વિષયમાં અત્યારસુધીમાં થયેલા કાર્યનો કાંઈક પરિચય છે, તેમની સામે વ્યાખ્યાનોની એક અનોખી વિશિષ્ટતા થોડોક ભાગ વાંચતામાં જ છતી થઈ આવશે. તે એ કે વ્યખ્યાનવિષયને લગતું તેમ જ સામાન્યપણે ભાષાશાસ્ત્રને લગતું ઇતર આધુનિક વિદ્વાનોએ જે કાંઈ મૌલિક પૂર્વકાર્ય કર્યું છે તેનાથી લગભગ સાવ નિરપેક્ષ રહીને વ્યાખ્યાતાએ વિષયનું પ્રતિપાદન કર્યું છે. શાસ્ત્રીય વિષયોના અધ્યયનમાં આવી રીત અખત્યાર કરવાના લાભાલાભો કયા એનો ઉત્તર આપણને આ ગ્રંથ પરથી પણ મળી રહે છે. ઉક્ત મર્યાદા સ્વીકાર્યાને પરિણામે વિષયના પ્રતિપાદન પર કેવીક માઠી અસર પડી છે તે જોવાથી આ વિધાન સ્પષ્ટ થશે.

ભાષાઅભ્યાસની અર્વાચીન (તુલનાત્મક, ઐતિહાસિક ને શાસ્ત્રીય આલોચનાની critical) પદ્ધતિ ને ચુસ્તપણે વળગી ન રહેતાં પ્રાચીન પદ્ધતિને અનુસરનાર માટે પ્રાચીન પદ્ધતિની જે કાંઈ ક્ષતિઓ હોય તે દેખીતાં જ અનિવાર્ય બને. આથી **પ્રા**કૃત, **અ**પભ્રંશ વગેરેના સ્વરૂપ બાબત કે કેટલીયે વ્યુત્પત્તિઓ સૂચવવામાં વ્યાખ્યાતાએ મૌલિકપણે વિચારો કર્યા હોવા છતાં તેમના આધારભૂત **હે**મચંદ્રાદિ ગ્રંથકારોની મર્યાદાઓ તેઓ જોઈ કે વટી શક્યા નથી. **અ**ર્વાચીન **ધ્વ**નિશાસ્ત્રના સિદ્ધાંતોએ અતંત્ર લાગતા ભાષા-વિકાસના ઇતિહાસમાં વ્યવસ્થા આણી છે ને વ્યુત્પત્તિશાસ્ત્રનો પાયો જ ધ્વનિપ્રક્રિયા પર મંડાયેલો છે એ હકીકતનો **અ**નાદર કરાયાને કારણે અવલો-કનપ્રાપ્ત વ્યાખ્યાનોમાં સૂચવાયેલી, સર્વસ્વીકાર્ય બને તેવી કોઈકોઈ વ્યુત્પત્તિઓને બાદ કરતાં, મોટા ભાગની એવી વ્યુત્પત્તિઓ છે, જેમાં, ધ્વનિવલણો સાર્વત્રિક હોય, તેમને સ્થળ અને સમયની મર્યાદા હોય, દરેક ભાષાભૂમિકાને પોતીકું ધ્વનિતંત્ર હોય વગેરે ધ્વનિશાસ્ત્રના ધરમૂળના સિદ્ધાંતોની અવગણના થયેલી દેખાશે. એ જ રીતે, ભાષાવિકાસની ભૂમિકાઓનું નિરનિરાળાપણું તેમની તેતે ધ્વનિકીય અને વ્યાકરણી વિશિષ્ટતાઓ પર નિર્ભર હોય છે એ વાત અહીં ધ્યાનમાં નથી લેવાઈ. પરિણામે, **અ**પભ્રંશ ભૂમિકાથી **અ**ર્વાચીન **ભા**રતીય-**આર્ય** ભૂમિકાને જુદી પાડતું લક્ષણ તે, આગલીમાં રહેલા સંયુક્ત વ્યંજનો પાછલીમાં **ઋજુભાવ**–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સીમ્પ્લીફીકેશન, Simplification)ને પામે, એ હકીકત અવગણી **હેમચંદ્ર, અભયદેવ, અબ્દલ રહમાન** વગેરેના **અપભ્રંશને ગુજરાતી** ઠેરવી દેવાયો છે. **ભારતની આર્ય** ભાષાઓનો વિકાસ ત્રણ તબક્કામાં વહેંચી શકાય તેમ છે અને ગુજરાતી આમાંથી અર્વાચીન તબક્કાની ભાષાઓમાંની એક હોવાથી વિકાસનાં કેટલાંક વલણો અને વિશિષ્ટતાઓ ઇતર સહજન્ય ભાષાઓ તથા ગુજરાતી વચ્ચે સમાન છે એ લક્ષબહાર કેમ રખાય? તેમ નામકરણમાં એ વાત કેમ ભુલાય કે પાંચસોએક વરસ પર હાલના પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાતમાં સામાન્ય વપરાશમાં એક જ ભાષાપ્રકાર હતો? આની જ સાથે સંકળાયેલો ગુજરાતીના વિકાસની ભૂમિકાઓનો પ્રશ્ન લઈએ. જુદાજુદા અભ્યાસીઓએ ઉદ્‌ગમકાળથી માંડીને આધુનિકકાળ સુધીમાં ગુજરાતીનો વિકાસ ત્રણચાર ભૂમિકામાં વહેંચાયો હોવાનો અભિપ્રાય આપ્યો છે, જો કે તેતે ભૂમિકાની સમયમર્યાદા પૂરતો સારો એવો મતભેદ છે. પણ વ્યાખ્યાનોમાં વિકાસગાળાને દેખીતાં જ કોઈ સિદ્ધાંતને અનુલક્ષ્યા વિના ૧૨મી–૧૩મી, ૧૪મી–૧૫મી, ૧૬મી–૧૭મી, ને ૧૮મી એ રીતે કૃત્રિમપણે સદી અનુસાર વિભક્ત કરી દીધો છે.

ટૂંકમાં, વ્યાખ્યાનોમાં જૂની પરંપરા પ્રમાણે ઉચ્ચ કોટિના અભ્યાસ અને પાંડિત્યની સાથોસાથ વિષયને મૌલિક દૃષ્ટિએ તપાસવાનું સ્પષ્ટ વલણ વ્યક્ત થતું હોવા છતાં અર્વાચીન પદ્ધતિ ને પૂર્વકાર્યના લાભથી તે વંચિત રહ્યાં હોવાથી વ્યાખ્યાતાનો શ્રમ પૂરેપૂરો તો સાર્થક નહીં જ થાય એવી ભીતિ રહે છે બાકી તો આ વિષયના અભ્યાસીઓ ગણતર, ને ગુજરાતીનો વિકાસક્રમ સમગ્રતાથી અને સળંગરૂપે તપાસવાના પ્રયાસ પણ બેચાર—આવી સ્થિતિમાં સદીવાર ભાષાનમૂનાઓ આપીને તે પરથી તેતે નમૂનાનાં લાક્ષણિક રૂપો, શબ્દો ઇત્યાદિ પ્રત્યે ધ્યાન ખેંચતો, વચ્ચે અનેક શબ્દોનાં મૂળ ચર્ચતો, ને પ્રતિપાદનની પૂર્વપીઠિકા તરીકે **વેદ**ની ભાષાથી માંડીને **અપભ્રંશ** સુધીના ભાષાવિકાસ પર નજર ફેરવી જતો વિસ્તૃત પ્રયત્ન આપણા આવકાર ને આદરને પૂરતો પાત્ર હોવાની કોણ ના કહી શકે?

❀

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોણોસો વર્ષના ગુજરાતી ભાષાના અભ્યાસનું વિહંગદર્શન*

પશ્ચિમના સંપર્કે આપણને જેમ સાહિત્યસર્જન માટે, તેમ શાસ્ત્રીય અભ્યાસ અને અન્વેષણ માટે પણ નવી દૃષ્ટિ અને પદ્ધતિ આપેલી છે. એટલે પાશ્ચાત્ય કેળવણીનાં મૂળ આપણે ત્યાં નખાયાંને થોડો સમય થયો ત્યાં જ વિદ્યાનાં જે વિધવિધ ક્ષેત્રો પર અભ્યાસદૃષ્ટિ ફરવા લાગી તેમાં ભાષાનો પણ સમાવેશ થયો અને ગુજરાતી ભાષાનો સંસ્કૃત ને પ્રાકૃતો સાથેનો સંબંધ, ગુજરાતીનું વ્યાકરણ, જૂની ગુજરાતીનું સ્વરૂપ, શબ્દોનાં મૂળ, પ્રાંતિક બોલીઓ, ભાષા-શુદ્ધિ, ગુજરાતી જોડણી, ગુજરાતી કોશ વગેરે વિષયો સંબંધે આપણે વિચાર કરતા થયા. આ રીતના ગુજરાતી ભાષાના અભ્યાસની શરૂઆત ઓગણીસમી સદીના છેલ્લા ચરણ લગભગ થઈ. કેળવણી અને વિદ્યાપ્રેમ વધવા સાથે ગુજરાતી ભાષાશાસ્ત્રનું અધ્યયન તેમ જ અન્વેષણ વિસ્તાર અને ઊંડાણ સાધતું ગયું; અને ત્યારથી, સમયેસમયે, અહીંનો કે વિદેશી, કોઈ નહીં ને કોઈ વિદ્વાન આ વિષયમાં ઓછુંવધતું પ્રદાન કરતો રહ્યો છે.

વિદ્યાની દરેક શાખાની જેમ ગુજરાતી ભાષાવિષયક અધ્યયનમાં પણ, અમુક સમય જતાં પ્રગતિ કેટલી થઈ તેનો આંક કાઢવો, કેટલું કાર્ય પૂરું થયું છે ને કયા કયા પ્રશ્નોનો ઉકેલ હજી લાવવાનો છે તેનું સિંહાવલોકન કરવું ઉપયોગી છે. આ વિષયના આપણે ત્યાંના આગળના અભ્યાસીઓ કરતાં નરસિંહરાવનો અભ્યાસ વધારે વિસ્તૃત અને તત્ત્વાવગાહી હતો એટલે, સર્વ પ્રથમ તેમણે જ તેમના પુરોગામીઓના કાર્ય ઉપર ઊડતી નજર નાખી છે. પણ એ પછી નરસિંહરાવે પોતે તેમ જ ટર્નર, ટેસીટોરી, દવે વગેરે જેવા વિદ્વાનોએ ગુજરાતીના ઇતિહાસ, બંધારણ ને સ્વરૂપને લગતું જે ખૂબ મૂલ્યવાન કાર્ય કર્યું છે તે, અને સમગ્રદૃષ્ટિએ ભાષાશાસ્ત્રના વિષયમાં તથા ભારતીય ભાષાઓના અભ્યાસના વિષયમાં જે ત્વરિત પ્રગતિ થઈ છે તે લક્ષમાં લઈને, ગુજરાતી ભાષાશાસ્ત્રમાં સરવાળે કેટલું કામ થયું છે ને કેટલું બાકી છે તેનો તોલ બાંધવાનું કાર્ય અભ્યાસીની નજરને નોતરતું ઊભેલું જ છે.

અધ્યાપક કાંતિલાલ વ્યાસે પોતાના ગુરુ નરસિંહરાવને અનુસરીને ગુજરાતી ભાષાશાસ્ત્રના વિકાસની રૂપરેખા એ નામના આ નાનકડા

---

*ગુજરાતી ભાષાશાસ્ત્રના વિકાસની રૂપરેખા : લેખક અધ્યા. કાન્તિલાલ બ. વ્યાસ (ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, પુસ્તક ૮, અંક ૧ માંથી પુનર્મુદ્રિત), ૧૯૪૬, પૃ. ૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિબંધમાં ઉક્ત અપેક્ષા થોડે અંશે પણ પૂરી પાડવાનો એક આવકારપાત્ર પ્રયાસ કર્યો છે.

શરૂઆતમાં સામાજિક ને સાંસ્કૃતિક ઇતિહાસ વગેરેની દૃષ્ટિએ ભાષાશાસ્ત્રના મહત્ત્વનો સહેજ ઉલ્લેખ કરી તેમણે **શાસ્ત્રી વ્રજ**લાલ કાલિદાસથી માંડીને સમકાલીન અભ્યાસીઓ સુધીનામાંથી ઘણાખરાનું આ વિષયમાં જે કાંઈ પ્રદાન છે તેનો ટૂંકમાં ઉલ્લેખ અને મુલવણી કર્યાં છે, અને સાથે ભવિષ્યની કાર્યદિશા તરફ આંગળી ચીંધ્યા કરી છે. આરંભકાળ, વિદેશી વિદ્વાનોનું અર્પણ, પંડિતયુગનું ભાષાશાસ્ત્ર અને સમકાલીન ભાષાશાસ્ત્ર એમ તેમણે ઉચિત રીતે વિષયવિભાગ કર્યો છે, અને તે તે અભ્યાસીઓના કાર્યની વિશિષ્ટતા તેમ જ ખામી પ્રતિ આપણું ધ્યાન ખેંચ્યું છે.

આમ અપેક્ષિત દિશામાંના એક મર્યાદિત પ્રયત્ન લેખે **વ્યાસ**ના પ્રસ્તુત નિબંધની ઉપયોગિતા અને મૂલ્ય પર ભાર મૂકવા સાથે એ પણ કહેવું ઘટે કે આવા ઊડતા અવલોકનને બદલે વિસ્તૃત સમીક્ષા આપી શકાઈ હોત તો ઘણું સારું હતું. આમાં તો પ્રતિપાદ્યનો લગભગ અછડતો કહી શકાય તેટલો સ્પર્શ થયો છે. કેટલેક સ્થળે પ્રમાણભાન પણ બરોબર જળવાયું નથી. વધારે ગંભીર કહી શકાય તેવો દોષ તો એ છે કે અન્વેષણપદ્ધતિની શાસ્ત્રીયતા પર ભાર નથી મુકાયો. ધ્વનિશાસ્ત્રનું અને વિકાસવ્યાપારના સાચા સ્વરૂપનું અજ્ઞાન અને આલોચનાત્મક દૃષ્ટિનો અભાવ : આપણા ભાષાકીય અધ્યયનના એ પ્રમુખ દોષો **વ્યાસ**ની નજરે નથી ચઢ્યાં તે ખૂંચે છે. ક્યાંક અગત્યની કૃતિનો ઉલ્લેખ પણ રહી ગયો છે અને મુલવણીમાં પણ સો ટકા તટસ્થતા નથી જળવાઈ. આપણે ઇચ્છીએ કે પ્રસ્તુત નિબંધનો ઘટતો વિસ્તાર કરી, ઉપર સૂચવેલી કચાશને નિવારી, તેઓ આપણને વધારે મૂલ્યવાન અને આ વિષયમાં પૂરતો પ્રમાણભૂત એવો એક નિબંધ આપે. એવો કોઈ પ્રયાસ આપણી સમક્ષ ન આવે ત્યાં સુધીમાં તો **વ્યાસ**ની પ્રસ્તુત **રૂ**પરેખા એકમાત્ર સાધન રહેશે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીના પ્રથમ વ્યવસ્થિત વૃત્તાંતનું ભાષાંતર*

આ ફાર્બસ ત્રૈમાસિકમાં ૧૯૪૦માં પ્રકાશિત થયેલ, ગ્રીયર્સનના લીંગ્વીસ્ટીક સર્વે ઑવ ઇંડીઆના ગુજરાતીને લગતા ભાગનો અનુવાદ છે, અને વિદ્યાર્થીઓને ઉપયોગી હોઈ સ્વતંત્ર પુસ્તિકારૂપે ફરી મુદ્રિત કરાયો છે. ગુજરાતીનો વિકાસ, ગુજરાતીભાષી પ્રજા, તેની પ્રાંતિક બોલીઓ, બીજી ભારતીય-આર્ય ભાષાઓ સાથે સંબંધ, જૂની તેમ જ અર્વાચીન ગુજરાતીના વ્યાકરણની રૂપરેખા, ઉચ્ચારણની વિશિષ્ટતાઓ વગેરે વિશે આમાં માહિતી આપવામાં આવી છે. ચાળીશેક વરસ પહેલાંનો પ્રયત્ન હોવાથી અને તે સમગ્ર ઉત્તર ભારતની ભાષા-સમીક્ષાના એક ભાગ તરીકે સ્થાનિક માણસોની મદદદ્વારા એક પરદેશી વિદ્વાનને હાથે થયો હોવાથી કેટલીક વીગતોમાં વિશ્વસનીય ન હોય તે સમજાય તેવું છે. પણ તેનું મૂલ્ય તો આ વિષયના અભ્યાસની પદ્ધતિ ને માર્ગદર્શન તેમાંથી મળે છે તેમાં રહેલું છે.

શાસ્ત્રીજીએ અનુવાદને વધુ ઉપયોગી કરવાનો પ્રયાસ પણ કર્યો છે. મૂળમાંની માહિતી જ્યાંજ્યાં ખામીભરેલી જણાઈ છે ત્યાંત્યાં પાદટીપમાં તેમણે તેની શુદ્ધિ કરી છે, કે મતભેદો નોંધ્યા છે. અંતે બોલીના નમૂનાઓ પરિશિષ્ટમાં આપ્યા છે, તેમાં પણ ગ્રીયર્સને ન આપેલા કેટલીક બોલીઓના નમૂના એકઠા કરી મૂકયા છે, અને એ રીતે શાસ્ત્રીજીએ આ વિષયના આરૂઢ અભ્યાસી ને સંશોધકને શોભે તેમ, અનુવાદગત માહિતીને અદ્યતન બનાવવાનો પ્રયત્ન કરાયો છે.

સાથે આ શાસ્ત્રીજી જેવાનો પ્રયાસ છે એટલે આ પણ નોંધીએ કે "ઉચ્ચારણની દૃષ્ટિએ ઝાલાવાડ વધુ શિષ્ટ જણાય છે" (પ્રસ્તાવના પા. ૧૦); "જોડાક્ષરને લોપે પૂર્વ સ્વરના દીર્ઘ થવાની પ્રક્રિયા ૧૩મી સદીના આરંભની છે" (પા. ૨), હેમચંદ્રનો અપભ્રંશ તે નાગર નથી ...."ગૌર્જર અપભ્રંશ છે:" (પા. ૧૪), "'ળ' જિહ્વામૂલીય છે, Cerebral નથી" (પા. ૨૩), "ખરું જોતાં હેમચંદ્રના અપભ્રંશથી જ ગુજરાતી ભાષાનો આરંભ છે" આ બધાં વિધાનો ચિંત્ય છે. શિષ્ટ ઉચ્ચારણનો સ, કેટલીક પ્રાંતિક બોલીઓમાં જે રીતે ઉચ્ચારાય છે, તે "કંઠ્ય 'સ'" ને 'હ' વચ્ચેનું

---

*ગુજરાતી ભાષા (સર જ્યૉર્જ એ. ગ્રીયર્સનકૃત ભારતીય-ભાષા-સમીક્ષા, ગ્રંથ ૯, ભાગ ૨જાનો અનુવાદ): અનુવાદક પ્રા. કેશવરામ કા. શાસ્ત્રી. દ્વિતીય સંપાદન, ફાર્બસ ગુજરાતી સભા, ૧૯૪૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચારણ નથી, પણ તે અઘોષ '**હ**' છે, અને **સંસ્કૃત**માં વિસર્ગ છે, તે જ આ અઘોષ **હ**. **અંગ્રેજી**માં પણ એ જાણીતો છે. એટલે કહેવાતા 'લઘુપ્રયત્ન' હકારને દર્શાવવા વિસર્ગને યોજવાનું સૂચન (પા. ૬૫) સ્વીકારી શકાય તેમ નથી. અને મારી દૃષ્ટિએ તો **મ્હારું** વગેરેમાં રહેલો હકાર પૂર્ણપ્રયત્ન છે, ચાલુ હકારથી અભિન્ન છે એટલે તેને માટે જુદો સંકેત યોજવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. બોલીઓના નમૂના આ વિષયના જાણકાર માણસને હાથે લેવાયા હોત, અને તેમને રજૂ કરવામાં વધારે વિશિષ્ટ ચિહ્નો વપરાયાં હોત તો તેનું મૂલ્ય વધત. **ઝાલાવાડી**, **ગોહિલવાડી**, **ભીલી**નો મિશ્ર નમૂનો ભાષાદૃષ્ટિએ ખાસ ઉપયોગનો ન ગણાય. **ગુજરાત**ની વ્યુત્પત્તિ વિશે ધ્વનિશાસ્ત્રની દૃષ્ટિએ સાવ ઉટંગ લાગે તેવા મતોની નોંધનું (પા. ૧) કેટલું મૂલ્ય? **ભાર**તીય ભાષાઓના જૂથવિભાગને લગતો **ગ્રીયર્સ**નના મત ઉપરાંત બીજો મત નોંધ્યો છે (પા. ૧૯–૨૦), ત્યાં **ચેટર્જી**નો મત પણ આપવો આવશ્યક હતો. 'આપડો' એ રૂપ (પા. ૪૩) **ગો**હિલવાડીમાં સામાન્ય રીતે વપરાય છે. **હનુમાન**નું **હણમાન** દ્વારા **ગો**હિલવાડમાં **હડમાન** બોલાય છે તે અહીં ટાંકી શકાય

ભાષાશાસ્ત્રીય વિષયોમાં આપણે ત્યાં ઊંડું તેમ જ વ્યાપક એવું ગણનાપાત્ર સંશોધન ન થયું હોવાથી આવી બાબતોમાં મતભેદ અને ચર્ચાને સારો અવકાશ છે. અને એ દૃષ્ટિએ જ ઉપરની વીગતો નોંધી છે.

ફાર્બસ સભાએ **પ્રા**ચીન ગુજરાતી સાહિત્યના ઉદ્ધારનું તેમ જ ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ ઉપયોગી ગ્રંથોના પ્રકાશનનું જે કામ કર્યું છે તે પ્રશંસનીય છે. આપણે ત્યાં સંશોધનની અને ભાષા અને પ્રાચીન સાહિત્યમાં રસ ધરાવતી ચાર પાંચ સંસ્થાઓ છે. ગુજરાતીનો ભાષાશાસ્ત્રદૃષ્ટિએ અભ્યાસ કરવાના પોણોસોથી પણ વધારે વરસો થયાં પ્રયાસો થયા છે. તેના પરિણામરૂપે કેટલુંક પ્રારંભિક કાર્ય થયું છે તેની ના નહીં. પણ સમગ્ર રીતે જોતાં આપણે એ પ્રારંભદશાથી બહુ આગળ વધ્યા નથી. તેનું પરિણામ આપણા ઉચ્ચ અભ્યાસક્રમમાં જે રીતે ગુજરાતી ભાષાનું અધ્યયનઅધ્યાપન થાય છે, તેમાં જોઈ શકાય છે. તેનાં પાઠ્યપુસ્તકો કાં તો પરભાષામાં કે પરદેશી વિદ્વાનોએ લખેલાં છે, કાં તો તેમાં અપાયેલી હકીકતો કાલગ્રસ્ત કે અશાસ્ત્રીય છે, સમગ્ર વિષયનું સ્પષ્ટરેખ, મુદ્દાસર ને વ્યવસ્થિત રૂપમાં શાસ્ત્રીય પ્રતિપાદન કરતાં અદ્યતન ભાષાશાસ્ત્રીય પાઠ્યપુસ્તકોની અપેક્ષા વણપુરાયેલી રહી છે, અને તેને અંગે એ વિષય અતિશય કૂટ, માથાકૂટિયો, નીરસ હોવાનો ખ્યાલ રૂઢ થતો જાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેના અભ્યાસ કે સંશોધન તરફની રુચિ અત્યારે નહિવત્ છે. ગુજરાતીની પૂર્વભૂમિકા અપભ્રંશ સાથે પણ આપણને વધારેમાં વધારે લાગતુંવળગતું હોવા છતાં તેનું એક પરિચયાત્મક અદ્યતન પ્રવેશપુસ્તક નથી. ગુજરાત યુનીવર્સીટી તેની સમગ્ર શાખાઓ સાથે પૂર્ણરૂપે કાર્ય કરતી થઈ છે તો આ અપેક્ષા પુરાવી જોઈએ અને તે દિશામાં આપણી વિદ્યાસંસ્થાઓને હજી પણ ઘટતું કરવાની વિનંતી અસ્થાને નહીં ગણાય.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિભાષા

અક્ષર syllable
અતિસંસ્કાર hyperurbanization
અનાલોચક uncritical
અનુગ postposition
અપધ્વનિ ablaut
અભિવિધિવાચક inclusive
અર્થછાયા nuance
અર્થસ semanteme
અર્ધદગ્ધતામૂલક અપપ્રયોગ malapropism
અવાચ્ય એશિયાઈ Austro-Asiatic
અંગ-વિસ્તારક stem-enlarging
અંત:સ્તર વાદ substratum theory
આખ્યાત–નિશ્ચાયક verbal determinative
આખ્યાતિક અંગ verbal base
આઘાત accent
– આરોહ–અવરોહાત્મક pitch
– ઉચ્છ્વાસાત્મક respiratory
– ભારાત્મક stress
– રાગાત્મક musical
આદેશ substitution
આનુપૂર્વી alternance
આલોચનાત્મક critical
આવર્તધ્વનિ recursive
ઇતિહાસલક્ષી ભાષાશાસ્ત્ર historical linguistics
ઉપચય augment
ઉપશિષ્ટ slang
ઉપાંશુઉચ્ચરિત whispered
ઋજુભાવ simplification
એકાક્ષરી monosyllabic
ઐકાન્તિક નિબંધ monograph
કણસ્વર diphthongal element
કર્તૃવાચક agentive
કારક પ્રત્યય agentive
કુત્સાવાચક pejorative
કોશવિદ્યા lexicography
ક્રિયાવાચક નામ action noun
ગણધ્વનિ phoneme
ગીતિઓની lyrical
ઘર્ષ spirant, fricative
ઘર્ષભાવ spirantization
ચાટૂક્તિ euphemism
છાયા–ઘડતર, છાયારૂપ back-formation
તંત્રીવિવર glottis
તંત્રીસંવારોત્થ સ્પર્શ glottal stop
તાલવ્યભાવ palatalization
દંત્ય ઘર્ષ dental spirant
દ્યોતક શક્તિ expressiveness
દ્વિ–અક્ષરી dyssyllabic
દ્વિરુક્ત શબ્દ reduplicative
ધાતુ root
ધાતુવિસ્તાર root-extension

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાત્વાદેશ verbal substitution
ધોરણસરનો standard
ધ્વનિ speech-sound
ધ્વનિકીય, ધ્વનિવિષયક phonetic
ધ્વનિતંત્ર phonetic system
ધ્વનિપરિર્તન phonetic change
ધ્વનિપ્રક્રિયા phonology
ધ્વનિબિંબી જોડણી phonetic spelling
ધ્વનિવિકાર phonetic change
ધ્વનિવિકાસ phonetic development
ધ્વનિશાસ્ત્ર phonetics
ધ્વનિસ phoneme
ધ્વનિસંદર્ભ phonetic context
નામિક અંગ nominal base
નાસિક્ય nasal
નિઘાત enclisis
નિપાત indeclinable
નિશ્ચાયક determinative
નિષિદ્ધ taboo
નિહત નિપાત enclitic
પરિવર્ત variant
પર્યસ્તસૂચી reverse-index
પર્યાયવિજ્ઞાન synonymics
પર્યાયોક્ત periphrastic
પશ્ચાદ્‌ગામી સારૂપ્ય regressive assimilation
પુનર્ઘટના reconstruction
પ્રક્ષેપ interpolation
પ્રતિધ્વનિ શબ્દ echo word
પ્રવાહી liquid
પ્રશિષ્ટ classical
પ્રાસરંગી સમાસ jingle compound
ભારત-ઇરાની Indo-Iranian
ભારત-યુરોપીય Indo-Europian
ભારતીય-આર્ય Indo-Aryan
-પ્રાચીન Old
-માધ્યમિક Middle
-અર્વાચીન New
ભારદર્શક emphatic
ભાષાપરિવાર linguistic family
ભાષા-લય speech rhythm
મહાપ્રાણ aspirate
મૂર્ધન્યભાવ cerebralization
રૂપતંત્ર morphology
રૂપતંત્રકીય morphological
રૂપમ morpheme
લઘુત્વવાચક diminutive
લિપિવિજ્ઞાન palaeography
લૌકિક વ્યુત્પત્તિ folk-etymology
વર્ણાન્તર transliteration
વાક્યતત્ત્વ syntax
વાક્યરચનામૂલક syntactical
વિકરણીભાવ thematization
વિવૃત open
વિશેષક article
વિશ્લેષ anaptyxis
વીપ્સિત શબ્દ reduplicative
વૈરૂપ્ય dissimilation
વ્યત્યય metathesis

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યસ્ત analytical
વ્યાકરણી પદાર્થ grammatical category
વ્યાવર્તક isolative
શબ્દક્રમ word order
શબ્દજોડી doublet
શબ્દભંડોળ vocabulary
શબ્દાર્થવિજ્ઞાન semantics
શિષ્ટપ્રતિષ્ઠિત classical
શ્રુતિ glide
સધ્વનિતા homophony
સધ્વનિલોપ haplology
સપ્રાણતા aspiration
સબ–કી–બોલી lingua franca
સબળ strong
સમવિકાર–રેખા isogloss
સમસ્ત synthetic
સવર્ણ homorganic
સહચારી નાસિક્યતા associative nasalization
સહજન્ય cognate
સંકર blend
સંગદોષ contamination
સંયુક્ત સ્વર diphthong
સંયોજક copula
સંવાર closure
સંવૃત closed
સાદૃશ્ય analogy
સાદૃશ્યમૂલક ઘડતર analogical formation
સાધક formative
સાધક પ્રત્યય formans
સાધારણ ભાષા common languge
સાધારણીકરણ normalization
સામાન્ય રૂપ oblique form
સારૂપ્ય assimilation
સાહિત્યાનુશીલન–વિષયક philological
સીસકારી spirant
સ્થળનામ place–name
સ્પર્શ plosive, stop
સ્પર્શ-ઘર્ષ affricate
સ્વરમધ્યગત intervocalic
સ્વાર્થિક pleonastic
સ્વીકૃત શબ્દ loan word

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયસૂચી

અઘોષ 'હ' ૨૧૭–૨૧૮,૩૮૩–૩૮૪
'અતિસંસ્કાર' ૨૧૪–૨૧૫
અપપ્રયોગો, અર્ધદગ્ધતામૂલક ૮–૯
અપભ્રંશ ૧૬૫–૧૭૪, ૩૭૮, ૩૮૦,૩૮૩
–અને અર્વાચીન ભૂમિકા ૧૩૬–૧૩૭
–અને ગુજરાતી ૧૩૭–૧૩૮
–અને માધ્યમિક ભૂમિકા ૧૩૫–૧૩૬
–ઉત્તરકાલીન ૧૭૪
–ના પ્રાચીનતમ ઉલ્લેખો ૧૬૬
–ગુર્જર ૧૭૦
–ગૌર્જર ૩૭૪–૩૭૫
–નાગર ૩૭૭, ૩૮૩
–લાક્ષણિકતાઓ ૧૬૯–૧૭૭
–નું સ્વરૂપ ૧૬૬–૧૬૯
–નો વિકાસ ૧૬૮–૧૬૯
–માં દેશ્ય અંશ ૧૭૦
–શૌરસેન ૩૭૪, ૩૮૩
–સાહિત્યકીય ૧૬૭
–સાહિત્યનું પ્રકાશન ૧૩૫
–સૂત્રો (હેમચંદ્રનાં) ૧૩૮
–હેમચંદ્રીય ૩૭૪–૩૭૭; –નાં અસામાન્ય રૂપો ૧૪૩–૧૪૪;–નાં ઉદાહરણો ૧૪૦–૧૪૧;–ની એકરૂપતા ૧૪૧;–ની લાક્ષણિક ધ્વનિપ્રક્રિયા ૧૪૨–૧૪૩;–ની લાક્ષણિક રૂપપ્રક્રિયા ૧૪૩; –નું નામકરણ ૧૪૬–૧૪૭;–નું બાહ્યસ્વરૂપ ૧૩૮–૧૩૯; –નો વિષયવિભાગ ૧૩૯–૧૪૦; –પર લોકબોલીનો પ્રભાવ ૧૭૧; –માં અર્વાચીનતા ૧૪૪–૧૪૬; –માં બોલીભેદો ૧૪૧–૧૪૪
અર્થછાયાઓનો વિકાસ ૪૧–૪૨
અર્થબાહુલ્ય ૪૩–૪૪
અર્થસંકર ૩૦–૩૧
અર્વાચીન ભારતીય-આર્યનાં લક્ષણ ૧૭૧–૧૭૨
અવન્તિજા ૧૬૫
અવયવલોપ ૧૪–૧૫
અશોકકાલીન બોલીઓ ૧૬૫
અંતઃસ્તર વાદ ૩૬૯
આખ્યાતવિસ્તાર ૯૬
આખ્યાત-સમાસ ૯૬–૯૭
આદેશ ૯
આવર્તધ્વનિઓ ૩૬૭, ૩૭૦
ઇકાર–ઉકાર
–અર્વાચીન ગુજરાતી ૨૦૬–૨૦૯;
–ના ઉચ્ચારણમાં શિથિલતા ૨૦૪–૨૧૦;–ની જોડણી ૨૦૪–૨૧૦;
–નું પ્રાકૃત ઉચ્ચારણ ૨૦૫–૨૦૬;
–પ્રાચીન ગુજરાતી ૨૦૬, ૨૦૯.
ઉત્કીર્ણ પ્રાકૃતો ૯૮–૯૯
ઉપશિષ્ટ શબ્દો ૪૩, ૩૪૨–૩૪૩
ઉપહાસમૂલક નામો ૩૪૨–૩૪૩
ઐતિહાસિક દૃષ્ટિની અગત્ય ૧૦૭–૧૦૮
કણ્સ્વર અ ૨૦૦–૨૦૩
કાલગ્રસ્ત રૂપો ૩૧૮
ક્રમદીશ્વર ૧૨૮–૧૨૯
ગુજરાતીનો વિકાસ ૫૨–૫૪
ગોહિલવાડી ઉચ્ચારણ ૨૧૬–૨૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર્ષ જ્ ૩૪૦
ઘર્ષભાવ ૨૧૬, ૩૬૭
ચણ્ડ ૧૩૦–૧૩૧
'ચંદ્રમાં નામ લખાવવું' ૧૫૫–૧૫૭
જોડી કાઢેલાં નામ ૩૪૨–૩૪૩
તરંગી વ્યુત્પત્તિઓ ૧૯૫, ૧૯૬, ૩૫૯–૩૬૧
ત્રિવિક્રમ ૧૩૦
દેશી (દેશ્ય) શબ્દો ૨૯૪, ૩૬૭
દ્રાવિડી ભાષાઓનો પ્રભાવ ૧૦૫–૧૦૭
દ્રુત અકાર ૨૦૦
દ્વિરુક્ત શબ્દો ૨૪૪
ધાતુપાઠો ૯૨–૯૩
ધાત્વાદેશ ૯૬
ધ્વનિઓની ગરબડ ૨૯
ધ્વનિનિયમોની સ્થૂળતા ૩૧૬–૩૧૭
ધ્વનિવલણો
–અલ્પપ્રાણનો મહાપ્રાણ ૨૨૦, ૩૦૫
—અંત્ય અનુનાસિકનો લોપ ૨૧૮
–ઇ–નો–અ– ૩૨૪
–ઈકારનો યકાર ૨૧૯
–ઉ–નો–ઓ– ૩૩૯
–ઉષ્મધ્વનિનો લોપ ૧૧૫, ૩૦૩
–ક્–નો–ગ્– ૨૮૫, ૩૨૩
–ડ્–નો–ર– ૨૭૬
–ડલો–નો–લ્લો– ૨૭૬–૨૭૭
–તાલવ્યભાવનો નિયમ ૨૧૬–૨૧૭
–દંત્યનો મૂર્ધન્ય (લકારની અસર)૩૨૫
–દ્–નો બ– ૩૧૩–૩૧૪
–નાસિક્ય અસરથી વિવૃતભાવ ૨૧૯
– પ–નો હ– (કન્નડમાં) ૩૩૬
–ફારસી-અરબી આદ્ય દ–નો ગુજરાતીમાં ડ– ૧૯૬
–મૂર્ધન્યભાવ ૧૯૧, ૨૬૦–૨૬૧, ૩૬૬
–રકાર–પ્રક્ષેપ ૨૧૧–૨૧૫
–લ–નો –ન– ૨૯૨
–વિ–નો વ– ૩૧૫
–ષ–નો –ખ– ૩૦૪
–હકારનો લોપ (અનાદિ) ૨૧૯
–હકારપ્રક્ષેપ ૩૨૦
ધ્વનિવલણોનું સ્વરૂપ ૩૩૩–૩૩૪
ધ્વનિવ્યત્યય ૪–૫
—ન્–,–સ્વરમધ્યગત ૧૯૮–૧૯૯
નિષિદ્ધ શબ્દો ૩૬
પરભાષાનું ઋણ ૫૪–૫૮
પર્યાયવિજ્ઞાન ૧૧૦–૧૧૧
પુનર્ઘટના ૬૭–૬૮
પુરુષોત્તમ ૧૨૫–૧૨૮
પ્રતિધ્વનિશબ્દો ૨૪૪
પ્રત્યયરહિત ષષ્ઠી ૧૫૩–૧૫૪
પ્રત્યય
–અક– ૨૩૬
–અક્કડું ૨૪૦
–અકુડો ૨૪૦
–અક્કો ૨૩૬
–અટ ૨૩૮
–અટો ૨૩૮
–અડ ૨૩૭–૨૩૮
–અડો ૨૩૭–૨૩૮
–અલ ૨૩૯
–અલિયો ૨૩૯
–અલો ૨૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–આટિયો ૨૪૦
–આટો ૨૪૦
–આડો ૨૪૦
–આળ ૨૪૦
–આળો ૨૪૦
–ઈડો ૨૪૦
–ઇયું ૨૫૫
–ઇયો ૨૩૫–૨૩૬
–ઈક્ો ૨૩૭
–ઉકલું ૨૪૦
–ઉકો (ઊકો) ૨૨૭
–ઉડ(ય)– ૩૨૧–૩૨૨
–ઉડો ૨૪૦
–ઉલઉ ૨૨૯
–ઉલો ૨૩૯
–ઊકડું ૨૪૦
–એલ ૨૩૯
–એલું ૨૩૯
–ઓ ૨૩૫
–ઓટો ૨૩૮
–ઓડિયો ૨૩૮
–ઓડો ૨૩૮, ૩૧૨
–ઓલિયું ૨૩૯
–ઓલું ૨૩૯
–ઓળ ૨૩૯, ૩૪૭
–ઓળિયો ૨૩૯
–क ૨૩૪–૨૩૭
–કૃત્ ૧૦૧–૧૦૨
–ખો ૨૪૧
–ચો ૨૪૧
–ट ૨૩૭–૨૩૮
–ટ(-ટો) ૧૯૨, ૨૮૫, ૩૧૧
–ડલો ૨૪૦
–ણહાર ૨૨૭
–ણું ૧૯૮
–તદ્ધિત ૧૦૧–૧૦૨
–તન ૩૪૬
–થકી ૩૭૧
–થકું ૩૫૫
–થી ૩૭૧
–થું ૩૪૦
–નહાર ૨૨૭
–નાર ૨૨૬
–નારો ૨૨૭
–ને, નો ૩૭૦
–પણ ૩૪૬
–ल ૨૩૮–૨૩૯
–લડો ૨૪૦
–લી ૨૫૧–૨૫૨
–વર– (સ્વાર્થિક) ૨૨૫
–વો ૨૩૬, ૨૮૮
–સ્તકું ૩૪૦
–સ્તું ૩૪૦
–સ્થું ૩૪૦
–હ ૩૬૯
–ળ ૨૩૮
–ળો ૨૩૯
પ્રત્યયો
–ફળદ્રૂપતા ૧૦૨
–પ્રાકૃત, ૧૦૨–૧૦૩
પ્રાકૃતકલ્પતરુ ૧૨૫–૧૨૮
પ્રાકૃત ધાત્વાદેશ ૧૦૦
પ્રાકૃતપ્રકાશ ૧૨૧–૧૨૩
પ્રાકૃતભેદો ૧૩૨–૧૩૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાકૃતલક્ષણ ૧૩૦–૧૩૧
પ્રાકૃતસર્વસ્વ ૧૨૫–૧૨૮
પ્રાકૃતાનુશાસન ૧૨૫–૧૨૮
પ્રાકૃતો
–નાટ્યશાસ્ત્રની ૧૨૪–૧૨૫
–સાહિત્યકીય ૯૯–૧૦૦
પ્રાચીન ગુજરાતી ૩૭૮, ૩૮૦
પ્રાચીન ગુજરાતીનો આરંભ ૧૭૨–૧૭૪
પ્રાચ્ય વૈયાકરણો ૧૨૫–૧૨૮
પ્રાંતિક બોલીઓની અસર ૩૬
પ્રાસ અને અનુપ્રાસ ૨૫–૨૬
પ્રાસરંગી સમાસો ૨૪૪
પ્રેરક અંગ ૩૦૧
બાલભાષાના શબ્દો ૪૨–૪૩
ભરત ૧૨૪–૧૨૫
ભરતેશ્વરબાહુબલિઘોર ૧૭૫
ભરતેશ્વરબાહુબલિરાસ ૧૫૪,૧૭૨,
ભવિષ્યકાળનો –શ્– ૨૯૧
ભામહ ૧૨૧–૧૨૨
ભાષાઓની વ્યક્તિવિશિષ્ટ વિકાસશીલતા ૫૦–૫૧
ભાષાનું સંકુલ સ્વરૂપ ૧૮
ભાષાશાસ્ત્રનું શાસ્ત્રત્વ ૩૩૨
ભારત–ઈરાની ૬૭
ભારત–યુરોપીય ૬૭
ભારતીય–**આર્ય** ૬૬
—નાં આખ્યાતિક અંગો ૮૯–૯૦
—નો વિકાસ ૮૪–૮૭, ૧૬૪–૧૬૫, ૩૬૩–૩૬૬
—પર ઐતિહાસિક પ્રભાવ ૧૦૪–૧૦૭
—પર થયેલું કાર્ય ૮૦–૮૪
—રૂપતંત્રનું પરિવર્તન ૯૦–૯૧
—લૌકિક બોલીઓ ૯૫–૯૬
મહારાષ્ટ્રી પ્રાકૃત ૧૨૧–૧૨૩
માધ્યમિક **ભા**રતીય–**આર્ય** ૧૬૫
માધ્યમિક **ભા**રતીય–**આર્ય** અંગો ૯૭–૧૦૦
માર્કણ્ડેય ૧૨૫–૧૨૮
મિષ્ટાન્નના શબ્દો ૪૫–૪૬
મુણ્ડા ભાષાઓનો પ્રભાવ ૧૦૫–૧૦૭
મૂર્ધન્યોનો ઉદ્ભવ ૧૦૪–૧૦૫
રકાર
–ગુજરાતી શબ્દાંતર્ગત ૧૮૮–૧૮૯
–નું અશુદ્ધ ઉચ્ચારણ ળકાર ૨૧૪–૨૧૫
રામશર્મા ૧૨૫–૧૨૮
રૂપતંત્રનું પરિવર્તન ૨૫
રૂપમો ૫૮–૬૦
લોકકથા અને દેવકથા ૨૮–૨૯
લૌકિક વ્યુત્પત્તિ ૨૬–૨૮
વરરુચિ ૧૨૧–૧૨૩
વાક્યરચનામૂલક સંકર ૮
વાલ્મીકિસૂત્રો ૧૩૦
વિશિષ્ટ શબ્દનો વ્યાપક પ્રયોગ ૪૦
વિશ્લેષ ૩૨૨
વીપ્સિત શબ્દો ૨૪૪
વૈરૂપ્યનો નિયમ ૨૯૨
વ્યત્યય ૪–૬
વ્યુત્પત્તિચર્ચાની પદ્ધતિ ૨૪૯, ૨૫૫
શબ્દ
–ઉત્પાદનના પૂર્વવ્યાપારો ૨૨
–ની દ્યોતક શક્તિનો ઘસારો ૪૦–૪૧
–નું અર્થવતુંળ ૨૨–૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દકોશ
–પર ક્રમિક ધ્વનિપરિવર્તનની અસર ૩૮–૩૯
–પર પરભાષાની અસર ૩૪–૩૬
–પર સામાજિક પરિવર્તનની અસર ૩૪–૩૮
–માં સાદૃશ્યમૂલક પરિવર્તન ૪૦
શબ્દબિંબોની વાડાબંધી ૨૩–૨૪
શબ્દલોપ ૧૫–૧૬
શબ્દવ્યત્યય ૬
શબ્દશ્લેષ ૨૬
શબ્દસંક્ષેપ ૩૯–૪૦
શબ્દાંશલોપ ૧૩–૧૪
શબ્દાંશવ્યત્યય ૫–૬
શાન્ત અકાર ૨૦૦
શાબ્દિક સંકર ૭–૮
શુદ્ધતા–ભ્રષ્ટતાના ખ્યાલો ૪૯–૫૪
શૌરસેની ૧૨૫–૧૨૬
સગપણના શબ્દો ૪૬–૪૭
સધ્વનિલોપ ૭, ૧૮૫
સંકર સમાસો ૫૪–૫૮
સંકરો ૭–૮
સંક્ષિપ્તસાર ૧૨૮–૧૨૯
સંદેશરાસકની ભાષા ૧૫૪–૧૫૫
સંપ્રસારણ ૩૨૩–૩૨૪
સંયુક્ત સ્વરો ૨૦૦
સંસ્કૃત
–જૈન ૩૬૯
–ના વ્યાકરણનિયમો ૫૧
–નું અણઘટતું દાસ્ય ૪૯–૫૪
–લૌકિક ૩૬૯
–સંકર, ૩૬૯
સંસ્કૃતીકરણ ૨૭૮
સાદૃશ્ય ૩૨૭;–નો કાર્યપ્રદેશ ૩૧
સાદૃશ્યમૂલક ધ્વનિવિકાર ૨૯–૩૦
સાધિત ધાતુ,–કર્મણિ ભૂત કૃદંત પરથી ૩૧૬
સારૂપ્ય ૬–૭, ૧૯૩
–પશ્ચાદ્‌ગામી ૧૮૯
સિદ્ધહેમ ૧૨૯–૧૩૦
સૂત્રાત્મક સંક્ષેપ ૧૨–૧૩
સ્થળનામોની વ્યુત્પત્તિ ૨૫૭
સ્પર્શ–ઘર્ષ ઉચ્ચારણ ૩૪૦
હિંદી–હિંદુસ્થાની ૩૭૧–૩૭૨
હેમચંદ્ર ૧૨૯–૧૩૦

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દસૂચી

અખાડો ૨૭૨
अखूटइ સાથે √मर- ૧૫૨ -૧૫૩
અગવો ૨૬૮
અગાશી ૨૮૫
અગિયાર ૨૮૫
અઠવાડિયું ૩૩૮
અઢી ૧૯૪
અણમોલ ૩૩૯
અણસાર ૧૯૮
અણુ ૨૬૦-૨૬૨
અણોજો ૩૩૮-૩૩૯
અધવચ ૩૧૪
અધાર ૩૪૨
અનોપમ ૩૩૯
અમથાલાલ ૩૪૦
અમથું ૩૩૯-૩૪૧
અમસ્તકું ૩૩૯-૩૪૧
અમસ્તું ૩૩૯-૩૪૧
અમસ્થું ૩૩૯-૩૪૧
અમોલ ૩૩૯
અવ ૨૮૮-૨૮૯
અવારિય ૧૫૯-૧૬૦
અવાસ ૩૪૨
અશાડ ૨૯૨
√अस्- ૭૭
અંકોડો ૩૩૯
અંકોર ૩૩૯
અંગત ૨૯૦
અંગીઠી ૩૫૪
અંગેઠી ૩૩૯
અંચી ૩૧૬
અંજળ ૩૧૬
અંતરાશ ૧૮૭
અંબોડો ૧૮૯
આગ્રસ ૨૧૪
આટો ૨૬૦-૨૬૨
आडम्बर- ૧૧૭
આડુંચુકું ૪૮
—આણા ૨૫૩
આત(ત્ય)વાર ૨૬૬
आत्मन्- ૧૧૬-૧૧૭
आदित्य- ૧૧૬
આપડે ૩૮૪
—આર ૨૨૬-૨૨૭
आल- ૧૪૯-૧૫૦
आलवाल-૧૧૮-૧૧૯
આસો ૧૮૬, ૨૬૨-૨૬૩
આસોજ ૨૬૩
આંબો ૩૨૫
ઇલિયલિ ૩૪૧
ઈંદિયાલ ૩૪૧
ઈયાણ ૩૪૧-૩૪૨
ઈલાયચી ૨૩૨-૨૩૩
—ઈલું ૨૫૨
ઈંટ ૩૧૨,૩૨૯
ઉદાશ, ઉદાશી ૧૮૬
ઉદાસ ૧૮૬
ઊઠ-ઊંઠું ૩૫૪
ઊઠવું ૧૯૪
ઊનું ૨૨૮
ઊંધણશી ૩૪૨-૩૪૩
ઊંટ ૩૧૨,૩૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંડું ૩૩૪
એક ૭૩–૭૭
એકડું ૧૯૪
–એર ૨૫૩
એરણ ૩૫૪
એરુ, એરું ૨૩૦, ૩૫૮
–એલ (એલી) ૨૫૨
ઍલચી ૨૩૨–૨૩૩
એલાયચી ૨૩૨–૨૩૩
એળચી ૨૩૨–૩૩૩
ઓગણ° ૨૮૫
ઓટ ૩૧૧
ઓડ ૩૩૭
—ઓડ (ઓડું) ૨૫૧
ઓપટી ૧૯૫
ઓરમું ૪૫
ઓરશિયો ૨૯૩, ૩૫૪
—ઓલી ૨૫૧
ઔઠ ૩૩૫
કકડો ૨૭૫
કચુંબર ૩૪૩–૩૪૪
કચૂમર ૩૪૩–૩૪૪
કછોટી ૩૫૪
કઢી ૩૯
કરગ ૨૯૫
કરડુ ૨૬૯.
કરણાર ૨૨૮
કરનાર ૨૨૬
કરમલડો ૧૮૯
કરમલો ૧૮૯
કરંતો ૩૧૮
કરોડ ૨૧૨
કલમલડો ૧૮૯
કલવો ૧૮૫,૧૮૯
કલાલ ૨૭૨
કહાન ૨૨૮
કહેવું ૩૫૨
કંકુ ૧૮૮
કંડમ ૩૧૬
કંડારવું ૩૩૭
કંડિયો ૧૮૯
કંદોરો ૩૧૬
કાગડો ૨૮૫
કાટોડો ૩૧૨
કાન ૨૨૮
કામ ૧૯૦
કાલવવું ૩૩૭
કાલિંદ્રી ૨૧૩
કાંગડું ૩૫૮
કુમળું ૨૯૩
कुशीलव– ૨૮
–કું ૨૫૪
કૂંણું ૨૯૩
કૂંળું ૨૯૩
કેર-ડો ૨૯૯
કેવડો ૨૮૪, ૩૧૮
કોઢ ૩૩૧
કોયલ ૧૯૬
કૌવો ૩૩૫
ક્યારો ૨૯૩
ક્રાંતિ ૨૧૪
ખટમીઠું ૨૭૨
ખડાખાસડું ૩૦૪
ખંડિયેર ૩૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડેર ૩૫૨
ખંભાત ૨૪૮, ૨૬૩–૨૬૭
ખારેક ૩૩૯
ખાંડ ૩૯
ખાંડણી ૨૨૦
ખાંભા ૨૪૮
ખાંભો ૩૪૬
ખીચું ૨૧૪
ખોવું ૩૪૭
ગઢપણ ૨૭૬
ગભારો ૨૭૨
°ગરો ૨૮૭
ગળચી ૨૩૨
ગળપચી ૪૮
ગંગા ૩૬૮
ગંડીછોડ ૨૬૭
ગંડુ ૨૬૯
ગંડેરી ૩૩૯
ગાહુઓ ૨૬૭–૨૬૯
ગાબચી ૨૩૨
ગાબડું ૨૩૨
–ગામ ૨૫૪
°ગાળો ૨૮૭
ગીણી ૨૭૬
ગુજરાત ૨૬૭, ૨૬૯–૨૭૨
ગૂજરાત ૨૬૯–૨૭૨
ગોધરા ૨૫૪
ગોરટો ૧૯૨
ગોરાંદે ૩૫૪
ગોરુ ૨૩૦
ગોવનજી ૧૮૯
ગોંધળ ૨૭૨–૨૭૪
ઘડપણ ૨૭૬
ઘર ૩૬૯
ઘરણ ૧૯૯
ઘરાક ૧૯૯, ૩૦૫
ઘંટી ૨૭૫, ૩૧૨
ઘંટીચોર ૨૬૭
ઘાંટી ૧૯૫
ઘુવડ ૨૮૪
ઘેન ૧૯૮–૧૯૯
ઘેલસાગરો ૩૪૨–૩૪૩
–ઘોડા ૨૫૪
ચકલી ૨૭૫–૨૭૭
ચક્કુ ૪૮
√चड– ૧૫૦–૧૫૧
ચઢી ૩૨૦
ચણિયો ૩૭–૩૮, ૧૮૮, ૧૯૦, ૨૭૫–૨૭૬
ચમાર ૨૭૧
ચરકલડી–ચરકલી ૨૭૫
ચરણિયો ૧૯૦
ચશ્મેશ ૩૪૨
ચાટવો ૨૮૪
ચાત્રુક ૨૧૩
ચાત્રુંગી ૨૧૩
ચાલુક્ય ૨૭૭–૨૭૯
ચાળણી ૨૦૩, ૨૨૦
ચિચાડો ૨૮૮
ચીચવો ૨૮૮
ચૂરમું ૪૫
ચોખા ૩૯
ચોગડો ૨૮૫
'ચોપારી' ૨૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોરટો ૧૯૨
ચોંટવું ૩૧૧–૩૧૨
ચોટું ૩૩૪–૩૩૫
ચૌદ ૩૩૫
ચૌલુક્ય ૨૭૭–૨૭૯
છીનવું ૩૧૬,૩૫૪
છીંડું ૧૯૪
છૂટવું ૩૩૦
છે ૩૫૪
છેક ૩૫૪
છેડો ૩૫૪
છેલ ૩૫૫
છેલ્લું ૩૫૫
છૈયા ૨૩૦
છો ૩૫૪
છોકરો ૨૩૦
છોટા ૧૯૨, ૨૩૦, ૩૦૬, ૩૫૫
છોડવો ૨૬૮, ૨૮૮
છોડી ૨૭૬, ૩૫૫
છોરા ૨૩૦
છોરુ, છોરું ૨૩૦, ૩૫૮
જ ૨૭૯–૨૮૩
જડ ૩૫૫
જડિત્ર ૨૧૩
જમણો ૪૪, ૩૪૪
જવ ૨૮૮–૨૮૯
જાડું ૧૯૬
જાણકાર ૩૩૩
જિમણઉ ૩૪૪
જીવિત્વ ૨૧૪
જીંડવું ૩૪૫
જુગલ ૩૨૩
જુગાર ૨૮૩–૨૮૭
જુવટું ૨૮૪–૨૮૫
જુવું ૨૮૪
જૂઓ ૨૮૩–૨૮૪
જૂગટું ૨૮૪–૨૮૫
જેટલું ૧૯૭,૩૨૫
જોગટો ૧૯૨
જોબન ૧૯૯
જૌહર ૩૩૫
જ્યારે ૩૨૫
જ્યાં ૩૨૫
ઝખ ૩૦૪
ઝટ ૧૯૧
√झंख– ૧૪૯–૧૫૦
ઝાડવું ૨૬૮, ૨૮૮
ઝિડુઉ ૩૪૫
ઝીંડવું ૩૪૫
ઝેર ૨૯૭, ૩૫૨
–ટક– ૨૩૬
ટંકશાળ ૨૯૦
ટીલું ૧૯૬
ટૌકો ૩૩૫
ઠરવું ૧૯૪
ઠાકોર ૩૩૯
ઠામ ૩૪૫–૩૪૬
ઠીક ૩૫૪–૩૫૫
ડખોળવું ૩૪૭
ડગલો ૧૯૬
ડહોળવું ૩૪૬–૩૪૭
ડંડવ્રત ૨૧૩
ડામીસ ૩૧૬
ડાહ્યો ૧૮૫–૧૮૬, ૧૯૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંડિયો ૧૯૩
ડાંડો ૧૯૩
ડોલચું ૨૩૨
ડોલવું ૧૯૭, ૩૨૫
ડોવું ૩૪૬–૩૪૭
ડોળી ૧૯૭, ૩૨૫
ઢસડવું ૨૭૫
ઢીમચું ૨૩૨
ઢીંકચો ૨૮૭–૨૮૮
ઢીંચાં ૩૫૫
ઢૂંચાં ૩૫૫
ઢેકબગલો ૨૮૭
ઢેકલી ૨૮૭
ઢેકવો ૨૮૭
ઢેંકુવા ૨૮૭
તન ૧૯૮
તરભોવન ૩૩૯
તરશ ૨૯૧
તલ ૧૯૬
તલવાર–તરવાર ૩૫૮
તવ ૨૮૮–૨૮૯
તાળજું ૨૫૦
તંબોળ ૩૩૯
––તા ૨૫૪
તારણહાર ૨૨૬
તારનાર ૨૨૮
તારું ૩૫૫
તારોડિયો ૩૧૨
તાંબું ૩૨૫
તીખટ ૧૯૨
તીનું ૨૨૮
તુડિ ૧૫૦–૧૫૧
તૂઠવું ૩૧૬
તેટલું ૧૯૭, ૩૨૫
ત્યાં ૩૨૫
ત્રગડો ૨૮૫
ત્રટ ૨૧૨
ત્રાઠવું ૧૯૪
ત્રાડવું ૨૧૨
ત્રાંડવ ૨૧૨
ત્રિલોત્તમા ૨૧૨
ત્રીક્ષ્ણ ૨૧૨
ત્રૂઠવું ૨૧૨
થાન ૧૯૬, ૧૯૮–૧૯૯
થેલી ૩૪૭–૩૪૮
દરસ ૧૮૬
દસ્તક ૧૮૯
દાટી–દાટો ૩૨૯
દાઢ ૧૯૪
દાહી ૧૯૪
દિણિયર ૩૪૨
દિયર ૨૯૩
દી ૧૮૭
દીનોનાથ ૨૯૦
દીહ ૧૮૭
√दृश्– ૧૧૪–૧૧૬
–દે ૩૧૦
દેન ૧૯૯
દેરું ૨૯૩
દોઢ ૧૯૪
દોનાર ૨૨૬
દોવું ૩૪૭
દ્રક્ષણી ૨૧૨
દ્રુષ્ટ ૨૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમું ૩૫૫
ધીરૂ ૩૦૫
ધોરંધર ૩૩૯
ધ્રષ્ટાંત ૩૦૪
ધ્રાંગધરા ૨૫૪
ધ્રોડવું ૩૦૫
નગારી ૩૨૨
નઠોર ૩૩૯
નવ, નવ્ય ૧૯૯
નહાનો ૨૨૮
નહાસવું ૩૨૦
નહેર ૩૫૨
નહેરણી ૩૫૨
નહોર ૨૯૭, ૩૦૬
નાગડો ૩૨૧
નાનો ૨૨૮
નાવલિયો ૩૫૫–૩૫૬
નાવલો ૩૫૫–૩૫૬
નાલ્લું ૩૩૧
નાળયું ૨૩૨
નિટોલ ૧૯૭, ૩૨૫
નિશાળ ૨૮૯–૨૯૪, ૩૧૨
નીટોલ ૩૩૯
નેન ૧૯૯
નોતરવું ૩૪૮
નોતરું ૧૮૬
નોંઝણું ૩૪૮–૩૪૯
નોંધવું ૩૪૮–૭૪૯
ન્હાનું ૨૯૨
પઈઆલ ૩૪૨
પખવાજ ૨૭૨, ૩૪૮–૩૪૯
પખવાડા ૩૩૮
પખવાડિયું ૩૩૮
પખાઉજ ૩૪૯
પખાજ ૨૭૨, ૩૪૯
પગ ૨૯૪–૨૯૬
પડસાળ ૨૯૦
પધારવું ૩૪૨
પધાર્યા ૨૫૦
–પર (–પરું,–પરડું) ૨૫૩
પરઘુ ૨૬૯
પરબ ૨૯૮, ૩૨૬
પરશેવો ૨૯૧
પરસાળ ૨૯૦
પરસેવો ૨૯૮
પરાણો ૨૯૬–૨૯૮
પરૂણો ૨૯૬
પરોણો ૨૯૬–૨૯૮
પરોવવું ૨૯૮
પલાંઠી–પરોંઠી ૩૫૮
પશુ ૩૦૫
પશ્ય– ૧૧૪–૧૧૬
પસ્તાવો ૩૫૬
પહુંઆ–પહુંવા ૩૩૫
પહેરો ૩૫૨
પહોર ૨૯૭, ૩૦૬
પંખેરુ ૨૨૯
પંગત ૩૨૩
પંતુજી ૩૪૨
પંદર ૩૨૫
પાકટ ૧૯૨
પાચીકુકા ૪૮
પાડરશિંગા ૨૩૦
પાડરુ ૨૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણહા ૧૭૬
પાતર ૩૫૬
પાનો ૨૨૮,૨૯૮
પામવું ૨૯૮
પારણું ૩૫૮
પારધી ૩૫૨
પારેખ ૩૩૯
પાલણહાર ૩૧૮
પાલનિહારા ૨૨૮
પાલિતાણું ૨૫૩
પાંદડું ૩૧૦, ૩૨૫
પાંશરું ૩૫૬
પિઆલ ૩૪૨
પિયર ૩૫૧
પિયુ ૩૧૮
પિયેર ૩૫૨
પિવ ૩૧૮
પિંગાણી ૩૪૯–૩૫૦
પી ૩૧૯
પીમળ ૧૮૮, ૨૭૫
પીયર ૨૯૦
પીયાણઉં ૩૪૧
પીરસવું ૧૮૮
પીવ ૩૧૮
પીસવું ૧૮૮
પુલિંદ્ર ૨૧૩
પૈબ્રહ્મ ૨૯૯
પોપચું ૨૩૨
પોપડો ૨૩૨
પોશાળ ૨૯૦
પૌંઆ–પૌંવા ૩૩૫
પ્યારું ૨૯૮
પ્રશ્ચાત્તાપ ૨૧૨
પ્રસેવ ૩૧૮
પ્રેરવી ૨૧૪
ફડચિયું, ફડચો ૨૩૨
ફંગોળવું ૩૪૭
ફંફોળવું ૩૪૭
ફાડિયું ૨૩૨
ફાડું ૨૩૨
ફીણ ૨૯૨, ૩૧૨
ફોકટ ૧૯૨
ફોફળ ૧૯૩, ૩૦૧
બગડો ૨૮૫, ૩૧૪
બગલો ૨૮૫
બજાવવું ૧૮૯
બડવો ૨૬૮, ૨૭૫
બનેવી ૧૯૯
બપોર ૩૧૩
બમણું ૩૧૩
બરાત ૨૯૬
બહેન, બ્હેન ૧૯૯, ૩૧૮
બળકટ ૧૯૨
બળદ ૨૯૯–૩૦૦
બળદ–બળધ ૨૭૪
બંગી ૧૮૫
બંબાલિઉં ૧૫૧–૧૫૨
બાઘડો ૩૫૦
બાપ ૩૨૦
બાપડું ૩૨૧
બાયણું ૨૭૬
બાર ૩૧૩–૩૧૪
બારણું ૨૦૩,૨૨૦
બારાખડી ૧૯૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારોટ ૩૫૬
બાવના ૩૩૭
બાળોતિયું ૩૫૬
બાંઠિયું, બાંઠું ૩૧૫
બાંય ૩૫૬
બીક ૩૧૮
બીજ ૩૧૪
બીજું ૩૧૪
બીડી ૩૨૮
બીડું ૩૨૮
બીધું ૨૫૬
બીનવું ૩૫૬
બીવું ૩૧૮, ૩૫૬
બે ૩૧૩
બેચરદાસ ૨૯૭
બેઢું ૩૧૪
બેલ ૨૯૯–૩૦૦
બેસવું ૩૧૬
બેઠના ૩૧૬
બ્હીક ૩૧૮
બ્હેડું ૩૧૪
બ્હેબાકળો ૩૧૮–૩૧૯
ભણસાળી ૨૯૦
ભભીક્ષણ ૩૦૧
ભભૂત–ભભૂતી ૧૯૩, ૩૦૦–૩૦૧
ભરખવું ૨૧૩
ભલમનસત ૧૯૯
ભલમનસાઈ ૧૯૯
ભલમનસાહત ૧૯૯
ભલમનસી ૧૯૯
ભળવું ૩૦૧–૩૦૩
ભાઈભાંડરુ ૨૩૧
ભાઈભાંડુ ૨૩૧
ભાણેજ ૧૯૯
ભામટો ૧૯૨
ભાલિયલિ ૩૪૧
ભાંડરડાં ૧૯૨, ૨૩૧
ભાંડરુ ૨૩૧
ભાંડુ ૧૯૨, ૨૬૯
ભીતર ૩૫૭
ભીભળ ૧૯૩,૩૦૧
ભીંતર ૩૫૭
ભુવડ ૨૮૪,૨૯૩
ભૂંગળ ૨૯૬,૩૫૦–૩૫૧
ભેવ ૩૧૮
ભેળવવું ૩૦૧–૩૦૩
ભોગળ ૨૯૬,૩૫૦–૩૫૧
ભોજાય ૨૯૦
ભોંઠું ૩૫૭
ભ્રખુ ૩૦૪
મઉડઉધા ૩૪૮
મઉડુધા ૩૪૮
મઝાર ૨૭૨
મટોડી ૩૧૨
મઠો ૧૯૫
મડદું ૧૯૨–૧૯૩
મડધો ૨૯૬, ૩૫૨
મડવું ૨૭૫
મધ ૧૯૫
મન ૧૯૮
મરઘલો ૩૦૫
મસવાડા ૩૩૮
મહી ૧૯૫
મહિયર ૩૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહીયર ૨૯૦
મહુવા ૨૫૪
મહેતા ૧૯૨, ૩૫૨
મહોટું ૧૯૨, ૩૦૫–૩૦૭
માછલી ૧૭૬–૧૭૭
માણેક ૩૩૯
મામેરું ૩૫૧–૩૫૨.
માવરુ ૨૩૧
માશી ૨૯૦
—માળ ૨૫૪
માંડમાંડ ૩૫૭
માંહી ૩૫૭
મીઠું ૧૯૫
મીંડું ૧૯૫–૧૯૬
મૂફવું ૩૧૬
મેકવું ૪૮
મેલ ૨૯૯–૩૦૦
મેસાણા ૨૫૩
મૈડવું ૨૭૬
મોટું ૨૩૨, ૨૮૫, ૨૯૭, ૩૦૫–૩૦૭, ૩૧૧, ૩૨૫
મોદિમ ૩૦૬
મોડું ૩૫૭
મોઢું ૩૫૭
મોવું ૩૪૭
મોસનલાલ ૨૧૪
મોસાળ ૨૯૦
મોસાળું ૩૫૧
મોળું ૩૫૭
મ્હોટા ૩૦૫–૩૦૭
રખવાળ ૨૭૨
રડવું ૧૯૨
રતવા ૨૭૨
રન્નાદે ૩૦૭–૩૧૦
રમાઉલ ૧૫૮–૧૫૯
રહેવું ૩૫૨
રહેંટ ૩૧૨
રા ૩૧૮
રાખોડો ૩૧૨
રાણી ૩૦૯
રાવ ૩૧૮
રાંઢવું ૨૬૮
રૉંદલ ૩૦૭–૩૧૦
રાંદેર ૩૧૦
રાંદેલ ૭૦૭–૩૧૦
રૂઠવું ૩૧૬
રૂપેરી ૩૫૨
લસણ ૧૯૮
લહેર ૨૯૭, ૩૫૨
લંક ૨૭૯
લાડવો ૨૬૮, ૨૮૪, ૨૮૮
લાધવું ૩૧૬
લીટી ૨૩૨, ૨૮૫, ૨૯૩, ૩૦૬, ૩૧૦–૩૧૩, ૩૨૫
લીટોડો ૩૧૨
લીમડો ૧૮૯, ૩૨૦
લીલમ ૧૮૫
લીહટી ૩૧૦, ૩૧૧
લીંટી ૧૯૨, ૨૯૩, ૩૧૨
લોથો, લોઢો ૩૫૨
લોવું ૩૪૭
વકટ–લેણ ૩૩૭
વધાણી ૨૭૫
વચ– ૩૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચાળ ૩૧૪
વચ્ચે ૩૧૩–૩૧૪
વછુટું ૩૩૦
વછોડવું ૩૩૦
વઢવાણ ૨૭૨
વણસવું ૩૧૫–૩૧૬
વણિયર ૩૪૧
–વતી ૨૬૪
વનપક ૧૯૯
વનમાળી ૧૯૯
વનરાઈ ૧૯૯
વનેરું ૧૯૯
વનો ૧૯૮
વરખાશણ ૧૮૫
વરશાસન ૧૮૫
—વલી ૨૫૨
વશેક ૩૦૫
વસઈ ૨૫૫
વહાલ ૩૫૭
વહાલું ૩૫૭
વહુ ૧૯૬
વહુરુ ૨૩૧
વહુવારુ ૨૩૧
વહેન–વહેણુ ૧૯૯
વહેવાર ૨૯૭, ૩૫૨
વળા ૨૫૫
વંઠવું ૩૧૪–૩૧૬
વંઠો ૨૭૫
વંથળી ૩૧૬
વંદ્રાવન ૩૦૪
વાછડી ૩૫૮
વાછરડું ૨૩૦–૨૩૧
વાછરુ, વાછરું ૨૩૦, ૩૫૮
વાણઉત્ર ૩૫૮
વાણિઉત્ર ૩૫૮
વાણોતર ૩૪૮, ૩૫૮
વારુ ૨૬૯
વાલમ ૩૦૧, ૩૧૬–૩૨૦
વાલંભ ૩૧૯
વાંકડું ૩૨૦–૩૨૨
વાંઢો ૩૧૫
વાંદર ૩૧૦
વાંદરો ૧૯૬, ૩૨૫
વિગત (ત્ય) ૩૨૨
√विढ़व– ૧૦૦
વિશે ૩૫૩
વિષે ૨૯૨, ૩૫૩
–વી ૨૫૫
વીગત ૨૮૫, ૩૨૨–૩૨૪
વીણ ૨·૩
વીંટલો ૩૨૬
વીંટવું ૩૧૨,૩૨૬–૩૨૭,૩૨૯
વીંટી ૩૨૬–૩૨૭,૩૨૯
વેઢ ૩૩૧,૩૨૬
વેઢમી ૪૫
–વેલ ૨૫૨
વેલણું ૩૩૧
વેલ્લો ૩૩૧,૩૨૬
વ્યંડળ ૧૯૭, ૩૨૪–૩૨૫
વ્હાલમ ૩૧૭
શકે ૨૯૨
શશિયર ૩૪૧
હેર ૩૫૨
શાણો ૩૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાવકાર ૩૩૩
શાહાસ્ત્ર ૩૨૦
—શી ૩૪૨
શેલડી—શેરડી ૩૫૮
શોક્ય ૧૮૭—૧૮૮
શ્રાપ ૨૧૩
શ્રોણિત ૨૧૩
શ્રોણિતપુર ૨૧૩
શ્રોણું ૨૧૩
સઈજલ ૨૯૨
સઈર—સયર ૨૯૨
સકસ ૩૨૩
સકોમલ ૨૨૪—૨૨૫
સગડી ૩૯
સગું ૨૮૫
સઘન ૨૨૪—૨૨૫
સચકિત ૨૨૪
સત્તૂકાર ૧૬૦—૧૬૧
સથિર ૨૨૪
—સદ ૨૫૨
સપરમો ૩૨૬
સભીત ૨૨૪
સમજવું ૩૫૮
સમેટવું ૩૨૬—૩૩૨
સમોહ ૩૩૯
—સર ૨૫૩
સરજનાર, સરજનારો, સરજનહાર ૨૨૬
સરાણ ૨૧૩
સલોલ ૨૨૪
સશક્ત ૨૨૩, ૨૨૫
સસત ૨૨૪
સહિયર ૩૪૧
સહુ ૩૩૪
સંગટો ૩૧૬
સંતોક ૩૦૫
સંકષ્ટ ૨૧૪
સંપુષ્ટ ૨૧૪
સંપેટવું ૩૨૬—૩૩૨
સંધુકવું ૨૧૩
સાઉ ૩૩૩
સાઉકાર ૩૩૩
સાધુ વાણિયો ૩૩૨—૩૩૩
સાનુકૂળ ૨૨૫
સાપ ૩૩૬
સાલ્લો ૩૩૧
સાવ ૩૩૪
સાવકાર ૩૩૩
સાસરું ૪૦
સાહુ ૩૩૩
સાહુકાર ૩૩૩
સાંજરે ૪૭—૪૮
સાંડશી ૧૯૫
સીદ્દાર ૩૩૯
સુખડ ૩૫૮
સુખમણા ૩૦૪
સુતાર ૨૭૨
સુથાર ૨૭૨
સુધરવું ૨૮૬
સુધારવું ૨૮૬
સુધારો ૨૭૨
સૂગ ૨૮૫
સૂનકાર ૩૩૩
સૂવર ૨૮૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सूषन्– २८
સેવડો ૩૫૮
સેંજલ ૨૯૯
સોગન ૧૮૯
સોડમ ૩૧૭
સોઢમ ૩૧૭
સોનેરી ૩૫૨
સોરમ ૩૧૬–૩૨૦
સોરંભ ૩૧૯
સોલંકી ૨૭૭–૨૭૯
સૌ ૩૩૩–૩૩૬
સ્હોડ ૩૨૦
હડપચી ૨૩૨
હડફો ૨૩૨
હડબચી ૨૩૨
હડમાન ૩૮૪
હથસાલ ૨૯૦
હથિયાર ૨૭૨
હરગોવન ૧૮૯
હળવું ૧૯૬, ૨૬૮, ૨૮૪
હળુ ૧૯૬
હાઉ ૩૩૬–૩૩૭
હાસ્તો ૩૪૦
હિંગળોક ૩૩૯
હીમખીમ ૨૯૩
હું ૭૦–૭૩
હીંડોળો ૧૯૭, ૩૨૫
–ળક– ૨૩૬

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્રક

પૃષ્ઠ અને પંક્તિ	શુદ્ધિ
૧–૨૨	સર્વત્ર 'લેંગ્વેજ' અને 'લીંગ્વીસ્ટીક' વાંચવું
૨–૧	જરૂર કરતાં
–૧૭	ઉત્પાદનવ્યાપારમાં
–૨૯	આનાં સારાં
૩–૨	ધ્વનિ–સૂત્રો.
–૧૮	જોતાં
૧૧–૧૩	વધતેઓછે
–૧૭	પૂર્વમીમાંસા
–૨૦	શબ્દાધ્યાહાર
૧૨–૯	**(યુની)વર્સીટી**
૧૩–૨	**વિ., વ. યુ.**
–૩	°મતી
–૧૦	શબ્દાંશલોપ,
–૨૫	**(ટેલી)ફોન**
૧૬–૫,૬,૭,૮	'દશા'ને બદલે 'વલે' વધારે સંભવિત
–૨૧	'દશા'ને બદલે 'વેળા' વધારે સંભવિત
–૨૧	વગેરે
–૩૨	'દંડવત' રૂપે
૧૭–૨૫	**અંગારશકટિકા**
૨૧–૧૭	'પદાર્થો' એ શબ્દ 'વ્યાકરણી' પછી વાંચવો.
૨૨ છેલ્લી પંક્તિ	જૈમિનિ
૨૩–૧૩	પડતાં જ કેટલીકવાર તેનો
૨૩–૨૯	અન્વિતાભિધાનવાદ
૨૭ છેલ્લી પહેલાંની પંક્તિ	Atharvaveda

પૃષ્ઠ અને પંક્તિ	શુદ્ધિ
૩૦–૨૪	રહેલા છે એવો ભ્રમ
૩૫–૫	સ્વતંત્ર પ્રયાસ માગી
૩૬–૧	ડ્રાય એજ઼્
–૨	ધ્યર્થ
–૫	ભાષાના
–૧૮	શિષ્ટ ગણાતાં
૩૯–૨૩	પૈડાંવાળી
૪૧–૯	એવાં
–૧૦	વગેરેનાં
–૧૧	**અતિશય**
–૧૨	**રાતું,**
૪૨–૧૬	**જૂઠવું**
૪૫–૧૬	ચાખીએ
–૧૮	અન્નકૂટમાં.
–૨૦	**શક્કરપારા**
–૨૩	,,
૪૬–૧૭	**સંસ્કૃતમાંથી**
૪૯–૬	**ઇચ્છનીય**
–૧૦	બદલે
–૧૧	ઓગસ્ટ
–૧૬	પ્રશિષ્ટ
૫૦–૩	**ઇચ્છનીય**
૫૧–૨	જોઈએ એ
–૫	**માધ્યમિક ભારતીય–આર્ય**
૫૨ છેલ્લી પહેલાંની	વિચ્છેદો
૫૪–૧	સાથેના સંપર્કથી
૫૪–૧૩	**પરભાષાનું ઋણ:**
૫૫–૬	ખોટાખરા–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬–૧૫	પ્રશ્નનો
૫૭–૧૨	**આર્યીકૃત**
–૨૮	ઇતિહાસ
૫૯–૧	સર્વનામ
૬૩–૨૪	**યશવંત,**
૬૪–૧૬	ઇત્યાદિ
૬૫	**ઇતિહાસ**
૭૪–૧	*quo
૭૭–૬	આમન્ત્રણાર્થ
૮૦–૬	યુનીવર્સીટી
–૧૦	દરમિયાન
–૧૧	વહેંચેલા
–૧૮	ઇતર
–૧૯	'પાણિનિ
–૨૩	Bohtlingk
૮૧–૧૦	શૌરસેની
–૨૭	વૈદ્ય
૮૪ છેલ્લેથી બીજી	રૂપતંત્રમાં
૮૫–૧	અર્થની સમાનતા બીજા અમૌલિક
–૪	(ક્લાસીકલ)
૮૭–૧	પાઠ–
૮૮–૧૦	Bohtlingk
–૨૪	ધાતુમંજૂષા
૮૯–૧	રામશર્મન્
–૨	પાઇયલચ્છીનામમાલા
–૭	(૧૯૨૪)
૯૧–૬	પરસ્મૈપદ
–૯	આવી
૯૩–૫	આધારે
–૧૭	તેવાં
–૧૮	કેટલાંક

–૨૦	ઇતર
–૨૩	ઊલટું
–૨૬	ક્યાંયથી
૯૮–૪	પાંચમા
–૫	આવા
–૨૩	નવમાના
–૨૭	**ધૌલી ને**
–૩૦	નવા
૯૯–૧૭,૧૮	અંગો પ્રકારભેદે
૧૦૧–૫	Wackernagel–
૧૦૩–૯	કૃદન્તો ને
–૧૯	કેટલાય
૧૦૪–૬	ઉદ્ભવેલાં
–૧૭	શબ્દભંડોળ
–૨૦	ચાર નંબરની પાદનોંધ ભૂલથી પૃષ્ઠ ૧૦૫ પર આવી છે.
૧૦૭–૭	દાખલા
–૨૪	પૂજામ્
૧૦૯–૩	કેટલીક
–૬	રૂપતંત્રમાં
૧૧૫–૨	કાળનાં
–૩	તેમ જ
–૮	રહ્યાં
–૨૪	જુદા જુદા ધાતુઓ મળે છે,
૧૧૮–૧૬	પ્રાકૃત
૧૧૯–૮	જોઈએ કે જે
–૧૪	કોશોમાં જ
૧૨૦–૧	પ્રાકૃત વ્યાકરણકારો*
૧૨૨–૧૯	સ્વીકારેલી
–૨૪	ઊતરી
૧૨૭ છેલ્લેથી બીજી	તેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	નિયમોના
૧૨૯–૪	ક્રમદીશ્વર
૧૩૦–૧૫	સિદ્ધહેમચંદ્ર
૧૩૨–૨૪	ગણાવી
૧૩૩–૯	સમયના
૧૩૬–૧૩	શકીએ
–૧૫	,,
૧૩૭ છેલ્લેથી બીજી	આમ આ
૧૩૮–૧૯	તપાસીએ
૧૪૧–૬	,,
–૨૦	પોતાના
૧૪૩–૨	શકીએ
૧૪૪–૨૭	કહીએ
–૨૯	જાળવણી
૧૪૫–૩	હેમચંદ્રના
–૧૩	बप्पीकी
–૧૭	कटारइ
– ,,	कटरें
૧૫૦–૧૧	ભટ્ટકદ્વાત્રિંશિકા, કથા ૨૪ (પૃ. ૨૧)માં મ झखि 'લવારી ન કર' એવો પ્રયોગ છે.
૧૫૦–૧૩	આ ટાંચણ **નરપતિકૃત** **પંચદંડ**, ૧–૯૬ ઘ. માંથી
૧૫૧–૨૧	**જ્ઞાનેશ્વરી** (રાજવાડે, ૧/૩૬)માં 'તુરઅંબાલુ' પ્રયુક્ત.
૧૫૫–૩	નવાં
૧૬૦–૧	અર્થ
–૭	ચાચરો
–૧૫	શાહે
૧૬૫–૧૯	લગભગના
–૨૨	ભારતના
૧૬૮–૨૩	દેખાય છે તેનું
૧૬૯–૬	અપભ્રંશ.
–૨૪	દેશ્ય
૧૭૪ છેલ્લી પંક્તિ	રહી છે તે ઘણું
૧૭૮–૫	લલચાઈએ
૧૭૯–૪	છાંડવઇ
–૨૮	ઇસી ઇચ્છા
૧૮૬–૧૪	करिन्
૧૯૧–૧૦	જેટલા
–૧૧	प्रस्तुत
–૨૨	इति
–૨૩	झटिति
૧૯૩–૧૫	ભભૂત
૧૯૬–૨૨	કારણ
,, – છેલ્લી	આદ્ય
૧૯૭–૨૧	સંપર્ક–વિકારોના
૧૯૮–૨૧	વનો
૧૯૯–૩૦	જુદાં
૨૦૧–૧૪	કણસ્વરો
૨૦૨–૨૪	સંસ્કૃત
૨૦૩–૧૦	કરીએ
૨૦૪–૧	ઉચ્ચારણ
૨૦૫–૧	રૂપતંત્રકીય
–૨૨	વેલુ
૨૦૬ છેલ્લેથી ચોથી	ગોળ
,, છેલ્લી	દઈ
૨૦૯–૧૮	અહીં
,, –૨૭	હ્રસ્વતા
,, છેલ્લી	मुक्क–
૨૧૦–૯	મૂકવું, તૂટવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧૧–૧૦ તેવા

,, –૧૨ કેટલાક

૨૧૯– ૪ ‘ વગોણું ’

૨૨૩ છેલ્લેથી ચોથી પાંચમી

૨૨૫– ૫ મરાઠી બોલપટની જાહે-રાતમાં **‘ સોજ્જવલ** ચિત્ર ’

૨૨૬–૨૦ ‘ખરો’ની ઉપર પાદનોંધ ૪નો આંક મૂકવો અને પૃ. ૨૨૭ ઉપરની નોંધ ૫ને ચોથી નોંધ ગણવી.

૨૩૦ છેલ્લીથી ત્રીજી. **વાછરડાં**

૨૩૭–૨૧ લીમડો

૨૩૯–૨૭ ‘ દીધેલું ’ વગેરેમાં °इएल्लय° પ્રત્યય હોય.

૨૪૦–૧૨ –ट्ट–

૨૪૪– ૪ જેના

૨૪૪– ૨ સ્વરૂપનો

,, છેલ્લેથી બીજી પ્રવર્તેલાં

૨૫૨–૧૩ पर्णवल्ली અને पर्णवल्लिका

૨૫૪ છેલ્લેથી ત્રીજી –આઅંતી સામાન્ય રૂપ

૨૫૬ खुरवासक,

,, वढवाण

૨૬૧–૧૧ શકીએ

૨૬૩– ૮ अश्वयुज्–+–क–

–૨૫ ‘જોટે’ ઉપર પાદનોંધનો ૨ આંક મૂકવો. તે પાદ-નોંધ પૃ.૨૬૪ ઉપર છે.

૨૬૪– ૪ ‘જોતાં’ ઉપર પાદનોંધનો ૩ આંક મૂકો

૨૬૫– ૫ કે ખાઁભેથ

–૧૫ મત્વર્થીય તરીકે ઘટાવી શકીએ.

૨૬૭–૧૯ **ગ નો ગા,**

–૨૪ ભાઈ ઘંટીચોર

૨૬૯– ૪ **ભાંડુ**

–૧૮ **ગુજરાતના**

૨૭૦–૨૩ આદ્યાક્ષર

–૨૪ આઁવા

૨૭૧–૨૮ સ્વરાઘાત

–૩૦ stress

૨૭૨–૧૩ મૂળ

,, –૧૪ અસ્પષ્ટતા

,, –૧૭ **‘મેવ–મેવાત’** ઉમેરો

૨૭૫–૨૬ ‘બંટી (बरंटी)’ ઉમેરો.

૨૭૬–૭ **ચરકલી**નું પ્રાચીન રૂપ

૨૭૭–૨૪ પા. ૨૫૮–૨૫૯

૨૮૦–૧૪ અને આઘાત

–૧૭ અને આઘાતની

૨૮૧–૧૭ અને હોત તો યે

૨૯૦–૨૬ **‘ઢેંકવો’, ‘વરશાસન’** ઉમેરો

૨૯૧–૧૭ **જૂની**

,, છેલ્લેથી ત્રીજી જોઈતો

૨૯૧–૨૨ ઉદાહરણ હેમચંદ્રે

–૨૫ નિશાળ માટે અપભ્રંશમાં उज्झासाल (=ઉપાધ્યાય-શાલા) વપરાયો છે.

–૨૭ માં અનાદ્ય

૨૯૩–૨ **વીણ,**

,, –,, **કૂંણું**

–૪ જાણીતાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–૭ કૂઁળું, કૂણું.

–૧૮ થાય છે[૧૧],

–૨૧ પ્રમાણે છે[૧૨]

,, છેલ્લેથી ત્રીજી, બીજી. પાદનોંધના આંક ૧૧, ૧૨ કરવા.

૨૯૫–૧૦ ચિહ્ન

૨૯૯–૧૦ તેમ સઘ્વનિતાના

૩૦૨–૪ ગુજ. માં

,, –૬ ઇ રૂપે

૩૦૨–૧૮ જેમનો આદ્ય વ્યંજન

,, –૨૩ √*स्मिल्–માંથી

૩૦૪–૧૧ **'વૃજલાલ-વ્રજલાલ'** કાઢી નાખવું.

૩૦૫–૬ ગોહિલવાડીમાં

–૯ **ધોડવું, ધ્રોડવું**

૩૦૭–૮ ગોહિલવાડી

૩૦૮ છેલ્લેથી બીજી. નિર્દિષ્ટ.

૩૧૦–૨૨ પૂર્વોક્ત

૩૧૨–૨ **નિશાળ**

૩૧૪–૬ **વિચ, વીચમાં**[૫]

,, છેલ્લેથી બીજી. ૬ નો આંક કાઢી નાખવો.

૩૨૨–૩૨૩ પૃ. ૩૨૨ની ૨૩મી પંક્તિથી આગળ પાદનોંધના ૩ થી ૯ સુધીના જે આંક છે તેને લગતા ઉલ્લેખો પાદનોંધમાં નહીં, પણ પૃ. ૩૨૩–૩૨૪ પરના પરિચ્છેદ ૩ થી ૯માં આપેલા છે.

૩૨૨–૨૫ **ચ** થતાં[૫]

૩૨૩–૯ **સકત્ય**[૧૦]

–૧૧ **ઉલ્લેખો**

– છેલ્લેથી ત્રીજી. પાદ નોંધનો આંક ૧૦ એમ સુધારવો.

૩૨૪–૧૧ શબ્દાન્તર્ગત –ઈ–

૩૨૯–૪ ટર્નર

–૮ –ટ્ટ–

–૧૪ –ष्ट्–>–ट्ट्–

–૧૫ वेष्ट्–>*वेट्ट्–

–૨૧ –ट्ठ्–

–૨૩ *वेट्ट्–

૩૩૦–૧ –ष्ट्–>–ट्ट्– એટલે કે (–ष्ट्–>–ट्ठ्–> –ट्ट्–)

–૩ –ष्ट्– નો –ट्ट्–

૩૩૨–૯ શબ્દો હોય.

–૨૩ માર્ગમાં

૩૩૩–૩ અર્થ

–૨૦ **સૂનકાર.**

૩૩૭–૭ **'આખલો'** ઉમેરો

૩૪૭–૧૦ **ફાંફાં**

૩૫૮–૬ ગોહિલવાડીમાં

,, –૮ ,,

,, –૧૯ (ગોહિલવાડી)

૩૬૭–૮ શબ્દસમૂહમાં

૩૬૮–૨૧ અધિવેશન, નિબંધોનો સારસંગ્રહ

૩૭૧–૧૮ પણ અમુક

૩૭૨ છેલ્લેથી ત્રીજી યુનીવર્સીટી

૩૭૪–૨૪ ઉદ્ધૃત કરી

૩૮૨–૧૯ નથી ચડયા

૩૮૩–૧૯ પ્રયત્ન કર્યો છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકની અન્ય કૃતિઓ

संदेशरासक (૧૯૪૫)
(ભૂમિકા અને કોશ)

पउमसिरिचरिउ (૧૯૪૮)
(અધ્યા. મોદીના સહયોગમાં)

पउमचरिउ (૧૯૫૩)
(ખંડ ૧, ૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય વિદ્યા સંશોધન ગ્રંથમાળા

Visudhimagga, of Buddhaghosacharya, ed. Dharmananda Kosambi. રૂા. ૧૬

ભરતેશ્વર બાહુબલિ રાસ — સં. મુનિ જિનવિજયજી રૂા. ૧

Jnanadipika Mahabharatatatparyatika on the Udyogaparvan, by Devabodha, ed. Dr. S. K. De. રૂા. ૪

भगवद्गीता भारतीयदर्शनानि च by Mm. Anantakrishna Shastri. રૂા. ૪

Chandralekhasattaka, by Rudradasa, ed. by Dr. A. N. Upadhye. રૂા. ૮

ગુજરાતી સ્વરવ્યંજન પ્રક્રિયા — ડૉ. ટર્નરના 'ગુજરાતી ફૉનોલોજી'નો અધ્યા. કે. કા. શાસ્ત્રીકૃત અનુવાદ. રૂા. ૨

Vedavadadvatrimshika of Sidhasenadivakara, ed. Pandit Sukhlalji. રૂા. ૧

Rasaratnapradipika of Allaraja, ed. by Dr. R. N. Dandekar. રૂા. ૩

Shatakatrayi by Bhartrihari with a new commentary, ed. by Prof. D. D. Kosambi. રૂા. ૬

Anyoktyashtakasamgraha, ed. by Miss Pratibha Trivedi. રૂા. ૨

Puranic Words of Wisdom, edited by Dr. A. P. Karmarkar. રૂા. ૨

Vedabhashyasara, by Bhattoji Dikshita, ed. by Pandit R. K. Patankar, introduction by Prof. P. K. Gode. રૂા. ૧

Arthavadadivichara of Kshirasamudravasimisra, ed. by Acharya T. A. V. Dikshitar. રૂા. ૧

Kaumudi Mahotsava by Smt. Shakuntala Rao Shastri. રૂા. ૫

ભાલણકૃત કાદંબરી — પૂર્વ ભાગ, સં. અધ્યા. કે. કા. શાસ્ત્રી રૂા. ૪

Sacrifice in the Rigveda by Prof. K. R. Potdar, M.A. રૂા. ૧૫

ભારતીય વિદ્યા ભવન, મુંબઈ ૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar